યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

પૂ. આ. શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

ઉપદેશપદ

ગાથાસ્પર્શી વિવેચન

ભાગ-૨

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ઉપદેશપદ

ગાથાસ્પર્શી વિવેચન

ભાગ-૨

❋ મૂળ ગ્રંથકાર ❋

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

❋ ટીકાકાર ❋

પૂ. આ. શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

❋ દિવ્યકૃપા ❋

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❋ આશીર્વાદદાતા ❋

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❋ વિવેચનકાર ❋

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલનકાર ❋

પંડિત શ્રી મયંકભાઈ રમણિકભાઈ શાહ

❋ પ્રકાશક ❋



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ઉપદેશપદ ભાગ-૨ ગાથાસ્પર્શી વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ✦ વિ. સં. ૨૦૭૨ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૩૫૦

મૂલ્ય : ૩. ૩૦૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી

રીટાબેન સુરેશભાઈ શાહ, મુંબઈ

પ્રભાવતીબેન જયંતીલાલ શાહ - મુંબઈ.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૯૭

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

* મુદ્રક *

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

પ્રસ્તાવના

સર્વ પ્રધાન ઉપદેશ આપતા ગ્રંથકારશ્રીએ ગ્રંથના પ્રારંભમાં કહ્યું કે અતિ દુર્લભ મનુષ્યભવ પામીને સદા ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ અને તે ધર્મનો ઉદ્યમ આગમને પરતંત્ર કરવાથી સફળ થાય છે. વળી, બુદ્ધિમાન પુરુષ આગમને પરતંત્ર થઈ શકે છે તેથી ચાર પ્રકારની બુદ્ધિનું સ્વરૂપ પ્રથમ ભાગમાં બતાવ્યું જેથી તે બુદ્ધિના વર્ણનને સાંભળીને યોગ્ય જીવોને તેવી કાંઈક નિર્મળ બુદ્ધિ પ્રગટ થાય.

હવે બુદ્ધિની પ્રાપ્તિનો ઉપાય અન્ય પણ છે તે બતાવતા ગ્રંથકારશ્રી કહે છે કે બુદ્ધિમાન પુરુષો પ્રત્યે બહુમાનાદિ કરવું જોઈએ જેથી પોતાનામાં પણ તેવી બુદ્ધિ પ્રગટે. વળી, બુદ્ધિની પ્રાપ્તિનો ઉપાય કલ્યાણમિત્રનો યોગ છે; કેમ કે કલ્યાણમિત્ર હંમેશાં બુદ્ધિના પ્રકર્ષવાળા હોવાથી સ્વયં આગમને પરતંત્ર થઈને પ્રવર્તે છે અને યોગ્ય જીવોને પણ તે રીતે જ પ્રવર્તાવે છે તેથી તેમના પરિચયથી આગમને પરતંત્ર થવાની નિર્મળ બુદ્ધિ પ્રગટે છે. વળી, કલ્યાણમિત્રની પ્રાપ્તિમાં શું હેતુ છે તે બતાવતા કહ્યું કે નિર્દોષ કર્મપરિણામ કારણ છે અર્થાત્ ક્ષયોપશમભાવનું તેવા પ્રકારનું જીવનું કર્મ કારણ છે જેના કારણે જીવ ગુણવાન પુરુષને ગુણવાનરૂપે જાણવા સમર્થ બને છે. ત્યાં પ્રશ્ન થાય કે તેવા કર્મપરિણામ પ્રત્યે કોણ કારણ છે ? તેથી કહ્યું કે તે પ્રકારના પુરુષકારથી યુક્ત તથાભવ્યત્વ કારણ છે તેથી એ પ્રાપ્ત થાય કે માર્ગાનુસારી ઊહથી યુક્ત અને તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ જીવના યત્નથી યુક્ત તેવા પ્રકારનું જીવનું ભવ્યત્વ નિર્દોષ કર્મપરિણામ પ્રત્યે કારણ છે. આ રીતે કલ્યાણમિત્રની પ્રાપ્તિ પ્રત્યે અનેક કારણો છે તેમ બતાવ્યું તેથી સર્વ કાર્યો પાંચ કારણોથી થાય છે તેમ બતાવીને ગાથા-૧૬૬ની અવતરણિકામાં બતાવ્યું કે તે પાંચ કારણોમાં પણ દૈવ અને પુરુષકાર પ્રધાન કારણ છે. વળી, તેમાં સાક્ષી આપી તે પ્રમાણે એ પ્રાપ્ત થાય કે જીવનું ધનપ્રાપ્તિ પ્રત્યે ક્ષયોપશમભાવ પામે તેવું લાભાંતરાય કર્મ બીજ છે અને જેમ બીજને જળસિંચન કરવાથી બીજ વૃદ્ધિ પામે છે તેમ ધૃતિપૂર્વક જીવ વ્યવસાય કરે તો અવશ્ય ફળ મળે છે તેથી સોપક્રમ કર્મ, વ્યવસાયમાં ધૃતિ અને ઉચિત પ્રયત્નથી ધનની પ્રાપ્તિ થાય છે તેમ ધર્મરૂપી ધનની પ્રાપ્તિ પણ આ ત્રણથી જ થાય છે. આથી જ જેઓનું ધર્મનિષ્પત્તિને અનુકૂળ સોપક્રમ કર્મ છે, આગમને પરતંત્ર થઈને વિવેકપૂર્વક ધર્મનિષ્પત્તિને અનુકૂળ ઉચિત ક્રિયાઓ જેઓ કરે છે અને ધૃતિપૂર્વક પ્રયત્નવાળા થાય છે તેઓ અંતરંગ ગુણસંપત્તિરૂપ ધર્મને પ્રાપ્ત કરે છે. તેથી દૈવ અને પુરુષકારને આશ્રયીને સર્વત્ર ક્યા પ્રકારનો સ્યાદ્વાદ છે તેને બતાવવાની પ્રતિજ્ઞા ગાથા-૧૬૬ની અવતરણિકામાં કરી.

આ રીતે જેઓને બુદ્ધિનું મહત્ત્વ જણાયું છે તેવા જીવો સમ્યગ્ યત્ન કરીને પોતાની બુદ્ધિ જિનવચનના પરમાર્થને પ્રાપ્ત કરે તે પ્રકારે અતિશય કરવા યત્ન કરે છે તેવા મહાત્મા શું કરે તે બતાવતા કહે છે.

બુદ્ધિમાન પુરુષ સ્વભૂમિકાનુસાર જે ધર્મ ઉચિત છે તેનું પારમાર્થિક સ્વરૂપ યથાર્થ જાણવા યત્ન કરે અને સેવાયેલું અનુષ્ઠાન કઈ રીતે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સંસારના ઉચ્છેદનું કારણ બને તે રીતે પ્રતિસંધાન કરે. જેમ કોઈ બુદ્ધિમાન પુરુષ હોય તે પોતાના મનવચનકાયાની કેવા પ્રકારની વિકારવાળી પરિણતિ છે ? અને

ક્યા વિકારોની પરિણતિને હું જિનવચનનું અવલંબન લઈને અલ્પ-અલ્પતર કરી શકું તેમ છું ? તેનું આલોચન કરે અને યોગની ચરમ ભૂમિકા યોગનિરોધ છે તેની સાથે મારી પ્રસ્તુત વિકારરોધની ક્રિયા કઈ રીતે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને તેનું કારણ બને તેનું આલોચન કરે. તેથી વિવેકી સાધુ અને શ્રાવકો પ્રતિદિન વિચારે છે કે યોગનિરોધ સંસારના ક્ષયનું કારણ છે અને તેનો ઉપાય કેવળજ્ઞાન જ છે; કેમ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ વગર સંપૂર્ણ યોગોનો નિરોધ કોઈ છદ્મસ્થ કરી શકતા નથી. વળી, કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય ક્ષપકશ્રેણી છે અને તે ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ અર્થે જ સર્વ ધર્મઅનુષ્ઠાનો છે તેથી મારું સેવાયેલું ધર્માનુષ્ઠાન કઈ રીતે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષપકશ્રેણીનું કારણ બનશે તેની અનુપ્રેક્ષા વિવેકી સાધુઓ અને શ્રાવકો કરે છે. જેનાથી ક્ષપકશ્રેણીને અનુકૂળ મહાબીજોના સંચયમાં બાધક ક્લિષ્ટ કર્મો ક્ષીણ-ક્ષીણતર થાય છે. અને વિવેકી જીવ અનુબંધપ્રધાન સર્વ કૃત્યો કરે છે તેમાં ગાથા-૧૮૦ અને ૧૮૧માં બે દૃષ્ટાંતો બતાવ્યા છે જેનું આલોચન કરવાથી બોધ થાય છે કે જેમ તે વણિકને વિશિષ્ટ જ્યોતિષીએ પણ અનુબંધને જોયા વગર યથાર્થ કથન કર્યું અને અનુબંધને જોનારા જ્યોતિષના વચનાનુસાર જે વણિકે પ્રવૃત્તિ કરી તે સુખનો ભાગી થયો, તેમ સાનુબંધ જોનારા જીવો સંસારનો ક્ષય કરવા સમર્થ બને છે, અન્ય જીવો ક્ષણિક સુખને પામીને પણ ભવનો ક્ષય કરવા સમર્થ બનતા નથી.

વળી, જેઓ જિનવચનના પારમાર્થિક સ્વરૂપને જાણ્યા વગર સ્વબુદ્ધિકલ્પનાથી 'હું જિનવચનાનુસાર સેવન કરું છું' એમ માનીને પ્રવૃત્તિ કરે છે તેઓને તીર્થંકરના વચનથી વિપરીત સ્વમતિ અનુસાર ચાલવાનો અસદ્ગ્રહ વર્તે છે તેવા જીવો ક્વચિત્ બાહ્ય સુંદર અનુષ્ઠાનો કરતાં હોય તોપણ તેઓને શુભલેશ્યા નથી પરંતુ સ્વચ્છંદમતિ અનુસાર ચાલવાનો મોહનો પરિણામ છે એ પ્રકારે ગાથા-૧૮૬થી ૧૯૦ સુધી સ્પષ્ટતા કરેલ છે જેથી ભગવાનની આજ્ઞાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાની નિર્મળ મતિ પ્રગટ થાય.

વળી, માષતુષ આદિ જેવા મંદ મતિવાળા જીવોમાં પણ કેવા પ્રકારની વિશિષ્ટ નિર્મળ મતિ હતી જેથી સુખપૂર્વક સંસારસમુદ્રને તેઓ તરી શક્યા તેની સ્પષ્ટતા ગાથા-૧૯૩માં કરેલ છે. વળી, માષતુષાદિ મુનિમાં કેવા પ્રકારની ચારિત્રની પરિણતિ હતી તેની સ્પષ્ટતા ગાથા-૧૯૯માં કરેલ છે. તેથી કલ્યાણના અર્થી જીવે માર્ગાનુસારી મતિ પ્રગટ કરવા જ શક્તિના પ્રકર્ષથી પ્રયત્ન કરવો જોઈએ.

વળી, અતિ માર્ગાનુસારી બુદ્ધિમાં આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિનું દૃષ્ટાંત ગાથા-૨૦૧માં બતાવેલ છે જેના બળથી પણ સ્વભૂમિકાનુસાર કઈ રીતે યોગ્ય જીવે માર્ગાનુસારી યત્ન કરવો જોઈએ તેનો બોધ થાય છે.

વળી, માર્ગાનુસારી બુદ્ધિ વગર જીવે અનંત વાર ઘણા અનુષ્ઠાનો સેવ્યા છે અને દેવલોકાદિના સુખો પણ પ્રાપ્ત કર્યા છે પરંતુ ભવનું પરિભ્રમણ નાશ પામ્યું નહીં માટે માર્ગાનુસારી બુદ્ધિ કરવા અર્થે ઓઘથી વીતરાગના વચનમાં બહુમાન કરવું જોઈએ અર્થાત્ યોગમાર્ગના પ્રારંભથી માંડીને યોગના અંતિમ ફળરૂપ યોગનિરોધ જે પરિણતિ છે અને તે તે પરિણતિના કારણરૂપ જે જે ઉચિત આચરણા છે તેને યથાર્થ જાણીને કઈ રીતે સંયમની કે દેશવિરતિની તે તે આચરણાઓ તે તે ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે તેનું પ્રતિસંધાન

કરીને તેના જ પરમાર્થને કહેનારા ભગવાનના વચનોમાં બહુમાન કરવું જોઈએ જેથી માર્ગાનુસારી બુદ્ધિ અવશ્ય પ્રગટ થાય.

વળી, જેઓ ધર્મની ક્રિયાઓ કરે છે છતાં આજ્ઞાના બહુમાનથી શૂન્ય છે તે કેવી રીતે નક્કી થાય ? તેની સ્પષ્ટતા ગાથા-૨૪૧માં કરેલ છે. વળી, આજ્ઞાશૂન્ય ક્રિયા માટીના ઘડા જેવી છે અને આજ્ઞાથી નિયંત્રિત સાનુબંધ ક્રિયા સુવર્ણના ઘડા જેવી છે ઇત્યાદિ દૃષ્ટાંતોથી સાનુબંધ આજ્ઞા અને નિરનુબંધ આજ્ઞાનું સ્વરૂપ ગાથા-૨૪૨ આદિમાં બતાવેલ છે.

વળી, ભગવાનની દ્રવ્યઆજ્ઞાનું અને ભાવઆજ્ઞાનું અને દ્રવ્યઆજ્ઞામાં પણ પ્રધાનઆજ્ઞા કરનારા જીવોનું સ્વરૂપ વિસ્તારથી અનેક ગાથાઓમાં બતાવેલ છે. વળી, યોગ્ય જીવો તત્ત્વને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ ઉદ્યમથી સંસારના ક્ષય અર્થે યત્ન કરનારા બને છે અને તેવા જીવો સમ્યગ્દૃષ્ટિ આદિ છે. તેઓને પણ કંટક, જ્વર અને દિગ્મોહ જેવા વિઘ્નો માર્ગની પ્રાપ્તિમાં સ્ખલના કરનારા થાય છે. તેનું મેઘકુમારાદિના દૃષ્ટાંતથી વિસ્તારથી વર્ણન કરેલ છે જેનું ભાવન કરવાથી માર્ગને પામ્યા પછી પણ તે વિઘ્નોના નિવારણ અર્થે ઉચિત યત્ન કરવાની માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે.

વળી, તત્ત્વને પામ્યા પછી યોગ્ય જીવ નિપુણ પ્રજ્ઞાપૂર્વક સ્વભૂમિકાનુસાર પરિશુદ્ધ આજ્ઞામાં યત્ન કરે તો દુર્ગતિના કારણભૂત રૌદ્ર કર્મો પણ નિષ્ફળ થાય છે. તેનું દૃષ્ટાંતથી સ્પષ્ટીકરણ કરેલ છે.

વળી, સોપક્રમ કર્મ પ્રયત્નથી નાશ થઈ શકે છે તેથી આજ્ઞાયોગ કઈ રીતે સોપક્રમ કર્મોનો નાશ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને છે તે દૃષ્ટાંતથી ભાવન કરેલ છે. જેમ તે જ્ઞાનગર્ભ મંત્રીએ નિપુણતાપૂર્વક અનર્થોનું નિવારણ કર્યું તેમ બુદ્ધિમાન પુરુષ ક્લિષ્ટ કર્મોનો પણ ઉચિત યત્ન દ્વારા નાશ કરવા સમર્થ થાય છે.

વળી, દૈવ અને પુરુષકાર સર્વ કાર્યો પ્રત્યે કઈ રીતે તુલ્ય બળવાળા છે અને કઈ રીતે કોઈક સ્થાનમાં ગૌણ-મુખ્ય ભાવરૂપે ફળ નિષ્પન્ન કરે છે તે અનેક યુક્તિઓથી ગ્રંથકારશ્રીએ પ્રસ્તુતમાં સ્પષ્ટ કરેલ છે અને દૈવ અને પુરુષકારમાં પુણ્યસાર અને વિક્રમસારનું દૃષ્ટાંત બતાવેલ છે જેથી દૈવ અને પુરુષકારની તુલ્યબળતાની પ્રાપ્તિ લૌકિક દૃષ્ટાંતથી પણ થાય છે. વળી, ભરત ચક્રવર્તી અને બ્રહ્મદત્ત ચક્રવર્તીના લોકોત્તર દૃષ્ટાંતથી દૈવ અને પુરુષકારની તુલ્યબળતાનું સ્થાપન કરેલ છે.

વળી, શુદ્ધ આજ્ઞાયોગ કઈ રીતે ભવક્ષયનું કારણ છે તે યુક્તિથી ગાથા-૩૬૦માં બતાવીને દૃષ્ટાંતથી તેનું સમર્થન કરેલ છે. વળી, શુદ્ધ આજ્ઞાયોગની કઈ રીતે પ્રાપ્તિ થાય છે તે દૃષ્ટાંતથી ગાથા-૩૭૦ આદિમાં સ્પષ્ટ કરેલ છે.

વળી, કોઈ જીવોના અશુભ અનુબંધઆપાદક કર્મો વિદ્યમાન હોય તોપણ જો શુદ્ધ આજ્ઞાયોગમાં અપ્રમાદથી યત્ન કરે તો તે અશુભ અનુબંધ નાશ પામે છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરેલ છે.

વળી, અશુભ અનુબંધ અત્યંત રૌદ્ર છે, ધર્મમાર્ગમાં પ્રસ્થિત જીવોને પણ વિનાશનું કારણ છે તેથી તેના નાશ માટે શું કરવું જોઈએ તે ગાથા-૩૮૩માં સ્પષ્ટ કરેલ છે. વળી, અશુભ અનુબંધથી જ ચૌદપૂર્વધરો પણ

અનંતકાળ દીર્ઘ સંસારમાં ભટકે છે તે સર્વનું ભાવન કરીને શુદ્ધ આત્માના અર્થી જીવોએ અશુભ અનુબંધના ઉચ્છેદ માટે નિપુણતાથી તેમાં યત્ન કરવો જોઈએ.

વળી, પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનવાળા જીવો શુદ્ધ આજ્ઞાયોગને પામેલા હોવા છતાં પ્રમાદવશ તેઓ પણ અશુભ અનુબંધનો ઉચ્છેદ ન કરે તો અનંત સંસારમાં જાય છે અને જેઓ થયેલી સ્ખલનાનું પુનઃ પુનઃ સ્મરણ કરીને સતત થયેલા પાપના શોધનમાં યત્ન કરે છે તેઓ પ્રાપ્ત થયેલા અશુભ અનુબંધથી પણ સુખપૂર્વક નિસ્તારને પામે છે.

વળી, યોગમાર્ગને પામ્યા પછી પણ અશુભ અનુબંધથી પાત પામેલા સાધુપ્રદ્વેષી, ક્ષુલ્લક સાધુ, સંકાશ શ્રાવક, શિતલવિહારી દેવ ઇત્યાદિ અનેક દૃષ્ટાંતોથી તેઓ કઈ રીતે કદર્થનાને પામ્યા તેનું વર્ણન કરેલ છે જેનું પુનઃ પુનઃ ભાવન કરવાથી તે પ્રકારના અનર્થથી યોગ્ય જીવો આત્માનું રક્ષણ કરવા સમર્થ બને છે.

વળી, ભગવાનના વચનોનો ઉપદેશ કેવા જીવોને આપવો જોઈએ અને કેવા જીવોને આપવાથી અનર્થ થાય છે તેનું સ્પષ્ટીકરણ કરેલ છે. જેમ ગાઢ વ્યાધિમાં અપાયેલું સદ્ઔષધ પણ વ્યાધિની વૃદ્ધિ કરે છે તેમ અયોગ્ય જીવો પ્રત્યે ઉપદેશનો નિષેધ પણ તેઓના હિત અર્થે જ કરાય છે.

વળી, શુદ્ધ આજ્ઞાયોગ અને સામાન્યપણાથી કરાયેલો ધર્મ ફળથી કેવા પ્રકારના ભેદવાળો છે તે જીર્ણ શેઠ અને અભિનવ શ્રેષ્ઠીના દૃષ્ટાંતથી કહેલ છે.

વળી, પ્રચુર ભારેકર્મી જીવોને પણ કોઈક નિમિત્તથી 'ધર્મથી જ સુખોની પ્રાપ્તિ થાય છે' એવો બોધ થાય ત્યારે સંયમ આદિને પાળીને ગ્રૈવેયક આદિના સુખને પામે છે તોપણ મિથ્યાત્વના વિપર્યાસને કારણે દુર્ગતિઓની પરંપરાની જ પ્રાપ્તિ થાય છે તે ગાથા-૪૩૮ આદિથી કેટલીક ગાથાઓમાં ભાવન કરેલ છે.

વળી, તીવ્ર વિપર્યાસવાળા જીવોને ગ્રૈવેયકમાં પણ પારમાર્થિક સુખ કઈ રીતે નથી તે ગાથા-૪૪૧થી ૪૪૩માં સ્પષ્ટ કરેલ છે.

વળી, મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન કઈ રીતે ભવનો હેતુ છે ? તે ગાથા-૪૪૪થી ૪૪૮ સુધી બતાવેલ છે. આ સર્વ ભાવન કરીને યોગ્ય જીવે આજ્ઞાયોગમાં નિપુણ બુદ્ધિથી યત્ન કરવો જોઈએ, કઈ રીતે યત્ન કરવો જોઈએ ઇત્યાદિનું ભાવન કરેલ છે.

કારતક સુદ-૫ (જ્ઞાનપંચમી) વિ.સં. ૨૦૭૨,
તા. ૧૬-૧૧-૨૦૧૫, સોમવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

– પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૧૬૨	બુદ્ધિની વૃદ્ધિના અવંધ્ય ઉપાયો.	૧-૩
૧૬૩	બુદ્ધિમાન પુરુષો પ્રત્યે ભક્તિ પ્રગટવાનાં કારણો.	૩-૫
૧૬૪-૧૬૫	દરેક કાર્યો પ્રત્યે મુખ્ય પાંચ કારણો.	૫-૧૦
૧૬૬	દૈવ-પુરુષકારની ગૌણ-મુખ્યતા.	૧૦-૧૨
૧૬૭-૧૬૮	બુદ્ધિમાન પુરુષ વડે કરાતી ધર્મપ્રવૃત્તિ.	૧૨-૧૫
૧૬૯-૧૭૦	દૃષ્ટાંત-૧.	૧૫-૧૮
૧૭૧-૧૭૯	દૃષ્ટાંત-૨.	૧૮-૨૬
૧૮૦	બુદ્ધિમાન પુરુષો ફળસાધક અનુબંધને કરે છે.	૨૬-૨૮
૧૮૧-૧૮૨	દૃષ્ટાંત.	૨૮-૩૦
૧૮૩	'ધર્મનો સાર અહિંસા જ છે' એમ માનનારા કેટલાક લૌકિક નીતિથી અહિંસામાં ઉદ્યમ કરે છે.	૩૦-૩૩
૧૮૪	'ધર્મના સારભૂત અહિંસાનું જ્ઞાન ગુરુકુળવાસમાં રહીને આગમના અભ્યાસથી થાય છે' એમ માનીને કેટલાક લોકોત્તર નીતિથી આગમમાં ઉદ્યમ કરે છે.	૩૩-૩૫
૧૮૫	આગમમાં કરેલો યત્ન જ મોક્ષનો હેતુ.	૩૫-૩૭
૧૮૬-૧૮૭	આજ્ઞાબાહ્ય ક્રિયા અને પરિણામ અશુદ્ધ.	૩૭-૩૯
૧૮૮	આજ્ઞાનિરપેક્ષ શુભલેશ્યા પણ અશુભ ફળવાળી.	૪૦-૪૧
૧૮૯	પ્રબળ મોહને કારણે રાગ-દ્વેષની મંદતા નહીં થવાથી શુભ પણ અશુભ ફળવાળી બને છે.	૪૧-૪૨
૧૯૦	આજ્ઞાબાહ્ય ઉપશમથી પણ દુઃખની પ્રાપ્તિ.	૪૨-૪૪
૧૯૧	અન્ય દર્શનીઓએ કેવળ ક્રિયાથી મંદ કરેલા દોષો ફરી પાછા તીવ્ર બને છે.	૪૪-૪૫
૧૯૨	સુવચનના યોગથી સમ્યક્ ક્રિયાથી દૂર કરાયેલા દોષો ફરી પાછા ઉત્પન્ન થતા નથી.	૪૫-૪૭
૧૯૩	શુભ ઓઘ સંજ્ઞાનનો યોગ હોતે છતે માષતુષાદિના માર્ગાનુસારી ભાવને કારણે શુભ પરિણામથી મોક્ષફળની પ્રાપ્તિ.	૪૭-૪૯
૧૯૪	શુભ ઓઘ સંજ્ઞાનનું સ્વરૂપ.	૪૯-૫૦
૧૯૫	સર્વત્ર ગુર્વાજ્ઞાનું સ્પષ્ટ પાલનના લક્ષણથી માષતુષાદિને ચારિત્રની પ્રાપ્તિ.	૫૦-૫૨
૧૯૬	દૃષ્ટાંત.	૫૨-૫૩

ગાથા નં.	વિષય	પાના નં.
૧૯૭	ગુર્વાજ્ઞા સિવાય અન્ય વિષયમાં માષતુષાદિને અનાભોગને કારણે શુદ્ધ ચારિત્રની પ્રાપ્તિ.	૫૩-૫૫
૧૯૮	વિપર્યયથી સર્વત્ર અનર્થ ફળવાળી અસત્ પ્રવૃત્તિ.	૫૫-૫૬
૧૯૯	શાસ્ત્રજ્ઞાતાના લક્ષણો.	૫૬-૫૮
૨૦૦	માષતુષાદિમાં માર્ગાનુસારિતાનું જ્ઞાપક લિંગ.	૫૮-૫૯
૨૦૧	સ્વશક્તિ અનુસાર સેવેલ ઉચિત અનુષ્ઠાન જ સફળ છે.	૫૯-૬૧
૨૦૨-૨૧૧	દૃષ્ટાંત.	૬૧-૭૬
૨૧૨	તીર્થની વ્યાખ્યા.	૭૬-૭૮
૨૧૩-૨૨૧	દૃષ્ટાંત.	૭૮-૮૬
૨૨૨	સુપરિશુદ્ધ ઉચિત પ્રવૃત્તિથી બીજની પ્રાપ્તિ.	૮૬-૮૮
૨૨૩	અભિગ્રહોના ગ્રહણથી ધર્મબીજની પ્રાપ્તિ.	૮૮-૮૯
૨૨૪	ધર્મબીજના અભાવમાં ફળની અપ્રાપ્તિ.	૮૯-૯૧
૨૨૫	ધર્મબીજની વાવણીમાં યત્નનો ઉપદેશ.	૯૧-૯૩
૨૨૬-૨૨૯	દૃષ્ટાંત.	૯૩-૯૭
૨૩૦-૨૩૨	અલ્પ પણ પ્રણિધાન શુદ્ધધર્મનું અવંધ્ય બીજ.	૯૮-૧૦૨
૨૩૩	સંપૂર્ણ પણ દ્રવ્યલિંગ ક્રિયા શુદ્ધધર્મનું બીજ નથી.	૧૦૨-૧૦૩
૨૩૪	આજ્ઞાબહુમાનથી યુક્ત ક્રિયાઓથી ધર્મબીજની પ્રાપ્તિ.	૧૦૩-૧૦૪
૨૩૫-૨૩૭	સ્વશક્તિ અનુસાર આજ્ઞાસાપેક્ષ વૈયાવચ્ચ આદિ કૃત્યોમાં યત્નનો ઉપદેશ.	૧૦૫-૧૦૯
૨૩૮-૨૪૩	શુદ્ધ આજ્ઞાબહુમાનથી જ વિશિષ્ટ ફળની પ્રાપ્તિ માત્ર દ્રવ્યક્રિયાથી નહીં.	૧૦૯-૧૧૭
૨૪૪-૨૫૦	દૃષ્ટાંત.	૧૧૭-૧૨૪
૨૫૧	અન્ય દર્શનમાં પણ આજ્ઞાના પ્રમાણમાં એ જ દૃષ્ટાંત.	૧૨૪-૧૨૫
૨૫૨	અભિન્નગ્રંથિ જીવો આજ્ઞાબાહ્ય.	૧૨૫-૧૨૭
૨૫૩	અપુનર્બંધક આદિ જીવોને દ્રવ્યઆજ્ઞા.	૧૨૭-૧૨૯
૨૫૪-૨૫૫	'દ્રવ્ય' શબ્દનો અર્થ.	૧૨૯-૧૩૧
૨૫૬	'દ્રવ્ય' શબ્દનું જીવોને આશ્રયીને આજ્ઞાવિષયક યોજન.	૧૩૨-૧૩૩
૨૫૭	દ્રવ્યાજ્ઞાના લક્ષણો.	૧૩૩-૧૩૫
૨૫૮	દૃષ્ટાંતો.	૧૩૫-૧૩૮
૨૫૯-૨૬૦	ભાવાજ્ઞાના અધિકારીને ફળની અવશ્ય પ્રાપ્તિ.	૧૩૮-૧૪૧
૨૬૧	ભાવાજ્ઞામાં ઉદ્યત જીવોને વિઘ્નની આપત્તિ.	૧૪૧-૧૪૩

ગાથા નં.	વિષય	પાના નં.
૨૬૨	વિઘ્નનું નિવારણ થતા ફળની પ્રાપ્તિ.	૧૪૩-૧૪૫
૨૬૩-૩૨૧	ત્રણ પ્રકારના વિઘ્નના દૃષ્ટાંતો.	૧૪૫-૧૯૧
૩૨૨	પરિશુદ્ધ ધર્મબીજની વાવણીથી વિઘ્નની અપ્રાપ્તિ.	૧૯૧-૧૯૨
૩૨૩	પરિશુદ્ધ આજ્ઞાયોગથી અશુભ કર્મોના ફળનો પણ નાશ.	૧૯૨-૧૯૪
૩૨૪-૩૨૫	ઉપમા.	૧૯૪-૧૯૮
૩૨૬-૩૨૭	પ્રસ્તુતમાં કાર્ય-કારણ ભાવનું યોજન.	૧૯૮-૨૦૨
૩૨૮	પરિશુદ્ધ આજ્ઞાયોગનું મહત્ત્વ.	૨૦૨-૨૦૪
૩૨૯-૩૩૯	દૃષ્ટાંત.	૨૦૪-૨૧૩
૩૪૦	પરિશુદ્ધ આજ્ઞાયોગના સેવનથી સોપક્રમ કર્મની નિષ્ફળતા.	૨૧૩-૨૧૫
૩૪૧-૩૪૩	દૈવ અને પુરુષાર્થની તુલ્યતા, સ્વરૂપ અને લક્ષણ.	૨૧૫-૨૨૦
૩૪૪-૩૫૧	દૈવ અને પુરુષાર્થ-પ્રત્યેકને એકાંતે માનનાર બંને પક્ષોમાં આવતા દોષોનું ઉદ્‌ભાવન કરીને નિરાકરણ દ્વારા બંનેનો ગૌણ-પ્રધાન ભાવનું સ્થાપન.	૨૨૦-૨૩૨
૩૫૨-૩૫૬	લૌકિક દૃષ્ટાંત.	૨૩૨-૨૩૭
૩૫૭	લોકોત્તર દૃષ્ટાંત.	૨૩૭-૨૪૩
૩૫૮-૩૫૯	પરિશુદ્ધ આજ્ઞાયોગથી અન્ય અનુષ્ઠાનનો અનુબંધ.	૨૪૩-૨૪૬
૩૬૦	શુદ્ધ આજ્ઞાયોગનું માહાત્મ્ય.	૨૪૬-૨૪૮
૩૬૧-૩૬૬	શુદ્ધ આજ્ઞાયોગના પાલનમાં દૃષ્ટાંતનું વિવરણ.	૨૪૮-૨૫૩
૩૬૭	દૃષ્ટાંતનું દાર્ષ્ટાંતિક સાથે યોજન.	૨૫૩-૨૫૫
૩૬૮	શુદ્ધ આજ્ઞાયોગ અંગે પરમતનું કથન.	૨૫૫-૨૫૬
૩૬૯	શુદ્ધ આજ્ઞાયોગથી અધ્યાત્મની પ્રાપ્તિ.	૨૫૬-૨૫૮
૩૭૦-૩૭૪	ગ્રંથિભેદ વિના શુદ્ધ આજ્ઞાયોગનો અભાવ.	૨૫૮-૨૬૫
૩૭૫	ભિન્નગ્રંથિ જીવની અસત્પ્રવૃત્તિમાં પણ જ્ઞાનની સમ્યગ્ રૂપતા.	૨૬૫-૨૬૭
૩૭૬	અશુભ અનુબંધનું સ્વરૂપ.	૨૬૭-૨૬૯
૩૭૭	અશુભ અનુબંધના વિચ્છેદમાં અન્ય દર્શનીઓના મતે યત્નની આવશ્યકતા.	૨૬૯-૨૭૧
૩૭૮-૩૮૨	અશુભ અનુબંધના વિચ્છેદમાં દૃષ્ટાંત.	૨૭૧-૨૭૫
૩૮૩	અશુભ અનુબંધ વિશે સ્વમતની વિવક્ષા.	૨૭૫-૨૭૭
૩૮૪-૩૮૬	અશુભ અનુબંધમાં લોકોત્તર દૃષ્ટાંત.	૨૭૭-૨૮૧
૩૮૭-૩૮૮	શુદ્ધ આજ્ઞાયોગ હોતે છતે અશુભ અનુબંધના અવિચ્છેદમાં પરમતની શંકા.	૨૮૧-૨૮૩
૩૮૯	સમાધાન.	૨૮૩-૨૮૫

ગાથા નં.	વિષય	પાના નં.
૩૯૦	અશુભ અનુબંધનો વિચ્છેદક અપ્રમાદ.	૨૮૫-૨૮૭
૩૯૧	હેતુનું દૃષ્ટાંત દ્વારા સ્થાપન.	૨૮૭-૨૯૦
૩૯૨-૩૯૩	દૃષ્ટાંતની પુનરુક્તિના દોષનું નિવારણ.	૨૯૦-૨૯૩
૩૯૪	પ્રમાદને કારણે પાતને પામેલા જીવોને ફરી શુદ્ધ આજ્ઞાયોગથી મોક્ષમાર્ગમાં ગમન.	૨૯૩-૨૯૪
૩૯૫-૪૧૨	દૃષ્ટાંતો.	૨૯૪-૩૦૫
૪૧૩-૪૧૬	દેવદ્રવ્યના ઉપયોગથી અનર્થની પ્રાપ્તિ.	૩૦૫-૩૧૦
૪૧૭	દેવદ્રવ્યના રક્ષણથી પરિમિત સંસારની પ્રાપ્તિ.	૩૧૦-૩૧૨
૪૧૮	દેવદ્રવ્યની વૃદ્ધિથી તીર્થંકરપણાની પ્રાપ્તિ.	૩૧૨-૩૧૩
૪૧૯-૪૨૦	દેવદ્રવ્યના રક્ષાદિના પરિણામવિશેષથી ફળાદિ વિશેષની પ્રાપ્તિ.	૩૧૩-૩૧૫
૪૨૧-૪૨૮	દૃષ્ટાંતોનું વિવરણ.	૩૧૫-૩૨૦
૪૨૯	અતિચારના સેવનથી પાતને પામેલાને પણ ફરી શુદ્ધ આજ્ઞાયોગથી માર્ગની પ્રાપ્તિ.	૩૨૧-૩૨૨
૪૩૦-૪૩૧	શુદ્ધ આજ્ઞાયોગના પરિપાલનની અપેક્ષાએ ઔષધનું દૃષ્ટાંત.	૩૨૨-૩૨૫
૪૩૨-૪૩૬	ગ્રંથિભેદથી કલ્યાણની પ્રાપ્તિ.	૩૨૫-૩૩૪
૪૩૭	વૈદક શાસ્ત્રની દૃષ્ટિએ સદ્ ઔષધનો કાળ અને અકાળ.	૩૩૪-૩૩૫
૪૩૮-૪૪૦	અકાળે ઔષધપ્રયોગથી પણ પ્રાપ્ત થતું સુખ પારમાર્થિક નથી.	૩૩૫-૩૪૦
૪૪૧	દૃષ્ટાંત.	૩૪૦-૩૪૧
૪૪૨	અસદ્ આગ્રહને કારણે મિથ્યાદૃષ્ટિ જીવને સુખની અપ્રાપ્તિ.	૩૪૧-૩૪૪
૪૪૩	મિથ્યાદૃષ્ટિ જીવનું ભૌતિક સુખ પણ પરમાર્થથી સુખ નથી.	૩૪૪-૩૪૫
૪૪૪	હેતુ અને તેમાં સાક્ષી.	૩૪૫-૩૪૭
૪૪૫	એકાંતવાદમાં સદ્અસદ્નો અવિશેષ હોવાથી અજ્ઞાન છે.	૩૪૭-૩૪૯
૪૪૬	મિથ્યાદૃષ્ટિ જીવનું જ્ઞાન ભવનું કારણ.	૩૪૯-૩૫૧
૪૪૭	મિથ્યાદૃષ્ટિ જીવો પોતાની ઇચ્છા અનુસાર પદાર્થ જોનારા છે.	૩૫૧-૩૫૨
૪૪૮	મિથ્યાદૃષ્ટિ જીવનું જ્ઞાન અજ્ઞાન છે.	૩૫૨-૩૫૩
૪૪૯	શુદ્ધ આજ્ઞાયોગમાં સમ્યગ્ પ્રવૃત્તિ - ઉપસંહાર.	૩૫૪-૩૫૫

❋ ❖ ❋

ॐ ह्रीं अर्हं नमः ।
ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

याकिनीमहत्तरासूनु प. पू. आचार्यदेव श्रीमद् हरिभद्रसूरीश्वरजी महाराज विरचित

उपदेशपद

गाथास्पर्शी विवेचन

भाग-२

अवतरणिका :-

उपायान्तरमपि बुद्धिवृद्धावव्यं समस्तीति ज्ञापयन्नाह –

अवतरणिकार्थ :-

બુદ્ધિની વૃદ્ધિમાં અવંધ્ય એવું ઉપાયાન્તર પણ છે તે જણાવવા માટે કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં ચાર બુદ્ધિઓનું વિસ્તારથી વર્ણન કર્યું. જેના હાર્દને સ્પર્શવાથી તે તે પ્રકારની બુદ્ધિની વૃદ્ધિ થાય છે તેના કરતાં અન્ય પણ બુદ્ધિની વૃદ્ધિમાં અવંધ્ય ઉપાય છે તેને જણાવવા માટે કહે છે –

ગાથા :-

भत्तीए बुद्धिमंताण तहय बहुमाणओ य एएसिं ।
अपओसयसंसाओ एयाण वि कारणं जाणा ।।१६२।।

અન્વયાર્થ :-

बुद्धिमंताण भत्तीए=બુદ્ધિમાન પુરુષોની ભક્તિથી, तहय बहुमाणओ=અને બહુમાનથી=બુદ્ધિમાન પુરુષોમાં બહુમાનથી, एएसिं य अपओसयसंसाओ=અને તેઓમાં અર્થાત્ બુદ્ધિમાન પુરુષોમાં, અપ્રદ્વેષથી અને પ્રશંસાથી, (બુદ્ધિ થાય છે.) एयाण वि=આમના પણ=ભક્તિ આદિના પણ, कारणं जाणा=કારણને તું જાણ. (જે કારણને ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવશે.) ।।૧૬૨।।

ગાથાર્થ :-

બુદ્ધિમાન પુરુષોની ભક્તિથી અને બહુમાનથી=બુદ્ધિમાન પુરુષોમાં બહુમાનથી, અને તેઓમાં અર્થાત્ બુદ્ધિમાન પુરુષોમાં, અપ્રદ્વેષથી અને પ્રશંસાથી (બુદ્ધિ થાય છે.) આમના પણ=ભક્તિ આદિના પણ, કારણને તું જાણ. (જે કારણને ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવશે.) ।।૧૬૨।।

ટીકા :-

भक्त्या उचितान्नपानादिसम्पादनपादधावनग्लानावस्थाप्रतिजागरणादिरूपया बुद्धिमतां प्रस्तुतबुद्धिधनानां, तथा चेति समुच्चये, बहुमानतश्चिन्तारत्नकामदुघादिवस्तुभ्योऽपि समधिकादुपादेयतापरिणामात् । चकारोऽवधारणार्थो भिन्नक्रमश्च । तत एतेषामेव बुद्धिमतां तथा अप्रद्वेषप्रशंसात इति अप्रद्वेषाद् अमत्सराद् ईर्ष्यापरिहारलक्षणात्, प्रशंसातश्च अहो धन्याः पुण्यभाज एते ये एवं पुष्कलमतिपरीततया स्वपरोपकारपरा वर्त्तन्त इति बुद्धिर्जायते इति प्रक्रमः । ननु बुद्धिमद्विषया भक्त्यादयोऽपि कथमाविर्भवन्तीत्याह—एतेषामपि भक्त्यादीनां कारणं हेतुर्वर्त्तते इति जानीहि समवबुध्यस्व भो भोः ! अन्तेवासिन् ! ।।१६२।।

ભાવાર્થ :-

જેઓને બુદ્ધિમાન પુરુષોને જોઈને ભક્તિ થાય છે તેઓને તે બુદ્ધિ પ્રાપ્ત કરવાનો અંતરંગ અભિલાષ વર્તે છે તે જ પરમાર્થથી ભક્તિ છે તેથી તેવા બુદ્ધિમાન પુરુષોને જોઈને સ્વશક્તિ અનુસાર તે પ્રકારની બુદ્ધિ પોતાનામાં પ્રગટે તેવો યત્ન તે મહાત્માથી અવશ્ય થાય છે. જેઓને વીતરાગ પ્રત્યે ભક્તિ છે તેઓની તે ભક્તિ સ્વશક્તિ અનુસાર વીતરાગતાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરાવે છે. તેમ જેઓને ચાર પ્રકારના બુદ્ધિધન પુરુષો પ્રત્યે બહુમાન વર્તે છે તેઓ પણ તે બુદ્ધિ પ્રત્યે આદરવાળા હોવાથી સ્વશક્તિ અનુસાર તે બુદ્ધિ માટે અવશ્ય યત્ન કરે છે અને સ્વશક્તિ અનુસાર બુદ્ધિમાન પુરુષો માટે ઉચિત અન્નપાનાદિ સંપાદન અર્થે પણ અવશ્ય યત્ન કરે છે. તેથી બુદ્ધિમાન પ્રત્યેનો ભક્તિનો પરિણામ પણ બુદ્ધિની વૃદ્ધિનું કારણ છે.

વળી, બુદ્ધિમાન પુરુષોને જોઈને ચિંતામણિ રત્ન કરતાં પણ અધિક બહુમાનનો ભાવ થવાથી જેઓને બુદ્ધિની ઉપાદેયતાનો પરિણામ થાય છે તેવો બહુમાનનો પરિણામ પણ બુદ્ધિનાં આવારક કર્મોના ક્ષયોપશમ પ્રત્યે કારણ છે તેથી બુદ્ધિમાન પ્રત્યેના બહુમાન ભાવથી પણ બુદ્ધિની વૃદ્ધિ થાય છે.

વળી, જેમ મુક્તિઅદ્વેષ યોગમાર્ગની આદ્યભૂમિકાની પ્રાપ્તિમાં કારણ છે તેમ બુદ્ધિમાનો પ્રત્યે અપ્રદ્વેષપણું દૂર દૂરવર્તી બુદ્ધિ પ્રત્યેનું કારણ છે. વસ્તુતઃ સંસારી જીવોને ભોગના ઉત્કટ રાગ હોય છે ત્યારે ભોગના અભાવરૂપ મોક્ષનો દ્વેષ વર્તે છે. ભોગનો ઉત્કટરાગ કાંઈક મંદ થાય છે ત્યારે ભોગના અભાવરૂપ મોક્ષ પ્રત્યે અદ્વેષ પ્રગટે છે અર્થાત્ મોક્ષનો રાગ થયો નથી તોપણ મોક્ષનો રાગ થઈ શકે તેની પૂર્વભૂમિકારૂપ અદ્વેષ પ્રગટે છે. તેમ જેઓને બુદ્ધિમાન પુરુષો પ્રત્યે દ્વેષ, ઈર્ષ્યાદિ ભાવો થતા નથી તેઓને પણ 'આ બુદ્ધિનું

સુંદર ફળ છે' તેવું જણાય, ત્યારે તેની પ્રાપ્તિનો અભિલાષ થાય છે. જેમ મોક્ષના અદ્વેષવાળા જીવને 'મોક્ષ સુંદર છે' તેવું જણાય ત્યારે મુક્તિનો રાગ થાય છે તે રીતે બુદ્ધિના અદ્વેષવાળા જીવોને ચાર બુદ્ધિનાં સુંદર ફળોને જોઈને તેની પ્રાપ્તિનો અભિલાષ થાય છે.

વળી, બુદ્ધિમાનોની પ્રશંસાથી પણ બુદ્ધિનો રાગ વૃદ્ધિ થવાના કારણે તે તે પ્રકારની બુદ્ધિને અભિમુખ યત્ન થાય છે જેથી તેવી નિપુણ બુદ્ધિ પ્રગટે છે. આ રીતે સંસારના ઉચ્છેદના પ્રબળ કારણભૂત ચાર પ્રકારની નિર્મળ બુદ્ધિની પ્રાપ્તિના ઉપાયો બતાવ્યા. હવે ગ્રંથકારશ્રી કહે છે કે બુદ્ધિમાન પુરુષોની ભક્તિ આદિનાં કારણો પણ છે તેને તમે જાણો, જે કારણો આગળની ગાથામાં બતાવે છે. **॥૧૬૨॥**

અવતરણિકા :-

કે इत्याह —

અવતરણિકાર્થ :-

બુદ્ધિમાન પુરુષો પ્રત્યે ભક્તિ આદિનાં કયાં કારણો છે તેને કહે છે —

ગાથા :-

कल्लाणमित्तजोगो एयाणमिमस्स कम्मपरिणामो ।
अणहो तहभव्वत्तं तस्सवि तहपुरिसकारजुयं ।।१६३।।

અન્વયાર્થ :-

एयाणं कल्लाणमित्तजोगो=આમને કલ્યાણમિત્રનો યોગ=ભવ્યજીવોને કલ્યાણમિત્રનો યોગ બુદ્ધિમાન પુરુષોની ભક્તિ આદિનું કારણ છે, इमस्स अणहो कम्मपरिणामो=આનું અનઘ એવું કર્મપરિણામ=કલ્યાણ-મિત્રના યોગનું અનઘ એવું કર્મપરિણામ કારણ છે. तस्सवि=તેનું પણ=અનઘ એવા કર્મપરિણામનું પણ કારણ, तहपुरिसकारजुयं तहभव्वत्तं=તેવા પ્રકારના પુરુષકારથી યુક્ત તથાભવ્યત્વ છે. ॥૧૬૩॥

ગાથાર્થ :-

આમને કલ્યાણમિત્રનો યોગ=ભવ્યજીવોને કલ્યાણમિત્રનો યોગ બુદ્ધિમાન પુરુષોની ભક્તિ આદિનું કારણ છે, આનું અનઘ એવું કર્મપરિણામ=કલ્યાણમિત્રના યોગનું અનઘ એવું કર્મપરિણામ કારણ છે. તેનું પણ=અનઘ એવા કર્મપરિણામનું પણ કારણ, તેવા પ્રકારના પુરુષકારથી યુક્ત તથાભવ્યત્વ છે. ॥૧૬૩॥

ટીકા :-

कल्याणमित्रयोगः स्वपरयोः सर्वदा श्रेयस्कराणां सुहृदां साधुसाधर्मिकस्वरूपाणां योगः सम्बन्धः, तत्सम्बन्धस्य सर्वानुचितनिरोधेन उचितप्रवृत्त्यसाधारणकारणत्वाद् एतेषां भव्यानाम् । ननु कल्याणमित्र-

योगोऽपि किंहेतुक इत्याशंक्याह—अस्य कल्याणमित्रयोगस्य कारणं कर्मपरिणामः भवान्तरोपात्तदैवपरिणतिरूपः, अनघः पुण्यानुबन्धित्वेन सुवर्णघटाकारतया निर्दोषः । नहि अनीदृशकर्मणो जन्तवः कल्याणमित्रयोगवन्तो जायन्त इति । एषोऽपि किंनिबन्धन इत्याह—तथाभव्यत्वं तस्यापि अनघकर्मपरिणामस्य कारणं भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वं अनादिः पारिणामिको भावः । तथाभव्यत्वं तु एतद् एव विचित्रं द्रव्यक्षेत्रादिभेदेन जीवानां बीजाधानादिहेतुः । कीदृशमित्याह—तथापुरुषकारयुतं तथा तत्प्रकारोऽनन्तरपरंपरादिभेदभाक्फलहेतुर्यः पुरुषकारो जीववीर्योल्लासरूपश्चरमपुद्गलपरावर्त्तवशसमुन्मीलितः तेन युतम् । सर्वेषामपि भव्यानां तथाभव्यत्वमस्त्येव, परं तथाविधपुरुषकारविकलं न प्रकृतकर्मपरिणामहेतुतया सम्पद्यत इति प्रस्तुतविशेषणोपादानं कृतमिति ।।१६३।।

ભાવાર્થ :-

જે જીવોને કલ્યાણમિત્રનો યોગ થાય છે તેઓને કલ્યાણમિત્ર હંમેશાં અનુચિત પ્રવૃત્તિના નિરોધ દ્વારા ઉચિત પ્રવૃત્તિનું અસાધારણ કારણ બને છે અને યોગ્ય જીવોને કલ્યાણમિત્રનો યોગ થાય તો તેની પ્રેરણાથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા ચાર બુદ્ધિના નિધાન એવા પુરુષો પ્રત્યે ભક્તિ થાય છે; કેમ કે કલ્યાણમિત્રની પ્રેરણાથી યોગ્ય જીવને માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે કે 'જેઓ ચાર પ્રકારની બુદ્ધિના નિધાન છે તે જીવો મનુષ્યભવને પામીને ઉચિત પ્રવૃત્તિને કરનારા બને છે; જેના કારણે તેઓ મનુષ્યજન્મના ઉત્તમ ફળને પામે છે' આ રીતે કલ્યાણમિત્રના યોગથી બુદ્ધિમાન પુરુષો પ્રત્યે ભક્તિ આદિને પ્રાપ્ત કરીને યોગ્ય જીવો પણ બુદ્ધિમાન બને છે.

અહીં પ્રશ્ન થાય કે કલ્યાણમિત્રનો યોગ જીવને કઈ રીતે થઈ શકે એથી કહે છે –

પુણ્યાનુબંધી પુણ્ય સુવર્ણઘટ જેવું છે તેથી સુવર્ણનો ઘટ નાશ પામે તોપણ સુવર્ણ અવસ્થિત રહે છે તેમ જે જીવો મોહનાશને અનુકૂળ ઉત્તમ ક્રિયાઓ કરે છે તેઓની તે ક્રિયા નાશ પામવા છતાં સુવર્ણ સદૃશ ઉત્તમ સંસ્કારો જન્માંતરમાં સાથે આવે છે એવા નિર્દોષ કર્મપરિણામથી જીવને કલ્યાણમિત્રનો યોગ થાય છે. આશય એ છે કે પોતાના કલ્યાણનું કારણ બને તેવા મિત્રનો માત્ર બાહ્ય સંબંધ કલ્યાણનું કારણ બનતું નથી; પરંતુ 'આ મિત્ર મારા કલ્યાણનું કારણ છે' તેવી બુદ્ધિથી યુક્ત તેવા મિત્રનો સંબંધ કલ્યાણમિત્રનો યોગ છે અને જે જીવોમાં મિથ્યાત્વ મંદ થયેલું છે અને તત્ત્વને સન્મુખ દૃષ્ટિ પ્રગટેલ છે તેવા જીવો પુન્યાનુબંધી પુન્યને બાંધે છે. જેમ સસલાની દયા કરીને મેઘકુમારના જીવે પુન્યાનુબંધી પુન્ય બાંધ્યું તે રીતે જેઓએ પૂર્વભવમાં મિથ્યાત્વની મંદતાને કારણે કે સમ્યક્ત્વની પ્રાપ્તિને કારણે પુન્યાનુબંધી પુન્ય બાંધ્યું છે તેઓને કલ્યાણનું કારણ બને તેવા મિત્રનો સંબંધ થાય ત્યારે તે મિત્રને અનુસરવાની મનોવૃત્તિ થાય છે તેથી કલ્યાણમિત્રના યોગ પ્રત્યે મિથ્યાત્વની મંદતાદિ સહકૃત પુન્યપ્રકૃતિ કારણ છે.

અહીં પ્રશ્ન થાય કે કલ્યાણમિત્રના યોગનું કારણ બને તેવું નિર્દોષ કર્મપરિણામ જીવને કઈ રીતે પ્રાપ્ત થાય છે તેથી ગ્રંથકારશ્રી કહે છે –

તે પ્રકારના પુરુષકારથી યુક્ત એવું તથાભવ્યત્વ નિર્દોષ કર્મપરિણામ પ્રત્યે કારણ છે. આથી જ તથાભવ્યત્વના પરિપાક અર્થે દુષ્કૃતનિંદા અને સુકૃતની અનુમોદનારૂપ તે પ્રકારનો પુરુષાર્થ કરાય છે; તેથી જે જીવોના કર્મમલની કાંઈક અલ્પતા થઈ છે અને તેના કારણે ગુણનિષ્પત્તિનું કારણ બને તેવા પ્રકારના પુરુષકારથી યુક્ત તથાભવ્યત્વ વર્તતું હોય તે જીવોમાં બીજાધાનનું કારણ બને તેવો પરિણામ થાય છે જેનાથી નિર્દોષ એવો કર્મપરિણામ પ્રાપ્ત થાય છે, માટે કલ્યાણના અર્થીએ ગુણનો પક્ષપાત થાય તે પ્રકારે યત્ન કરીને તથાભવ્યત્વનો પરિપાક કરવો જોઈએ. જેનાથી નિર્દોષ કર્મપરિણામ પ્રાપ્ત થાય અને નિર્દોષ કર્મપરિણામને કારણે ઉત્તમ એવા કલ્યાણમિત્રનો યોગ થાય જેનાથી બુદ્ધિમાન પુરુષો પ્રત્યે ભક્તિ આદિ પ્રગટે. જેના કારણે પોતાનામાં પણ તેવી નિર્મલ મતિ પ્રગટે જેના ફળરૂપે પ્રાપ્ત થયેલો મનુષ્યભવ સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ બને. **॥૧૬૩॥**

અવતરણિકા :-

ननु कथमित्थं अनेककारणा बुद्धिर्जाता इत्याशङ्क्य सर्वमेव कार्यं कालादिअनेककारणजन्यमिति दर्शयन्नाह —

અવતરણિકા :-

આ રીતે=પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, કેવી રીતે અનેક કારણવાળી બુદ્ધિ થાય છે એ પ્રકારની આશંકા કરીને સર્વ જ કાર્ય કાલાદિ અનેક કારણજન્ય છે એ પ્રમાણે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

कालो सहावनियई पुव्वकयं पुरिसकारणेगंता ।
मिच्छत्तं ते चेव उ समासओ होंति सम्मत्तं ।।१६४।।

અન્વયાર્થ :-

कालो सहावनियई=કાળ, સ્વભાવ, નિયતિ, पुव्वकयं=પૂર્વકૃત=પૂર્વે કરાયેલું કર્મ, पुरिसकारणेगंता मिच्छत्तं=અને પુરુષ અર્થાત્ પુરુષકાર, એકાંત કારણ મિથ્યાત્વ છે, ते चेव उ=વળી, તે જ, समासओ=समासथी=પરસ્પર સમુદિત થવાથી, सम्मत्तं होंति=સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ॥૧૬૪॥

ગાથાર્થ :-

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત=પૂર્વે કરાયેલું કર્મ, અને પુરુષ અર્થાત્ પુરુષકાર, એકાંત કારણ મિથ્યાત્વ છે, વળી, તે જ, समासथी=પરસ્પર સમુદિત થવાથી, સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. ॥૧૬૪॥

ટીકા :-

कालस्वभावनियतिपूर्वकृतपुरुषकारणरूपा एकान्ताः सर्वेऽप्येकका मिथ्यात्वं तत एव समुदिताः परस्परात्यजद्वृत्तयः सम्यक्त्वरूपतां प्रतिपद्यन्ते । इति गाथातात्पर्यार्थः ।।

तत्र काल एव एकान्तेन जगतः कारणमिति कालवादिनः प्राहुः । तथाहि—सर्वस्य शीतोष्ण-वर्षवनस्पतिपुरुषादेर्जगतः प्रभवस्थितिविनाशेषु ग्रहोपरागयुतियुद्धोदयास्तमयगमनागमनादौ च कालः कारणम्, तमन्तरेण सर्वस्यास्यान्यकारणत्वाभिमतभावसद्भावेऽप्यभावात् । तदुक्तं—'कालः पचति भूतानि कालः संहरते प्रजाः । कालः सुप्तेषु जागर्त्ति कालो हि दुरतिक्रमः ।।१।।' असदेतत्, तत्कालसद्भावेऽपि वृष्ट्यादेः कदाचिददर्शनात् । न च तदभवनमपि तद्विशेषकृतमेव, नित्यैकरूपतया तस्य विशेषाभावात् । विशेषे वा तज्जननाजननस्वभावतया तस्य नित्यत्वव्यतिक्रमात्,-स्वभावभेदाद् भेदसिद्धेः । न च वायुमण्डलादिकृतो वर्षादिर्विशेषः, तस्याप्यहेतुकतया भावात् । न च काल एव तस्य हेतुः, इतरेतराश्रयदोषप्रसक्तेः- सति कालभेदे वर्षादिभेदहेतोर्ग्रहमण्डलादेर्भेदः, तद्भेदाच्च कालभेद इति परिस्फुटमितरेतराश्रयत्वम् । अन्यतः कारणाद् वर्षादिभेदेऽभ्युपगम्यमाने न काल एवैकः कारणं भवेदित्यभ्युपगमविरोधः, कालस्य च कुतश्चिद् भेदाभ्युपगमेऽनित्यत्वमित्युक्तम् । तत्र च प्रभवस्थितिनाशेषु यद्यपरः कालः कारणम्, तदा तत्रापि स एव पर्यनुयोग इत्यनवस्थानाद् न वर्षादिकार्योत्पत्तिः स्यात् । न चैकस्य कारणत्वं युक्तं, क्रमयौगपद्याभ्यां तद्विरोधात् । तत्र काल एवैकः कारणं जगतः ।।१।।

अपरे तु स्वभावत एव भावा जायन्त इति वर्णयन्ति । अत्र यदि स्वभावकारणा भावा इति तेषामभ्युपगमः, तदा स्वात्मनि क्रियाविरोधो दोषः । नह्यव्युत्पन्नानां तेषां स्वाभावः समस्ति । उत्पन्नानां तु स्वभावसंगतावपि प्राक्स्वभावाऽभावेऽप्युत्पत्तेर्निर्वृत्तत्वाद् न स्वभावस्तत्र कारणं भवेत् । अथवा कारणमन्तरेण भावा भवन्ति स्वपरकारणनिमित्तजन्मनिरपेक्षतया सर्वहेतुनिराशंसस्वभावा भावा इति शब्दार्थः । तर्हि प्रत्यक्षविरोधो दोषः । तथाहि—अध्यक्षानुपलम्भाभ्यामन्वयव्यतिरेकतो बीजादिकं तत्कारणत्वेन निश्चितमेव । यस्य हि यस्मिन् सत्येव भावः, यस्य च विकाराद् यस्य विकारः, तत्तस्य कारणत्वमुच्यते । उच्छूनादिविशिष्टावस्थाप्राप्तं च बीजं कण्टकादितैक्ष्ण्यादेरन्वयव्यतिरे-कवदध्यक्षानुपलम्भाभ्यां कारणतया निश्चितमिति न स्वभावैकान्तवादोऽपि ज्यायान् ।।२।।

सर्वस्य वस्तुनस्तथा तथा नियतरूपेण भवनाद् नियतिरेव कारणमिति केचित् । तदुक्तं—'प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा । भूतानां महति कृतेऽपि हि प्रयत्ने नाभाव्यं भवति न भाविनोऽस्ति नाशः ।।१।।' असदेतत्, शास्त्रोपदेशवैयर्थ्यप्रसक्तेः, तदुपदेशमन्तरेणाप्यर्थेषु नियतिकृतबुद्धेर्नियत्यैव भावात् । दृष्टादृष्टफलशास्त्रप्रतिपादितशुभा-शुभक्रिया-फलनियमाभावश्च स्यात् । इति केवलनियतिवादोऽपि न श्रेयान् ।।३।।

जन्मान्तरोपात्तमिष्टानिष्टफलदं कर्म सर्वजगद्वैचित्र्यकारणमिति कर्मवादिनः । तथा चाहुः— 'यथा यथा पूर्वकृतस्य कर्मणः फलं निधानस्थमिवावतिष्ठते । तथा तथा तत्प्रतिपादनोद्यता प्रदीपहस्तेव मतिः प्रवर्तते ।।१।।' असदेतत्, कुलालादेर्घटादिकारणत्वेनाध्यक्षतः प्रतीयमानस्य परिहारेणापरादृष्ट-कारणप्रकल्पनयाऽनवस्थाप्रसङ्गतः क्वचिदपि कारणप्रतिनियमानुपपत्तेः । न च स्वतन्त्रं कर्म जगद्वैचित्र्यकारणमुपपद्यते, तस्य कर्त्रधीनत्वात् । न चैकस्वभावात् ततो जगद्वैचित्र्यमुपपत्तिमत्, कारणवैचित्र्यमन्तरेण कार्यवैचित्र्यायोगात् । अनेकस्वभावत्वे च कर्मणो नाममात्रनिबन्धनैव विप्रतिपत्तिः, पुरुष-काल-स्वभावादेरपि जगद्वैचित्र्यकारणत्वेनार्थतोऽभ्युपगमात् । इति कर्मैकान्तवादोऽपि न विचारसहः ।।४।।

अन्ये तु वर्णयन्ति—पुरुष एवैकः सकललोकस्थितिसर्गप्रलयहेतुः प्रलयेऽप्यलुप्तज्ञानातिशयः । तथा चोक्तं 'ऊर्णनाभ इवांशूनां चन्द्रकान्त इवाम्भसां । प्ररोहाणामिव प्लक्षः स हेतुः सर्वजन्मनाम् ।।१।।' इति ।।

एतदपि न घटते, यतः प्रेक्षापूर्वकारिणां प्रवृत्तिः प्रयोजनवत्तया व्याप्ता, अतः किं प्रयोजनमुद्दिश्यायं जगत्करणे प्रवर्तते ? नेश्वरादिप्रेरणात्, अस्वातन्त्र्यप्रसक्तेः; न परानुग्रहार्थम्, अनुकम्पया दुःखितसत्त्व-निर्वर्त्तनानुपपत्तेः । न तत्कर्मप्रक्षयार्थं, दुःखितसत्त्वनिर्माणे प्रवृत्तेस्तत्कर्मणोऽपि तत्कृतत्वेन तत्प्रक्षयार्थं तन्निर्माणप्रवृत्तावप्रेक्षापूर्वकारितापत्तेः । इति नैतद्वादोऽपि विदुषां मनोमोदावहः ।।५।।

अतो न कालाद्येकान्ताः प्रमाणतः सम्भवन्तीति तद्वादो मिथ्यावाद इति । त एवान्योऽन्यसव्यपेक्षा-नित्याद्येकान्तव्यपोहेनैकानेकस्वभावकार्यनिर्वर्त्तनपटवः प्रमाणविषयतया परमार्थसन्त इति तद्वादः सम्यग्वाद इति स्थितम् ।।१६४।।

ભાવાર્થ :-

ગાથા-૧૬૧માં કહેલ કે પ્રાયઃ યોગ્ય જીવોને ચાર બુદ્ધિનાં દૃષ્ટાંતના શ્રવણથી નિપુણ બુદ્ધિ થાય છે. વળી, ગાથા-૧૬૨માં કહ્યું કે બુદ્ધિમાન પુરુષોની ભક્તિથી તે તે પ્રકારની બુદ્ધિ થાય છે અથવા બુદ્ધિમાન પુરુષોના બહુમાનથી કે અપ્રદ્વેષથી કે પ્રશંસાથી ચાર પ્રકારની બુદ્ધિ થાય છે. વળી તેવી બુદ્ધિની પ્રાપ્તિનું કારણ કલ્યાણમિત્રનો યોગ છે અને કલ્યાણમિત્રના યોગને અનુકૂળ બુદ્ધિ પણ અનઘ એવા કર્મપરિણામથી થાય છે અને તે કર્મપરિણામનું કારણ પણ તે પ્રકારના પુરુષકારથી યુક્ત તથાભવ્યત્વ છે. તેથી ચાર પ્રકારની બુદ્ધિની પ્રાપ્તિમાં અનેક કારણોની પરંપરાની પ્રાપ્તિ છે. ત્યાં કોઈને વિચાર થાય કે માત્ર કર્મના ક્ષયોપશમથી કે જીવના પ્રયત્નથી તે બુદ્ધિ કેમ પ્રગટ થતી નથી ? તેથી કહે છે કે જીવમાં થતાં સર્વ કાર્યો પ્રત્યે પાંચ કારણોનો સમુદાય કારણ છે. એક કર્મ જ કારણ નથી કે પુરુષકાર જ કારણ નથી. તેથી જે કાળે

જે જીવનો જે પ્રકારનો સ્વભાવ હોય અને જે પ્રકારની નિયતિ હોય તેને અનુરૂપ બુદ્ધિની તે તે ભૂમિકાની નિષ્પત્તિ પ્રત્યે પૂર્વે કરાયેલું ક્ષયોપશમભાવને અભિમુખ કર્મ અને તે કર્મને ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડવા માટે જીવનો તે પ્રકારનો પુરુષકાર કારણ છે. તેથી જે જીવને જે નિમિત્તને પામીને તે તે બુદ્ધિને અનુકૂળ સમ્યક્ પુરુષકાર થાય અને તેના પુરુષકારથી તેનું કર્મ ક્ષયોપશમભાવને પામે તેવું હોય ત્યારે તે તે બુદ્ધિ પ્રગટે છે. આથી જ કેટલાકને કલ્યાણમિત્રનો યોગ પ્રાપ્ત કરવાનું કારણ બને તેવા પ્રકારના અનઘ કર્મપરિણામને અનુકૂળ તે પ્રકારના પુરુષકારથી યુક્ત તથાભવ્યત્વ પરિપાક પામે તેટલી જ બુદ્ધિ પ્રાપ્ત થાય છે. જેમ માષતુષમુનિને કલ્યાણમિત્રનો યોગ થાય તેટલી જ બુદ્ધિ પ્રાપ્ત થઈ. પરંતુ બુદ્ધિમાન એવા પુરુષો પ્રત્યે ભક્તિ આદિ થવા છતાં તે પ્રકારની વિશિષ્ટ બુદ્ધિ તત્કાલ પ્રાપ્ત થઈ નહીં. તેથી નક્કી થાય છે કે પાંચ કારણોથી કાર્ય થાય છે અને જે જીવમાં તે પાંચ કારણોનો યોગ જે ભૂમિકાનો હોય તે ભૂમિકાને અનુરૂપ તે સમ્યગ્ પ્રયત્ન કરે તો તેના પુરુષકારથી બુદ્ધિનાં આવારક કર્મોનો ક્ષયોપશમ થાય છે. વળી, કેટલાક જીવોને ભક્તિના પરિણામથી ચાર પ્રકારની બુદ્ધિનાં આવારક કર્મોનો ક્ષયોપશમ થાય છે તો કેટલાક જીવોને તે ચાર પ્રકારની બુદ્ધિનાં દૃષ્ટાંતના શ્રવણથી તે તે પ્રકારની બુદ્ધિના પ્રવર્ધમાન બહુમાન ભાવને કારણે તે તે પ્રકારની બુદ્ધિનાં આવારક કર્મોનો ક્ષયોપશમ થાય છે. વળી, કેટલાક જીવોને તે તે પ્રકારની બુદ્ધિના દૃષ્ટાંતના શ્રવણથી તે તે પ્રકારની બુદ્ધિ પ્રત્યે અત્યંત બહુમાન થાય છે તેથી તે તે પ્રકારની બુદ્ધિનો ક્ષયોપશમ થાય છે. વળી, કેટલાક જીવોને બુદ્ધિનાં અનેક દૃષ્ટાંતો શ્રવણ કરવાથી કાંઈક કાંઈક તે તે બુદ્ધિને અનુકૂળ માર્ગાનુસારી ઊહ પ્રગટ થાય છે ત્યારે તે તે બુદ્ધિનો ક્ષયોપશમ થાય છે તેથી ચાર પ્રકારની બુદ્ધિ સર્વ પ્રકારના કલ્યાણનું કારણ છે તેવો બોધ થવા છતાં જ્યાં સુધી તે બુદ્ધિઓનાં દૃષ્ટાંતોને શ્રવણ કરીને યોગ્ય જીવો તેને અભિમુખ પરિણામવાળા થતા નથી ત્યાં સુધી તે તે પ્રકારની વિશિષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થતી નથી. તેથી અનેક કારણજન્ય બુદ્ધિના ભેદો છે. માત્ર પુરુષકારજન્ય કે માત્ર કર્મજન્ય તેવી બુદ્ધિ થતી હોત તો અનેક કારણજન્ય તે બુદ્ધિ છે તે કહી શકાય નહીં. આથી જ સર્વ કાર્યો પ્રત્યે પાંચ કારણોનો સ્વીકાર સમ્યક્ત્વ છે અને એકાંતે કોઈપણ કારણનો સ્વીકાર મિથ્યાત્વ છે. જો કોઈપણ કાર્ય એકાંતે એક કારણથી થતું હોત તો અનેક કારણજન્ય બુદ્ધિની પ્રાપ્તિ થાત નહીં; કેમ કે જો પૂર્વના કર્મના કારણે જ તે પ્રકારની બુદ્ધિ થતી હોત તો દૃષ્ટાંતના શ્રવણ દ્વારા પુરુષકારની અપેક્ષા રહે નહીં અને દૃષ્ટાંતના શ્રવણ દ્વારા પુરુષકારથી તેવી બુદ્ધિ બધાને થતી હોત તો તેને અનુકૂળ કર્મની અપેક્ષા રહે નહીં, પરંતુ સર્વત્ર બધા કારણોનો યોગ થાય ત્યારે જ કાર્ય થાય છે. **॥૧૬૪॥**

અવતરણિકા :-

अयं च कालादिकारणकलापो यत्रावतरति तत्स्वयमेव शास्त्रकारः समुपदिशन्नाह —

અવતરણિકાર્થ :-

અને આ=ગાથા-૧૬૪માં કહ્યું એ, કાલાદિ કારણકલાપ જેમાં અવતાર પામે છે તેને સ્વયં જ શાસ્ત્રકાર બતાવતાં કહે છે —

ગાથા :-

सव्वम्मि चेव कज्जे एस कलावो बुहेहिं निद्दिट्ठो ।
जणगत्तेण तओ खलु परिभावेयव्वओ सम्मं ।।१६५।।

અન્વયાર્થ :-

जणगत्तेण=જનકપણાથી, सव्वम्मि चेव कज्जे=સર્વ જ કાર્યમાં, एस कलावो=આ કલાપ=ગાથા-૧૬૪માં બતાવેલ કારણોનો સમુદાય, बुहेहिं निद्दिट्ठो=બુધ પુરુષો વડે બતાવાયો છે, तओ खलु परिभावेयव्वओ सम्मं=તેથી સમ્યગ્ પરિભાવન કરવું જોઈએ. ।।૧૬૫।।

ગાથાર્થ :-

જનકપણાથી સર્વ જ કાર્યમાં આ કલાપ=ગાથા-૧૬૪માં બતાવેલ કારણોનો સમુદાય, બુધ પુરુષો વડે બતાવાયો છે તેથી સમ્યગ્ પરિભાવન કરવું જોઈએ. ।।૧૬૫।।

ટીકા :-

सर्वस्मिन् निरवशेषे, चैवशब्दोऽवधारणार्थः, ततः सर्वस्मिन्नेव कुम्भाम्भोरुहप्रासादाङ्कुरादौ नारकतिर्यग्नरामरभवभाविनि च निःश्रेयसाभ्युदयोपतापहर्षादौ वा बाह्याध्यात्मिकभेदभिन्ने कार्ये न पुनः क्वचिदेव एष कालादिकलापः कारणसमुदायरूपः बुधैः सम्प्रतिप्रवृत्तदुःषमातमस्विनीबललब्धोदयकुबोधतमःपूरापोहदिवाकराकारश्रीसिद्धसेनदिवाकरप्रभृतिभिः पूर्वसूरिभिः निर्दिष्टो निरूपितो जनकत्वेन जन्महेतुतया यतो वर्त्तते । ततो जनकत्वनिर्देशात्, खलुः अवधारणे भिन्नक्रमश्च, ततः परिभावयितव्यकः परिभावनीय एव, न पुनः श्रुतज्ञानचिन्ताज्ञानगोचरतयैव स्थापनीयः, सम्यग् यथावत्, भावनाज्ञानाधिगतानां भावतोऽधिगतत्वसम्भवात् ।।१६५।।

ભાવાર્થ :-

જગતમાં પુરુષકારજન્ય બહારનાં જેટલા કાર્યો થાય છે અને નરકાદિભવોની પ્રાપ્તિરૂપ જે કાર્યો થાય છે અને નિઃશ્રેયસ અને અભ્યુદયરૂપ જે કાર્યો થાય છે અને જીવની ચિત્તવૃત્તિમાં ઉપતાપ-હર્ષાદિ જે કાર્યો થાય છે તે સર્વ કાર્યો પ્રત્યે જનકપણારૂપે પાંચ કારણોનો સમુદાય કારણ છે એ પ્રકારે નિર્ણય કરીને શ્રુતજ્ઞાનથી-ચિંતાજ્ઞાનથી તેને સ્થિર કર્યા પછી ભાવનાજ્ઞાનરૂપે પરિણમન પામે તે રીતે પરિભાવન કરવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે દ્રવ્ય અને પર્યાય ક્યારેય પૃથક્ પ્રાપ્ત થતા નથી. પરંતુ જે કોઈ દ્રવ્ય છે તે પર્યાય યુક્ત જ છે અને જે કોઈ પર્યાય છે તે દ્રવ્યઆશ્રિત જ છે, દ્રવ્યને છોડીને પૃથક્ પર્યાયની ક્યારેય ઉપલબ્ધિ નથી. તે રીતે જીવમાં અધ્યવસાયરૂપ જે કાર્ય થાય છે તે કાર્યને અનુકૂળ પાંચેય કારણો તે વખતે વિદ્યમાન હોય છે. પરંતુ તે પાંચમાંથી કોઈ એક કારણ હોય અને અન્ય કારણ ન હોય એ પ્રકારે ક્યારેય ઉપલબ્ધિ

થતી નથી. જેમ ઘટરૂપ કાર્ય થતું હોય ત્યારે દંડ, ચક્ર, ચીવર, કુલાલ - સર્વ કારણો અવશ્ય વિદ્યમાન હોય છે તેમ પ્રસ્તુતમાં જે કાર્ય થાય છે તે કાર્યને અનુરૂપ પાંચ કારણોમાંથી કોઈક કારણ હોય અને અન્ય અન્ય કારણો ન હોય તેમ ક્યારેય થતું નથી. પરંતુ અવશ્ય પાંચે કારણો વિદ્યમાન જ હોય છે. તેથી જે જીવોને બુદ્ધિની પ્રાપ્તિના ઉપાયરૂપ સમ્યક્ કારણોનું જ્ઞાન થાય અને તે જ્ઞાન પણ શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન કર્યા પછી ભાવનાજ્ઞાનરૂપે થાય તો તે જીવ પોતાની શક્તિ અનુસાર તે બુદ્ધિને પ્રગટ કરવા માટે પુરુષકાર કરે છે અને તે પુરુષકાર તે જીવ કરે ત્યારે તે કાર્યને અનુરૂપ કાલાદિ અન્ય સર્વ કારણોનો સમુદાય પણ અવશ્ય તે પુરુષકારથી આક્ષિપ્ત થાય છે તેથી જે સ્થાનમાં પોતાનાથી પ્રયત્ન થઈ શકે તેમ હોય તે સ્થાનમાં સમ્યક્ પ્રયત્ન કરવા માટે તેના ઉપાયનો યથાર્થ બોધ કરીને શ્રવણ, ચિંતન, મનન અને નિદિધ્યાસનના ક્રમથી ભાવનાજ્ઞાનમાં યત્ન કરવો જોઈએ. જેથી ચાર પ્રકારની બુદ્ધિની પ્રાપ્તિને અનુકૂળ ઉચિત યત્ન થાય અને પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સંસારના ઉચ્છેદ માટે સમ્યગ્ વ્યાપારવાળો કરીને જીવ હિત સાધવા સમર્થ બને તેના માટે જ ગ્રંથકારશ્રીએ ઉપદેશપદમાં ચાર બુદ્ધિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. **॥૧૬૫॥**

અવતરણિકા :-

अथ प्रसङ्गत एवैतत्कारणकलापान्तर्गतौ सुबोधतया लब्धप्राधान्यौ

'सुकृतं धनस्य बीजं व्यवसायः सलिलमथ धृतिर्नीतिः ।
फलमुपनीय नराणां तत्पाकमुपैति कालेन ।।१।।'

इत्यादिवाक्येषु पूर्वाचार्यैरुपन्यस्तौ दैवपुरुषकारावधिकृत्य किञ्चिदाह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસંગથી જ આ કારણકલાપ અંતર્ગત=કાલાદિ પાંચ કારણોના કલાપ અંતર્ગત, સુબોધપણું હોવાના કારણે=કાર્ય-કારણભાવનો સુખપૂર્વક બોધ થવાને કારણે, લબ્ધપ્રાધાન્યવાળાં સુકૃત ઇત્યાદિ વાક્યોમાં પૂર્વાચાર્ય વડે ઉપન્યસ્ત દૈવપુરુષકારને આશ્રયીને કાંઈક ગ્રંથકારશ્રી કહે છે –

અહીં "સુકૃત" ઇત્યાદિ ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

ધનનું બીજ સુકૃત છે, વ્યવસાય એ સલીલ છે, ધૃતિ એ નીતિ છે. મનુષ્યોને ફળને પ્રાપ્ત કરાવીને=સુકૃતરૂપ બીજના ફળરૂપ ધનને પ્રાપ્ત કરાવીને, કાળથી તે પાકને પામે છે=સુકૃત પાકને પામે છે –

ભાવાર્થ :-

પૂર્વભવમાં કે આ ભવમાં તે પ્રકારનું સુકૃત કર્યું હોય તો લાભાંતરાયનો ક્ષયોપશમભાવ પ્રગટે છે તે ધનનું બીજ છે. કોઈને લાભાંતરાયનો ક્ષયોપશમ થાય તેવું સોપક્રમકર્મ હોય છતાં તે પુરુષ હોય, વ્યવસાય કરે નહીં તો તેને ધન મળે નહીં. તેથી વ્યવસાય એ બીજ વાવ્યા પછી પાણીના સિંચન જેવું છે. વળી, વ્યવસાય પણ ધૃતિપૂર્વક કરે તે ધનપ્રાપ્તિના ઉપાયરૂપ નીતિ છે.

આ ત્રણનો યોગ થાય અર્થાત્ સુકૃત, વ્યવસાય અને ધૃતિનો યોગ થાય, ત્યારે મનુષ્યને તે સુકૃત ધનની પ્રાપ્તિરૂપ ફળની પ્રાપ્તિ કરાવે છે તેથી અર્થથી ફલિત થયું કે સુકૃતરૂપ દૈવ અને પુરુષકારરૂપ વ્યવસાય એ ધનપ્રાપ્તિરૂપ ફળની પ્રાપ્તિ પ્રત્યે કારણ છે. તેથી દૈવ અને પુરુષકારને આશ્રયીને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

एत्तो च्चिय जाणिज्जति विसओ खलु दिव्वपुरिसगाराणं ।
एयं च उवरि वोच्छं समासतो तंतनीतीए ।।१६६।।

અન્વયાર્થ :-

एत्तो च्चिय=આથી જ=કાલાદિ પાંચ કારણોથી કાર્ય થાય છે આથી જ, दिव्वपुरिसगाराणं विसओ खलु जाणिज्जति=દૈવ અને પુરુષકારનો વિષય નિશ્ચય કરાય છે=વિશદ વિમર્શના વશ નિર્મળ બુદ્ધિવાળા પુરુષો વડે નિર્ણય કરાય છે. एयं च=અને આને=દૈવ અને પુરુષકારના વિષયને, समासतो तंतनीतीए उवरि वोच्छं=સમાસથી તંત્રનીતિ અનુસાર હું આગળમાં કહીશ. ।।૧૬૬।।

ગાથાર્થ :-

આથી જ=કાલાદિ પાંચ કારણોથી કાર્ય થાય છે આથી જ, દૈવ અને પુરુષકારનો વિષય નિશ્ચય કરાય છે=વિશદ વિમર્શના વશ નિર્મળ બુદ્ધિવાળા પુરુષો વડે નિર્ણય કરાય છે. અને આને=દૈવ અને પુરુષકારના વિષયને, સમાસથી તંત્રનીતિ અનુસાર હું આગળમાં કહીશ. ।।૧૬૬।।

ટીકા :-

इत एव कालादिकलापस्य कारणभावप्रज्ञानादेव ज्ञायते निश्चीयते विशदविमर्शवशावदातीभूतमतिभिर्विषयो गोचरः, खलुर्वाक्यालङ्कारे, दैवपुरुषकारयोर्दैवस्य पुराकृतस्य कर्मणः, पुरुषकारस्य च जीवव्यापाररूपस्य-इयद्दैवस्य फलमियच्च पुरुषकारस्येत्यर्थः । अयं च मतिमद्भिः कथंचिद् विज्ञायमानोऽपि न प्रायेण सुखबोधः स्यादिति परिभाव्याह – एतं दैवपुरुषकारविषयं, च पुनरर्थे, तत एवं पुनरुपरि एतच्छास्त्राग्रभागे 'जमुदग्गं थेवेण वि कम्मं परिणम'-इत्यादिना ग्रन्थेन वक्ष्ये भणिष्यामि समासतः संक्षेपात् तन्त्रयुक्त्या शास्त्रसिद्धोपपत्तिभिरित्यर्थः, विस्तरभणनस्य दुष्करत्वाद् दुर्बोधत्वाच्च श्रोतृणामिति ।।१६६।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે મનુષ્યભવને પામીને અપ્રમાદથી આત્મહિત માટે યત્ન કરવો જોઈએ અને તેના માટે જિનવચનાનુસાર સમ્યગ્ પ્રવૃત્તિ કરવી જોઈએ અને તે પ્રવૃત્તિ પણ બુદ્ધિયુક્ત પુરુષો કરી શકે છે તેથી તે બુદ્ધિનું વર્ણન અત્યાર સુધી કર્યું અને કહ્યું કે તે બુદ્ધિ પણ અનેક કારણોથી થાય છે. વળી, તે કારણો

કાલાદિ પાંચ છે તેથી સર્વ કાર્યો પ્રત્યે કાલાદિ પાંચ કારણો છે. છતાં પાંચ કારણો અંતર્ગત દૈવ અને પુરુષકાર પ્રધાન છે; કેમ કે દૈવ અને પુરુષકાર પરસ્પર મિલીત થઈને અન્ય કારણોનો આક્ષેપ કરે છે. વળી, સમ્યગ્ પ્રયત્ન કરનારને તે બેનું જ્ઞાન ઉચિત પ્રવૃત્તિ કરવામાં અત્યંત ઉપકારક છે. તેથી ચાર પ્રકારની બુદ્ધિની પ્રાપ્તિના ઉપાયો બતાવ્યા પછી તેના ઉપાયભૂત પાંચ કારણોનું બુદ્ધિની સાથે યોજન કર્યા પછી દૈવ અને પુરુષકાર એ બેના વિષયને બુદ્ધિમાન પુરુષો નિર્મળ બુદ્ધિથી જાણવા યત્ન કરે અને જાણીને 'કયું કર્મ પોતાના પ્રયત્નથી સાધ્ય છે' તેનો નિર્ણય કરીને પોતાના હિત અર્થે ઉચિત યત્ન કરે તેના માટે દૈવ અને પુરુષકારનો સ્યાદ્વાદ બતાવે છે. સંસારના ક્ષેત્રમાં ધનના અર્થી જીવો પોતાની શક્તિ, પોતાના સંયોગો વગેરેનો ઉચિત નિર્ણય કરીને ધૃતિપૂર્વક ધન કમાવાની જે નીતિ છે તે નીતિ અનુસાર ઉચિત યત્ન કરે છે; કેમ કે વિવેકી પુરુષ જાણી શકે છે કે મારા પૂર્વકૃત કર્મવશાત્ જે સંયોગો મળ્યા છે તે પ્રમાણે તેને અનુરૂપ હું ઉચિત યત્ન કરીશ તો અવશ્ય તે કૃત્યના ફળરૂપે ધન પ્રાપ્ત કરીશ. આ રીતે સંયોગ અનુસાર પોતાનાં કર્મોને ફળને અભિમુખ કરવાનો ઉચિત પ્રયત્ન શું છે તેનો નિર્ણય કરીને જેઓ પોતાને ઇષ્ટ એવા કાર્ય માટે સમ્યગ્ પ્રયત્ન કરે છે તેઓ પ્રાયઃ અવશ્ય ફળ પ્રાપ્ત કરે છે.

વળી, જેમ ધનપ્રાપ્તિને અનુકૂળ પોતાનું સુકૃત છે તે સંયોગ અનુસાર નિર્ણય કરીને બુદ્ધિમાન પુરુષ ઉચિત પ્રયત્ન દ્વારા ધનને પ્રાપ્ત કરે છે તેમ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા અને સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિના અર્થી મહાત્માઓ પણ પોતાની શારીરિક, માનસિક અને સાંયોગિક શક્તિ અનુસાર પોતાના પ્રયત્નથી સાધ્ય એવા શાસ્ત્રનો બોધ કરીને પોતાની શક્તિ અનુસાર તે તે શાસ્ત્ર દ્વારા યોગમાર્ગના પરમાર્થને સ્પર્શે તે પ્રકારે ધૃતિરૂપ નીતિથી વ્યવસાય કરે છે તેઓ તે તે શાસ્ત્રના ભાવનાજ્ઞાન સુધીના બોધને પ્રાપ્ત કરી શકે છે અને તે બોધ પ્રાપ્ત કર્યા પછી તે બોધ અનુસાર ઉત્તર-ઉત્તરની ભૂમિકા માટે ઉચિત યત્ન કરે છે ત્યારે તેઓને યોગમાર્ગનું આપાદક ક્ષયોપશમભાવ પામે તેવું જે સોપક્રમકર્મ હતું તે સોપક્રમકર્મ વિવેકપૂર્વકના તેમના પુરુષકારથી ક્ષયોપશમભાવને પામે છે, જેના ફળરૂપે તે તે ભૂમિકાના યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફળને પ્રાપ્ત કરે છે, જેના બળથી સદ્ગતિઓની પરંપરા દ્વારા પૂર્ણ યોગમાર્ગને સેવીને મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે. તેથી બુદ્ધિમાન પુરુષોએ નિપુણ બુદ્ધિપૂર્વક દૈવ અને પુરુષકારના રહસ્યને જાણવા યત્ન કરવો જોઈએ અને તેનો કાંઈક બોધ બુદ્ધિમાન પુરુષને હોવા છતાં પ્રાયઃ સર્વાંશ શુદ્ધ બોધ થતો નથી. તેનો બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે કે સમાસથી તંત્રનીતિ અનુસાર દૈવ અને પુરુષકારના વિષયને હું કહીશ. તેથી ગાથા-૩માં કહેલ કે મનુષ્યભવને પામીને કુશળ પુરુષે સદા ધર્મમાં યત્ન કરવાને અનુકૂળ સ્વભૂમિકા અનુસાર યત્ન કરવો જોઈએ તે કેવો પ્રયત્ન કરવો જોઈએ તેનો નિર્ણય દૈવ અને પુરુષકારના ઉચિત યોજનથી થઈ શકે. **॥૧૬૬॥**

અવતરણિકા :-

इत्थं बुद्धिग्रन्थश्रवणोपलब्धबुद्धिर्बुधो यद्विदध्यात् तदाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=મનુષ્યભવ પામીને સર્વયત્નથી ભવના ઉચ્છેદ માટે યત્ન કરવો જોઈએ એમ પૂર્વમાં કહ્યું

ત્યારપછી તેના ઉચ્છેદના યત્ન માટે નિપુણ બુદ્ધિ આવશ્યક છે તેથી બુદ્ધિના સ્વરૂપનું વર્ણન કર્યું એ રીતે, બુદ્ધિના ગ્રંથના શ્રવણથી ઉપલબ્ધ બુદ્ધિવાળો બુદ્ધ પુરુષ જે કરે છે તેને કહે છે –

ગાથા :-

बुद्धिजुओ आलोयइ धम्मट्ठाणं उवाहिपरिसुद्धं ।
जोगत्तमप्पणो च्चिय अणुबंधं चेव जत्तेण ।।१६७।।

અન્વયાર્થ :-

બુદ્ધિજુઓ=બુદ્ધિગુણથી યુક્ત પુરુષ, उवाहिपरिसुद्धं धम्मट्ठाणं=ઉપાધિપરિશુદ્ધ ધર્મઅનુષ્ઠાનને, जोगत्तमप्पणो=પોતાના યોગ્યપણાને, च्चिय अणुबंधं चेव=અને અનુબંધને જ=સેવાતા અનુષ્ઠાન દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ અનુબંધને જ, जत्तेण आलोयइ=યત્નથી આલોચન કરે છે. ।।૧૬૭।।

ગાથાર્થ :-

બુદ્ધિગુણથી યુક્ત પુરુષ ઉપાધિપરિશુદ્ધ ધર્મઅનુષ્ઠાનને, પોતાના યોગ્યપણાને અને અનુબંધને જ=સેવાતા અનુષ્ઠાન દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ અનુબંધને જ, યત્નથી આલોચન કરે છે. ।।૧૬૭।।

ટીકા :-

बुद्धियुतः प्राक्प्रतिपादितौत्पत्तिक्यादिमतिपरिगतो जन्तुरालोचयति विमृशति किमित्याह – धर्मस्य सर्वपुरुषार्थप्रथमस्थानोपन्यस्तस्यात एव सर्वसमीहितसिद्ध्यवन्ध्यनिबन्धनस्य श्रुतचारित्राराधनारूपस्य स्थानं विशेषो धर्मस्थानम्, उपाधिभिर्विशेषणैर्द्रव्यक्षेत्रकालभावलक्षणैरुत्सर्गापवादवादास्पदभावमुपगतैः परिशुद्धमप्राप्तदोषम्, यथा सम्प्रति एते द्रव्यादयः किं साधका बाधका वा वर्त्तन्ते प्रस्तुतधर्मस्थानस्य, यतः पठन्ति – 'उत्पद्यते हि साऽवस्था देशकालामयान् प्रति । यस्यामकृत्यं कृत्यं स्यात् कर्म कार्यं च वर्जयेत् ।।१।।' तथा योग्यत्वमुचितत्वमात्मनोऽपि च स्वस्यापि न केवलं धर्म्मस्थानमित्यपिचशब्दार्थः, आलोचयतीत्यनुवर्त्तते । यथा कस्य धर्मस्थानस्याहं योग्यः, यथोक्तं–'कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ । कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ।।१।।' इति ।

अनुचितारम्भस्य निष्फलत्वेन चित्तविषादाद्यनेकानर्थसार्थप्रदानप्रत्यलत्वात् अनुबन्धं चैवानुबन्धमपि च तादात्विककार्यसिद्धावप्युत्तरोत्तरफलरूपं यत्नेन महता आदरेण आलोचयतीति । यतः–

'सगुणमपगुणं वा कुर्वता कार्यजातं, परिणतिरवधार्या यत्नतः पण्डितेन । अतिरभसकृतानां कर्मणामाविपत्तेर्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ।।१।।' इति ।।१६७।।

ભાવાર્થ :-

પ્રસ્તુત ગ્રંથના અત્યાર સુધીના વર્ણનથી જે મહાત્મા માર્ગાનુસારી બુદ્ધિથી યુક્ત થયેલ છે તે વિચારે છે કે કયું અનુષ્ઠાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિને આશ્રયીને અને ઉત્સર્ગ-અપવાદ સ્થાનને આશ્રયીને પરિશુદ્ધ પોતાનાથી સેવન થઈ શકે તેમ છે અને પોતાનું ચિત્ત પણ તે અનુષ્ઠાનને યોગ્ય છે જેથી તે ઉચિત અનુષ્ઠાન સેવીને ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકશે એ પ્રમાણે નિપુણ બુદ્ધિથી આલોચન કરે છે. જેમ પોતાની દેશવિરતિ ગુણસ્થાનકને અનુકૂળ ઉચિત આચરણાથી પણ ગુણવૃદ્ધિની શક્તિ ન હોય અને સર્વવિરતિ ગ્રહણ કરે તો બાહ્યથી આચરણારૂપે અધિક ત્યાગ થાય તોપણ પોતાની ચિત્તની ભૂમિકા તે પ્રકારની નહીં હોવાથી સર્વવિરતિના અનુષ્ઠાનવાળા પોતે ગુણવૃદ્ધિ કરી શકશે નહીં. તેવો નિર્ણય નિપુણ બુદ્ધિથી વિચારવાને કારણે થાય તો સર્વવિરતિની ઉત્કટ લાલસા હોવા છતાં બુદ્ધિમાન પુરુષ દેશવિરતિ ગુણસ્થાનકમાં જ સમ્યગ્ ઉદ્યમ કરીને ગુણવૃદ્ધિ કરવા યત્ન કરે છે.

વળી, તે દેશવિરતિ ગુણસ્થાનકની ક્રિયા માત્ર આચરણારૂપે કરીને સંતોષ માનતો નથી પરંતુ કઈ રીતે દેશવિરતિનું અનુષ્ઠાન નિર્લેપ પરિણતિની નિષ્પત્તિ દ્વારા સર્વવિરતિનું કારણ બનશે, તેનું સમ્યગ્ આલોચન કરે છે તેથી ભાવથી સર્વવિરતિ ગુણસ્થાનકવાળા મોહની સામે સુભટની જેમ લડે છે અને કંટકઆકીર્ણ ભૂમિ ઉપર ચાલવાની જેમ સર્વ ચેષ્ટા કરે છે. તેના પરમાર્થને ભાવથી દેશવિરતિ ગુણસ્થાનકવાળા શ્રાવક પ્રતિદિન સૂક્ષ્મ ભાવન કરે છે અને સર્વવિરતિનું કારણ બને તે રીતે જ દેશવિરતિનું અનુષ્ઠાન સદા સેવવા યત્ન કરે છે.

વળી, જે અનુષ્ઠાન પોતાની ભૂમિકાનુસાર ઉચિત છે તે અનુષ્ઠાન પણ વર્તમાનમાં દ્રવ્ય-ક્ષેત્રાદિને આશ્રયીને અને ઉત્સર્ગ-અપવાદને આશ્રયીને કઈ રીતે પરિશુદ્ધ બને છે જેથી સેવાતા અનુષ્ઠાન દ્વારા ઇન્દ્રિયોના સંશ્લેષની નિવૃત્તિ અને કષાયોની અલ્પતાની પ્રાપ્તિ અને યોગના સ્થૈર્યભાવની વૃદ્ધિ થાય તે રીતે નિપુણ પ્રજ્ઞાપૂર્વક તે મહાત્મા આલોચન કરે છે. **॥૧૬૭॥**

અવતરણિકા :-

બુદ્ધિયુક્ત પુરુષ ધર્મઅનુષ્ઠાન વિષયક શું આલોચન કરે છે તે ગાથા-૧૬૭માં બતાવ્યું હવે તે બુદ્ધિયુક્ત પુરુષ આલોચનમાત્ર કરતો નથી પરંતુ ઉચિત સમ્યગ્ નિર્ણય કરી શકે છે તે દૃષ્ટાંતથી બતાવે છે –

ગાથા :-

बुज्झति य जहाविसयं सम्मं सव्वंति एत्थुदाहरणं ।
वेदज्झयणपरिच्छाबड्डगदुगं छागघातम्मि ।।१६८।।

અન્વયાર્થ :-

य=અને, (બુદ્ધિમાન પુરુષ) जहाविसयं=યથાવિષય, सव्वंति=સર્વ=ધર્મ-અર્થ-કામ વિષયક સર્વ,

सम्मं=सम्यक्=ऐदंपर्यशुद्ध, बुज्झति=निर्णय करे छे. एत्थ छागघातम्मि=आमां बकराना घातमां, वेदज्झयण-परिच्छाबडुगदुगं उदाहरणं=वेदअध्ययननी परीक्षाना विषयमां बटुकद्विक उदाहरण छे. ॥१६८॥

ગાથાર્થ :-

અને બુદ્ધિમાન પુરુષ યથાવિષય, સર્વ=ધર્મ-અર્થ-કામ વિષયક સર્વ, સમ્યક્=ઐદંપર્યશુદ્ધ, નિર્ણય કરે છે. આમાં બકરાના ઘાતમાં, વેદઅધ્યયનની પરીક્ષાના વિષયમાં બટુકદ્વિક ઉદાહરણ છે. ॥૧૬૮॥

ટીકા :-

बुध्यते निर्णयति । चः समुच्चये । ततो न केवलमालोचयति, बुध्यते च यथाविषयं बोद्धुमिष्टवस्त्वंश-रूपविषयानतिक्रमेण सम्यक् संशयविपर्यासबोधदोषपरिहाराद् ऐदम्पर्यशुद्धं सर्वं धर्मार्थादिवस्तु । इति वाक्यपरिसमाप्तौ । अत्र सम्यग् यथाविषयबोधे तद्विपर्यये चोदाहरणं ज्ञातं वेदाध्ययनपरीक्षाबटुकद्विकं-वेदाध्ययने उपस्थिते उपाध्यायेन परीक्षायां कोऽनयोर्मन्त्रिरूपितार्थस्य यथावद् बोद्धा तदितरो वेतिरूपायां मीमांसायां प्रक्रान्तायां समादिष्टं बटुकद्विकं पर्वतकनारदलक्षणम्; क्वेत्याह—छागघाते पशुवधे ।।१६८।।

ભાવાર્થ :-

અહીં વેદનું અધ્યયન કરનાર નારદની અને પર્વતની પરીક્ષા કરવા માટે ગુરુ વડે કોઈ ન જુએ તે સ્થાનમાં પશુને મારવા માટે કહેલ ત્યારે આલોચના વગર પ્રવૃત્તિ કરનાર પર્વત એકાંતમાં જઈને તે પશુનો વધ કરે છે અને નારદ વિશદ બુદ્ધિવાળા હોવાથી વિચારે છે કે કોઈ ન જુએ તેવું સ્થાન જગતમાં ક્યાંય ઉપલબ્ધ નથી; કેમ કે અંતે કેવલી તેને જોનારા છે માટે તેનો વધ નહીં કરવાનું ગુરુનું તાત્પર્ય છે એ પ્રમાણે જેમ આલોચન કરે છે તેમ સર્વ ધર્મઅનુષ્ઠાનો અંતરંગ સંવરભાવના અતિશય માટે શાસ્ત્રમાં વિહિત છે તેથી બુદ્ધિમાન પુરુષ સ્વભૂમિકાનુસાર કયું અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરની સેવનની વૃદ્ધિ દ્વારા યોગનિરોધમાં પર્યવસાન થશે તેનો નિર્ણય કરીને તે જ અનુષ્ઠાન સ્વીકારે છે કે જે અનુષ્ઠાનના સેવનના બળથી યોગનિરોધને અનુકૂળ ઉત્તરોત્તર બળની વૃદ્ધિ થાય અને જેઓ અનુષ્ઠાનના ઐદંપર્યને વિચારતા નથી તેઓ જેમ પર્વતે ગુરુના વચનાનુસાર કોઈ ન જુએ તેવા એકાંત સ્થાનમાં તે પશુનો વધ કર્યો તેમ આ અનુષ્ઠાન આના કરતાં અધિક છે તેટલું માત્ર વિચારીને શીઘ્રગતિથી મોક્ષની પ્રાપ્તિના અર્થે જે તે અનુષ્ઠાન સેવે છે પરંતુ ઐદંપર્યનું પર્યાલોચન કરીને અંતરંગ ગુણવૃદ્ધિ દ્વારા યોગનિરોધનું પરંપરાએ કારણ બને તેવું અનુષ્ઠાન સેવતા નથી. તેઓ બુદ્ધિયુક્ત નથી અને તેવા જીવો ધર્મ, અર્થ અને કામ ઉત્તરોત્તર સાનુબંધ થાય તે પ્રકારે સેવતા નથી પરંતુ બુદ્ધિમાન પુરુષ ધર્મ, અર્થ અને કામનું અનુષ્ઠાન અનુબંધશુદ્ધ સેવે છે. **॥૧૬૮॥**

અવતરણિકા :-

एतदेव भावयन्नाह —

અવતરણિકાર્થ :-

આને જ=વેદઅધ્યયન કરનારા પર્વત-નારદરૂપ બટુકદ્વિકના દૃષ્ટાંતને જ, ભાવન કરતાં કહે છે –

ગાથા :-

वेयरहस्सपरिच्छा जोगच्छाग त्ति तत्थ हंतव्वो ।
जत्थ ण पासति कोई गुरुआणा एत्थ जतितव्वं ।।१६९।।
एगेणमप्पसारियदेसे वावादितो पयत्तेण ।
अन्नेण उ पडिसेहो गुरुवयणत्थो त्ति नेव हतो ।।१७०।।

અન્વયાર્થ :-

વેયરહસ્સપરિચ્છા=વેદરહસ્યની પરીક્ષા, જોગચ્છાગ=યોગથી છાગ બનાવાયો=યુક્તિથી લોટનો બકરો બનાવાયો, જત્થ ણ પાસતિ કોઈ તત્થ હંતવ્વો ત્તિ='જ્યાં કોઈ જુએ નહીં ત્યાં હણવો જોઈએ' એ પ્રમાણે, એત્થ ગુરુઆણા જતિતવ્વં=આમાં ગુરુઆજ્ઞામાં યત્ન કરવો જોઈએ.

એગેણ=એક વડે=પર્વત વડે, અપ્પસારિયદેસે=અપ્રસારિત દેશમાં=એકાંત સ્થળમાં, પયત્તેણ વાવાદિતો= પ્રયત્નથી વ્યાપાદન કરાયો=તે બકરો હણાયો. અન્નેણ ઉ=વળી અન્ય વડે=નારદ વડે, ગુરુવયણત્થો પડિસેહો ત્તિ નેવ હતો=ગુરુવચનનો અર્થ પ્રતિષેધ છે તેથી હણાયો નહીં. ।।૧૬૯-૧૭૦।।

ગાથાર્થ :-

વેદરહસ્યની પરીક્ષા, યોગથી છાગ બનાવાયો=યુક્તિથી લોટનો બકરો બનાવાયો, 'જ્યાં કોઈ જુએ નહીં ત્યાં હણવો જોઈએ' એ પ્રમાણે, આમાં ગુરુઆજ્ઞામાં યત્ન કરવો જોઈએ.

એક વડે=પર્વત વડે, અપ્રસારિત દેશમાં=એકાંત સ્થળમાં, પ્રયત્નથી વ્યાપાદન કરાયો=તે બકરો હણાયો. વળી અન્ય વડે=નારદ વડે, ગુરુવચનનો અર્થ પ્રતિષેધ છે તેથી હણાયો નહીં. ।।૧૬૯-૧૭૦।।

ટીકા :-

चेइविसयम्मि नयरी सुत्तिमई जयसिरिव्व मुत्तिमई । अत्थि पवित्थरियगुणा पुरिसत्थाराहगजणोहा ।।१।। पाउसकालकयंबोव्व बहलसुयपरिमलुच्छलियकित्ती । खीरकयंबो विप्पो समासि अज्झावओ तत्थ ।।२।। पव्वयओ तस्स सुओ माहणपुत्तो य नारओ बीओ । तईओ वसूनिवसुओ सीसत्तमुवागया संता ।।३।। आरिसवेयमहिज्जंति णेव रज्जंति कत्थई विसए । तस्स समीवे अण्णम्मि वासरे साहु-संघाडो ।।४।। भिक्खत्थमागओ तस्स मंदिरे पेच्छिऊण ते तिन्नि । वेयमहिज्जंते णाणिणेगमुणिणा तओ भणियं ।।५।। उद्दिसिय दुइज्जमुणिं छत्ताणेयाण रायतणओ जो । होही स निवो इयरेसु दोसु

एगस्स नरयगई ।।६।। अन्नस्स सग्गगमणं होही कडगंतरेण तं सव्वं । निसुयमुवज्झाएणं तओ स चिंताउरो जाओ ।।७।। नायं जहा नरिंदो वसू भविस्सइ किमेत्थ चिंताए । इयरेसु दोसु दुग्गइगामी को होज्ज इयरो वा ।।८।। पारद्धा य परिच्छा मा होउ अपत्तविज्जदाणाओ । मज्झमवज्जमसज्झं तवतित्थण्हाणमाईणं ।।९।। छगखल्लमल्लमापूरिऊण लक्खारसेण बहुलाए । अट्ठमितिहीनिसाए पव्वयनामा सुओ भणिओ ।।१०।। अज्झावएण, एसो छगलो मंतेहिं थंभिओ विहिओ । ता उप्पाडिय नेउं जत्थ ण पासइ परो कोइ ।।११।। तत्थ तए हंतव्वो एवं वेयत्थसुणणजोगत्तं । संपज्जइ तेण तहा गुरुवयणमलंघणिज्जमिणं ।।१२।। मन्नंतेण स छगलो गहिओ रच्छामुहम्मि सुन्नम्मि । गंतूण जाव निहओ ताहे लक्खारसेणेस ।।१३।। उक्किन्नो सव्वंगं रुहिरमिमं मण्णमाणओ ण्हाओ । गंतुं सरे सचेलो पिउणो य निवेइयं तेण ।।१४।। भणिओ जणगेण कहं हओ इमो जेण जंभगा देवा । सव्वत्थ संचरंता पेच्छंति नहम्मि ताराओ ।।१५।। तं चेव अप्पणा पेच्छमाणओ कह भणसि जह निहओ । एस अपेच्छिज्जंतो अहो! महामूढया तुज्झ ।।१६।। तत्तो बहुलाए चउद्दसीए पत्ताए णारओ भणिओ । जह एस तए भद्दय! हंतव्वो एवमेवंति ।।१७।। बहुमन्नियगुरुवयणो ताहे सो जाइ जेसु ठाणेसु । काणणसुरभवणाइसु पेच्छंति वणस्सइसुराई ।।१८।। इय चिंतंतेण न किंचि अत्थि ठाणं न जत्थ दीसेज्जा । कोई केणइ ता णूणमेस वज्झो न गुरुआणा ।।१९।। आगंतूणं गुरुणा निवेइया परिणई णिया सव्वा । तस्स सुओच्चियपन्नत्तणेण संतोसमणुपत्तो ।।२०।। भणितं च तेन—'उदीरितोऽर्थः पशुनापि गृह्यते हयाश्च नागाश्च वहन्ति नोदिताः । अनुक्तमप्यूहति पण्डितो जनः परेङ्गितज्ञानफला हि बुद्धयः ।।१।।' भणिऊण तओ न कस्सइ रहस्समेयं पयासणिज्जंति । णो सद्दहंति जेणं मूढा कहियंपि तत्तपयं ।।२१।।

इय नायमइविसेसेण तेण गुरुणा निसेहिओ पुत्तो ।
इयरो वेयज्झयणेऽणुमन्निओ उचियपन्नोत्ति ।।२२।।

अथ गाथाक्षरार्थः —'वेयरहस्सपरिच्छा' इति वेदरहस्याध्ययने प्रस्तुते जाताशङ्केनोपाध्यायेन परीक्षा द्वयोश्छात्रयोः कर्त्तुमारब्धा । 'जोगच्छागत्ति' त्ति योगेन युक्त्या न तु सत्यरूप एव छागश्छगलक उपस्थापितः । इति पूरणे । तत्र हन्तव्यो यत्र न पश्यति कोऽपि । गुर्वाज्ञा अध्यापकोपदेशरूपा वर्त्तते । ततोऽत्र गुर्वाज्ञायां यतितव्यमलङ्घनीयत्वात् तस्या इति परिभावितं द्वाभ्यामपि ।।१६९।।

एकेन पर्वतकेन प्रसरणं प्रसर्प्पणं जनस्य प्रसारः स यत्रास्ति स प्रसारिकः तत्प्रतिषेधाद् अप्रसारिकः स चासौ देशश्च भूभागस्तत्र अन्यलोकासञ्चारे रथ्यामुखादावित्यर्थः, व्यापादितः प्रयत्नेन गाढादरेण महत्या निष्कृपवृत्त्येत्यर्थः । अन्येन तु नारदेन पुनः प्रतिषेधो निवारणं वधस्य गुरुवचनार्थो वर्त्तते, सर्वादर्शनेन वधस्यासम्भावनीयत्वात्, इत्यस्माद् हेतोर्नैव न सर्वथा हतः प्रस्तुतश्छाग इति ।।१७०।।

ભાવાર્થ :-

ગુરુવચનના પરમાર્થના આલોચન વગર બકરાનો વધ કરનાર પર્વત વેદઅધ્યયન કરીને પણ અનુચિત પ્રવૃત્તિ કરનારા છે તેમ નક્કી થાય છે અને ગુરુવચનના પરમાર્થને જાણવા માટે ઉદ્યમ કરનાર નારદ ગુરુવચનના યથાર્થ તાત્પર્યને જાણે છે; કેમ કે ગુરુએ એકાંતમાં કોઈ ન જોઈ શકે તેવા સ્થાનમાં વધ કરવાનું કહેલ અને તેવા સ્થાનનો અસંભવ હોવાથી ગુરુના વચન દ્વારા અવધનો નિર્ણય નારદે કર્યો. તેમ ધર્મઅનુષ્ઠાનના યથાર્થ તાત્પર્યને જેઓ જાણે છે તેઓ શબ્દમાત્રને અવલંબીને અર્થનો નિર્ણય કરતા નથી પરંતુ નારદની જેમ ધર્મઅનુષ્ઠાનના તાત્પર્યનું પર્યાલોચન કરે છે. જેમ નારદે યથાર્થ તાત્પર્યનો નિર્ણય કર્યો તેમ બુદ્ધિમાન પુરુષ પણ ધર્મઅનુષ્ઠાનના યથાર્થ તાત્પર્યનો નિર્ણય કરીને તે ધર્મઅનુષ્ઠાનના યથાર્થ ફળને પ્રાપ્ત કરે છે. **॥૧૬૯-૧૭૦॥**

અવતરણિકા :-

यथाविषयमवगमे च सर्वकार्याणां यत्करोति तदाह –

અવતરણિકાર્થ :-

અને સર્વ કાર્યોમાં યથાવિષયનો બોધ થયે છતે બુદ્ધિમાન પુરુષ જે કરે છે તે કહે છે –

ગાથા :-

आढवति सम्ममेसो तहा जहा लाघवं न पावेति ।
पावेति य गुरुगत्तं रोहिणिवणिएण दिट्ठंतो ।।१७१।।

અન્વયાર્થ :-

एसो=आ=બુદ્ધિમાન પુરુષ, सम्मं तहा आढवति=સમ્યગ્ તે પ્રકારે આરંભ કરે છે, जहा लाघवं न पावेति=જે પ્રકારે લાઘવને પામતો નથી. गुरुगत्तं य पावेति=અને ગુરુપણાને પામે છે. रोहिणिवणिएण दिट्ठंतो=રોહિણી નામની પુત્રવધૂથી ઉપલક્ષિત એવા વાણિયા વડે દૃષ્ટાંત કહેવાય છે. ।।૧૭૧।।

ગાથાર્થ :-

આ=બુદ્ધિમાન પુરુષ, સમ્યગ્ તે પ્રકારે આરંભ કરે છે, જે પ્રકારે લાઘવને પામતો નથી અને ગુરુપણાને પામે છે. રોહિણી નામની પુત્રવધૂથી ઉપલક્ષિત એવા વાણિયા વડે દૃષ્ટાંત કહેવાય છે. ॥૧૭૧॥

ટીકા :-

आरभते उपक्रमते सम्यग् निपुणोपायलाभेन सर्वमपि कार्यम् एष प्रस्तुतबुद्धिमान् मानवः । तथा शकुनादिबुद्धिपूर्वकं यथा लाघवं प्रारब्धानिष्पादनेन पराभवरूपं न नैव प्राप्नोति लभते । पठ्यते

च—'के वा न स्युः परिभवपदं निष्फलारम्भयत्नाः ?' इति तर्हि किं प्राप्नोतीत्याह—प्राप्नोति च गुरुकत्वं सर्वलोकगरिमाणम् । अत्रोदाहरणमाह—रोहिणीवणिजा रोहिण्यभिधानस्नुषोपलक्षितत्वेन वाणिजकेन दृष्टान्तो वाच्यः- रोहिणीवणिगेव दृष्टान्त इत्यर्थः ।।१७१।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વર્ણન કર્યું તે સર્વ સાંભળીને આત્મકલ્યાણ માટે ઉત્સાહિત થયેલા અને આત્મકલ્યાણના અંગભૂત ચાર પ્રકારની બુદ્ધિને સ્વભૂમિકાનુસાર પ્રગટ કરીને બુદ્ધિમાન પુરુષ સર્વ કાર્ય સમ્યગ્ કરે છે=કાર્યનિષ્પત્તિના નિપુણ ઉપાયનો નિર્ણય કરીને તે પ્રકારે જ યત્ન કરે છે. વળી, તે બુદ્ધિમાન પુરુષ શકુનાદિ બુદ્ધિપૂર્વક તે તે કાર્ય પ્રારંભ કરે છે જેથી પ્રારબ્ધ કાર્ય જ નિષ્ફળતાની પ્રાપ્તિરૂપ પરાભવને પ્રાપ્ત કરતો નથી. જેના કારણે તે મહાત્મા ગુરુકપણાને પામે છે અર્થાત્ સર્વત્ર સફલારંભી છે એ પ્રમાણે સર્વ લોકોમાં ઉત્તમપણાને પામે છે જેમાં વણિકની રોહિણી નામની પૂત્રવધૂનું દૃષ્ટાંત છે તે દૃષ્ટાંત સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૧૭૧॥**

અવતરણિકા :-

दृष्टान्तमेव भावयति —

અવતરણિકાર્થ :-

દૃષ્ટાંતને જ ભાવન કરતાં કહે છે —

ગાથા :-

रायगिहे धणसेट्ठी धणपालाइ सुतासु चत्तारि ।
उज्झिय भोगवती रक्खिया य तह रोहिणी वहुगा ।।१७२।।
वयपरिणामे चिंता गिहं समप्पेमि तासि पारिच्छा ।
भोयणसयणणिमंतणभुत्ते तब्बंधुपच्चक्खं ।।१७३।।
पत्तेयं अप्पिणणं पालिज्जह मग्गिया य देज्जाह ।
इय भणिउमायरेणं पंचण्हं सालिकणयाणं ।।१७४।।
पढमाए उज्झिया ते बीयाए छोल्लियत्ति ततियाए ।
बद्धकरंडीरक्खण चरिमाए रोहिया विहिणा ।।१७५।।
कालेणं बहुएणं भोयणपुव्वं तहेव जायणया ।
पढमा सरणविलक्खा तह बितिया ततिय अप्पिणणं ।।१७६।।

चरिमाए कोंचिगाओ खेत्ताओ तुम्ह वयणपालणया ।
सा एवं चिय इहरा सत्तिविणासा ण सम्मं ति ।।१७७।।
तब्बंधूणभिहाणं तुब्भे कल्लाणसाहगा मेत्ति ।
किं जुत्तमेत्थ मज्झं ते आहु तुमं मुणेसि त्ति ।।१७८।।
तत्तो य कज्जवुज्झण-कोट्टण-भंडार-गिहसमप्पणया ।
जाहासंखमिमीणं नियकज्जं साहुवाओ य ।।१७९।।

अन्वयार्थ :-

रायगिहे धणसेट्ठी=રાજગૃહીનગરમાં ધનશ્રેષ્ઠી, धणपालाइ चत्तारि सुतासु=તેના ધનપાલાદિ ચાર પુત્રો, उज्झिय भोगवती रक्खिया य तह रोहिणी वहुगा=ઉંજિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી ચાર પુત્રવધૂઓ હતી.

वयपरिणामे=વયના પરિણામમાં ધનશ્રેષ્ઠીને, गिहं समप्पेमि चिंता=ઘરસમર્પણની ચિંતા='આ ચાર પુત્રવધૂઓમાંથી કોને ઘર સમર્પણ કરવું' એ પ્રમાણેની ચિંતા, तासि पारिच्छा=તેઓની પરીક્ષા, भोयणसयणणिमंतणभुत्ते=ભોજન માટે સ્વજનોને નિમંત્રણમાં ભોજન કરાયે છતે, तब्बंधुपच्चक्खं=તદ્બંધુ પ્રત્યક્ષ=ચાર પુત્રવધૂઓના બંધુઓની પ્રત્યક્ષ.

पत्तेयं=પ્રત્યેકને=એકેકમાંથી પ્રત્યેકને, अप्पिणणं=અર્પણ કર્યું=પાંચ શાલિકણોનું અર્પણ કર્યું. 'पालिज्जह मग्गिया य देज्जाह'='પાળજો અને હું માંગીશ ત્યારે તમે મને આપજો' इय भणिउमायरेणं=એ પ્રમાણે કહીને આદરથી=પોતાના હસ્તથી સમર્પણ કરવારૂપ આદરથી, पंचण्हं सालिकणयाणं=પાંચ શાલિકણોનું (સમર્પણ કર્યું.)

पढमाए उज्झिया ते=પહેલી પુત્રવધૂએ તે શાલિકણ ફેંકી દીધા, बीयाए छोल्लियत्ति=બીજીએ તે ભક્ષણ કર્યા, ततियाए बद्धकरंडीरक्सण=ત્રીજીએ સૂચિવસ્ત્રથી બદ્ધ કરંડીમાં રક્ષણ કર્યા, चरिमाए रोहिया विहिणा=છેલ્લીએ વિધિપૂર્વક રોહિત કર્યા=ચોથી પુત્રવધૂએ પ્રતિવર્ષ વપન દ્વારા વિધિપૂર્વક તે શાલિકણોની વૃદ્ધિ કરી.

कालेणं बहुएणं=બહુ કાળ પછી, तहेव भोयणपुव्वं जायणया=તે જ પ્રકારે ભોજનપૂર્વક યાચના= શાલિકણોની શ્રેષ્ઠી વડે યાચના, पढमा सरणविलक्खा=પ્રથમ પુત્રવધૂ સ્મરણથી વિલખી થઈ, तह बितिया=તે પ્રમાણે બીજી પણ=બીજી પુત્રવધૂ પણ તે પ્રમાણે સ્મરણથી વિલખી થઈ. ततिय अप्पिणणं=ત્રીજીએ અર્પણ કર્યા=ત્રીજી પુત્રવધૂએ શાલિકણો અર્પણ કર્યા.

चरिमाए कोंचिगाओ खेत्ताओ=છેલ્લીએ કુંચિકા આપી=ચોથી પુત્રવધૂએ સસરાને ચરણ પાસે કુંચિકા આપી. तुम्ह वयणपालणया=(અને કહ્યું કે –) 'તમારા વચનની પાલના (મારા વડે) કરાઈ. सा

एवं चिय=અને તે આ રીતે જ કરાયેલી થાય. इहरा=ईतरथा=આ રીતે કરવામાં ન આવે તો, सत्तिविणासा ण सम्मं ति=શક્તિનો વિનાશ થવાને કારણે સમ્યક્ નથી=સમ્યક્ પાલના નથી.'

तब्बंधूणभिहाणं=તદ્બંધુઓને અભિધાન કર્યું. तुब्भे कल्लाणसाहगा मेत्ति='તમે મારા કલ્યાણસાધકો છો,' किं जुत्तमेत्थ मज्झं='આ પ્રસંગમાં મને શું કરવું ઉચિત છે ? તે તમે મને કહો.' તે आहु—= તેઓ=સ્વજનો, કહે છે — तुमं मुणेसि त्ति='તમે જાણો છો કે અહીં શું કરવું ઉચિત છે.'

तत्तो य=અને ત્યારપછી, कज्जवुज्झण-कोट्टण-भंडार-गिहससप्पणया=ત્યાગનું કાર્ય, રસોઈ આદિનું કાર્ય, ભંડારનું સમર્પણ અને ગૃહનું સમર્પણ, जाहासंखमिमीणं=યથાસંખ્યા आने=ચાર પુત્રવધૂઓને યથાક્રમ, नियकज्जं=પોતાનું કાર્ય=ધનશ્રેષ્ઠીએ પોતાનું કાર્ય સોંપ્યું, साहुवाओ य=અને સાધુવાદ થયો. ॥૧૭૨થી ૧૭૯॥

ગાથાર્થ :-

રાજગૃહીનગરમાં ધનશ્રેષ્ઠી, તેના ધનપાલાદિ ચાર પુત્રો, ઉંજિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી ચાર પુત્રવધૂઓ હતી.

વયના પરિણામમાં ધનશ્રેષ્ઠીને ઘરસમર્પણની ચિંતા='આ ચાર પુત્રવધૂઓમાંથી કોને ઘર સમર્પણ કરવું' એ પ્રમાણેની ચિંતા, તેઓની પરીક્ષા, ભોજન માટે સ્વજનોને નિમંત્રણમાં ભોજન કરાયે છતે, તદ્બંધુ પ્રત્યક્ષ=ચાર પુત્રવધૂઓના બંધુઓની પ્રત્યક્ષ.

પ્રત્યેકને=એકેકમાંથી પ્રત્યેકને, અર્પણ કર્યું=પાંચ શાલિકણોનું અર્પણ કર્યું. 'પાળજો અને હું માંગીશ ત્યારે તમે મને આપજો' એ પ્રમાણે કહીને આદરથી=પોતાના હસ્તથી સમર્પણ કરવારૂપ આદરથી, પાંચ શાલિકણોનું સમર્પણ કર્યું.

પહેલી પુત્રવધૂએ તે શાલિકણ ફેંકી દીધા, બીજીએ તે ભક્ષણ કર્યા, ત્રીજીએ સૂચિવસ્ત્રથી બદ્ધ કરંડીમાં રક્ષણ કર્યા, છેલ્લીએ વિધિપૂર્વક રોહિત કર્યા=ચોથી પુત્રવધૂએ પ્રતિવર્ષ વપન દ્વારા વિધિપૂર્વક તે શાલિકણોની વૃદ્ધિ કરી.

બહુ કાળ પછી, તે જ પ્રકારે ભોજનપૂર્વક યાચના=શાલિકણોની શ્રેષ્ઠી વડે યાચના. પ્રથમ પુત્રવધૂ સ્મરણથી વિલખી થઈ, તે પ્રમાણે બીજી પણ=બીજી પુત્રવધૂ પણ તે પ્રમાણે સ્મરણથી વિલખી થઈ. ત્રીજીએ અર્પણ કર્યા=ત્રીજી પુત્રવધૂએ શાલિકણો અર્પિત કર્યા.

છેલ્લીએ કુંચિકા આપી=ચોથી પુત્રવધૂએ સસરાને ચરણ પાસે કુંચિકા આપી અને કહ્યું કે 'તમારા વચનની પાલના મારા વડે કરાઈ અને તે આ રીતે જ કરાયેલી થાય, આ રીતે કરવામાં ન આવે તો, શક્તિનો વિનાશ થવાને કારણે સમ્યક્ નથી=સમ્યક્ પાલના નથી.'

તદ્બંધુઓને અભિધાન કર્યું. 'તમે મારા કલ્યાણસાધકો છો, આ પ્રસંગમાં મને શું કરવું ઉચિત છે ? તે તમે મને કહો.' તેઓ=સ્વજનો, કહે છે — 'તમે જાણો છો કે અહીં શું કરવું ઉચિત છે.'

અને ત્યારપછી ત્યાગનું કાર્ય, રસોઈ આદિનું કાર્ય, ભંડારનું સમર્પણ અને ગૃહનું સમર્પણ યથાસંખ્યા આને=ચાર પુત્રવધૂઓને યથાક્રમ, પોતાનું કાર્ય=ધનશ્રેષ્ઠીએ પોતાનું કાર્ય સોંપ્યું, અને સાધુવાદ થયો. ।।૧૭૨થી ૧૭૯।।

ટીકા :-

रायगिहं नाम पुरं समत्थि तत्थासि हसियवेसमणो । नियवविहवेण भणिओ णायभिहाणं धणो नाम ।।१।। लज्जालुत्तकुलीणत्तसीलपमुहेण भूरिणा धणियं । गुणभूसणेण हयदूसणेण भूसं परं पत्ता ।।२।। भद्दा अहेसि भज्जा तीए य समं मणोरमे विसए । सेवंतस्स कमेणं चत्तारि इमे सुया जाया ।।३।। धणपालो धणदेवो धणगोवो तह चउत्थओ एसो । धणरक्खिउत्ति पियमाइपमुह-गुरुलोयविणयपरा ।।४।। नियवायरणवसाओ संजाया उज्झियाइनामाणो । पुव्विं नामंतरओ लोगेणुक्कित्तियाओ वि ।।५।। चत्तारि वहूओ उज्झिया इमा दुइया भोगवइनामा । तइया रक्खियसन्ना चउत्थिया रोहिणी होइ ।।६।। वच्चंति ताण दिवसा नियकुलसीलाणुवत्तणपहाणा । पत्तम्मि थेरभावे कुडुंबचिंतापरो स धणो ।।७।। चिंतेइ मए कालं गयम्मि ठाणंतरमुवगयम्मि । का नाम कुडुंबभरं वोढुं होज्जाहि वहुयासु ।।८।। ता जुज्जइ परिक्खा इमासि नियबंधुलोयपच्चक्खं । अपरिट्ठवियकुडुंबा कुडुंबिणो जं ण सोहंति ।।९।। भोयणमंडवमुद्दंडवेस ताडेत्तु मित्तनायजणं । नियवं बहूजणस्स य निमंतए भोयणट्ठाए ।।१०।। णाणाविहभोयणदाणपुव्वगं आयरेण अइमहया । भुंजावियमि तम्मी कओवयारे सुहासीणे ।।११।। तो कलमसालिकणे पुढो पुढो ताण पंच वहुयाण । नियहत्थेण समप्पइ भणाइ तह जम्मि समयम्मि ।।१२।। मग्गामि तम्मि खिप्पं समप्पणिज्जा ममं इमे ताहिं । अंजलिपसारपुव्वं पडिवन्ना णमिरसीसाहिं ।।१३।। सट्ठाणगए बंधवणाइजणे तम्मि आइमा वहुया । ते उज्झेइ किमेए मम गेहे दुल्लहा हुंति ?।।१४।। जइया मग्गणमेयाण होज्ज तइया जओ कुओ ठाणा । गेण्हेत्तुमहं तायस्स अप्पइस्सामि अचिरेण ।।१५।। बीयाए पुण नित्तुसभावं आणेत्तु भक्खिय्या विहिया । तइयाए तायसमप्पियत्ति गउरवपरमणाए ।।१६।। उज्जलवसणेणं गोविऊण णिययम्मि भूसणकरण्डे । वूढा तिकालमणुदिवसमेव पडिजग्गए सम्मं ।।१७।। चरमाए पुण नियजणगगेहओ सद्दिऊण बंधुजणो । भणिओ पइवरिसमिमे जह वुड्ढिं जंति तह कज्जं ।।१८।। पत्ते वासारत्ते वाविया तेण बंधवजणेण । सुइसलिलपूरियम्मी वप्पम्मि परोहमणुपत्ता ।।१९।। सव्वेवि उक्खणित्ता पुणरवि आरोविया तओ जाओ । सरयसमयम्मि एगो पसत्थओ पत्थओ तेहिं ।।२०।। बीयम्मि आढगा वच्छरम्मि खारी तइज्जगे जाया । कुंभा चउत्थे पंचमम्मि कुंभसहसाणि ।।२१।। पत्ते पंचमवरिसे तहेव भोयणपुरस्सरं तेण । मिलियाण ताण बंधवजणाण सद्दाविया वहुया ।।२२।। भणियाओ मम समप्पह सालिकणे पंच जे पुरा तुम्ह । नियहत्थेण

समप्पियपुव्वा वरिसम्मि पंचमए ।।२३।। पढमा सरणविलक्खा जाया कुट्टारओ गहेऊण । जा ते तस्स समप्पइ नियसावपुरस्सरं भणिया ।।२४।। किं ते च्चिय उय अन्ने इमे कणा ताय! णेव ते भणइ । पुट्ठा ते कत्थ गया तइय च्चिय उज्झिया बाहिं ।।२५।। बीयावि मग्गिया पुण भणेइ ते भक्खिया इमे अन्ने । तइया रयणकरंडगमज्झाओ कड्ढिउं देइ ।।२६।। जा पुण ताण चउत्थी वहुया सा मग्गिया भणइ ताय! । ते एवमेवमइभूरिभावमिण्हं समणुपत्ता ।।२७।। खित्ताओ कुंचियाओ कुट्टाराणं धणस्स अग्घम्मि । एए मम जणगगिहे चिट्ठंति अणेगसालासु ।।२८।। एवं भवंति एए कयरक्खा ताव वाविया संता । सत्तिक्खयाओ नो किंचि हुंति जं निप्फला संता ।।२९।। तो बहुणा सगडगमाइवाहणेणं विणा न तीरंति । इहमाणेउं ता तप्पयाणकरणाओ आणेह ।।३०।। तो लद्ध-समायारो तासिं वहुयाण सो धणो कुणइ । नियगेहमज्झकज्जेसु चित्तरूवेसु विनिओगं ।।३१।। तण्णायबंधवाणं पुरओ च्चिय तेसिं संमएणेव । पढमाए छारछगणाइछड्डणेणं कया वित्ती ।।३२।। बीयाए महाणसरंधणेण तह कंडणाइणा चेव । तइयाए नियघरसाररक्खणेणं चउत्थीए ।।३३।। गिहनायगत्तणेणं सव्वेसुवि पुच्छणिज्जकज्जेसु । तह परियणम्मि सयले अणइक्कमणिज्जणत्तेण ।।३४।। बुद्धिपभावो एसो धणस्स जं तेण जाणियसरूवा । अणुरूवकज्जकरणे निजोजियाओ नियवहूओ ।।३५।। सरयसमयेंदुमंडलधवला बहला महीयले सयले । उच्छलिया जा कित्ती धणवणिणो सावि बुद्धिफलं ।।३६।। अह अन्नो वि उवणओ छट्ठंगे रोहिणीए नायम्मि । भणिओ सुधम्मगणनायगेण एवं सुणेह जहा ।।३७।। जह सो धणो तह गुरू जह णायजणो तहा समणसंघो । जह वहुया तह भव्वा जह सालिकणा तह वयाइं ।।३८।। जह सा उज्झियनामा ते सालिकणे समुज्झिऊण परं । पत्ता णाइज्जंतं तह कोइ जिओ कुकम्मवसा ।।३९।। सयलसमीहियसंसिद्धिकारए तारए भवदुहाओ । वज्जेत्तु वए मरणाइआवयाओ नियच्छेइ ।।४०।। अन्नो उण बीयवहुव्व वत्थभोयणजलाइलाभेणं । भोत्तुं ताइं परलोयदुक्खलक्खक्खणी होइ ।।४१।। तत्तो च्चिय जो अन्नो सो ताइं जीवियंव रक्खेत्ता । तइयावहुव्व जायइ सव्वेसिं गउरवट्ठाणं ।।४२।। जो पुण तओ वि अन्नो रोहिणिवहुयव्व वुड्ढिमाणेइ । पंच वि वयाइं जायइ संघपहाणो गणधरो वा ।।४३।। अन्नोवि इओ दीसइ ववहारे उवणओ इहं नाए । जह किल कस्सइ गुरुणो सीसा चत्तारि निप्पण्णा ।।४४।। आयरियत्तणजोगा पज्जाएणं सुएण य समिद्धा । तो चिंतिउं पवत्तो एस समप्पेमि कस्स गणं ।।४५।। पुव्वं ताव परिच्छं करेमि देसंतरे विहाराय । उचियपरिवारसारा विसज्जिया कस्स का सिद्धी ।।४६।। इह होइ, तेवि य गया खेमाइगुणण्णिएसु देसेसु । जो तत्थ सव्वजेट्ठो मायाबहुलो कडुयवयणो ।।४७।। एगंताणुवगारी निव्वेयं तिव्वमेवमाणीओ । सव्वो परिवारो जह अचिरा तस्सुज्झगो जाओ ।।४८।। बीओ वि सायबहुलत्तणेण णियदेहसंठियं चेव । कारेइ सादरं सीसवग्गमवरं न उण किरियं

।।४९।। तइओ पुण सारणवारणाइकरणेण निच्चमुज्जुत्तो । रक्खइ पमत्तभावं गच्छंतं तं परीवारं ।।५०।। जो पुण चउत्थगो सो सयलधरामंडलोवलद्धजसो । जिणसमयामयमेहो दुक्करसामन्ननिरओ य ।।५१।। ओइन्नदेवलोगं व भूरिसंतोसपोसमणुपत्तं । नियय्विहारमहीयलमुवजणयंतो नियगुणेहिं ।।५२।। देसण्णू कालण्णू परचित्तण्णू जहेव कालाओ । जाओ पभूयपरिवारपरिगओ विहियजणबोहो ।।५३।। पत्ता गुरुणो पासे उवलद्धो तेण तेसिं वुत्तंतो । तो नियगच्छमेलणपुव्वो दिन्नो य अहिगारो ।।५४।। सच्चित्तमचित्तं वा जं गच्छे छड्डणारिहं किंचि । पढमेण परिट्ठावणमिमस्स कज्जं त्ति संठवियं ।।५५।। जं भत्तं जं पाणं उवगरणं वा गणस्स पाउग्गं । तं दुइएणापरितंतएण उप्पाइयव्वंति ।।५६।। उप्पन्नस्स गिलाणसेहाइयाण य मुणीण । रक्खादक्खवियक्खणजोगा तइयम्मि संठविया ।।५७।। जो पुण तेसिं कणिट्ठो गुरुभाया तस्स नियगणो सव्वो । बहुपणयपरायणमाणसेण गुरुणा समुवणीओ ।।५८।। एवं जहजोग्गनिजोजणेण आराहणं परं पत्तो । सो सूरी तह गच्छो सव्वो गुणभायणीभूओ ।।५९।।

अथ गाथाक्षरार्थः —राजगृहे नगरे धनदत्तो श्रेष्ठी समभूत् । तस्य च सुभद्राभार्याकुक्ष्युद्भवा धनपालादयो धनपाल-धनदेव-धनगोप-धनरक्षिताः सुतासुसूनवश्चत्वारः समजायन्त । 'उज्झिय'त्ति उज्झिका, भोगवती, रक्षिका, च तथा रोहिणी 'वहुगा' इति वधूट्यः समपद्यन्त ।।१७२।।१।।

'वयपरिणामे चिंता गिहं समप्पेमि तासि पारिच्छा । भोयणसयणनिमंतणभुत्ते तब्बंधुपच्चक्खं' ।।१७३।।२।।

वयःपरिणामे स्थविरभावलक्षणे धनस्य चिन्ता विमर्शरूपा समुदपद्यत, यथा—गृहं समर्प्पयामि आसां वधूनां मध्ये कस्याः ? इति । ततस्तासां परीक्षा प्रारब्धा । कथमित्याह—भोजनाय स्वजनानां उपलक्षणत्वाद् वधूसम्बन्धिनां च निमन्त्रणा आकारणरूपा भोजनस्वजननिमन्त्रणा कृता । ततो भुक्ते स्वजनलोके सति तद्बन्धुसमक्षं वधूबन्धुप्रत्यक्षम् ।।१७३।।२।।

किमित्याह—प्रत्येकमेकैकस्या इत्यर्थः, 'अप्पिणणंति' अर्प्पणं स चकार पञ्चानां शालिकणानाम् इत्युत्तरेण योगः । कथमित्याह —'पालयध्वं, यूयं मार्गिताश्च सत्यो ददध्वमिति' । इति भणित्वा आदरेण यत्नेन स्वहस्तसमर्प्पणरूपेण पञ्चानां पञ्चसङ्ख्यानां शालिकणानां शालिबीजरूपाणाम् ।।१७४।।३।।

तत्र च प्रथमया वध्वा उज्झितास्ते शालिकणाः, द्वितीयया 'छोल्लिय'त्ति निस्तुषीकृता उपलक्षणत्वाद् भक्षिताश्च ते, इति पूरणार्थः । तृतीयया 'बद्धकरंडीरक्खण'त्ति बद्धानां शुचिवस्त्रेण करण्ड्यां निजालङ्कारसम्बन्धिन्यां क्षिप्त्वा रक्षणमारब्धम् । चरमया रोहिण्या रोहिताः प्रतिवर्षं वपनमानीता

विधिना कर्षकलोकप्रसिद्धेनेति ।।१७५।।४।।

कालेन बहुकेन पञ्चवर्षकलक्षणेन गतेन सता भोजनपूर्वं तथैव समर्प्पणकाल इव सर्वस्वबन्धुलोक-प्रत्यक्षं याञ्चा कृता शालिकणानाम् । तत्र च प्रथमा उज्झिका वधूः स्मरणविलक्षा प्राक्कालार्प्पितानां तदैव स्मरणेन विलक्षा तदवस्थसमर्प्पणीयाभावात् किंकर्त्तव्यतामूढा संजाता । तथेति प्राग्वत् स्मरण-विलक्षैव द्वितीया भोगवती समभूत् । तृतीयया रक्षिकया समर्प्पणं रत्नकरण्डाद् आकृष्य शालिकणानां कृतम् ।।१७६।।५।।

चरमया रोहिण्यभिधानया च वध्वा कुञ्चिकाः शालिकोष्ठागारसम्बन्धिन्यः क्षिप्ताः धनश्रेष्ठिचलन-कमलयुगलान्ते । भणितं च तया युष्मद्वचनपालना मया कर्त्तव्या, सा 'एवं चिय'त्ति एवमेव कृता भवति, प्रतिवर्षं वपनेन वृद्धिं नयनात् । इतरथा शक्तिविनाशात् प्ररोहसामर्थ्यक्षयाद् न सम्यक् तव वचनपालना कृता भवतीति ।।१७७।।६।।

तद्बन्धूनां वधूस्वजनानामभिधानं भणनं कृतं धनेन, यथा—यूयं कल्याणसाधका मे मम

इत्यस्माद् हेतोः, किं युक्तमत्रैवंविधे वधूसमाचारे मम कर्त्तुम् ? ततस्ते वधूस्वजनाः 'आहु'त्ति आहुरुक्तवन्तः यथा त्वं मुणसि यद् अत्रोचितमिति ।।१७८।।७।।

ततश्च कज्जवोज्झन-जट्टन-भाण्डागार-गृहसमर्प्पणा यथासङ्ख्यमासां वधूनां निजकार्यं श्रेष्ठिना कृतम् । तत्र कज्जवोज्झनं गृहकचवरशोधनम् । शेषं सुगमम् । साधुवादश्च जनश्लाघारूपः सर्वत्र विजृम्भितः श्रेष्ठिन इति ।।१७९।।८।।

ભાવાર્થ :-

સંયમ આપતી વખતે પ્રસ્તુત ચાર પુત્રવધૂઓનું દૃષ્ટાંત આપવામાં આવે છે. તેનાથી એ ફલિત થાય છે કે જેમ પહેલી પુત્રવધૂએ તે પાંચ દાણાને ફેંકી દીધા તેમ સંયમ આપતા મહાત્મા સંક્ષેપથી પાંચ મહાવ્રતો આપે છે અને જેઓ તે વ્રતના ઉચ્ચારમાં અત્યંત ઉપયુક્ત થતા નથી તેઓ તે પાંચ મહાવ્રતોને શબ્દથી સાંભળીને તત્કાલ ફેંકી દે છે તેથી સાધ્વાચારની ક્રિયાઓ કરે છે, પરંતુ તે પાંચ મહાવ્રતોમાંથી એકેય મહાવ્રત તેઓ પાસે રહેતું નથી. તેથી વ્રતગ્રહણ કરીને પણ મનુષ્યભવ નિષ્ફળ કરે છે.

વળી, જેમ બીજી પુત્રવધૂ તે પાંચ દાણાને ખાઈ જાય છે તેમ કેટલાક સાધુઓ તે પાંચ મહાવ્રતો પ્રત્યે કાંઈક રાગ ધારણ કરીને સાધ્વાચાર પાળે છે તોપણ પ્રતિદિન ગુણસ્થાનકની નિષ્પત્તિને અનુકૂળ કોઈ પ્રયત્ન કરતા નથી તેથી પ્રથમ પુત્રવધૂની જેમ ફેંકવા તુલ્ય કાર્ય નહીં કરેલ હોવા છતાં તે પાંચ મહાવ્રતોનું રક્ષણ પણ કરતા નથી પરંતુ પ્રાયઃ નિષ્ફળ કરે છે.

વળી, ત્રીજી વધૂએ જેમ તે પાંચ દાણાને સારી રીતે જતન કરીને રાખેલા તેમ કેટલાક મહાત્માઓ તે સ્વીકારેલાં પાંચ મહાવ્રતોને અનુરૂપ ઉચિત ક્રિયાઓ કરે છે અને પાંચ મહાવ્રતો પ્રત્યે કાંઈક રાગભાવ

ધારણ કરે છે તોપણ ગુણસ્થાનકની વૃદ્ધિ માટે કોઈ યત્ન કરતા નથી. તેથી તે પાંચ મહાવ્રતો પ્રત્યેના રાગભાવપૂર્વક રક્ષણના પરિણામથી કાંઈક શુભભાવ પામે છે તોપણ ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ફળને પ્રાપ્ત કરતા નથી.

વળી જેમ ચોથી પુત્રવધૂએ તે પાંચ દાણાની વૃદ્ધિ કરીને ઘણા શાલિની નિષ્પત્તિ કરી તેમ જે મહાત્મા ગુરુ દ્વારા અર્પિત પાંચ મહાવ્રતોને અત્યંત ઉપયોગપૂર્વક ગ્રહણ કરે છે તેઓને દીક્ષાકાળમાં ઉચ્ચરાવાતાં તે મહાવ્રતોનાં વચનોનું નિત્ય સ્મરણ રહે છે જેથી સંયમ ગ્રહણકાળથી તે પાંચ મહાવ્રતોને અનુકૂળ ત્રણ ગુપ્તિના પરિણામવાળા થાય છે અને સંયમના પ્રયોજનથી કોઈ પ્રવૃત્તિ કરવી હોય ત્યારે કંટકાકીર્ણ ભૂમિમાં ગમનની જેમ યતનાપૂર્વક ગમન કરીને પણ સમભાવની વૃદ્ધિ કરે છે અને ત્રણ ગુપ્તિ દ્વારા પણ ગુણની વૃદ્ધિ કરે છે. તેથી સંયમગ્રહણકાળમાં ઉચ્ચરાવાતી પ્રતિજ્ઞાના બળથી જે પાંચ મહાવ્રતો તેમણે ગ્રહણ કરેલાં તે મહાવ્રતોના બળથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલનરૂપ સોળેય કષાયોનો ક્ષયોપશમભાવ થાય છે જેનાથી ચિત્તના સ્વાસ્થ્યનું સુખ પ્રાપ્ત થાય છે અને તે ક્ષયોપશમભાવ પ્રતિદિન પ્રવર્ધમાન થવાના કારણે તે મહાત્માના ચિત્તનું સ્વાસ્થ્ય સતત વૃદ્ધિ પામે છે. તેથી જગતના ભાવો પ્રત્યે નિરપેક્ષ-નિરપેક્ષતર થઈને સિદ્ધના આત્માઓ તુલ્ય નિરપેક્ષભાવનું સુખ કાંઈક અંશથી તે મહાત્માને પણ સદા વૃદ્ધિ પામતું હોય છે. વળી, જેઓને આ પાંચ મહાવ્રતો નિરપેક્ષભાવની વૃદ્ધિ દ્વારા સુખની વૃદ્ધિનું કારણ છે તેવો કોઈ બોધ નથી તેવા બુદ્ધિવિકલ જીવો કાર્યનિષ્પત્તિનું કારણ બને તે પ્રકારે સંયમના પાલનરૂપ કારણને સેવતા નથી તેથી તેઓનું નિર્બુદ્ધિક કારણનું સેવન હોવાથી તે કારણનું સેવન નિષ્ફળ છે. માટે બુદ્ધિમાન પુરુષે નિરપેક્ષભાવના રહસ્યને જાણીને પાંચ મહાવ્રતોને તે રીતે સેવવાં જોઈએ જેથી પ્રતિદિન પ્રવર્ધમાન નિરપેક્ષભાવની પ્રાપ્તિ દ્વારા સ્વીકારાયેલાં મહાવ્રતો સુખની પરંપરાની વૃદ્ધિનું કારણ બને. **॥૧૭૨થી ૧૭૯॥**

અવતરણિકા :-

અનુબન્ધપ્રધાનાનિ શુભપ્રયોજનાનિ સ્વં સ્વરૂપં લભન્ત ઇતિ મનસિ સમાધાય 'અણુબંધં ચેવ જત્તેણં' ઇતિ ગાથાવયવં વિશેષેણ ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

અનુબંધપ્રધાન શુભપ્રયોજનો=ઉત્તરોત્તર વૃદ્ધિપ્રધાન એવાં શુભકૃત્યો, સ્વસ્વરૂપને પ્રાપ્ત કરે છે= શુભકૃત્યરૂપ સ્વરૂપને પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે મનમાં નિર્ણય કરીને 'અનુબંધ જ યત્નથી' એ પ્રકારે ગાથા-૧૬૭માં કહેલ અવયવને વિશેષથી ભાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

અણુબંધં ચ નિરૂવઇ પગિટ્ઠફલસાહગં ઇમો ચેવ ।
એત્થંપિ વણિયપુચ્છિયજોઇસિયદુગં ઉદાહરણં ।।૧૮૦।।

અન્વયાર્થ :-

च इमो चेव=અને આ જ=અને બુદ્ધિમાન પુરુષ જ, पगिट्ठफलसाहगं अणुबंधं निरूवइ=પ્રકૃષ્ટ ફળસાધક અનુબંધની ગવેષણા કરે છે=ઉચિત કૃત્યમાત્ર સમ્યગ્ આરંભ કરતા નથી પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ અનુબંધની ગવેષણા કરે છે. एत्थंपि=આમાં પણ=અનુબંધસાધક અનુષ્ઠાનમાં પણ, वणियपुच्छिय-जोइसियदुगं उदाहरणं=વણિકથી પુછાયેલ જ્યોતિષિકદ્વિક ઉદાહરણ છે. ।।૧૮૦।।

ગાથાર્થ :-

અને આ જ=અને બુદ્ધિમાન પુરુષ જ, પ્રકૃષ્ટ ફળસાધક અનુબંધની ગવેષણા કરે છે=ઉચિત કૃત્ય-માત્ર સમ્યગ્ આરંભ કરતા નથી પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ અનુબંધની ગવેષણા કરે છે. આમાં પણ=અનુબંધસાધક અનુષ્ઠાનમાં પણ, વણિકથી પુછાયેલ જ્યોતિષિકદ્વિક ઉદાહરણ છે. ।।૧૮૦।।

ટીકા :-

'अनुबंधं' चेत्यादि । अनुबन्धं चानुगमनमपि च निरूपयति गवेषते, न केवलं सम्यग् आरभते। कीदृशमित्याह—प्रकृष्टफलसाधकं, आनुषङ्गिकफलत्यागेन लब्धुमिष्टसर्वान्तिमफलनिष्पादकं पलालादि-परित्यागेन कृषौ धान्याप्तिसमानम्, अयमेव बुद्धिमान् जनः, प्रधानफलस्यैव फलत्वात् । यथोक्तं— 'फलं प्रधानमेवाहुर्नानुषङ्गिकमित्यपि । पलालादिपरित्यागात् कृषौ धान्याप्तिवद् बुधाः ।।१।।' इति ।। अत्राप्यनुबन्धनिरूपणे वणिक्पृष्टज्योतिषिकद्विकं वणिग्भ्यां द्वाभ्यां पृष्टं तथाविधव्यवहारा-रम्भकाले यज्ज्योतिषिकद्वयं यद्दैवज्ञयुगं तदुदाहरणं दृष्टान्तः । न केवलं सम्यगारम्भे धनवणिगुक्तरूप इति ।।१८०।।

ભાવાર્થ :-

કોઈ મહાત્મા સંયમ ગ્રહણ કર્યા પછી સંયમનું સમ્યગ્ પાલન કરે છે છતાં ઉત્તરોત્તર ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રકારે સંયમનું અનુષ્ઠાન સેવે નહીં તો તે અનુષ્ઠાન પ્રકૃષ્ટ ફળસાધક બને નહીં પરંતુ તે સંયમનું પાલન આનુષંગિક પુણ્યની પ્રાપ્તિ દ્વારા તુચ્છ સાંસારિક સુખનું જ કારણ બને. વળી, જેઓ બુદ્ધિમાન છે તેઓ તો 'સંયમ કઈ રીતે યોગનિરોધમાં પર્યવસાન પામે છે' તેવો નિર્ણય કરીને યોગનિરોધના કારણીભૂત સોળ કષાયનો ઉચ્છેદ થાય તે પ્રકારે નિપુણ બુદ્ધિપૂર્વક સંયમનાં સર્વ અનુષ્ઠાનો સેવે છે અને કોઈ બુદ્ધિમાન હોય તેઓ વિચારે છે કે 'સાધુના જેવું મારું સત્ત્વ નથી' તેથી તે બુદ્ધિમાન પુરુષ શ્રાવકધર્મને સ્વીકારીને પણ સ્વભૂમિકા અનુસાર સોળ કષાયોને ક્ષીણ કરવા યત્ન કરે અને સદા અનિચ્છાની ઇચ્છા વૃદ્ધિ પામે તે પ્રકારે સર્વ ધર્માનુષ્ઠાનો સેવે તો તેઓનું દેશવિરતિ અનુષ્ઠાન પણ પ્રકૃષ્ટ ફળસાધક બને છે.

અને જેઓ સર્વવિરતિ ગ્રહણ કરીને પણ તે પ્રકારે યોગનિરોધ સાથે પ્રતિસંધાન કરીને સર્વવિરતિના પાલનમાં ઉદ્યમ કરતા નથી તેઓનું અનુબંધરહિત તે સર્વવિરતિનું પાલન પણ પ્રકૃષ્ટ ફળનું સાધક બનતું

નથી. તેમાં વણિકથી પુછાયેલા જ્યોતિષદ્વિકનું ઉદાહરણ છે અર્થાત્ તેમાં એક જ્યોતિષ તત્કાળ ફળને જોઈને કહેનાર છે અને અન્ય જ્યોતિષ અનુબંધને જોઈને કહેનાર છે એ પ્રકારે બે જ્યોતિષ ઉદાહરણ છે. **॥૧૮૦॥**

અવતરણિકા :-

એતદેવાહ —

અવતરણિકાર્થ :-

આને જ=અનુબંધના વિષયમાં બે જ્યોતિષના ઉદાહરણને જ, કહે છે —

ગાથા :-

करकट्टलाभपुच्छा जोतिसियदुगम्मि दुण्हवणियाण ।
विहिपडिसेहा लाहो वत्ता कोवो उ इयरस्स ।।१८१।।

અન્વયાર્થ :-

જોતિસિયદુગમ્મિ=બે જ્યોતિષમાં, દુણ્હવણિયાણ=બે વણિકની, કરકટ્ટલાભપુચ્છા=કરથી પૃથક્ કરાયેલા એવા ધનલાભની પૃચ્છા, વિહિપડિસેહા=વિધિ અને પ્રતિષેધ=એક જ્યોતિષ દ્વારા વણિકને 'લાભ થશે' એ પ્રકારની વિધિ અને બીજા જ્યોતિષ દ્વારા બીજા વણિકને 'લાભ નહીં થાય' એ પ્રકારે પ્રતિષેધ, લાહો વત્તા=લાભવાર્તા=ધનઅર્જન માટે ગયેલા વણિકને પ્રચુર ધનના લાભની વાર્તા, ઇયરસ્સ ઉ=વળી ઇતરને=ઇતર વણિકને, કોવો=કોપ=જ્યોતિષ ઉપર અસંતોષ થયો. ।।૧૮૧।।

ગાથાર્થ :-

બે જ્યોતિષમાં, બે વણિકની, કરથી પૃથક્ કરાયેલા એવા ધનલાભની પૃચ્છા. વિધિ અને પ્રતિષેધ=એક જ્યોતિષ દ્વારા વણિકને 'લાભ થશે' એ પ્રકારની વિધિ અને બીજા જ્યોતિષ દ્વારા બીજા વણિકને 'લાભ નહીં થાય' એ પ્રકારે પ્રતિષેધ. લાભવાર્તા=ધનઅર્જન માટે ગયેલા વણિકને પ્રચુર ધનના લાભની વાર્તા. વળી, ઇતરને=ઇતર વણિકને, કોપ=જ્યોતિષ ઉપર અસંતોષ થયો. ।।૧૮૧।।

ટીકા :-

करो राजदेयो भागः शुल्कमित्यर्थः स कृत्तः छिन्नः पृथक् कृतो यस्मात् तद् भवति करकृत्तं, करेण कृत्तं 'कृती वेष्टने' इति वचनाद् वेष्टितमुपरुद्धमवश्यदेयत्वात् तस्य, तच्च व्यवहारप्रयुक्तं धनधान्यादि तस्माल्लाभोऽपूर्वधनागमः, तस्य पृच्छा प्रवृत्ता, क्वचिद् नगरे ज्योतिषिकद्विके द्वयोर्ज्योतिषिकयोः समीप इत्यर्थः । द्वयोर्वणिजोरावयोरस्मिन् देशान्तरव्यवहारे निरूप्यमाणे किं लाभः समस्ति नवा इति पृच्छा एकैकस्य ज्योतिषिकस्यैकैकेन कृतेत्यर्थः । तत्र ज्योतिषिकाभ्यां द्वाभ्यां

पृथग् विधिप्रतिषेधौ कृतौ लाभस्य, एकेनैकस्य लाभोऽन्यस्य चान्येन प्रतिषेधो भणित इत्यर्थः । प्रेषितं चैकेन देशान्तरे मलयविषयादौ निजभाण्डम् । संवृत्तश्च भूयान् लाभः । समागता च तत्र लाभवार्त्ता । ततः कोपस्तु असंतोषः पुनरितरस्याप्रहितभाण्डस्य बभूव ज्योतिषिकं प्रति ।।१८१।।

અવતરણિકા :-

ततः —

અવતરણિકાર્થ :-

ત્યારપછી —

ગાથા :-

मा रूस णत्थि एत्थं आगमणं सत्थघायनासो त्ति ।
तुट्ठनिवेयणमम्हे सव्वत्थणुबंधसार त्ति ।।१८२।।

અન્વયાર્થ :-

(તે જ્યોતિષે તે વણિકને કહ્યું —) मा रूस=તું રોષ કર નહીં, एत्थं आगमणं णत्थि=અહીં આગમન નથી. सत्थघायनासो त्ति=કેમ કે સાર્થના પથમાં ચોરના ઘાતથી ધનનો નાશ થશે તે હેતુથી, तुट्ठनिवेयणं=તેમ થયે છતે તુષ્ટ એવા વણિકને જ્યોતિષ વડે નિવેદન કરાયું, अम्हे सव्वत्थणुबंधसार त्ति=અમે સર્વત્ર અનુબંધસાર જોનારા છીએ. ।।૧૮૨।।

ગાથાર્થ :-

તે જ્યોતિષે તે વણિકને કહ્યું — તું રોષ કર નહીં, અહીં આગમન નથી; કેમ કે સાર્થના પથમાં ચોરના ઘાતથી ધનનો નાશ થશે તે હેતુથી. જ્યોતિષ વડે નિવેદન કરાયું — અમે સર્વત્ર અનુબંધસાર જોનારા છીએ. ।।૧૮૨।।

ટીકા :-

मा रूसेत्यादि । ज्योतिषिकः प्राह (ग्रन्थ ५०००) मा रुष्य मां प्रति, यतो नास्ति न विद्यतेऽत्र नगरे आगमनं करकृत्तस्य । कुत इति चेदुच्यते— 'सत्थघातनासत्ति' इति । सार्थस्य पथि समागच्छतश्चोरैर्घातेन करकृत्तस्य नाशो भविष्यतीति हेतोः । ततः कालेन तथैव संवृत्ते सति 'तुट्ठनिवेयणं'ति तुष्टस्य निजभाण्डोपघाताभावेन वणिजो निवेदनं कृतं ज्योतिषिकेण, यथा वयमनुबन्धसारा वर्त्तामह इति, अमुना प्रकारेण निरनुबन्धकार्यस्य तत्त्वतोऽकार्यत्वात् ।।१८२।।

ભાવાર્થ :-

જેમ કોઈ બે વણિક દ્વારા પૃચ્છા કરાયેલા બે જ્યોતિષીઓમાંથી પદાર્થને યથાર્થ જોનારા તે બન્ને જ્યોતિષીઓએ પોતાના ઉપયોગ અનુસાર યથાર્થ નિર્ણય કર્યો. તેમાં પ્રથમ જ્યોતિષીએ વણિકને લાભ થશે કે નહીં ? તેટલું જ જાણવા માટે યત્ન કર્યો અને તે પ્રમાણે જાણીને કહ્યું કે 'ધનનો લાભ થશે.' તેનું વચન તે પ્રમાણે થયું. જ્યારે બીજા જ્યોતિષીને પણ બીજા વણિકે પૂછ્યું ત્યારે તે જ્યોતિષી અનુબંધને જોનાર હોવાથી તે વણિક ધન કમાઈને સ્વદેશમાં ધન લાવશે કે નહીં ત્યાં સુધી જ્યોતિષના બળથી નિર્ણય કરવા માટે પ્રયત્ન કરે છે તેથી તેણે જાણ્યું કે ધન કમાઈને પ્રસ્તુત નગરમાં તે આવી શકશે નહીં તેથી જવાનો નિષેધ કર્યો અને તે જ્યોતિષીનું વચન જ ખરેખર ઇષ્ટફળની પ્રાપ્તિનું કારણ છે. પ્રથમ જ્યોતિષીનું વચન સત્ય હોવા છતાં નિષ્ફળ ક્લેશજનક છે. તેમ જેઓ પોતે ધર્મઅનુષ્ઠાન બાહ્યથી કરી શકશે કે નહીં તેટલું જ જોનારા છે પરંતુ સ્વીકારાયેલું ધર્મઅનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ કરીને પૂર્ણ ધર્મનું કારણ બને એ પ્રકારે વૃદ્ધિને જોનારા નથી તેઓ પ્રથમ જ્યોતિષીના વચનાનુસાર ગયેલા વણિકની જેમ ધર્માનુષ્ઠાન સેવે છે અને મનમાં સંતોષ પામે છે કે 'મેં ધર્માનુષ્ઠાન સેવ્યું, પરંતુ તે ધર્માનુષ્ઠાનના સેવન દ્વારા અંતરંગ ગુણવૃદ્ધિ કરીને ઉત્તર-ઉત્તરના ધર્માનુષ્ઠાનને પ્રાપ્ત કરી શકતા નથી તેઓ તે ધર્માનુષ્ઠાનના ફળરૂપે તુચ્છ દેવાદિ ભવોનાં સુખોને પામીને પ્રથમ વણિકની જેમ ધન પ્રાપ્ત કરીને 'હું ધન કમાયો છું' એવો ગર્વ ધારણ કરે છે. પરંતુ ધન લઈને આવતા પૂર્વે જેમ તે વણિક ચોરોથી લુંટાય છે તેમ માત્ર બાહ્ય ધર્મ કરીને કાંઈક શુભભાવો કર્યા તે શુભભાવોથી દેવાદિભવમાં પ્રચુર ભોગસામગ્રી મળે છે ત્યારે મોહરૂપી ચોરથી તેનું ઉત્તમ ચિત્ત લુંટાય છે અને અંતે સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે.

જ્યારે બીજા જ્યોતિષીના વચનાનુસાર સ્વદેશમાં રહેનાર વણિક પોતાની શક્તિ અનુસાર ધનની વૃદ્ધિ કરીને સુખી રહે છે તેમ જે અનુષ્ઠાનમાં પોતાનું સામર્થ્ય નથી તે અનુષ્ઠાનને સ્વીકારવાનું છોડીને અનુબંધ-પ્રધાન એવા વિવેકી જીવો સ્વભૂમિકાનુસાર શ્રાવકાચારાદિ કૃત્યો કરે છે જેથી ઉત્તર-ઉત્તરના ગુણના લાભની પ્રાપ્તિ કરીને અનુબંધપ્રધાન ફળને પ્રાપ્ત કરે છે પરંતુ પ્રથમ વણિકની જેમ માત્ર ક્લેશને પ્રાપ્ત કરતા નથી; કેમ કે સ્વભૂમિકાનુસાર સેવાયેલું અનુષ્ઠાન ગુણવૃદ્ધિ દ્વારા સુખની વૃદ્ધિ કરે છે. **॥૧૮૧-૧૮૨॥**

અવતરણિકા :-

इत्थं प्रसङ्गाद् बुद्धिगुणांस्तज्ज्ञातानि चाभिधाय साम्प्रतं 'बुद्धिजुओ आलोयइ' इत्यादिगाथोक्तमर्थं विशेषतो भावयितुमिच्छुरवगतविपक्षोऽन्वयः सुगमो भवतीति तद्विपक्षमेवाश्रित्य तावदाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, પ્રસંગથી=આત્મકલ્યાણ માટે મનુષ્યભવમાં ઉદ્યમ કરવો જોઈએ એ પ્રસંગના કથનથી, બુદ્ધિના ગુણો અને તેનાં દૃષ્ટાંતો કહીને હવે 'બુદ્ધિયુક્ત આલોચન કરે છે' ઇત્યાદિ ગાથા-૧૬૭માં કરેલા અર્થને વિશેષથી કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી "અવગત વિપક્ષવાળો નિર્ણય સુગમ થાય છે" એથી તેના વિપક્ષને આશ્રયીને પ્રથમ કહે છે –

ગાથા :-

धम्मट्ठाणमहिंसा सारो एसोत्ति उज्जमति एत्तो ।
सव्वपरिच्चाएणं एगो इह लोगनीतीए ।।१८३।।

અન્વયાર્થ :-

धम्मट्ठाणमहिंसा=ધર્મનું સ્થાન અહિંસા છે. सारो एसोत्ति=એથી આ સાર છે=અહિંસારૂપ ધર્મ સાર છે. एत्तो उज्जमति=એ કારણથી ઉદ્યમ કરે છે=અહિંસામાં ઉદ્યમ કરે છે.

કેવી રીતે ઉદ્યમ કરે છે તે સ્પષ્ટ કરે છે –

सव्वपरिच्चाएणं=સર્વ પરિત્યાગથી=અહિંસાથી અન્ય એવા સર્વ ઉચિત અનુષ્ઠાનના પરિત્યાગ દ્વારા, एगो=એક=એક પ્રકારના આરાધક જીવો, इह=અહીં=ધર્મના વિષયમાં, लोगनीतीए=લોકનીતિથી= લોકનીતિથી ઉદ્યમ કરે છે. ।।૧૮૩।।

ગાથાર્થ :-

ધર્મનું સ્થાન અહિંસા છે. એથી આ સાર છે=અહિંસારૂપ ધર્મ સાર છે. એ કારણથી ઉદ્યમ કરે છે=અહિંસામાં ઉદ્યમ કરે છે.

કેવી રીતે ઉદ્યમ કરે છે તે સ્પષ્ટ કરે છે –

સર્વ પરિત્યાગથી=અહિંસાથી અન્ય એવા સર્વ ઉચિત અનુષ્ઠાનના પરિત્યાગ દ્વારા, એક=એક પ્રકારના આરાધક જીવો, અહીં=ધર્મના વિષયમાં, લોકનીતિથી=લોકનીતિથી ઉદ્યમ કરે છે. ।।૧૮૩।।

ટીકા :-

धर्म्मस्थानं धर्मस्य दुर्ग्गतिप्रवृत्तजन्तुवारनिवारणकरणप्रवणस्य जीवपरिणतिविशेषरूपस्य स्थानं विशेषोऽहिंसा सर्वजीवदया वर्त्तते । ततः सारः परमार्थः सर्वधर्मस्थानमध्ये एषोऽहिंसारूपो धर्मः । इत्यस्मात् कारणाद् उद्यच्छति प्रोत्साहमवलम्बतेऽस्यामेव । कथमित्याह—इतोऽहिंसायाः सकाशात् सर्वपरित्यागेन सर्वस्य गुरुकुलवासतद्विनयकरणशास्त्राभ्यासादेः शेषधर्म्मस्थानस्याहिंसाया एव स्वरूप-परिज्ञानाभ्युपगमपरिपालनोपायभूतस्य परित्यागेन परिहारेण, एकः कश्चन प्रासुकपुष्पफलशैवालादिभोक्ता निर्विजनारण्यवासी बालतपस्वी अगीतार्थो वा लोकोत्तरयतिः । इहापरधार्मिकजनमध्ये लोकनीत्या 'श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम् । आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।।१।।' एवं-रूपलौकिकशास्त्रानुसारेण ।।१८३।।

ભાવાર્થ :-

જેઓ સંસારથી ભય પામેલા છે અને કલ્યાણના અર્થી છે પરંતુ બુદ્ધિના માર્ગાનુસારી ગુણોથી યુક્ત નથી

તેથી માત્ર સ્થૂળ આચારોમાં ધર્મબુદ્ધિ કરે છે અને તેના કારણે લોકમાં જે નીતિ છે કે 'પોતાને જે પ્રતિકૂળ હોય તેવું પ્રતિકૂળ કોઈની સાથે આચરવું જોઈએ નહીં તે જ ધર્મ છે' તેવી બુદ્ધિથી વિચારે છે કે 'ધર્મનું સ્થાન અહિંસા છે માટે મારે ધર્મ સેવવો હોય તો અહિંસારૂપ ધર્મ સેવવો જોઈએ' અને તેવો ધર્મ સેવનારા અન્ય દર્શનના બાળ, તપસ્વી કે અગીતાર્થ એવા લોકોત્તર યતિ જીવરક્ષાને અનુકૂળ નિર્દોષ ભિક્ષાચર્યાદિ ઉચિત ક્રિયાઓ કરે છે પરંતુ ગુણવૃદ્ધિને અનુકૂળ ગુણવાન પુરુષોનું પારતંત્ર્ય સ્વીકારીને વિનયપૂર્વક શાસ્ત્ર-અધ્યયનાદિની ક્રિયા કરતા નથી અને તેના કારણે જિનવચનના નિયંત્રણ નીચે વીતરાગભાવની પ્રાપ્તિને અનુકૂળ ઉચિતભાવોની પ્રાપ્તિરૂપ ગુણોની વૃદ્ધિને પ્રાપ્ત કરતા નથી તેથી સ્વમતિ અનુસાર લોકનીતિથી ધર્મ કરીને સંસારના ફળવાળા તુચ્છ પુણ્યને પ્રાપ્ત કરે છે પરંતુ વીતરાગ થવાના પ્રબળ કારણીભૂત આત્મગુણોની વૃદ્ધિને કરી શકતા નથી એથી તેઓ વડે સેવાયેલો ધર્મ અનુબંધ વગર સેવાયેલો હોવાથી નિષ્ફળ છે.' આ પ્રકારે બોધ થવાથી બુદ્ધિયુક્ત પુરુષ કઈ રીતે ધર્મવિષયક આલોચના કરે છે તેનો યથાર્થ બોધ થાય છે; કેમ કે જો આ પ્રકારનો બોધ ન હોય તો બુદ્ધિયુક્ત પુરુષને પણ ક્યારેક સ્થૂળ બુદ્ધિથી તેવો ભ્રમ થાય કે બાહ્ય અહિંસાના પાલનથી પણ સર્વ કલ્યાણની પ્રાપ્તિ છે. વસ્તુતઃ અંતરંગ મોહના પરિણામના નાશને અનુકૂળ ઉદ્યમ કરવાથી સર્વકલ્યાણની પ્રાપ્તિ છે અને મોહનાશ માટે સર્વજ્ઞના વચનરૂપ શાસ્ત્રનો સૂક્ષ્મ બોધ આવશ્યક છે અને તે બોધથી નિયંત્રિત કરાયેલી સમ્યગ્ ક્રિયાથી અનુબંધશુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે જે ધર્મ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અવશ્ય યોગનિરોધમાં વિશ્રાંત થાય છે. આ પ્રકારે ઉચિત નિર્ણય કરવામાં બુદ્ધિયુક્ત પુરુષથી વિપરીત બુદ્ધિવાળાનું આલોચન ધર્મવિષયક કેવું હોય છે તેનું જ્ઞાન આવશ્યક છે તેથી ગ્રંથકારશ્રી પ્રથમ તેને જ બતાવે છે.

અહીં વિશેષ એ છે કે ભગવાનનું શાસન પણ અહિંસાને ધર્મ કહે છે અને સ્થૂળ લોકનીતિ પણ અહિંસાને ધર્મ કહે છે, ફક્ત સ્થૂળ લોકનીતિ બાહ્ય જીવોની રક્ષામાં કરાતા યત્નમાત્રને ધર્મ કહે છે, જ્યારે લોકોત્તરનીતિ અંતરંગ મોહના ઉન્મૂલન માટેના અંગરૂપે બાહ્ય જીવોની હિંસાના પરિહારની યતના સ્વીકારે છે તેથી બુદ્ધિયુક્ત પુરુષો અંતરંગ મોહના ઉન્મૂલનના ઉપાયરૂપ સર્વજ્ઞના વચનને પ્રધાન કરીને તે વચનના પરમાર્થને જાણવા માટે, તે જાણીને સ્થિર કરવા માટે અને તેનાથી જ આત્માને ભાવિત કરવા માટે યત્ન કરે છે અને તેના અંગભૂત ષટ્કાયના પાલનમાં યત્ન કરે છે. પરંતુ બુદ્ધિગુણથી રહિત જીવોને એવો સૂક્ષ્મ બોધ નથી તેથી માત્ર બાહ્ય અહિંસાની પાલનામાં જ ધર્મબુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તેવા બુદ્ધિગુણથી રહિત અને માત્ર બાહ્ય જીવરક્ષામાં યત્ન કરનારા અગીતાર્થ સાધુ પણ મોક્ષના અર્થી હોય તો તે ચરમાવર્તમાં આવેલા છે; કેમ કે ભોગવિલાસ વગરનો મોક્ષ મેળવવાની ઇચ્છા ચરમાવર્ત વગર થતી નથી, આમ છતાં તે અગીતાર્થ સાધુઓ પોતાની માત્ર અહિંસાવિષયક ધર્મબુદ્ધિમાં કદાગ્રહથી દૂષિત મતિવાળા હોય કે ગીતાર્થથી અપ્રજ્ઞાપનીય હોય તો તેઓ જે ધર્માનુષ્ઠાન સેવે છે તે ગરઅનુષ્ઠાન હોવાથી સંસારના ફળવાળું છે. જેમ મોક્ષના આશયપૂર્વક જમાલિનું સેવેલું સંયમનું અનુષ્ઠાન ગરઅનુષ્ઠાન હતું.

વળી, જેઓ ભદ્રક પ્રકૃતિવાળા છે અને સ્થૂળ બોધથી અહિંસામાં જ ધર્મની બુદ્ધિ થયેલી છે, છતાં કોઈ ગીતાર્થ સાધુ તેમની બુદ્ધિને સ્પર્શે તે રીતે તેમને સમજાવે તો ગીતાર્થના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે તેવી

પ્રકૃતિવાળા હોય તો તેમનો વિપરીત બોધ પ્રજ્ઞાપનીય હોવાને કારણે શિથિલ મૂળવાળો છે અને તેઓની સ્થૂળ અહિંસાની પ્રવૃત્તિ પણ પ્રથમ ભૂમિકાના યોગમાર્ગની પ્રાપ્તિરૂપ છે તેથી તેઓ દેશઆરાધક છે, ફક્ત ગીતાર્થની અપ્રાપ્તિને કારણે સ્વમતિ અનુસાર ધર્મને સેવીને પણ તેઓ મોક્ષમાર્ગની અલ્પ અંશથી આરાધનાને પ્રાપ્ત કરે છે અને ગીતાર્થની પ્રાપ્તિ થાય તો વિશેષ આરાધક બને છે તેથી તેઓનું ધર્માનુષ્ઠાન ગરઅનુષ્ઠાન બનતું નથી, પરંતુ તદ્હેતુ અનુષ્ઠાન બને છે. **॥૧૮૩॥**

અવતરણિકા :-

अथैतदेवान्वयत आह —

અવતરણિકાર્થ :-

હવે આને જ અન્વયથી કહે છે=બુદ્ધિયુક્ત પુરુષ કઈ રીતે આલોચન કરે છે ? એને જ અન્વયથી કહે છે —

ગાથા :-

अन्नो उ का अहिंसा आगमओ सो गुरूउ विहिणा उ ।
एयम्मि कुणति जत्तं लोउत्तरणीतितो मतिमं ।।१८४।।

અન્વયાર્થ :-

अन्नो उ=વળી અન્ય=સ્થૂળ બોધવાળા પુરુષથી અન્ય એવા મતિમાન પુરુષ વિચારણા કરે છે કે, आगमओ का अहिंसा=આગમથી અહિંસા શું છે ? सो उ=અને તે=આગમ, विहिणा गुरूउ=વિધિથી ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. (તેથી) लोउत्तरणीतितो मतिमं=લોકોત્તરનીતિથી મતિમાન એવો તે પુરુષ, एयम्मि=આમાં=ગુરુથી પ્રાપ્તવ્ય એવા આગમમાં, जत्तं कुणति=યત્ન કરે છે. ॥૧૮૪॥

ગાથાર્થ :-

વળી અન્ય=સ્થૂળ બોધવાળા પુરુષથી અન્ય એવા મતિમાન પુરુષ વિચારણા કરે છે કે, આગમથી અહિંસા શું છે ? અને તે=આગમ, વિધિથી ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે. તેથી લોકોત્તરનીતિથી મતિમાન એવો તે પુરુષ, આમાં=ગુરુથી પ્રાપ્તવ્ય એવા આગમમાં, યત્ન કરે છે. ॥૧૮૪॥

ટીકા :-

अन्यस्तु प्रागुक्तधार्मिकविलक्षणः पुनः धार्मिक एव 'मीमांसते' इति गम्यते । कथमित्याह—का कीदृशी हेतुतः, स्वरूपतोऽनुबन्धतश्च अहिंसा निखिलकुशललोकाभिनन्दनीया वर्त्तते । न चासावन्यथा यथावदवगन्तुं शक्यते, किन्त्वागमतः । आगमादाप्तवचनरूपात् । यथोक्तं—'परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते । आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ।।१।। उपदेशं विनाऽप्यर्थकामौ

प्रतिपटुदुर्ज्जनाः । धर्म्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ।।२।। पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् । चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधकम् ।।३।।'

तथा 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा' इति हिंसाहेतोः । स्वरूपस्य च निर्देशः—'यदस्ति दुःखं त्रैलोक्ये व्याधितश्चाधितस्तथा । तद्धिंसाविषवृक्षस्य प्रोच्यते सकलं फलम् ।।१।।

एतद्वैलक्षण्येन चाहिंसाया योजना कार्या । 'सो गुरूउ' इति स आगमः सूत्रार्थोभयरूपः सर्वहिताहितप्रवृत्तिनिवृत्तिहेतुः 'गुरूउ' इति गुरुभ्यः सकाशाल्लभ्यते । गुरुलक्षणं चेदं, यथा—

'गुरुर्गृहीतशास्त्रार्थः परां निःसङ्गतां गतः । मार्त्तण्डमण्डलसमो भव्याम्भोजविकाशने ।।१।। गुणानां पालनं चैव तथा वृद्धिश्च जायते । यस्मात्सदैव स गुरुर्भवकान्तारनायकः ।।२।।' अत एवान्यत्रोच्यते—'गुर्वायत्ता यस्माच्छास्त्रारम्भा भवन्ति सर्वेऽपि । तस्माद् गुर्वाराधनपरेण हितकाङ्क्षिणा भाव्यम् ।।१।। संसारसमुद्भूतकषायदोषं लिलङ्घिषन्ते गुरुणा विना ये । विभीमनक्रादिगणं ध्रुवं ते वार्धिं तितीर्षन्ति विना तरण्डम् ।।२।।' इति ।। कथमित्याह—विधिना तु विधिनैव कालविनयबहुमानादिना, अविधिलब्धस्य श्रुतस्य प्रत्युतापायफलत्वेनालब्धकल्पत्वात् । अपायाश्चामी—'उम्मायं च लभेज्जा रोगायंकं व पाढणे दीहं । तित्थयरभासियाओ धम्माओ वावि भंसेज्जा' ।।१।।' इति। तत एतस्मिन् विधिना गुरुभ्यो लभ्यमाने आगमे कुरुते यत्नमादरं शुश्रूषाश्रवणग्रहणादिरूपं लोकोत्तरनीत्या लोकाद् गतिकानुगतिकरूपलोकहेरिप्रवृत्तात् कुतीर्थिकादिभेदभिन्नादुत्तरा उपरिवर्त्तिनी नीतिर्न्यायस्तस्याः सर्वविद्वचनानुसारेणेत्यर्थः । मतिमान् प्रकृतबुद्धिधनो जनः । एवं चास्य महात्मनस्तुच्छीभूतभवभ्रमणरोगस्य सुप्रयुक्तमिवौषधं असावागमः सर्वाङ्गं परिणमते । मुच्यते चासौ तैस्तैर्भवविकारैरिति ।।१८४।।

ભાવાર્થ :-

બુદ્ધિમાન પુરુષ જાણે છે કે હિંસારૂપ ધર્મ હોઈ શકે નહીં પરંતુ અહિંસારૂપ ધર્મ હોઈ શકે છતાં અહિંસાના પરમાર્થને જોનાર એવા સર્વજ્ઞ છે અને તેમનું વચન આગમ છે. તે આગમથી જ હેતુ, સ્વરૂપ અને અનુબંધરૂપ અહિંસાનો બોધ થાય છે અને તે રીતે અહિંસાનો નિર્ણય કરીને જેઓ ઉત્તરોત્તર અહિંસાના અનુબંધનું કારણ બને તેવી અહિંસા સેવે છે તેઓ જ અહિંસાના ફળને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે નિર્ણય કરીને તેઓ વિચારે છે કે આગમનું જ્ઞાન વિધિપૂર્વક ગુરુ પાસેથી પ્રાપ્ત થાય છે તેથી મતિમાન એવા તે પુરુષ સર્વજ્ઞના વચનાનુસાર જે લોકોત્તરનીતિ છે તે નીતિ અનુસાર આગમમાં યત્ન કરે છે તેથી તેવા જીવો જિનવચનાનુસાર છ કાયના પાલનરૂપ સ્વરૂપથી અહિંસાનું પાલન કરે છે, તે અહિંસાના પાલનને અનુકૂળ ઉચિત યતનાઓરૂપ હેતુઓનું સેવન કરે છે અને તે અહિંસાના પાલન દ્વારા સર્વ જીવો પ્રત્યે સમભાવના પરિણામની વૃદ્ધિ કરે છે. વળી, જિનવચનથી ભાવિત થઈને સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે પરમ ઉપેક્ષાવાળા થાય છે જેથી પોતાના કષાયોની સતત અલ્પ-અલ્પતરતા કરીને પોતાના ભાવપ્રાણનું પણ રક્ષણ કરે છે. તે ભાવપ્રાણના રક્ષણની ક્રિયા ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જન્મ-જન્માંતરમાં કષાયોની અલ્પતાને

પ્રાપ્ત કરાવીને અંતે જગતના સર્વ ભાવો પ્રત્યે પરમ ઉપેક્ષારૂપ વીતરાગતાને પ્રાપ્ત કરાવે છે, ત્યારે અહિંસાના અનુબંધની પ્રાપ્તિ દ્વારા સ્વભાવપ્રાણના રક્ષણરૂપ અહિંસાની નિષ્ઠાને પ્રાપ્ત કરે છે. તેથી બુદ્ધિમાન પુરુષની ધર્મવિષયક વિચારણા અનુબંધપ્રધાન હોય છે અને તેનો બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રીએ પ્રથમ બુદ્ધિ વગરના જીવોની ધર્મવિષયક મતિ કેવી હોય છે તે ગાથા-૧૮૩માં બતાવી અને બુદ્ધિમાનની ધર્મ-વિષયક મતિ કેવી હોય તે પ્રસ્તુત ગાથામાં બતાવી જેથી કલ્યાણના અર્થી જીવો બુદ્ધિ વગરની ધર્મની પ્રવૃત્તિનું નિવર્તન કરીને બુદ્ધિયુક્ત ધર્મની પ્રવૃત્તિનું સેવન કરી શકે જેથી સદ્ધર્મના ફળની પ્રાપ્તિ થાય. ॥૧૮૪॥

અવતરણિકા :-

आह—किमित्यसावत्यन्तमागमे यत्नं करोति, न पुनरहिंसायामेवेत्याशङ्क्याह —

અવતરણિકાર્થ :-

કોઈ પ્રશ્ન કરે છે — મોક્ષના અર્થી જીવો જો બુદ્ધિમાન હોય તો આગમમાં કેમ યત્ન કરે છે પરંતુ મોક્ષના ઉપાયરૂપ અહિંસામાં જ કેમ યત્ન નથી કરતા એ પ્રકારની આશંકા કરીને કહે છે —

ગાથા :-

जं आणाए चरणं आहाकम्मादिणायतो सिद्धं ।
ता एयम्मि पयत्तो विन्नेओ मोक्खहेउत्ति ।।१८५।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, आहाकम्मादिणायतो=આધાકર્માદિના દૃષ્ટાંતથી=આધાકર્મીના ગ્રહણ અને અગ્રહણના દૃષ્ટાંતથી, आणाए चरणं सिद्धं=આજ્ઞામાં ચારિત્ર સિદ્ધ છે. ता=તે કારણથી, एयम्मि=આમાં=આજ્ઞામાં, पयत्तो मोक्खहेउत्ति विन्नेओ=પ્રયત્ન મોક્ષનો હેતુ જાણવો. ।।૧૮૫।।

ગાથાર્થ :-

જે કારણથી આધાકર્માદિના દૃષ્ટાંતથી=આધાકર્મીના ગ્રહણ અને અગ્રહણના દૃષ્ટાંતથી, આજ્ઞામાં ચારિત્ર સિદ્ધ છે તે કારણથી, આમાં=આજ્ઞામાં, પ્રયત્ન મોક્ષનો હેતુ જાણવો. ।।૧૮૫।।

ટીકા :-

यद्यस्मादाज्ञायाः सकाशाच्चरणं चारित्रं देशतः सर्वतो वा जीवानां सम्पद्यते, न पुनरन्यथा । अन्यत्राप्युक्तम्—'वचनाराधनया खलु धर्म्मस्तद्बाधया त्वधर्म्म इति । इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ।।१।। अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति । हृदयस्थिते च तस्मिन्नियमात् सर्वार्थसंसिद्धिः ।।२।।' एतच्चाधाकर्मादिज्ञाततः सिद्धम् ।

इहाधाकर्म—'सच्चित्तं जमचित्तं साहूणट्ठाए कीरई जं च । अच्चित्तमेव पच्चइ आहाकम्मं तयं बिंति ।।१।।' इत्यादिसूत्रोक्तलक्षणमन्नपानादि, आदिशब्दात् प्रासुकैषणीयस्यास्यैव ग्रहः, ततस्तदेतद् ज्ञातमुदाहरणम् । ततः सिद्धं पिण्डनिर्युक्तौ प्रतिष्ठितम् । तथा हि—क्वचित् सन्निवेशे केनचिद् मुग्धबुद्धिना दानश्रद्धालुना जैनशासनानुगतेन क्वचित् समये सर्वसङ्घभक्तमुपकल्पितम् । वितीर्णं च पात्रपूरपूर्वकं तद्ग्राहकसाध्वाभासानाम् । श्रुतश्चायं दानव्यतिकरोऽत्यौदार्यसूचकः सन्निहितग्रामवासिना लिङ्गमात्रोपजीविना केनचित् साध्वाभासेन । प्राप्तश्चासावन्यस्मिन् दिने तत्र । पृष्टश्च तेन श्रावकेणागमनप्रयोजनम् । भणितं च तेन, भवदौदार्यमन्तरेण नान्यत् किञ्चित् । तद्दिने च जामातृकादिः सुबहुः प्राघुणकलोकस्तद्गृहे समागतः । उपस्कृतश्च सूपौदनपक्वान्नादिस्तन्निमित्तमाहारः। संविभागितश्च तेन पात्रपूरमसौ भुक्तवांश्चेति ।।

तथा क्वचिन्नगरे कश्चित् क्षपको मुनिर्विहितमासदिवसोपवासः पारणकदिने तत्रानेषणां सम्भावयन् अज्ञातोञ्छवाञ्छया सन्निहितग्रामे जगाम । तत्र चैकया कुटुम्बिन्या यथाभद्रिकयाऽत्यन्तसाधुदानश्रद्धानयाऽतिभूरिक्षीरान्नमुपस्कृत्यादरेण दीयमानं सञ्जातशङ्को नूनं न ग्रहीष्यति एतदिति तद्ग्रहणस्यानन्योपायतां पश्यन्त्या शिक्षितानि डिम्भरूपाणि यथा—क्षपकभिक्षोर्भिक्षार्थमागतस्य समक्षमिदं क्षीरान्नं मया परिवेष्यमाणमरुचिसारैर्वचनैरनादेयतामानीय प्रतिषेधनीयम् । तथा विहितं च तैः । क्षपकेणापि दत्तद्रव्यादितीव्रोपयोगेन सर्वोपधा शुद्धिरिति कृत्वा सर्वविद्वचनाराधनाप्रधानेन प्रतिगृहीतम् । तद् भोक्तुमारब्धस्य च 'बायालीसेसणसंकडम्मि गहणम्मि जीव! न हु छलिओ । इण्हिं जह न छलिज्जसि भुंजंतो रागदोसेहिं ।।१।।' इत्यादिशुभभावनाभावतः क्षपकश्रेणिप्राप्तौ केवलज्ञानमजनीति । एवं प्रथमस्य सर्वज्ञाज्ञोपयोगाभावेन शुद्धमपि पिण्डमुपाददानस्य क्लिष्टकर्मबन्धः । द्वितीयस्य तु विहितनिपुणोपयोगस्य तदशुद्धोपादानेऽपि केवलज्ञानफलो निर्जरालाभः संवृत्त इति । अत एवोक्तं समये 'आहाकम्मपरिणओ फासुयभोईवि बंधओ भणिओ । सुद्धं गवेसमाणो आहाकम्मेऽवि सो सुद्धो ।।१।।' तत्तस्मादेतस्मिन्नागमे प्रयत्नः शुश्रूषाश्रवणग्रहणादिः सर्वस्य मुमुक्षोर्विज्ञेयो मोक्षहेतुरिति, एतत्प्रयत्नमन्तरेण मोक्षाभावात् । तथा च पठन्ति 'मलिनस्य यथाऽत्यन्तं जलं वस्त्रस्य शोधनम् । अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ।।१।। शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तिदूती परोदिता । अत्रैवेयमतो न्याय्या तत्प्राप्त्यासन्नभावतः ।।२।।' ।।१८५।।

ભાવાર્થ :-

કોઈક મહાત્મા ભગવાનના વચનાનુસાર શુદ્ધ ભિક્ષા માટે યત્ન કરનારા એવા તપસ્વી છે અને તપસ્વી પ્રત્યેની ભક્તિથી કોઈ શ્રાવિકાએ મહાત્માને ખ્યાલ ન આવે તે રીતે અશુદ્ધ દાન કર્યું છતાં તે મહાત્માનું ચારિત્ર જિનવચનાનુસાર ઉપયોગને કારણે સુવિશુદ્ધ હતું તેથી આહાર વાપરતાં વાપરતાં કેવળજ્ઞાન થાય

છે, તો વળી અન્ય કોઈ સાધુ ભગવાનના વચનાનુસાર ભિક્ષાની શુદ્ધિમાં યત્નવાળા ન હતા છતાં એ પ્રકારના સંયોગને કારણે નિર્દોષ ભિક્ષાની પ્રાપ્તિ થઈ તોપણ જિનવચનાનુસાર ઉપયોગવાળા નહીં હોવાના કારણે અચારિત્રી હતા. માટે બાહ્ય અહિંસાના પાલન કે હિંસાના કરણ આધીન મોહનાશની પ્રાપ્તિ નથી પરંતુ જિનવચનાનુસાર પ્રવર્તતો સુવિશુદ્ધ ઉપયોગ જ મોહનાશ દ્વારા મોક્ષનો હેતુ બને છે તેથી મોક્ષના અર્થી સાધુઓ સર્વ ઉચિત પ્રવૃત્તિને સ્વભૂમિકાનુસાર આગમને પરતંત્ર થઈને કરે છે જેનાથી વીતરાગ થવાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ થાય છે અને તે ઉદ્યમથી નિર્જરાની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે. **॥૧૮૫॥**

અવતરણિકા :-

एतदेव स्फुटवृत्त्या भावयन्नाह —

અવતરણિકાર્થ :-

આને જ=ભગવાનની આજ્ઞાનુસાર પ્રવૃત્તિને જ, સ્પષ્ટવૃત્તિથી=ધર્મરૂપે છે એ પ્રકારની સ્પષ્ટવૃત્તિથી, ભાવન કરતાં કહે છે —

ગાથા :-

आणाबाहाए जओ सुद्धंपि य कम्ममादि निद्दिट्ठं ।
तदबाहाए उ फुडं तंपि य सुद्धंति एसाणा ।।१८६।।

અન્વયાર્થ :-

જઓ=જે કારણથી, આણાબાહાએ=આજ્ઞાની બાધા વડે=જિનવચનાનુસાર સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ કરવાના પરિણામરૂપ આજ્ઞાની બાધા વડે, સુદ્ધંપિ ય=શુદ્ધ પણ=શુદ્ધ પણ પિંડાદિ વસ્તુ, કમ્મમાદિ=કર્માદિ=આધાકર્માદિ, નિદ્દિટ્ઠં=નિર્દિષ્ટ છે. તદબાહાએ ઉ=વળી તેની અબાધાથી=આજ્ઞાની અબાધાથી, ફુડં તંપિ ય=સ્પષ્ટ તે પણ=આધાકર્માદિ પિંડ પણ, સુદ્ધંતિ એસાણા=શુદ્ધ છે એ પ્રમાણે આજ્ઞા છે. ।।૧૮૬।।

ગાથાર્થ :-

જે કારણથી આજ્ઞાની બાધા વડે=જિનવચનાનુસાર સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ કરવાના પરિણામરૂપ આજ્ઞાની બાધા વડે, શુદ્ધ પણ=શુદ્ધ પણ પિંડાદિ વસ્તુ, કર્માદિ=આધાકર્માદિ, નિર્દિષ્ટ છે. વળી, તેની અબાધાથી=આજ્ઞાની અબાધાથી, સ્પષ્ટ તે પણ=આધાકર્માદિ પિંડ પણ, શુદ્ધ છે એ પ્રમાણે આજ્ઞા છે. ।।૧૮૬।।

ટીકા :-

आज्ञाबाधया जिनवचनोल्लङ्घनरूपया शुद्धमपि च सत्पिण्डादिवस्तु 'कम्ममादि' आधाकर्मादिसर्वैषणा दोषभाग् निर्दिष्टं प्रथमसाधोरिव । तदबाधया त्वाज्ञाया अबाधया पुनर्गृह्यमाणं स्फुटं

निर्व्याजमेव तदपि च आधाकर्मादि दोषदुष्टं भक्तादि शुद्धं द्वितीयसाधोरिव । इत्येषा आज्ञा जैनी वर्त्तते । लौकिका अपि पठन्ति 'भावशुद्धिर्मनुष्यस्य विज्ञेया कार्यसाधनी । अन्यथाऽऽलिङ्ग्यते कान्ता दुहिता पुनरन्यथा ।।१।।' ।।१८६।।

ભાવાર્થ :-

ભગવાન વીતરાગ છે અને વીતરાગનું દરેક વચન સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ કરાવીને વીતરાગભાવને અનુકૂળ અંતરંગ ઉચિત ઉદ્યમ કરવા માટે જીવને ઉપદેશ આપે છે. એથી જેઓ જિનવચનના પરમાર્થને જાણીને જિનવચનાનુસાર સર્વ પ્રવૃત્તિ કરતા હોય તેઓની તે બાહ્ય પ્રવૃત્તિથી ક્વચિત્ આધાકર્માદિનું ગ્રહણ હોય તોપણ અંતરંગ ઉપયોગ વીતરાગના વચનાનુસાર હોવાથી તેઓની આચરણા સુવિશુદ્ધ છે.

વળી, જેઓ માત્ર બાહ્ય શુદ્ધિને જોનારા છે પરંતુ ભગવાનની આજ્ઞા અંતરંગભાવોને અનુરૂપ ઉદ્યમ થાય તેને લક્ષ કરીને ઉચિત બાહ્ય આચરણાની છે એ પ્રમાણે જાણતા નથી તેઓ ભગવાનની આજ્ઞામાં યત્ન કરનારા નથી પરંતુ સ્વમતિ અનુસાર શુદ્ધ ભિક્ષાદિ ગ્રહણ કરે છે તેઓની નિર્દોષ ભિક્ષા પણ કર્મબંધનું કારણ હોવાથી દોષિત જ છે; કેમ કે તેઓને ભગવાન પ્રત્યે બહુમાન નથી. તેથી ભગવાનની આજ્ઞાનો વિચાર કર્યા વગર માત્ર બાહ્ય પ્રવૃત્તિમાં જ ધર્મબુદ્ધિ કરીને તે તે પ્રવૃત્તિ કરે છે, માટે કલ્યાણના અર્થીએ આજ્ઞાના પરમાર્થને જાણીને આજ્ઞામાં યત્ન કરવો જોઈએ. વસ્તુતઃ આજ્ઞા એ ભગવાનનું વચન છે અને તે વચન સમ્યગ્ બોધ-સ્વરૂપે જેઓમાં પ્રગટ થયેલું છે તેઓમાં વર્તતો તે જિનવચનનો યથાર્થ બોધ એ જ ભગવાનની આજ્ઞા છે અને તે વચનાનુસાર કરાયેલી સર્વ પ્રવૃત્તિ મોહના ઉન્મૂલન દ્વારા વીતરાગભાવમાં પર્યવસાન પામે છે. **॥૧૮૬॥**

अवतरणिका :-

आह—'यस्य बुद्धिर्न लिप्येत हत्वा सर्वमिदं जगत् । आकाशमिव पङ्केन नासौ पापेन लिप्यते ।।१।।' इत्यादिवचनप्रामाण्याद् भावशुद्धिरेव गवेषणीया, किमाज्ञायोगेनेत्याशङ्क्याह —

अवतरणिकार्थ :-

અહીં કોઈ પ્રશ્ન કરે છે 'જેની બુદ્ધિ આ સર્વ જગતને હણીને લેપાતી નથી જેમ આકાશ કાદવથી લેપાતું નથી, તે પુરુષ પાપથી લેપાતો નથી' ઇત્યાદિ વચનનું પ્રમાણપણું હોવાથી ભાવશુદ્ધિ જ ગવેષણીય છે, આજ્ઞાયોગથી શું અર્થાત્ આજ્ઞાયોગનો આગ્રહ કરવો નિરર્થક છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે —

ગાથા :-

तन्निरवेक्खो नियमा परिणामोवि हु असुद्धओ चेव ।
तित्थगरेऽबहुमाणासग्गहरूवो मुणेयव्वो ।।१८७।।

અન્વયાર્થ :-

तन्निरवेक्खो=तद्निरपेक्ष=ભગવાનની આજ્ઞાનિરપેક્ષ, परिणामोवि=પરિણામ પણ, नियमा असुद्धओ चेव=નિયમથી અશુદ્ધ જ છે. तित्थगरेऽबहुमाणासग्गहरूवो मुणेयव्वो=તીર્થંકરમાં અબહુમાનને કારણે અસદ્ગ્રહરૂપ જાણવો. ।।૧૮૭।।

ગાથાર્થ :-

तद्निरपेक्ष=ભગવાનની આજ્ઞાનિરપેક્ષ, परिणाम પણ નિયમથી અશુદ્ધ જ છે. તીર્થંકરમાં અબહુમાનને કારણે અસદ્ગ્રહરૂપ જાણવો. ।।૧૮૭।।

ટીકા :-

तन्निरपेक्ष आज्ञाबाह्यः स्वेच्छामात्रप्रवृत्तो नियमाद् निश्चयेन 'परिणामोवि हु'त्ति प्रस्तावात् शुभोऽपि परिणामोऽन्तःकरणपरिणतिरूपोऽशुद्ध एव मलिन एव । कुतः, यतः स तीर्थङ्करे भगवति सर्वजगज्जीववत्सले विषयभूतेऽबहुमानाद् बहुः प्रभूतः स्वात्मापेक्षया मानो मननं बहुमानस्तत्प्रतिषेधादबहुमानस्तस्माद्धेतुभूतात् सकाशाद् असद्ग्रहरूपोऽसुन्दराग्रहरूपो मुणितव्यो ज्ञेयः । यद्वक्ष्यति— 'सुद्धुंछाइसु जत्तो गुरुकुलचागाइणेह वित्रेओ । पिच्छत्थं सवरसरक्खवहणपायच्छिवणतुल्लो ।।१।।' इत्यादि । नहि यो यद्वचननिरपेक्षः प्रवर्त्तते स तत्र बहुमानवान् भवति, यथा कपिलादिः सुगतशिवादौ देवताविशेषे, जिनवचननिरपेक्षश्च गुरुकुलवासादिपरित्यागेन शुद्धपिण्डैषणादिकारी साधुः, तस्माद् न भगवति बहुमानवानिति ।।१८७।।

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરી એ પ્રમાણે 'જેઓનું ચિત્ત અલિપ્તભાવવાળું છે તેઓ કર્મથી લેપાતા નથી.' એ વસ્તુ તેમજ છે પરંતુ ચિત્તને નિર્લેપ કરવા માટે નિર્લેપ થવાના ઉપાય બતાવનારા ભગવાનના વચનનું બહુમાન આવશ્યક છે. જેઓને વીતરાગ પ્રત્યે બહુમાન નથી તેથી વીતરાગના વચન પ્રત્યે બહુમાન નથી છતાં 'મારે નિર્લેપ પરિણતિ કરવી છે' એ પ્રકારે સ્વમતિ અનુસાર બાહ્ય ત્યાગ કરીને પોતે નિર્લેપ છે તેમ માને છે તેથી તેઓનો સ્થૂળથી દેખાતો નિર્લેપભાવ પણ અસદ્ગ્રહથી દૂષિત હોવાના કારણે અશુદ્ધ જ છે; કેમ કે જેઓને અસદ્ગ્રહ નથી તેઓ તો માર્ગાનુસારી બુદ્ધિથી વિચારી શકે છે કે 'અતીન્દ્રિય પદાર્થો છદ્મસ્થના જ્ઞાનનો વિષય નથી અને ભગવાને સર્વજ્ઞ થયા પછી પોતાના તુલ્ય થવાના ઉપાયરૂપે જે માર્ગ બતાવ્યો છે તેના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ અને જે સ્થાનમાં વિશેષ નિર્ણય ન થાય ત્યાં પણ તીર્થંકરના વચનને પ્રમાણ કરીને યત્ન કરવો જોઈએ જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય.' માટે જેઓ સ્વમતિકલ્પનાથી નિર્લેપભાવના વિચારોનું અવલંબન લઈને પોતાને શુદ્ધ પરિણામવાળા માને છે તેઓને પોતાની મંદબુદ્ધિમાં પણ અધિકબુદ્ધિનો ભ્રમ વર્તે છે તેથી પોતાની તુચ્છ મતિ અનુસાર ચાલવાના અસદ્ગ્રહરૂપ મલિનભાવથી યુક્ત તેઓનો પરિણામ છે માટે અશુદ્ધ છે. **॥૧૮૭॥**

અવતરણિકા :-

અથાસ્ય શુભલેશ્યત્વમપિ દૃષ્ટાન્તોપન્યાસેન તિરસ્કુર્વન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે આનું=આજ્ઞાબાહ્યનું, શુભલેશ્યાપણું પણ=ધર્માનુષ્ઠાન કરવાવિષયક જે શુભલેશ્યાપણું છે તે પણ, દૃષ્ટાંતના ઉપન્યાસથી તિરસ્કાર કરતાં કહે છે=તુચ્છ પુણ્યને અનુકૂળ શુભલેશ્યાપણું હોવા છતાં પણ આત્મકલ્યાણને અનુકૂળ શુભલેશ્યાપણું નથી એમ બતાવતાં કહે છે –

ગાથા :-

गलमच्छभवविमोयगविसन्नभोईण जारिसो एसो ।
मोहा सुहो वि असुहो तप्फलओ एवमेसो वि ।।१८८।।

અન્વયાર્થ :-

गलमच्छभवविमोयगविसन्नभोईण=ગલમત્સ્ય, ભવવિમોચક, વિષાન્નભોજીનો, जारिसो=જેવા પ્રકારનો, एसो=આ છે=શુભપરિણામ છે, एवमेसो वि=એવા પ્રકારનો આ પણ=આજ્ઞાબાહ્ય અનુષ્ઠાન કરનારનો પણ શુભલેશ્યાનો પરિણામ છે, मोहा सुहो वि असुहो तप्फलओ=મોહને કારણે શુભ પણ તેના ફળથી અશુભ છે. ।।૧૮૮।।

ગાથાર્થ :-

ગલમત્સ્ય, ભવવિમોચક, વિષાન્નભોજીનો જેવા પ્રકારનો આ છે=શુભપરિણામ છે, એવા પ્રકારનો આ પણ=આજ્ઞાબાહ્ય અનુષ્ઠાન કરનારનો પણ શુભલેશ્યાનો પરિણામ છે, મોહને કારણે શુભ પણ તેના ફળથી અશુભ છે. ।।૧૮૮।।

ટીકા :-

गलो नाम प्रान्तन्यस्तामिषो लोहमयः कण्टको मत्स्यग्रहणार्थं जलमध्ये सञ्चारितः, तद्ग्रसनप्रवृत्तो मत्स्यस्तु प्रतीत एव । ततो गलेनोपलक्षितो मत्स्यो गलमत्स्यः । भवाद् दुःखबहुलकुयोनिलक्षणाद् दुःखितजीवान् काकशृगालपिपीलिकामक्षिकादींस्तथाविधकुत्सितवचनसंस्कारात् प्राणव्यपरोपणेन मोचयत्युत्तारयतीति भवविमोचकः पाखण्डिविशेषः । विषेण मिश्रमन्नं विषान्नं तद् भुंक्ते तच्छीलश्च यः स तथाविधः । ततो गलमत्स्यश्च भवविमोचकश्च विषान्नभोजी चेति द्वंद्वस्तेषां यादृश एष परिणामः प्रत्यपायफल एव । कुतः, मोहादज्ञानात् पर्यन्तदारुणतया शुभोऽपि स्वकल्पनया स्वरुचिमन्तरेण तेषां तथा प्रवृत्तेरयोगात् सुन्दरोऽपि सन् अशुभः संक्लिष्ट एव । कुत इत्याह—तत्फलतः भावप्रधानत्वाद् निर्देशस्य तत्फलत्वाद् अशुभपरिणामफलत्वात् । अथ प्रकृते योजयन्नाह—एवं गलमत्स्यादिपरिणामवत्

एषोऽपि जिनाज्ञोल्लङ्घनेन धर्मचारिपरिणामस्तत्फलत्वादशुभ एव । आज्ञापरिणामशून्यतया उभयत्रापि समानत्वेन तुल्यमेव किल फलमिति ।।१८८।।

ભાવાર્થ :-

ગલમત્સ્યાદિને સ્થૂળથી ખાવાનો શુભ પરિણામ છે, પરમાર્થથી પોતાના વિનાશનો પરિણામ છે તેમ ભગવાનના વચનનિરપેક્ષ સ્વમતિ અનુસાર ધર્માનુષ્ઠાન કરનારા પુરુષો જો ગીતાર્થ ગુરુથી અપ્રજ્ઞાપનીય હોય તો સંયમની ક્રિયા કરીને તેઓ કષાયના અપ્રવર્તનરૂપ શુભલેશ્યા કરે છે તે પણ અજ્ઞાનને કારણે કદાગ્રહથી દૂષિત છે તેથી તે અનુષ્ઠાનના પારમાર્થિક ફળને તેઓ પ્રાપ્ત કરતા નથી. વસ્તુતઃ અનુષ્ઠાનના સેવનકાળમાં કષાયોની અપ્રવૃત્તિ કરીને તેઓ શુભલેશ્યા પ્રાપ્ત કરે છે તેથી દેવાદિ ગતિને પામે છે તોપણ ચિત્તમાં ભગવાનના વચન પ્રત્યેનો લેશ પણ પારમાર્થિક રાગ નથી તેથી વીતરાગતાને અભિમુખ પરિણામ થતો નથી તેને કારણે તે શુભલેશ્યાથી દેવગતિ આદિને પામીને પણ ભોગાદિમાં અધિક લિપ્સા કરીને દુર્ગતિઓની પરંપરાને પામે છે. માટે આજ્ઞાબાહ્ય જીવોનાં શુભ અનુષ્ઠાન પણ ફળથી અશુભ જ છે. **॥૧૮૮॥**

અવતરણિકા :-

આહ—कस्माच्छुभोऽपि परिणामो मोहादशुभतां प्रतिपद्यत इत्याशंक्याह —

અવતરણિકાર્થ :-

અહીં પ્રશ્ન કરે છે — કયા કારણથી શુભ પણ પરિણામ=આજ્ઞાબાહ્ય જીવોનો કષાયના અપ્રવર્તનરૂપ શુભ પણ પરિણામ, મોહથી અશુભતાને પ્રાપ્ત કરે છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે —

ગાથા :-

जो मंदरागदोसो परिणामो सुद्धओ तओ होति ।
मोहम्मि य पबलम्मी ण मंदया हंदि एएसिं ।।१८९।।

અન્વયાર્થ :-

जो मंदरागदोसो परिणामो=જે મંદ રાગદ્વેષનો પરિણામ છે, तओ सुद्धओ होति=તે શુદ્ધ પરિણામ હોય છે, मोहम्मि य पबलम्मी=અને મોહની પ્રબળતા હોતે છતે, एएसिं=આમની=રાગદ્વેષની, ण मंदया हंदि=મંદતા નથી. ।।૧૮૯।।

ગાથાર્થ :-

જે મંદ રાગદ્વેષનો પરિણામ છે તે શુદ્ધ પરિણામ હોય છે અને મોહની પ્રબળતા હોતે છતે આમની=રાગદ્વેષની, મંદતા નથી. ।।૧૮૯।।

ટીકા :-

यः कश्चिद् रागश्च द्वेषश्च रागद्वेषौ । तत्र रागोऽभिष्वङ्गः स च स्नेहकामदृष्टिरागभेदात् त्रिप्रकारः । तत्र स्नेहरागो जनकादिस्वजनलोकालम्बनः । कामरागः प्रियप्रमदादिविषयसाधनवस्तुगोचरः । दृष्टिरागः पुनर्योऽयं दर्शनिनां निजनिजदर्शनेषु युक्तिपथावतारासहेष्वपि कम्बललाक्षारागवत् प्रायेणोत्तारयितुमशक्यः पूर्वरागद्वयापेक्षयातिदृढस्वभावः प्रतिबन्धो विजृम्भते स इति । द्वेषो मत्सरः । अयमपि तत्तत्कार्यमपेक्ष्य सचित्ताचित्तद्रव्यगोचरतया द्विभेदः । ततो मन्दौ निर्बीजीभूतौ निर्बीजीभावाभिमुखौ वा रागद्वेषौ यस्मिन् स तथा परिणामो निरूपितरूपः शुद्धकः परिशुद्धस्वभावः 'तउ'त्ति तको भवति जायते । यत एवं, ततो मोहे च विपर्यासे मिथ्यात्वमोहनीयोदयजन्ये पुनः प्रबले गुणवत्पुरुषप्रज्ञापनाया अप्यसाध्यत्वेन बलीयसि विजृम्भमाणे सति न नैव मन्दता निहतशक्तिरूपता । हंदीति सन्निहितसभ्यजनस्य पश्यतः स्वयमेव प्रयोजनं पश्यतु भवानेव यदि मन्दता स्याद् एतयोः रागद्वेषयोः । न हि कारणमन्दतामन्तरेण कार्यमल्पीभवितुमर्हति, महाहिमपातसमये इव रोमोद्धुषणादयः शरीरिणां शरीरविकारा इति ।।१८९।।

ભાવાર્થ :-

સંસારના ઉચ્છેદનું કારણ બને તેવી રાગદ્વેષની મંદતાનો પરિણામ છે તે શુદ્ધ પરિણામ છે. તેથી જેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાને અભિમુખ થયા છે અને તેના કારણે રાગદ્વેષની મંદતા થયેલ છે તેઓની રાગદ્વેષની મંદતા કદાગ્રહથી દૂષિત નહીં હોવાના કારણે શુદ્ધ પરિણામરૂપ છે.

વળી, જેઓને મોહનો પ્રબળ પરિણામ છે તેથી સ્વમતિ અનુસાર ધર્મની પ્રવૃત્તિ કરવાની વૃત્તિ છે તેઓ ધર્મની પ્રવૃત્તિ કરીને જે રાગદ્વેષને મંદ કરે છે તે મંદતા પણ રાગદ્વેષના નાશને અનુકૂળ નહીં હોવાથી પરમાર્થથી મંદતા નથી; કેમ કે બાહ્યથી તપ આદિ ક્રિયાઓ કરીને તેઓમાં કષાયોની અપ્રવૃત્તિ દેખાય છે તોપણ ભગવાનની આજ્ઞાનિરપેક્ષ સ્વમતિ અનુસાર ચાલવાની વૃત્તિ અત્યંત સ્થિર પરિણામવાળી છે. તેથી સંસારના ઉચ્છેદનું કારણ બને તેવી રાગદ્વેષની મંદતા તેઓમાં નહીં હોવાને કારણે તેઓનો શુભપરિણામ પણ અશુભતાને પામે છે. આથી તે શુભપરિણામ દ્વારા દેવલોક આદિને મેળવીને પણ તેઓ દુરંત સંસારમાં ભમે છે. **॥૧૮૯॥**

અવતરણિકા :-

ननु मिथ्यादृशामपि केषाञ्चित् स्वपक्षनिबद्धोद्धुरानुबन्धानामपि भूयानुपशमः प्रबलमोहत्वेऽपि दृश्यते, स कथं जातः ? इत्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – કેટલાક મિથ્યાદૃષ્ટિ પણ સ્વપક્ષમાં બદ્ધ આગ્રહવાળા જીવોને પણ ઘણી

વખત પ્રબળ મોહ=અજ્ઞાનપણું, હોવા છતાં પણ ઉપશમ દેખાય છે તે કેવી રીતે થયો ? એથી કહે છે –

ગાથા :-

संमोहसत्थयाए जहाहिओ हंत दुक्खपरिणामो ।
आणावज्झसमाओ एयारिसओ वि विन्नेओ ।।१९०।।

અન્વયાર્થ :-

संमोहसत्थयाए=સંમોહ સ્વસ્થતાથી, जहाहिओ=જેવા પ્રકારનો અધિક, हंत दुक्खपरिणामो=ખરેખર દુઃખનો પરિણામ થાય છે, आणावज्झसमाओ=આજ્ઞાબાહ્ય એવા શમથી=એવા ઉપશમથી, एयारिसओ वि विन्नेओ=આવા પ્રકારનો જ જાણવો. ।।૧૯૦।।

ગાથાર્થ :-

સંમોહ સ્વસ્થતાથી જેવા પ્રકારનો અધિક ખરેખર દુઃખનો પરિણામ થાય છે, આજ્ઞાબાહ્ય એવા શમથી=એવા ઉપશમથી, આવા પ્રકારનો જ જાણવો. ।।૧૯૦।।

ટીકા :-

संमोहः सन्निपातो युगपद्वातपित्तश्लेष्मसंक्षोभजन्यो व्याधिविशेषः, तस्य स्वस्थता देहादनुत्तारेऽपि कुतोऽपि वेलाबलादनुद्रेकावस्था संमोहस्वस्थता तस्यां सत्यामपि, यथा अधिकः प्रभूतः भूयः संक्षोभात् प्रागवस्थामपेक्ष्य जायते, हन्तेति प्रत्यवधारणे, ततोऽस्माभिरवधार्य निगद्यमानमेतत् प्रत्यवधारयन्तु भवन्तः । दुःखपरिणामो मूर्च्छाप्रलापाङ्गभङ्गादिः 'आणावज्झसमाओ' इति आज्ञाबाह्यात् शमाद् रागद्वेषमन्दतालक्षणात् तथाविधदेवभवैश्वर्यमनुष्यजन्मराज्यादिसुखस्य किञ्चित्कालं लाभेऽपि पापानुबन्धिपुण्यवशाद् भगवतोऽपि सद्धर्मबीजवपनविधावेकान्तेन खीलीभूतात्मनां कुणिकब्रह्मदत्तादीनामिवोपात्तदुरन्तपापप्राग्भाराणां एतादृशकः सुसंमोहः स्वस्थतोत्तरकालभाविदुःखपरिणामतुल्य एव विज्ञेयो मुणितव्यः । तौ हि रागद्वेषावव्यावृत्तप्रबलविपर्यासौ सन्तौ पापानुबन्धिनः सातवेद्यादेः कर्मणो मिथ्यात्वमोहनीयस्य च बन्धहेतू भवतः । ततो भवान्तरे प्राप्तौ तत्पुण्यपाकेन समुदीर्णमिथ्यात्वमोहा अतएव हिताहितकृत्येषु मूढतामुपगता मलिनकर्मकारिणः प्रागुपात्तपुण्याभासकर्म्मोपरमे निष्पारनारकादिदुःखजलधिमध्यमज्जिनो जीवा जायन्त इति ।।१९०।।

ભાવાર્થ :-

કોઈને સંનિપાતનો રોગ થયો હોય અને કોઈક વેળાએ અનુદ્રેક અવસ્થામાં સ્વસ્થતા દેખાતી હોય તોપણ તે સ્વસ્થતા અધિક સંમોહ થશે ત્યારે દુઃખના પરિણામરૂપ જ પ્રાપ્ત થશે. તે રીતે ભગવાનના વચનથી

નિરપેક્ષ અનિવર્તનીય રુચિવાળા આજ્ઞાબાહ્ય જીવોને ધર્માનુષ્ઠાનથી જે કષાયોની શાંતતા દેખાય છે તે તત્કાલ શાંત છે પરંતુ અસદ્ગ્રહથી દૂષિત હોવાને કારણે ભાવિમાં પ્રચુર કષાયને કરાવીને દુરંત સંસારના પરિભ્રમણનું કારણ છે માટે કદાગ્રહથી દૂષિત મતિવાળા જીવોથી સેવાયેલું ધર્માનુષ્ઠાન તત્કાલ કષાયોનો ઉપશમ કરે છે તોપણ આત્મામાં સ્થિર થયેલો અસદ્ગ્રહનો પરિણામ વિપર્યાસ કરાવીને અનર્થની પરંપરાનું કારણ બને છે, માટે બુદ્ધિમાન પુરુષે અસદ્ગ્રહનો ત્યાગ કરીને ભગવાનના વચનના રહસ્યને જાણવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ જેથી સેવાયેલું અલ્પ પણ અનુષ્ઠાન પરંપરાએ વીતરાગતાની પ્રાપ્તિનું કારણ બને. ॥૧૯૦॥

અવતરણિકા :-

एतदेव तीर्थान्तरीयमतेन संवादयन्नाह –

અવતરણિકાર્થ :-

આને જ=આજ્ઞાબાહ્ય જીવોની ધર્માનુષ્ઠાનની પ્રવૃત્તિ ફળથી અશુભ છે એને જ, અન્ય દર્શનના મતથી સંવાદન કરતાં=સમર્થન કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

एत्तो च्चिय अवणीया किरियामेत्तेण जे किलेसा उ ।
मंडुक्कचुन्नकप्पा अन्नेहिवि वन्निया णवरं ।।१९१।।

અન્વયાર્થ :-

एत्तो च्चिय=આથી જ=આજ્ઞાબાહ્ય જીવોનું અનુષ્ઠાન દુઃખપરિણામવાળું છે આથી જ, किरियामेत्तेण= ક્રિયા માત્રથી, जे किलेसा उ अवणीया=જે ક્લેશો અપનીત કરાયા (તે ક્લેશો), णवरं अन्नेहिवि=કેવળ અન્યો વડે પણ, मंडुक्कचुन्नकप्पा वन्निया=મંડૂકચૂર્ણ જેવા કહેવાયેલા છે. ॥૧૯૧॥

ગાથાર્થ :-

આથી જ=આજ્ઞાબાહ્ય જીવોનું અનુષ્ઠાન દુઃખપરિણામવાળું છે આથી જ, ક્રિયા માત્રથી જે ક્લેશો અપનીત કરાયા તે ક્લેશો, કેવળ અન્યો વડે પણ મંડૂકચૂર્ણ જેવા કહેવાયેલા છે. ॥૧૯૧॥

ટીકા :-

इत एवाज्ञाबाह्यशमस्य दुःखपरिणामफलत्वाद् हेतोः । किमित्याह—अपनीता इवापनीताः समुद्भूतावस्थां त्याजिताः, क्रियामात्रेण क्रिययैव बालतपश्चरणाऽकामशीतोष्णाद्यधिसहनरूपया सम्यग् विवेकविकलत्वेन केवलया वक्ष्यमाणतुशब्दस्य पुनरर्थस्येहाभिसम्बन्धाद् ये तु ये पुनः क्लेशाः कामक्रोधलोभाभिमानादयो दोषाः, ते मण्डूकस्य भेकस्य मृतकस्य सतस्तथाविधप्रयोगाद्यश्चूर्णः अतिसूक्ष्मखण्डसमूहलक्षणो

मण्डूकचूर्णस्तस्मात् किञ्चिदूना मण्डूकचूर्णकल्पा वर्त्तन्ते । इत्यन्यैरपि तीर्थान्तरीयैः सौगतादिभिर्वर्णिताः स्वशास्त्रेषु निरूपिता नवरं केवलम् । तदुक्तं—'क्रियामात्रतः कर्म्मक्षयो मण्डूकचूर्णवत्, भावनातस्तु तद्भस्मवत्' इत्यादि ।।१९१।।

ભાવાર્થ :-

આજ્ઞાબાહ્ય ધર્માનુષ્ઠાન કરનારા જીવોની ક્રિયા દૂરદૂરવર્તી પણ સર્વજ્ઞના વચનના બોધથી નિયંત્રિત નથી તેથી અજ્ઞાનમૂલક ક્રિયાઓ છે. જો કે તેઓ પણ નિર્દોષ ભિક્ષાચર્યાદિની ક્રિયા જિનવચનાનુસાર કરે છે તોપણ તે ક્રિયા દ્વારા મધ્યસ્થભાવની વૃદ્ધિ કરીને પૂર્ણ મધ્યસ્થતારૂપ વીતરાગતાની પ્રાપ્તિનું કારણ બને તેવો જ્ઞાનનો અંશ તેઓની ક્રિયામાં નથી; કેમ કે જિનવચનના પરમાર્થને જાણવાને અભિમુખ પરિણામ તેઓમાં નથી, પરંતુ સ્વરુચિ અનુસાર ક્રિયા કરવાની રુચિ છે, તેથી તેઓની ક્રિયા અજ્ઞાનમૂલક છે અને તેવી ક્રિયાને અન્ય દર્શનવાળા મંડૂકચૂર્ણ જેવી ક્લેશહ્રાસને કરનારી કહે છે. તેથી તેનાથી નાશ થયેલા ક્લેશો ફરી સામગ્રી મળતાં પ્રચુર બને છે.

વળી, જેઓ કદાગ્રહથી દૂષિત મતિવાળા નથી અને કદાચ વિશેષ શાસ્ત્રનો બોધ પામ્યા નથી છતાં પ્રકૃતિથી તત્ત્વને અભિમુખ હોવાથી ધર્મક્રિયા કરીને પોતાના મધ્યસ્થભાવને અતિશયિત કરે છે તેઓની ક્રિયા મધ્યસ્થભાવની વૃદ્ધિ દ્વારા વીતરાગતામાં પર્યવસાન પામનાર હોવાથી તેટલા તેટલા અંશથી જ્ઞાનપૂર્વકની છે તેથી તેઓની ક્રિયાથી જે ક્લેશનો નાશ થાય છે તે મંડૂકચૂર્ણ જેવો નથી પરંતુ જે જે અંશથી વિવેક છે તે તે અંશથી દગ્ધ મંડૂકચૂર્ણ જેવો ક્લેશનો નાશ છે. આથી જ કદાગ્રહ વગરના વિષયશુદ્ધ અનુષ્ઠાન કરનારા મોક્ષના આશયપૂર્વક ભૃગુપાતાદિ કરવાની અસમંજસ ક્રિયા કરતા હોય ત્યારે પણ મોક્ષનો આશય વિશુદ્ધ હોવાથી અને સામગ્રી મળે તો પ્રજ્ઞાપનીય થાય તેવી પ્રકૃતિ હોવાથી તેઓને ઉચિત જન્મની પ્રાપ્તિ થાય છે જે ઉચિત જન્મ જ પરંપરાએ સંસારના ઉચ્છેદનું કારણ બને છે.

જ્યારે અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા જીવો સ્થૂળથી ઘણાં શાસ્ત્રો ભણેલા હોય તોપણ તે શાસ્ત્રનો બોધ તેઓમાં મધ્યસ્થભાવની વૃદ્ધિ કરાવતો ન હોય અને સ્વમતિ અનુસાર શાસ્ત્રના અર્થોને કરીને પોતાના કદાગ્રહની પુષ્ટિ કરતો હોય તો તેઓની તપ-સંયમની સર્વ ક્રિયાથી થનારો ક્લેશનો નાશ મંડૂકચૂર્ણ જેવો છે તેથી ભાવિમાં અધિક ક્લેશનું કારણ છે. **॥૧૯૧॥**

અવતરણિકા :-

મધ્યસ્થ પરિણતિથી સંવલિત જ્ઞાનના ઉપયોગ વગરની ક્રિયાથી ક્લેશનો નાશ કેવો થાય છે તે પૂર્વમાં બતાવ્યું. હવે મધ્યસ્થ પરિણતિથી યુક્ત જ્ઞાનના ઉપયોગવાળા જીવોની ક્રિયાથી ક્લેશનો નાશ કેવા પ્રકારનો થાય છે ? તે બતાવે છે —

ગાથા :-

सम्मकिरियाए जे पुण ते अपुणब्भावजोगओ चेव ।
णेयग्गिदड्ढतच्चुत्रतुल्ल मो सुवयणणिओगा ।।१९२।।

અન્વયાર્થ :-

સમ્મકિરિયાए જે પુણ તે=સમ્યક્ ક્રિયાથી જે વળી ક્લેશો અપનીત છે તે, અપુણબ્ભાવજોગઓ चેવ= અપુનર્ભાવના યોગને કારણે જ, णेયગ્ગિદડ્ઢતચ્ચુન્નતુલ્લ મો=અગ્નિદગ્ધતચ્ચૂર્ણ તુલ્ય જાણવા=બળી ગયેલા મંડૂકચૂર્ણ સમાન જાણવા. સુવયણણિઓગા=કેમ કે સુવચનનો નિયોગ છે. ।।૧૯૨।।

ગાથાર્થ :-

સમ્યક્ ક્રિયાથી જે વળી ક્લેશો અપનીત છે તે અપુનર્ભાવના યોગને કારણે જ અગ્નિદગ્ધતચ્ચૂર્ણ તુલ્ય જાણવા=બળી ગયેલા મંડૂકચૂર્ણ સમાન જાણવા; કેમ કે સુવચનનો નિયોગ છે. ।।૧૯૨।।

ટીકા :-

सम्यक् क्रियया सर्वार्थेष्वभ्रान्तबोधगर्भया तथाविधव्रतादिसेवनरूपया ये पुनरपनीताः क्लेशाः, तेऽपुनर्भावयोगतश्चैव, पुनर्भावयोगः-अपनीतानामपि तथाविधसामग्रीवशात् पुनरुन्मीलनं, तत्प्रतिषेधादपुनर्भावयोगस्तस्मादेव ज्ञेयाः, अग्निदग्धतच्चूर्णतुल्या वैश्वानरप्लुष्टप्लवककायचूर्णाकाराः । 'मो' इति पादपूरणार्थः । कुत इत्याह—सुवचननियोगात् कषच्छेदतापताडनशुद्धाप्तवचनव्यापारणात् । यथा हि मण्डूकचूर्णो दाहमन्तरेण निर्जीवतामापन्नोऽपि तथाविधप्रावृडादि समयसमुपलब्धावनेक-प्रमाणदर्दुररूपतया सद्य एवोद्भवति, तथा कायक्रियामात्रेण क्लेशाः प्रलयमानीता अपि भवान्तरप्राप्तौ तथाविधराज्यादिलाभकालेऽसह्यरूपतामादाय नरकादिफलाः सम्पद्यन्ते । स एव यथा चूर्णो दग्धः सन्निर्बीजतामागतस्तथाविधसामग्रीसंभवेऽपि नोन्मीलितुमुत्सहते, तथा सर्वज्ञाज्ञासम्पर्क्ककर्कशक्रिया-योगतः क्लेशाः क्षयमुपनीताश्चक्रवर्त्यादिपदप्राप्तावपि नात्मानं लब्धुमलमिति ।।१९२।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ સર્વજ્ઞના વચનાનુસાર કરાયેલી ક્રિયા કઈ રીતે મોહના ઉન્મૂલનનું કારણ છે તેનો યથાર્થ બોધ કરીને અને કઈ ક્રિયા પોતે જિનવચનાનુસાર સેવી શકશે તેનો યથાર્થ નિર્ણય કરીને સ્વશક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન પૂર્ણ વિધિ અનુસાર સેવે છે તેઓની સમ્યક્ ક્રિયાથી જે ક્લેશોનો નાશ થાય છે તે અગ્નિથી દગ્ધ મંડૂકચૂર્ણ તુલ્ય છે અર્થાત્ અગ્નિથી દગ્ધ મંડૂકચૂર્ણમાંથી ફરી મંડૂક ઉત્પન્ન થઈ શકે નહીં તેમ તે ક્રિયાથી નાશ થયેલા ક્લેશો ફરી ઉત્પન્ન થઈ શકતા નથી, તેથી તે ક્લેશોના અપુનર્ભાવનો યોગ છે.

અહીં પ્રશ્ન થાય કે સમ્યક્ ક્રિયાથી ક્લેશનાશનો અપુનર્ભાવનો યોગ કેમ છે ? તેથી કહે છે – સુવચનનો નિયોગ છે.

આશય એ છે કે સર્વજ્ઞએ કહેલાં ઉત્તમવચનોરૂપ સુવચનોના નિયોજનથી કરાયેલી તે ક્રિયા હોવાથી તે મહાત્મા તે ક્લેશોનો નાશ કરીને જિનતુલ્ય થવાના વ્યાપારવાળા છે તેથી તેઓની ક્રિયાથી નાશ થયેલા ક્લેશો ફરી ક્યારેય ઉત્પન્ન થતા નથી. ફક્ત જિનવચનાનુસાર અનુષ્ઠાન કરવાના અર્થી એવા અભ્યાસદશાવાળા

જીવો કાંઈક સ્ખલનાવાળી ક્રિયા કરતા હોય તોપણ સુવિશુદ્ધ ક્રિયાના પરમાર્થને જાણવા માટે અને જાણીને તે પ્રમાણે કરવાની રુચિવાળા હોય તો તેઓની તે ક્રિયા પરિપૂર્ણ સમ્યક્ નહીં હોવા છતાં સમ્યક્ ક્રિયાને અભિમુખભાવવાળી છે તેથી તેઓની ક્રિયાથી પણ તેટલા અંશથી અગ્નિથી દગ્ધ મંડૂકચૂર્ણ જેવા ક્લેશોનો નાશ થાય છે.

અને જેઓ ઘણાં શાસ્ત્ર ભણ્યા હોય છતાં મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રના પરમાર્થને જાણી શક્યા નથી અને સ્વરુચિ અનુસાર શાસ્ત્રનો બોધ કરીને યથાતથા ક્રિયા કરે છે તેઓને સમ્યક્ ક્રિયા કરવા પ્રત્યેની રુચિ પણ નહીં હોવાથી તેઓની ક્રિયાથી થતો ક્લેશનાશ મંડૂકચૂર્ણ જેવો છે. **॥૧૯૨॥**

અવતરણિકા :-

નન્વવિજ્ઞાતસુવચનવિનિયોગાનામપિ કેષાંચિચ્છાસ્ત્રે ચારિત્રરૂપઃ શુભપરિણામઃ શ્રૂયતે, સ કથં તેષાં જાતઃ ? ઇત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

'નનુ'થી શંકા કરે છે – અવિજ્ઞાત સુવચનના વિનિયોગવાળા પણ કેટલાક સાધુઓનો ચારિત્રરૂપ શુભપરિણામ શાસ્ત્રમાં સંભળાય છે, તે=શુભપરિણામ, તેઓને કેવી રીતે થયો ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

मासतुसादीयाण उ मग्गणुसारित्तओ सुहो चेव ।
परिणामो वित्रेओ सुहोहसण्णाणजोगाओ ।।१९३।।

અન્વયાર્થ :-

સુહોહસણ્ણાણજોગાઓ=સુભૌઘ સંજ્ઞાનનો યોગ હોવાને કારણે, માસતુસાદીયાણ ઉ=માષતુષાદિ જીવોને વળી, મગ્ગણુસારિત્તઓ સુહો ચેવ પરિણામો વિન્નેઓ=માર્ગાનુસારીપણાથી શુભ જ પરિણામ જાણવો. ॥૧૯૩॥

ગાથાર્થ :-

સુભૌઘ સંજ્ઞાનનો યોગ હોવાને કારણે માષતુષાદિ જીવોને વળી માર્ગાનુસારીપણાથી શુભ જ પરિણામ જાણવો. ॥૧૯૩॥

ટીકા :-

માષતુષાદિકાનાં ત્વાગમપ્રસિદ્ધાનાં જડસાધૂનાં પુનર્જીવાજીવાદિતત્ત્વગોચરવ્યક્તશ્રુતોપયોગાભાવેઽપિ માર્ગાનુસારિત્વતસ્તીવ્રમિથ્યાત્વમોહનીયક્ષયોપશમભાવાત્, ઇહ ચ માર્ગશ્ચેતસોઽવક્રગમનં ભુજઙ્ગ-ગમનનલિકાયામતુલ્યો વિશિષ્ટગુણસ્થાનાવાપ્તિપ્રગુણઃ સ્વરસવાહી જીવપરિણતિવિશેષસ્તમનુસરતિ

तच्छीलश्च यः स तथा तद्भावस्तत्त्वं तस्मात्, शुभश्चैव परिशुद्ध एव व्यावृत्तविपर्यासदुःख एव परिणामो विज्ञेयः । ननु मार्गानुसारित्वेऽपि बठरतया कथं तत्परिणामशुद्धिरित्याशंक्याह—शुभौघसंज्ञान-योगात् शुभमविपर्यस्तमोघेन सामान्येन सुबहुविशेषावधारणाक्षमं यत्संज्ञानं वस्तुतत्त्वसंवेदनरूपं तस्य योगात् । ते हि बहिर्बहुश्रुतमपठन्तोऽपि अतितीक्ष्णसूक्ष्मप्रज्ञतया बहुपाठकस्थूलप्रज्ञपुरुषानुपलब्धं तत्त्वमवबुध्यन्त इति । तदुक्तं—'स्पृशन्ति शरवत्तीक्ष्णाः स्वल्पमन्तर्विशन्ति च । बहुस्पृशापि स्थूलेन स्थीयते बहिरश्मवत् ।।१।।'

कथानकसम्प्रदायश्चैवम् —

बभूव कश्चिदाचार्यो गुणरत्नमहानिधिः । श्रुतमत्यर्थिशिष्यालि सेव्यमानक्रमाम्बुजः ।।१।। सूत्रार्थपाथसां दाने महाम्भोद इवाश्रमः । संघादिकार्यभाराणां निस्तारे धुर्यसन्निभः ।।२।। तस्यैवान्योऽभवद् भ्राता विशिष्टश्रुतवर्जितः । स्वेच्छया स्थाननिद्रादेः कर्त्ता स्वार्थपरायणः ।।३।। तत्र सूरिः क्वचित्कार्ये श्रान्तः सन् मुग्धबुद्धिभिः । अज्ञातावसरैः शिष्यैर्व्याख्यानं कारितः किल ।।४।। ततोऽसौ श्रान्तदेहत्वाद् व्याख्यायामक्षमत्वतः । चित्तखेदं जगामात्र चिन्तयामास चेदृशम् ।।५।। धन्योऽयं पुण्यवानेष मद्भ्राता निर्गुणो यतः । सुखमास्ते सुखं शेते पारतंत्र्यविवर्जितः ।।६।। वयं पुनरधन्या ये स्वगुणैरेव वश्यताम् । परेषां प्रापिताः स्थातुं सुखेन न लभामहे ।।७।। एवं चिन्तयता तेन निबद्धं कर्म सूरिणा । ज्ञानावरणमत्युग्रमज्ञानादिनिमित्ततः ।।८।। नालोचितं च तत्तेन ततो मृत्वा दिवं गतः । ततोऽप्यसौ च्युतः क्वापि सत्कुले जन्म लब्धवान् ।।९।। कालेन साधुसम्पर्क्काद् बुद्धोऽसौ जिनशासने । सद्गुरूणां समीपेऽथ प्रवव्राज विरागतः ।।१०।। ततोऽसौ सूरिपादान्तेऽधीते सामायिकश्रुतम् । उदीर्णं च तकत् तस्य कर्म जन्मान्तरार्जितम् ।।११।। तस्योदयाद् न शक्नोति ग्रहीतुं पदमप्यसौ । प्रपठन्नप्यविश्रामं बहुमानयुतोऽपि सन् ।।१२।। ततः सूरिरशक्तं तं पाठे ज्ञात्वा तपोधनम् । सामायिकश्रुतस्यार्थं तं संक्षेपादपीपठत् ।।१३।। यथा मा रुष्य मा तुष्येत्येवमेव स भक्तितः । घोषयामास तत्रापि विस्मृतिस्तस्य जायते ।।१४।। ततो महाप्रयत्नेन संस्मृत्य किल किञ्चन । तत्रासौ घोषयामास तुष्टो मासतुषेत्यलम् ।।१५।। ततस्तद्घोषणान्नित्यं माषतुषेत्यभिख्यया । ख्यातिं नीतो महात्मासौ बालिशैः क्रीडनापरैः ।।१६।। अदोऽपि विस्मरत्येष यदा मोहात्तदा तकम् । शून्यचित्तमवाचं च हसन्तो बालका जगुः ।।१७।। अहो माषतुषः साधुरेष मौनेन तिष्ठति । एवमुक्तः स तैर्मेने साधु भो स्मारितं मम ।।१८।। ततोऽधीते तदेवासौ मन्यमानोऽत्यनुग्रहम् । साधवस्तु तथा श्रुत्वा वारयन्तिस्म सादराः ।।१९।। शिक्षयन्ति स्म तं साधो मारुष्येत्यादि घोषय । अतः प्रमोदमापन्नो घोषयामास तत्तथा ।।२०।। एवं सामायिकाद्यर्थेऽप्यशक्तो गुरुभक्तितः । ज्ञानकार्यमसौ लेभे कालतः केवलश्रियम् ।।२१।।१९३।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ શાસ્ત્ર ભણીને શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે તેઓ સર્વજ્ઞના વચનથી નિયંત્રિત સમ્યક્ ક્રિયા કરીને દગ્ધ મંડૂકચૂર્ણતુલ્ય ક્લેશનો નાશ કરી શકે છે. પરંતુ જેઓનાં જ્ઞાનાવરણીય કર્મ પ્રચુર ઉદયમાં છે તેવા માષતુષાદિ સાધુમાં માર્ગાનુસારીભાવ હોવાના કારણે=સંસારના ઉચ્છેદને અનુકૂળ તીવ્ર એવા દર્શનમોહનીયની ક્ષયોપશમભાવની પરિણતિ વિદ્યમાન હોવાને કારણે, સતત ગુણવાન ગુરુના વચનના બળથી સદ્અનુષ્ઠાન સેવનારા બને છે તેથી તેઓને શુદ્ધ પરિણામ વર્તે છે. અત્યંત જડતા હોવા છતાં તેઓને શુભ પરિણામ કેમ થાય છે એથી કહે છે –

શુભૌઘ સંજ્ઞાનનો યોગ છે=મોહનાશની અંતરંગ પ્રવૃત્તિમાં અવિપર્યાસ કરાવે એવો સામાન્યથી યથાર્થ જ્ઞાનનો યોગ છે, તેથી જ ગુણવાન ગુરુના વચનના તાત્પર્યાર્થને સમ્યક્ નિર્ણય કરવા માટે વ્યાપારવાળા થઈને તે વચનાનુસાર સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ કરીને તેઓ પણ દગ્ધ મંડૂકચૂર્ણતુલ્ય ક્લેશનો નાશ કરવા સમર્થ બને છે. **॥૧૯૩॥**

અવતરણિકા :-

અથામુમેવ શુભૌઘસંજ્ઞાનયોગમેષાં ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે આમના=માષતુષાદિ મુનિઓના, આ જ શુભૌઘ સંજ્ઞાન યોગનું ભાવન કરતાં કહે છે –

ગાથા :-

रुद्दो खलु संसारो सुद्धो धम्मो तु ओसहमिमस्स ।
गुरुकुलसंवासे सो निच्छयओ णायमेतेणं ।।१९४।।

અન્વયાર્થ :-

खलु संसारो रुद्दो=ખરેખર સંસાર રૌદ્ર છે. इमस्स तु=વળી આનું=સંસારનું, ओसहं सुद्धो धम्मो=ઔષધ શુદ્ધ ધર્મ છે. सो=તે=શુદ્ધ ધર્મ, निच्छयओ गुरुकुलसंवासे=નિશ્ચયથી ગુરુકુલના સંવાસમાં છે, एतेणं=આમના વડે=માષતુષાદિ જડ મુનિઓ વડે, णायं=જ્ઞાત છે. ।।૧૯૪।।

ગાથાર્થ :-

ખરેખર સંસાર રૌદ્ર છે. વળી, આનું=સંસારનું, ઔષધ શુદ્ધ ધર્મ છે. તે=શુદ્ધ ધર્મ, નિશ્ચયથી ગુરુકુલના સંવાસમાં છે. આમના વડે=માષતુષાદિ જડ મુનિઓ વડે, જ્ઞાત છે. ।।૧૯૪।।

ટીકા :-

रौद्रो विषविकारादिवद्दारुणः, खलुरवधारणे, संसारो नरनारकादिभ्रमणरूपः सर्वशरीरसाधारणः

पारमार्थिकव्याधिस्वभावतामापन्नो यतः, ततः शुद्धो धर्म एव पञ्चनमस्कारस्मरणादिरूप औषधं निवृत्तिहेतुरस्य संसारस्य । यथोक्तम्—'पंचनमोक्कारो खलु विहिदाणं सत्तिओ अहिंसा य । इंदिय-कसायविजओ एसो धम्मो सुहपओगो ।।१।।' एवमवगते यदेष पुनर्निर्णीतवान्, तदाह—गुरुकुलसंवासे गुरोरुक्तलक्षणस्य कुलं परिवारस्तत्र सम्यक् तद्गतमर्यादया वासे सति स शुद्धो धर्म्मो निश्चयतः परमार्थवृत्त्या सम्पद्यते । अनिश्चयरूपस्तु कृत्रिमसुवर्णसदृशः परीक्षामक्षममाणोऽन्यथापि स्यात् । न च तेन किञ्चित्, संसारफलत्वेनासारत्वादिति ज्ञातमेतेन माषतुषादिना साधुजडेनापि सता ।।१९४।।

ભાવાર્થ :-

જે મહાત્માઓને 'ચારગતિના પરિભ્રમણરૂપ સંસાર જીવ માટે અતિ દારુણ છે' તેવો સ્પષ્ટ બોધ છે અને વારંવાર તેનું ભાવન કરીને સંસારથી મુક્ત થવાની સતત ઇચ્છા વર્તે છે અને 'સંસારના ઉચ્છેદનું એક કારણ શુદ્ધ ધર્મ છે અર્થાત્ પંચનમસ્કાર સ્મરણાદિ રૂપ શુદ્ધ ધર્મ છે' તેવો સ્થિર નિર્ણય છે તેઓ તે શુદ્ધ ધર્મના સેવનનો ઉપાય ગુરુકુલવાસ છે તેમ નિશ્ચયથી જાણે છે; કેમ કે ગીતાર્થ ગુરુ જ ધર્મની સર્વક્રિયા વીતરાગતાનું પરમ કારણ બને તે રીતે સેવવાની માર્ગાનુસારી સૂક્ષ્મ દિશા બતાવનારા છે. તેથી તેમના અવલંબનના બળથી મોહના ઉન્મૂલનને અનુકૂળ સંવેગનો પ્રકર્ષ થઈ શકે છે તેવો સ્પષ્ટ નિર્ણય છે તેવા મહાત્માઓ તેવા ગુણવાન ગુરુના વચનના પરમાર્થને યથાર્થ જાણવા યત્ન કરનારા છે અને ગુરુ પણ તેવા જીવોને મોહનાશની ઉચિત દિશા બતાવનારા છે તેથી તેવા ગુણવાન ગુરુને પરતંત્ર થનારા મહાત્માઓમાં શુદ્ધ ધર્મનું સેવન થાય તેવું સમ્યગ્જ્ઞાન ઓઘથી છે માટે તે જ્ઞાનના બળથી તે મહાત્માઓ પણ સુખપૂર્વક સંસારસાગરને તરી શકે છે; કેમ કે જે કાંઈ તેમની જ્ઞાનશક્તિ છે તે જ્ઞાનશક્તિ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને મોહનું ઉન્મૂલન કરે તેવી મધ્યસ્થ પરિણતિનું એક કારણ છે. **॥૧૯૪॥**

અવતરણિકા :-

कुत एतदेवमिति चेदुच्यते —

અવતરણિકાર્થ :-

કયા કારણથી આ=માષતુષાદિનું આ પ્રકારનું જ્ઞાન, આવું છે=ગુણવાનને પરતંત્ર થાય એવું છે ? એ પ્રકારે કોઈ પ્રશ્ન કરે તો ઉત્તર આપે છે —

ગાથા :-

जं कुणति एवमेवं तस्साणं सव्वहा अलंघंतो ।
एगागिमोयणम्मिवि तदखंडण मो इहं णायं ।।१९५।।

અન્વયાર્થ :-

જં=જે કારણથી, એવં=આ પ્રમાણે=ગાથા-૧૯૪માં કહ્યું એ પ્રકારે નિશ્ચય હોવાથી, તસ્સાણં=તેમની આજ્ઞાને, સવ્વહા અલંઘંતો=સર્વથા અલંઘન કરતા=ગુણવાન ગુરુની આજ્ઞાને સર્વથા અલંઘન કરતા, એવં કુણતિ=આ પ્રમાણે કરે છે=પારમાર્થિક ગુરુકુલસંવાસ થાય એ પ્રમાણે માષતુષાદિ કરે છે. એગાગિમોયણમ્મિવિ=એકાકી મોચનમાં પણ, તદખંડણ=તેનું અખંડન=ગુરુકુલવાસમાં પ્રવૃત્ત એવી ચક્રવાલ સામાચારીનું અખંડન, ઇહં=અહીં=ગુરુઆજ્ઞાના અલંઘનમાં, ણાયં=દૃષ્ટાંત છે. ॥૧૯૫॥

ગાથાર્થ :-

જે કારણથી આ પ્રમાણે=ગાથા-૧૯૪માં કહ્યું એ પ્રકારે નિશ્ચય હોવાથી, તેમની આજ્ઞાને સર્વથા અલંઘન કરતા=ગુણવાન ગુરુની આજ્ઞાને સર્વથા અલંઘન કરતા, આ પ્રમાણે કરે છે= પારમાર્થિક ગુરુકુલસંવાસ થાય એ પ્રમાણે માષતુષાદિ કરે છે. એકાકી મોચનમાં પણ, તેનું અખંડન=ગુરુકુલવાસમાં પ્રવૃત્ત એવી ચક્રવાલ સામાચારીનું અખંડન, અહીં=ગુરુઆજ્ઞાના અલંઘનમાં, દૃષ્ટાંત છે. ॥૧૯૫॥

ટીકા :-

यद्यस्मात् कुरुते एवं निश्चयतः, एवं गुरुकुलसंवासं माषतुषादिः । कीदृश इत्याह—तस्य गुरोराज्ञामिच्छामिथ्याकारादिपरिपालनरूपां सर्वथा मनसा वाचा कायेन च अलंघयन्ननतिक्रामन् । नन्वेकाकिनस्तस्य किमित्याह—एकाकिमोचनेऽपि कुतोऽप्यशिवादिपर्यायादेकाकिनोऽपरसाधुसाहाय्यरहितस्य क्वचिद् ग्रामनगरादौ गुरुणा स्थापने सत्यपि तदखण्डना गुर्वाज्ञानुल्लंघना वर्त्तते 'मो' इति प्राग्वत् । अय-मत्राभिप्रायः—बहुसाधुमध्ये लज्जाभयादिभिरपि भवत्येव गुर्वाज्ञानुल्लंघनम् । यदा त्वसौ एकाकितया युक्तोऽपि गुरुकुलवासप्रवृत्तां सामाचारीं सर्वामनुवर्त्तते, तदा ज्ञायते निश्चयतो गुरुकुलसंवासवानसौ, तत्साध्यस्य क्रियाकलापस्य सर्वथाऽखण्डनात्, इह गुर्वाज्ञानुल्लंघने ज्ञातं दृष्टान्तो ज्ञेयम् ।।१९५।।

ભાવાર્થ :-

માષતુષ આદિ મુનિઓને 'સંસાર રૌદ્ર છે અને તેના નિસ્તારનો ઉપાય શુદ્ધ ધર્મ છે અને શુદ્ધ ધર્મનું પાલન ગુણવાન ગુરુના વચનના બળથી થઈ શકે છે' તે પ્રકારનો નિશ્ચય હતો તેથી તેવા ગુણવાન ગુરુનો નિર્ણય કરીને તેઓને પરતંત્ર થયેલા હતા. એથી તેવા ગુણવાન ગુરુની સાધુસામાચારીના પાલનની આજ્ઞાને નહીં ઉલ્લંઘન કરતા ગુરુકુલવાસને સેવનારા હતા. વળી, કોઈક એવા કારણે તેવા મહાત્માને ગુરુ એકાકી મૂકે તોપણ ગુણવાન ગુરુથી પ્રદાન શુદ્ધ સામાચારીનું તેઓ ખંડન કરતા ન હતા અને ગુરુઆજ્ઞાના અલંઘન કરતા હતા તેમાં દૃષ્ટાંત છે જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. તેથી એ ફલિત થાય કે જે ગુણવાન ગુરુ હોય તે સર્વથા જે પોતાને પરતંત્ર હોય તેવા યોગ્ય જીવોને તેમની ભૂમિકા અનુસાર મોહનાશનું કારણ બને એ પ્રકારે સર્વ ઉચિત ક્રિયાઓની આજ્ઞા કરે છે જે આજ્ઞાનુસાર તે ઉચિત આચરણા કરીને તે મહાત્મા અવશ્ય

મોહનો નાશ કરવા સમર્થ બને છે; કેમ કે તે મહાત્મા જેમ જેમ ગુર્વાજ્ઞાનું પાલન કરે છે તેમ તેમ મધ્યસ્થ-ભાવની વૃદ્ધિ અને ઉચિત પ્રવૃત્તિ કરવાની પરિણતિરૂપ સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે. ॥૧૯૫॥

અવતરણિકા :-

તદેવાહ –

અવતરણિકાર્થ :-

તેને જ કહે છે=ગાથા-૧૯૫માં કહેલા માષતુષાદિ મુનિના સામાચારીના અખંડન વિષયક દૃષ્ટાંતને જ કહે છે –

ગાથા :-

जह चेव चंदउत्तस्स विब्भमो सव्वहा ण चाणक्के ।
सव्वत्थ तहेतस्सवि एत्तो अहिगो सुहगुरुम्मि ।।१९६।।

અન્વયાર્થ :-

જહ ચેવ=જે પ્રમાણે જ, ચંદઉત્તસ્સ ચાણક્કે=ચંદ્રગુપ્તને ચાણક્યના વિષયમાં, સવ્વહા=સર્વથા=સર્વ કૃત્યોમાં, ણ વિબ્ભમો=વિભ્રમ ન હતો=વિપર્યાસ કે સંશય ન હતો પરંતુ 'આ મારું હિત કરશે' તેવો સ્થિર વિશ્વાસ હતો, તહેતસ્સવિ=તે પ્રમાણે આને પણ=માષતુષાદિ મુનિઓને પણ, એત્તો અહિગો=એનાથી અધિક=ચંદ્રગુપ્તથી અધિક, સવ્વત્થ=સર્વત્ર=સર્વ પ્રકારે, સુહગુરુમ્મિ=શુભ ગુરુમાં વિશ્વાસ હોય છે. ॥૧૯૬॥

ગાથાર્થ :-

જે પ્રમાણે જ ચંદ્રગુપ્તને ચાણક્યના વિષયમાં સર્વથા=સર્વ કૃત્યોમાં, વિભ્રમ ન હતો=વિપર્યાસ કે સંશય ન હતો પરંતુ 'આ મારું હિત કરશે' તેવો સ્થિર વિશ્વાસ હતો, તે પ્રમાણે આને પણ= માષતુષાદિ મુનિઓને પણ, એનાથી અધિક=ચંદ્રગુપ્તથી અધિક, સર્વત્ર=સર્વ પ્રકારે, શુભ ગુરુમાં વિશ્વાસ હોય છે. ॥૧૯૬॥

ટીકા :-

यथा चैव यथैवेत्यर्थः, चन्द्रगुप्तस्य मौर्यवंशप्रसवप्रथमहेतो राजविशेषस्य प्राक्कथितस्य विभ्रमो विपर्यासः संशयो वा सर्वथा सर्वैः प्रकारैर्न नैव चाणक्ये प्रागुक्तलक्षणे मंत्रिणि सर्वत्र सर्वेषु प्रयोजनेषु समादिश्यमानेषु, तथैतस्यापि माषतुषादेर्यतेरितश्चन्द्रगुप्तादधिकः समग्गलो विश्वासः शुभगुरौ विजृम्भते । यथा हि चन्द्रगुप्तस्य पाटलिपुरोपरोधकाले नन्दबलनिर्द्धाटितेन चाणक्येन नीयमानस्य पश्चादनुलग्ने नन्दसैन्ये अनन्योपायां चन्द्रगुप्तरक्षां परिभावयता महति सरसि निविष्टपद्मिनी-

षण्डमण्डिते निक्षिप्तस्य नन्दाश्ववारेणैकेन क्व चन्द्रगुप्तस्तिष्ठतीति पृष्टेनाङ्गुल्यग्रेण दर्श्यमानस्यापि नाविश्वासो जातः, किंत्वार्य एव युक्तमयुक्तं वा जानातीति प्रतिपत्तिः, तथाऽस्य माषतुषादेः सर्वथा व्यावृत्तविपर्यासस्य संसारविषविकारनिराकरणकारिणी गुरोरस्य सेवेति मन्यमानस्य चन्द्रगुप्तस्य विश्वासादिह राज्यमात्रफलादनन्तगुणः शुभगुरौ प्रत्ययः प्रवर्त्तत इति ।।१९६।।

ભાવાર્થ :-

ચાણક્ય ચંદ્રગુપ્તને રાજ્ય અપાવવા માટે સર્વ રીતે પ્રયત્ન કરે છે. તે વખતે નંદના સૈન્યથી તેની રક્ષા માટે ચાણક્યએ સરોવરમાં છુપાવાનો રસ્તો બતાવ્યો ત્યારપછી ત્યાં તટ ઉપર જ ચાણક્ય બેઠેલ છે તેને નંદના સૈનિકો ચંદ્રગુપ્તની પૃચ્છા કરે છે. તે વખતે આંગળીના નિર્દેશથી ચંદ્રગુપ્તને ચાણક્ય બતાવે છે અને જેવો તે અસવાર તલવાર મૂકીને ચંદ્રગુપ્તને પકડવા જાય છે ત્યારે તેની તલવારથી ચાણક્ય તેનું માથું કાપી નાખે છે. તે વખતે ચાણક્યના અત્યાર સુધીના વર્તનના બળથી બુદ્ધિમાન એવા ચંદ્રગુપ્તને વિશ્વાસ હતો કે ચાણક્ય મારા હિત અર્થે સર્વ પ્રવૃત્તિ કરે છે તેથી આંગળીથી મને બતાવ્યો ત્યારે પણ ચાણક્યવિષયક ચંદ્રગુપ્તને વિપર્યાસ કે સંશય થતો નથી; કેમ કે અત્યાર સુધીના અનુભવના બળથી પોતાના હિતચિંતક તરીકે ચાણક્યમાં ચંદ્રગુપ્તને સ્થિર વિશ્વાસ હતો, તેનાથી અધિક શુભગુરુમાં માષતુષાદિ મુનિને વિશ્વાસ હોય છે; કેમ કે પ્રતિદિન મોહનું ઉન્મૂલન થાય તે પ્રકારે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરાવીને જે ગુણવાન ગુરુ પોતાના સામાયિકના પરિણામનો પ્રકર્ષ કરાવતા હોય તેઓના તે પ્રકારના ઉચિત વર્તનના બળથી વિવેકી સાધુને વિશ્વાસ હોય છે કે 'આ ગુરુના બળથી હું સંસારસાગરને તરીશ' તેથી લેશપણ સંશય કે વિપર્યાસરહિત તેવા ગુણવાન ગુરુને તે સાધુ પરતંત્ર રહે છે. વળી, ચંદ્રગુપ્તને તો રાજ્યમાત્ર ફળની અપેક્ષાએ ચાણક્યમાં વિશ્વાસ હતો જ્યારે શુભગુરુના વિષયમાં તો 'દુરંત સંસાર તરવાનું કારણ આ ગુરુ છે' તેવો સ્થિર વિશ્વાસ સુસાધુને હોય છે તેથી ફલાધિક્યને કારણે ગુણવાન ગુરુમાં અધિક વિશ્વાસ હોય છે. **॥૧૯૬॥**

અવતરણિકા :-

ननु गुरुमात्रगोचरविभ्रमाभावेऽपि शेषतत्त्वविषयविभ्रमसद्भावात् कथमस्य कृत्यं भ्रान्तिगर्भं सत् शुद्धचरित्रतया व्यवहृतमित्याशंक्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – માષતુષાદિ મુનિઓને ગુરુમાત્રવિષયક વિભ્રમનો અભાવ હોવા છતાં પણ=કેવા ગુણવાન ગુરુ પોતાને ભવસાગરથી તારવા સમર્થ છે તે વિષયક સ્પષ્ટ નિર્ણય હોવા છતાં પણ, શેષ તત્ત્વવિષયક વિભ્રમનો સદ્ભાવ હોવાથી=મોહાદિના ઉન્મૂલનને અનુકૂળ આશ્રવના ઉચ્છેદમાં કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ અને સંવરમાં કઈ રીતે યત્ન કરવો જોઈએ તે રૂપ શેષ તત્ત્વો વિષયક વિભ્રમનો સદ્ભાવ હોવાથી, કઈ રીતે આમનું કૃત્ય=માષતુષાદિ મુનિઓનું કૃત્ય, ભ્રાન્તિગર્ભવાળું છતું શુદ્ધ ચારિત્રપણાથી સ્વીકારાયું છે એ પ્રકારથી આશંકા કરીને કહે છે –

ગાથા :-

अन्नत्थवि विन्नेओऽनाभोगो चेव नवरमेयस्स ।
न विवज्जउत्ति नियमा मिच्छत्ताईणभावातो ।।१९७।।

અન્વયાર્થ :-

एयस्स=आमने=माषतुषादि मुनिओने, अन्नत्थवि=अन्यत्र पण, नवरं अनाभोगो चेव विन्नेओ=केवळ अनाभोग ज जाणवो, न विवज्जउत्ति=विपर्यास नहीं, नियमा मिच्छत्ताईणभावातो=केम के निश्चयथी मिथ्यात्वादिनो अभाव छे. ।।१९७।।

ગાથાર્થ :-

आमने=माषतुषादि मुनिओने, अन्यत्र पण केवळ अनाभोग ज जाणवो, विपर्यास नहीं; केम के निश्चयथी मिथ्यात्वादिनो अभाव छे. ।।१९७।।

ટીકા :-

अन्यत्रापि गुरुव्यतिरिक्तेऽपि जीवादौ विषये गुरौ तावदविभ्रम एवेत्यपिशब्दार्थः, अनाभोगश्चैवानुपयोग एव नवरं केवलं निबिडश्रुतावरणप्रतिघातात् एतस्य माषतुषादेरत्यन्ततत्त्वजिज्ञासावतोऽपि नीलपीतादि-रूपोपारूढदृढदिदृक्षापरिणामस्य यथा कस्यचिद् अन्धस्य दृश्येष्वर्थेषु, व्यवच्छेद्यमाह—न नैव विपर्ययो विपर्यासः । इति पदपरिसमाप्तौ । नियमाद् निश्चयेनात्र हेतुर्मिथ्यात्वादीनां मिथ्यात्वमोहनीयस्यादिशब्दाद् अनन्तानुबन्धिनां च बोधविपर्यासकारिणां, तथा क्रियाव्यत्ययहेतूनाम् अप्रत्याख्यानावरणानां प्रत्याख्यानावरणानां च कषायाणामभावादनुदयात् । एतदुदयो हि हत्पूरकोपयोगवत्, मद्यादिकुद्रव्योपयोगवद् वा नियमाद् आत्मानं भ्रममानयति । तद्वतश्च न तात्त्विकी काचित् कार्यनिष्पत्तिरिति ।।१९७।।

ભાવાર્થ :-

કેવા ગુણવાન ગુરુને ભાવથી પરતંત્ર થવું જોઈએ જેથી તેમના વચનના દૃઢ અવલંબનથી મોહનું ઉન્મૂલન થઈ શકે તેના વિષયમાં માષતુષમુનિ વિભ્રમ વગરના હતા તોપણ જીવાદિ નવતત્ત્વોનો તે પ્રકારનો સૂક્ષ્મ બોધ ન હતો આથી જીવાદિ તત્ત્વના સારભૂત હેય એવા આશ્રવથી સ્વપ્રજ્ઞાથી નિવૃત્તિ કરી શકે અને ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સંવરમાં સ્વપ્રજ્ઞાથી પ્રવૃત્તિ કરી શકે તેવો સૂક્ષ્મ બોધ માષતુષમુનિને ન હતો. વળી, તેઓને શેષ તત્ત્વોમાં કેવલ અનાભોગ જ હતો, લેશપણ વિપર્યાસ ન હતો તેથી ગુણવાન ગુરુનું દૃઢ અવલંબન લઈને તેમના વચનાનુસાર ત્રણ ગુપ્તિમાં યત્ન કરી શકે તેવી માર્ગાનુસારી બુદ્ધિ હતી; કેમ કે વિપર્યાસકારી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમભાવ હતો તેના બળથી રૌદ્ર સંસારને તરવાની ઉત્કટ ઇચ્છા અસ્ખલિત વર્તતી હતી અને તેનો ઉપાય જિનવચનાનુસાર શુદ્ધ ક્રિયા છે તેવો સ્થિર રુચિનો પરિણામ હતો અને ક્રિયાના વિપર્યાસને કરાવનાર ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમભાવ હોવાથી

ગુણવાન ગુરુના વચનનું અવલંબન લઈને પરિશુદ્ધ ક્રિયા કરવા માટે યત્ન કરી શકે તેવી નિર્મલમતિ હતી તેથી શેષ ક્રિયામાં અનાભોગ હોવા છતાં ગુણવાન ગુરુના વચનના બળથી મોહની સામે સુભટની જેમ લડવા માટે તે મહાત્મા સમર્થ હતા. **॥૧૯૭॥**

અવતરણિકા :-

अत एवाह –

અવતરણિકાર્થ :-

આથી જ=માષતુષાદિમુનિને અનાભોગ માત્ર હતો વિપર્યાસ ન હતો માટે તેઓને શુદ્ધ ચારિત્ર હતું આથી જ, કહે છે –

ગાથા :-

एसो य एत्थ गरुओ णाणज्झवसायसंसया एवं ।
जम्हा असप्पवित्ती एत्तो सव्वत्थणत्थफला ।।१९८।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=બોધદોષમાં, एसो य=આ જ=વિપર્યાસ જ, गरुओ=ગુરુ છે=મહાન દોષ છે, एवं=એ પ્રકારના, णाणज्झव-सायसंसया=અનધ્યવસાય અને સંશય નથી=ગુરુદોષ નથી, जम्हा=જે કારણથી, एत्तो=આનાથી=વિપર્યાસથી, सव्वत्थणत्थफला असप्पवित्ती=સર્વત્ર અનર્થફળવાળી અસત્ પ્રવૃત્તિ છે. ॥૧૯૮॥

ગાથાર્થ :-

અહીં=બોધદોષમાં, આ જ=વિપર્યાસ જ, ગુરુ છે=મહાન દોષ છે, એ પ્રકારના અનધ્યવસાય અને સંશય નથી=ગુરુદોષ નથી, જે કારણથી આનાથી=વિપર્યાસથી, સર્વત્ર અનર્થફળવાળી અસત્ પ્રવૃત્તિ છે. ॥૧૯૮॥

ટીકા :-

एष एव विपर्यय एव अत्रैषु बोधदोषेषु मध्ये गुरुको महान् दोषः । व्यवच्छेद्यमाह—न नैवानध्यवसाय-संशयौ एवं गुरुकौ दोषौ । तत्रानध्यवसायः सुप्तमत्तपुरुषवत् क्वचिदप्यर्थे बोधस्याप्रवृत्तिः, संशयश्चानेक-स्मिन् विषयेऽनिश्चायकतया प्रवृत्तिः, यथोक्तम्—'जमणेगत्थलंबणमपरिदोसपरिकुंठियं चित्तं । सयइव सव्वप्पयओ तं संसयरूवमण्णाणं ।।१।।' इति । यस्माद् असत्प्रवृत्तिः परिशुद्धन्यायमार्गानवतारिणी चेष्टा, इतो विपर्यासात् सर्वत्र सर्वेष्वैहलौकिकपारलौकिकेष्वर्थेष्वनर्थफला व्यसनशतप्रसविनी प्रादुरस्ति। यदऽवाचि—'न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् । न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं

तमः ।।१।। द्विषद्विषतमोरोगैर्दुःखमेकत्र दीयते । मिथ्यात्वेन दुरन्तेन जन्तोर्जन्मनि जन्मनि ।।२।।' अनाभोगसंशयतो जाताप्येषाऽतत्त्वाभिनिवेशाभावात् सुखसाध्यत्वेन नात्यन्तमनर्थ सम्पादिकेति ।।१९८।।

ભાવાર્થ :-

બહુલતાએ જીવોને મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કરવા છતાં પોતાની પરિમિત બોધશક્તિમાં પણ આધિક્યનો ભ્રમ વર્તે છે તેથી જિનવચનાનુસાર પદાર્થનો નિર્ણય ન થયો હોય તોપણ પોતે ભગવાનના વચનના પરમાર્થને જાણનારા છે એ પ્રકારનો વિપર્યાસ વર્તે છે. તે વિપર્યાસદોષ સન્માર્ગમાં મહાન અનર્થકારી છે. આથી જ તેવા વિપર્યાસવાળા જીવો ખંડ ખંડ ભણીને ઘણાં શાસ્ત્રોના બોધવાળા હોય તોપણ ભગવાનના શાસનના શત્રુનું જ કાર્ય કરે છે; કેમ કે ઘણું જ્ઞાન હોવા છતાં તેઓના બોધમાં વિપર્યાસરૂપ મહાન દોષ હોવાના કારણે ભગવાનના વચનના તાત્પર્યને ગ્રહણ કરવાને અભિમુખ ગુણવાનને પરતંત્ર થવાનો પરિણામ થતો નથી પરંતુ સ્વબુદ્ધિમાં જ આધિક્યનો ભ્રમ વર્તે છે તેથી સ્વમતિ અનુસાર પદાર્થનો નિર્ણય કરીને સંસારથી તરવાની ઇચ્છાવાળા હોવા છતાં ધર્માનુષ્ઠાન કરીને પણ પોતાની વિપર્યાસ બુદ્ધિને સ્થિર કરે છે અને આશ્રિત જીવોને પણ તે પ્રકારે વિપર્યાસ કરાવીને સંમોહનની ભાવનાથી આત્માને ભાવિત કરે છે તેથી સ્વપરનો વિનાશ કરે છે માટે મોક્ષમાર્ગમાં જે કારણીભૂત બોધ છે તેના વિષયમાં વર્તતા દોષોમાં વિપર્યાસ જ મહાનદોષ છે. પરંતુ અનધ્યવસાય અને સંશય દોષરૂપ હોવા છતાં મહાન નથી. આથી જ= સંસારથી ભય પામેલા માષતુષાદિ જેવા મહાત્માઓને કોઈક સ્થાનમાં મોહના ઉન્મૂલન વિષયક ઉચિત યત્ન કરવા માટે સૂક્ષ્મ બોધના અભાવના કારણે અનધ્યવસાય વર્તતો હોય કે કોઈક સ્થાનોમાં સંશય પણ વર્તતો હોય તોપણ પોતાની મંદપ્રજ્ઞા છે તેવો સ્પષ્ટ નિર્ણય છે અને સંસારથી મારે તરવું છે તેવો પણ સ્થિર અધ્યવસાય છે આથી જ, જે સ્થાનમાં અનધ્યવસાય અને સંશય વર્તે છે તે સ્થાનમાં ગુણવાન ગુરુનું અવલંબન લઈને સરળભાવથી ઉચિત યત્ન કરે છે, જેથી મોક્ષમાર્ગના બોધ વિષયક અનધ્યવસાય અને સંશયરૂપ અલ્પદોષ તેમને અનર્થકારી બનતા નથી. તેથી કહે છે –

જે કારણથી વિપર્યાસથી જ સર્વત્ર અનર્થફળવાળી પ્રવૃત્તિ થાય છે. જેમ સંસારમાં પણ જે વિષયમાં પોતાને જ્ઞાન નથી છતાં હું તે વિષયમાં કુશળ છું તેવી વિપર્યાસ બુદ્ધિવાળા જીવો કોઈ ફળ અર્થે પ્રવૃત્તિ કરીને તે પ્રવૃત્તિને નિષ્ફળ કરે છે તેમ મોક્ષમાર્ગના વિષયમાં સૂક્ષ્મ બોધ વગરના અને સ્થૂળ ઘણાં શાસ્ત્રો ભણીને પોતે બોધવાળા છે તેવા વિપર્યાસવાળા જીવો પરલોક અર્થે તપ-સંયમાદિ અનુષ્ઠાનો કરીને પણ પોતાના વિપર્યાસરૂપ મિથ્યાત્વને મજબૂત કરે છે, પરંતુ ગુણવાન ગુરુનું દઢ અવલંબન લઈને માષતુષાદિ મુનિની જેમ તત્ત્વને યથાર્થ જાણવા યત્ન કરતા નથી તેથી કલ્યાણ અર્થે કરાયેલી પણ તેઓની તપત્યાગાદિની પ્રવૃત્તિ અનર્થફળમાં પર્યવસાન પામે છે. **॥૧૯૮॥**

અવતરણિકા :-

अन्यदपि चारित्रिलक्षणमत्र योजयितुमिच्छुराह –

અવતરણિકાર્થ :-

અન્ય પણ ચારિત્રના લક્ષણને આમાં=માષતુષાદિ મુનિઓમાં, યોજન કરવા માટે ઇચ્છતા એવા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૯૩માં કહેલ કે માષતુષાદિ મુનિઓને શુભૌઘ સંજ્ઞાના યોગને કારણે માર્ગાનુસારીપણું હોવાથી શુભ પરિણામરૂપ ચારિત્ર છે, તેની અત્યાર સુધી પુષ્ટિ કરી. હવે તેઓમાં અન્ય પ્રકારનો પણ ચારિત્રનો પરિણામ છે એ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

मग्गणुसारी सद्धो पन्नवणिज्जो कियावरो चेव ।
गुणरागी सक्कारंभसंगओ जो तमाहु मुणिं ।।१९९।।

અન્વયાર્થ :-

मग्गणुसारी=માર્ગાનુસારી, सद्धो=શ્રદ્ધાળુ, पन्नवणिज्जो=પ્રજ્ઞાપનીય, कियावरो=ક્રિયાપર, गुणरागी=ગુણનો રાગી, सक्कारंभसंगओ चेव=અને શક્યારંભ સંગત, जो=જે કોઈ છે, तमाहु मुणिं=તેને શાસ્ત્રકારો મુનિ કહે છે. ।।૧૯૯।।

ગાથાર્થ :-

માર્ગાનુસારી, શ્રદ્ધાળુ, પ્રજ્ઞાપનીય, ક્રિયાપર, ગુણનો રાગી અને શક્યારંભ સંગત જે કોઈ છે તેને શાસ્ત્રકારો મુનિ કહે છે. ।।૧૯૯।।

ટીકા :-

मार्ग्गं तत्त्वपथमनुसरत्यनुयातीत्येवंशीलो मार्गानुसारी, निसर्गतस्तत्त्वानुकूलप्रवृत्तिश्चारित्रमोहनीय-कर्मक्षयोपशमात् । एतच्च तत्त्वावाप्तिं प्रत्यवन्ध्यं कारणम्, कान्तारगतविवक्षितपुरप्राप्तिसद्योग्यता-युक्तान्धस्येव । तथा, श्राद्धस्तत्त्वं प्रति श्रद्धावांस्तत्प्रत्यनीकक्लेशहासातिशयादवाप्तव्यमहानिधानतद्ग्रहण-विधानोपदेशश्रद्धालुनरवत् विहितानुष्ठानकारिरुचिर्वा । तथा, अत एव कारणद्वयात् प्रज्ञापनीयः कथञ्चिदनाभोगादन्यथाप्रवृत्तावपि तथाविधगीतार्थेन सम्बोधयितुं शक्यः, तथाविधकर्मक्षयोपशमाद-विद्यमानासदभिनिवेशः प्राप्तव्यमहानिधितद्ग्रहणान्यथाप्रवृत्तसुकरसम्बोधननरवत् । तथाऽत एव कारणात् क्रियापरश्चारित्रमोहनीयकर्मक्षयोपशमाद् मुक्तिसाधनानुष्ठानकरणपरायणः, तथाविध निधि-ग्राहकवत् । चशब्दः समुच्चये । एवशब्दोऽवधारणे । एवं चानयोः प्रयोगः—क्रियापर एव च नाक्रियापरोऽपि, सत्क्रियारूपत्वाच्चारित्रस्य । तथा, गुणरागी विशुद्धाध्यवसायतया स्वगतेषु वा

परगतेषु वा गुणेषु ज्ञानादिषु रागः प्रमोदो यस्यास्त्यसौ गुणरागी निर्मत्सर इत्यर्थः । तथा, शक्यारंभसंगतः कर्त्तुं शकनीयानुष्ठानयुक्तो, न शक्ये प्रमाद्यति न चाशक्यमारभत इति भावः । यः कश्चिदेवंविधगुणोपेतस्तमाहुर्ब्रुवते समयज्ञा मुनिं साधुमिति ।।१९९।।

ભાવાર્થ :-

જેઓનો તત્ત્વને જોવા માટેનો મોહરૂપી મલ નાશ પામ્યો છે તેથી 'મોહથી અનાકુળ ચેતના જીવની સુંદર અવસ્થા છે, મોહથી આકુળ ચેતના રૌદ્રસંસારનું કારણ છે' એ પ્રકારે સ્વાભાવિક વસ્તુ દેખાય છે તેઓમાં માર્ગાનુસારીભાવ છે.

વળી, તેવા મહાત્માઓને આત્માનું નિરાકુળ ચેતના તત્ત્વ દેખાય છે અને તેના પ્રત્યે તીવ્ર રુચિ હોય છે તેથી તેની પ્રાપ્તિ કરવાની શ્રદ્ધાવાળા હોય છે અને તેના માટે ઉચિત અનુષ્ઠાનોને કરવાની બળવાન ઇચ્છાવાળા હોય છે તેથી ક્વચિદ્ સૂક્ષ્મ બોધના અભાવને કારણે પોતાની પ્રવૃત્તિમાં ક્યાંય સ્ખલના થતી હોય તો તે મહાત્મા તેવા પ્રકારના ગીતાર્થથી પ્રજ્ઞાપનીય છે; કેમ કે માર્ગમાં પ્રવૃત્તિ કરવાનો તેઓને દૃઢ પરિણામ વર્તે છે.

વળી, તે મહાત્મા શક્તિને ગોપવ્યા વગર જિનવચનાનુસાર ઉચિત ક્રિયા કરીને મોહનાશ કરવા માટે તત્પર હોય છે તેથી ક્રિયાપર છે.

વળી, તે મહાત્માઓને મોહથી અનાકુળ અવસ્થાનું કારણ બને તેવા ઉત્તમગુણો પ્રત્યે સદા રાગ વર્તે છે.

વળી, તે મહાત્મા નિર્મળમતિ હોવાના કારણે પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને શક્યઆરંભ કરનારા હોય છે તેવા મહાત્માઓને શાસ્ત્રના જાણનારાઓ 'મુનિ' કહે છે અને માષતુષાદિ મુનિમાં આ પ્રકારનું ચારિત્રનું લક્ષણ હતું આથી ગુણવાન ગુરુનું અવલંબન લઈને મોહના નાશ માટે અપ્રમાદથી યત્ન કરનારા તે મહાત્મા હતા તેથી તેઓને ભાવથી ચારિત્ર હતું. **॥૧૯૯॥**

અવતરણિકા :-

यदि नामैवं साधुलक्षणमुक्तं, तथापि प्रस्तुते किमायातमित्याह –

અવતરણિકાર્થ :-

જો આ પ્રમાણે સાધુનું લક્ષણ કહેવાયું છે=ગાથા-૧૯૯માં કહ્યું એ પ્રકારનું સાધુનું લક્ષણ કહેવાયું છે, તોપણ પ્રસ્તુત એવા માષતુષાદિ મુનિમાં શું આવ્યું એથી કહે છે –

ગાથા :-

एयं च अत्थि लक्खणमिमस्सनिस्सेसमेव धन्नस्स ।
तहगुरुआणासंपाडणं उ गमगं इहं लिंगं ।।२००।।

અન્વયાર્થ :-

एयं च लक्खणं=અને આ લક્ષણ=ગાથા-૧૯૯માં કહ્યા એ માર્ગાનુસારીઆદિરૂપ લક્ષણ, धन्नस्स इमस्स=ધન્ય એવા માષતુષાદિ મુનિઓને, निस्सेसमेव अत्थि=સંપૂર્ણ જ વિદ્યમાન છે. इहं उ=વળી અહીં=માર્ગાનુસારીત્વાદિમાં, गमगं लिंगं=ગમક લિંગ=જ્ઞાપક લિંગ, तहगुरुआणासंपाडणं=તે પ્રકારે ગુરુઆજ્ઞાનું સંપાદન છે. ॥૨૦૦॥

ગાથાર્થ :-

અને આ લક્ષણ=ગાથા-૧૯૯માં કહ્યા એ માર્ગાનુસારી આદિ રૂપ લક્ષણ, ધન્ય એવા માષતુષાદિ મુનિઓને, સંપૂર્ણ જ વિદ્યમાન છે. વળી અહીં=માર્ગાનુસારીત્વાદિમાં, ગમક લિંગ=જ્ઞાપક લિંગ, તે પ્રકારે ગુરુઆજ્ઞાનું સંપાદન છે. ॥૨૦૦॥

ટીકા :-

एतच्चैतदपि मार्गानुसारित्वादि, किं पुनर्गुरुविषयोऽभ्रमः, अस्ति विद्यते लक्षणमस्य माषतुषादेर्निःशेषमेव धन्यस्य धर्मधनार्हस्य । किमत्र लिङ्गमित्याह—तथा यथा गुरुसन्निधाने तथैव तद्व्यवधानेऽपि गुर्वाज्ञासम्पादनं प्रतिलेखनाप्रमार्जनादि साधुसामाचारीपालनरूपं पुनर्गमकं ज्ञापकम् । इह मार्गानुसारित्वादौ लिङ्गं चिह्नमिति ॥२००॥

ભાવાર્થ :-

ગાથા-૧૯૯માં ચારિત્રનાં લક્ષણો બતાવ્યાં તેવાં સર્વ લક્ષણો ધર્મરૂપી ધનને યોગ્ય એવા માષતુષાદિ મુનિઓમાં વિદ્યમાન હતાં તેથી તેઓમાં વિપર્યાસને કરનાર મિથ્યાત્વાદિભાવો ન હતા અને ક્રિયાને વ્યત્યય કરનાર ચારિત્રમોહનીય કર્મનો ઉદય ન હતો. તે કેવી રીતે નક્કી થાય ? તેથી કહે છે કે તે મહાત્માઓ જે પ્રકારે ગુરુ કહે તે પ્રકારે ગુર્વાજ્ઞાનું સંપાદન કરીને અંતરંગ સતત મોહના ઉન્મૂલનમાં ઉદ્યમ કરનારા હતા. તેથી નક્કી થાય છે કે તેઓમાં માર્ગાનુસારી આદિ સર્વ ભાવો વિદ્યમાન હતા.

જો કે માષતુષ મુનિ 'માતુષ મારૂષ' બે શબ્દ સ્મૃતિમાં રાખીને વ્યાપાર કરવા માટે સ્ખલના પામતા હતા તોપણ તેમના ક્ષયોપશમ પ્રમાણે ગુરુએ મોહના ઉન્મૂલન માટેનો જે પ્રકારનો સૂક્ષ્મ ઉપયોગ બતાવ્યો હતો અને પ્રસંગે પ્રસંગે બતાવતા હતા તેનું દૃઢ અવલંબન લઈને મોહનું ઉન્મૂલન થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક તે મહાત્મા મન-વચન-કાયાને સતત પ્રવર્તાવનારા હતા તેથી શબ્દોની સ્મૃતિમાં સ્ખલના થવા છતાં મોહના ઉન્મૂલન વિષયક અભ્રાન્ત પ્રવૃત્તિ કરીને તેઓ ચારિત્રના કંડકોની વૃદ્ધિ કરી શક્યા. **॥૨૦૦॥**

અવતરણિકા :-

ननु चारित्रिणो मोक्षं प्रत्यतिदृढानुरागत्वेनात्यन्तादौत्सुक्यादशक्यारम्भोऽपि न दुष्टः स्याद् इत्याशंक्याह —

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે – ચારિત્રીને મોક્ષ પ્રત્યે અતિ દૃઢ અનુરાગ હોવાના કારણે તેની પ્રાપ્તિ માટેની અત્યંત ઉત્સુકતા હોય છે તેથી તેવા મહાત્મા માટે અશક્યઆરંભ પણ દુષ્ટ ન થાય એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

सत्तीए जतितव्वं उचियपवित्तीएँ अन्नहा दोसो ।
महगिरिअज्जसुहत्थी दिट्ठंतो कालमासज्ज ।।२०१।।

અન્વયાર્થ :-

सत्तीए=શક્તિ હોતે છતે, उचियपवित्तीएँ=ઉચિત પ્રવૃત્તિથી=તે તે દ્રવ્યક્ષેત્રકાળભાવ વડે મોક્ષને અનુકૂળ ભાવની નિષ્પત્તિમાં અબાધ્યમાન એવી ઉચિત પ્રવૃત્તિથી, जतितव्वं=યત્ન કરવો જોઈએ. अन्नहा=અન્યથા=શક્તિ ન હોય અને પ્રવૃત્તિ કરવામાં આવે કે શક્તિ હોવા છતાં ઉચિત રીતે પ્રવૃત્તિ ન કરવામાં આવે તો, दोसो=દોષની પ્રાપ્તિ છે=નિષ્ફળ ચેષ્ટારૂપ દોષની પ્રાપ્તિ છે. महगिरिअज्जसुहत्थी= મહાગિરિ અને આર્યસુહસ્તી, कालमासज्ज=કાળને આશ્રયીને, दिट्ठंतो=દૃષ્ટાંત છે=શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરવામાં દૃષ્ટાંત છે. ।।૨૦૧।।

ગાથાર્થ :-

શક્તિ હોતે છતે ઉચિત પ્રવૃત્તિથી=તે તે દ્રવ્યક્ષેત્રકાળભાવ વડે મોક્ષને અનુકૂળ ભાવની નિષ્પત્તિમાં અબાધ્યમાન એવી ઉચિત પ્રવૃત્તિથી, યત્ન કરવો જોઈએ. અન્યથા=શક્તિ ન હોય અને પ્રવૃત્તિ કરવામાં આવે કે શક્તિ હોવા છતાં ઉચિત રીતે પ્રવૃત્તિ ન કરવામાં આવે તો, દોષની પ્રાપ્તિ છે=નિષ્ફળ ચેષ્ટારૂપ દોષની પ્રાપ્તિ છે. મહાગિરિ અને આર્યસુહસ્તી કાળને આશ્રયીને દૃષ્ટાંત છે=શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરવામાં દૃષ્ટાંત છે. ।।૨૦૧।।

ટીકા :-

शक्तौ-सामर्थ्ये चिकीर्षितप्रयोजनानुकूले सति यतितव्यं-प्रयत्नः कार्यः, किमविशेषेणेत्याह– 'उचितप्रवृत्त्या' तत्तद्द्रव्यक्षेत्रकालभावैरबाध्यमानचेष्टारूपया । विपक्षे दोषमाह—अन्यथा उक्तप्रकारद्वय-विरहे यत्ने क्रियमाणेऽपि दोषोवन्ध्यचेष्टालक्षणः सम्पद्यते, सफलारम्भसारत्वाद् महापुरुषाणामिति । अत्र 'महगिरि-अज्जसुहत्थी' इति आर्यमहागिरिरार्यसुहस्ती च दृष्टान्तः- उदाहरणं 'कालं' व्यवच्छिन्नपरि-पूर्णजिनकल्पाराधनायोग्यजीवं दुष्षमालक्षणमाश्रित्य, शक्तौ सत्यामुचितप्रवृत्त्या यत्ने कर्त्तव्यतयोपदिश्यमाने इति ।।२०१।।

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે ચારિત્રીને મોક્ષપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા હોય છે તેથી ઉત્કટ ઇચ્છાને કારણે પોતાની શક્તિ ન હોય તેવો પણ આરંભ કરે તો દુષ્ટ નથી એ કથન કેમ ઉચિત નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

પોતાની શક્તિનું સમાલોચન કરીને પોતાની ભૂમિકાનુસાર શક્તિને ગોપવ્યા વગર અસંગભાવના સંસ્કારોનું આધાન થાય તે રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો ક્રમસર મોક્ષની પ્રાપ્તિ થાય છે પરંતુ શક્તિનો વિચાર કર્યા વગર બાહ્યકૃત્યનો સ્વીકાર કરવામાં આવે અને તે બાહ્યકૃત્ય અતિબલપૂર્વક યથાર્થ કરવામાં આવે તોપણ તે કૃત્ય દ્વારા અંતરંગભાવની નિષ્પત્તિની શક્તિ ન હોય તો અંતરંગ ગુણના આધાનરૂપ ફળ મળે નહીં. પરંતુ નિષ્ફળ ક્રિયાની પ્રાપ્તિ થાય; કેમ કે બાહ્યકૃત્યને અનુરૂપ બાહ્યફળ ધનાદિની પ્રાપ્તિ હોઈ શકે પરંતુ અંતરંગ ગુણસંપત્તિને અનુરૂપ શક્તિ અનુસાર અંતરંગ વ્યાપાર આવશ્યક છે અને તે અંતરંગ વ્યાપારને ઉલ્લસિત કરવા માટે શક્તિ અનુસાર તે વ્યાપારને અનુરૂપ બાહ્યકૃત્ય આવશ્યક છે. આથી કાળને આશ્રયીને શક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાના વિષયમાં આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ મહાત્મા દૃષ્ટાંત છે. જેમ તેઓએ પોતાની શક્તિ અનુસાર ઉચિત કૃત્ય કર્યું તો સફળઆરંભી થયા અને જેઓ પોતાની શક્તિનો વિચાર કર્યા વગર કે શક્તિ હોવા છતા અંતરંગ ગુણનિષ્પત્તિનું કારણ બને તે પ્રકારે ઉચિત કૃત્ય કરતા નથી તેઓની વિદ્યમાન શક્તિ નિષ્ફળ જાય છે.

આર્યમહાગિરિ પોતાની શક્તિનું સમ્યગ્ પર્યાલોચન કરીને જિનકલ્પની તુલના કરવામાં ઉદ્યમવાળા હતા અને આર્યસુહસ્તિ પોતાની તેવી શક્તિ નહીં હોવા છતાં ગચ્છનું સમ્યગ્ પાલન કરવાની પોતાની જે શક્તિ હતી તેને અનુરૂપ યત્ન કરીને સફળ આરંભવાળા થયા. તેમ સુસાધુએ પણ પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને સમ્યગ્ યત્ન કરવો જોઈએ જેથી સફળઆરંભ થાય. **॥૨૦૧॥**

અવતરણિકા :-

एतयोरेव वक्तव्यतां संगृह्णन्नाह —

અવતરણિકાર્થ :-

આ બેની જ=આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિની, વક્તવ્યતાનો સંગ્રહ કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

पाडलिपुत्ति महागिरि अज्जसुहत्थी य सेट्ठिवसुभूती ।
वइदिस उज्जेणीए जियपडिमा एलगच्छं च ।।२०२।।

અન્વયાર્થ :-

પાડલિપુત્તિ=પાટલીપુત્ર નગરમાં, મહાગિરિ અજ્જસુહત્થી ય=મહાગિરિ અને આર્યસુહસ્તી બે આચાર્યો પધાર્યા. સેટ્ઠિવસુભૂતી=વસુભૂતી શ્રેષ્ઠી આર્યસુહસ્તી દ્વારા સંબોધન કરાયા. વઇદિસ ઉજ્જેણીએ=અવંતીદેશમાં ઉજ્જૈની નગરીમાં, જિયપડિમા=જીવિતસ્વામી વર્ધમાન જિનની પ્રતિમાના વંદન માટે બંને આચાર્યો ગયા. એલગચ્છં ચ=અને ત્યાંથી બંને એલકાક્ષ નગરમાં ગયા. ।।૨૦૨।।

ગાથાર્થ :-

પાટલીપુત્ર નગરમાં, મહાગિરિ અને આર્યસુહસ્તી બે આચાર્યો પધાર્યા. વસુભૂતી શ્રેષ્ઠી આર્યસુહસ્તી દ્વારા સંબોધન કરાયા. અવંતીદેશમાં ઉજ્જૈની નગરીમાં જીવિતસ્વામી વર્ધમાન જિનની પ્રતિમાના વંદન માટે બંને આચાર્યો ગયા અને ત્યાંથી બંને એલકાક્ષ નગરમાં ગયા. ।।૨૦૨।।

ટીકા : -

पाटलिपुत्रे नगरे 'महागिरि अज्जसुहत्थि'त्ति आर्यमहागिरिरार्यसुहस्ती च द्वावाचार्यौ कदाचिद् विहारं चक्रतुः। तत्र श्रेष्ठी वसुभूतिरार्यसुहस्तिना सम्बोधितः ततो 'वइदिस'त्ति अवन्ती विषये उज्जयिन्यां 'जियपडिम'त्ति जीवत् स्वामिकप्रतिमाया वर्द्धमानजिनसम्बन्धिन्या वन्दनार्थं गतौ । तत एलकाक्षं च दशार्णभद्रापरनामकं गतौ ।।२०२।।

અવતરણિકા :-

अथैतत्संग्रहगाथां स्वयमेव शास्त्रकारः गाथानवकेन व्याख्यानयन्नाह —

અવતરણિકાર્થ :-

હવે ગાથા-૨૦૨ રૂપ સંગ્રહ ગાથાને સ્વયં જ, ગ્રંથકારશ્રી નવ ગાથા દ્વારા વ્યાખ્યાન કરતાં કહે છે —

ગાથા :-

दो थूलभद्दसीसा जहोइया आइमो य इयरत्ति ।
ठविउं गच्छेऽतीओ कप्पोत्ति तमासिओ किरियं ।।२०३।।१।।
एसणसुद्धातिजुओ वसुभूतिगिहम्मि कारणगएण ।
दिट्ठो गोयरवत्ती इयरेणऽब्भुट्ठिओ विहिणा ।।२०४।।२।।
सेट्ठिस्स विम्हओ खलु तग्गुणकहणाएँ तह य बहुमाणो ।
ठितिसवणुज्झियधम्मं पायमणाभोगसद्धाए ।।२०५।।३।।

उवओगपरिन्नाणं कहणाऽवक्कमण वइदिसं तत्तो ।
संभासिऊण गमणं कालट्ठा एलगच्छं ति ।।२०६।।४।।
मिच्छत्त सड्ढिहासो पच्चक्खाणम्मि तह सयग्गहणं ।
वारण पवयणदेवय सज्झिलगोगाहिमा भोगे ।।२०७।।५।।
तलघायअच्छिपाडण सड्ढीउस्सग्ग देव उद्दाहो ।
एलच्छि बोहि नगरं तओ य तं एलगच्छंति ।।२०८।।६।।
तत्थ य दसन्नकूडो गयग्गपयगो दसन्नरायम्मि ।
वीरे इड्ढी बोहण एरावयपयसुजोगेणं ।।२०९।।७।।
दंता पुक्खरिणीओ पउमा पत्ता य अट्ठ पत्तेयं ।
एक्केक्क रम्मपेच्छण नरेंदसंवेग पव्वज्जा ।।२१०।।८।।
एयम्मि पुन्नखेत्ते तेणं कालो कओ सुविहिएणं ।
तत्तो समाहिलाभो अन्ने उ पुणोवि तल्लाभा ।।२११।।९।।

अन्वयार्थ :-

जहोइया=જે પ્રમાણે પૂર્વમાં કહેવાયેલા, दो थूलभद्दसीसा=સ્થૂલિભદ્રજીના બે શિષ્યો હતા. आइमो=પહેલા આર્યમહાગિરિ, इयरत्ति य=અને બીજા આર્યસુહસ્તિ, गच्छे ठविउं=ગચ્છમાં સ્થાપીને=આર્યસુહસ્તિને આર્યમહાગિરિએ ગચ્છના નાયકરૂપે સ્થાપીને, अतीओ कप्पोत्ति=અતીતકલ્પ છે તેથી=જિનકલ્પ અતીત છે તેથી, तमासिओ किरियं=તેની ક્રિયાનો આશ્રય કર્યો=જિનકલ્પતુલ્ય વચનગુરુતાનો આશ્રય કર્યો.

एसणसुद्धातिजुओ=એષણાશુદ્ધાદિયુક્ત એવા આર્યમહાગિરિ, वसुभूतिगिहम्मि कारणगएण=વસુભૂતિના ઘરમાં કારણથી ગયેલા એવા આર્યસુહસ્તિ વડે, गोयरवत्ती दिट्ठो=ગોચરવર્તી જોવાયા=આર્યમહાગિરિ જોવાયા. इयरेण=ઇતર વડે=આર્યસુહસ્તિ વડે, विहिणा अब्भुट्ठिओ=વિધિથી અભ્યુત્થાન કરાયું.

सेट्ठिस्स विम्हओ=શ્રેષ્ઠીને વિસ્મય થયો. खलु तग्गुणकहणाएँ=અને તેના ગુણના કથનથી=આર્યસુહસ્તિ વડે આર્યમહાગિરિના ગુણના કથનથી, तह य बहुमाणो=તે પ્રકારનું બહુમાન થયું. पायमणाभोगसद्धाए=પ્રાયઃ અનાભોગ શ્રદ્ધાથી, ठितिसवणुज्झियधम्मं=સ્થિતિના શ્રવણથી ઉજ્જિત ધર્મનું પ્રવર્તન=શ્રેષ્ઠી વડે ઉજ્જિત ધર્મનું પ્રવર્તન કરાયું.

उवओगपरिन्नाणं=ઉપયોગથી પરિજ્ઞાન થયું=આર્યમહાગિરિના ઉપયોગથી 'આ ભિક્ષા દોષિત છે' એ પરિજ્ઞાન થયું. कहणा=કથના=આર્યસુહસ્તિને કથન કરાયું. तत्तो वइदिसं अवक्कमण=ત્યારપછી

અવંતીના વિષયમાં અવક્રમણ કરાયું. સંભાસિઊણ=સંભાષણ કરીને=સંઘને સંભાષણ કરીને, કાલટ્ઠા=કાલાર્થે=અંતિમ આરાધના માટે, એલગચ્છં ગમણં તિ=એલકાક્ષ નગર તરફ ગમન.

(નોંધ : નગરનું નામ એલકાક્ષ નગર કેવી રીતે પડ્યું ? તે કહે છે –)

પચ્ચક્ખાણમ્મિ=પ્રત્યાખ્યાનના વિષયમાં, મિચ્છત્તસડ્ઢિહાસો=મિથ્યાદૃષ્ટિ પતિ વડે શ્રદ્ધાળુ સ્ત્રીનો ઉપહાસ કરાયો. તહ સયગ્ગહણં=અને સ્વયં ગ્રહણ=મિથ્યાદૃષ્ટિ પતિ દ્વારા પચ્ચક્ખાણનું ગ્રહણ, વારણ=વારણ=પત્ની વડે વારણ કરાયું. પવયણદેવય=પ્રવચન દેવતા વડે, સજ્ઝિલગોગાહિમા=ભગિનીનું રૂપ કરી ઉદ્ગ્રાહિમ અર્થાત્ પકવાનો સમર્પણ કરાયાં. ભોગે=ભોગ કરાયે છતે=પચ્ચક્ખાણ હોવા છતાં પતિ વડે રાત્રે તે પકવાનનો ભોગ કરાયે છતે.

તલઘાયઅચ્છિપાડણ=તલઘાત દ્વારા આંખોનું પાતન કરાયું=દેવતા વડે હાથના તલના ઘા વડે પતિની બે આંખોનું પાતન કરાયું. સડ્ઢીઉસ્સગ્ગ દેવ=દેવતાની આરાધનાનો શ્રદ્ધાળુ સ્ત્રી વડે કાયોત્સર્ગ કરાયો. ઉદ્દાહો=ઉડ્ડાહ થયો, એલચ્છિ=બકરાની આંખ=ઉડ્ડાહના નિવારણ અર્થે દેવતા વડે તત્કાળ મરવાની તૈયારીવાળા બકરાની આંખો પતિની આંખોના સ્થાને નિયોજિત કરાઈ. બોહિ=બોધિ=પતિને બોધિની પ્રાપ્તિ, તઓ ય તં નગરં એલગચ્છંતિ=તેથી તે નગર 'એલકાક્ષ' એ પ્રમાણે પ્રસિદ્ધ થયું.

તત્થ ય=અને ત્યાં=એલકાક્ષ નગરમાં, દસન્નકૂડો=દશાર્ણકૂટ છે. ગયગ્ગપયગો=ગજાગ્ર પર્વત કેવી રીતે થયો, (તે કહે છે –) દસન્નરાયમ્મિ=દશાર્ણભદ્ર રાજા હોતે છતે, વીરે=વીર ભગવાનનું=દેવો વડે દશાર્ણકૂટ પર્વત પર વીર ભગવાનનું સમવસરણ કરાયું. ઇડ્ઢી=ઋદ્ધિ=શક્ર સંબંધી ઋદ્ધિ જ્યારે દશાર્ણભદ્ર વડે જોવાઈ. બોહણ=બોધન=સર્વવિરતિની પ્રતિપત્તિરૂપ બોધન, એરાવયપયસુજોગેણં=ઐરાવતના પગના સંયોગથી ગજાગ્રપદ એ પર્વત થયો.

દંતા=દાંતોમાં=શક્ર દ્વારા બેસેલા એવા ઐરાવતના દાંતોમાં, પુક્ખરિણીઓ=પુષ્કરિણી નગરી હતી. પઉમા પત્તા ય=તેમાં પદ્મો અને પત્રો હતાં. અટ્ઠ પત્તેયં=પ્રત્યેકની આઠ સંખ્યા=દાંત-પુષ્કરિણી-પદ્મ-પત્ર સર્વે મળી પ્રત્યેકની આઠ સંખ્યા થઈ. એક્કેક્ક=એકેક પત્ર, રમ્મપેચ્છણ=રમ્ય પ્રેક્ષણ હતું=રમ્ય નાટક હતું જે બત્રીસ પાત્રોથી બદ્ધ હતું. નરેંદસંવેગ=નરેન્દ્રને સંવેગ=નાટક જોઈને દશાર્ણભદ્ર રાજાને સંવેગ થયો. પવ્વજ્જા=પ્રવ્રજ્યા=દશાર્ણભદ્ર રાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

એયમ્મિ પુન્નખેત્તે=આ પુણ્યક્ષેત્રમાં, તેણં=તેના વડે=આર્યમહાગિરિ વડે, સુવિહિએણં કાલો કઓ=સુવિધિથી કાળ કરાયો. તત્તો સમાહિલાભો=તેથી સમાધિલાભ=તે ક્ષેત્ર દ્વારા સમાધિલાભ થયો. અત્રે ઉ=વળી અન્ય આચાર્યો કહે છે, પુણોવિ તલ્લાભા=ફરી પણ તેનો લાભ હોવાથી (આર્યમહાગિરિ વડે ત્યાં અનશન કરાયું). ॥૨૦૩થી ૨૧૧॥

ગાથાર્થ :-

જે પ્રમાણે પૂર્વમાં કહેવાયેલા, સ્થૂલિભદ્રજીના બે શિષ્યો હતા. પહેલા આર્યમહાગિરિ અને બીજા આર્યસુહસ્તિ. ગચ્છમાં સ્થાપીને=આર્યસુહસ્તિને આર્યમહાગિરિએ ગચ્છના નાયકરૂપે

સ્થાપીને, અતીતકલ્પ છે તેથી=જિનકલ્પ અતીત છે તેથી, તેની ક્રિયાનો આશ્રય કર્યો=જિનકલ્પતુલ્ય વચનગુરુતાનો આશ્રય કર્યો.

એષણાશુદ્ધાદિયુક્ત એવા આર્યમહાગિરિ વસુભૂતિના ઘરમાં કારણથી ગયેલા એવા આર્યસુહસ્તિ વડે ગોચરવર્તી જોવાયા=આર્યમહાગિરિ જોવાયા. ઇતર વડે=આર્યસુહસ્તિ વડે, વિધિથી અભ્યુત્થાન કરાયું.

શ્રેષ્ઠીને વિસ્મય થયો અને તેના ગુણના કથનથી=આર્યસુહસ્તિ વડે આર્યમહાગિરિના ગુણના કથનથી, તે પ્રકારનું બહુમાન થયું. પ્રાયઃ અનાભોગ શ્રદ્ધાથી સ્થિતિના શ્રવણથી ઉજ્જિત ધર્મનું પ્રવર્તન=શ્રેષ્ઠી વડે ઉજ્જિત ધર્મનું પ્રવર્તન કરાયું.

ઉપયોગથી પરિજ્ઞાન થયું=આર્યમહાગિરિના ઉપયોગથી 'આ ભિક્ષા દોષિત છે' એ પરિજ્ઞાન થયું. કથના=આર્યસુહસ્તિને કથન કરાયું. ત્યારપછી અવંતીના વિષયમાં અવક્રમણ કરાયું. સંભાષણ કરીને=સંઘને સંભાષણ કરીને, કાલાર્થે=અંતિમ આરાધના માટે, એલકાક્ષ નગર તરફ ગમન.

પ્રત્યાખ્યાનના વિષયમાં મિથ્યાદૃષ્ટિ પતિ વડે શ્રદ્ધાળુ સ્ત્રીનો ઉપહાસ કરાયો અને સ્વયં ગ્રહણ=મિથ્યાદૃષ્ટિ પતિ દ્વારા પચ્ચક્ખાણનું ગ્રહણ, વારણ=પત્ની વડે વારણ કરાયું. પ્રવચન દેવતા વડે ભગિનીનું રૂપ કરી ઉદ્ગ્રાહિમ અર્થાત્ પકવાનો સમર્પણ કરાયાં. ભોગ કરાયે છતે= પચ્ચક્ખાણ હોવા છતાં પતિ વડે રાત્રે તે પકવાનનો ભોગ કરાયે છતે.

તલઘાત દ્વારા આંખોનું પાતન કરાયું=દેવતા વડે હાથના તલના ઘા વડે પતિની બે આંખોનું પાતન કરાયું. દેવતાની આરાધનાનો શ્રદ્ધાળુ સ્ત્રી વડે કાયોત્સર્ગ કરાયો. ઉડ્ડાહ થયો. બકરાની આંખ=ઉડ્ડાહના નિવારણ અર્થે દેવતા વડે તત્કાળ મરવાની તૈયારીવાળા બકરાની આંખો પતિની આંખોના સ્થાને નિયોજિત કરાઈ. બોધિ=પતિને બોધિની પ્રાપ્તિ, તેથી તે નગર 'એલકાક્ષ' એ પ્રમાણે પ્રસિદ્ધ થયું.

અને ત્યાં=એલકાક્ષ નગરમાં, દશાર્ણકૂટ છે. ગજાગ્રપદ પર્વત કેવી રીતે થયો તે કહે છે – દશાર્ણભદ્ર રાજા હોતે છતે, વીર ભગવાનનું=દેવો વડે દશાર્ણકૂટ પર્વત પર વીર ભગવાનનું સમવસરણ કરાયું. ઋદ્ધિ=શક્ર સંબંધી ઋદ્ધિ જ્યારે દશાર્ણભદ્ર વડે જોવાઈ. બોધન=સર્વવિરતિની પ્રતિપત્તિરૂપ બોધન, ઐરાવતના પગના સંયોગથી ગજાગ્રપદ એ પર્વત થયો.

દાંતોમાં=શક્ર દ્વારા બેસેલા એવા ઐરાવતના દાંતોમાં, પુષ્કરિણી નગરી હતી. તેમાં પદ્મો અને પત્રો હતાં. પ્રત્યેકની આઠ સંખ્યા=દાંત-પુષ્કરિણી-પદ્મ-પત્ર સર્વે મળી પ્રત્યેકની આઠ સંખ્યા થઈ. એકેક પત્ર, રમ્ય પ્રેક્ષણ હતું=રમ્ય નાટક હતું જે બત્રીસ પાત્રોથી બદ્ધ હતું. નરેંદ્રને સંવેગ=નાટક જોઈને દશાર્ણભદ્ર રાજાને સંવેગ થયો. પ્રવ્રજ્યા=દશાર્ણભદ્ર રાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

આ પુણ્યક્ષેત્રમાં તેના વડે=આર્યમહાગિરિ વડે, સુવિધિથી કાળ કરાયો. તેથી સમાધિલાભ=તે ક્ષેત્ર દ્વારા સમાધિલાભ થયો. વળી, અન્ય આચાર્યો કહે છે, ફરી પણ તેનો લાભ હોવાથી આર્યમહાગિરિ વડે ત્યાં અનશન કરાયું. ।।૨૦૩થી ૨૧૧।।

ટીકા :-

इह वीराओ सुहम्मो सुहम्मनामा गणाहिवो जाओ । जंबुव्व साहुसाहुणीण (साहण) जंबूनामो तओ सूरी ।।१।। पभवो गुणाण पभवो तत्तो सेज्जंभवो भवोहहरो । सुइसीलजसो भद्दो जाओ तत्तो य जसोभद्दो ।।२।। दुद्धरपरिस्सहिंदियविजउब्भूय(जय)पभूयमाहप्पो । संभूयविजयनामा एगो गुणिग-उरवट्ठाणं ।।३।। पुरफुरिह(य)भद्दबाहू बीओ जाओ य भद्दबाहु त्ति । सीसा सीसारोवियमाणं गुरुणो पडिच्छंता ।।४।। अइविमलथूलभद्दो मुणीसरोऽहेसि थूलभद्दो तो । संभूयविजयपासोवलद्धदिक्खो महादक्खो ।।५।। सिरिभद्दबाहुगुरुणो समीवसंपत्तदिट्ठिवायसुओ । तत्तो च्चिय चोद्दसपुव्वपारगत्तेण जणियजसो ।।६।। एगो महागिरी विव विसमपरीसहसमीरणगणाणं । सूरी महागिरी गरुयगरिम-गुणजियनहाभोगो ।।७।। सव्वजियाण सुहत्थी सुहत्थिगइगमणरंजियजणोहो । दुइओ अज्जसुहत्थी होत्था मुणिपुंगवो तत्तो ।।८।। दुद्धोदहिजलसारिच्छकित्तिपब्भारपूरियदियंता । दोन्निवि हरहारतुसार-तारयाकारसीलगुणा ।।९।। णाणाविहगामागरपुरसंठियभव्वकमलसंडाणं । मायंडमंडलसमा दोण्णिवि पडिबोहकरणम्मि ।।१०।। अगणियमाहप्पाणं सुयरयणाणं जणम्मि दुलहाणं । ते दोन्नि वि रोहण-सेलखाणिभूया गुणपभूया ।।११।। पत्तम्मि चरमकाले भयवं सिरिथूलभद्दगणनाहो । जुगवमणुओगणुन्नं दुभागकयगच्छणुन्नं च ।।१२।। दाऊणमेसिमेत्तो खमित्तु खामियसमत्तजियवग्गो । परिसुद्धाणसणपरो परासु दिव्वं समुप्पन्नो ।।१३।। अणहीयसेससुत्तस्स सूरिणो अह सुहत्थिनामस्स । पत्तो उवझायत्तं महागिरी विणयनयनिहिणो ।।१४।। अह अन्नया सुहत्थी मुणिवसहो सिवपयट्ठसत्थाहो । कोसंबीए पुरीए विहरित्था समणसंघजुओ ।।१५।। तत्थ पहाणो लोओ नरनाहाई पभूयभत्तीए । पइदिवसं वंदणधम्मसवणपूयणपरो जाओ ।।१६।। एगो य तत्थ दमगो सो सूरिसमीवमागओ संतो । पुरलोएण सहुग्गयरोमंचे तोसमुव्वहइ ।।१७।। अइतिक्खं दुब्भिक्खं देसे सव्वत्थ वट्टए तइया । पाएण जणो सयलो अइदुल्लह भोयणो जाओ ।।१८।। एगत्थ धणवइगिहे भिक्खट्ठा साहुसूरिसंघाडो । दिट्ठो तेण पविट्ठो दमगेणं कहवि चिरकाला ।।१९।। तम्मग्गेणऽणुलग्गो ते साहू सिंहकेसराईहिं । पडिलाभियासपणयं निरिक्खमाणस्स तस्स तओ ।।२०।। तग्गिहनिग्गयमित्ता ते तेण पणामपुव्वगं भणिया । एत्तो लद्धाओ भोयणाओ देहेह मे किंचि ।।२१।। तेहिं तओ पडिभणियं भद्दपहूसूरिणो परं एत्थ । अम्हमुचियं न दाउं सूरिसमीवं समं चेव ।।२२।। गंतूण जाव जायइ मग्गे अम्हेऽवि मग्गिया आसि । साहूहिं कहियमत्तो तह भिक्खा लाभवुत्तंतो ।।२३।। भणइ गुरू न गिहीणं कप्पइ

दाउं करेसि पव्वज्जं । जइ ता गिण्हहि (ण)तण्हा भवाहि पडिवन्नमेयं ति ।।२४।। एसो किं आराहणमुवलहिहीजा गुरू निरूवेइ । ता निच्छियं पहाणो पवयणपुरिसो इमो होही ।।२५।। तत्तोऽव्वत्तगसामइयदिक्खमारोविऊण पज्जत्तं । भुंजाविओ स भत्तं तं चिय जाओ समाहिपरो ।।२६।। अव्वो दयावरत्तं मज्झ जमेए पसन्नपरिणामा । पियबंधवस्स वऽट्ठं सव्वे वट्टंति कज्जम्मि ।।२७।। एमाइ चित्तचिन्ता सुहारसासिच्चमाणसव्वंगो । लग्गो नेउं तद्दिणसेसं बहुजायगुरुभत्ती ।।२८।। पत्तम्मि निसासमए अणुचियभोयणगुणाओ सम्पत्ता । तिव्वा विसूइगा लद्धसुद्धभावो मओ एत्तो ।।२९।। पाडलिपुत्ते नयरे मोरियवंसम्मि बिन्दुसारस्स । नरवइणो पुव्वनिवेइयस्स पुत्तो असोयसिरी ।।३०।। राया तस्सवि पुत्तो बालत्ते च्चिय पवन्नजुवरज्जो । आसि कुणालो नामेण जीवियाओवि अब्भहिओ ।।३१।। उज्जेणी नाम पुरी दिन्ना तस्स य कुमारभुत्तीए । सहिओ परिवारजणेण वसइ सो तत्थ संतुट्ठो ।।३२।। सयलकलाकलणखमं णाउं पिउणा तमण्णया लेहो । लिहिओ नियहत्थेणं जहा अहिज्जउ कुमारो त्ति ।।३३।। तमणुव्वाणं मोत्तुं तहाविहे नरवई खणं कज्जे । जावुट्ठिओ सवत्तीजणणीए ताव पावाए ।।३४।। नयणग्गओ नहग्गेण कज्जलं घेत्तुमुवरि-भागम्मि । किरियापयस्स दिन्नं अंधिज्जउ तो कुमारोत्ति ।।३५।। संजायमपडिवाइयमुस्सुयभावाउ मुद्दिओ लेहो । पत्तो कुमरसमीवे सयमेव य वाइओ तेण ।।३६।। अवधारिओ तयत्थो तत्तं काऊणमयसलागं जा । अंजेइ दोवि अच्छीणि ताव भणिओ परियणेणं ।।३७।। कुमर! न एसा आणा पिउणो मन्निज्जए तए कइवि । दिवसे विभवं (लंब) लब्भइ परमत्थो जेण एयस्स ।।३८।। कुमरो वज्जरइ तओ अम्हाणं मुरियवंसजायाणं । सव्वनिवईण मुज्झे आणा तिक्खा समक्खाया ।।३९।। ता कह वियारमेयं णेऊण कुलं कलंकमाणेमि । पव्वेंदुबिम्बधवलं अच्छेरकरेहिं चरिएहिं ।।४०।। अगणियपरिवारनिवारणेण जावंजियाणि अच्छीणि । ताव पउत्ती पत्ता पिउणा सोगो कओ गरुओ ।।४१।। णायं जणणि सवत्तीचरियमिणं चिंतियं गए कज्जे । किं कीरउ, उज्जेणी हरिउं एगो तओ पिउणा ।।४२।। दिन्नो मणाभिरामो गामो तत्थ ट्ठिओ परिहरित्ता । ववसाये सेसे गीयविज्जमणवज्जमाढत्तो ।।४३।। सिक्खिअमइदक्खत्ता लहुमेव परं गओ स तप्पारं । मिलियापर-गंधव्वियलोगो महिमण्डलं भमिउं ।।४४।। लग्गो गंधव्वियगव्वसेलमेसो पविव्व विदलंतो । एत्तोच्चिय उच्छलियातुच्छजसो सोहमणुपत्तो ।।४५।। कालेण कुसुमनयरे गओ तओ गाइउं समाढत्तो । नगरपहाणजणाणं सहासु अइभूरिभेयासु ।।४६।। जाओ पुरे पवाओ जह सुरगंधव्विओ धुवं एसो । न सुओ जं न सुणिज्जइ कहिंचि एयारिसो अन्नो ।।४७।। कहिओ अत्थाणीए एस पवाओ निवस्स मंतीहिं । ता कोऊहलतरलेण तेण नियपरियणो भणिओ ।।४८।। सद्दाविज्जउ एसो तेणुत्तं देव! नयणरहिओ सो । णो तुम्ह दट्ठुमुचिओ तो ठविओ जवणिअंतरिओ ।।४९।। आपूरियसुद्धसरो

जाव पगीओ नराहिवो ताव । हरिणोव्व गोरीगीएण तक्खणा हयमणो जाओ ।।५०।। अइतोसमुवगएणं तेणुत्तो सो वरं वरेहित्ति । लद्धावसरेण तओ पढिओ एसो सिलोगो त्ति ।।५१।। चंदगुत्तप्पपुत्तो उ, बिंदुसारस्स नत्तुओ । असोगसिरिणो पुत्तो, अंधो जायइ कागिणिं ।।५२।। तो सवियक्कमणेणं नरवइणा भणियमह तुमं होसि । किं मम सुओ कुणालो आमंति तओ जवणियाओ ।।५३।। आकड्ढिऊण सव्वंगसंगमालिंगिओ निउच्छंगे । आरोविय संलत्तो किमित्तियं मग्गियं तुमए ? ।।५४।। पासट्ठियमंतिजणेण भासियं देव! मुरियवंसम्मि । रज्जं कागिणिसद्देण वुच्चई मग्गइ तमेसो ।।५५।। पुत्त! तमंधो रज्जस्स नोचिओ ता किमत्थि ते पुत्तो ?। अत्थि च्चिय, केवइओ ?, संपइ जाओ तओ नामं ।।५६।। ठवियं संपइ इय तक्खणम्मि सो पुण दमगनरजीवो । मरिऊण समुप्पन्नो वुत्तम्मि दसाहववहारे ।।५७।। रज्जाभिसेयसारं ठविओ रज्जम्मि मंतिपमुहाणं । उवणित्तु असोगसिरी जाओ परलोयकज्जपरो ।।५८।। पुव्वावज्जियपुन्नाणुभावओ पइदिणं पवड्ढंतो । देहेण रायलच्छीए चेव जोव्वणमणुप्पत्तो ।।५९।। अप्पडिबद्धविहारो विहरंतो अह कयाइ मुणिनाहो । अज्जसुहत्थी पत्तो पाडलिपुत्ते पवित्तगुणो ।।६०।। बहिमुज्जाणम्मि ठिओ पभूयवरसाहुनियरपरियरिओ । दिट्ठो कयाइ पासायसंठिएणं निवेणेसो ।।६१।। ओइन्नो रायपहं चउविहसंघाणुगो जहा गयणे । गहतारागणमज्झे जणियपमोओ सरयसोमो ।।६२।। अवलोइयपुव्वो एस मज्झ इय माणसे वियक्कंतो । सहसा महीएँ पडिओ सित्तो य जलेण सिसिरेणं ।।६३।। वीयणगपवणपरिवीइओ य मुच्छाविरामसमयम्मि । जाओ जाइस्सरणो मुणिओ पुव्वो य वुत्तंतो ।।६४।। तक्खणमेव समीवे मुणिवइणो आगओ परं हरिसं । रोमंचुक्केरकरं सव्वंगेसुवि परिवहंतो ।।६५।। वंदित्ता विन्नत्तो सूरी किं जिणवराण धम्मस्स । फलमत्थि ? सग्ग मोक्खो मुणिवइणा भासिए एवं ।।६६।। सामाइयस्स किं फलमाह मुणी जं पगिट्ठपयपत्तं । तं सग्गनिव्वुइफलं रज्जाइफलं जमव्वत्तं ।।६७।। संजायपच्चओ एवमेयमिह नत्थि संसओ भणइ । किंभयवं! परियाणह मुणिवइणा सोवओगेणं ।।६८।। आमन्ति वोत्तुमुत्तो कोसंबीवइयरो तओ सव्वो । जह दिन्नो आहारो विसूइगाए जहा मरणं ।।६९ । उप्फुल्लवयणकमलो हरिसंसुपवाहउल्लनयणिल्लो । धरणियलमिलियमउली पुणो पुणो पणमइ मुणिंदं ।।७०।। सजलजल-वाहमालानिग्घोसमणोहरेण सद्देण । पारद्धो जिणधम्मो कहेउ निम्महियमिच्छत्तो ।।७१।। दुग्गयनराण व निही जच्चंधाण व निसाकरालोओ । वाहिविहुराण परमोसहं व भीयाण सरणंव ।।७२।। जलहिजलंतोबुड्ढाण झत्ति निच्छिड्डपोयलाभो व्व । पुत्रेहिं अणन्नसमेहिं कहवि जइ घडइ जिणधम्मो ।।७३।। ता एयम्मुवलद्धे सुद्धं सद्धं मणे धरंतेण । मोक्खेक्कफलादिक्खा दक्खेण णरेण कायव्वा ।।७४।। इय जंपियावसाणे भालयलनिवेसियंजली राया । भणइ ममऽत्थि न सत्ती सा जीए

दिक्खिओ होउं ।।७५।। तुहपयपंकयभमरायमाणसीसो भवामि निच्चमहं । ता जं एयावत्थाजोग्गं तं देह आएसं ।।७६।। तो गिण्ह सावयवए जिणचेइयसाहुसावयजणाणं । अइसच्छातुच्छमणो वच्छल्लपरो सया भवसु ।।७७।। कुणसु य सव्वपयत्तेण खीरसायरजलुज्जलं कित्तिं । परमत्थबंधुणो भगवओ तुमं समणसंघस्स ।।७८।। तह गामागरपुरपट्टणेसु सव्वत्थ वट्टमाणाणं । धम्मारंभा धम्मियजणाण पसरंति तह कज्जं ।।७९।। उग्घडिउब्भडसावगधम्मो मुणिवइपए पणमिऊणं । नियपासायमुवगओ परं मुणेंतो कयत्थत्तं ।।८०।। तप्पभिई जिणबिम्बे उदारपूयापुरस्सरविहीए । वंदेइ पज्जुवासइ गुरुणा विणएण गुरुचलणे ।।८१।। दीणाणाहाइजणाण देइ दाणं कुणेइ जीवदयं। हिमगिरिसिहरुत्तुंगे कारवइ जिणालए रम्मे ।।८२।। पच्चंतियरायाणो सव्वे सद्दाविऊणमह कहिओ। तेणमिमेसिं धम्मो केई पत्ता य सम्मत्तं ।।८३।। समणाण सुविहियाण अरहंताणं च विहियबहुमाणा। ते जाया मायारहियमाणसा परियणसमेया ।।८४।। अह अन्नया जिणहरे महामहो वरविभूइजोगेण। पारद्धो रन्ना धन्नपुण्णजणपेच्छणिज्जो जो ।।८५।। नियसिहरुल्लिहियनहो रहो समूसियमहल्लझयमालो। जत्तानिमित्तमखिलम्मि पुरवरे भमिउमारद्धो ।।८६।। भेरीभंकाररवापूरियनहमंडलो रवमयं व । कुणमाणो जियलोयं तिरोहियाऽसेस लोयरवो ।।८७।। अग्घे दूरमहग्घे पइगेहमणेगहा पडिच्छंतो । पत्तो कमेण नरवइगिहंगणे आयरपरेणं ।।८८।। अच्चुत्तमपूयापुव्वमेव इमिणा पडिच्छिओ लग्गो । अणुमग्गेणं भमिउं नियपरियणपरिगओ राया ।।८९।। समए सम्माणित्ता सामंता पणयगब्भवयणेहिं। भणिया मन्नह जइ मं सामंता! नियरज्जेसुं ।।९०।। कारावेह जिणहरे जिणरहजत्ताउ तहा महंतीउ। अत्थेण मे न कज्जं एयं खु ममं पियं णवरं ।।९१।। वीसज्जिया य तेणं गमणं घोसावणं सरज्जेसुं। साहूण सुहविहारा जाया पच्चंतिया देसा ।।९२।। रहजत्तासणुजंती(ण्हाणजत्ता)पुप्फारुहणाइं उक्किरणगाइं । पूइं च चेइयाइं तेवि सरज्जेसु कारेंति ।।९३।। अह कइयाइ सुहत्थी संपइरन्ना नमंतसीसेण । पुट्ठो भयवमणारियदेसेसु न साहुणो कीस ?।।९४।। विहरंति तुम्ह मुणिपुंगवेण पण्णत्तमज्जदेसेसु । साहू जं विहरंता लहंति गुणमाह जं वीरो ।।९५।। एत्थ किल सन्निसावय जाणंति अभिग्गहे सुविहियाणं । आरियदेसम्मि गुणा णाणचरण गच्छवुड्ढी य ।।९६।। लद्धाभिप्पाएणं निरूविया तेण साहुनेवत्था । नियपुरिसा साहुसमायारीदंसावणनिमित्तं ।।९७।। गंतूण जहा साहूभत्तं पाणं उवस्सयाई य । गिण्हंति य भासंति य जहा तहा तेहिं ववहरियं ।।९८।। समणभडभाविएसु तेसु देसेसु एसणाईहिं । साहू सुहं विहरिया तेणं ते भद्दया जाया ।।९९।। उदिण्णजोहाउलसिट्ठसेणो, स पत्थिवो निज्जियसत्तुसेणो । समंतओ साहुसुहप्पयारे, अकासि अंधे दमिले य घोरे ।।१००।।

स पुव्वजम्मोदरियत्तदोसं, सरित्तु दारेसु पुरस्स तत्तो । सत्ते करावेइ महंतचित्तो, भत्तं दवावेइ य

भिच्छुयाणं ।।१०१।। जे तेसु सत्तेसु करेंति तत्तिं, सगोरवं ते भणिया निवेणं । तुम्हाण देंताण जमुव्वरेइ, देज्जाह साहूण तमायरेणं ।।१०२।। तं तुम्हसंतं जमिमेसि जोग्गं, न रायपिंडो त्ति ममच्चयं तु । जं तस्स मोल्लं तमहं दलामि, मणोवियप्पोऽत्थ न कोइ कज्जो ।।१०३।। ते देंति भत्तं तह पाणगं च, पज्जत्तभावेण मुणीण तेसिं । अन्नोऽवि जो कंदवियाइलोगो, निरूविओ सो नरनाय-गेणं ।।१०४।। जं जत्थ साहूण भवेइ जोग्गं, तं सव्वमेएसि जहोवओगं । तहा तहा सप्पणिहाणचित्ता, करेह मग्गेज्जह तस्स मोल्लं ।।१०५।। एवं सुभिक्खे गरुयम्मि जाए, महागिरी अज्जसुहत्थिपासे । समागओ गामपुरागराईविहारमाणाएँ समायरंतो ।।१०६।। भिक्खासरूवं सयलंपि नाउं, कओवओगेण मणेण सम्मं । सूरी सुहत्थी भणिओ किमेवं, निवस्स पिंडो तहऽणेसणिज्जो ।।१०७।। निक्कारणं घेप्पइ ?, सोवि आह, निवम्मि भत्तम्मि न भत्तिमंतो । को नाम ? अज्जो! पउरत्तणेण, सव्वत्थ भिक्खं मुणिणो लहंति ।।१०८।। सिस्साणुराएण निवारमेसो, जया सुहत्थी न करेइ ताव । माइत्ति नाऊण स भिन्नवासी, होउं विसंभोगपरो पयाओ ।।१०९।। यतः पठ्यते—सरिकप्पे सरिछंदे तुल्ल-चरित्ते विसिट्ठतरए वा । साहूहिं संथवं कुज्ज णाणीहिं चरित्तजुत्तेहिं ।।११०।। सरिकप्पे सरिछंदे तुल्लचरित्ते विसिट्ठतरए वा । आएज्ज भत्तपाणं सएण लाभेण वा तुस्से ।।१११।। तयणु विसंभोगविही इमम्मि तित्थे मुणीण संजाओ । पच्छायावपरद्धो महागिरीणं गुरूण तओ ।।११२।। मिच्छादुक्कड-मज्जसुहत्थी वंदिय कमुप्पले देइ । संभोगं उवणीओ जहपुव्वं विहरिउं लग्गा ।।११३।। जह मज्झम्मि महंतो होइ जवो तह इमो मुरियवंसो । तवति रइरज्जमाणो संपइणा भूमिणाहेणं ।।११४।। सो सुस्सावयधम्मं सम्मं काऊण भूमिवलयं च । जिणभवणसेणिरमणिज्जमुवगओ देवलोगम्मि ।।११५।। पत्तम्मि पच्छिमवए महागिरी विहियगच्छकायव्वो । अज्जसुहत्थिम्मि गणं ठविऊण इमं विचिंतेइ ।।११६।। परिवालिओ सुदीहो परियाओ वायणा तहा दिन्ना । णिप्फाइया य सीसा सेयं मे अप्पणो काउं ।।११७।। किंतु विहारेणब्भुज्जुएण विहरामणुत्तरगुणेणं । किंवा अब्भुज्जुयसाहणेण विहिणा अणुमरामि ।।११८।। सक्को न ताव काउं जिणकप्पो संपयं तयब्भासो । जुज्जइ विहेउमेत्तो सत्तीए गच्छपडिबद्धो ।।११९।। पारद्धो जिणकप्पाणुट्ठाणं णिट्ठुरं तवो काउं । विहरंता कुसुमपुरे वरे गया दोऽवि कइया वि ।।१२०।। संपत्ता साहुजणा बियम्मि ठाणे ठिया नवर सेट्ठी । वसुभूई नाम सुहत्थिसूरिणा तत्थ पण्णविओ ।।१२१।। पत्तो बोहिं नियगेहलोयसंबोहणत्थमह सूरी । भणिओ भयवं! मह मंदिरम्मि धम्मं कहं कुणह ।।१२२।। कइया तह चिय तीए तत्थ किज्जंतियाएँ भिक्खट्ठा । पत्तो महागिरी संभमेण अब्भुट्ठिओ झत्ति ।।१२३।। मुणिवइणा अज्जसुहत्थिणा, तओ सेट्ठिणा स तुट्ठेण । पुट्ठो भयवं! को एस जेण अब्भुट्ठिया तुम्हे ?।।१२४।। भणियं सो अम्ह गुरू

विसेसकिरियापरो परं जाओ । उज्झिज्जमाणमन्नं गिण्हइ पाणं च नो अन्नं ।।१२५।। एमाइगुणनिहाणं वुत्तंतं तस्स समणसीहस्स । अइवित्थरेण कहिउं समए नियवसहिमणुपत्तो ।।१२६।। तत्तो बीयम्मि दिणे सव्वो वसुभूइणा निओ लोओ । पन्नविओ जह भत्तं पाणं च अणायरपरेहिं ।।१२७।। ववहरणिज्जं देज्जं अणिच्छमाणस्स अन्नमन्नस्स । जइया स गुरूण गुरू एज्जा भिक्खाकए कहवि ।।१२८।। पत्तम्मि तम्मंदिरम्मि तं तह विहेउमारद्धा । परिचिंतियं न एसो सब्भावोऽलद्धभत्तो सो ।।१२९।। वसहिं तेण नियत्तो संज्झासमए सुहत्थिणो कहियं । अज्जो! अणेसणा कीस अज्ज मज्झं तए विहिया ?।।१३०।। कहमेयं संभंतो पुच्छइ संसाहियं जहा तुमए । अब्भुट्ठाणं जं मे विहियं कहिओ य वुत्तंतो ।।१३१।। तत्तो कुसुमपुराओ उज्जेणीए पुरीऍ संपत्तो । जीयंतसामिणीए पडिमाए वंदणनिमित्तं ।।१३२।। सिरिमं महागिरी परिमिएहिं समणेहिं समणुगम्मं तो । अभिवंदियजिणबिंबो संबोहियसाहुसंघाओ ।।१३३।। तत्तो दसण्णदेसे नगरं नामेण एलगच्छंति । तत्थ गओ स महप्पा अणसणविहिणा मरणहेउं ।।१३४।। तं आसि दसन्नपुरं पुरा जहा एलगच्छमुप्पन्नं । तह संपइ भन्नइ मिच्छदिट्ठिणा साविया एगा ।।१३५।। दुट्ठाभिसंधिणा कहवि तत्थ केणावि कुलपसूएण। परिणीया जिणधम्मं विमलं सम्मं च सा कुणइ ।।१३६।। सूरत्थमणम्मि सया पच्चक्खाणं पवज्जमाणिं तं । भत्ता उवहसइ जहा किं कोइ निसाऍ भुंजेइ ?।।१३७।। पच्चक्खाणपरा जं तमेवमप्पाणयं किलिस्सेसि । न हु निप्फलकज्जारंभभाइणो होंति बुद्धिधणा ।।१३८।। अह अन्नया पलत्तं तेण जहा होइ जइ इहं धम्मो । ता मज्झवि पच्चक्खाणमत्थु एयाऍ रयणीए ।।१३९।। भणिओ सो तीए साविआए मा गिण्ह भंजसि तुमंति । मुद्धे! किं रयणीए भुंजंतोऽहं तए दिट्ठो ?।।१४०।। तो पवयणदेवीए अमरिसमाणाइ तस्स उवहासं । भगिणीनेवत्थधराए भक्खभाणं करेऊणं ।।१४१।। जा उवणीयं ता तक्खणेण सो भुंजिउं जया लग्गो । भणियं भज्जाऍ किमेयमप्पणा नियमुहेण कयं ।।१४२।। भंजसि पच्चक्खाणं ?, अलाहि एएणऽसप्पलावेणं । जा भणइ ताव पहओ तलप्पहारेण देवीए ।।१४३।। पडियाणि दोवि अच्छीणि दट्ठुमसमंजसं तया झत्ति । विच्छायत्तमुवगया ममेस दोसो जणो भणिही ।।१४४।। इय भावेंती एसा सासणदेविं पडुच्च उस्सग्गे । परिसंठिया न पवयणदोसो जह होइ तह जयसु ।।१४५।। तक्खणमरमाणस्सेलगस्स अच्छीणि सजियदेसाणि । तस्सच्छिपएसे निवेसियाणि विहियाणि तीऍ तया ।।१४६।। पेच्छइ जणो पभाए तमेलगच्छं सविम्हओ संतो । तप्पभिई तन्नगरं विक्खायं एलगच्छं ति ।।१४७।। तत्थ य दसण्णकूडो सेलो सिहरग्गभग्गरविमग्गो । जह सो गयग्गपयनामगो त्ति जाओ तहा सुणह ।।१४८।। किल एगया जिणवरो वीरो विहरंतओ तहिं पत्तो । विहियं च समोसरणं सरणं जीवाण तियसेहिं ।।१४९।। वीरपउत्तिनिउत्तयनरेहिं वद्धा-

विओ पुरे राया । सिरिमं दसण्णभद्दो दसण्णकूडेजहा भयवं! ।।१५०।। सव्वसढभावमुक्को समो-सढो सुदिढरूढपोढजसो । तेसिं च पारितोसियदाणं दाउं विचिंतेइ ।।१५१।। सुरअसुरवंदणिज्जो तहा मए सव्वपरियणजुएणं । नमणिज्जो जह पुव्विं नमिओ केणावि न कयावि ।।१५२।। आणत्तो नयरजणो उग्घोसणपुव्वगं तहा चउरो । सेणाओ अंतेउरजणो य जह सव्वरिद्धीए ।।१५३।। नमणिज्जो जिणनाहो कयम्मि पगुणम्मि कत्ति सव्वम्मि । तम्मि स ण्हाओ संतो सव्वालंकारपरिकलिओ ।।१५४।। हिमसेलुद्धुरकुंजरमारूढो सेययछत्तछन्ननहो । हिमरयरययसमुज्जलचउचामरवीइयसरीरो ।।१५५।। गरुडमयरायगयसरभचिंधसयबंधुरग्गमग्गो य । चारणसहस्सपरिगिज्जमाणहरहारसरिसजसो ।।१५६।। तूररवापरिपूरियनिस्सेसदियंतनहयलाभोओ । पलयानिलसंखोहियजलनिहिसलिलाणुकारेणं ।।१५७।। पुरपरियणेण सव्वायरेण अणुगम्ममाणमग्गो सो । सग्गाओ वज्जपाणि व्व कत्ति लीलाएँ निक्खंतो ।।१५८।। जा नगराओ सुरिंदो ता तस्स मणोगयं वियाणित्ता। सरयब्भतणुं अट्ठहिं दसणेहिं मणोरमं तुंगं ।।१५९।। पइदसणमट्ठवावीजुत्तं पइवावि अट्ठकमलजुयं। अट्ठट्ठदले कमले एक्केक्के नाडएहिं जुयं ।।१६०।। बत्तीसपत्तबद्धेहिं पउमपत्तप्पमाणमिणिएहिं । एरावणं विलग्गो सुरसेणाछन्नदिसिचक्को ।।१६१।। पत्तो जिणस्स पासे आगासे च्चिय पयाहिणं काउं । अग्गपउण्णामियनिययकुंजरो वंदिउं लग्गो ।।१६२।। दिट्ठो तद्देससमागएण रन्ना दसन्नभद्देणं। अव्वो अच्चब्भुयमेयमेरिसं मे न दिट्ठंति ।।१६३।। णूणमणेण महंतो धम्मो विहिओ जओ सिरी जाया । अम्हाणमकयपुन्नाण को णु गव्वो नियसिरीए ?।।१६४।। ता उज्जमेमि धम्मं काउं जेणिच्छियं लहुं घडइ । तक्खणमेव विरत्तो सव्वं संगं परिच्चयइ ।।१६५।। तस्स तया पन्नासं सहस्स आसी रहाण पवराणं । निज्जियरइरूवाणं सत्त सया सुंदरीणं च ।।१६६।। तहऽणेगसहस्सा हयगयाण पत्तीण पुण अणेगाओ । कोडीओ उब्भडरि-उभडेसु सोंडीरचरियाओ ।।१६७।। धणधन्नमणुन्नाइं गामागरखेडकब्बडपुराइं । सीसारोवियतस्साणाइं सयसहस्ससंखाइं ।।१६८।। इय एवंविहरिद्धीरेहिल्लं तेण उब्भडं रज्जं । मुक्कं तणंव विन्नायभवसरूवेण धीरेणं ।।१६९।। सव्वजगजीवखेमंकरिं च दिक्खं खणेण पडिवन्नं । दट्ठुं तं सवियक्को सक्को परिचिन्तए एवं ।।१७०।। जमणेण पुन्नपुरिसेण चिंतियं जह मए भुवणबंधू । तह नमणिज्जो जह नो केणावि कयावि नमिओ त्ति ।।१७१।। तं सव्वं संपाडियमेएण महाणुभावचरिएणं । को अन्नो एयाओ एवं दिक्खं पवज्जेइ ?।।१७२।। सो सुद्धचरणसंसेवणेण संपत्तकेवलालोओ । सिवमपुणाग-ममपुणब्भवं च निव्वाणमणुपत्तो ।।१७३।। सुरवारणग्गपयपडिबिंबपभावाओ तप्पभी सेलो । सो लोए सव्वत्थवि गयग्गपयनामगो जाओ ।।१७४।। तम्मि पवित्ते खित्ते महागिरी सुत्तवुत्तविहिसारो । काऊण कालमकलंकमुवगओ देवलोगम्मि ।।१७५।। कालादविक्खया तह इय अन्नेणावि सुविहिय-जणेणं । सम्मं पयट्टियव्वं नियसत्तिमनिण्हवंतेणं ।।१७६।। ।। (नमो नमः शारदायै) ।।

अथ संग्रहगाथाक्षरार्थः—द्वौ स्थूलभद्रशिष्यौ प्रागुक्तनामानौ यथोदितौ सत्यरूपावभूतां, तत्र 'आइमो य'त्ति आदिमो महागिरिः, पुनः इतरम्-आर्यसुहस्तिनं, इति पूरणार्थः, स्थापयित्वा नायकत्वेन गच्छे, अतीतकल्पो जिनकल्पसंज्ञ इतिकृत्वा तां जिनकल्पसम्बन्धिनीमाश्रितः प्रतिपन्नः क्रियां वचनगुरुत्वादिकां सामाचारीम् । यथोक्तं धर्मबिन्दौ 'वचनगुरुता, अल्पोपधित्वं, निष्पूतिकर्मशरीरता, अपवादत्यागः, ग्रामैकरात्र्यादिविहरणं, नियतकालचारिता, प्राय ऊर्ध्वं स्थानं, देशनायामप्रबन्धः, ध्यानैकतानत्वमिति' 'वचनगुरुता' इति वचनमेवागम एव गुरुः धर्माचार्यो यस्य स तथा तद्भावो वचनगुरुता ।।२०३।।१।।

इहैषणाः सप्त भक्तगोचराः पानगोचराश्च, तत्रासंसृष्टो हस्तोऽसंसृष्टं मात्रं निरवशेषं च देयद्रव्यं यत्र सा प्रथमा १ एतद्विलक्षणा द्वितीया २ पाकस्थानादुद्धृत्य स्थानान्तरनिक्षिप्तदेयद्रव्यगोचरत्वेनोद्धृतानामिका तृतीया ३ तस्यैव चाल्पलेपस्य वल्लचणकादेर्ग्रहणरूपा चतुर्थी ४ भोजनशालानिक्षेपणभोक्तृलोकावग्रहायातस्य भक्तादेर्ग्रहणलक्षणाऽवगृहीता नाम पञ्चमी ५ भोजनभाजननिक्षिप्तलक्षणा प्रगृहीता नाम षष्ठी ६ भोजनशालाप्रवृत्तस्य भोक्तृलोकेनानिष्यमाणस्यात एव वोज्झितकनामकस्यान्नादेर्ग्रहणरूपा उज्झितानामिका सप्तमी ७ तत्र जिनकल्पिकस्याद्याभ्यामेषणाभ्यां भक्तपानयोरग्रह एव, उपरितनीषु पञ्चस्वेषणासु योग्यरूपतया ग्रहो वर्त्तते, परं तास्वपि एकत्र दिवसे द्वयोरभिग्रहो यथैकया कयाचिद् भक्तमेकया च पानकं ग्राह्यमिति, तदुक्तम्—'संसट्ठमसंसट्ठा उद्धड तह अप्पलेवडा चेव । उग्गहिया पग्गहिया उज्झियधम्मा य सत्तमिया ।।१।।' तथा 'पंचसु गह दोसभिग्गहो भिक्खा' इति । अत्र प्रथमतः संसट्ठपदोपादानं छन्दोभङ्गभयात्, तत आसामेषणानां शुद्धिः निर्दोषता आदिशब्दात् 'तवेण सत्तेण सुत्तेण एगत्तेण बलेण य । तुलणा पंचहा वुत्ता, जिणकप्पं पडिवज्जउ' ।।१।। इत्येवंरूपतुलनापञ्चकग्रहः, तुद्युक्तः सन् वसुभूतिश्रेष्ठिगृहे कारणगतेन-कुटुम्बप्रतिबोधप्रयोजनप्राप्तेन दृष्टोऽवलोकितो गोचरवर्ती, भिक्षां भ्राम्यन्नित्यर्थः, इतरेण-सुहस्तिनाऽभ्युत्थानविषयः कृतो विधिना संभ्रमप्रकाशनालक्षणेन ।।२०४।।२।।

'सेट्ठिस्स विम्महो इत्यादि, श्रेष्ठिनो वसुभूतेर्विस्मयः-आश्चर्यमभूत्—अहो! एभ्यः किं कश्चिद् अयं महान् वर्त्तते ? इति । खलु वाक्यालंकारे । तद्गुणकथनायां सुहस्तिना कृतायां, तथा चेतिसमुच्चये, भिन्नक्रमश्च, ततो बहुमानश्च तत्र जातः श्रेष्ठिनः । 'ठिइसवणुज्झियधम्मं' इति स्थितिश्रवणेनतदीयसमाचाराकर्णनेन भक्तपानकं उज्झितधर्मकं प्रवर्त्तितम् । ननु वसुभूतिरार्यसुहस्तिसमीपे श्रुतसाधुसमाचारः कथमित्थमनेषणां प्रवर्त्तितवानित्याशंक्याह—प्रायो बाहुल्येनानाभोगेन-शास्त्रार्थापर्यालोचनेन उपलक्षिता या श्रद्धा दानाभिलाषरूपा तया विहितमिति ।।२०५।।३।।

उपयोगेन-मनोविमर्शरूपेण, परिज्ञानं उज्झितधर्मकस्योपेत्यकृतस्यावबोधोऽभूत् । अस्य कथना

संध्यायाम्-आवश्यककाले सुहस्तिनोऽनेषणायाः कृता । ततोऽपक्रमणं ततः पुराद् विहितं तेन 'वइदिसं'त्ति अवंतीविषये उज्जयिनीं गतः । तत्र च जीवत्स्वामिनीं प्रतिमां वंदित्वा तत उज्जयिन्याः संभाष्य-सम्बोध्य श्रमणसंघं गमनं कालार्थं-चरमकालाराधनानिमित्तमेलकाक्षं नगरं प्रति । इति परिसमाप्तौ ।।२०६।।४।।

अथास्योत्पत्तिनिमित्तमाह—'मिच्छत्तसड्ढिहासो' इति मिथ्यात्वाद्-विपर्यासाद् भर्त्रा कस्याश्चिच्छ्राद्धायाः सन्ध्याकाले उपहासः प्रत्याख्याने विषयभूते क्रियमाणे कृतः । कदाचिच्च दुर्विनीततया तथा यथा सा श्राद्धा गृह्णाति तथा स्वयमात्मनैव तया अप्रेरितेनेत्यर्थः ग्रहणं कृतं प्रत्याख्यानस्य, तेन । 'वारण'त्ति वारणं प्रत्याचक्षाणस्य तया विहितं, तथापि न स्थितोऽसौ । ततः 'पवयणदेवय'त्ति तस्मिन्नुपहासे कृते सरोषया प्रवचनदेवतया 'सज्झिलगोगाहिमा' इति भगिनीरूपया भूत्वा उद्ग्राहिमा मोदकादयः पक्वान्नभेदाः समर्पिताः । तेन च तेषां भोगे-भोजने कृते सति ।।२०७।।५।।

देवतया 'तलघायअच्छिपाडण'त्ति तलघातेन-हस्ततलप्रहारलक्षणेनाक्षिपातना नयनपातरूपा कृता । 'सड्ढीउस्सग्ग'त्ति श्राद्धया उत्सर्ग्गः-कायोत्सर्गलक्षणो 'देव'त्ति देवताया आराधनाय कृतः । 'उद्दाहो' इति उत्कृष्टः सर्वापरदाहातिशायी सकलकुशलप्ररोहहेतोर्धर्मबीजस्य दाहोभस्मीकरणमुद्दाहः समभूत् । ततः 'एलगच्छ'त्ति एडकस्य तत्कालव्यापद्यमानस्याक्षिणी तदक्षिस्थाने नियोजिते । लग्ने च ते । तदनु बोधिः-जिनधर्म्मावाप्तिर्लब्धप्रत्याख्यानभङ्गप्रत्ययाऽस्य संजाता । नगरं ततश्च-तस्मादेव निमित्तात् तद् दशार्णपुरं एडकाक्षमिति प्रसिद्धम् ।।२०८।।६।।

तत्र चैडकाक्षे नगरे दशार्णकूटो नाम पर्वत आसीत् । स च गजाग्रपदक इति यथा जात-स्तथोच्यते । दशार्णराजे-दशार्णदेशनायके दशार्णभद्रनाम्नि राज्यं पालयति सति वीरे चरमतीर्थपतौ दशार्णकूटे शिखरिणि समवसृते, ऋद्धिः शक्रसम्बन्धिनी यदा दशार्णभद्रेण दृष्टा तदा स्वसमृद्धा-वनादरेण 'बोहण'त्ति बोधनं सर्वचारित्रप्रतिपत्तिलक्षणं संवृत्तं दशार्णभद्रराजस्य । तथा ऐरावणपद-सुयोगेन गजाग्रपदकः स पर्वतो रूढः ।।२०९।।७।।

अथ शक्रविभूतिमेव दर्शयति—तत्र शक्राध्यासिते ऐरावणे दन्ता अभवन् । तेषु च पुष्करिण्यः, तासु च पद्माः, तेषु च पत्राणि, अष्टौ अष्टसंख्यया प्रत्येकं एकैकं दन्तपुष्करण्यादिकं जातम् । तत्रैकैकस्मिन् पत्रे रम्यप्रेक्षणकं द्वात्रिंशत्पात्रबद्धं दृष्ट्वा नरेन्द्रसंवेगो-दशार्णभद्रराज्यस्य संवेगो जातः । ततस्तत्क्षणादेव प्रव्रज्या समजनीति ।।२१०।।८।।

अथ प्रस्तुते योजयन्नाह—एतस्मिन् गजाग्रपदकनामके शिखरिणि पुण्यक्षेत्रे शुभकारिणि प्रदेशे तेन-महागिरिणा सूरिणा कालो देहत्यागलक्षणः कृतः सुविहितेन शुभचरितेन । कुतः ?, यतः

ततः-क्षेत्रात् समाधिलाभो जातस्तस्य, अन्येत्वाचार्या आचक्षते-पुनरपि भूयोऽपि तल्लाभात्-समाधिलाभात् तत्र कालः कृतः, इदमुक्तं भवति—तत्र क्षेत्रे लब्धः समाधिः सानुबन्धसमाधिलाभफलत्वेन पुनरपि जन्मान्तरे समाधिलाभफलः सम्पद्यत इति कृत्वा तेन तत्र कालः कृतः ।।२११।।९।।

ભાવાર્થ :-

ગાથા-૨૦૧માં કહ્યું કે સંસારથી વિરક્ત થયેલા જીવોએ પોતાની શક્તિનું સમાલોચન કરીને શક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિમાં યત્ન કરવો જોઈએ. તે ઉચિત પ્રવૃત્તિ કષાયોને ક્ષીણ કરવાને અનુકૂળ ધર્મવ્યાપાર સ્વરૂપ છે અને તેમાં આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ દૃષ્ટાંત છે તેથી તે દૃષ્ટાંતને પ્રસ્તુત ગાથાઓમાં સ્પષ્ટ કરેલ છે.

પાટલિપુત્ર નગરમાં આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિ બે આચાર્યો વિહાર કરીને આવ્યા અને ત્યાં વસુભૂતિ શ્રેષ્ઠીને આર્યસુહસ્તિએ બોધ પમાડ્યો. તે વખતે આર્યમહાગિરિ ત્યાં પધાર્યા અને તેમના ગુણોથી આવર્જિત થયેલા આર્યસુહસ્તિ ઊભા થાય છે. તેથી શ્રેષ્ઠીને વિસ્મય થાય છે કે આવા મહાત્માને પણ પૂજ્ય અન્ય કોઈ છે ! તે વખતે આર્યમહાગિરિ જિનકલ્પનો વિચ્છેદ થયો હોવા છતાં વચનગુરુત્વાદિ સામાચારીને કઈ રીતે પાળે છે તેનું સ્વરૂપ આર્યસુહસ્તિ બતાવે છે જેનાથી નક્કી થાય છે કે જિનકલ્પ વિચ્છેદ થયો હોવા છતાં અસંગભાવમાં જવાનું પ્રબળ કારણ તેવી વચનગુરુતા પોતે સેવી શકે તેમ છે તેવો નિર્ણય કરીને આર્યમહાગિરિએ પોતાની શક્તિ અનુસાર લેશ પણ પ્રમાદ કર્યા વગર તે વચનગુરુતાને સેવીને પોતાનો મનુષ્યભવ સફળ કર્યો. વળી આર્યસુહસ્તિ પોતાની શક્તિ અનુસાર સર્વત્ર અપ્રતિબદ્ધ થઈને ગચ્છનું ઉચિત પાલન કરવાની પોતાની શક્તિ છે તેનો નિર્ણય કરીને તે પ્રકારે ગચ્છનું યથાર્થ પાલન કરીને અને યોગ્ય જીવોને સન્માર્ગ બતાવીને પણ પોતાના સંવેગના પરિણામને અતિશય-અતિશયતર કરતા હતા, તેમ કલ્યાણના અર્થી જીવોએ પોતાની શક્તિનું સમાલોચન કરીને વર્તમાનકાળમાં પણ રૌદ્ર એવા સંસારનો ઉચ્છેદ થાય તે પ્રકારે અપ્રમાદભાવથી ઉચિત યત્ન કરવો જોઈએ. પરંતુ શક્તિનો વિચાર કર્યા વગર રાભસિકવૃત્તિથી વ્રતો ગ્રહણ કરવાં જોઈએ નહીં અને શક્તિ હોવા છતાં સુખશેલિયા સ્વભાવને કારણે વ્રતગ્રહણમાં ઉપેક્ષા કરવી જોઈએ નહીં અને ગ્રહણ કરેલાં વ્રતોના માત્ર બાહ્ય પાલનથી સંતોષ માનવો જોઈએ નહીં પરંતુ તે વ્રતોનું તે રીતે પાલન કરવું જોઈએ જેથી વ્રતપાલનકાળમાં સતત સંવેગનો પરિણામ પ્રવર્ધમાન રહે. આથી જ ક્ષીણશક્તિવાળાએ દૃઢપ્રણિધાનપૂર્વક દુષ્કૃતગર્હા અને સુકૃતની અનુમોદનાને કરીને પણ સ્વભૂમિકાનુસાર દૃઢ પ્રયત્ન કરવો જોઈએ જેથી દુષ્કૃતગર્હા દ્વારા દુષ્કૃતો પ્રત્યે વધતી જતી જુગુપ્સાને કારણે દુષ્કૃતસેવનની શક્તિ ક્ષીણ-ક્ષીણતર થાય અને ઉત્તમ પુરુષોના સુકૃતના સેવન પ્રત્યેનો પક્ષપાત દૃઢ-દૃઢતર થાય તો તે સુકૃતસેવનતુલ્ય જ ફળ પ્રાપ્ત થાય છે.

વળી પ્રસ્તુતમાં એલકાક્ષનગર કઈ રીતે ઉત્પન્ન થાય છે તેનું દૃષ્ટાંત બતાવેલ છે. ત્યાં મિથ્યાદૃષ્ટિ એવો પતિ હોવા છતાં તેનામાં પણ મિથ્યાત્વની મંદતાને કારણે કાંઈક યોગ્યતા હતી તેથી મિથ્યાત્વને વશ પતિએ પત્નીના ધર્મની પ્રવૃત્તિનો ઉપહાસ કરેલ અને પત્નીના નિવારણ છતાં રાત્રિભોજનનું પચ્ચક્ખાણ કર્યું જેના

ફળરૂપે પચ્ચક્ખાણભંગને કારણે દેવીએ થપ્પડ મારીને ચક્ષુ પાડી અને પત્નીના કાયોત્સર્ગથી પોતાને ચક્ષુની પ્રાપ્તિ થઈ. આ પ્રકારનું પ્રત્યક્ષ ફળ જોઈને તે મહાત્માનું મિથ્યાત્વ મંદ હોવાથી ધર્મ પ્રત્યે વાસ્તવિક રુચિ થઈ જેથી પત્નીની જેમ તે પતિ પણ સ્વયં તત્ત્વને જાણવાનો યત્ન કરીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે અને જ્યારે ધર્મનું પ્રત્યક્ષ ફળ દેખાય છે ત્યારે જે તત્ત્વ પ્રત્યેનું વલણ થયું તે બોધિપ્રાપ્તિનો પ્રારંભ હતો જેના ફળરૂપે તત્ત્વને જાણીને તે મહાત્માનું જીવન સફળ બન્યું.

વળી, આર્યમહાગિરિ અત્યંત નિર્લેપ પરિણામવાળા હોવા છતાં તીર્થંકર આદિ ઉત્તમ પુરુષોના સ્પર્શવાળો તે ગજાગ્રપદ પર્વત છે અને ત્યાં જ દશાર્ણભદ્ર રાજાએ સંયમની પ્રાપ્તિ કરી છે તેમ જાણીને ત્યાં અનશન કરવા જાય છે જેથી સમાધિનો પ્રકર્ષ સાનુબંધ પ્રાપ્ત થાય. તેથી ફલિત થાય કે ઉત્તમ પુરુષોને પણ તેવું ઉત્તમ ક્ષેત્ર તે પ્રકારે સ્મરણ થવાથી ભાવના પ્રકર્ષનું આધાન કરનાર બને છે, જેના બળથી આ ભવમાં જે ઉત્તમ સમાધિ છે તે જ અતિશય સાનુબંધવાળી થવાથી જન્માંતરમાં અતિશય-અતિશયતર થઈને શીઘ્ર મોક્ષનું કારણ બને છે તે બતાવવા અર્થે જ આર્યમહાગિરિ કઈ રીતે સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે ? તે અહીં બતાવેલ છે. જેથી યોગ્ય જીવ પણ તે પ્રકારે બાહ્ય સુંદર આલંબન લઈને સુખપૂર્વક હિત સાધી શકે. **॥૨૦૨થી ૨૧૧॥**

અવતરણિકા :-

अयं च गजाग्रपदकपर्वतस्तीर्थमिति प्रस्तावात् तीर्थं व्याचिख्यासुराह –

અવતરણિકાર્થ :-

અને આ ગજાગ્રપદકપર્વત તીર્થ છે એ પ્રકારનો પ્રસ્તાવ હોવાથી તીર્થની વ્યાખ્યા કરે છે –

ગાથા :-

जस्स जहिं गुणलाभो खेत्ते कम्मोदयाइहेऊओ ।
तस्स तयं किल तित्थं तहासहावत्तओ केई ।।२१२।।

અન્વયાર્થ :-

જસ્સ=જેને=જે મુમુક્ષુ જીવને, જહિં ખેત્તે=જે ક્ષેત્રમાં, કમ્મોદયાઇહેઊઓ ગુણલાભો=કર્મના ઉદયાદિ હેતુથી ગુણલાભ થાય છે, તસ્સ=તેને, તયં કિલ તિત્થં=ખરેખર તે ક્ષેત્ર તીર્થ છે. કેઈ=કેટલાક, તહાસહાવત્તઓ=તથાસ્વભાવથી. (તે ક્ષેત્રને તીર્થ કહે છે.) ॥૨૧૨॥

ગાથાર્થ :-

જેને=જે મુમુક્ષુ જીવને, જે ક્ષેત્રમાં કર્મના ઉદયાદિ હેતુથી ગુણલાભ થાય છે તેને ખરેખર તે ક્ષેત્ર તીર્થ છે. કેટલાક તથાસ્વભાવથી તે ક્ષેત્રને તીર્થ કહે છે. ॥૨૧૨॥

ટીકા :-

यस्य-मुमुक्षोर्जीवस्य यत्र गुणलाभो-ज्ञानादिगुणावाप्तिः क्षेत्रे-गजाग्रपदकादौ जायते । कुत इत्याह—'कर्मोदयादिहेतुतः' कर्मणः-सद्वेद्यादेः शुभस्योदयो-विपाकः, आदिशब्दाद् अशुभस्य घातिकर्मादेः क्षय-क्षयोपशमोपशमा गृह्यन्ते, कर्मोदयादीनां हेतुः-कारणं क्षेत्रमेव तस्मात् कर्मोदयादिहेतुतः सकाशात् । किमित्याह—तस्य तत्, किलेति आप्तप्रवादसूचनार्थः, तीर्थं व्यसनसलिलतरणहेतुः सम्पद्यते, उक्तं च 'उदयक्खयक्खओवसमोवसमा जंच कम्मुणो भणिया । दव्वं खेत्तं कालं भवं च भावं च संपप्प ।।१।।' इति । अत्रापि मतान्तरमाह—तथास्वभावत्वतः केचित्तीर्थं व्याकुर्वते । इहेदमैदंपर्यम्-किल मनुष्यक्षेत्राभ्यन्तरे स कश्चित् क्षेत्रविभागो नास्ति यत्रास्मिन् अनाद्यनन्ते कालेऽनन्ता न सिद्धाः, नापि सेत्स्यन्ति, अतः किं नाम नियतं तीर्थं वक्तुमुचितं, किंतु तथास्वभावत्वनियमाद्यो जीवो यत्र विशिष्टगुणलाभवांस्तस्य तदेव तीर्थमिति ।।२१२।।

ભાવાર્થ :-

દરેક જીવોનાં કર્મો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવને આશ્રયીને વિપાકમાં આવે છે આથી મહાબુદ્ધિના નિધાન અને સંસારથી તરવાની ઇચ્છાવાળા દેવોને દેવભવના નિમિત્તે દર્શનમોહનીયનો ઉત્કટ ક્ષયોપશમ હોય તોપણ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થતો નથી અને તિર્યંચોને તે પ્રકારનો દર્શનમોહનીયનો ક્ષયોપશમ થાય તો તિર્યંચયોનિનિમિત્તક દેશવિરતિનો પણ ક્ષયોપશમ થઈ શકે છે અને મનુષ્યભવમાં સંસારના વાસ્તવિક અવલોકનપૂર્વક સંસારના ઉચ્છેદને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ પ્રવર્તે તો સર્વ ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ શકે છે. વળી, કર્મના ઉદય, ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય પ્રત્યે જેમ ભવ કારણ છે તેમ ક્ષેત્ર પણ કારણ છે, તેથી જે જીવને જે તીર્થક્ષેત્રમાં મોક્ષમાર્ગને અનુકૂળ એવા ગુણોનો લાભ થાય તે તીર્થક્ષેત્ર તેના માટે તીર્થ બને છે. આથી જ આર્યમહાગિરિને ગજાગ્રપદ પર્વત પર જતાં સ્વભાવિક રીતે વીરભગવાનનું તે સ્થાને અવસ્થાન, દશાર્ણભદ્ર રાજાનું તે સ્થાને આગમન ઇત્યાદિની સ્મૃતિ થવાથી તે પર્વત મહાસંવેગનું કારણ બનેલ, તેથી પોતાનું અંતિમ જીવન પણ તે ક્ષેત્રમાં પસાર કરીને તે મહાત્માએ ત્યાં અનશન કર્યું. તેથી જે કોઈ પવિત્ર ક્ષેત્રમાં જેને ઉત્તમ પુરુષોના સ્મરણાદિના બળથી સંવેગનો પ્રકર્ષ થાય તે ક્ષેત્ર તેના માટે તીર્થરૂપ બને છે; કેમ કે 'તારે તે તીર્થ' એ પ્રકારની 'તીર્થ' શબ્દની વ્યુત્પત્તિ છે.

વળી, આત્માને તારનાર મોહના સ્પર્શ વગરની નિર્મળ કોટિની જ્ઞાનની પરિણતિ છે અને તે પરિણતિને પ્રગટ કરવામાં જે ક્ષેત્ર બળવાન નિમિત્ત બને તે ક્ષેત્ર તેના માટે તીર્થ છે; કેમ કે તે ક્ષેત્રને પામીને તે જીવનું તે પ્રકારનું વીર્ય ઉલ્લસિત થયું. આથી જ કેટલાક કહે છે કે ક્ષેત્રના તેવા સ્વભાવને કારણે તે ક્ષેત્ર તીર્થ છે; કેમ કે મનુષ્યક્ષેત્રના સર્વ ભાગોમાંથી અનંતા જીવો સિદ્ધ થયા છે તેથી કોઈ જીવને કોઈપણ ક્ષેત્રમાં બેસીને વિચાર આવે કે 'અનંત કાળમાં અનંત જીવો આ ક્ષેત્રમાં પરમ સંવેગ પામીને મોક્ષમાં ગયા છે' અને તેના સ્મરણથી તે જીવને પણ સ્વભૂમિકાનુસાર સંવેગનો પ્રકર્ષ થાય તો તે ક્ષેત્રમાં બેઠા બેઠા પણ રૌદ્ર સંસારનું

યથાર્થ દર્શન થાય તેવા તરવાના ઉચિત ઉપાયો પ્રત્યે પક્ષપાત થાય છે અને પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સફળ કરવાનો દૃઢ અભિલાષ થાય છે તેથી તે ક્ષેત્ર તેના માટે તીર્થ બને છે. **॥૨૧૨॥**

ગાથા :-

आराहिऊण ततियं सो कालगतो तहिं महासत्तो ।
वेमाणिएसु मतिमं उववन्नो इड्ढिजुत्तेसु ।।२१३।।

અન્વયાર્થ :-

ततियं आराहिऊण=ત્રીજું આરાધીને=ત્રીજું પાદપોપગમન અનશનની આરાધના કરીને, तहिं=ત્યાં=ગજાગ્રપદ પર્વત પર, महासत्तो=મહાસત્ત્વવાળા, मतिमं=મતિમાન એવા, कालगतो=કાળને પામેલા એવા, सो=તે=આર્યમહાગિરિ, इड्ढिजुत्तेसु वेमाणिएसु उववन्नो=ઋદ્ધિયુક્ત વૈમાનિકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ॥૨૧૩॥

ગાથાર્થ :-

ત્રીજું આરાધીને=ત્રીજું પાદપોપગમન અનશનની આરાધના કરીને, ગજાગ્રપદ પર્વત પર મહાસત્ત્વવાળા, મતિમાન એવા, કાળને પામેલા એવા, તે=આર્યમહાગિરિ, ઋદ્ધિયુક્ત વૈમાનિકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. ॥૨૧૩॥

ટીકા :-

आराध्य-आराधनामानीय तृतीयं-'भत्तपरिन्ना इंगिणि पाउवगमणं च होइ कायव्वं' इत्यनशनक्रममपेक्ष्य पादपोपगमननामकमनशनविधिं सः महागिरिः कालगतस्तत्र-गजाग्रपदके महासत्त्वः-प्रशस्तवीर्यः वैमानिकेषु देवेषु मतिमान्-प्राज्यप्रज्ञाधनप्रधानः उपपन्नो-लब्धजन्मो जातः ऋद्धियुक्तेषु-परिवारादिविभूतिभाजनेषु ।।२१३।।

ભાવાર્થ :-

આર્યમહાગિરિ યથાશક્તિ પ્રવૃત્તિ કરનાર હોવાથી પોતાનો મૃત્યુકાળ આસન્ન છે તેમ નિર્ણય કરીને અને પોતાના ભાવોનો પ્રકર્ષ થાય એવો ગજાગ્રપદ પર્વત છે એમ નિર્ણય કરીને ત્યાં જઈને આર્યમહાગિરિએ પોતાની શક્તિ અનુસાર પાદપોપગમન અનશન કરીને પોતાના આત્માને પરમ ઉપેક્ષાથી ભાવિત કર્યો. જેનાથી ઋદ્ધિયુક્ત એવા વૈમાનિક દેવમાં ઉત્પન્ન થયા જ્યાં માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રધાન છે. તેથી તેમના દૃષ્ટાંતનું અવલંબન લઈને કલ્યાણના અર્થી જીવે પોતાની શક્તિનું સમાલોચન કરીને ઉચિત કાળે જે રીતે શક્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે રીતે યત્ન કરવો જોઈએ અને અંત સમયે કષાયોનું અત્યંત સંલેખન થાય તે પ્રકારે શક્તિનું સમાલોચન કરીને અનશનમાં યત્ન કરવો જોઈએ અથવા અનશનની શક્તિ ન હોય તો

સતત કષાયોનું સંલેખન થાય તે પ્રકારે અલ્પ-અલ્પતર આહાર કરીને આર્યમહાગિરિની જેમ મરણને સફળ કરવું જોઈએ જેથી ઉત્તરમાં સુંદર ભવની પ્રાપ્તિ થાય. **॥૨૧૩॥**

અવતરણિકા :-

અથાર્યસુહસ્તિશેષવક્તવ્યતામાહ —

અવતરણિકાર્થ :-

હવે આર્યસુહસ્તિની શેષ વક્તવ્યતાને કહે છે —

ગાથા :-

इयरो उज्जेणीए जियवंदण वसहिजायणा साहू ।
भद्दागेहम्मी जाणसालत्थाणं णलिणिगुम्मे ।।२१४।।१।।
सवणमवंतिसुकुमाल विम्हय सरणं विराग गुरुकहणा ।
पव्वमि उस्सुगोऽहं करेमि तह अणसणं सिग्घं ।।२१५।।२।।
जणणीपुच्छमणिच्छे मा हु सयंगहियलिंगमो दाणं ।
कंथारिंगिणि सिवपेल्ल जाम जाणूरुपोट्ट मओ ।।२१६।।३।।
अहियासिऊण तग्गयचित्तो उववन्नगो तहिं सो उ ।
गंधोदगादि गुरुसाहणं च भद्दाए वहुयाणं ।।२१७।।४।।
गोसम्मि तहिं गमणं मयकिरीया देसणा गुरूणं च ।
पव्वयणं णावन्नातीएपुत्तोत्ति आयतणं ।।२१८।।५।।
एमादुचियकमेणं अणेगसत्ताण चरणमाईणि ।
काऊण तओऽवि गतो विहिणा कालेण सुरलोयं ।।२१९।।६।।
दुण्हवि जहजोगत्तं तहा पवित्ती अणेगहा एसा ।
भणिया णिउणमतीए वियारियव्वा य कुसलेण ।।२२०।।७।।

અન્વયાર્થ :-

इयरो=ઈતર=આર્યમહાગિરિથી ઈતર એવા આર્યસુહસ્તિ, उज्जेणीए=ઉજ્જૈનીમાં, जियवंदण=જીવિત સ્વામિની પ્રતિમાના વંદન માટે ગયા. साहू=સાધુ વડે, भद्दागेहम्मी=ભદ્રાના ઘરમાં, वसहिजायणा=વસતિની

યાચના કરાઈ. જાણસાલત્થાણં=યાનશાલામાં અવસ્થાન કરાયું. णलिणिगुम्मे=નલિનીગુલ્મ=આર્યસુહસ્તિ આચાર્ય વડે રાત્રિમાં નલિનીગુલ્મનું અધ્યયન પરાવર્ત કરાયું.

સવણમવંતિસુકુમાલ=અવંતિસુકુમાલ વડે તેનું શ્રવણ, વિમ્હય=વિસ્મય થયો. સરણં=સ્મરણ=પૂર્વભવનું સ્મરણ થયું. વિરાગ=વૈરાગ્ય=અવંતિસુકુમાલને વૈરાગ્ય થયો. ગુરુકહણા=ગુરુને કથન, પવ્વમિ ઉસ્સુગોઽહં=પ્રવ્રજ્યા માટે હું ઉત્સુક છું. સિગ્ઘં તહ અણસણં કરેમિ=અને શીઘ્ર હું અનશન કરીશ.

જણણીપુચ્છં=ગુરુએ કહ્યું માતાને પૃચ્છા કરવી જોઈએ. અણિચ્છે=અનિચ્છા=અવંતિસુકુમાલની માતાને પૂછવાની અનિચ્છા, મા હુ સયંગહિયલિંગમો=સ્વયંગ્રહિત લિંગવાળા ન થાઓ. દાણં=દાન=તેથી ગુરુ વડે પ્રવ્રજ્યાનું દાન, કંથારિંગિણિ=કંથારિકુંડમાં જઈને ઇંગિની મરણ સ્વીકારાયું. સિવપેલ્લ=શિયાળણી અને તેના પુત્રો સાથે, જામ=રાત્રિમાં, જાણૂરુપોટ્ટ=જાનુ અર્થાત્ સાથળ, ઊરુના ક્રમથી પેટનું ભક્ષણ કર્યું. મઓ=તેનું મૃત્યુ થયું=અવંતિસુકુમાલનું મૃત્યુ થયું.

અહિયાસિઊણ=સહન કરીને=પરિષહ સહન કરીને, તગ્ગયચિત્તો=તદ્ગતચિત્તવાળો=નલિનીગુલ્મ વિમાનમાં ગતચિત્તવાળો, સો=તે=અવંતિસુકુમાલ, તહિં=ત્યાં=નલિનીગુલ્મ વિમાનમાં, ઉવવન્નગો=ઉત્પન્ન થયો. ગંધોદગાદિ=તે દેવ વડે પોતાના પૂર્વભવના શરીરને ગંધ-ઉદકાદિથી સત્કાર કરાયો. ગુરુસાહણં ચ ભદ્દાએ વહુયાણં=અને ગુરુ વડે ભદ્રા અને અવંતિસુકુમાલની સ્ત્રીઓને તેનું કથન કરાયું.

ગોસમ્મિ=સવારમાં, તહિં=ત્યાં=અવંતિસુકુમાલે જ્યાં અનશન કર્યું છે ત્યાં, ગમણં=ગમન=પુત્રવધૂઓ સાથે ભદ્રાનું ગમન, મયકિરીયા=મૃતક્રિયા કરાઈ=ભદ્રા વડે મૃતક્રિયા કરાઈ. ગુરૂણં ચ દેસણા=અને ગુરુ વડે ભદ્રાદિને દેશના અપાઈ. પવ્વયણં ણાવન્નાતીએ=આપન્નસત્ત્વા સિવાય પ્રવ્રજ્યા=ગર્ભવતી એક સ્ત્રીને છોડીને સર્વ વધૂ સહિત ભદ્રાનું પ્રવ્રજ્યાગ્રહણ, પુત્તોત્તિ=તેનો પુત્ર થયો. આયતણં=આયતન કરાયું=અનશનના સ્થાને પુત્ર વડે દેવકુલ કરાયું.

એમાદુચિયકમેણં=આ વગેરે ઉચિત ક્રમથી, અણેગસત્તાણ=અનેક જીવોને, चरणमाईणि काऊण=ચરણાદિ કરીને=ચારિત્રાદિ સંપાદન કરીને, તઓઽવિ=તે પણ=આર્યસુહસ્તિ પણ, વિહિણા=વિધિથી=વિધિપૂર્વક અનશન કરીને, કાલેણ=કાળથી, સુરલોયં ગતો=સુરલોકને પામ્યા.

દુણ્હવિ=બંનેની પણ=આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ બંનેની પણ, जहजोगत्तं तहा पवित्ती=યથાયોગ્યત્વરૂપ તે પ્રકારની પ્રવૃત્તિ, અણેગહા=અનેક પ્રકારે, એસા ભણિયા=આ કહેવાઈ છે=પૂર્વસૂરિઓ વડે કહેવાઈ છે. કુસલેણ ય=અને કુશલ બુદ્ધિવાળા પુરુષે, णिउणमतीए=નિપુણ મતિથી, વિયારિયવ્વા=વિચારવી જોઈએ. ॥૨૧૪થી ૨૨૦॥

ગાથાર્થ :-

ઇતર=આર્યમહાગિરિથી ઇતર એવા આર્યસુહસ્તિ, ઉજ્જૈનીમાં જીવિત સ્વામિની પ્રતિમાના વંદન માટે ગયા. સાધુ વડે ભદ્રાના ઘરમાં વસતિની યાચના કરાઈ. યાનશાલામાં અવસ્થાન કરાયું. નલિનીગુલ્મ=આર્યસુહસ્તિ આચાર્ય વડે રાત્રિમાં નલિનીગુલ્મનું અધ્યયન પરાવર્ત કરાયું.

અવંતિસુકુમાલ વડે તેનું શ્રવણ, વિસ્મય થયો. સ્મરણ=પૂર્વભવનું સ્મરણ થયું. વૈરાગ્ય=અવંતિસુકુમાલને વૈરાગ્ય થયો. ગુરુને કથન – 'પ્રવ્રજ્યા માટે હું ઉત્સુક છું અને શીઘ્ર હું અનશન કરીશ.'

ગુરુએ કહ્યું – 'માતાને પૃચ્છા કરવી જોઈએ.' અનિચ્છા=અવંતિસુકુમાલની માતાને પૂછવાની અનિચ્છા, સ્વયંગ્રહિત લિંગવાળા ન થાઓ. દાન=તેથી ગુરુ વડે પ્રવ્રજ્યાનું દાન, કંથારિકુંડમાં જઈને ઇંગિની મરણ સ્વીકારાયું. શિયાળણી અને તેના પુત્રો સાથે રાત્રિમાં જાનુ અર્થાત્ સાથળ, ઊરુના ક્રમથી પેટનું ભક્ષણ કર્યું. તેનું મૃત્યુ થયું=અવંતિસુકુમાલનું મૃત્યુ થયું.

સહન કરીને=પરિષહ સહન કરીને, તદ્ગતચિત્તવાળો=નલિનીગુલ્મ વિમાનમાં ગતચિત્તવાળો, તે=અવંતિસુકુમાલ, ત્યાં=નલિનીગુલ્મ વિમાનમાં, ઉત્પન્ન થયો. તે દેવ વડે પોતાના પૂર્વભવના શરીરને ગંધ-ઉદકાદિથી સત્કાર કરાયો અને ગુરુ વડે ભદ્રા અને અવંતિસુકુમાલની સ્ત્રીઓને તેનું કથન કરાયું.

સવારમાં ત્યાં=અવંતિસુકુમાલે જ્યાં અનશન કર્યું છે ત્યાં, ગમન=પુત્રવધૂઓ સાથે ભદ્રાનું ગમન, મૃતક્રિયા કરાઈ=ભદ્રા વડે મૃતક્રિયા કરાઈ અને ગુરુ વડે ભદ્રાદિને દેશના અપાઈ. આપન્નસત્ત્વા સિવાય પ્રવ્રજ્યા=ગર્ભવતી એક સ્ત્રીને છોડીને સર્વ વધૂ સહિત ભદ્રાનું પ્રવ્રજ્યાગ્રહણ, તેનો પુત્ર થયો. આયતન કરાયું=અનશનના સ્થાને પુત્ર વડે દેવકુલ કરાયું.

આ વગેરે ઉચિત ક્રમથી અનેક જીવોને ચરણાદિ કરીને=ચારિત્રાદિ સંપાદન કરીને, તે પણ=આર્યસુહસ્તિ પણ, વિધિથી=વિધિપૂર્વક અનશન કરીને, કાળથી સુરલોકને પામ્યા.

બંનેની પણ=આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ બંનેની પણ, યથાયોગ્યત્વરૂપ તે પ્રકારની પ્રવૃત્તિ અનેક પ્રકારે આ કહેવાઈ છે=પૂર્વસૂરિઓ વડે કહેવાઈ છે અને કુશલ બુદ્ધિવાળા પુરુષે નિપુણમતિથી વિચારવી જોઈએ. ।।૨૧૪થી ૨૨૦।।

ટીકા :-

कालगयम्मि महागिरिमुणिवसहे अह कयाइ विहरंतो । जियपडिमवंदणहेउमागओ दुत्थियत्थकरो ।।१।। सुरीसुहत्थिनामा उज्जेणीए ठिओ बहिं तेण । भणिया मुणिणो सव्वे गोयरगमणुम्मणा संता ।।२।। जाएज्जह अज्ज जणालयाण मज्झम्मि साहुजणजोग्गं । वसहिं तेसिमहेगो संघाडो मंदिरम्मि गओ ।।३।। भद्दाएँ सत्थवाहीएँ भिक्खणट्ठा सगउरवं तीए । अब्भुट्ठिओ य णमिओ य पुच्छिओ कस्स भे सीसा ?।।४।। अज्जसुहत्थी अम्हं सामी वसहिं तयत्थमत्थेमो । इय भणिए पुलयंकुरविसट्टदेहाएँ तीएँ मुणी ।।५।। अप्पाणं कयकिच्चं च मन्नामाणाएँ जाणसालाओ । अव्वावाराओ बहुप्पयारमुणिजण समुचियाओ ।।६।। संति च्चिय एयाओ अणुगिण्हह इय भणेउमुचिएणं । पडिलाभिया पभूयं भोयणपाणाइदाणेणं ।।७।। साहूवि गुरुसगासे पडिकंतिरियावही निवेइंति । भयवं! भद्दाएँ गिहे उवलद्धा जाणसालाओ ।।८।। कयभोयणा दिणंते संकंता वसहिमज्जहत्थिगुरू।

बहुबालवुड्ढभिक्खगभिक्खुप्पामोक्खगणजुत्ता ।।९।। पडिमाएँ कमेण जियंतसामिणीए कयम्मि वंदणए। पारद्धो जणबोहो अइदूरं महियसंमोहो ।।१०।। इओ य-अत्थि सुभद्दाएँ सुओ सुकुमारो पउरभोग-दुल्ललिओ । तत्तोवंतीविसए सुकुमालतमस्सऽभावाओ ।।११।। अन्नया (त्थं) तस्सनामं अवंतिसुकुमालगो तओ जायं । अंतरियमूलनामं सव्वत्थुवलद्धवित्थारं ।।१२।। समजोव्वणाउ समधणगेहेहिंतो समाणि-येल्लाओ । समलावन्नगुणाओ समदेहपमाणजुत्ताओ ।।१३।। बत्तीसकन्नगाओ महाविभूईएँ तेण परिणीया । सुपसन्नवयणकमलाउ पुन्नपब्भारलब्भाओ ।।१४।। [जुम्मं] दोगुंदुगोव्व देवो जणणी-चिंतिज्जमाणगिहकज्जो । ताहिं समं विसयसुहं परिभुंजइ बुहजणाणुमयं ।।१५।। कइयाइ सो सुहत्थी मुणीसरो रयणिपढमपहरम्मि । वसहिविवित्तपएसे ठिओ विमाणस्स वुत्तंतं ।।१६।। नलिणी-गुम्मस्स नवंबुवाहरवमणहरेण सद्देणं । परियत्तिउं पयट्टो पूरियतद्देसदिसिभागो ।।१७ । ता नियपासाय-परिट्ठिएण तन्नलिणिगुम्ममज्झयणं । सोऊणं विम्हियमाणसेण किं किन्नरो कोई ।।१८।। उग्गायइ परिचिंतियमेयं च मए कहिंचि किल दिट्ठं । एवं वियक्कमाणो जाओ जाइस्सरो सहसा ।।१९।। केणावि अणुवलक्खियचेट्ठो पत्तो सुहत्थिगुरुपासे । नाओ जहा अवंतीसुकुमालो विहियपयपणई ।।२०।। भयवं! अस्स विमाणस्स वइयरो दुक्करं इहं नाउं । ता कहणाओ तुब्भेहिं भद्द! जिणनाहवयणाओ ।।२१।। तत्तोऽहमागओ सिज्झमाणसव्विंदियत्थवग्गोऽवि । न लहामि तं सरंतो इहं रइं कत्थइ पयत्थे ।।२२।। विट्ठाकोट्ठगकिमिओ कहिंचि लद्धुं नरत्तणं रम्मं । पुणरवि तट्ठाणगओ जहाहियं दुक्खमणुहवइ ।।२३।। तह सुरलोगाओ अहं इहागओ सुमरिऊण तच्चरियं । अच्चंतुव्विग्गमणो न निव्वुइं किंचिवि लहामि ।।२४।। ता मे कुणसु पसायं पव्वज्जादाणओ तयणु चेव । नियहत्थाओ अणसणदाणेण तओ गुरू भणइ ।।२५।। पुच्छामि सत्थवाहिं भद्दं तह परियणं कलत्ताई । अच्चं-तमुस्सुओऽहं न सहामि विलंबिउं किंचि ।।२६।। कालाणुवत्तणाओ तह सुत्तप्परिणईपमाणाओ । मा होउ सयं पडिवन्नसाहुनेवत्थओ एस ।।२७।। तक्खणमेव विदिन्ना दिक्खा तह अणसणं निरागारं। सुद्धोवओगगुरुणा सयमेव सुहत्थिणा गुरुणा ।।२८।। कंथारतरुकुडंगे तव्वेलं चिय गमो कओ तेणं। इंगियदेसनिविट्ठो दिट्ठो तग्गयसियालीए ।।२९।। नियपेल्लएहिं सज्जोसंजाएहिं समन्नियाएँ तओ । अहियं छुहाकिलंता लग्गा सा एगजाणुम्मि ।।३०।। बीयम्मि पेल्लगाइं पहरम्मि दुइज्जगम्मि रयणीए । तइयम्मि दोसु ऊरुसु चउत्थए उदरदेसम्मि ।।३१।। स महप्पा मेरुगिरिव्व निच्चलो नियसमाहिलाभम्मि । एत्तो च्चिय नियदेहा अप्पाणं भिन्नमिच्छंतो ।।३२।। इहलोगे परलोगे अप्पडिबद्धो वयाओ एयाओ । जं होइ तं सयं चिय सग्गो मोक्खो व फलमत्थु ।।३३।। उदरप्पएसभक्खणसमए मरिउं स णलिणिगुम्मम्मि । देवत्तणमणुपत्तो तत्थ विभूइं पभूइं च ।।३४।। दुक्करविणिग्गहाओ णलिणीगुम्माभिलासलेसाओ । भूरिकयमोक्खकंखापक्खोवि तहिं स संजाओ ।।३५।। जइ पुण

तदेगचित्तो सो होज्ज मओ कहं महरिसित्ति । पढिओ घडेज्ज सत्थंतरेसु वुत्तं जओ एवं ।।३६।। दुक्करमुद्धोसकरं अवंतिसुकुमालमहरिसीचरियं । अप्पावि नाम तह तज्जइत्ति अच्छेरयं एयं ।।३७।। अच्चंतुवगारकरं सरीरमेयंति मन्नमाणो सो । परिवज्जियसुरकज्जो सज्जो च्चिय एत्थमागम्म ।।३८।। गंधोदगवुट्ठिसुगंधिपुप्फपगरणाइणा तमच्चेइ । पच्चक्खीकयरूवो अज्जसुहत्थिं नमंसित्ता ।।३९।। जहआगयं पडिगओ उदिए सूरम्मि जा न जणणीए । पायपणामनिमित्तं समागओ ताव संभालो ।।४०।। जाओ तस्स न कत्थवि जाव पउत्ती कहिंचि उवलद्धा । वज्जाहउव्व सेलो बंधुजणो वाउलीहूओ ।।४१।। तो अज्जसुहत्थिमुणीसरेण भद्दा सपरियणा भणिया । जहरयणीऍ अवंतीसुकुमालो लद्धपव्वज्जो ।।४२।। विहियाणसणो कंथारतरुवणे मुक्ककायपडिबंधो । णलिणीगुम्मविमाणे सुरो पहाणो समुप्पन्नो ।।४३।। भद्दा वहूसमेया तत्थ गया विहियमयगकायव्वा । तट्ठाणाओ नियत्ता पन्नत्ता सूरिणा एवं ।।४४।। नइपूरे पडियाणं दारूण समागमो जहा होइ । तत्तो जहा विओगो तह जीवाणंपि संसारे ।।४५।। जह सुमिणो जह माइणिहयाउ जह इंदजालकीलाउ । जह बालधूलिहर-विलसियाइं तह एस जियलोओ ।।४६।। एत्थ विहवी अविहवी असुहीवि सुही गुणीवि किल अगुणी । बंधूवि सिय अबंधू धी अणवत्थो भवत्थजणो ।।४७।। तहा जस्समयस्सेगयरो सग्गो मोक्खो च होज्ज नियमेण । मरणंपि तस्स मन्ने ऊसवभूयं मणुस्सस्स ।।४८।। एवमवणीयसोगा भद्दा वहुया उदग्गवेरग्गा । सव्वाओ सुहत्थिपयंतिगम्मि पडिवन्नदिक्खाओ ।।४९।। जायाओ नवरिमेक्का आसि सगब्भा वहूं तयं मोत्तुं । जाओ कालेण सुओ तीसे बहुलक्खणोवेओ ।।५०।। तेण पिउपक्खवाया निसीहियाए मणाभिरामेल्लं । पिउपडिमासमणुगयं कारियमाययणमुत्तुंगं ।।५१।। कालंतरेण ससरक्खभिक्खुलोगेण तिव्वरोसेणं । पडिवन्नमह महाकालणामगं जायमिणमिण्हिं ।।५२।। इति ।।

अथ पूर्वोल्लिङ्गितगाथासप्तकाक्षरार्थः—इतरः सुहस्ती उज्जयिन्यां विहृतः 'जियवंदण'त्ति जीवत्स्वामिकप्रतिमावंदनार्थम् । तत्र च वसतियाञ्चा कृता 'साहु'त्ति साधुभिर्भद्रागेहे । ततः यानशालास्थानं-यानशालासु समवस्थितिर्विहिता । नलिनीगुल्माध्ययने सुहस्तिना रात्रौ परिवर्त्त्यमाने ।।२१४।।१।।

श्रवणम् आकर्णनं 'अवंतिसुकुमाले' इति अवन्तिसुकुमालेन-भद्रापुत्रेण तस्य कृतम् । ततो विस्मयः संजातः—अहो किमेतद् गीयते इति । ततोऽपि स्मरणं पूर्वभवस्य, तदनन्तरं विरागो मनुष्यभवात् । तदन्वेव समागम्य गुरोः-श्रीमदार्यसुहस्तिनः कथनास्ववृत्तान्तस्य विहिता । भणितं च 'पव्वामि'त्ति प्रव्रजामि सद्य एव उत्सुकोऽहं प्रव्रज्यां प्रति । चिरकालं प्रव्रज्याप्रतिपालनाऽसहिष्णुत्वात् करोमि, तथेति समुच्चये अनशनं शीघ्रमिदानीमेव ।।२१५।।२।।

गुरुणा स उक्तः जननीपृच्छाकर्त्तुमुचिता तव, ततोऽनिच्छे-अनभिलाषे जननी पृच्छाविषये । तस्मिन् सति 'माहुसयंगहियलिंगमो दाणं'ति मा स्वयं गृहीतलिङ्ग एष सम्पद्यतामिति दानं लिङ्गस्य तस्य गुरुणा कृतम् ततः 'कंथारिंगिणि'त्ति कंथारिकुडंगे गत्वा इंगिनीमरणमधिष्ठितं तेन । 'सिवपेल्ल'त्ति शिवया-शृगाल्या पिल्लैश्च-तदपत्यैः 'जाम'त्ति यामेषु रजन्या द्वितीयतृतीयचतुर्थेषु 'जाणूरपोट्ट'त्ति क्रमेण जानुनोरूर्वोः पोट्टे-उदरे च भक्षिते मृतः-परासुर्जात इति ।।२१६।।३।।

ततोऽधिसह्य तद्भक्षणव्यथां तद्गतचित्तो-मनाग् नलिनीगुल्मविमानगतचित्तः उपपन्नकस्तत्र-नलिनीगुल्मे स तु स चेति । तेन च निजशरीरस्य गन्धोदकादिः गन्धजलावर्षणसुरभिपुष्पप्रकिरणगोशीर्ष-चंदनसमालभनादिको देहसत्कारः कृतः । गुरुसाधनं च-गुरुणा च कथितं तस्य वृत्तं भद्रायास्तथा वधूनाम् ।।२१७।।४।।

गोसे-प्रत्युषसि तत्र गमनं भद्राया एव सवधूकायाः । तत्र च मृतक्रिया-शरीरसत्कारादिका तस्य विहिता । देशना भवस्वरूपविषया गुरूणाम् आचार्यसुहस्तिनां पुनः प्रवृत्ता । ततः प्रव्रजनं सुभद्रायाः सवधूकायाः सम्पन्नम् । परं न नैवापन्नायाः-आपन्नसत्त्वाया एकस्याः । तस्याः पुत्रो जात इति । अनेनायतनं-देवकुललक्षणं पितृपक्षपातात् तत्र स्थाने कृतमिति ।।२१८।।५।।

एवमाद्युचितक्रमेण-एवमादिना सम्प्रति नृपति-अवन्तीसुकुमालं प्रतिबोधप्रभृतिना उचितक्रमेण-स्वावस्थोचितप्रवृत्तिरूपेणानेकसत्त्वानां-ग्रामनगरादिषु नानाविधानां भव्यजीवानां चरणादीनि चरणं-चारित्रं देशतः सर्वतश्च, आदिशब्दात् सम्यक्त्वबीजाधानग्रहः, कृत्वा-विधाय तत्तदुपायप्रयोगेण तकोऽपि-आर्यसुहस्तिसूरिरपि गतः-प्राप्तो विधिना-पण्डितमरणाराधनरूपेण कालेन-सर्वगच्छप्रयोजन-निष्पादनावसानरूपेण सुरलोकं-त्रिदशभवनमिति ।।२१९।।६।।

अथोपसंहरन्नाह—द्वयोरपि प्रस्तुताचार्ययोर्न पुनरेकस्यैव, यथायोग्यत्वं निजनिजयोग्यत्वानतिक्रमेण तथा-तत्प्रकारा प्रवृत्तिः गच्छप्रतिपालनादिलक्षणा अनेकधा एषा निरूपितरूपा भणिता पूर्वसूरिभिः, परं निपुणमत्या-सूक्ष्माभोगेन विचारयितव्या विमर्शनीया पुनः कुशलेन । अन्यत्राप्युक्तम्—'यस्माद् यो यस्य योग्यः स्यात्, तत्तेनालोच्य सर्वथा । प्रारब्धव्यमुपायेन, सम्यगेष सतां नयः' ।।१।।२२०।।७।।

ભાવાર્થ :-

આર્યસુહસ્તિસૂરિ અપ્રમાદથી પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને પોતાનો અસંગભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને યોગ્ય જીવોને ઉપકાર કરવાની પોતાની શક્તિ છે તે શક્તિ અનુસાર યોગ્ય જીવોને ચારિત્રાદિ કેમ પ્રાપ્ત થાય તે પ્રકારે ઉચિત યત્ન કરીને અંતે પૂર્ણ વિધિ અનુસાર પંડિતમરણપૂર્વક કાળને પામ્યા. તેથી ઉત્તમ એવા દેવલોકની પ્રાપ્તિ થઈ.

આ રીતે આર્યમહાગિરિએ અને આર્યસુહસ્તિએ પોતાની શક્તિ અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને પોતાને પ્રાપ્ત થયેલા મનુષ્યભવને પૂર્ણ સફળ કરેલ એ પ્રકારે અનેક સ્થાને પૂર્વસૂરિઓ વડે નિરૂપણ કરાયું છે. તેથી બુદ્ધિમાન પુરુષોએ તેમનાં દૃષ્ટાંતોનું અવલંબન લઈને નિપુણતાપૂર્વક સંસારનું રૌદ્ર સ્વરૂપ અત્યંત ભાવન કરવું જોઈએ અને આ રૌદ્ર સંસારથી નિસ્તારનો એક ઉપાય સ્વશક્તિ અનુસાર રત્નત્રયીની આરાધના છે. તેથી પોતાની શક્તિનું સમ્યગ્ આલોચન કરીને સંસારના નિસ્તારના ઉપાયભૂત ઉચિત પ્રવૃત્તિવિષયક યોગ્ય ગુરુઆદિ પાસેથી શાસ્ત્રવિધિનું જ્ઞાન કરવું જોઈએ. સ્વભૂમિકાનુસાર સમ્યગ્ રીતે સેવાયેલ ઉચિત અનુષ્ઠાન કઈ રીતે ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની પરિણતિરૂપ ભાવોની નિષ્પત્તિ કરીને આત્માને નિર્લેપ-નિર્લેપતર કરે છે તેનો યથાર્થ બોધ નિપુણ બુદ્ધિપૂર્વક કરવો જોઈએ અને પ્રાપ્ત થયેલા મનુષ્યભવની એક ક્ષણ પણ આત્મહિતની ઉપેક્ષાવાળી ન થાય તે રીતે વારંવાર સૂક્ષ્મ તત્ત્વનું પર્યાલોચન કરવું જોઈએ. જેથી શક્તિ અનુસાર જિનવચનના પરમાર્થનો સૂક્ષ્મ બોધ સ્થિર-સ્થિરતર થાય. વળી, તે સમ્યગ્ બોધથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ કઈ રીતે હિતકારી છે અને તેમાં કરાયેલ પ્રમાદ કઈ રીતે અહિતકારી છે તેનું સમ્યગ્ ભાવન કરવું જોઈએ જેથી રૌદ્ર સંસારથી નિસ્તાર માટેની રુચિ અતિશય-અતિશયતર થાય. ત્યારપછી સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન સ્વીકારીને તેનું નિરતિચાર સમ્યગ્ પાલન કેમ થાય અને તે અનુષ્ઠાનથી કષાયની સંલેખના કેમ અતિશય-અતિશયતર થાય તેનું સમ્યગ્ આલોચન કરીને તે પ્રમાણે યત્ન કરવો જોઈએ અને જીવનના અંત સમયે જેમ આર્યસુહસ્તિએ અને આર્યમહાગિરિએ વિધિપૂર્વક સ્વશક્તિ અનુસાર પંડિતમરણ સ્વીકાર્યું તેમ પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં શક્તિ અનુસાર સંચિત કર્યું છે વીર્ય જેમણે એવા મહાત્માઓએ અંત સમયે પોતાના સંઘયણાદિનું સમ્યગ્ સમાલોચન કરીને ઉચિત વિધિથી દેહનો ત્યાગ કરવો જોઈએ જેથી મોક્ષમાર્ગનું પ્રબળ કારણ બને તેવો ઉત્તમ દેવભવ ઉત્તરમાં પ્રાપ્ત થાય. **॥૨૧૪થી ૨૨૦॥**

અવતરણિકા :-

योग्यारंभमेवानयोर्भावयति —

અવતરણિકાર્થ :-

આમના=આર્યમહાગિરિના અને આર્યસુહસ્તિના, યોગ્ય આરંભનું જ ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે —

ગાથા :-

कप्पेऽतीते तक्किरियजोगया फासिया महागिरिणा ।
तह गच्छपालणेणं सुहत्थिणा चेव जतितव्वं ।।२२१।।

અન્વયાર્થ :-

कप्पेऽतीते=જિનકલ્પ અતીત થયે છતે, तक्किरियजोगया=તેની ક્રિયાની યોગ્યતા=જિનકલ્પને અનુસરનાર

ક્રિયાની યોગ્યતા, મહાગિરિણા ફાસિયા=આર્યમહાગિરિ વડે સ્પર્શાઈ. તહ ગચ્છપાલણેણં સુહત્થિણા ચ=અને ગચ્છના પાલનથી આર્યસુહસ્તિ દ્વારા તે જિનકલ્પની ક્રિયાની યોગ્યતાને સ્પર્શાઈ. એવ=આ રીતે= આર્યમહાગિરિએ અને આર્યસુહસ્તિએ સ્વશક્તિ અનુસાર યત્ન કર્યો એ રીતે, જતિતવ્વં=યત્ન કરવો જોઈએ=સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદ માટે યત્ન કરવો જોઈએ. ॥૨૨૧॥

ગાથાર્થ :-

જિનકલ્પ અતીત થયે છતે, તેની ક્રિયાની યોગ્યતા=જિનકલ્પને અનુસરનાર ક્રિયાની યોગ્યતા, આર્યમહાગિરિ વડે સ્પર્શાઈ અને ગચ્છના પાલનથી આર્યસુહસ્તિ દ્વારા તે જિનકલ્પની ક્રિયાની યોગ્યતાને સ્પર્શાઈ. આ રીતે=આર્યમહાગિરિએ અને આર્યસુહસ્તિએ સ્વશક્તિ અનુસાર યત્ન કર્યો એ રીતે, યત્ન કરવો જોઈએ=સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદ માટે યત્ન કરવો જોઈએ. ॥૨૨૧॥

ટીકા :-

कल्पे-जिनकल्पे जम्बूनाममहामुनिकालव्यवच्छिन्नत्वेनातीते सति तत् क्रियायोग्यता-जिनकल्पानुकार-रूपा स्पृष्टानिषेविता महागिरिणा । तथेति पक्षान्तरोपक्षेपार्थः । गच्छपालनेन-सारणावारणादिना गच्छानुग्रहकरणरूपेण सुहस्तिना च तत्क्रियायोग्यता स्पृष्टा । सम्यक्परिपालितगच्छो हि पुमान् जिनकल्पयोग्यो भवतीति गच्छपरिपालनमपि परमार्थतो जिनकल्पयोग्यतैवेति । निगमयन्नाह-एवेत्यनु-स्वारलोपादेवं-भणितपुरुषन्यायेन यतितव्यम् उद्यमः कार्यः सर्वप्रयोजनेषु ॥२२१॥

ભાવાર્થ :-

મનુષ્યભવ પામીને જિનતુલ્ય થવા માટે જિનકલ્પની આરાધના છે અને આર્યમહાગિરિના કાળમાં જિનકલ્પ વિચ્છેદ થયેલો તોપણ જિનકલ્પનું અનુસરણ કરે તેવી વચનગુરુતાને સેવીને આર્યમહાગિરિએ પોતાના આત્માને અસંગભાવથી વાસિત કર્યો. વળી, આર્યસુહસ્તિએ પણ સારણા-વારણાદિથી ગચ્છનું તે રીતે પાલન કર્યું જેથી જિનકલ્પની યોગ્યતા પોતાનામાં પ્રગટે. તેથી આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિ મહાત્માએ પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને જે રીતે જિનકલ્પની યોગ્યતા પોતાનામાં પ્રગટ થાય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરીને મનુષ્યભવ સફળ કર્યો. તે રીતે વર્તમાનમાં પણ સંસારથી ભય પામેલા મહાત્માએ જિનકલ્પીઓનું પારમાર્થિક સ્વરૂપ વર્તમાનમાં ઉપલબ્ધ ગ્રંથોથી યથાર્થ જાણીને તેનું ભાવન કરવું જોઈએ અને તેને અનુરૂપ પોતાનામાં શક્તિ પ્રગટે તે રીતે સ્વશક્તિ અનુસાર અપ્રમાદભાવથી ઉચિત અનુષ્ઠાન સેવવું જોઈએ જેનાથી પોતાનામાં પણ નજીકના ભવોમાં અવશ્ય જિનકલ્પની યોગ્યતા પ્રગટે અને સુખપૂર્વક દુસ્તર એવો સંસારસાગર તરી શકાય. **॥૨૨૧॥**

અવતરણિકા :-

सम्प्रतीत्थं प्रवृत्तौ फलमाह —

અવતરણિકાર્થ :-

હવે આ રીતે=આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિનું દૃષ્ટાંત લઈને પોતાની શક્તિને ગોપવ્યા વગર શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરવામાં આવે એ રીતે, પ્રવૃત્તિ હોતે છતે ફળને=તેની પ્રવૃત્તિના ફળને, કહે છે –

ગાથા :-

एवं उचियपवित्ती आणाआराहणा सुपरिसुद्धा ।
थेवावि होति बीयं पडिपुन्नाए ततीए उ ।।२२२।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, उचियपवित्ती=ઉચિત પ્રવૃત્તિ, सुपरिसुद्धा आणाआराहणा= સુપરિશુદ્ધ આજ્ઞાની આરાધના છે. थेवावि=થોડી પણ=ઉચિત પ્રવૃત્તિરૂપ થોડી પણ સુપરિશુદ્ધ આજ્ઞાની આરાધના, पडिपुन्नाए ततीए उ=પ્રતિપૂર્ણ એવી તેનું=પરિપૂર્ણ એવી ઉચિત પ્રવૃત્તિનું, बीयं होति=બીજ છે. ।।૨૨૨।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ઉચિત પ્રવૃત્તિ સુપરિશુદ્ધ આજ્ઞાની આરાધના છે. થોડી પણ=ઉચિત પ્રવૃત્તિરૂપ થોડી પણ સુપરિશુદ્ધ આજ્ઞાની આરાધના, પ્રતિપૂર્ણ એવી તેનું=પરિપૂર્ણ એવી ઉચિત પ્રવૃત્તિનું, બીજ છે. ।।૨૨૨।।

ટીકા :-

एवम् आर्यमहागिरि-आर्यसुहस्तिन्यायेन उचितप्रवृत्तिः-स्वावस्थोचितानुष्ठानारम्भरूपा, आज्ञाराधनाद्-अर्हद् वचनानुपालनात् सुपरिशुद्धा-अत्यन्तममलीमसा स्तोकाऽपि-तथाविधकालक्षेत्रादिबलविकलतया-ऽल्पापि, किं पुनः प्रभूता; भवति—सम्पद्यते बीजम्-उत्पत्तिहेतुः प्रतिपूर्णायाः तस्यास्तु-तस्या एवोचित-प्रवृत्तेः, यथा हि शुक्लपक्षप्रवेशात् प्रतिपच्चन्द्रमाः परिपूर्णचन्द्रमण्डलहेतुः सम्पद्यते तथा सर्वज्ञाऽऽज्ञानु-प्रवेशात् तुच्छमप्यनुष्ठानं क्रमेण परिपूर्णानुष्ठानहेतुः सम्पद्यत इति ।।२२२।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિના દૃષ્ટાંતથી કોઈ મહાત્મા પોતાની ભૂમિકાનુસાર સંસારનું રૌદ્ર સ્વરૂપ પ્રતિદિન ભાવન કરે અને રૌદ્ર એવા સંસારથી તરવાનો ઉપાય શુદ્ધ ક્રિયા છે અર્થાત્ શક્તિ અનુસાર કષાયોની સંલેખના થાય એ પ્રકારે ઉપયોગપૂર્વક કરાયેલી નમસ્કાર જાપાદિ શુદ્ધ ક્રિયા છે. વળી, તેનો સૂક્ષ્મ બોધ ગીતાર્થ ગુરુભગવંતો કરાવી શકે તેમ છે માટે તેવા ગુણવાન ગુરુનો નિર્ણય કરીને શુદ્ધ ક્રિયાનો યથાર્થ બોધ કરીને સ્વશક્તિ અનુસાર થોડી પણ શુદ્ધ ક્રિયા

કરવામાં આવે તો તે શુદ્ધ ક્રિયા પૂર્ણ શુદ્ધ ક્રિયાનું બીજ છે અર્થાત્ યોગનિરોધરૂપ પૂર્ણ શુદ્ધ ક્રિયાનું તે બીજ છે માટે અપ્રમાદ-ભાવપૂર્વક શક્તિ અનુસાર શુદ્ધ ક્રિયા કરવા માટે કલ્યાણના અર્થી જીવોએ ઉદ્યમ કરવો જોઈએ. **॥૨૨૨॥**

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=થોડી પણ ઉચિત પ્રવૃત્તિ પરિપૂર્ણ ઉચિત પ્રવૃત્તિનું કારણ છે એને જ, ભાવન કરે છે= સ્પષ્ટ કરે છે –

ગાથા :-

संथारपरावत्तं अभिग्गहं चेव चित्तरूवं तु ।
एत्तो य(उ) कुसलबुद्धी विहारपडिमाइसु करेंति ।।२२३।।

અન્વયાર્થ :-

એત્તો ય(ઉ)=આથી જ, કુસલબુદ્ધી=કુશળ બુદ્ધિવાળા એવા સાધુઓ, વિહારપડિમાઇસુ=વિહાર પ્રતિમાદિમાં, સંથારપરાવત્તં અભિગ્ગહં ચેવ ચિત્તરૂવં તુ કરેંતિ=સંથારપરાવર્તન અને ચિત્રરૂપ અભિગ્રહને કરે છે. ॥૨૨૩॥

ગાથાર્થ :-

આથી જ કુશળ બુદ્ધિવાળા એવા સાધુઓ વિહાર પ્રતિમાદિમાં સંથારપરાવર્તન અને ચિત્રરૂપ અભિગ્રહને કરે છે. ॥૨૨૩॥

ટીકા :-

यदा—'आचेलकुद्देसिय सेज्जायर रायपिंड किइकम्मे । वय जेट्ठ पडिक्कमणे मासं पज्जोसवणकप्पे' ।।१।। इति वचनात् स्थितकल्पतया-आदिष्टमासकल्पविहारा अपि साधवः कालक्षेत्रदोषात् तथा विहरमाणा ज्ञानादिवृद्धिं न लभन्ते तदा एकत्र क्षेत्रे नवविभागीकृते वसतिपरावर्त्तनेन भिक्षाचर्यापरिवर्त्तनेन च यतन्ते, यदा च कुतोऽपि वैगुण्यात् तदपि कर्त्तुं न पार्यते तदा एकस्यामपि वसतौ नवविभागायां संस्तारपरावर्त्त-संस्तारकभूमिपरिवृत्तिलक्षणं प्रतिमासं कुर्वन्ति, इत्थमपि तत्कल्पः परिपूर्ण आराधितो भवति । तथा जिनकल्पादिविशेषानुष्ठानाऽसहिष्णुतायामभिग्रहं चैव-द्रव्याद्यभिग्रहलक्षणं चित्ररूपं तु-नाना-रूपमेवैकैकस्यानेकरूपत्वात्, इतस्तु-इत एव स्तोकाया अप्युचितप्रवृत्तेः परिपूर्णानुष्ठानबीजत्वाद्धेतोः कुशलबुद्धयः-उत्सर्गापवादशुद्धबुद्धजिनमतत्वेन निपुणमतयो 'विहार-प्रतिमादिषु' विहारे

मासकल्पादौ प्रतिमादिषु च-भिक्षुप्रतिमादिषु कर्त्तव्यतामापन्नासु कुर्वन्ति-आ सेवन्त इति । द्रव्याद्यभिग्रह-रूपं च 'लेवडमलेवडं वा अमुगं दव्वं च अज्ज घेच्छामि । अमुगेणव दव्वेणं अह दव्वाभिग्गहो एस' ।।१।। इत्यादिग्रन्थादवसेयमिति ।।२२३।।

ભાવાર્થ :-

વર્તમાનના કાળ પ્રમાણે દૃઢ પ્રવૃત્તિ કરવાની શક્તિ ક્ષીણ થયેલી હોય ત્યારે મહાત્માઓ દીર્ઘ વિહાર કરીને પોતાની જ્ઞાનાદિ વૃદ્ધિનો નાશ ન થાય તે માટે કોઈ નિયતક્ષેત્રમાં રહીને પણ વસતિના નવ વિભાગાદિ કરીને સંથારાપરાવર્તનસ્વરૂપ વસતિના પરાવર્તનને કરીને નવકલ્પી વિહારનો પક્ષપાત જાળવી રાખે છે અને જિનકલ્પાદિ વિશેષ અનુષ્ઠાન કરવા અસમર્થ હોવાના કારણે તેને અનુકૂળ શક્તિ સંચિત થાય તદ્અર્થે ચિત્ર અભિગ્રહ કરે છે.

આનાથી એ ફલિત થાય કે સર્વત્ર સંગના પરિહાર અર્થે સાધુ જિનવચનાનુસાર નવકલ્પી વિહારો કરે છે પરંતુ માત્ર પ્રતિદિન વિહાર કરીને વિહારના શ્રમથી જીવનની સફળતા માનતા નથી તેથી જ્યારે એકગામથી બીજાગામમાં જવા સ્વરૂપ વિહાર કરવાની શક્તિ ક્ષીણ થાય ત્યારે પણ કોઈ ક્ષેત્રનો પ્રતિબંધ ન થાય પરંતુ સર્વ ક્ષેત્ર પોતાના માટે સમાન છે અને તે ક્ષેત્રમાં વસતા ગૃહસ્થોનો પ્રતિબંધ ન થાય તેવા અંતરંગ યત્ન સ્વરૂપ સંથારાનું પરાવર્તન કરીને પણ ક્ષેત્રના પ્રતિબંધથી આત્માને મુક્ત રાખવા યત્ન કરે છે. સુસાધુ જિનકલ્પાદિ અવસ્થાના અત્યંત અર્થી હોય છે અને તેને અનુરૂપ શક્તિ સંચિત કરવા અર્થે ભિક્ષાદિના વિષયમાં ચિત્ર અભિગ્રહ કરીને તે અભિગ્રહ અનુસાર નિર્દોષ ભિક્ષા ન મળે તો અદીન ભાવથી તપથી વૃદ્ધિ કરે છે તેથી જેઓ કુશળ બુદ્ધિવાળા છે તેઓ પોતાના વર્તમાનના સંયોગનું સમ્યગ્ સમાલોચન કરીને જે પ્રમાણે સર્વદ્રવ્ય-સર્વક્ષેત્ર-સર્વકાળ અને સર્વભાવો પ્રત્યેનો પોતાનો પ્રતિબંધ અલ્પ-અલ્પતર થાય તે પ્રકારે ઉચિત પ્રયત્ન કરે છે જેથી અસંગભાવની વૃદ્ધિ કરીને આર્યસુહસ્તિ અને આર્યમહાગિરિની જેમ મનુષ્યભવને સફળ કરે છે. વળી સંપૂર્ણ નિર્મમ થવાને અનુકૂળ શક્તિ ન હોય તો સાધુપણું ગ્રહણ ન કરે તોપણ બુદ્ધિમાન શ્રાવક સદા મોહની સામે સુભટની જેમ લડનારા અને કંટકાકીર્ણ ભૂમિમાં ગમન કરનારા પુરુષની જેમ યત્નપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરનારા સુસાધુનું સ્વરૂપ રોજ ભાવન કરે છે, તેમના જેવા થવાના મનોરથો સેવે છે અને પોતાની શક્તિ અનુસાર આરંભ-સમારંભનો સંકોચ કરીને નિરારંભ જીવવાને અનુકૂળ ચિત્તનિષ્પત્તિ માટે સદા યત્ન કરે છે.

જેઓ આ રીતે પોતાની શક્તિ અનુસાર શક્તિના પ્રકર્ષથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને અપ્રમાદપૂર્વક યત્ન કરે છે તેઓ જેમ બલભદ્ર મુનિ પ્રત્યે ભક્તિના પ્રકર્ષવાળા હરણને પણ બલભદ્ર મુનિની જેમ પાંચમા દેવલોકની પ્રાપ્તિ થઈ તેમ અપ્રમાદી સાધુઓ કે શ્રાવકો પણ પૂર્વના મહાપુરુષોની જેમ અલ્પકાળમાં સંસારસમુદ્રના પારને પામે છે. **॥૨૨૩॥**

અવતરણિકા :-

एनमेवार्थं व्यतिरेकमुखेनाह –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=બુદ્ધિમાન પુરુષ શક્તિ અનુસાર સંસારના ઉચ્છેદ માટે યત્ન કરે એ જ અર્થને, વ્યતિરેક મુખથી કહે છે –

ગાથા :-

अकए बीजक्खेवे जहा सुवासेऽवि न भवती सस्सं ।
तह धम्मबीयविरहे ण सुस्समाएवि तस्सस्सं ।।२२४।।

અન્વયાર્થ :-

જહા=જે પ્રમાણે, સુવાસેઽવિ=સુવર્ષામાં પણ, અકએ બીજક્ખેવે=અકૃત બીજક્ષેપવાળી ભૂમિમાં, સસ્સં ન ભવતી=ધાન્ય થતું નથી. તહ=તે પ્રમાણે, ધમ્મબીયવિરહે=ધર્મબીજના વિરહમાં, સુસ્સમાએવિ=સુષમામાં પણ, તસ્સસ્સં ણ=તે સસ્સ થતું નથી=ધર્મરૂપી ધાન્ય થતું નથી. ।।૨૨૪।।

ગાથાર્થ :-

જે પ્રમાણે સુવર્ષામાં પણ અકૃત બીજક્ષેપવાળી ભૂમિમાં ધાન્ય થતું નથી તે પ્રમાણે ધર્મબીજના વિરહમાં સુષમામાં પણ તે સસ્સ થતું નથી=ધર્મરૂપી ધાન્ય થતું નથી. ।।૨૨૪।।

ટીકા :-

अकृते-अविहिते बीजक्षेपे-शालिमुद्गादेर्बीजस्य वपने यथा सुवर्षेऽपि-जलभारमेदुरजलधरधारा-प्राग्भारनिपातलक्षणेऽपि न नैव भवति सस्यं-धान्यं तथा 'धर्मबीजविरहे' धर्मबीजानां-सम्यक्त्वा-दिसमुत्पादकानां धर्मप्रशंसादिकानां हेतूनां परिहारे न सुषमायामपि समा नाम कालविभागः सुष्ठु-तीर्थकरजन्मादिमहामहसहायत्वेनातिशयवती समा सुषमा तस्यां, किं पुनरितरसमासु दुष्षमादिलक्षणा-स्वित्यपिशब्दार्थः, तत् सस्यं-स एव धर्म एव विषयाकांक्षाबुभुक्षाक्षयावहत्वेन सस्यं भवतीति । यथोक्तम् 'नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम् । अन्यथा न व्यवस्था स्यात्, कार्यकारणयोः क्वचित् ।।१।।' ।।२२४।।

ભાવાર્થ :-

જે પ્રમાણે બીજવપન કરેલું હોય અને સુવૃષ્ટિ થાય તો જ ધાન્ય નિષ્પન્ન થાય છે પરંતુ સુવૃષ્ટિ હોવા છતાં જેઓએ બીજવપન કરેલું નથી તેઓને ધાન્યની પ્રાપ્તિ થતી નથી તેમ તીર્થંકરાદિના કાળમાં ઉત્તમ પુરુષોનો યોગ ઘણો હોવા છતાં જે જીવોએ ધર્મના પક્ષપાતરૂપ બીજોનું વપન કર્યું નથી તેઓમાં ધર્મ નિષ્પન્ન થતો નથી. માટે બુદ્ધિમાન પુરુષે સંસારના વાસ્તવિક સ્વરૂપનું સમ્યગ્ સમાલોચન સદા કરવું જોઈએ અને વિચારવું જોઈએ કે જગતમાં જે જે મહાત્માઓ થયા છે તે સર્વ નિઃસ્પૃહ ચિત્ત નિષ્પન્ન કરીને થયા છે.

સસ્પૃહચિત્તવાળા કોઈ મહાત્મા જગતમાં મહાન બનતા નથી માટે પોતાનું ચિત્ત જગતના ભાવો પ્રત્યે નિઃસ્પૃહ ન હોય તોપણ નિઃસ્પૃહભાવવાળા મહાત્માઓને યાદ કરીને સદા તેનો પક્ષપાત કરવા યત્ન કરવો જોઈએ.

જેમ આર્યસુહસ્તિજીએ ખાવા માટે આવેલ ભિખારીને ખાવાના પ્રયોજનથી સાધુનો વેષ આપ્યો તોપણ ભદ્રક પ્રકૃતિવાળા તે જીવને પોતાના સાધુવેષને કારણે શ્રાવકોની પોતાના પ્રત્યેની ભક્તિ જોઈને 'ભોગના ત્યાગ સ્વરૂપ આ સંયમ છે અને તે જ સુંદર છે' તેવી બુદ્ધિ થવાથી સમ્યક્ત્વના કારણીભૂત એવા ધર્મબીજનું વપન થયું તો ઉત્તરના ભવમાં સંપ્રતિ મહારાજા થઈને તે ભિખારીને પણ પ્રચુર ધર્મની પ્રાપ્તિ થઈ માટે અસદ્ગ્રહનો ત્યાગ કરીને સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને અસંગભાવ પ્રત્યે પક્ષપાત વધે તે પ્રકારે પોતાની શક્તિ અનુસાર ઉચિત કૃત્યો કરવાં જોઈએ જેથી આત્મામાં ઉત્તમ ધર્મની નિષ્પત્તિ સુખપૂર્વક થાય. વળી જેમ ધાન્યથી ભૂખ શમે છે તેમ ઉત્તમ ધર્મરૂપી ધાન્યથી વિષયની બુભુક્ષા ક્ષીણ-ક્ષીણતર થાય છે જેના બળથી પ્રચુર ભોગસામગ્રીયુક્ત ભવ પામીને પણ તે મહાત્મા નિઃસ્પૃહ ચિત્તને જ અધિક અધિક પ્રાપ્ત કરશે. **॥૨૨૪॥**

અવતરણિકા :-

यस्मादेवं ततः किं कर्त्तव्यमित्याह –

અવતરણિકાર્થ :-

જે કારણથી આ પ્રમાણે છે=ધર્મરૂપી બીજવપન વગર સુવર્ષારૂપ ઉત્તમ પુરુષોના ઉપદેશથી પણ ધર્મરૂપી ધાન્ય નિષ્પન્ન થતું નથી એ પ્રમાણે છે, તેથી શું કરવું જોઈએ અર્થાત્ આત્મામાં ધર્મનિષ્પત્તિના અર્થી જીવોએ શું કરવું જોઈએ, એને કહે છે –

ગાથા :-

आणापरतंतेहिं ता बीजाधाणमेत्थ कायव्वं ।
धम्मम्मि जहासत्ती परमसुहं इच्छमाणेहिं ।।२२५।।

અન્વયાર્થ :-

ता=તે કારણથી=ધર્મબીજના વપન વગર ધર્મની નિષ્પત્તિ નથી તે કારણથી, परमसुहं इच्छमाणेहिं आणापरतंतेहिं=પરમસુખને ઈચ્છતા એવા આજ્ઞાપરતંત્ર પુરુષે, एत्थ=અહીં=ધર્મનિષ્પત્તિના વિષયમાં, धम्मम्मि बीजाधाणं=ધર્મવિષયક બીજાધાન, जहासत्ती कायव्वं=યથાશક્તિ કરવું જોઈએ. ॥૨૨૫॥

ગાથાર્થ :-

તે કારણથી=ધર્મબીજના વપન વગર ધર્મની નિષ્પત્તિ નથી તે કારણથી પરમસુખને ઈચ્છતા એવા આજ્ઞાપરતંત્ર પુરુષે અહીં=ધર્મનિષ્પત્તિના વિષયમાં, ધર્મવિષયક બીજાધાન યથાશક્તિ કરવું જોઈએ. ॥૨૨૫॥

ટીકા :-

आज्ञापरतंत्रैः-सर्वज्ञवचनायत्तीकृतात्मभिः 'ता' इति तस्माद् बीजाधानं-जिनमुनिप्रभृतिपवित्र-पदार्थकुशलचित्तादिलक्षणम्, अत्र-प्रस्तुते कर्त्तव्यं धर्म्मे-साध्यत्वेनाभिमते सति यथाशक्ति-स्वसामर्थ्यानुरूपं परमसुखम्-एकान्तिकात्यन्तिकानन्दसंदोहमयं शर्म इच्छद्भिः-वाञ्छद्भिरिति । धर्मबीजानि चैवं शास्त्रान्तरे परिपठितानि दृश्यन्ते—यथा 'जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च। प्रणामादि च संशुद्धं, धर्मबीजमनुत्तमम् ।।१।। उपादेयधियाऽत्यन्तं, संज्ञाविष्कम्भणान्वितम् । फलाभिसन्धिरहितं, संशुद्धं ह्येतदीदृशम् ।।२।। आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु । वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ।।३।। भवोद्वेगश्च सहजो, द्रव्याभिग्रहपालनम् । तथा सिद्धान्तमाश्रित्य, विधिना लेखनादि च ।।४।। लेखना पूजना दानं, श्रवणं वचनोद्ग्रहः । प्रकाशनाऽथ स्वाध्यायश्चिन्तना भावनेति च ।।५।। दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च । औचित्यासेवनं चैव, सर्वत्रैवाविशेषतः ।।६।।' इत्यादि ।।२२५।।

ભાવાર્થ :-

જેઓ સંસારની વિડંબનાથી ભય પામેલા છે અને સંસારના સર્વ ઉપદ્રવોથી રહિત એવા પરમસુખને ઇચ્છે છે તેવા મહાત્માએ પરમસુખના ઉપાયના રહસ્યને પામેલા તીર્થંકરોની આજ્ઞાને પરતંત્ર થવું જોઈએ અને તીર્થંકરની પરમઆજ્ઞા છે કે સંસારના ઉચ્છેદ માટે યથાશક્તિ અપ્રમાદ કરવો જોઈએ. તેથી તેઓની આજ્ઞાનું સ્મરણ કરીને તેઓનાં વચનાનુસાર પોતાનામાં ધર્મની નિષ્પત્તિના અર્થી જીવે ધર્મનિષ્પત્તિના કારણીભૂત બીજાધાનમાં યત્ન કરવો જોઈએ. તેથી એ ફલિત થાય કે માર્ગાનુસારી પ્રજ્ઞાપૂર્વક સંસારનું વાસ્તવિક સ્વરૂપ ભાવન કરવામાં આવે તોપણ આત્મામાં ધર્મનાં બીજો પડે છે અને સંસારથી પર અવસ્થાને પામેલા યોગીઓના મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ પરાક્રમનું ભાવન કરવામાં આવે તોપણ યોગબીજો પડે છે. તેથી પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને યથાવસર ઉચિત સ્થાને બેસીને ગંભીરતાપૂર્વક હૈયાને સ્પર્શે તે રીતે ચાર ગતિઓના પરિભ્રમણરૂપ જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ દુઃખોથી આક્રાંત સંસારી જીવોની સંસારની અવસ્થા છે તેવું સમાલોચન કરવું જોઈએ. માત્ર વિચારીને સંતોષ માનવો જોઈએ નહીં પરંતુ પુનઃ પુનઃ ભાવન કરીને જે પ્રકારે સંસારનું રૌદ્ર સ્વરૂપ છે તે પ્રકારે રૌદ્ર સ્વરૂપ સતત ભાસે તેવો વજની ભીંત જેવો દુર્ભેદ્ય મતિજ્ઞાનનો ક્ષયોપશમ કરવો જોઈએ. વળી, આ સંસારની વિષમ સ્થિતિમાંથી નીકળવાનો એક ઉપાય સર્વજ્ઞના વચન અનુસાર તત્ત્વથી વાસિત કરાયેલું ચિત્ત છે તેવો નિર્ણય કરીને સદા વીતરાગનું સ્વરૂપ, સિદ્ધ અવસ્થાનું સ્વરૂપ અને વીતરાગ થવા માટે મહાપરાક્રમ ફોરવતા સુસાધુનું સ્વરૂપ તે રીતે ભાવન કરવું જોઈએ જેથી તીર્થંકરોની અવસ્થા, સિદ્ધઅવસ્થા અને સુસાધુઓની અવસ્થાથી અન્ય સંસારી જીવોની સર્વ અવસ્થા અસારભૂત અવસ્થા છે અને આ ત્રણ અવસ્થા જ જીવની સારભૂત અવસ્થા છે તેવી નિર્મળ બુદ્ધિ સદા પ્રવર્તે. જે મહાત્મા યથાશક્તિ આ પ્રમાણે ભાવન

કરીને વજ્રની ભીંત જેવા દુર્ભેદ્ય મતિજ્ઞાનની નિર્મળ પરિણતિને પ્રાપ્ત કરે છે તે મહાત્મા અલ્પકાળમાં જ રૌદ્ર સંસારના પારને પામે છે અને જ્યાં સુધી મોક્ષને ન પામે ત્યાં સુધી પણ તે મહાત્માઓનો ભવરૂપી સંસાર નષ્ટપ્રાય રૌદ્રતાવાળો અને અત્યંત સુખાકારી બને છે. આથી જ આવા મહાત્માઓ સુદેવ અને સુમનુષ્યપણાને પામીને જિનતુલ્ય થઈને અલ્પકાળમાં સિદ્ધ અવસ્થાને પામે છે. **॥૨૨૫॥**

અવતરણિકા :-

અત્રૈવ દૃષ્ટાન્તમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=પરમસુખને ઇચ્છનારા મહાત્માએ બીજાધાનમાં યત્ન કરવો જોઈએ એમ પૂર્વની ગાથામાં કહ્યું એમાં જ, દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

सुव्वइ य तेणणायं एत्थं बोहीएँ पत्तिविग्घकरं ।
तं चेव उ कुसलेहिं भावेयव्वं पयत्तेणं ।।२२६।।

અન્વયાર્થ :-

एत्थं य=અને અહીં=બીજાધાનના વિષયમાં, बोहीएँ पत्तिविग्घकरं=બોધિની પ્રાપ્તિ કરનાર અને બોધિમાં વિઘ્ન કરનાર, तेणणायं सुव्वइ=ચોરદ્વયનું દૃષ્ટાંત સંભળાય છે. तं चेव उ=અને તેને જ=તે દૃષ્ટાંતને જ, कुसलेहिं=બુદ્ધિમાન પુરુષોએ, पयत्तेणं भावेयव्वं=પ્રયત્નથી ભાવન કરવું જોઈએ. ॥૨૨૬॥

ગાથાર્થ :-

અને અહીં=બીજાધાનના વિષયમાં, બોધિની પ્રાપ્તિ કરનાર અને બોધિમાં વિઘ્ન કરનાર ચોરદ્વયનું દૃષ્ટાંત સંભળાય છે અને તેને જ=તે દૃષ્ટાંતને જ, બુદ્ધિમાન પુરુષોએ પ્રયત્નથી ભાવન કરવું જોઈએ. ॥૨૨૬॥

ટીકા :-

श्रूयते च-निशम्यते पुनः सर्वज्ञप्रणीतागमे स्तेनज्ञातं-चौरोदाहरणमत्र-प्रस्तुते बीजाधाने वक्तुमारब्धे सति 'बोधिप्राप्तिविघ्नकरं' बोधिप्राप्तेर्बोधिविघ्नस्य च कारकपुरुषद्वयसूचकत्वेन तत्कारकं । तदेव तुशब्दाद् अन्यानि च धनसार्थवाहादिज्ञातानि कुशलैः-विद्वद्भिर्भावयितव्यं-मीमांसनीयं प्रयत्नेनेति ।।२२६।।

અવતરણિકા :-

तदेव गाथात्रयेणाह –

અવતરણિકાર્થ :-

તેને જ=બે ચોરોના દૃષ્ટાંતને જ, ત્રણ ગાથાથી બતાવે છે –

ગાથા :-

कोसंबिसेट्ठिसुय गाढपीती पाएण तुल्लफलसिद्धी ।
वीरोसरणे सवणं बोहिअभावेसु य विसेसो ।।२२७।।
हरिसो मज्झत्थत्तं परोप्परं चित्तजाणणा भेओ ।
पुच्छा अबोहि नेहे बहु जोगोऽबीजगो कह णु ?।।२२८।।
दंगियपुत्ता गोहरण पच्छखेडणग सेलगुहसाहू ।
धम्मपसंसपओसा बीयाबीया दुवेण्हंपि ।।२२९।।

અન્વયાર્થ :-

कोसंबिसेट्ठिसुय=કૌશાંબીના બે શ્રેષ્ઠીપુત્રો, गाढपीती=ગાઢ પ્રીતિ, पाएण तुल्लफलसिद्धी=પ્રાયઃ કરીને તુલ્ય ફળની સિદ્ધિ=વ્યવહારની પ્રવૃત્તિમાં તુલ્ય ફળની પ્રાપ્તિ, वीरोसरणे=વીર ભગવાનના સમવસરણમાં, सवणं=શ્રવણ=બંને દ્વારા ઉપદેશનું શ્રવણ, बोहिअभावेसु य विसेसो=બોધિ અને બોધિના અભાવમાં વિશેષ=એકને બોધિની પ્રાપ્તિ થઈ અને બીજાને બોધિના અભાવની પ્રાપ્તિ થઈ એ રૂપ વિશેષ.

हरिसो=હર્ષ=ભગવાનની દેશના સાંભળીને એકને હર્ષ, मज्झत्थत्तं=મધ્યસ્થપણું=બીજાને મધ્યસ્થપણું, परोप्परं चित्तजाणणा भेओ=પરસ્પર ચિત્તના જ્ઞાનનો ભેદ, अबोहि पुच्छा=અબોધિની પૃચ્છા=ભગવાનને અબોધિના વિષયમાં પૃચ્છા, नेहे=સ્નેહ હોતે છતે, बहु जोगो=ઘણા પ્રકારે યોગ=ઘણા પ્રકારે ચિત્તનો સમાન યોગ, अबीजगो कह णु=આ અબીજવાળો કેમ છે ? (એ પ્રકારની ભગવાનને પૃચ્છા)

(ભગવાને બંનેના પૂર્વભવ કહ્યા) दंगियपुत्ता=મુખીપુત્રો=ઘણી ગાયોવાળા ગામના મુખીના તમે બે પુત્રો હતા. गोहरण=ગાયોનું હરણ=તમારા વડે ગાયોનું હરણ કરાયું. पच्छखेडणग=કોટવાળ તમારી પાછળ લાગ્યો. सेलगुहसाहू=શૈલગુફામાં તમારા વડે સાધુ જોવાયા. धम्मपसंसपओसा=ધર્મની પ્રશંસા અને અપ્રદ્વેષ=એક વડે ધર્મની પ્રશંસા કરાઈ અને બીજાને અપ્રદ્વેષ થયો. बीयाबीया दुवेण्हंपि=બંનેને પણ બીજ અને અબીજની પ્રાપ્તિ. ।।૨૨૭થી ૨૨૯।।

ગાથાર્થ :-

કૌશાંબીના બે શ્રેષ્ઠીપુત્રો, ગાઢ પ્રીતિ, પ્રાયઃ કરીને તુલ્ય ફળની સિદ્ધિ=વ્યવહારની પ્રવૃત્તિમાં તુલ્ય ફળની પ્રાપ્તિ, વીર ભગવાનના સમવસરણમાં શ્રવણ=બંને દ્વારા ઉપદેશનું શ્રવણ, બોધિ અને બોધિના અભાવમાં વિશેષ=એકને બોધિની પ્રાપ્તિ થઈ અને બીજાને બોધિના અભાવની પ્રાપ્તિ થઈ એ રૂપ વિશેષ.

હર્ષ=ભગવાનની દેશના સાંભળીને એકને હર્ષ, મધ્યસ્થપણું=બીજાને મધ્યસ્થપણું, =પરસ્પર ચિત્તના જ્ઞાનનો ભેદ, અબોધિની પૃચ્છા=ભગવાનને અબોધિના વિષયમાં પૃચ્છા, સ્નેહ હોતે છતે ઘણા પ્રકારે યોગ=ઘણા પ્રકારે ચિત્તનો સમાન યોગ. 'આ અબીજવાળો કેમ છે ?' એ પ્રકારની ભગવાનને પૃચ્છા.

ભગવાને બંનેના પૂર્વભવ કહ્યા – મુખીપુત્રો=ઘણી ગાયોવાળા ગામના મુખીના તમે બે પુત્રો હતા. ગાયોનું હરણ=તમારા વડે ગાયોનું હરણ કરાયું. કોટવાળ તમારી પાછળ લાગ્યો. શૈલગુફામાં તમારા વડે સાધુ જોવાયા. ધર્મની પ્રશંસા અને અપ્રદ્વેષ=એક વડે ધર્મની પ્રશંસા કરાઈ અને બીજાને અપ્રદ્વેષ થયો. બંનેને પણ બીજ અને અબીજની પ્રાપ્તિ. ॥૨૨૭થી ૨૨૯॥

ટીકા :-

समस्ति निखिलक्षोणीकामिनीमण्डनोपमा । कौशांब्याख्या पुरी शम्ब-पाणिपत्तनभूतिभाक् ।।१।। तत्रैक-च्छत्रवसुधापरिपालनविश्रुतः । राजा जितारिनामाऽभूत्, सद्भूतगुणसन्निधिः ।।२।। श्रेष्ठिनौ तत्र सुष्ठुश्रीभाजनं जनपूजितौ । अभूतां धनयक्षाह्वावौदार्यादिगुणान्वितौ ।।३।। धनस्य धर्मपालो-ऽभून्नन्दनः कुलनन्दनः । वसुपालश्च यक्षस्य, वसुवृद्धिविधायकः ।।४।। जन्मान्तरीयसंस्कारादाबाल-त्वात्तयोरभूत् । अत्यन्तमित्रताभावो, लोकाश्चर्यविधायकः ।।५।। रोचते च यदेकस्य, तदन्यस्यापि रोचते । ततो लोके गतौ ख्यातिमेकचित्ताविमाविति ।।६।। ततः कुलोचितं कर्म, कुर्वतोर्यान्ति वासराः । अन्यदा भुवनानन्दी, प्राप्तस्तत्र जिनेश्वरः ।।७।। भगवान् श्रीमहावीर-इक्ष्वाकुकुलनन्दनः । गीर्जलैर्जनसन्तापशमनेऽम्भोदसन्निभः ।।८।। विदधुस्तस्य गीर्वाणा, व्याख्याभूमिं मनोहराम् । तत्रासौ धर्ममाचख्यौ, ससुरासुरपर्षदि ।।९।। तमागतं समाकर्ण्य, कौशाम्बीवासिनो जनाः । राजादयः समाजग्मुर्वन्दितुं तत्पदाम्बुजम् ।।१०।। तावपि श्रेष्ठिनोः सूनू, कुतूहलपरायणौ । जनेन सार्द्धमायातौ, जिननायकसन्निधौ ।।११।। जिनस्तु देशयामास, मोक्षमार्गं सनातनम् । सत्त्वानां सर्वकल्याणकारणं करुणापरः ।।१२।। ततस्तयोर्वणिक्सून्वोरेकस्य तज्जिनोदितम् । श्रद्धानमार्गमायाति, भाव्यते च स मानसे ।।१३।। स्फाराक्षो मस्तकं धुन्वन्, कर्णपर्णपुटार्प्पितम् । रोमाञ्चितः पिबत्युच्चैर्जिनवाक्यं यथाऽमृतम् ।।१४।। तदन्यस्य तदाभाति, वालुकाकवलोपमम् । अन्योऽन्यस्य च तौ भावं, लक्षयामास-तुस्तराम् ।।१५।। व्याख्याभुवः समुत्थाय, जग्मतुर्भवनं निजम् । तत्रैको व्याजहारैवं, भ्रातस्त्वं भावितः किल ।।१६।। जिनवाचा न चाहं भोस्तदत्र किमु कारणम् । एकचित्ततया ख्यातावावां लोके इयच्चिरम् ।।१७।। इदानीमत्र संजातं, विभिन्नं चित्तमावयोः । तदत्र कारणं किं स्यादन्यो वक्ति स्म विस्मितः ।।१८।। सत्यमेवं ममाप्यत्रविकल्पः संप्रवर्त्तते । केवलं केवली नूनं, निश्चयं नौ करिष्यति ।।१९।। स एव प्रश्नितोऽत्रार्थे, तद्यातास्वस्तदन्तिके । एवं तौ निश्चयं कृत्वा, प्रातर्यातौ

तदन्तिके ।।२०।। पप्रच्छतुस्तमाराध्यं, विनयेन स्वसंशयम् । सोऽप्युवाच पुरैकेन, श्लाघितो युवयोर्मुनिः ।।२१।। तथाहि—आस्तां युवां क्वचिद्ग्रामे, द्रङ्गिकस्य तनूद्भवौ । कालक्रमेण तारुण्यं, लावण्यपद-मागतौ ।।२२।। संजाततद्विकारौ च, जातौ भूतेरभावतः । तथा मनोरथाः किञ्चिन्न पूर्यन्ते कथञ्चन ।।२३।। अनार्यकार्यमारब्धौ, कर्त्तुं चौर्यं ततोऽन्यदा । ग्रामान्तरे हता गावो, गत्वा रात्रावतित्वरौ ।।२४।। दण्डपाशिकलोकेन, भवन्तौ त्रासितौ ततः । प्रारब्धौ नंष्टुमेकोऽथ, साधुः शैलगुहागतः ।।२५।। ध्यानमौनक्रियालग्नो, युवाभ्यां समदृश्यत । ततश्च धर्मपालस्य, जीवेनेदं व्यचिन्त्यत ।।२६।। अहो सुलब्धजन्मास्य, प्रशस्याचारसद्मनः । यदित्थं निर्भयः शान्तस्त्यक्त-सङ्गोऽवतिष्ठते ।।२७।। वयं पुनरधन्यानामधन्या धनकांक्षया । विदधाना विरुद्धानि, पराभवपदं गताः ।।२८।। धिक्कारोपहतात्मानो, यास्यामः कां गतिं मृताः ?। ही जाता दुःस्वभावेन, लोकद्वय-विराधकाः ।।२९।। तदेवं निर्मलं साधोर्वृत्तं वारितकल्मषम् । विपरीतमतोऽस्माकमस्मात् कल्याणकं कुतः ?।।३०।। अन्यः पुनरुदासीनः, समभूत्तं मुनिं प्रति । गुणरागादवापैको बोधिबीजं न चापरः ।।३१।। ततस्तनुकषायत्वाद्, भवन्तौ दानतत्परौ । नरजन्मोचितं कर्म, बद्धवन्तावनिन्दितम् ।।३२।। मृत्वा युवां समुत्पन्नावेतावत्र वणिक्सुतौ । जातावनिन्दिताचारौ, वणिग्धर्मपरायणौ ।।३३।। एकस्येह तदेतस्य, जातं बीजस्य तत्फलम् । सद्बोधरूपमन्यस्य, निर्बीजत्वेन नाभवत् ।।३४।। एवं पूर्वभवासेवां, जिनेनोक्तां सविस्तराम् । निशम्यैकस्य सञ्जातं, जातेः संस्मरणं क्षणात् ।।३५।। ततोऽसौ प्रत्यये जाते, जातः संवेगभावितः । भावतश्च जिनोद्दिष्टं, प्रपेदे शासनं शुभम् ।।३६।। तत्प्रतिपत्तिसामर्थ्याच्छु-भकर्मानुबन्धतः । सिद्धिं यास्यत्यसौ काले परः संसारमेव हि ।।३७।।

अथ गाक्षाक्षरार्थः—'कोसंबि'त्ति कौशांब्यां पुरि 'सेट्ठिसुय'त्ति श्रेष्ठिनोः सुतौ गाढप्रीतौ परस्परं प्रायेण-बहून् वारान् 'तुल्लफलसिद्धी' व्यवहारप्रवृत्तौ समानफललाभौ च प्रवर्त्तेते । अन्यदा च 'वीरोसरणे' इति वीरसमवसरणे श्रवणं-धर्मसमाकर्णनमभूत् । तयोर्बोध्यभावयोश्च-बोधावभावे च सति विशेषः संवृत्तः ।।२२७।।१।।

तमेव दर्शयति—'हरिसो मज्झत्थत्तं' इत्यादि, हर्षः सन्तोष एकस्य धर्मपालजीवस्य, मध्यस्थत्वम्-उदासीनत्वमन्यस्य परस्परम्-अन्योऽन्यस्य चित्तज्ञानमभूत् । ततो भेदश्चित्तस्य संवृत्तः ततः 'पुच्छा अबोहि'त्ति अबोधिगोचरा पृच्छा कृता ज्येष्ठेन भगवतः पार्श्वे । 'नेहे बहुजोगो' इति भगवन्! स्नेहे सत्यावयोर्बहुः प्रभूतो योगः सदा व्यवहारकारणादिसम्बन्ध एकचित्तयोरभूत् । ततः बीजं-मुक्तिकल्पतरोः सम्यक्त्वं तद्यस्य नास्ति सोऽबीजकः कथं केन हेतुनैष मत्सखा सम्पन्नः ? नु वितर्के इति ।।२२८।।२।।

'दंगियपुत्ता' इत्यादि । ततो भगवता प्राच्यवृत्तान्तः कथयितुमारब्धस्तयोः, यथा—द्रङ्गिकपुत्रौ, द्रङ्गो नाम गोधनबहुलः सन्निवेशविशेषः सोऽस्यास्तीति द्रङ्गिको-ग्राममहत्तरकस्तत्सुतौ युवां भूतवन्तौ । 'गोहरण'त्ति कदाचिद् भवद्भ्यां गवां हरणे कृते सति, दण्डपाशिकैः 'पच्छ खेडणग'त्ति पश्चात्-पृष्ठतः खेटनकं-त्रासनमारब्धम् । ततः पलायमानाभ्यां भवद्भ्यां शैलगुहायां साधुरेको दृष्टः । तत्र धर्मप्रशंसाप्रद्वेषौ भवतोः प्रवृत्तौ । ततो 'बीयाबीय'त्ति बीजमबीजं च द्वयोरपि यथाक्रमं सम्पन्नमिति ।।२२९।।३।।

ભાવાર્થ :-

સંસારના ઉચ્છેદ અર્થે ગુણો પ્રત્યે પક્ષપાત કરવાથી બીજાધાન થાય છે અને ગુણો પ્રત્યે ઉપેક્ષાથી બીજાધાન થતું નથી. એથી બીજાધાનને કારણે બોધિની પ્રાપ્તિ થાય છે અને ગુણવાન પ્રત્યે ઉપેક્ષાને કારણે બોધિમાં વિઘ્ન થાય છે તેના વિષયમાં ચોરનું દૃષ્ટાંત બુદ્ધિમાન પુરુષે પ્રયત્નથી ભાવન કરવું જોઈએ અર્થાત્ માત્ર દૃષ્ટાંતનો વિચાર કરીને બોધ થયો છે તેમ વિચારવું જોઈએ નહીં પરંતુ જેમ તે બે ચોરમાંથી એકને ધર્મપ્રશંસાને કારણે બોધિની પ્રાપ્તિ થઈ અને ગુણવાન પ્રત્યે ઉપેક્ષાને કારણે બીજાને બોધિની પ્રાપ્તિ ન થઈ એ પ્રકારે સૂક્ષ્મ આલોચન કરીને જગતવર્તી ઉત્તમ પુરુષોનાં દૃષ્ટાંતોનું તેઓના સાત્ત્વિક જીવન વિષયક અત્યંત પક્ષપાત થાય તે પ્રકારે ભાવન કરવું જોઈએ. જેથી જેમ તે બે શ્રેષ્ઠીના પુત્રોને ગાઢ સ્નેહને કારણે દરેક પ્રવૃત્તિમાં પરસ્પર સમાન ફળની પ્રાપ્તિ થતી હતી છતાં ધર્મશ્રવણથી સમાન ફળ પ્રાપ્ત થયું નહીં પરંતુ એકને બોધિની પ્રાપ્તિ થઈ અને અન્યને બોધિના અભાવની પ્રાપ્તિ થઈ. માટે રૌદ્ર એવા આ ભવસમુદ્રથી તરવું હોય તો સતત ગુણોનો પક્ષપાત થાય એ પ્રકારે દૃઢ આલંબન લઈને આત્માને ભાવિત કરવો જોઈએ જેથી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

અહીં દૃષ્ટાંતમાં તે બે મિત્રો ગાઢ પ્રીતિવાળા હોવાથી એકની જેવી રુચિ હતી તેવી જ બીજાની રુચિ હતી. વળી, સામાન્યથી બન્નેનું પુણ્ય પણ તે પ્રકારનું હતું જેથી સંસારની પ્રવૃત્તિઓમાં પણ તે તે પ્રવૃત્તિનું ફળ બંનેને સમાન મળતું હતું. તેથી ફળની અપેક્ષાએ પણ સમાન ફળ પ્રાપ્ત કરનારા તે બંનેને ઉપદેશના શ્રવણથી વિસમાન ફળની પ્રાપ્તિ થઈ. વળી, સંસારમાં સર્વત્ર પ્રાયઃ તે બંને મિત્રોનું સમાન ચિત્ત પ્રવર્તતું હતું છતાં ઉપદેશના શ્રવણના વિષયમાં તે બેનું ચિત્ત અસમાન થયું તેનું કારણ પૂર્વભવમાં સમાન પ્રકૃતિથી સમાન મિત્રતા થાય અને સમાન કાર્યસિદ્ધિ થાય તેવું પુણ્ય બન્ને જીવોએ બાંધેલું છતાં એક જીવે બીજાધાન નહીં કરેલું અને અન્ય જીવે બીજાધાન કરેલું તેના કારણે યોગમાર્ગની પ્રાપ્તિ-અપ્રાપ્તિના વિષયમાં અસમાન ચિત્તની પ્રાપ્તિ થઈ. આ રીતે આ દૃષ્ટાંતનું આલોચન કરીને મોક્ષમાર્ગની સર્વ ભૂમિકાઓમાં વર્તતા ઉત્તમ જીવોની ઉત્તમ પ્રકૃતિઓનું વારંવાર સ્મરણ કરવું જોઈએ. તેના પ્રત્યે પક્ષપાત થાય તે રીતે યત્ન કરવો જોઈએ જેથી તેવી ઉત્તમ પ્રકૃતિઓની પ્રાપ્તિ અત્યંત સુલભ બને છે. માટે બે ચોરોનું દૃષ્ટાંત પ્રયત્નથી ભાવન કરીને કલ્યાણના અર્થી જીવે પોતાનામાં કેવા પ્રકારના બીજાધાનની શક્તિ છે તેનું સમાલોચન કરીને તે તે પ્રકારના સૂક્ષ્મ બોધપૂર્વકના વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિના કારણીભૂત બીજાધાનમાં યત્ન કરવો જોઈએ. **॥૨૨૭થી ૨૨૯॥**

અવતરણિકા :-

अथ पूर्वोक्तमुदाहरणं निगमयन् बीजशुद्धिं दर्शयति –

અવતરણિકાર્થ :-

હવે પૂર્વોક્ત ઉદાહરણનું નિગમન કરવા ગ્રંથકારશ્રી બીજશુદ્ધિને બતાવે છે –

ગાથા :-

एवं कम्मोवसमा सद्धम्मगयं उवाहिपरिसुद्धं ।
थेवं पणिहाणादिवि बीजं तस्सेव अणहंति ।।२३०।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગાથા-૨૨૯માં દ્રંગિકપુત્રોનું દૃષ્ટાંત બતાવ્યું તેમાં પ્રથમ પુત્રની જેમ, कम्मोवसमा=કર્મના ઉપશમથી, सद्धम्मगयं उवाहिपरिसुद्धं थेवं पणिहाणादिवि=સદ્ધર્મગત ઉપાધિપરિશુદ્ધ થોડું પણ પ્રણિધાનાદિ, तस्सेव=તેનું જ=તે સદ્ધર્મનું જ, अणहंति बीजं=અવંધ્ય બીજ છે. ।।૨૩૦।।

ગાથાર્થ :-

આ રીતે=ગાથા-૨૨૯માં દ્રંગિકપુત્રોનું દૃષ્ટાંત બતાવ્યું તેમાં પ્રથમ પુત્રની જેમ, કર્મના ઉપશમથી સદ્ધર્મગત ઉપાધિપરિશુદ્ધ થોડું પણ પ્રણિધાનાદિ, તેનું જ=તે સદ્ધર્મનું જ, અવંધ્ય બીજ છે. ।।૨૩૦।।

ટીકા :-

एवं-द्रङ्गिकप्रथमपुत्रवत् कर्मोपशमाद्-बहलतमःपटलप्रवर्त्तकमिथ्यात्वमोहमान्द्यात् सद्धर्मगतं-शुद्धधर्म्मानुसारि, उपाधिपरिशुद्धम्-उपाधिभिः-उपादेयताबुद्धि-आहारादिदशसंज्ञाविष्कम्भफलाभि-सन्धिरहितत्वलक्षणैर्निर्मलभावमानीतं, स्तोकं-वक्ष्यमाणापिशब्दस्येहाभिसम्बन्धात् स्तोकमपि 'प्रणिधानादि प्रणिधानं-कुशलंचित्तन्यासः, आदिशब्दात् प्रशस्तोचितकृत्यकरणग्रहो बीजं-प्ररोहहेतुस्तस्यैव-सद्धर्म-स्यानघम्-अवन्ध्यमिति ।।२३०।।

ભાવાર્થ :-

ગાથા-૨૨૯માં બતાવેલ દ્રંગિકના પ્રથમ પુત્રને જેમ ચોરી કરીને ભાગતી વખતે મહાત્માને જોઈને તે મહાત્મા પોતાના આત્મહિતને સાધે છે તે પ્રકારના પ્રશંસાનો પરિણામ દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમથી સહજભાવે પ્રગટ્યો, તેથી મિથ્યાત્વની મંદતાજન્ય દર્શનમોહનીયના ક્ષયોપશમને કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિનું કારણ બને તેવા યોગબીજો તે ચોરના આત્મામાં આધાન થયા તેમ કોઈ મહાત્મા દશેય સંજ્ઞાથી પર થઈને સદ્ધર્મગત થોડું પણ પ્રણિધાનાદિ કરે છે તે પ્રણિધાનાદિ તે ગુણની પ્રાપ્તિ માટે નિર્દોષ બીજ બને છે. જેમ

કોઈ મહાત્મા ચૈત્યવંદન વખતે ભગવાન પાસે ભવનિર્વેદ આદિથી માંડીને સદ્‌ગુરુનો યોગ અને તદ્‌વચનની સેવાની માગણી કરે છે તે સર્વ ગુણોનો જેટલો સૂક્ષ્મ બોધ પોતાને થયો હોય તે બોધને અનુરૂપ તે ગુણો પ્રત્યેના પક્ષપાતપૂર્વક તે વચનોથી તે તે ભાવોને જેટલા જેટલા અંશથી તે મહાત્મા સ્પર્શે તે તે અંશથી તે ભાવો પ્રત્યે પક્ષપાતના સંસ્કારો પડે છે જે સંસ્કારો તે ગુણોની પ્રાપ્તિનું નિર્દોષ બીજ છે પરંતુ જેઓ તે સૂત્ર બોલતી વખતે તે સૂત્રના અર્થનું કોઈ રહસ્ય જાણતા નથી કે સ્થૂળથી તે શબ્દોને જાણે છે અને કદાચ ભવનિર્વેદાદિ ભાવોને પૂર્વમાં જાણેલા હોય છતાં સૂત્ર બોલતી વખતે તે અર્થોને સ્પર્શવા ઉપયોગ પ્રવર્તતો ન હોય ત્યારે કોઈક સંજ્ઞાથી તેનું ચિત્ત પ્રવર્તે છે આથી જ છેવટે લોકો જે રીતે ચૈત્યવંદન કરે તે રીતે લોકસંજ્ઞાથી તે સૂત્ર બોલે છે પરંતુ સર્વજ્ઞના વચનનું સ્મરણ કરીને સંપૂર્ણ યોગમાર્ગની પ્રાપ્તિનું પરમબીજ એવું આ સૂત્ર છે તે પ્રકારે સ્મૃતિમાં લાવીને પ્રણિધાનપૂર્વક તે સૂત્ર બોલતા નથી તેઓને તેના દ્વારા નિર્દોષ બીજની પ્રાપ્તિ થતી નથી. માટે મોક્ષના અર્થી જીવોએ દરેક સૂત્રોના પરમાર્થને પોતાની પ્રજ્ઞા અનુસાર સૂક્ષ્મ જાણવા માટે યત્ન કરવો જોઈએ અને તે સૂત્રથી વાચ્ય ભાવો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને કઈ રીતે વીતરાગતામાં વિશ્રાંત થનાર છે તેના રહસ્યને નિપુણતાપૂર્વક ઉચિત સ્થાનેથી જાણવા યત્ન કરવો જોઈએ અને તેને જાણીને તે રીતે તેને સ્થિર કરવું જોઈએ જેથી તે તે સૂત્રો દ્વારા વિશિષ્ટ-વિશિષ્ટતર યોગમાર્ગની પ્રાપ્તિ થાય.

આ રીતે અસદ્‌ગ્રહથી દૂષિત થયા વગર તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિથી મોક્ષને અનુકૂળ એવા ભાવોને સ્પર્શે તે પ્રકારે જેટલો ઉપયોગ જે મહાત્મા કરી શકે તે મહાત્માને તે ભાવોની અતિશયતાની પ્રાપ્તિના કારણીભૂત તેવાં ઉત્તમ બીજોની પ્રાપ્તિ થાય છે. **॥૨૩૦॥**

અવતરણિકા :-

इदमेव किञ्चिद् विशेषत आह –

અવતરણિકાર્થ :-

આને જ=બીજશુદ્ધિને જ, કાંઈક વિશેષથી કહે છે –

ગાથા :-

एयं च एत्थ णेयं जहा कहिंचि जायम्मि एयम्मि ।
इहलोगादणवेक्खं लोगुत्तरभावरुइसारं ।।२३१।।

અન્વયાર્થ :-

जहा कहिंचि च=અને યથાકથંચિદ્=કોઈક રીતે, एयम्मि जायम्मि=આ થયે છતે=દર્શનમોહનીયની મંદતારૂપ કે દર્શનમોહનીયના ક્ષયોપશમરૂપ પરિણામ થયે છતે, एत्थ=અહીં=લોકોત્તર ધર્મની નિષ્પત્તિમાં, इहलोगादणवेक्खं लोगुत्तरभावरुइसारं एयं=ઈહલોકાદિ અનપેક્ષ લોકોત્તરભાવની રુચિપ્રધાન એવું આ=ધર્મબીજ, णेयं=જાણવું. ॥૨૩૧॥

ગાથાર્થ :-

અને યથાકથંચિદ્=કોઈક રીતે, આ થયે છતે=દર્શનમોહનીયની મંદતારૂપ કે દર્શનમોહનીયના ક્ષયોપશમરૂપ પરિણામ થયે છતે, અહીં=લોકોત્તર ધર્મની નિષ્પત્તિમાં, ઇહલોકાદિ અનપેક્ષ લોકોત્તરભાવની રુચિપ્રધાન એવું આ=ધર્મબીજ, જાણવું. ।।૨૩૧।।

ટીકા :-

एतच्च-धर्मबीजमत्र-लोकोत्तरधर्म्माराधनप्रक्रमे ज्ञेयं, यथाकथञ्चित्-काकतालीयान्धकण्टकीयादिज्ञात-प्रकारेण जाते एतस्मिन्-कर्म्मोपशमे, कीदृशमित्याह—इहलोकाद्यनपेक्षम् ऐहलौकिकपारलौकिकफलाभि-लाषविकलम् । तथा, लोकोत्तरभावरुचिसारं-जैनशासनसूचितदयादानाद्यनवद्यभावश्रद्धानप्रधानम्, लौकिकभावेषु हि दृढविपर्यासानुगतेषु श्रद्धायां व्यावृत्तविपर्याससद्धर्मबीजभावानुपपत्तेरिति ।।२३१।।

ભાવાર્થ :-

ઉપદેશાદિ કોઈક નિમિત્તથી કે અન્ય કોઈક નિમિત્તથી જીવનો તત્ત્વને જોવાના વિષયક ક્ષયોપશમભાવ પ્રગટે છે ત્યારે આ લોકના માનસન્માનનિરપેક્ષ અથવા પરલોકના તુચ્છ ઐહિક ફળનિરપેક્ષ ત્યાગાદિ ભાવો પ્રત્યે બહુમાન થાય ત્યારે લોકોત્તરભાવની રુચિપ્રધાન એવું ધર્મબીજ પડે છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થી જીવે સતત ધર્મબીજનું પારમાર્થિક સ્વરૂપ ભાવન કરીને સત્પ્રવૃત્તિકાળમાં આ લોકના માનસન્માનાદિની અપેક્ષા વગર કે પરલોકના બાહ્ય તુચ્છ પદાર્થોના અભિલાષ વગર ગુણ પ્રત્યેનો પક્ષપાત થાય એ પ્રકારે ઉચિત ધર્માનુષ્ઠાન કરવું જોઈએ જેથી મોક્ષમાર્ગને અનુકૂળ એવા ધર્મબીજનું આધાન થાય. **॥૨૩૧॥**

અવતરણિકા :-

एतदेवाधिकृत्याह —

અવતરણિકાર્થ :-

આને જ=ધર્મબીજને જ, આશ્રયીને કહે છે —

ગાથા :-

पायमणक्खेयमिणं अणुहवगम्मं तु सुद्धभावाणं ।
भवखयकरंति गरुयं बुहेहिं सयमेव वित्रेयं ।।२३२।।

અન્વયાર્થ :-

पायमणक्खेयमिणं=प्रायः અનાખ્યેય આ=ધર્મબીજ, अणुहवगम्मं तु सुद्धभावाणं=વળી શુદ્ધ ભાવવાળા જીવોને અનુભવગમ્ય છે, भवखयकरंति=ભવના ક્ષયને કરનાર છે એથી, गरुयं=ગુરુક છે=શ્રેષ્ઠ છે, बुहेहिं सयमेव वित्रेयं=બુધ પુરુષો વડે સ્વયં વિજ્ઞેય છે. ।।૨૩૨।।

ગાથાર્થ :-

પ્રાયઃ અનાખ્યેય આ=ધર્મબીજ, વળી શુદ્ધ ભાવવાળા જીવોને અનુભવગમ્ય છે, ભવના ક્ષયને કરનાર છે એથી ગુરુક છે. બુધ પુરુષો વડે સ્વયં વિજ્ઞેય છે. ।।૨૩૨।।

ટીકા :-

प्रायो-बाहुल्येन बहुमानस्वरूपेणेत्यर्थः, अनाख्येयम्-आख्यातुमशक्यमिदं-धर्मबीजं परेभ्यः । एवं तर्ह्यसंवेद्यमप्येतत्स्यादित्याशंक्याह-अनुभवगम्यं तु-स्वसंवेदनप्रत्यक्षपरिच्छेद्यं पुनः शुद्धभावानाम्-अमलीमसमानसानाम् । तथा, भवक्षयकरं-संसारव्याधिविच्छेदहेतुरिति-अस्मात् कारणाद् गुरुकं-सर्वजनाभिमतचिन्तारत्नादिभ्योऽपि महद् बुधैः स्वयमेव निजोहापोहयोगतो विज्ञेयम्, इक्षुक्षीरादिरसमाधुर्यविशेषाणामिवानुभवेऽप्यनाख्येयत्वात् । उक्तं च—'इक्षुक्षीरगुडादीनां, माधुर्यस्यान्तरं महत् । तथापि न तदाख्यातुं, सरस्वत्याऽपि शक्यते ।।१।।२३२।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ ધર્મબીજ પાડે તે વખતે દશેય સંજ્ઞાઓનું વિષ્કંભણ હોવાથી મોહના પરિણામના સ્પર્શ વગરનો વીતરાગતાને અભિમુખ કોઈક જીવનો પરિણામ હોય છે એ પરિણામ પ્રાયઃ બીજા દ્વારા કહી શકાય તેવો નથી અર્થાત્ કોઈક જીવ બીજાધાન કરતો હોય તેને જોઈને તે જીવ કેવો પરિણામ કરે છે તે કહી શકાય તેમ નથી. સામાન્યથી શાસ્ત્રકારો કહે છે કે દશ સંજ્ઞાના સ્પર્શ વગરનો જીવનો સ્વરસવાહી પરિણામ છે. ફક્ત શુદ્ધ ભાવવાળા જીવોને તે પરિણામ સ્વઅનુભવગમ્ય છે.

જેમ સંસારી જીવો ઇક્ષુરસનો સ્વાદ ગ્રહણ કરે અને ક્ષીરનો સ્વાદ ગ્રહણ કરે અને તે બન્ને સ્વાદો તેમને મધુર જણાય તે બેનો ભેદ તેઓ બીજાને કહી શકતા નથી તેમ સંસારી જીવોને મોહને કારણે ભોગાદિમાં આનંદ થાય છે અથવા ધર્માનુષ્ઠાન કરે અને લોકો તેની પ્રશંસા કરે તેમાં પણ તેમને આનંદ થાય છે અને પારમાર્થિક ઊહ પ્રવર્તે છે ત્યારે દશેય સંજ્ઞાઓના વિષ્કંભણથી વીતરાગભાવ તરફ પ્રવર્તતું ચિત્ત પણ તેમને સ્વસંવેદનથી સુખાત્મક અનુભવાય છે છતાં મોહને વશ જે સુખ થયેલું અને સંજ્ઞાના વિષ્કંભણને કારણે ધર્મબીજના આધાનકાળમાં જે સુખ થયું તેનો ભેદ શુદ્ધ ભાવવાળા મહાત્માઓ સ્વયં જાણી શકે છે, કોઈને કહી શકતા નથી અને સંસારના અન્ય ભાવો કરતાં આ શુભભાવ ભવક્ષયને કરનારો હોવાથી ગુરુક છે=માન-સન્માનાદિમાં જે આનંદ થાય છે તેના કરતાં આ આનંદ શ્રેષ્ઠ છે, એ પ્રમાણે બુધો વડે સ્વયં જ વિજ્ઞેય છે.

આનાથી એ ફલિત થાય કે સંસારી જીવોને પ્રીતિ કરે તેવા ભાવો સંસારના ક્ષેત્રમાં પણ થાય છે અને ધર્મના ક્ષેત્રમાં પણ થાય છે. વળી, ધર્મક્ષેત્રમાં કોઈ મહાત્મા ત્યાગી હોય તો લોકો તેના ત્યાગની પ્રશંસા કરે છે અને તે પ્રશંસા સાંભળીને જો તે મહાત્માને તપમાં ઉત્સાહ આવતો હોય અને તે પ્રશંસાના ભાવોથી તે તપ સમાપ્ત થતો હોય તો તે તપથી તે મહાત્માને કોઈ ધર્મબીજનું આધાન થતું નથી, પરંતુ જો તે તપ દ્વારા

પણ ભાવિત થઈને તે મહાત્માનું ચિત્ત સંજ્ઞાઓના વિષ્કંભણને અનુકૂળ પ્રવર્તે તો કષાયોના ઉપશમજન્ય કોઈક સુખનો અનુભવ તે મહાત્માને થાય છે. વળી, કષાયજન્ય સુખ અને કષાયના ઉપશમજન્ય સુખ એ બેનો ભેદ બુધપુરુષો જ સ્વયં કરી શકે છે; અર્થાત્ બન્ને આનંદ જીવને અનૂકૂળ હોવા છતાં ભવક્ષયને કરનાર કષાયના ક્ષયજન્ય આનંદ ગુરુક છે એ પ્રમાણે બુધ પુરુષો પોતાના ઊહાપોહના યોગથી જાણે છે, આથી તેવા મહાત્માઓ ધર્માનુષ્ઠાન કરીને પણ ભવક્ષય કરનારા ભાવોમાં યત્ન કરે છે. **॥૨૩૨॥**

અવતરણિકા :-

અથૈતદ્ ગુરુકત્વમેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

હવે આના જ=બીજાધાનનું કારણ બને એવા શુદ્ધ ભાવના જ, ગુરુકપણાનું=શ્રેષ્ઠપણાનું, ભાવન કરે છે –

ગાથા :-

जं दव्वलिंगकिरियाऽणंता तीया भवम्मि सगलावि ।
सव्वेसिं पाएणं णय तत्थवि जायमेयंति ।।२३३।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, पाएणं सव्वेसिं=પ્રાયઃ સર્વ જીવોને, भवम्मि=ભવમાં=સંસારમાં, सगलावि=સકલ પણ, दव्वलिंगकिरियाऽणंता तीया=દ્રવ્યલિંગ ક્રિયા અતીત અનંત થઈ, तत्थवि=ત્યાં પણ=તે દ્રવ્યલિંગ ક્રિયામાં પણ, एयं=આ=સદ્ધર્મબીજ, ण य जायं ति=થયું નહીં જ. ॥૨૩૩॥

ગાથાર્થ :-

જે કારણથી પ્રાયઃ સર્વ જીવોને ભવમાં=સંસારમાં, સકલ પણ દ્રવ્યલિંગ ક્રિયા અતીત અનંત થઈ ત્યાં પણ=તે દ્રવ્યલિંગ ક્રિયામાં પણ, આ=સદ્ધર્મબીજ, થયું નહીં જ. ॥૨૩૩॥

ટીકા :-

यद् यस्माद् द्रव्यलिङ्गक्रियाः- पूजाद्यभिलाषेणाव्यावृत्तमिथ्यात्वादिमोहमलतया द्रव्यलिङ्गप्रधानाः शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणाप्रमार्जनादिकाश्चेष्टाः, किमित्याह अनन्ताः-अनन्तनाम-कसंख्या-विशेषानुगता अतीताः- व्यतिक्रान्ता भवे-संसारे सकला अपि-तथाविधसामग्रीवशात् परिपूर्णा अपि सर्वेषां भवभाजां प्रायेण, अव्यवहारिकराशिगतानल्पकालतन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः । ततोऽपि किमित्याह—न च-नैव तत्रापि-तास्वपि सकलासु द्रव्यलिङ्गक्रियासु जातमेतत्-सद्धर्म्मबीजमिति । कथञ्चित् कषाया प्रवृत्तिलक्षणलेश्याशुद्धावपि निरवधिभवभ्रमणयोग्यतालक्षणस्य सहजस्य भावमलस्य

प्रभूतस्याद्यापि भावात् । यथोक्तम्—'एतद् भावमले क्षीणे, प्रभूते जायते नृणाम् । करोत्यव्यक्तचैतन्यो, महत् कार्यं न यत् क्वचित् ।।१।।२३३।।

ભાવાર્થ :-

સંસારમાં પ્રાયઃ કરીને સર્વ જીવોએ ભવચક્રમાં અનંતી વખત સકલ પણ દ્રવ્યસાધુપણાની ક્રિયાઓ કરેલ છે પરંતુ જ્યારે ભવનો રાગ પ્રચુર છે ત્યારે તે સર્વ ધર્મની ક્રિયા આ લોકના માનખ્યાતિ અર્થે કે પરલોકના તુચ્છ સુખાદિ અર્થે થાય છે. લેશપણ સંસારથી પર અવસ્થા પ્રત્યે પક્ષપાત થાય તેવો ભાવ નહીં હોવાથી તેઓને આ લોક અને પરલોક અર્થે કરાતી ક્રિયામાં અનિવર્તનીય પક્ષપાત વર્તે છે. તેથી દશે સંજ્ઞાના વિષ્કંભણપૂર્વક ધર્મનો પક્ષપાત થાય તેવી ક્રિયા તેઓ કરતા નથી અને જ્યારે કર્મમલ કાંઈક અલ્પ થયો છે તેથી અસદ્ગ્રહ નિવર્તન પામે તેમ છે તેવા જીવો સદ્ધર્મની પ્રશંસા કરે છે કે સદ્ધર્મનું સેવન કરે છે તે સેવન-કાળમાં દશે સંજ્ઞાનું વિષ્કંભણ હોવાથી ધર્મનું બીજ બને છે; કેમ કે ધર્મ એટલે દશે સંજ્ઞાઓના વિચ્છેદને અનુકૂળ આત્માનો શુદ્ધ વ્યાપાર અને તેના પ્રત્યેનો પક્ષપાતનો પરિણામ તેની પ્રાપ્તિનું બીજ બને છે આથી જ સંસારના તુચ્છ આશયપૂર્વક ચરમાવર્તની બહારના જીવો નવમા ગ્રૈવેયકનું કારણ બને તેવી સુવિશુદ્ધ સંયમની ક્રિયાઓ કરે છે. તે વખતે બાહ્ય રીતે સર્વ કષાયોનું અપ્રવર્તન કરીને સંયમની ક્રિયાઓ કરે છે એથી શુક્લલેશ્યાના બળથી નવમા ગ્રૈવેયકમાં જાય છે તોપણ સંસારના ભોગોથી પર ત્યાગધર્મ પ્રત્યે તેઓને લેશ પણ રાગ થતો નથી પરંતુ ભોગના અંગરૂપે ભોગના ઉપાય સ્વરૂપથી સંયમનો રાગ છે. જ્યારે આર્યસુહસ્તિએ ભદ્રક પ્રકૃતિવાળા ભિખારીને ખાવા માટે સંયમ આપ્યું તે વખતે ખાવાના આશયથી તે ભિખારીનો જીવ સંયમ ગ્રહણ કરે છે તોપણ સંસારના ભોગો પ્રત્યે દૃઢ રાગ કરાવે તેવું પ્રચુર કર્મ શિથિલ થયેલું હોવાથી અતત્ત્વના પક્ષપાતરૂપ મિથ્યાત્વ મંદ અવસ્થાવાળું તે જીવમાં હતું તેથી ભોજનમાં અતૃપ્તિને કારણે અજીર્ણ થાય છે અને સાધુવેષને કારણે સુખી માણસો તેની ભક્તિ કરે છે ત્યારે તે ભિખારીને ભોગના ત્યાગ સ્વરૂપ સંયમ પ્રત્યે ઓઘથી રાગ થાય છે જે રાગના બળથી તે ભિખારીનો જીવ ઉત્તરના ભવમાં સંપ્રતિ મહારાજા થાય છે. તેથી મિથ્યાત્વની મંદ અવસ્થામાં તત્ત્વને સન્મુખ થાય તેવી ધર્મની પ્રશંસા કે ધર્મનું સેવન સદ્ધર્મનું બીજ હોવાથી ગુરુક છે અને ભવ પ્રત્યેના દૃઢ રાગવાળા જીવો ધર્મની સામાન્ય ક્રિયા પ્રચુર માત્રામાં સેવતા હોય તોપણ અનિવર્તનીય વિપર્યાસ હોવાના કારણે તે ધર્મની ક્રિયા સદ્ધર્મનું બીજ બનતી નથી, માટે તેવી ધર્મની ક્રિયા કરતાં સદ્ધર્મના બીજના કારણીભૂત એવી બીજાધાનની ક્રિયા ગુરુક છે. **॥૨૩૩॥**

અવતરણિકા :-

સદ્ધર્મનું બીજ થાય તેવો ધર્મ ગુરુક છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યું. હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે —

ગાથા :-

ता एयम्मि पयत्तो ओहेणं वीयरायवयणम्मि ।
बहुमाणो कायव्वो धीरेहिं कयं पसंगेण ।।२३४।।

અન્વયાર્થ :-

તા=તે કારણથી, ધીરેહિં=ધીર પુરુષે, એયમ્મિ=આમાં=ધર્મના બીજમાં, પયત્તો કાયવ્વો=પ્રયત્ન કરવો જોઈએ.

કેવા પ્રકારનો પ્રયત્ન કરવો જોઈએ તે સ્પષ્ટ કરતાં કહે છે –

ઓહેણં=ઓઘથી, વીયરાયવયણમ્મિ બહુમાણો (કાયવ્વો)=વીતરાગના વચનમાં બહુમાન કરવું જોઈએ. પસંગેણ કયં=પ્રસંગથી સર્યું. ॥૨૩૪॥

ગાથાર્થ :-

તે કારણથી ધીર પુરુષે ધર્મના બીજમાં પ્રયત્ન કરવો જોઈએ.

કેવા પ્રકારનો પ્રયત્ન કરવો જોઈએ તે સ્પષ્ટ કરતાં કહે છે –

ઓઘથી વીતરાગના વચનમાં બહુમાન કરવું જોઈએ. પ્રસંગથી સર્યું. ॥૨૩૪॥

ટીકા :-

तत्-तस्मादेतस्मिन्-धर्मबीजे प्रयत्नो-यत्नातिशयः कर्तव्यो धीरैरित्युत्तरेण योगः । किंलक्षणः प्रयत्नः कर्त्तव्य इत्याशंक्याह—ओघेन-सामान्येन वीतरागवचने-वीतरागागमप्रतिपादितेऽपुनर्बन्धक-चेष्टाप्रभृत्ययोगिकेवलिपर्यवसाने तत्तच्चित्तशुद्धसमाचारे बहुमानो भावप्रतिबन्धः क्षयोपशमवैचित्र्याद् मृदुमध्याधिमात्रः कर्त्तव्यो धीरैः-बुद्धिमद्भिः । उपसंहरन्नाह—कृतं प्रसङ्गेन-पर्याप्तं धर्मबीजप्रख्या-पनेनेति ।।૨૩૪।।

ભાવાર્થ :-

ધર્મબીજના કથનનો ફલિતાર્થ બતાવતાં કહે છે – ધર્મબીજની પ્રાપ્તિ અનંત કાળમાં દુષ્કર હોવાથી જીવે ધર્મની ક્રિયાઓ કરી તોપણ સદ્ધર્મનું બીજ પ્રાપ્ત થયું નહીં, આથી ધર્મના બીજની પ્રાપ્તિ અતિશ્રેષ્ઠ છે માટે તેની પ્રાપ્તિમાં યત્ન કરવો જોઈએ.

કઈ રીતે તેની પ્રાપ્તિમાં યત્ન કરવો જોઈએ, એથી કહે છે –

ધીરપુરુષે ઓઘથી વીતરાગના વચનમાં બહુમાન કરવું જોઈએ.

તેથી એ ફલિત થાય કે વીતરાગ સ્વયં વીતરાગ થયા પછી યોગ્ય જીવોને પોતાના તુલ્ય થવા માટે ઉપદેશ આપે છે તેથી જે ઉત્તમ ભાવોના સેવનના બળથી પોતે વીતરાગ સર્વજ્ઞ બન્યા તે ભાવોની પ્રાપ્તિના ઉપાયોને બતાવનાર જ ભગવાનનું વચન છે. તેથી ભગવાને અપુનર્બંધકથી માંડીને અયોગી કેવલી અવસ્થા સુધીના જે આત્માના શુદ્ધ ભાવો છે તેનું કથન કર્યું છે જેનું સામાન્યથી પોતાની બુદ્ધિ અનુસાર સ્મરણ કરીને તે ભાવો પ્રત્યે તીવ્ર પક્ષપાત થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ. વળી, તેના ઉપાયભૂત જે ઉચિત ક્રિયાઓ ભગવાને કહી છે તે સર્વ ક્રિયાઓ પ્રત્યે તીવ્ર પક્ષપાત થાય તે પ્રકારે ધીરપુરુષે યત્ન કરવો જોઈએ જેથી તે સર્વ ભાવો પ્રત્યેના રાગના સંસ્કારો તે તે ભાવોની પ્રાપ્તિ દ્વારા વીતરાગતુલ્ય બનવાનાં કારણ બનશે. **॥૨૩૪॥**

અવતરણિકા :-

અથાજ્ઞાપૂર્વકપ્રવૃત્તાવપિ પ્રાક્પ્રપञ્ચિતબુદ્ધિપરિણતિરૂપા મીમાંસૈવ કાર્યસાધિકેતિ પ્રપञ્ચયિતુ-મિચ્છુરાહ –

અવતરણિકાર્થ :-

હવે આજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ હોવા છતાં પણ પૂર્વમાં વિસ્તાર કરાયેલી ચાર પ્રકારની બુદ્ધિની પરિણતિરૂપ મીમાંસા જ કાર્યસાધક છે એ પ્રકારે બતાવવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

કોઈ મહાત્મા કલ્યાણના અર્થે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને તે આજ્ઞાનુસાર જ પ્રવૃત્તિ કરતા હોય તોપણ પૂર્વમાં ગ્રંથકારશ્રીએ વિસ્તારથી ચાર પ્રકારની બુદ્ધિનું વર્ણન કર્યું છે તેના બળથી જેઓએ સ્વશક્તિ અનુસાર તે બુદ્ધિની પરિણતિ પ્રાપ્ત કરી છે તેથી આજ્ઞાનુસાર અનુષ્ઠાનવિષયક મીમાંસા કરે કે 'કઈ રીતે આ અનુષ્ઠાન હું કરું કે જેથી વિશિષ્ટ પ્રકારના ફળનું સાધક પ્રસ્તુત અનુષ્ઠાન બને' તો તે મીમાંસાથી તે પ્રવૃત્તિ નિર્જરારૂપ વિશિષ્ટ કાર્યનું કારણ બને છે, તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

वेयावच्चं न पडति अणुबंधेल्लंति सहरिसं एक्को ।
एत्तो एत्थ पयट्टति धणियं णिय सत्तिनिरवेक्खं ।।२३५।।

અન્વયાર્થ :-

वेयावच्चं न पडति=વૈયાવચ્ચ પડતું નથી; अणुबंधेल्लंति=કેમ કે અનુબંધવાળું છે. एत्तो=એથી=એ પ્રકારના વચનથી, एत्थ=આમાં=વૈયાવચ્ચમાં, एक्को=એક મહાત્મા, सहरिसं=હર્ષપૂર્વક, णिय सत्तिनिरवेक्खं धणियं पयट्टति=નિજ શક્તિનિરપેક્ષ અત્યંત પ્રવર્તે છે. ।।૨૩૫।।

ગાથાર્થ :-

વૈયાવચ્ચ પડતું નથી; કેમ કે અનુબંધવાળું છે. એથી=એ પ્રકારના વચનથી, આમાં=વૈયાવચ્ચમાં, એક મહાત્મા હર્ષપૂર્વક નિજ શક્તિનિરપેક્ષ અત્યંત પ્રવર્તે છે. ।।૨૩૫।।

ટીકા :-

वैयावृत्त्यम्-अन्नपानौषधभैषजदानादिना पादधावनशरीरसंवाहनशयनासनरचनादिना च साधुजनोप-कारिणा चित्ररूपेण क्रियाविशेषेण व्यावृत्तभावो न-नैव पतति-भज्यते । अत्र हेतुमाह—'अणुबंधेल्लं'ति अनुबन्धोऽनुगमोऽव्यवच्छेद इत्येकोऽर्थस्तदस्यास्तीत्यनुबन्धवत्, तथा चोक्तम्—'पडिभग्गस्स मयस्स व नासइ चरणं सुयं अगुणणाए । न उ वेयावच्चकयं सुहोदयं नासए कम्मं ।।१।।' इत्यस्मात्

कारणात् सहर्षं-प्रकटितप्रमोदमेकः कश्चित् स्वभावत एव वैयावृत्त्यरुचिरितो-वैयावृत्त्यं न पततीति लक्षणात् सर्वज्ञवचनादत्र-वैयावृत्ये प्रवर्त्तते धनिकम्-अत्यर्थम् । इदमेव व्याचष्टे-निजशक्तिनिरपेक्षं स्वल्पबुद्धितया स्वसामर्थ्यानपेक्षणेन । यथा हि कश्चिदपरिणतप्रज्ञः सञ्जाततीव्रबुभुक्षः स्वजठरानल-बलोल्लङ्घनेन भुञ्जानो न कञ्चन गुणमवाप्नोति, किन्त्वग्निमान्द्यापादनेन दोषमेव । एवं प्रस्तुतवैया-वृत्त्येऽपि भावना कार्या ।।२३५।।

ભાવાર્થ :-

કોઈ મહાત્મા કલ્યાણના અર્થી હોય, શાસ્ત્રવચનનું દૃઢ આલંબન લેતા હોય અને શાસ્ત્રમાં કહ્યું છે કે 'વૈયાવચ્ચ ગુણ અપ્રતિપાતી છે; કેમ કે જન્માંતરમાં અનુબંધવાળું છે' આ પ્રકારે શાસ્ત્રવચન સાંભળીને તેઓ ગુણવાન મહાત્માઓની ભક્તિ કરવા માટે અત્યંત હર્ષપૂર્વક પોતાની શક્તિનું સમાલોચન કર્યા વગર પ્રવૃત્તિ કરે પરંતુ શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિ કરવાનો વિશુદ્ધ ભાવ હોવા છતાં પૂર્વમાં વર્ણન કરાયેલી ચાર બુદ્ધિ અનુસાર વિશિષ્ટ નિર્જરાને અનુકૂળ પોતાની શક્તિ વૃદ્ધિ પામે તેનો માર્ગાનુસારી ઊહ નહીં હોવાથી ગુણના પક્ષપાતપૂર્વક વૈયાવચ્ચ કરીને પણ વિશિષ્ટ ફળ પામી શકતા નથી માટે કલ્યાણના અર્થી જીવોએ પૂર્વમાં બતાવેલી ચાર પ્રકારની બુદ્ધિનું સ્વરૂપ સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવન કરવું જોઈએ, પુનઃ પુનઃ ભાવન કરવું જોઈએ જેથી તે ચાર પ્રકારની બુદ્ધિનું પારમાર્થિક સ્વરૂપ યથાર્થ ઉપસ્થિત થાય અને વારંવાર તે બુદ્ધિ પ્રત્યે પક્ષપાત કરીને તે બુદ્ધિની પરિણતિપૂર્વક સર્વઅનુષ્ઠાન વિષયક મીમાંસા કરવી જોઈએ જેથી આજ્ઞાપૂર્વક કરાયેલી પ્રવૃત્તિ પણ નિપુણ બુદ્ધિપૂર્વકની હોવાથી મહાફળની સાધિકા બને અન્યથા 'આજ્ઞાપૂર્વક મારે કરવું છે' તે પ્રકારના શુભ અધ્યવસાયજન્ય તેટલા જ ફળની પ્રાપ્તિ થાય. વળી, જેઓ 'આજ્ઞાપૂર્વક મારે વૈયાવચ્ચ કરવી છે' તેવી બુદ્ધિ હોવા છતાં લેશપણ આજ્ઞાને અનુકૂળ ઊહાપોહ કરતા નથી તેઓ તો વૈયાવચ્ચ કરીને પણ માનાદિ કષાયોને પોષીને કર્મબંધની પ્રાપ્તિ કરે છે, સ્થૂળથી તે કૃત્ય આજ્ઞાનુસાર છે પરંતુ પરમાર્થથી તો મોહધારાની વૃદ્ધિને અનુકૂળ તે અનુષ્ઠાન હોવાથી આજ્ઞાનિરપેક્ષ જ બને છે, માટે ધર્મના અનુષ્ઠાનના ફળની પ્રાપ્તિમાં પણ નિપુણતાપૂર્વક બુદ્ધિની પરિણતિની આવશ્યકતા છે. **॥૨૩૫॥**

અવતરણિકા :-

इत्थमल्पमतिविषयं वैयावृत्त्यमभिधाय, अधुना तद्विपर्ययेणाभिधातुमाह —

અવતરણિકાર્થ :-

આ રીતે અલ્પમતિ વિષયવાળા વૈયાવચ્ચને કહીને હવે તેના વિપર્યાયથી=વિશિષ્ટમતિવાળા પુરુષોથી સેવાયેલા વૈયાવચ્ચરૂપ વિપર્યાયથી, વૈયાવચ્ચને બતાવવા માટે કહે છે —

ગાથા :-

अन्नो उ किं इमं भन्नतित्ति वयणॉओ कह व कायव्वं ।
सत्तीऍ तह पयट्टति जह साहति बहुगमेयं तु ।।२३६।।

અન્વયાર્થ :-

અન્નો ઉ=અન્ય વળી મહાત્મા, ઇમં=આ=વૈયાવચ્ચ, કિં ભન્નતિત્તિ=શું કહેવાય છે ? એ પ્રમાણે (શાસ્ત્રમતિથી વિચારે છે.) વયણાઓ=વચનથી=શાસ્ત્રવચનથી (વૈયાવચ્ચનું સ્વરૂપ જાણે છે), કહ વ કાયવ્વં=અને કઈ રીતે કરવું જોઈએ ? (એ પ્રમાણે ઊહાપોહ કરીને), સત્તીએ તહ પયટ્ટતિ=શક્તિથી તે પ્રકારે પ્રવર્તે છે જહ=જે પ્રકારે, બહુગમેયં તુ=બહુ એવા આને અર્થાત્ વૈયાવચ્ચને, સાહતિ=સાધે છે. ॥૨૩૬॥

ગાથાર્થ :-

અન્ય વળી મહાત્મા, આ=વૈયાવચ્ચ, શું કહેવાય છે ? એ પ્રમાણે શાસ્ત્રમતિથી વિચારે છે. વચનથી=શાસ્ત્રવચનથી, વૈયાવચ્ચનું સ્વરૂપ જાણે છે અને કઈ રીતે કરવું જોઈએ ? એ પ્રમાણે ઊહાપોહ કરીને શક્તિથી તે પ્રકારે પ્રવર્તે છે જે પ્રકારે બહુ એવા આને અર્થાત્ વૈયાવચ્ચને, સાધે છે. ॥૨૩૬॥

ટીકા :-

अन्यः पुनः-वैयावृत्त्यरुचिरेव धार्मिकविशेषो बहुमतिः किमिदं-वैयावृत्त्यं भण्यते शास्त्रेष्विति वैयावृत्त्यस्वरूपं प्रथमतो मीमांसते, अज्ञातस्य तु कर्त्तुमशक्यत्वात् । ततो वचनाज्जानीते संयतलोकस्योचितार्थसम्पादनरूपमेतदिति । तथा, कथं वा-केन वा प्रकारेण गुरुबालवृद्धादिजनोचितप्रवृत्तिरूपेण कर्त्तव्यमिति । इत्यूहापोहयोगेन शक्त्या-स्वसामर्थ्यानुरूपं तथा प्रवर्त्तते प्रस्तुत एव वैयावृत्त्ये यथा साधयति बहुकमेतत्तु-इदमेव वैयावृत्त्यं, शक्तेरत्रोटनेन प्रतिदिनं वृद्धिभावादिति भावः ।।૨૩૬।।

ભાવાર્થ :-

વળી, અન્ય કોઈ મહાત્મા આજ્ઞાપૂર્વક વૈયાવચ્ચ કરવાની રુચિવાળા છે, પૂર્વમાં વર્ણન કરાયેલી ચાર પ્રકારની બુદ્ધિના પરિજ્ઞાનવાળા છે અને તે બુદ્ધિને ભગવાનની આજ્ઞામાં ઉચિત રીતે યોજન કરીને તેના અનુસાર વૈયાવચ્ચ કરીને નિર્જરાના લાભના અર્થી છે. તેથી તે મહાત્મા પ્રથમ વિચારે છે કે વૈયાવચ્ચનું વાસ્તવિક સ્વરૂપ શું છે; કેમ કે જ્યાં સુધી વૈયાવચ્ચના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન ન હોય ત્યાં સુધી તે કૃત્ય સમ્યગ્ કરવું શક્ય નથી. આ રીતે વિચાર કરીને 'શાસ્ત્રવચનનું અવલંબન લઈને જે સુસંયત સાધુઓ છે તેઓના સંયમની વૃદ્ધિનું કારણ બને તેવા ઉચિત પ્રયોજનનું સંપાદન કરવું એ વૈયાવચ્ચ છે, અન્ય નહીં' તેવો નિર્ણય કરીને ત્યારપછી વિચારે છે કે 'કઈ રીતે હું વૈયાવચ્ચ કરું જેથી આ સંયમી મહાત્માઓ એ વૈયાવચ્ચના નિમિત્તથી વિશેષ પ્રકારે ગુણની વૃદ્ધિ કરી શકે. વળી, અન્ય યોગ્ય જીવોની ગુણવૃદ્ધિમાં હું પ્રબળ નિમિત્ત થાઉં અને મારી એ પ્રવૃત્તિમાં નિમિત્ત થવાની શક્તિ છે તે વ્યર્થ ન જાય અને યોગ્ય જીવોની ગુણવૃદ્ધિમાં કઈ રીતે તે શક્તિ પ્રવર્તે જેથી તેઓ ગુણવૃદ્ધિ કરીને સંસારનો ક્ષય કરી શકે' તેવો નિર્મળ આશય હોવાથી અને તે આશયને અનુરૂપ ઉચિત નિર્ણયપૂર્વક તે પ્રવૃત્તિ હોવાથી ગુણવાન જીવોના ગુણના

ઉપષ્ટંભને કરીને તે પ્રકારનું પુણ્ય અર્જન કરે છે કે જેથી જન્માંતરમાં પોતાને ગુણવૃદ્ધિના ઉપષ્ટંભક એવી ઉત્તમ સામગ્રીનો યોગ પ્રાપ્ત થાય. તેથી વૈયાવચ્ચકાળમાં ઉત્તમ ગુણની પ્રાપ્તિના ઉપષ્ટંભક એવા પુણ્યનું અર્જન કરે છે અને તે ગુણો પ્રત્યેનો બદ્ધરાગ હોવાથી તે ગુણોની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોનો નાશ કરે છે તેથી 'વૈયાવચ્ચ બહુ નિર્જરાનું કારણ છે અને ગુણપ્રાપ્તિના કારણીભૂત એવા ઉત્તમ પુણ્યનું અર્જક છે' તેવો નિર્ણય કરીને પોતાની શક્તિનું સમ્યગ્ સમાલોચન કરીને તે પ્રકારના ભાવોની વૃદ્ધિ થાય તે રીતે પ્રતિદિન વૈયાવચ્ચ કરે છે. તેથી શક્તિ અનુસાર કરાયેલી તે વૈયાવચ્ચ દ્વારા ગુણોનો પક્ષપાત અને બીજાના ગુણોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપાર કરવાનો ઉત્સાહ પ્રતિદિન પ્રવર્ધમાન થાય છે. જેથી વૈયાવચ્ચના મહાફળને પ્રાપ્ત કરે છે. તે રીતે આજ્ઞાપૂર્વકનાં સર્વ અનુષ્ઠાનોમાં ચાર પ્રકારની બુદ્ધિ સર્વત્ર સાનુબંધ-ફલસાધક બને છે. **॥૨૩૬॥**

અવતરણિકા :-

अत एव पौर्वापर्यशुद्धां वैयावृत्त्यविषयामाज्ञां दर्शयति –

અવતરણિકાર્થ :-

આથી જ=આજ્ઞાપૂર્વકની પ્રવૃત્તિમાં બુદ્ધિની પરિણતિરૂપ મીમાંસાથી કાર્યની સિદ્ધિ થાય છે આથી જ, પૌર્વાપર્યશુદ્ધ એવા વૈયાવચ્ચ વિષયવાળી આજ્ઞાને બતાવે છે –

ગાથા :-

पुरिसं तस्सुवयारं अवयारं वऽप्पणो य णाऊणं ।
कुज्जा वेयावडियं आणं काउं निरासंसो ।।२३७।।

અન્વયાર્થ :-

पुरिसं=પુરુષ, तस्सुवयारं अवयारं वऽप्पणो=અને તેનો અને પોતાનો ઉપકાર-અપકાર, णाऊणं=જાણીને, आणं काउं='આજ્ઞા છે' એથી કરીને, निरासंसो वेयावडियं कुज्जा=નિરાશંસ વૈયાવચ્ચ કરવી જોઈએ. ॥૨૩૭॥

ગાથાર્થ :-

પુરુષ અને તેનો અને પોતાનો ઉપકાર-અપકાર જાણીને 'આજ્ઞા છે' એથી કરીને નિરાશંસ વૈયાવચ્ચ કરવી જોઈએ. ॥૨૩૭॥

ટીકા :-

पुरुषम्-आचार्योपाध्यायप्रवर्त्तकस्थविरगणावच्छेदकलक्षणपदस्थपुरुषपञ्चकरूपं ग्लानादिरूपं च, तथा तस्य-पुरुषस्योपकारम्-उपष्टम्भं ज्ञानादिवृद्धिलक्षणम्, अपकारं च-तथाविधावस्थावैगुण्यात् श्लेष्मादिप्रकोपलक्षणम्, तथाऽऽत्मनश्च-स्वस्यापि शुद्धसमाधिलाभरूपमुपकारमपकारं च शेषा-

वश्यककृत्यान्तर-हानिस्वभावं वा ज्ञात्वा सूक्ष्माभोगपूर्वकं कुर्याद्-विदध्यात् । वैयावृत्यम्-उक्तरूपमाज्ञां कृत्वासर्वज्ञोपदेशोऽयमिति मनसि व्यवस्थाप्य निराशंसः-कीर्त्त्यादिफलाभिलाषविकलः सन्निति ।।२३७।।

ભાવાર્થ :-

વૈયાવચ્ચ કરીને નિર્જરાના અર્થી મહાત્માએ આ પુરુષ=વૈયાવચ્ચના વિષયભૂત મહાત્મા, કોણ છે તેનું સ્વરૂપ જાણવું જોઈએ અને પોતાની વૈયાવચ્ચથી તેનો ઉપકાર શો થશે અને શું અપકાર થશે તેનો સમ્યગ્ નિર્ણય કરવો જોઈએ. વળી, પોતે વૈયાવચ્ચ કરશે તેનાથી પોતાના પરિણામની કેવા પ્રકારની વિશુદ્ધિ થશે અને શેષ કયાં કૃત્યોની હાનિ થશે તેનું સમ્યગ્ સમાલોચન કરવું જોઈએ જેથી બળવાન યોગના નાશપૂર્વક અલ્પ ગુણોની પ્રાપ્તિવાળું પોતાનું અનુષ્ઠાન ન બને તેનો નિર્ણય કરીને જેમાંથી અધિક ગુણ થાય એવું અનુષ્ઠાન કરવાની ભગવાનની આજ્ઞા છે એ પ્રમાણે જાણીને કોઈ ફળની આશંસા વગર માત્ર પોતાના ગુણવૃદ્ધિના આશયપૂર્વક અને જેમની વૈયાવચ્ચ કરે છે તે મહાત્માના ગુણવૃદ્ધિના ઉપષ્ટંભરૂપ આ વૈયાવચ્ચ બને તે પ્રકારના સુવિશુદ્ધ આશયપૂર્વક વૈયાવચ્ચ કરે, તેથી વૈયાવચ્ચવિષયક કે કોઈપણ અનુષ્ઠાનવિષયક ભગવાનની આજ્ઞાના પરમાર્થને જાણવા માટે ચાર પ્રકારની બુદ્ધિથી મીમાંસા આવશ્યક છે, જેનાથી સુવિશુદ્ધ આજ્ઞાનું પાલન થાય છે અને બુદ્ધિપૂર્વક કરાયેલા આજ્ઞાના પાલનથી સાનુબંધ ગુણની વૃદ્ધિ થાય છે. ॥૨૩૭॥

अवतरणिका :-

न च वक्तव्यं क्रियात एव फलसिद्धिर्भविष्यतीति किं पुनः पुनराज्ञोद्घोषणेनेत्याह –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે ન કહેવું કે ક્રિયાથી ફળસિદ્ધિ થશે એથી ફરી ફરી આજ્ઞાઉદ્ઘોષણથી શું ? એથી કહે છે –

ભાવાર્થ :-

કાર્યની નિષ્પત્તિ કાર્યને અનુકૂળ ક્રિયાથી થાય છે એટલા માત્ર બોધને સામે રાખીને કોઈ કહે છે કે આજ્ઞાનુસાર પ્રવૃત્તિથી ફળ થશે, માત્ર ક્રિયાથી ફળ થશે નહીં એમ કહેવું ઉચિત નથી પરંતુ નિયત સ્થાનને અનુકૂળ ગમનથી નિયત સ્થાનની પ્રાપ્તિ છે તેમ વૈયાવચ્ચાદિ ક્રિયાથી જ તજ્જન્યનિર્જરારૂપ ફળની સિદ્ધિ થશે એ પ્રકારની શંકામાં કહે છે –

ગાથા :-

आणाबहुमाणाओ सुद्धाओ इह फलं विसिट्ठंति ।
ण तु किरियामेत्ताओ पुव्वायरिया तहा चाहु ।।२३८।।

અન્વયાર્થ :-

इह=અહીં=વૈયાવચ્ચાદિ કૃત્યોમાં, सुद्धाओ आणाबहुमाणाओ=શુદ્ધ એવા આજ્ઞાબહુમાનથી, फलं विसिट्ठंति=વિશિષ્ટ ફળ છે. ण तु किरियामेत्ताओ=વળી, ક્રિયામાત્રથી નથી. तहा च पुव्वायरिया आहु=અને તે પ્રકારે પૂર્વાચાર્યો કહે છે. ॥૨૩૮॥

ગાથાર્થ :-

અહીં=વૈયાવચ્ચાદિ કૃત્યોમાં, શુદ્ધ એવા આજ્ઞાબહુમાનથી વિશિષ્ટ ફળ છે. વળી, ક્રિયા માત્રથી નથી અને તે પ્રકારે પૂર્વાચાર્યો કહે છે. ॥૨૩૮॥

ટીકા :-

आज्ञाबहुमानाद्-वचनपक्षपाताच्छुद्धात्-कुग्रहादिदोषरहितात्, इह-वैयावृत्त्यादिकृत्येषु फलं विशिष्टं-पुण्यानुबन्धिपुण्यरूपं निरनुबन्धाशुभकर्म्मरूपं च सम्पद्यत इति । न पुनः क्रियामात्राद्-मन्त्रविवर्जित-सर्पदष्टापमार्जनक्रियाकल्पात् साधुसमाचारासेवनादेः केवलाद् विशिष्टं फलमस्ति । एतदेव दृढीकुर्वन्नाह— पूर्वाचार्यास्तथा च-तथैव यथोच्यतेऽस्माभिस्तथाहुः-ब्रुवते ।।२३८।।

ભાવાર્થ :-

ભગવાનની આજ્ઞા એ આગમવચન સ્વરૂપ છે અને આગમવચન એ સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે. વળી, જેઓને પોતાની મતિના આગ્રહરૂપ કુગ્રહાદિ દોષો નથી પરંતુ જિનવચનરૂપ આગમના યથાર્થ તાત્પર્યને જાણવા માટે બદ્ધરાગ છે તેઓ શુદ્ધ પ્રજ્ઞાથી તે આજ્ઞાના વચનને જાણવા યત્ન કરે છે અને આજ્ઞાનું બહુમાન હોવાથી તે વચનના નિયંત્રણપૂર્વક વૈયાવચ્ચાદિ ઉચિત કૃત્યો કરે છે તેઓને તે ક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્યરૂપ વિશિષ્ટફળ પ્રાપ્ત થાય છે અને ગુણસ્થાનકપ્રત્યય બંધાતાં જ્ઞાનાવરણીય આદિ અશુભ કર્મો નિરનુબંધ બંધાય છે. પરંતુ માત્ર વૈયાવચ્ચની ક્રિયાથી તે પ્રકારનું ફળ મળતું નથી. જેમ ઇષ્ટનગરમાં જવાની ઇચ્છાવાળો પુરુષ ઇષ્ટનગર જવાનું કારણ ન હોય તે પ્રકારે ગમે તે દિશામાં ગમન કરે તો તે ગમનની ક્રિયાથી ઇષ્ટનગરની પ્રાપ્તિ થતી નથી તેમ નિર્જરારૂપ ઇષ્ટ પ્રાપ્તિને અનુકૂળ ક્રિયા જિનવચનથી નિયંત્રિત હોય તો જ ઇષ્ટફળનું કારણ બને છે. જેઓ ભગવાનની આજ્ઞામાં બહુમાનવાળા છે તેઓ કુગ્રહાદિ દોષરહિત આજ્ઞાના પારમાર્થિક સ્વરૂપને જાણીને તે પ્રમાણે વૈયાવચ્ચાદિ કૃત્યો કરે છે જેથી સકામનિર્જરા અને નિરનુબંધ અશુભકર્મની પ્રાપ્તિ થાય છે અને આજ્ઞા પ્રત્યેના અનુરાગને કારણે પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય છે; કેમ કે ભગવાનની આજ્ઞાના રાગજન્ય ઉત્તમ અધ્યવસાયથી યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને તેવું પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને વૈયાવચ્ચાદિ કૃત્યકાળમાં વર્તતા ગુણવાનના ગુણના રાગને કારણે જે જે અંશથી મોહના પરિણામની અલ્પતા થાય છે તે તે અંશથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે, જેના કારણે જ્ઞાનાવરણીય આદિ જે અશુભકર્મો ગુણસ્થાનકકૃત બંધાય છે તે નિરનુબંધ બને છે અને જેઓ બાહ્યથી વૈયાવચ્ચાદિ ક્રિયાઓ કરે છે તે ક્રિયાઓ તે પ્રકારના

અંતરંગ વિશુદ્ધ ભાવ પ્રત્યે કારણ નહીં હોવાથી વિશિષ્ટ ફળની પ્રાપ્તિનું કારણ બનતી નથી. તેનો સાક્ષીપાઠ આપતાં કહે છે – 'તે પ્રકારે પૂર્વાચાર્ય કહે છે.' તે પૂર્વાચાર્યનું વચન જ આગળની ગાથાઓમાં બતાવે છે. **॥૨૩૮॥**

अवतरणिका :-

यदाहुस्तदेव गाथाद्वयेन दर्शयति –

अवतरणिकार्थ :-

જેને કહે છે=પૂર્વાચાર્યો જેને કહે છે, તેને જ બે ગાથાથી બતાવે છે –

गाथा :-

भावाणाबहुमाणाओ सत्तिओ सुकिरियापवित्तीवि ।
नियमेणं चिय इहरा ण तको सुद्धोत्ति इट्ठा सा ।।२३९।।

अन्वयार्थ :-

भावाणाबहुमाणाओ=ભાવપૂર્વક આજ્ઞાના બહુમાનથી=અંતઃકરણના પરિણામથી ભગવાનની આજ્ઞા પ્રત્યેના બહુમાનને કારણે, नियमेणं चिय=નિયમથી જ, सत्तिओ=શક્તિ અનુસાર, सुकिरियापवित्तीवि=સુક્રિયાની પ્રવૃત્તિ પણ થાય છે. इहरा=ઇતરથા=સુક્રિયાની પ્રવૃત્તિના રોધથી, तको ण सुद्धो=તે શુદ્ધ નથી=ભાવાજ્ઞાના બહુમાનરૂપ પ્રયત્ન શુદ્ધ નથી. त्ति=એ કારણથી, सा=તે=શુદ્ધ ભાવાજ્ઞાબહુમાન હોતે છતે તે સુક્રિયા, इट्ठा=ઇષ્ટ છે. ।।૨૩૯।।

गाथार्थ :-

ભાવપૂર્વક આજ્ઞાના બહુમાનથી=અંતઃકરણના પરિણામથી ભગવાનની આજ્ઞા પ્રત્યેના બહુમાનને કારણે, નિયમથી જ શક્તિ અનુસાર સુક્રિયાની પ્રવૃત્તિ પણ થાય છે. ઇતરથા=સુક્રિયાની પ્રવૃત્તિના રોધથી, તે શુદ્ધ નથી=ભાવાજ્ઞાના બહુમાનરૂપ પ્રયત્ન શુદ્ધ નથી. એ કારણથી, તે=શુદ્ધ ભાવાજ્ઞાબહુમાન હોતે છતે તે સુક્રિયા, ઇષ્ટ છે. ।।૨૩૯।।

टीका :-

भावाद्-अन्तःपरिणामाद् य आज्ञाबहुमानः-उक्तरूपः तस्मात् कथंचिज्जातात् । किमित्याह– शक्तितः-स्वसामर्थ्यानुरूपं 'सुक्रियाप्रवृत्तिरपि' सुक्रियायां-मार्गानुसारसारायां दर्शनप्रभावनादिकायां चित्ररूपायां प्रवृत्तिः-उत्साहरूपा भवतीति, भावाज्ञाबहुमानस्तावत् सम्पन्न एवेत्यपिशब्दार्थः, नियमेनैव, शुद्धभावाज्ञाबहुमानस्य तथाविधमेघोन्नतेरिव जलवृष्टिक्रिया(याः सुक्रिया)या व्यभिचाराभावात् । विपक्षे बाधकमाह–इतरथा सुक्रियायाः प्रवृत्तिनिरोधेन नैव तको-भावाज्ञा-बहुमानरूपः शुद्धो वर्त्तते,

स्वकार्यसाधकस्यैव कारणस्य निश्चयतः कारणभावात् । इत्यस्मात् कारणाच्छुद्धे भावाज्ञाबहुमाने इष्टा सा सुक्रिया ।।२३९।।

ભાવાર્થ :-

જેઓને અંતઃકરણના પરિણામથી ભગવાનની આજ્ઞાનું બહુમાન છે તેવા મહાત્માઓ પ્રથમ ભગવાનની આજ્ઞાના પરમાર્થને પોતાની બુદ્ધિરૂપ શક્તિથી અવશ્ય જાણવા યત્ન કરે છે. વળી, જ્યાં સુધી પોતાને જે અનુષ્ઠાન સેવવાનો અભિલાષ છે તે અનુષ્ઠાનવિષયક ભગવાનના વચનના પરમાર્થનો બોધ થાય નહીં ત્યાં સુધી તેઓની જિજ્ઞાસા સદા તે અનુષ્ઠાનના પરમાર્થને જાણવા પ્રયત્ન કરે છે. જેઓમાં માષતુષાદિની જેમ વિશિષ્ટ શક્તિ નથી તેઓ પણ સુવિશુદ્ધ ભાવાજ્ઞા કોની પાસેથી પ્રાપ્ત થશે તેવા ગુરુના વિષયમાં અભ્રાન્ત હોય છે તે અંતઃકરણના પરિણામથી આજ્ઞાના બહુમાનનું જ કાર્ય છે તેથી માષતુષાદિ જેવા પણ સાધુઓમાં આજ્ઞાનું બહુમાન છે અને જેઓને અંતઃકરણના પરિણામથી ભગવાનની આજ્ઞાનું બહુમાન છે તેઓ નિયમથી પોતાની શક્તિ અનુસાર સુક્રિયાની પ્રવૃત્તિ કરે છે, જે ક્રિયા અવશ્ય વીતરાગતાદિ ભાવોના પ્રતિબંધક કર્મોનો નાશ કરીને વીતરાગતુલ્ય બનવાનું કારણ બને છે. વળી, જેઓ આત્મ-કલ્યાણ અર્થે ધર્મની પ્રવૃત્તિ કરે છે છતાં વીતરાગતુલ્ય ભાવોની નિષ્પત્તિનું કારણ બને તેવી સુક્રિયામાં પ્રવૃત્તિ કરતા નથી તેઓનો પ્રયત્ન ભાવાજ્ઞાના બહુમાનપૂર્વક નથી જ; કેમ કે સ્વકાર્યસાધક એવા કારણનું નિશ્ચયથી કારણપણું છે અર્થાત્ જે ક્રિયા અંતરંગ મોહના ઉન્મૂલનરૂપ કાર્યની સાધક ન હોય તે ક્રિયારૂપ કારણ નિશ્ચયથી મોક્ષનું કારણ નથી અને જે ક્રિયામાં ભાવાજ્ઞાનું બહુમાન નથી=જિનતુલ્ય થવાને પરિણામરૂપ ભાવાજ્ઞામાં બહુમાન નથી, તે ક્રિયા શુદ્ધ ક્રિયા કહેવાય નહીં. આથી શુદ્ધ ભાવાજ્ઞાનું બહુમાન હોતે છતે સુક્રિયા ઇષ્ટ છે. **॥૨૩૯॥**

અવતરણિકા :-

ततोऽपि किमित्याह –

અવતરણિકાર્થ :-

તેનાથી પણ=સુક્રિયાથી પણ, શું=શું ફળ પ્રાપ્ત થાય છે, એથી કહે છે –

ગાથા :-

एईए उ विसिट्ठं सुवन्नघडतुल्लमिह फलं नवरं ।
अणुबंधजुयं संपन्नहेउओ सम्ममवसेयं ।।२४०।।

અન્વયાર્થ :-

इह उ=વળી અહીં=જગતમાં, एईए=આનાથી=સુક્રિયાથી, सुवन्नघडतुल्ल नवरं अणुबंधजुयं विसिट्ठं फलं=સુવર્ણઘટતુલ્ય કેવળ અનુબંધયુક્ત વિશિષ્ટ ફળ, संपन्नहेउओ=સંપૂર્ણ હેતુઓથી (થયેલું હોવાને કારણે), सम्ममवसेयं=સમ્યગ્ જાણવું. ।।૨૪૦।।

ગાથાર્થ :-

વળી અહીં=જગતમાં, આનાથી=સુક્રિયાથી, સુવર્ણઘટતુલ્ય કેવળ અનુબંધયુક્ત વિશિષ્ટ ફળ સંપૂર્ણ હેતુઓથી થયેલું હોવાને કારણે, સમ્યગ્ જાણવું. ॥૨૪૦॥

ટીકા :-

एतस्याः पुनः-सुक्रियायाः सकाशाद् विशिष्टम्-अपरक्रियाजन्यपुण्यविलक्षणम् । अत एवाह— सुवर्णघटतुल्यं-शातकुम्भकुम्भसन्निभमिह-जगति फलं-पुण्यलक्षणं नवरं-केवलं जायते अनुबन्धयुतम्-उत्तरोत्तरानुगमरूपवत् । कुत इत्याह—'सम्पूर्णहेतुतः' सम्पूर्णेभ्यो हेतुभ्यो भावाद्, हेतवश्चास्य प्राणिकरुणादयः । यथोक्तम्—'दया भूतेषु संवेगो, विधिवद् गुरुपूजनम् । विशुद्धा शीलवृत्तिश्च, पुण्यं पुण्यानुबन्ध्यदः ॥१॥' सम्यग्-यथावद् अवसेयमिदम् । न हि पूर्णकारणारब्धा भावाः कदाचिद् निरनुबन्धा भवितुमर्हन्ति, अन्यथा तत्तयाऽनुपपत्तेः ॥२४०॥

ભાવાર્થ :-

જેઓને ભાવાજ્ઞાનું બહુમાન છે અર્થાત્ વીતરાગતુલ્ય થવા માટે જે ભાવોની ભગવાનની આજ્ઞા છે તેના પ્રત્યે બહુમાન છે અને તેના કારણરૂપ તે તે ઉચિત પ્રવૃત્તિ હોવાથી તે ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે બહુમાન છે, તેઓ સ્વભૂમિકાનુસાર જે સુક્રિયા કરે છે તે સુક્રિયા ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ ફળમાં પર્યવસાન પામે તેવી અનુબંધયુક્ત વિશિષ્ટ ફળનું કારણ છે તેથી તે ક્રિયાનું ફળ સુવર્ણઘટતુલ્ય કહેવાય છે; કેમ કે સંપૂર્ણ હેતુઓથી તે ક્રિયા થયેલી હોવાના કારણે સમ્યગ્ ક્રિયા છે.

આશય એ છે કે જીવનો ઉપયોગ ક્રિયાકાળમાં ભાવાજ્ઞા પ્રત્યે બહુમાનવાળો હોય ત્યારે તે ક્રિયાકાળમાં દશેય સંજ્ઞાનું વિષ્કંભણ હોય છે તેથી તે ક્રિયાથી આત્મામાં વિશિષ્ટ પ્રકારના યોગનાં બીજો પડે છે જે યોગબીજોથી ફરી ફરી તેવી ક્રિયાઓ કરીને તે મહાત્મા અવશ્ય વીતરાગ સર્વજ્ઞ થશે તેવા અનુબંધયુક્ત ફળવાળી તે ક્રિયાઓ છે. જેમ સુવર્ણનો ઘડો તૂટી ગયા પછી સુવર્ણ વિદ્યમાન રહે છે, તેનાથી ફરી અવશ્ય વિશિષ્ટ ઘડો ઉત્પન્ન કરી શકાય છે તેમ સુક્રિયાથી આત્મામાં સુવર્ણસદૃશ યોગનાં બીજો પડેલાં હોય છે જેનાથી ફરી સુક્રિયા થાય છે. એથી કોઈ યોગ્ય જીવ સુક્રિયા કરીને યોગબીજ પાડે ત્યારપછી વિપર્યાસઆધાયક કર્મના બળથી ઉન્માર્ગમાં પ્રવર્તે તોપણ કાંઈક કાળ પસાર થયા પછી ફરી સુવર્ણના ભાવ જેવો તે ભાવ કોઈક ભવમાં ઉલ્લસિત થશે તેથી તે મહાત્મા ઉત્તર-ઉત્તરના યોગને સાધીને અવશ્ય વીતરાગ થશે; કેમ કે બીજાધાનકાળમાં જે ક્રિયા થાય છે તે ક્રિયા સંપૂર્ણ હેતુઓથી સમ્યગ્ ક્રિયા છે અને જે ક્રિયા પૂર્ણકારણથી આરબ્ધ હોય તે ક્યારેય નિરનુબંધ થાય નહીં માટે સુક્રિયા અવશ્ય મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામશે. **॥૨૪૦॥**

અવતરણિકા :-

ननु क्रियामात्रमप्याज्ञाबहुमानशून्यानां कथं जायते ? इत्याशंक्याह —

અવતરણિકાર્થ :-

આજ્ઞાબહુમાનશૂન્ય જીવોની ક્રિયામાત્ર પણ કેવી રીતે જણાય છે=તેઓ ભાવાજ્ઞા વગર માત્ર ક્રિયા કરે છે તે કેવી રીતે નિર્ણય થાય, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

किरियामेत्तं तु इहं जायति लद्धादवेक्खयाएऽवि ।
गुरुलाघवादिसन्नाणवज्जियं पायमियरेसिं ।।२४१।।

અન્વયાર્થ :-

इहं=અહીં=જગતમાં, इयरेसिं=ઈતર જીવોને=આજ્ઞાબહુમાન વગરના જીવોને, लद्धादवेक्खयाएऽवि=લબ્ધિ આદિની અપેક્ષાથી પણ, पायं=પ્રાયઃ, गुरुलाघवादिसन्नाणवज्जियं=ગુરુલાઘવાદિ સંજ્ઞાથી વર્જિત, किरियामेत्तं तु जायति=વળી ક્રિયામાત્ર થાય છે. ।।૨૪૧।।

ગાથાર્થ :-

અહીં=જગતમાં, ઈતર જીવોને=આજ્ઞાબહુમાન વગરના જીવોને, લબ્ધિ આદિની અપેક્ષાથી પણ પ્રાયઃ ગુરુલાઘવાદિ સંજ્ઞાથી વર્જિત વળી ક્રિયામાત્ર થાય છે. ।।૨૪૧।।

ટીકા :-

क्रियामात्रं पुनरुक्तरूपमिह-दूरभव्येष्वभव्येषु च जायते लब्ध्याद्यपेक्षयापि, इह लब्धिर्वस्त्रपात्रकीर्त्त्यादि-लाभलक्षणा गृह्यते, आदिशब्दात् स्वजनाद्यविरोधकुललज्जादिग्रहः, तान्यप्यपेक्ष्य स्यात् । गुरुलाघवादि-संज्ञानवर्जितं गुणदोषयोः प्रवृत्तौ गुरुलाघवमादिशब्दात् सत्त्वादिषु मैत्र्यादिभावग्रहस्तेषु यत्संज्ञानं शुद्धसंवेदनरूपं तेन विनिर्मुक्तं, प्रायो-बाहुल्येनेतरेषां-शुद्धाज्ञाबहुमानविहीनानामिति ।।२४१।।

ભાવાર્થ :-

કોઈ પુરુષ સામાન્યથી જે ફળનો અર્થી હોય તે ફળના ઉપાયમાં પ્રવૃત્તિ કરે. જેમ ધનના અર્થી જીવો ધનના ઉપાયમાં પ્રવૃત્તિ કરે પરંતુ જેઓને મોક્ષને અનુકૂળ એવા વીતરાગતાદિ ભાવો પ્રત્યે લેશપણ રુચિ નથી તેવા જીવો મોક્ષના ઉપાયભૂત તેવી ધર્મની ક્રિયામાત્ર પણ કેવી રીતે કરે અર્થાત્ કરે નહીં, એ પ્રકારની શંકાના નિવારણ અર્થે કહે છે.

જેઓને શુદ્ધાજ્ઞા પ્રત્યે બહુમાન નથી તેવા દુર્ભવ્ય-અભવ્ય જીવો લબ્ધિઆદિની અપેક્ષાએ ક્રિયામાત્ર પણ કરે છે અર્થાત્ સાધુપણામાં વસ્ત્ર, પાત્ર સુખપૂર્વક મળશે તેવા આશયથી પણ ક્રિયા કરે છે કે લોકો તરફથી માન મળશે તેવી કીર્તિઆદિની અપેક્ષાથી કરે છે કે પરલોકનાં તુચ્છ ફળો આદિની અપેક્ષાથી કરે છે પરંતુ મોક્ષને અનુકૂળ લેશપણ તેઓને ભાવ નથી તેથી મોક્ષના અર્થી થઈને તેના ઉપાયરૂપે તેઓ ક્રિયા કરતા

નથી. આથી જ તેઓની ક્રિયા ગુરુલાઘવાદિ ભાવોથી યુક્ત નથી; કેમ કે લક્ષ્ય સાથે જેમને પ્રયોજન નથી તેઓને લક્ષ્યપ્રાપ્તિ અર્થે 'આ પ્રવૃત્તિ ઉચિત છે અને આ પ્રવૃત્તિ ઉચિત નથી' તે પ્રકારનું સમાલોચન કરવાનું પ્રયોજન રહેતું નથી. પરંતુ જે લબ્ધિઆદિના પ્રયોજનથી કરે છે તે પ્રયોજન અર્થે જેમાં અધિક લાભ દેખાય ત્યાં પ્રવૃત્તિ કરે છે. માટે પરમાર્થની પ્રાપ્તિના કારણીભૂત ગુરુલાઘવના પરિણામથી રહિત તેઓની ક્રિયા-માત્ર હોય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેઓને મોક્ષને અનુકૂળ લેશપણ ભાવ થાય તેમ નથી તેથી સમ્યક્ત્વને અભિમુખ પણ ભાવ થાય તેમ નથી; કેમ કે મોક્ષનું સ્વરૂપ જ તેમને અસાર જણાય છે તેથી મોક્ષ પ્રત્યે દ્વેષ થાય તેવા છે, તેઓને સંપૂર્ણ ભોગરહિત મોક્ષ અસાર જણાય છે. તેથી મોક્ષને અનુકૂળ વીતરાગતાદિ ભાવો અસાર જણાય છે. તેથી ત્યાગ અસાર જણાય છે. માટે ભોગના રાગના નાશ અર્થે ત્યાગ કરવો જોઈએ તેવી લેશપણ બુદ્ધિ થતી નથી પરંતુ ભોગ અર્થે ભોગના ઉપાયમાં જીવો પ્રવૃત્તિ કરે છે તેમ ભોગરૂપ જ લબ્ધિઆદિ અપેક્ષાએ તે જીવો ક્રિયામાત્રમાં પ્રવૃત્તિ કરે છે જે ક્રિયાથી લેશપણ મોહનું ઉન્મૂલન થતું નથી તેથી તેઓની ક્રિયા ભાવશૂન્ય ક્રિયા છે. **॥૨૪૧॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે આજ્ઞાબહુમાનશૂન્ય જીવો ક્રિયામાત્ર કરે છે. હવે તે ક્રિયામાત્રનું કેવું ફળ છે તે બતાવે છે –

ગાથા :-

एत्तो उ निरणुबंधं मिम्मयघडसरिसमो फलं णेयं ।
कुलडादियदाणाइसु जहा तहा हंत एयंपि ।।२४२।।

અન્વયાર્થ :-

एत्तो उ=આનાથી વળી=ક્રિયામાત્રથી વળી, निरणुबंधं=નિરનુબંધ, मिम्मयघडसरिसमो फलं णेयं=માટીના ઘડા જેવું ફળ જાણવું. जहा=જે પ્રમાણે, कुलडादियदाणाइसु=કુલટા સ્ત્રીનું દ્વિજને દાનાદિમાં, (નિરનુબંધ ફળ છે,) तहा हंत=તે પ્રમાણે ખરેખર, एयंपि=આ પણ છે=ક્રિયામાત્રજન્ય પુણ્ય પણ છે. ।।૨૪૨।।

ગાથાર્થ :-

આનાથી વળી=ક્રિયામાત્રથી વળી, નિરનુબંધ માટીના ઘડા જેવું ફળ જાણવું. જે પ્રમાણે કુલટા સ્ત્રીનું દ્વિજને દાનાદિમાં નિરનુબંધ ફળ છે તે પ્રમાણે ખરેખર આ પણ છે=ક્રિયામાત્રજન્ય પુણ્ય પણ છે. ।।૨૪૨।।

ટીકા :-

इतस्तु-क्रियामात्रात् पुनर्निरनुबन्धम्-उत्तरोत्तरानुबन्धशून्यम्, अत एव 'मिम्मयघडसरिसमो' इति

मृत्तिकामयघटसदृक्षं फलं पुण्यबन्धलक्षणं ज्ञेयम् । पुनरपि दृष्टान्तान्तरेण भावयति-कुलटाया-दुश्चारिण्याः स्त्रिया द्विजदानादयो-ब्राह्मणविभववितरण-पर्वदिवसोपवास-तीर्थस्नानप्रभृतयो धर्मक्रियाविशेषास्तेषु यथा निरनुबन्धं फलं, तथा, हन्तेति कोमलामंत्रणे, एतदपि क्रियामात्रजन्यं पुण्यमिति ।।२४२।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ મોક્ષને અનુકૂળ લેશ પણ ભાવ વગર ધર્માનુષ્ઠાનની ક્રિયા કરે છે તેઓને તે ક્રિયાનું નિરનુબંધ ફળ મળે છે અર્થાત્ તે ક્રિયા ઉત્તરોત્તરના ભાવને પ્રાપ્ત કરાવીને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિનું કારણ બને એવી અનુબંધવાળી નથી. પરંતુ જેમ માટીનો ઘડો ફૂટી ગયા પછી નિરર્થક છે તેમ તે ક્રિયા તુચ્છ પુણ્ય ભોગવીને નાશ થાય ત્યારપછી તે ક્રિયા પૂર્વ કરતાં વિશિષ્ટ ક્રિયાની પ્રાપ્તિનું કારણ બનતી નથી. માટે ઉત્તરોત્તર ધર્મની વૃદ્ધિ દ્વારા સુખના ફળવાળી તે ક્રિયા નથી.

જેમ કુલટા સ્ત્રીને અનુચિત કાર્ય પ્રત્યે બળવાન રાગ છે છતાં દ્વિજદાનાદિ=બ્રાહ્મણને દાનાદિ, ધર્મકૃત્ય કરે ત્યારે તે ધર્મક્રિયામાં દુરાચાર છોડવાને અનુકૂળ લેશપણ પરિણામ નહીં હોવાના કારણે તે ધર્મક્રિયાના ફળરૂપે નિરનુબંધ પુણ્ય પ્રાપ્ત કરે છે જે ફળ તુચ્છ ભોગોને આપીને ઉત્તરોત્તર ધર્મવૃદ્ધિનું કારણ બનતું નથી; કેમ કે દુરાચારના ત્યાગના અધ્યવસાયથી સંવલિત તે ધર્મની ક્રિયા નથી તેમ જેઓ સંસારના ભાવોના સંક્લેશના પરિહારના અધ્યવસાયથી સંવલિત ક્રિયાઓ કરતા નથી તેઓની બાહ્યક્રિયા તુચ્છ પુણ્યની પ્રાપ્તિ કરાવીને વિનાશ પામે છે. **॥૨૪૨॥**

ગાથા :-

तम्हा भावो सुद्धो सव्वपयत्तेण हंदि परलोए ।
कायव्वो बुद्धिमया आणोवगजोगतो णिच्चं ।।२४३।।

અન્વયાર્થ :-

तम्हा=તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે જે કારણથી ક્રિયામાત્ર નિરનુબંધ ફળવાળી છે તે કારણથી, परलोए=પરલોકના વિષયમાં, बुद्धिमया=બુદ્ધિમાન પુરુષે, सव्वपयत्तेण=સર્વ પ્રયત્નથી, सुद्धो भावो कायव्वो=શુદ્ધ ભાવ કરવો જોઈએ.

કેવી રીતે શુદ્ધ ભાવ કરવો જોઈએ ? તે બતાવતાં કહે છે –

णिच्चं आणोवगजोगतो=નિત્ય આજ્ઞાના ઉપયોગના યોગથી (શુદ્ધ ભાવ કરવો જોઈએ.) ॥૨૪૩॥

ગાથાર્થ :-

તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે જે કારણથી ક્રિયામાત્ર નિરનુબંધ ફળવાળી છે તે કારણથી, પરલોકના વિષયમાં બુદ્ધિમાન પુરુષે સર્વ પ્રયત્નથી શુદ્ધ ભાવ કરવો જોઈએ.

કેવી રીતે શુદ્ધ ભાવ કરવો જોઈએ ? તે બતાવતાં કહે છે –

નિત્ય આજ્ઞાના ઉપયોગના યોગથી શુદ્ધ ભાવ કરવો જોઈએ. ।।૨૪૩।।

ટીકા :-

यस्मादेवं क्रियामात्रं निरनुबन्धफलं तस्माद्-भावो-मनःपरिणामः शुद्धो-रागद्वेषमोहमलविकलः सर्वप्रयत्नेन-सर्वस्वसामर्थ्यागोपनरूपेण; हंदीत्युपप्रदर्शने, परलोके-स्वर्गापवर्गादिलक्षणे साध्ये कर्त्तव्यो-घटयितव्यो बुद्धिमता-प्रशस्तमतिना पुरुषेण। कथमित्याह—'आज्ञोपगयोगतो' आज्ञामुपगच्छन्ति-अनुवर्त्तन्ते ये ते आज्ञोपगास्ते च ते योगाश्च-अनुष्ठानभेदाः तेभ्यो, जिनाज्ञानुसारिणो धर्मारम्भान् प्रतीत्येत्यर्थः, नित्यम्-अहर्निशमिति।।२४३।।

ભાવાર્થ :-

જે અનુષ્ઠાનમાં મોહઉન્મૂલનને અનુકૂળ લેશ પણ ભાવ નથી તેવી ક્રિયામાત્ર નિરનુબંધ ફળવાળી છે એમ પૂર્વમાં બતાવ્યું. તેથી બુદ્ધિમાન પુરુષે પરલોકના હિતના અર્થે પોતાનું જે કાંઈ સામર્થ્ય છે તે સામર્થ્યથી શુદ્ધ ભાવ કરવો જોઈએ અર્થાત્ ક્રિયાકાળમાં દશે સંજ્ઞાઓના વિષ્કંભણપૂર્વક વીતરાગના ગુણોથી ચિત્ત વાસિત થાય તે પ્રમાણે યત્ન કરવો જોઈએ, જે શુદ્ધભાવથી ઉત્તમ એવા સુમનુષ્ય-સુદેવત્વાદિની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થશે, જ્યારે માત્ર બાહ્ય તપ-ત્યાગાદિની ક્રિયા શુદ્ધભાવરહિત હશે તો તુચ્છ ઐહિક ફળ આપીને વિનાશ થશે અને ચાર ગતિઓના પરિભ્રમણરૂપ અનાદિથી પ્રવર્તતું સંસારનું પરિભ્રમણ અવસ્થિત જ રહેશે માટે બુદ્ધિમાને શુદ્ધ ભાવમાં યત્ન કરવો જોઈએ.

કઈ રીતે શુદ્ધ ભાવમાં યત્ન કરવો જોઈએ તેથી કહે છે – પોતે જે અનુષ્ઠાન સેવવા સમર્થ હોય તે અનુષ્ઠાનવિષયક ભગવાનની આજ્ઞા કેવા પ્રકારની છે તેનો સમ્યગ્ બોધ કરીને તે આજ્ઞામાં ઉપયુક્ત થઈને તે અનુષ્ઠાન સેવવા હંમેશાં યત્ન કરવો જોઈએ જેથી તે અનુષ્ઠાનથી સ્વશક્તિ અનુસાર અવશ્ય શુદ્ધ ભાવ પ્રગટ થાય. જો કે અભ્યાસ દશામાં પૂર્ણ શુદ્ધ અનુષ્ઠાન જીવો સેવી શકતા નથી તોપણ તે અનુષ્ઠાનવિષયક આજ્ઞાનો સમ્યગ્ બોધ કરીને જે રીતે ભગવાને તે અનુષ્ઠાન કરવાનું કહ્યું છે તે રીતે બાહ્યઆચરણાથી અને અંતરંગભાવોથી કરવાનો અભિલાષ રાખે અને તે લક્ષ્યને સામે રાખીને તે અનુષ્ઠાન સેવવામાં યત્ન કરે તો કાંઈક અશુદ્ધિવાળું તે અનુષ્ઠાન શુદ્ધિને સન્મુખ હોવાથી પરમાર્થથી શુદ્ધ છે; કેમ કે આ રીતે આભ્યાસિક ભાવોથી પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત થાય છે. **॥૨૪૩॥**

અવતરણિકા :-

सम्प्रत्याज्ञामेव पुरस्कुर्वन् दृष्टान्तमाह –

અવતરણિકાર્થ :-

હવે આજ્ઞાને આગળ કરતાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

जो आणं बहु मन्नति सो तित्थयरं गुरुं च धम्मं च ।
साहेति य हियमत्थं एत्थं भीमेण दिट्ठंतो ।।२४४।।

અન્વયાર્થ :-

જો=જે=જે મહાત્મા, આણં=આજ્ઞાને=ભગવાનની આજ્ઞાને, બહુ મન્નતિ=બહુ માને છે, સો=તે=તે પુરુષ, તિત્થયરં ગુરું ચ ધમ્મં ચ=તીર્થંકરને અને ગુરુને અને ધર્મને, (બહુ માને છે.) હિયમત્થં ય=અને હિત અર્થને અર્થાત્ પુરુષાર્થરૂપ કલ્યાણને, સાહેતિ=સાધે છે. એત્થં=અહીં=આજ્ઞાના બહુમાનમાં, ભીમેણ દિટ્ઠંતો=રાજપુત્ર એવા ભીમનું દૃષ્ટાંત છે. ।।૨૪૪।।

ગાથાર્થ :-

જે=જે મહાત્મા, આજ્ઞાને=ભગવાનની આજ્ઞાને, બહુ માને છે તે=તે પુરુષ, તીર્થંકરને અને ગુરુને અને ધર્મને બહુ માને છે. અને હિત અર્થને અર્થાત્ પુરુષાર્થરૂપ કલ્યાણને, સાધે છે. અહીં= આજ્ઞાના બહુમાનમાં, રાજપુત્ર એવા ભીમનું દૃષ્ટાંત છે. ।।૨૪૪।।

ટીકા :-

यो जन्तुरासन्नभव्य आज्ञाम्-उक्तरूपां बहु मन्यते-पुरस्करोति, स-आज्ञाबहुमन्ता तीर्थकरम्-अर्हन्तं गुरुं च धर्म्माचार्यं धर्मं च श्रुतचारित्ररूपं बहु मन्यते, आज्ञाबहुमानस्य तीर्थकरादिबहुमानाविनाभूतत्वात् । साधयति, घटयति, चः समुच्चये, हितं-कल्याणरूपमर्थं-पुरुषार्थलक्षणम् । अत्र-अस्मिन्नाज्ञाबहुमाने भीमेन राजसूनुना दृष्टान्तः-उदाहरणं वाच्यम् ।।२४४।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ આત્મકલ્યાણના અર્થી થયા છે અને પોતે જે અનુષ્ઠાન સેવવા માટે સમર્થ છે તે અનુષ્ઠાન કરવા અર્થે ભગવાનની કેવી આજ્ઞા છે તેનો બોધ કરીને તે પ્રકારે મારે આજ્ઞા સેવવી છે તેવી મનોવૃત્તિવાળા છે તેઓ બુદ્ધિપૂર્વક આજ્ઞાનો વિચાર કરે તો તેઓને સ્પષ્ટ જણાય કે વીતરાગનું વચન અંતરંગ રીતે વીતરાગતુલ્ય થવાના પરિણામરૂપ થાય તે રીતે સર્વ બાહ્ય ઉચિત પ્રવૃત્તિ કરવાનું વિધાન કરે છે. તેથી વિવક્ષિત અનુષ્ઠાન કઈ રીતે વીતરાગભાવમાં વિશ્રાંત થશે અને તેને અનુરૂપ તે અનુષ્ઠાનનાં બાહ્ય અંગો કઈ રીતે સેવવાની ભગવાનની આજ્ઞા છે તેનો બોધ કરીને તે પ્રમાણે સેવવાના અભિલાષવાળા થાય છે. જેઓ આ પ્રકારે આજ્ઞાનું બહુમાન કરે છે તેઓ તીર્થંકરનું બહુમાન કરે છે; કેમ કે તીર્થંકરતુલ્ય થવાના બદ્ધ અભિલાષપૂર્વક તે અનુષ્ઠાન સેવવાના અભિલાષવાળા છે. વળી, ગુરુનું બહુમાન કરે છે; કેમ કે તીર્થંકરના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને તીર્થંકર થવા માટે કારણ બને તેવા ગુરુ ગુણથી યુક્ત હોય તે ગુરુ કહેવાય અને પ્રસ્તુત આજ્ઞાનું બહુમાન તેવા ગુરુતુલ્ય થવાને અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી ગુરુના

બહુમાનરૂપ છે. વળી, તેઓ ધર્મને બહુમાને છે; કેમ કે ધર્મ એ વીતરાગતાની નિષ્પત્તિના કારણીભૂત જીવની પરિણતિરૂપ છે અને તેવા પરિણતિના અર્થી થઈને ધર્માનુષ્ઠાન સેવે છે માટે ધર્મને બહુમાને છે અને જેઓ તીર્થંકર, ગુરુ અને ધર્મને બહુમાને છે તેઓ હિતરૂપ અર્થને સાધે છે અર્થાત્ સદ્ગતિઓની પરંપરારૂપ અને અંતે મોક્ષરૂપ પુરુષાર્થને સાધે છે. આજ્ઞાના બહુમાનના વિષયમાં ભીમ નામના રાજપુત્રનું દૃષ્ટાંત છે જે સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથાઓમાં બતાવે છે. **॥૨૪૪॥**

અવતરણિકા :-

एनमेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=ભીમ નામના રાજપુત્રના દૃષ્ટાંતને જ, ભાવન કરે છે –

ગાથા :-

तगराए रतिसारो राया पुत्तो य तस्स भीमो त्ति ।
साहुसगासं णीओ धम्मं सोऊण पडिबुद्धो ।।२४५।।
परमुवयारी ताओ इमस्स सति अप्पियं ण कायव्वं ।
घेत्तूणऽभिग्गहं तो सावगधम्मं सुहं चरति ।।२४६।।
वणिकन्न राय रागे वरणं णो पुत्तरज्ज न करेमि ।
तुह पुत्त न परिणेमी कालेणं बंभयारित्ति ।।२४७।।
दिन्ना पुत्तो राया भीमो गिहबंभ सक्कथुति आणा ।
देवाऽयल्लग गणिया वावज्जति निक्किपाऽधम्मो ।।२४८।।
आणाभावणजोगा रागाभावो इमस्स धीरस्स ।
वयभंसपाव वावत्ति रक्खणे सुकरुणा धम्मो ।।२४९।।
आयारामो जाओ आणं सरिऊण वीयरागाणं ।
इय धम्मो सेसाणवि विसए एयं करेंताणं ।।२५०।।

અન્વયાર્થ :-

तगराए=તગરા નગરીમાં, रतिसारो राया=રતિસાર નામે રાજા, तस्स य पुत्तो भीमो त्ति=અને તેનો ભીમ નામે પુત્ર, साहुसगासं णीओ=(પિતા દ્વારા) સાધુ પાસે લઈ જવાયો. घम्मं सोऊण=ધર્મ સાંભળીને, पडिबुद्धो=પ્રતિબોધ પામ્યો=ભીમ પ્રતિબોધ પામ્યો.

તાઓ=પિતા, પરમુવયારી=પરમ ઉપકારી છે. ઇમસ્સ=આમનું=પિતાનું, સતિ=સદા, અપ્પિયં ણ કાયવ્વં= 'અપ્રિય ન કરવું જોઈએ.' (એ પ્રમાણે ભીમ) અભિગ્ગહં ઘેત્તૂણ=અભિગ્રહ ગ્રહણ કરીને, તો=ત્યારપછી, સાવગધમ્મં સુહં ચરતિ=શ્રાવકધર્મને સુખપૂર્વક સેવે છે.

વણિકન્ન રાય રાગે=વણિકકન્યામાં રાજાનો રાગ થયે છતે, વરણં ણો=વરણ કરતો નથી=તે વણિક રાજાને કન્યા આપતો નથી, પુત્તરજ્જ=(કેમ કે) 'પુત્ર રાજ્ય કરશે'='રાજાનો ભીમ નામનો પુત્ર રાજ્ય કરશે.' ન કરેમિ=(ભીમ કહે છે –) 'હું નહીં કરું'='હું રાજ્ય સ્વીકારીશ નહીં.' તુહ પુત્ર=(શ્રેષ્ઠી કહે છે –) તારો પુત્ર='તારો પુત્ર રાજ્ય કરશે માટે કન્યા નહીં આપું.' ન પરિણેમી='હું પરણીશ નહીં.' (એ પ્રમાણે ભીમે પ્રતિજ્ઞા કરી.) કાલેણં બંભયારિત્તિ=કાળથી બ્રહ્મચારી થયો=ભીમ બ્રહ્મચારી થયો.

દિન્ના=અપાઈ=રાજાને વણિક દ્વારા કન્યા અપાઈ. પુત્તો=પુત્ર=તે કન્યાને પુત્ર થયો. રાયા=રાજા=તે પુત્ર રાજા થયો. ભીમો=ભીમ, ગિહબંભ=ઘરમાં રહેલો બ્રહ્મચર્યનું પાલન કરે છે. આણા સક્કથુતિ=આજ્ઞાના વિષયમાં શક્ર દ્વારા સ્તુતિ કરાઈ=ભીમની ભગવાનની આજ્ઞાના પાલનમાં શક્ર દ્વારા સ્તુતિ કરાઈ. દેવાઽયલ્લગ ગણિયા=દેવ વડે મદનજ્વરવાળી ગણિકા બનાવાઈ. વાવજ્જતિ=મરશે=તેની માતા વડે કહેવાયું કે 'જો તું સ્વીકાર નહીં કરે તો આ મૃત્યુ પામશે.' નિક્કિપાઽધમ્મો='નિષ્કૃપા અધર્મ છે'='જો તું આનો સ્વીકાર નહીં કરે તો અધર્મ છે.'

આણાભાવણજોગા=આજ્ઞાભાવનના યોગથી, ઇમસ્સ ધીરસ્સ=આ ધીરને=ભીમરાજપુત્રરૂપ ધીરને, રાગાભાવો=રાગનો અભાવ થયો=તે સ્ત્રીવિષયક રાગનો અભાવ થયો. વયભંસપાવ=વ્રતભ્રંશમાં પાપ છે. વાવત્તિ રક્ખણે=વ્યાપત્તિના રક્ષણમાં=આ કન્યાના મૃત્યુના રક્ષણમાં, સુકરુણા ધમ્મો=સુકરુણા ધર્મ છે=જૈનધર્મનું યથાર્થ કથન કરવું એ રૂપ સુકરુણા ધર્મ છે.

વીયરાગાણં આણં સરિઊણ=વીતરાગની આજ્ઞાનું સ્મરણ કરીને, આયારામો જાઓ=(ભીમરાજપુત્ર) આત્મારાજા થયો. ઇય=આ રીતે=ભીમન્યાયથી, વિસએ એયં કરેંતાણં સેસાણવિ=વિષયમાં આ પ્રકારે કરનારા એવા શેષને પણ, ધમ્મો=ધર્મ છે. ॥૨૪૫થી ૨૫૦॥

ગાથાર્થ :-

તગરા નગરીમાં રતિસાર નામે રાજા અને તેનો ભીમ નામે પુત્ર. પિતા દ્વારા સાધુ પાસે લઈ જવાયો. ધર્મ સાંભળીને પ્રતિબોધ પામ્યો=ભીમ પ્રતિબોધ પામ્યો.

પિતા પરમ ઉપકારી છે. આમનું=પિતાનું, સદા 'અપ્રિય ન કરવું જોઈએ.' એ પ્રમાણે ભીમ અભિગ્રહ ગ્રહણ કરીને, ત્યારપછી શ્રાવકધર્મને સુખપૂર્વક સેવે છે.

વણિકકન્યામાં રાજાનો રાગ થયે છતે, વરણ કરતો નથી=તે વણિક રાજાને કન્યા આપતો નથી; કેમ કે 'પુત્ર રાજ્ય કરશે'='રાજાનો ભીમ નામનો પુત્ર રાજ્ય કરશે.' ભીમ કહે છે – 'હું નહીં કરું'='હું રાજ્ય સ્વીકારીશ નહીં.' શ્રેષ્ઠી કહે છે – તારો પુત્ર='તારો પુત્ર રાજ્ય કરશે માટે

કન્યા નહીં આપું.' 'હું પરણીશ નહીં.' એ પ્રમાણે ભીમે પ્રતિજ્ઞા કરી. કાળથી બ્રહ્મચારી થયો=ભીમ બ્રહ્મચારી થયો.

અપાઈ=રાજાને વણિક દ્વારા કન્યા અપાઈ. પુત્ર=તે કન્યાને પુત્ર થયો. રાજા=તે પુત્ર રાજા થયો. ભીમ ઘરમાં રહેલો બ્રહ્મચર્યનું પાલન કરે છે. આજ્ઞાના વિષયમાં શક્ર દ્વારા સ્તુતિ કરાઈ=ભીમની ભગવાનની આજ્ઞાના પાલનમાં શક્ર દ્વારા સ્તુતિ કરાઈ. દેવ વડે મદનજ્વરવાળી ગણિકા બનાવાઈ. મરશે=તેની માતા વડે કહેવાયું કે 'જો તું સ્વીકાર નહીં કરે તો આ મૃત્યુ પામશે.' 'નિષ્કૃપા અધર્મ છે'='જો તું આનો સ્વીકાર નહીં કરે તો અધર્મ છે.'

આજ્ઞાભાવનના યોગથી આ ધીરને=ભીમરાજપુત્રરૂપ ધીરને, રાગનો અભાવ થયો=તે સ્ત્રીવિષયક રાગનો અભાવ થયો. વ્રતભ્રંશમાં પાપ છે. વ્યાપત્તિના રક્ષણમાં=આ કન્યાના મૃત્યુના રક્ષણમાં, સુકરુણા ધર્મ છે=જૈનધર્મનું યથાર્થ કથન કરવું એ રૂપ સુકરુણા ધર્મ છે.

વીતરાગની આજ્ઞાનું સ્મરણ કરીને, ભીમરાજપુત્ર આત્મારાજા થયો. આ રીતે=ભીમન્યાયથી, વિષયમાં આ પ્રકારે કરનારા એવા શેષને પણ ધર્મ છે. ।।૨૪૫થી ૨૫૦।।

ટીકા :-

तगरायां पुरि प्रतिहतापरपुरीसमृद्ध्यभिमानतगरायां निजलावण्यजितरतिपत्याकारो रतिसारो नाम राजा समभूत् । पुत्रस्तस्य भीम इति समजायत । स च मुक्तबालभावः साधुसकाशं-तथाविधधर्म्माचार्यान्तिकं पित्रा नीतः सन् धर्मम्-उक्तरूपं श्रुत्वा प्रतिबुद्धो-लब्धबोधिः सम्पन्नः ।।२४५।।१।।

चिन्तितं चानेन परमोपकारी, अत्यन्तहितविधायी मे तातो येनाहं सकलत्रिलोकसारभूते जैनधर्मे नियोजितः । ततोऽस्य प्राणप्रदानेनापि प्रत्युपकर्त्तुमशक्यमिति सदा-सर्वकालमप्रियम्-अनिष्टं न कर्त्तव्यं मया । एवंरूपं गृहीत्वाऽभिग्रहं-नियमम् । ततः-तदनन्तरं गृहस्थित एव श्रावकधर्म्मं श्रमणोपासकजनोचितानुष्ठानं शरच्छशधरकरनिकरप्राग्भारनिर्मलं सम्यग्दर्शनमूलानुव्रतगुणव्रतशिक्षाव्रतलक्षणम्, कीदृशमित्याह—सुखं स्वर्ग्गापवर्ग्गसमुद्भवशर्महेतुत्वात् सुखं वा यथा भवत्येवं, चरति-आसेवते, वर्त्तमानकालादेशस्तत्कालापेक्षयेति ।।२४६।।२।।

एवं प्रतिवासरमपूर्वापूर्व्वपवित्रपरिणामपरंपरामधिरोहतः सतो भीमस्य याति कालः । 'वणिकन्नराय-राय'त्ति वणिजः- सागरदत्तनामधेयस्य कन्या चन्द्रलेखाभिधाना शृङ्गारक्षीरनीरधिलहरी सुभगलावण्योपहस्तितामरसुन्दरीका हर्म्यतलगता काञ्चनकन्दुकक्रीडारसमनुभवन्ती वातायनस्थितस्य राज्ञो रतिसारस्य लोचनमार्गमागता । ततस्तदीयराजहंसानुसारिसलीलगमनादिगुणाक्षिप्तमानसोऽसौ तद्गोचरे रागे अभिष्वंगलक्षणे सम्पन्ने सति दारुणां मदनावस्थामाससाद । तदवस्थं च तं समुपलभ्याऽवोचद् मन्त्री—देव! किमिदमकाण्ड एव युष्मच्छरीरस्यापाटवम् ?, तेनापि नास्य गोप्यमस्तीति परिभाव्य

निवेदितं निजस्वरूपं, ततो मन्त्री सागरदत्तगृहं गत्वा वरणं चन्द्रलेखायाः कर्त्तुमारब्धः । सागरदत्तेन चोक्तं 'नो पुत्तरज्ज'त्ति नो-नैवाहं राज्ञे स्वपुत्रीं प्रयच्छामि, यतस्तस्य भीमनामा राज्यार्हः पुत्रोऽस्ति स राजा भविष्यति न मत्पुत्रीपुत्र इति । ततो ज्ञातवृत्तान्तेन भीमेनोक्तम्—'न करेमि'त्ति नाहं राज्यं करोमीति देहि राज्ञे कन्याम् । ततः पुनरपि वणिजोक्तं—यदि त्वं पितुरप्रियं परिजिहीर्षुर्न करिष्यसि राज्यं, तथापि तव पुत्रो विधास्यतीति । एवं निबिडनिबन्धं वणिजं ज्ञात्वा भूयोऽपि भीमो जगाद—यद्येवं त्वं निपुणदर्शी तर्हि 'न परिणेमि'त्ति नाहं परिणेष्यामि काञ्चित् कुलबालिकाम् । अतो नास्त्येव मत्पुत्रसम्भव इति प्रतिज्ञाय कालेन व्रजता ब्रह्मचारी भीमकुमारः समजनि । इतिः परिसमाप्त्यर्थः ।।२४७।।३।।

एवं सम्पूर्णमनोरथेन वणिजा राज्ञे दत्ता चन्द्रलेखा । परिणीता च प्रशस्ते वासरे प्रचुरद्रविणव्ययेन । तया च समं विषयशर्म्मानुभवतस्तस्य पुत्रः समभूत् । कृतश्च समुचितसमये स राजा । 'भीमोगिहबंभ'त्ति भीमोऽपि गृहस्थित एवाज्ञाभावितात्माऽपारसंसारपातभीतो निष्कलङ्कमब्रह्मविरतिव्रतं परिपालयन् दिनान्यनैषीत् । 'सक्कथुइ आणा' इति अथ कदाचिच्छक्रस्तदीयदृढव्रताभिप्रायमवेत्य सौधर्म्मसभायामुपविष्टस्त्रिविष्टपसदामग्रतः तस्य स्तुतिं श्लाघालक्षणां चकार-यथैष भीमकुमारः संक्रन्दनसहायैः सुरैरपि जगज्जनताचित्तचमत्कारकारणसौभाग्यादिगुणान्वितोऽपि ब्रह्मचर्यपरिपालनारूपायाः सर्वज्ञाज्ञायाश्चालयितुं न शक्यः, किं पुनर्मानवादिभिर्वराकैः । 'देवायल्लगगणिया' इति । ततो देवेन 'आयल्लग'त्ति देशीभाषया मदनज्वरातुरशरीरा वेश्या विकुर्व्य दर्शिता । भणितश्च तज्जननीरूपधारिणा तेन—ममात्यन्तवल्लभेयं सुता त्वया असंपाद्यमानसमीहितसिद्धिरितिकष्टकालदशां प्राप्ता नियतं व्यापद्यते । निष्कृप! स्त्रीहत्योपेक्षकत्वेन हे निर्दय ? अधर्मस्तथाविधानुष्ठानेनाप्यसाध्यसिद्धिः सम्पत्स्यत इति ।।२४८।।४।।

एवमुक्तस्यास्य व्याघ्रदुस्तटीन्यायमाकलय्य आज्ञाबहुमानकरणाद् यदभूत् तदाह—'आणाभावणजोगा' इति । आज्ञायास्तीर्थकृद्वचसो भावनाऽऽलोचना, यथा—'अपकारपरा एव, योषितः केन निर्मिताः। नरकागाधकूपस्य, समाः सोपानपंक्तयः ?।।१।। दोषाणां राशयो ह्येताः, पराभूतेः परं पदम् । मोक्षाध्वध्वंसकारिण्यः, प्रत्यक्षा नूनमापदः ।।२।। एता हसन्ति च रुदन्ति च कार्यहेतोर्विश्वासयन्ति च परं न च विश्वसन्ति । तस्मान्नरेण कुलशीलसमन्वितेन, नार्यः श्मशानघटिका इव वर्ज्जनीयाः।।३।। सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा । कामे पत्थेमाणा, अकामा जंति दुग्गइं ।।४।।'

इत्यादि, ततस्तया आज्ञाभावनया योगः-सम्बन्धस्तस्मात् सकाशात् किमित्याह—रागाभावः-अभिष्वङ्गनाशोऽस्य धीरस्य वर्त्तते । तथा; आज्ञाबहुमानादेवैवं विचारितवानसौ, यथा—'वयभंसपाव'त्ति

व्रतभ्रंशे-ब्रह्मविरतिविनाशे ध्रुवं पापं स्यात्, यथोक्तम्—'वरं प्रवेष्टुं ज्वलितं हुताशनं, न चापि भग्नं चिरसञ्चितं व्रतम् । वरं हि मृत्युः सुविशुद्धकर्मणा, न चापि शीलस्खलितस्य जीवितम् ।।१।।' तस्माद् व्रतरक्षणे एव यत्नो विधेयः । 'वावत्तिरक्खणे सुकरुणाधम्मो' इति एतस्या मय्यनुरक्ताया व्यापत्तावपि न मे बन्धः । यत इत्थमागमः—'अणुमेत्तोऽवि न कस्सवि बन्धो परवत्थुपच्चयो भणिओ । तहवि य जयंति जइणो परिणामविसुद्धिमिच्छंता ।।१।।' तथापि व्यापत्तिरक्षणेऽस्याः शोभना करुणा सुकरुणा जैनधर्मकथनरूपा कर्त्तुं युक्तेति दुस्सहानङ्गदावानलविध्यापनाम्भोधरप्रतिमस्तेन धर्म्मो जगदे तस्यै । यथा—'मूलमेतदधर्म्मस्य, भवभावप्रवर्द्धनम् । यस्मान्निदर्शितं शास्त्रे, ततस्त्यागोऽस्य युज्यते ।।१।। धन्यास्ते वन्दनीयास्ते, तैस्त्रैलोक्यं पवित्रितम् । यैरेष भुवनक्लेशी, काममल्लो निपातितः ।।२।।' तदनु तस्यामरगिरेरिवाप्रकम्पतां ज्ञात्वा निजरूपमादर्श्य देवो द्यामगच्छत् ।।२४९।।५।।

भीमोऽपि यदकरोत्, तदाह—आत्मैवारामो-नन्दनवनलक्षो यस्य स तथा बाह्यवस्तुविषयरतिरहित इत्यर्थः, जातः-सम्पन्नः, आज्ञाम्-'अप्पहियं कायव्वं जइ सक्का परहियं च कायव्वं । अप्पहियपरहियाणं अप्पहियं चेव कायव्वं ।।१।।' इति लक्षणामाज्ञां स्मृत्वा अवधार्य वीतरागाणाम्-अर्हताम् । साम्प्रतमेतन्मुखेनान्येषामुपदेशमाह-इति अनेन प्रकारेण धर्मः श्रुतचारित्ररूपः शेषाणामपि प्रस्तुतभीमव्यतिरिक्तानां स्यात्, विषये यो यदा कर्त्तुमुचितोऽर्थः तत्रैवं भीमन्यायेन कुर्वतामाज्ञाम्उचितप्रवृत्तिरूपाम् । तदुक्तम्—'उचियं खलु कायव्वं सव्वत्थ सया नरेण बुद्धिमया । एवं चिय फलसिद्धी एसच्चिय भगवओ आणा ।।१।।' ।।२५०।।६।।

ભાવાર્થ :-

રતિસાર રાજાના પુત્ર ભીમે કઈ રીતે આજ્ઞાનું બહુમાન કરીને હિત સાધ્યું છે તે બતાવવા અર્થે કહે છે –

અત્યંત કૃતજ્ઞતા ગુણવાળા ભીમને પિતા એવા રતિસાર રાજા સાધુ પાસે લઈ જાય છે અને ધર્મ સાંભળીને ભીમ પ્રતિબોધ પામે છે ત્યારે પિતાએ તે પ્રવૃત્તિથી ધર્મની પ્રાપ્તિ કરાવીને પોતાના ઉપર પિતાએ મહાન ઉપકાર કર્યો છે તેવી નિર્મળ મતિ તેને થાય છે. તેથી તે નિર્મળ મતિથી પ્રેરાઈને અભિગ્રહ ગ્રહણ કરે છે કે પિતાને અપ્રિય થાય તેવું મારે કાંઈ કરવું જોઈએ નહીં. આ પ્રકારે અભિગ્રહ ગ્રહણ કરીને શુદ્ધ ધર્મના અર્થી એવા તે ભીમ રાજપુત્ર શ્રાવકધર્મને સેવે છે. કોઈક વણિકની કન્યા પ્રત્યે રાજાને રાગ થાય છે પરંતુ 'રાજાનો પુત્ર છે તે રાજ્ય કરશે, મારી કન્યાનો પુત્ર નહીં' તેથી તે વણિક કન્યા આપતો નથી. શુદ્ધ અભિગ્રહધારી ભીમ પિતાના અપ્રિયના નિવારણ માટે તે વણિકને કહે છે 'હું રાજ્ય ગ્રહણ કરીશ નહીં.' છતાં વણિક કહે છે કે 'તારો પુત્ર થશે તે રાજ્ય ગ્રહણ કરશે' ત્યારે પિતાના અપ્રિયના નિવારણના

અભિગ્રહને કારણે તે મહાત્મા પ્રતિજ્ઞા કરે છે કે 'હું પરણીશ નહીં.' ગુણના પક્ષપાતી જીવોને દુષ્કર કાંઈ નથી તેથી ધર્મને સાંભળીને સંયમના અર્થી પણ હોવા છતાં બ્રહ્મચર્યનો પરિણામ સાક્ષાત્ તે વખતે વિદ્યમાન નહીં હોવા છતાં પિતાના અપ્રિયના નિવારણના પ્રતિજ્ઞાના બળથી બ્રહ્મચર્યનું બળ પણ તે મહાત્મામાં પ્રગટ થયું. પ્રસંગે શક્રએ તેના બ્રહ્મચર્યની પ્રશંસા કરી. તે સાંભળીને તેની પરીક્ષા કરવા કોઈ દેવ આવે છે અને તેના પ્રત્યે અત્યંત રાગવાળી સુંદર ગણિકા બતાવે છે અને તેની માતાના રૂપે આવેલ દેવ કહે છે કે 'જો તમે નહીં સ્વીકારો તો આ મરી જશે.' છતાં પોતાના વ્રતમાં દૃઢ પરિણામવાળા ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને બ્રહ્મચર્યમાં સ્થિર બુદ્ધિવાળા તે રાજપુત્ર તે કન્યાના હિત અર્થે ઉચિત ધર્મનો ઉપદેશ આપે છે પરંતુ પોતાના વ્રતમાં મલિન પરિણામ ન થાય એ રીતે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરે છે. તેથી જેઓને ભગવાનની આજ્ઞાનું બહુમાન છે તેઓને તીર્થંકર, ગુરુ અને ધર્મ પ્રત્યે બહુમાન છે તેમ પૂર્વમાં કહ્યું તેનું ભાવન ભીમરાજકુમારના દૃષ્ટાંતથી કરીને લેશ પણ આજ્ઞાવિરુદ્ધ ન થાય તેવો યત્ન કરવો જોઈએ. **॥૨૪૫થી ૨૫૦॥**

અવતરણિકા :-

लौकिकैरप्याज्ञाप्रामाण्यमेवाश्रितमिति दर्शयन् भीष्मवक्तव्यतामाह –

અવતરણિકાર્થ :-

લૌકિકો વડે પણ=અન્ય દર્શનકારો વડે પણ, આજ્ઞાનું પ્રામાણ્ય જ આશ્રય કરાયું છે એ પ્રકારે બતાવતા ગ્રંથકારશ્રી ભીષ્મની વક્તવ્યતાને=અન્ય દર્શનકારોની ભીષ્મની વક્તવ્યતાને, કહે છે –

ગાથા :-

अन्ने गयपिंडो दब्भहत्थगाणातो दब्भदाणेणं ।
भीमं पियामहं खलु पाएणेवं चिय कहेंति ।।२५१।।

અન્વયાર્થ :-

अन्ने=અન્ય આચાર્યો, कहेंति=કહે છે – गयपिंडो=ગયા નગરીમાં પિંડ=પિતૃને પિંડદાન અર્થે ભીષ્મ પિતામહ ગયા નગરીમાં ગયા. दब्भहत्थगाणातो=આજ્ઞાથી દર્ભહસ્તકમાં, दब्भदाणेणं=દર્ભદાન દ્વારા, भीमं पियामहं=ભીમ પિતામહને=ભીષ્મ પિતામહને, खलु पाएण=પ્રાયઃ કરીને, एवं चिय=આમ જ=ભીમકુમારની જેમજ, (આજ્ઞાનું પ્રાધાન્ય છે એમ અન્વય છે.) ।।૨૫૧।।

ગાથાર્થ :-

અન્ય આચાર્યો કહે છે – ગયા નગરીમાં પિંડ=પિતૃને પિંડદાન અર્થે ભીષ્મ પિતામહ ગયા નગરીમાં ગયા. આજ્ઞાથી દર્ભહસ્તકમાં દર્ભદાન દ્વારા ભીમ પિતામહને=ભીષ્મ પિતામહને, પ્રાયઃ કરીને, આમ જ=ભીમકુમારની જેમજ, આજ્ઞાનું પ્રાધાન્ય છે એમ અન્વય છે. ।।૨૫૧।।

ટીકા :-

अन्ये-अपरे सूरयो भीष्मपितामहमेव कथयन्तीत्युत्तरेण योगः । स च किल कदाचिद् गयायां पुरि लोकप्रसिद्धायां पितृपिण्डप्रदानार्थं जगाम । तत्र च तेन कृत्येषु जलाभिषेकाग्निकर्म्मादिषु पिण्डप्रदानोचितेषु कृतेषूपस्थापिते पिण्डदाने पितृभिरेको हस्तो दर्भाङ्कुरकलिततया दर्भहस्तकः सर्वापरपिण्डप्रदातृसाधारणो वटाद् निःसार्य पिण्डग्रहणार्थं प्रगुणीकृतः । द्वितीयस्तु तदीयब्रह्मचर्यादिगुणावर्जितैस्तैरेव नानामणिखण्डमण्डितकनकचूडालंकृत इति । ततस्तेनेतरहस्तापहस्तितेन दर्भहस्तकाज्ञाया 'दर्भहस्तके पिण्डः प्रदातव्यः' इत्येवंरूपायाः सकाशाद् दर्भदानेनेति-दर्भहस्ते यद्दानं पिण्डस्य विहितं तेनोपलक्षितं सन्तं भीष्मं-सान्त्वनुसूनुं गाङ्गेयापरनामकं पितामहं-पाण्डवकौरवाणां पित्रोरपि पितृभूतं, खलु वाक्यालङ्कारे, प्रायो बाहुल्येन, एवमेव-भीमकुमारवदाज्ञाबहुमानवन्तं कथयन्तीति ।।२५१।।

ભાવાર્થ :-

અન્ય આચાર્યો આજ્ઞાને પ્રધાન કરનારમાં ભીષ્મ પિતામહનું દૃષ્ટાંત આપે છે અને કહે છે કે ભીષ્મ પિતામહ ગયા નગરીમાં પિતાના પિંડદાન માટે ગયા એ વખતે પિંડને ગ્રહણ કરવા માટે પિતા દર્ભહસ્તક બહાર કાઢે છે તેમાં પિંડદાન કરવું જોઈએ એ પ્રકારની વિધિ છે અને પિતાના હિત અર્થે ભીમકુમારની જેમજ ભીષ્મ પિતામહે પણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ જેથી તેમના પિતાને તે કન્યાની પ્રાપ્તિ થયેલી અને શુદ્ધ બ્રહ્મચર્યરૂપ ભીષ્મ પ્રતિજ્ઞાને પાળનારા હોવાથી તે ભીષ્મ પિતામહ કહેવાયા. વળી, તેમના બ્રહ્મચર્યાદિ ગુણથી આવર્જિત એવા પિતૃઓ વડે અનેક મણિઓના ખંડોથી અલંકૃત એવો બીજો હાથ બહાર કઢાયો છતાં ભીષ્મ પિતામહે તે અલંકારવાળા હાથમાં પિંડદાન ન કર્યું પરંતુ દર્ભહસ્તકમાં પિંડદાન આપ્યું તેથી નક્કી થાય છે કે જેમ ભીમકુમારને ભગવાનની આજ્ઞામાં બહુમાન હતું તેમ ભીષ્મ પિતામહને પણ આજ્ઞામાં બહુમાન હતું તેથી પિતાના અલંકૃત હાથમાં પિંડદાન ન કરીને દર્ભવાળા હાથમાં પિંડદાન કર્યું. માટે અન્ય દર્શનકારો પણ આજ્ઞાને પ્રમાણ માને છે. તેથી પરલોકના અર્થીએ સર્વત્ર ભગવાનની આજ્ઞાને પ્રધાન કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ પરંતુ સ્વમતિકલ્પનાથી પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં. **॥૨૫૧॥**

અવતરણિકા :-

अथ 'आणापरतंतेहिं ता बीयाहाणमेत्थ कायव्वं' एतत् प्रपञ्च्य साम्प्रतं येषामिदमाज्ञापारतंत्र्यं न स्यात् तानाह —

અવતરણિકાર્થ :-

ગાથા-૨૨૫માં કહેલ કે 'તે કારણથી અહીં આજ્ઞાપરતંત્ર જીવો વડે બીજાધાન કરવું' એ કથનને પ્રપંચથી કરીને=વિસ્તારથી કહીને, હવે જેઓને આ આજ્ઞાપારતંત્ર્ય ન થાય તેઓને કહે છે —

ગાથા :-

एवं च पारतंतं आणाए णो अभिन्नगंठीणं ।
पडिसोतोभिमुहाणवि पायमणाभोगभावाओ ।।२५२।।

અન્વયાર્થ :-

एवं च=અને આ રીતે=પૂર્વમાં ભીમકુમારનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, पायमणाभोगभावाओ=પ્રાયઃ અનાભોગને કારણે, पडिसोतोभिमुहाणवि=પ્રતિસ્રોતને અભિમુખ પણ, अभिन्नगंठीणं=અભિન્નગ્રંથિને, आणाए पारतंतं णो=આજ્ઞાનું પારતંત્ર્ય નથી. ।।૨૫૨।।

ગાથાર્થ :-

અને આ રીતે=પૂર્વમાં ભીમકુમારનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, પ્રાયઃ અનાભોગને કારણે પ્રતિસ્રોતને અભિમુખ પણ અભિન્નગ્રંથિને આજ્ઞાનું પારતંત્ર્ય નથી. ।।૨૫૨।।

ટીકા :-

एवं च-भीमकुमारवत् पारतंत्र्यं-परवशभावलक्षणमाज्ञाया नो-नैवाभिन्नग्रन्थीनाम्-अविदारित-घनरागद्वेषमोहपरिणामानां जीवानाम् । कीदृशानामपीत्याह-प्रतिस्रोतोऽभिमुखानामपि । इह द्विधा जीवनदीपरिणतिरूपं स्रोतः-संसारस्रोतो निर्वृतिस्रोतश्च, तत्र संसारस्रोत इन्द्रियाणामनुकूलतया प्रवृत्तिरनुस्रोत उच्यते, । द्वितीयं च तत्प्रतीपतया प्रतिस्रोत इति । ततः किञ्चित् परिपक्वभव्यतया तृणवत्तुलितधनजीवितव्यादीनां संसारप्रतीपप्रारब्धचेष्टानामपि तथाविधबालतपस्विनां प्रायो-बाहुल्येनाना-भोगभावात्-तथाविधप्रज्ञापकाभावेनालब्धाज्ञास्वरूपत्वात् । तथा हि तीर्थान्तरीया अपि केचिद् निर्विण्ण-भवाभिसन्धयो निर्वाणं प्रति दृढबद्धाभिलाषा उपलभ्यन्ते, परमभिन्नग्रन्थितया आज्ञास्वरूपम-विकलमजानाना न तत्परतन्त्रा भवितुमर्हन्ति । न च वक्तव्यमभिन्नग्रन्थीनामाज्ञालाभ एव नास्ति ।।२५२।।

ભાવાર્થ :-

પૂર્વમાં ભીમકુમારનું દૃષ્ટાંત બતાવ્યું તેમાં ભીમકુમારે પોતાના બ્રહ્મચર્યવ્રતના રક્ષણાર્થે જ્યારે તે સ્ત્રી મૃત્યુ પામે તેવા સંયોગ ઉપસ્થિત થયા ત્યારે પણ ભગવાનની આજ્ઞાનું યથાર્થ સ્મરણ કરીને ભગવાનની આજ્ઞાને પરતંત્ર વિશુદ્ધ ભાવો કરીને પોતાના બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કર્યું. એ રીતે જેઓએ ગ્રંથિભેદ કર્યો નથી તે જીવો સંસારથી વિમુખ થઈને ધર્મનાં ઉચિત અનુષ્ઠાનો સેવતા હોય તેથી સંસારના ભાવોથી પ્રતિસ્રોત ભાવોને કરવાને અભિમુખ ભાવવાળા છે તેઓને પણ આવું આજ્ઞાનું પારતંત્ર્ય પ્રાપ્ત થતું નથી, કેમ તે જીવો સંસારના ભાવોથી પ્રતિસ્રોતભાવો કરીને આત્મહિત સાધી રહ્યા છે છતાં આજ્ઞાપારતંત્ર્ય નથી. તેથી કહે છે પ્રાયઃ કરીને તેઓને અનાભોગ વર્તે છે અર્થાત્ તેવા પ્રકારનો સૂક્ષ્મ બોધ કરાવે તેવા ઉપદેશકના અભાવને

કારણે ભગવાનની સૂક્ષ્મ આજ્ઞાના પરમાર્થને તેઓ પ્રાપ્ત કરી શક્યા નથી માટે તેઓને તે પ્રકારની આજ્ઞાનું પારતંત્ર્ય નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે મોક્ષ અર્થે તપ-ત્યાગાદિની ઉચિત પ્રવૃત્તિ ન કરતા હોય તેવા મિથ્યાદૃષ્ટિજીવોને તો વીતરાગ થવાને અનુકૂળ સ્વભૂમિકાનુસાર શું ઉચિત પ્રયત્ન કરવો તે સ્વરૂપ આજ્ઞાનું પારતંત્ર્ય સંભવતું નથી. પરંતુ જેઓ સંસારથી વિરક્ત થયા છે અને તેના કારણે સંસારની ભોગાદિની પ્રવૃત્તિનો ત્યાગ કરીને સ્વભૂમિકાનુસાર ધર્મની ઉચિત પ્રવૃત્તિઓ કરે છે છતાં તત્ત્વને જોનારી સૂક્ષ્મદૃષ્ટિના બાધક કર્મનો જેમણે નાશ કર્યો નથી તેઓ અભિન્નગ્રંથિ છે. તે કર્મોનો નાશ કરવાનું કારણ બને તેવા ઉપદેશકના અભાવને કારણે તેઓએ સ્વભૂમિકાનુસાર શું ઉચિત કરવું જોઈએ એ પ્રકારનું આજ્ઞાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી. તેથી સૂક્ષ્મ બોધ વિદ્યમાન નથી તેના કારણે સર્વજ્ઞની આજ્ઞાનું પરતંત્રપણું તેઓ પ્રાપ્ત કરી શકતા નથી. વસ્તુતઃ સર્વજ્ઞની આજ્ઞા દરેક જીવોને સ્વભૂમિકાનુસાર તે તે બાહ્ય પ્રવૃત્તિ વિષયક તે પ્રકારની છે કે જે પ્રવૃત્તિ કરીને તે જીવો અવશ્ય પોતાના આત્મામાં વર્તતા વીતરાગતુલ્ય ભાવને પ્રગટ કરવા માટે સતત ઉદ્યમ કરી શકે. આથી જ અવિરતિના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને સતત સ્વભૂમિકાનુસાર ભવનો ઉચ્છેદ થાય તે રીતે ધર્મ-અર્થ-કામને સેવે છે જેથી તે પ્રવૃત્તિ ક્રમસર સંસારના ઉચ્છેદનું કારણ બને છે. ફક્ત સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જ્યારે જ્યારે પ્રમાદવાળા બને છે ત્યારે ત્યારે કોઈક અંશથી આજ્ઞાની પરતંત્રતામાં સ્ખલના પામે છે. જ્યારે મંદમિથ્યાદૃષ્ટિને ધર્મની રુચિ હોવા છતાં અનાભોગને કારણે વિપરીત પ્રવૃત્તિ કરે છે. વળી સમ્યગ્દૃષ્ટિને પણ ભોગાદિના પ્રવૃત્તિકાળમાં સ્ખલના થવાની વધારે સંભાવના રહે છે અને ધર્માનુષ્ઠાનના પ્રવૃત્તિકાળમાં સ્ખલના થવાની ઓછી સંભાવના રહે છે. છતાં ધર્મઅનુષ્ઠાનકાળમાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવો પ્રમાદવાળા હોય તો સ્વગુણસ્થાનકથી અધોગમનને અનુકૂળ વ્યાપારવાળા થાય છે ત્યારે કાંઈક આજ્ઞાની પરતંત્રતામાં મ્લાનિ આવે છે, જ્યારે જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્મળદૃષ્ટિથી આજ્ઞાને પરતંત્ર થઈને પ્રવૃત્તિ કરે છે ત્યારે ત્યારે અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે. **॥૨૫૨॥**

અવતરણિકા :-

कीदृशी तेषां तत्परतन्त्रतेह चिन्त्येत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

તેઓની=અભિન્નગ્રંથિ જીવોની, તત્પરતંત્રતા=આજ્ઞાની પરતંત્રતા, અહીં=સંસારમાં, કેવા પ્રકારની છે એ ચિંત્ય છે એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

गंठिगसत्तापुणबंधगाइयाणंपि दव्वतो आणा ।
नवरमिह दव्वसद्दो भइयव्वो समयणीतीए ।।२५३।।

અન્વયાર્થ :-

गंठिगसत्तापुणबंधगाइयाणंपि=ગ્રંથિમાં રહેલા અપુનર્બંધકાદિ જીવોને પણ, दव्वतो आणा=દ્રવ્યથી

આજ્ઞા છે. નવરમિહ=કેવળ એ વિષયમાં, દવ્વસદ્દો='દ્રવ્ય' શબ્દની, સમયણીતીએ=સમયનીતિથી= શાસ્ત્રમર્યાદાથી, ભઇયવ્વો=ભજના કરવી જોઈએ. ॥૨૫૩॥

ગાથાર્થ :-

ગ્રંથિમાં રહેલા અપુનર્બંધકાદિ જીવોને પણ દ્રવ્યથી આજ્ઞા છે. કેવળ એ વિષયમાં 'દ્રવ્ય' શબ્દની સમયનીતિથી=શાસ્ત્રમર્યાદાથી, ભજના કરવી જોઈએ. ॥૨૫૩॥

ટીકા :-

इह ग्रन्थिरिव ग्रन्थिः-घनो रागद्वेषपरिणामः । एतदुक्तम्—'गंठित्ति सुदुब्भेओ कक्खडघणरूढगूढ-गंठिव्व । जीवस्स कम्मजणिओ घणरागद्दोसपरिणामो ।।१।।' ततो ग्रन्थिकसत्त्वा ग्रन्थिस्थानप्राप्ताः प्राणिनः, ग्रन्थिकसत्त्वाश्च तेऽपुनर्बन्धकादिकाश्च ग्रन्थिकसत्त्वापुनर्बन्धकादिकास्तेषामपि द्रव्यतो द्रव्यरूपा आज्ञा भवति । तत्रापुनर्बन्धकः 'पावं न तिव्वभावा कुणइ' इत्यादिलक्षणः आदिशब्दाद् मार्ग्गाभिमुखमार्गपतितौ यथा—प्रवृत्तकरणचरमभागजौ सन्निहितग्रन्थिभेदौ, अभव्या दूरभव्याश्च सकृद्-बन्धकादयो गृह्यन्ते । नवरं केवलमिह विचारे द्रव्यशब्दो भक्तव्यो विकल्पयितव्योऽर्थमपेक्ष्य समयनीत्या सिद्धान्तस्थित्या द्वयोरर्थयोः सिद्धान्ते द्रव्यशब्दो वर्त्तत इत्यर्थः ।।२५३।।

ભાવાર્થ :-

ગ્રંથિદેશમાં રહેલા જીવોને દ્રવ્યઆજ્ઞાની પ્રાપ્તિ થાય છે અને ગ્રંથિનો ભેદ કર્યો છે એવા જીવોને ભાવાજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ગ્રંથિદેશમાં રહેલા જીવો અપુનર્બંધક સકૃત્બંધકાદિ જીવો છે. તેમાંથી અપુનર્બંધક જીવોને જે દ્રવ્યઆજ્ઞા છે તે ભાવાજ્ઞાનું કારણ હોવાથી પ્રધાન દ્રવ્યાજ્ઞા છે અને અભવ્ય અને દુર્ભવ્ય જીવોને જે દ્રવ્યાજ્ઞા છે તે અપ્રધાન દ્રવ્યાજ્ઞા છે. એમ દ્રવ્યાજ્ઞા બે પ્રકારની પ્રાપ્ત થાય છે.

આનાથી એ ફલિત થાય કે જિનવચનાનુસાર તપત્યાગાદિની બાહ્ય ક્રિયાનું સેવન તે દ્રવ્યાજ્ઞા છે. જેઓ તેવી દ્રવ્યાજ્ઞાનું સેવન કરે છે તેના દ્વારા કાંઈક ભાવાજ્ઞાના અંશો પ્રાપ્ત કરે છે પરંતુ પૂર્ણ ભાવાજ્ઞાનો વિવેક પ્રગટ્યો નથી તેઓની દ્રવ્યાજ્ઞા કાંઈક ભાવાજ્ઞાના બીજોથી સંવલિત હોવાના કારણે અવશ્ય ભાવાજ્ઞાનું કારણ બને છે માટે તે પ્રધાન દ્રવ્યાજ્ઞા છે અને જે જીવોને તપત્યાગાદિની બાહ્ય ક્રિયા દ્વારા લેશ પણ ભાવાજ્ઞાનો પરિણામ સ્પર્શતો નથી, માત્ર લબ્ધિઆદિથી અથવા આ લોકની આશંસા કે પરલોકની આશંસાથી કે મુગ્ધ મનથી ધર્મની બાહ્ય આચરણા કરે છે તેઓને તે દ્રવ્યાજ્ઞાથી ભાવાજ્ઞાની પ્રાપ્તિ થતી નથી તેથી તેઓની અપ્રધાન દ્રવ્યાજ્ઞા છે. આથી આવા જીવો વિષક્રિયા, ગરક્રિયા કે અનાભોગથી ધર્માનુષ્ઠાન કરે છે, પરંતુ મોહના ઉન્મૂલનનું કારણ બને તેને અભિમુખ કોઈ પ્રકારના ભાવથી ક્રિયાઓ કરતા નથી તેથી અપ્રધાન દ્રવ્યાજ્ઞા સંસારના ઉચ્છેદનું કારણ નથી. પ્રધાન દ્રવ્યાજ્ઞા કાંઈક ભાવાજ્ઞાથી યુક્ત હોવાના કારણે સંસારના ઉચ્છેદનું કારણ છે તોપણ પૂર્ણ વિવેકવાળી નથી. જ્યારે નિર્મલદૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોને જે ભાવાજ્ઞા છે તે સ્વભૂમિકાનુસાર સર્વ ઉદ્યમથી સંસારના ઉચ્છેદનું કારણ છે આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ

જીવ સમ્યક્ત્વથી પાત ન પામે તો ઉત્કૃષ્ટથી છાંસઠ સાગરોપમ કાંઈક અધિક સંસારમાં રહીને અવશ્ય મોક્ષને પામે છે. એથી મોક્ષના અર્થીએ ભગવાનની ભાવાજ્ઞાનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવા સદા યત્ન કરવો જોઈએ જેથી દુસ્તર પણ સંસાર સુખપૂર્વક તરી શકાય છે. **॥૨૫૩॥**

અવતરણિકા :-

ભજનામેવાહ –

અવતરણિકાર્થ :-

ભજનાને જ કહે છે=દ્રવ્ય શબ્દની પ્રધાન-અપ્રધાનરૂપ ભજનાને જ કહે છે –

ગાથા :-

एगो अप्पाहन्ने केवलए चेव वट्टती एत्थ ।
अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो ।।२५४।।

અન્વયાર્થ :-

एगो=એક=એક 'દ્રવ્ય' શબ્દ, अप्पाहन्ने केवलए चेव वट्टती=અપ્રધાન અર્થમાં કેવલ જ વર્તે છે. एत्थ=અહીં=અપ્રધાન અર્થમાં, अंगारमद्दगो=અંગારમર્દક, जह=જે પ્રકારે, दव्वायरियो सयाऽभव्वो=દ્રવ્યાચાર્ય સદા અભવ્ય છે. ॥૨૫૪॥

ગાથાર્થ :-

એક=એક 'દ્રવ્ય' શબ્દ, અપ્રધાન અર્થમાં કેવલ જ વર્તે છે. અહીં=અપ્રધાન અર્થમાં, અંગારમર્દક જે પ્રકારે દ્રવ્યાચાર્ય સદા અભવ્ય છે. ॥૨૫૪॥

ટીકા :-

एको द्रव्यशब्दोऽप्राधान्येऽप्रधानभावे केवलके चैव प्रधानभावकारणभावांशविकले एव वर्त्तते । अत्रानयोर्द्रव्यशब्दयोर्मध्ये दृष्टान्तमाह—अङ्गारमर्दको यथा द्रव्याचार्योऽभूत-भविष्यद्भावाचार्ययोग्यभावः सदा सर्वकालमभव्यो वक्ष्यमाणरूपः सन् ।।२५४।।

ભાવાર્થ :-

ભજનાને બતાવવા અર્થે પ્રથમ અપ્રધાનઅર્થક દ્રવ્યાજ્ઞા કેવી હોય છે એ બતાવતાં કહે છે – જે પ્રકારે અંગારમર્દક દ્રવ્યાચાર્ય હતા અને સદા અભવ્ય હોવાના કારણે ભાવાચાર્ય થવાને સર્વથા અયોગ્ય હતા તેથી નામમાત્રથી આચાર્યપદને ધારણ કરનારા હતા. પરંતુ ભાવાચાર્યમાં જે પ્રકારનો સંવેગ હોય છે તેને અનુકૂળ લેશપણ સંવેગનો પરિણામ તેઓને નહીં હોવાથી ભાવાચાર્યનું કારણ બને તેવા પણ દ્રવ્યાચાર્ય અંગારમર્દક ન હતા. વસ્તુતઃ શાસ્ત્ર ભણેલા હતા, બહુશ્રુત હતા, ૫૦૦ શિષ્યોને શાસ્ત્રો ભણાવીને બહુશ્રુત

કર્યા તોપણ પોતે સંપૂર્ણ સંવેગના પરિણામથી શૂન્ય હોવાના કારણે શાસ્ત્રઅધ્યયનાદિથી થયેલ ભાવાચાર્યના અંગભૂત બોધ, પદવી વગેરે ભાવાચાર્યનું અંગ હોવા છતાં મોક્ષને અનુકૂળ ભાવોને સ્પર્શે એ રૂપ મુખ્યઅંગથી સર્વથા વિકલ હોવાને કારણે તે અપ્રધાન દ્રવ્યાચાર્ય હતા. તેથી જેઓની ધર્મની બાહ્ય આચરણા આચરણાકાળમાં ક્યારે પણ દશેય સંજ્ઞાઓના વિષ્કંભણપૂર્વક આત્માના વીતરાગભાવને અભિમુખ લેશ પણ સ્પર્શ પામતી નથી તેઓની દ્રવ્યક્રિયા ભગવાનની દ્રવ્યાજ્ઞારૂપ હોવા છતાં ભાવાજ્ઞાનું કારણ નહીં હોવાથી અપ્રધાન અર્થમાં છે. **॥૨૫૪॥**

ગાથા :-

अन्नो पुण जोगत्ते चित्ते णयभेदओ मुणेयव्वो ।
वेमाणिओववाउत्ति दव्वदेवो जहा साहू ।।२५५।।

અન્વયાર્થ :-

अन्नो पुण=અન્ય વળી ('द्रव्य' શબ્દ), चित्ते जोगत्ते=ચિત્ર એવા યોગ્યપણામાં, णयभेदओ मुणेयव्वो=નયભેદથી જાણવો. जहा=જે પ્રમાણે, वेमाणिओववाउत्ति=વૈમાનિક ઉપપાત છે એથી, साहू दव्वदेवो=સાધુ દ્રવ્યદેવ છે. ॥૨૫૫॥

ગાથાર્થ :-

અન્ય વળી 'દ્રવ્ય' શબ્દ ચિત્ર એવા યોગ્યપણામાં નયભેદથી જાણવો. જે પ્રમાણે વૈમાનિક ઉપપાત છે એથી સાધુ દ્રવ્યદેવ છે. ॥૨૫૫॥

ટીકા :-

अन्यः पुनर्द्रव्यशब्दो योग्यत्वे तत्पर्यायसमुचितभावरूपे चित्रे नानारूपे एकभविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणे नयभेदतः संग्रहव्यवहारनयविशेषाद् मुणितव्यो बोद्धव्यः । यथोक्तं —'नामाइतियं दव्वट्ठियस्स भावो उ पज्जवनयस्स । संगहववहारा पढमगस्स सेसा उ इयरस्स ।।१।।' द्वितीयार्द्धस्यायमर्थः-संग्रहव्यवहारौ प्रथमकस्य द्रव्यास्तिकस्य प्रतिबद्धौ, शेषास्तु ऋजुसूत्रादय इतरस्य पर्यायास्तिकस्यायत्ता इति । एतदेव प्रयोगत आह—वैमानिकेषु देवेषूपपातो यस्य स तथेत्येवं कृत्वा द्रव्यदेवो यथा साधुर्मुनिर्देवत्वकारणभावापन्न इति । अन्यत्राप्युक्तम्—'मिउपिंडो दव्वघडो सुसावगो तह य दव्वसाहुत्ति। साहू य दव्वदेवो एमाइ सुए जओ भणियं ।।१।।' ।।२५५।।

ભાવાર્થ :-

વળી 'દ્રવ્ય' શબ્દ યોગ્યત્વ અર્થમાં છે તેથી એ પ્રાપ્ત થાય કે જે દ્રવ્યક્રિયા ભાવક્રિયાની પ્રાપ્તિનું કારણ હોય તે ક્રિયામાં તે ભાવનું યોગ્યત્વ છે અને આવું યોગ્યત્વ નયભેદથી અનેક પ્રકારનું છે અને તે સામાન્યથી

એકભવિક, બદ્ધાયુષ્ક કે અભિમુખ નામગોત્રરૂપ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો અપુનર્બંધકદશાવાળા છે તેઓ જે અનુષ્ઠાન કરે છે તેઓની એકભવિક દ્રવ્યાજ્ઞા છે, જે માર્ગાભિમુખ જીવો છે તેઓને બદ્ધાયુષ્ક દ્રવ્યાજ્ઞા છે અને જેઓ માર્ગપતિત છે તેઓને અભિમુખનામગોત્રરૂપ દ્રવ્યાજ્ઞા છે.

આનાથી એ ફલિત થાય કે યોગની ચાર દૃષ્ટિ સુધીના જીવોને દ્રવ્યાજ્ઞા હોય છે. તેમાં પહેલી અને બીજી દૃષ્ટિવાળા જીવોને પ્રાયઃ કરીને એકભવિક દ્રવ્યાજ્ઞા હોવાની સંભાવના છે; કેમ કે હજી વિશેષ ઊહ થયેલ નથી છતાં તત્ત્વને સન્મુખ પરિણામવાળા છે. ત્રીજી દૃષ્ટિમાં અર્થપ્રયોગમાત્રની પ્રીતિ હોય છે તેથી જે કોઈ ધર્માનુષ્ઠાન કરે છે તેમાં પરિણામનિષ્પત્તિને અનુકૂળ યત્ન કરનારા હોય છે. તેથી તેઓનાં ધર્માનુષ્ઠાનોમાં કાંઈક મોહના ઉન્મૂલનને અનુકૂળ કાંઈક સ્પષ્ટ યત્ન વર્તે છે. તેથી તેઓની ધર્મની ક્રિયા બદ્ધાયુષ્કસ્થાનીય હોવાની સંભાવના છે અને ચોથી દૃષ્ટિમાં રહેલા જીવો પ્રાયઃ હેતુ, સ્વરૂપ અને ફળથી સંસારનું સ્વરૂપ વિચારનારા છે, મોક્ષના સ્વરૂપને વિચારનારા છે અને ધર્માનુષ્ઠાન પણ ભાવનિષ્પત્તિનું કારણ બને એ પ્રકારે કરનારા છે છતાં સૂક્ષ્મ બોધના અભાવને કારણે કાંઈક વિપર્યાસ પણ છે તેથી તેઓમાં અભિમુખ-નામગોત્ર સ્થાનીય દ્રવ્યાજ્ઞા હોવાની સંભાવના છે. વળી, સમ્યગ્દૃષ્ટિને ભાવાજ્ઞાની પ્રાપ્તિ છે અને તેવી ભાવાજ્ઞાની પ્રાપ્તિનું કારણ બને તેવી આ ત્રણ પ્રકારની દ્રવ્યાજ્ઞા છે. જેમ સાધુ નિયમા વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે તેથી દ્રવ્યદેવ કહેવાય છે તેમ આ ત્રણ પ્રકારની દ્રવ્યાજ્ઞા પાળનારા જીવોને અવશ્ય ભાવાજ્ઞા પ્રાપ્ત થાય છે તેથી તેઓની પ્રધાન દ્રવ્યાજ્ઞા છે.

અહીં વિશેષ એ છે કે કોઈ સાધુ ભાવસાધુપણામાં હોય અને પાત ન પામે તો અવશ્ય મરીને વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે તેથી સાધુને દ્રવ્યદેવ કહેવાય છે તેમ આ ત્રણ પ્રકારની દ્રવ્યાજ્ઞાને કરનારા જીવો કોઈ નિમિત્તને પામીને પાત ન પામે તો તે દ્રવ્યાજ્ઞાના સેવનથી શીઘ્ર ભાવાજ્ઞાની પ્રાપ્તિ કરે છે અને કોઈક નિમિત્તથી પાત પામે તો ઘણા વ્યવધાનથી પણ ભાવાજ્ઞાની પ્રાપ્તિ કરે છે. જેમ સંપ્રતિ મહારાજાને ભિખારીના ભવમાં ઓઘથી સાધુપણું ત્યાગ સ્વરૂપ છે તેવો બોધ થવાથી તેના પ્રત્યે બહુમાન થયું તેથી તેવા બહુમાનથી સંવલિત સાધુપણાની પ્રાપ્તિ આદ્યભૂમિકાની હોવા છતાં ઉત્તરના ભવમાં સંપ્રતિના ભવની પ્રાપ્તિ થઈ અને તેના કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. માટે સંપ્રતિ મહારાજાની ભિખારીના ભવની દ્રવ્યાજ્ઞાની પ્રાપ્તિ ભાવાજ્ઞાની પ્રાપ્તિનું કારણ બની. વળી કોઈક જીવો આ ત્રણ પ્રકારની દ્રવ્યાજ્ઞામાંથી કોઈપણ ભૂમિકાની દ્રવ્યાજ્ઞાને સેવીને કોઈક નિમિત્તથી તત્ત્વથી વિમુખ થાય કે અકલ્યાણમિત્રના યોગથી તત્ત્વથી વિમુખ થાય તો ભાવાજ્ઞાની પ્રાપ્તિમાં કાંઈક કાળનું કે ઘણા કાળનું વ્યવધાન થાય.

વળી, અહીં કહ્યું કે દ્રવ્યદેવ સાધુ છે તેમ શ્રાવક કે અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ અવશ્ય વૈમાનિક થનાર હોવા છતાં તેને દ્રવ્યદેવ કહ્યો નહીં તેનું કારણ અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરતિનું કારણ છે અને દેશવિરતિ સર્વવિરતિનું કારણ છે માટે શ્રાવક દ્રવ્યસાધુ છે અર્થાત્ ભાવસાધુનું કારણ એવા દ્રવ્યસાધુ છે તેમ કહી શકાય અને અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરતિધર શ્રાવકનું કારણ હોવાથી દ્રવ્યદેશવિરતિધર છે તેમ કહી શકાય પરંતુ જેઓ માત્ર દેશવિરતિની ક્રિયા કે સર્વવિરતિની ક્રિયા ભાવરહિત કરે છે તેઓને દ્રવ્યસાધુ કે દ્રવ્યશ્રાવક કહેવાય છે તે અપ્રધાન અર્થમાં છે. **॥૨૫૫॥**

અવતરણિકા :-

इत्थं द्रव्यशब्दं द्वयर्थमभिधाय यथायोग्यं योजयति –

અવતરણિકાર્થ :-

આ રીતે 'દ્રવ્ય' શબ્દને બે અર્થમાં કહીને યથાયોગ્ય યોજન કરે છે –

ગાથા :-

तत्थाभव्वादीणं गंठिगसत्ताणमप्पहाण त्ति ।
इयरेसि जोगताए भावाणाकारणत्तेण ।।२५६।।

અન્વયાર્થ :-

तत्थ=त्यां=બે પ્રકારના 'દ્રવ્ય' શબ્દમાં, अभव्वादीणं गंठिगसत्ताणं=અભવ્યાદિ ગ્રંથિદેશમાં રહેલા જીવોને, अप्पहाण त्ति=અપ્રધાનઅર્થક=અપ્રધાનઅર્થક દ્રવ્યાજ્ઞા છે. इयरेसि=ઈતરને=અપુનર્બંધકાદિને, भावाणाकारणत्तेण जोगताए=ભાવાજ્ઞાનું કારણપણું હોવાના કારણે યોગ્યપણામાં (દ્રવ્યાજ્ઞા) છે. ।।૨૫૬।।

ગાથાર્થ :-

ત્યાં=બે પ્રકારના 'દ્રવ્ય' શબ્દમાં, અભવ્યાદિ ગ્રંથિદેશમાં રહેલા જીવોને અપ્રધાનઅર્થક=અપ્રધાન-અર્થક દ્રવ્યાજ્ઞા છે. ઈતરને=અપુનર્બંધકાદિને, ભાવાજ્ઞાનું કારણપણું હોવાના કારણે યોગ્યપણામાં દ્રવ્યાજ્ઞા છે. ।।૨૫૬।।

ટીકા :-

तत्र तयोर्द्रव्यशब्दयोर्मध्येऽभव्यादीनामभव्यसकृद्बन्धकादीनां ग्रन्थिकसत्त्वानां द्रव्यत आज्ञाभ्या-सपराणामप्रधानोऽप्रधानार्थो द्रव्यशब्दो वर्त्तते । इति वाक्यालंकारे । भवति चाभव्यानामपि ग्रन्थिस्थान-प्राप्तानां केषाञ्चिद् आज्ञालाभो द्रव्यतः । यथोक्तम्–'तित्थकराइपूयं दट्ठूणण्णेण वावि कज्जेण । सुयसामाइयलंभो होज्जाऽभव्वस्स गंठिम्मि ।।१।।' इतरेषामपुनर्बन्धकादीनां योग्यतायां द्रव्यशब्दो वर्त्तते । कथमित्याह–भावाज्ञाकारणत्वेन सद्भूताज्ञाहेतुभावेनेति ।।२५६।।

ભાવાર્થ :-

ગ્રંથિદેશમાં રહેલા એવા અભવ્ય સકૃદ્બંધકાદિ જીવોને અપ્રધાનઅર્થક દ્રવ્યાજ્ઞા હોય છે; કેમ કે તેઓ દ્રવ્યક્રિયાઓ કરીને લેશ પણ મોક્ષને અનુકૂળ ભાવ કરતા નથી પરંતુ તુચ્છ ઐહિક ફળમાં કે પરલોકના ફળમાં અતિસંશ્લેષવાળા હોવાના કારણે ધર્મ કરીને પણ ઐહિક ફળ માત્રને કે પરલોકના ફળ માત્રને પ્રાપ્ત કરે છે પરંતુ તે ક્રિયાના ફળરૂપે મોક્ષને અનુકૂળ કોઈ ભાવો પ્રાપ્ત કરતા નથી માટે તેઓની અપ્રધાન દ્રવ્યાજ્ઞા છે. વળી, અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવોમાં ભાવાજ્ઞાનું કારણપણું હોવાથી

તેઓને પ્રધાન દ્રવ્યાજ્ઞા છે; કેમ કે ધર્મઅનુષ્ઠાન કરીને તેઓ કાંઈક ભાવાજ્ઞાને અભિમુખ શુભ ભાવો કરે છે જે ભાવો દ્વારા યોગબીજોની પ્રાપ્તિ કરીને તે યોગબીજના બળથી અવશ્ય ભાવાજ્ઞાને પ્રાપ્ત કરશે. **॥૨૫૬॥**

અવતરણિકા :-

अथ प्रधानाप्रधानयोर्द्रव्याज्ञयोश्चिह्नान्यभिधातुमाह —

અવતરણિકાર્થ :-

હવે પ્રધાન-અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં ચિહ્નોને કહેવા માટે કહે છે —

ગાથા :-

लिंगाण तीए भावो न तदत्थालोयणं ण गुणरागो ।
णो विम्हओ ण भवभयमिय वच्चासो य दोण्हंपि ।।२५७।।

અન્વયાર્થ :-

तीए दोण्हंपि=તે બંનેનો પણ=પ્રધાન અને અપ્રધાન અર્થવાળી બંને આજ્ઞા હોતે છતે તે બંનેનો પણ, लिंगाण भावो=લિંગોનો ભાવ (વાચ્ય છે.)=કઈ આજ્ઞામાં કયાં લિંગો છે તે વાચ્ય છે.

અને તે જ ક્રમસર બતાવે છે —

तदत्थालोयणं न=તદર્થાલોચન નથી, गुणरागो ण=ગુણરાગ નથી, विम्हणो णो=વિસ્મય નથી, भवभयं ण=ભવભય નથી (એ અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લિંગો છે.), य इय वच्चासो=અને આનો વિપર્યાસ=તદર્થા-લોચનાદિના અભાવનો વિપર્યાસ એ પ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લિંગો છે. ॥૨૫૭॥

ગાથાર્થ :-

તે બંનેનો પણ=પ્રધાન અને અપ્રધાન અર્થવાળી બંને આજ્ઞા હોતે છતે તે બંનેનો પણ, લિંગોનો ભાવ વાચ્ય છે=કઈ આજ્ઞામાં કયાં લિંગો છે તે વાચ્ય છે.

અને તે જ ક્રમસર બતાવે છે —

તદર્થાલોચન નથી, ગુણરાગ નથી, વિસ્મય નથી, ભવભય નથી — એ અપ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લિંગો છે. અને આનો વિપર્યાસ=તદર્થાલોચનાદિના અભાવનો વિપર્યાસ એ પ્રધાન દ્રવ્યાજ્ઞાનાં લિંગો છે. ॥૨૫૭॥

ટીકા :-

लिङ्गानां चिह्नानां तस्यामाज्ञायां सत्यां भावः सत्तालक्षणो वाच्यः । द्वयोरपीत्युत्तरेण योगः। तत्राप्रधानायां स तावदुच्यते । न नैव तदर्थालोचनमाज्ञाभिधेयार्थपर्यालोचनं, न गुणरागः-नाज्ञाप्ररूप-काध्यापकादिपुरुषगुणपक्षपातः, तथा न विस्मयोऽहो! मयाऽप्राप्तपूर्वेयं जिनाज्ञाऽनादौ संसारे कथंचित्

प्राप्तेत्येवंरूपः; तथा न भवभयं संसारभीतिः, सामान्येनाज्ञाविराधनायां वा एतावन्त्यप्रधानद्रव्याज्ञाया लिङ्गानि प्रधानद्रव्याज्ञाया इति विपर्यासश्च पूर्वोक्तलिङ्गव्यत्ययः पुनः, यथा, तदर्थालोचनगुणरागो विस्मयो भवभयं चेति द्वयोरपि प्रधानाप्रधानार्थयोर्द्रव्यशब्दयोः प्रयोगे सतीति ।।२५७।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ સર્વજ્ઞએ કરેલા નવકારાદિ સૂત્રોના અર્થનું આલોચન કરે છે તેઓને નવકારાદિ સર્વસૂત્રો કઈ રીતે મોહનું ઉન્મૂલન કરીને સંસારના ઉચ્છેદનું કારણ છે તેનો પરમાર્થ કાંઈક કાંઈક દેખાય છે અને તેવા જીવોને તે સૂત્રના અર્થના આલોચનને કારણે તે સૂત્રોના સેવનથી જે ગુણો પ્રગટે છે તેના પ્રત્યે ગુણરાગ થાય છે અને તે ગુણરાગ થવાને કારણે 'અનંત કાળમાં મને ક્યારેય આ પ્રકારે સૂત્રો પ્રાપ્ત થયાં નથી, આ ભવમાં મને પ્રાપ્ત થયાં છે માટે નક્કી આ સૂત્રોના અવલંબનથી હું સંસારસમુદ્રને તરી શકીશ,' તેવો વિશ્વાસ થવાને કારણે વિસ્મય થાય છે અર્થાત્ અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ થાય છે, અને પોતે તે સૂત્રો જે તાત્પર્યથી તદ્અર્થ આલોચનને કારણે જાણ્યાં છે તે તાત્પર્યને સ્પર્શીને સેવવાના અભિલાષાવાળા હોવા છતાં તે પ્રકારે સેવી શકે નહીં ત્યારે ભવભય થાય છે અર્થાત્ 'હું વિરાધક છું જેથી અપૂર્વ ચિંતામણિરત્નતુલ્ય આ સૂત્રોને પામીને પણ તે સૂત્રથી ભાવો કરી શકતો નથી.' તેથી પોતાનો પ્રમાદ દૂર કરવાને અનુકૂળ યત્ન ઉલ્લસિત થાય તેવો ભવભય થાય છે. આ સર્વ ભાવો કાંઈક કાંઈક અંશથી જેઓમાં સ્પષ્ટ-સ્પષ્ટતર થાય છે તે તે અંશથી તેઓની પ્રધાન દ્રવ્યાજ્ઞા બને છે.

વળી, જેઓમાં આ પ્રકારના લેશ પણ ભાવો નથી તેઓને અપ્રધાન દ્રવ્યાજ્ઞા થાય છે. આથી અભવ્યાદિ જીવોને 'આ સૂત્રો મોહનું ઉન્મૂલન કરીને વીતરાગતાનું કારણ છે' તે સ્વરૂપે દેખાતાં નથી પરંતુ પોતાના તુચ્છ ઐહિક કે પારલૌકિક સુખના અંગ તરીકે દેખાય છે તેથી તે તુચ્છ ફળના અર્થે સંયમની ક્રિયાઓ કરે છે અને સૂત્રો ભણે છે તેથી તેઓની તે સર્વ ક્રિયાઓ તુચ્છ ફળમાં સમાપ્ત થાય છે. વળી આ ક્રિયાઓ જ વીતરાગતાને અનુકૂળ રમ્યભાવો પ્રગટ કરીને આત્માની સ્વસ્થતાનું કારણ છે તેવા કાંઈક પરમાર્થને જે જીવો જાણે છે તેઓને પ્રધાન દ્રવ્યાજ્ઞા પ્રાપ્ત થાય છે તેથી જેઓમાં તદ્અર્થઆલોચનાદિ ભાવો નથી તેઓની અપ્રધાન દ્રવ્યક્રિયા છે અને જેઓને સૂત્રોના અર્થના આલોચનાદિના કાંઈક ભાવો પ્રગટ થયા છે તેઓની પ્રધાન દ્રવ્યક્રિયા છે. આમ છતાં પૂર્ણ વિવેક થયો નથી તેવા અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવો તદ્અર્થઆલોચનાદિ કરીને સ્વશક્તિ અનુસાર જે ક્રિયાઓ કરે છે તે દ્રવ્યક્રિયાઓથી આત્મામાં ઉત્તમ બીજોનું આધાન કરે છે તેના કારણે સામગ્રીને પામીને તેઓને ભાવાજ્ઞાની પ્રાપ્તિ થાય છે. આથી જ વર્તમાનના ભવમાં જે અપુનર્બંધકાદિ જીવો સર્વજ્ઞના શાસનમાં બતાવેલા નવકારાદિ સૂત્રોના અર્થોનું તે પ્રકારે આલોચન કરે છે જેના કારણે 'આ સર્વ સૂત્રો મોહના ઉન્મૂલનનું કારણ છે.' તે પ્રકારે કાંઈક જોઈ શકે છે અને તેના કારણે તે સૂત્રો પ્રત્યે, તે સૂત્રોના અર્થો પ્રત્યે અને તે સૂત્રોને દેનારા તીર્થંકરો પ્રત્યે બહુમાન ભાવ વર્તે છે અને ચિત્તમાં વિસ્મય થાય છે કે 'આ સૂત્રો પૂર્વમાં ક્યારેય આ ભાવથી મને પ્રાપ્ત થયાં નથી માટે અત્યાર સુધી સંસારનો અંત થયો નથી' અને તેવો બોધ થવાને કારણે અત્યંત

ઉપયોગપૂર્વક સત્ક્રિયાઓ કરવા પ્રયત્ન કરે છે છતાં અનાદિઅભ્યસ્ત પ્રમાદને કારણે ક્રિયાકાળમાં સ્ખલના થાય છે એથી 'હા ! હું વિરાધક છું' એ પ્રકારનો ભવનો ભય પ્રગટ થાય છે. તેવા યોગ્યજીવોને સૂક્ષ્મ બોધ કરાવનારા ગુણવાન ગુરુનો યોગ થાય તો સુખપૂર્વક ભાવાજ્ઞાની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે; કેમ કે મોહના ઉન્મૂલનના કારણીભૂત ભાવસાધુપણું કેવું હોય છે તેનું રહસ્ય તેવા જીવોને સદ્ગુરુ બતાવે છે જેથી સંસારથી ભય પામેલા મોક્ષના અર્થી એવા તેઓને મોક્ષના અનન્ય ઉપાયભૂત ભાવસાધુના પારમાર્થિક સ્વરૂપના બોધરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, ત્યારપછી સદા તેવા સાધુપણાના સ્વરૂપનું ભાવન કરીને તેની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચય કરવા અર્થે સર્વ ઉદ્યમ કરે છે તેથી ભાવાજ્ઞાની પ્રાપ્તિને કારણે તેવા જીવો અલ્પકાળમાં અવશ્ય સંસારસાગરના પારને પામે છે. **॥૨૫૭॥**

અવતરણિકા :-

प्रागप्रधानार्थद्रव्यशब्दप्रयोगचिन्तायामङ्गारमर्दकः केवल एवोक्तः । साम्प्रतं यौगपद्येन प्रधानाप्रधानार्थद्रव्यशब्दं नियोजयन्नङ्गारमर्दकगोविन्दवाचकावुररीकृत्याह —

અવતરણિકાર્થ :-

પૂર્વમાં અપ્રધાન અર્થવાળા 'દ્રવ્ય' શબ્દના પ્રયોગની વિચારણામાં કેવળ જ અંગારમર્દક કહેવાયા. હવે યૌગપદ્યથી પ્રધાન-અપ્રધાન અર્થવાળા 'દ્રવ્ય' શબ્દને નિયોજન કરતાં ગ્રંથકારશ્રી અંગારમર્દક અને ગોવિંદવાચકને ગ્રહણ કરીને કહે છે —

ગાથા :-

अंगारमद्दगो च्चिय आहरणं तत्थ पढमपक्खम्मि ।
गोविंदवायगो पुण बीए खलु होति णायव्वो ।।२५८।।

અન્વયાર્થ :-

तत्थ=त्यां=प्रधान-अप्रधान द्रव्याज्ञामां, पढमपक्खम्मि=प्रथम पक्षमां, अंगारमद्दगो च्चिय आहरणं=अंगारमर्दक જ ઉદાહરણ છે. पुण बीए=વળી બીજા પક્ષમાં=प्रधानद्रव्याज्ञारूप બીજા પક્ષમાં, खलु गोविंदवायगो णायव्वो होति=ખરેખર ગોવિંદ-વાચક જ્ઞાતવ્ય થાય છે. ॥૨૫૮॥

ગાથાર્થ :-

ત્યાં=પ્રધાન-અપ્રધાન દ્રવ્યાજ્ઞામાં, પ્રથમ પક્ષમાં અંગારમર્દક જ ઉદાહરણ છે. વળી બીજા પક્ષમાં=પ્રધાનદ્રવ્યાજ્ઞારૂપ બીજા પક્ષમાં, ખરેખર ગોવિંદવાચક જ્ઞાતવ્ય થાય છે. ॥૨૫૮॥

ટીકા :-

अङ्गारमर्दक इहाज्ञाविचारपक्षे आहरणं तयोर्द्वयोर्द्रव्यशब्दयोः प्रथमपक्षेऽप्रधानार्थतालक्षणे। गोविन्दवाचकः पुनर्द्वितीये प्रधानार्थतालक्षणे । खलु पूर्ववत् । भवति ज्ञातव्य उदाहरणतयेति ।।

इहाङ्गारकामर्दकोदाहरणमेवं वाच्यम्—सूरिर्विजयसेनाख्यो मासकल्पविहारतः । समायातो महाभागः पुरे गर्जनकाभिधे ।।१।। अथात्र तिष्ठतस्तस्य कदाचिन्मुनिपुङ्गवैः । गवां विसर्ग्गवेलायां स्वप्नोऽयं किल वीक्षितः ।।२।। कलभानां शतैः शूरैः सूकरः परिवारितः । पञ्चभिर्भद्रजातीनामस्मदाश्रयमागतः ।।३।। ततस्ते कथयामासुः सूरेः स्वप्नं तमद्भुतम् । (ग्रन्थाग्रन्थ ६०००) । सूरिरुवाच तस्यार्थं साधूनां पृच्छताममुम् ।।४।। सुसाधुपरिवारोऽद्य सूरिरेष्यति कोऽपि वः । प्राघूर्णकः परं भव्यो नासाविति विनिश्चयः ।।५।। यावज्जल्पत्यसौ तेषां साधूनामग्रतः कृती । रुद्रदेवाभिधः सूरिस्तावत्तत्र समागतः ।।६।। शनेश्चर इव स्फारसौम्यग्रहगणान्वितः । एरण्डतरुवत्कान्तकल्पवृक्षगणावृतः ।।७।। कृता च तस्य तैस्तूर्णमभ्युत्थानादिका क्रिया । आतिथेयी यथायोग्यं सगच्छस्य यथागमम् ।।८।। ततो विकलवेलायां कोलाकारस्य तस्य तैः । परीक्षणाय निक्षिप्ता अङ्गाराः कायिका भुवि ।।९।। स्वकीयाचार्यनिर्द्देशात् प्रच्छन्नैश्च तकैः स्थितैः । वास्तव्यसाधुभिर्दृष्टास्ते प्राघूर्णकसाधवः ।।१०।। पादसंचूर्णिताङ्गारकुशत्काररवश्रुतौ । मिथ्यादुष्कृतमित्येतद् ब्रुवाणाः प्राणिशङ्कया ।।११।। कुशत्काररवस्थाने कृतचिह्ना इतीच्छया । दिने निभालयिष्यामः कुशत्कारः किमुद्भवः ?।।१२।। आचार्यो रुद्रदेवस्तु प्रस्थितः कायिकाभुवम् । कुशत्काररवं कुर्वन्नङ्गारपरिमर्द्दनात् ।।१३।। जीवाश्रद्धानतो मूढोऽवदंश्चैतज्जिनैः किल । जन्तवोऽमी विनिर्द्दिष्टाः प्रमाणैर्न्यत्कृता अपि ।।१४।। वास्तव्यसाधुभिर्दृष्टो यथादृष्टं च साधितम् । सूरेर्विजयसेनस्य तेनापि गदितं ततः।।१५।। स एष सूकरो भद्रास्त एते वरहस्तिनः । स्वप्ने च सूचिता ये वो न विधेयोऽत्र संशयः ।।१६।। तैः प्रभातेऽथ तच्छिष्या बोधितास्तूपपत्तिभिः । यथैवं चेष्टितेनायमभव्य इति बुद्ध्यताम् ।।१७।। त्याज्यो वोऽयं यतो घोरसंसारतरुकारणम् । ततस्तैरप्युपायेन क्रमेणासौ विवर्जितः ।।१८।। ते चाकलङ्कसाधुत्वं विधायाथ दिवं गताः । ततोऽपि प्रच्युताः सन्तः क्षेत्रेऽत्रैव च भारते ।।१९।। श्रीवसन्तपुरे जाता जितशत्रोर्महीपतेः । पुत्राः सर्वेऽपि कालेन ते प्राप्ता यौवनश्रियम् ।।२०।। अन्यदा तान् सुरूपत्वात् कलाकौशलयोगतः । सर्वत्र ख्यातकीर्त्तित्वात् सर्वानेवं न्यमन्त्रयत् ।।२१।। हस्तिनागपुरे राजा कनकध्वजसंज्ञितः । स्वकन्याया वरार्थाय तत्स्वयंवरमण्डपे ।।२२।। तत्रायातैः स तैर्दृष्टो गुरुरङ्गारमर्दकः । उष्ट्रत्वेन समुत्पन्नः पुष्ठारूढमहाभरः ।।२३।। गलावलम्बितस्थूलकुतुपो पेशलं रसन् । पामनः सर्वजीर्णाङ्गो गतत्राणोऽतिदुःखितः ।।२४।। तमुष्ट्रमीक्षमाणानां तेषां कारुण्यतो भृशम् । जातिस्मरणमुत्पन्नं सर्वेषां शुभभावतः ।।२५।। देवजन्मोद्भवज्ञानज्ञातत्वात्तैरसौ स्फुटम् । करभकः प्रत्यभिज्ञातो यथाऽयं बत नो गुरुः ।।२६।। ततस्ते चिन्तयामासुर्धिक् संसारस्य चेष्टितम् । येनैष तादृशं ज्ञानमवाप्यापि कुभावतः ।।२७।। अवस्थामीदृशीं प्राप्तः संसारं च भ्रमिष्यति । ततोसौ मोचितस्तेभ्यस्तत्स्वामिभ्यः कृपापरैः ।।२८।। ततस्तदेव ते प्राप्य भवनिर्वेदकारणम्।

कामभोगपरित्यागात् प्रव्रज्यां प्रतिपेदिरे ।।२९।। ततः सुगतिसन्तानान्निर्वास्यन्त्यचिरादमी । इतरः पुनरभव्यत्वाद् भवारण्ये भ्रमिष्यति ।।३०।। इति ।।

गोविन्दवाचकस्यायं वृत्तान्त उपलभ्यते । यथासीन्नगरे क्वापि सूरिभिर्दुष्कृतास्पदे ।।१।। गोविन्दो नाम निःशेषविद्वज्जनमदापहः । शाक्यभिक्षुर्महावादी दानवोद्धुरचेष्टितः ।।२।। युग्मम् ।। तत्राययौ विहारेण कदाचिन्मुनिभिर्वृतः । सिद्धान्तशब्दसाहित्यच्छन्दस्तर्कविचक्षणैः ।।३।। श्रीगुप्तनामकः सूरिर्भूरिभव्यकजांशुमान् । साधुलोकोचितस्थाने तस्थौ स्थास्नुयशोभरः ।।४।। ग्रहतारागणैरिन्दु-रुद्द्योतितनभस्तलैः । यथा बभस्त्येष भृशं तथान्तेवासिभिर्निजैः ।।५।। यथा सौरभसंभारभरिताखिल-दिङ्मुखे । भवेयुरलिनो लीनाः पद्मसद्मनि मानसे ।।६।। तथा गुणज्ञस्तत्रत्यो जनः सम्मदसङ्गतः । तस्य सूरेः पदाम्भोजमालिल्ये शल्यसूदिनः ।।७।। शुश्राव च जिनैरुक्तं धर्म्मं कर्मक्षयावहम् । तेनोच्यमानमानन्दध्वानव्याप्तविहायसा ।।८।। जातः प्रवादो नगरे श्रुतरत्नमहोदधिः । न समस्ति जने मन्ये सूरेरस्माद्गतस्मयः ।।९।। यथा सप्तच्छदामोदाद्वारणो मदमश्नुते । तत्प्रवादश्रुतेस्तद्वद् गोविन्दो विह्वलोऽभवत् ।।१०।। को नाम मयि पाण्डित्यमहासागरपारगे । विजृम्भमाणे लभता-मिलायामुज्ज्वलं यशः ?।।११।। गर्वोद्ग्रीवतया सम्यक् किञ्चिदग्रेऽनिभालयन् । सूरेः समीपे संप्राप संश्रितो वादसङ्गरम् ।।१२।। वाचोयुक्तिभिरुच्चाभिश्चित्राभिरचिरादपि । रेणुवद् मेघधाराभिः सूरिणा निस्फुरीकृतः ।।१३।। विलक्षभावं भूयांसं स सम्पन्नो व्यचिन्तयत् । न यावदेतत्सिद्धान्तमध्यं लब्धं कथञ्चन ।।१४।। तावन्न जीयते तस्मादपक्रम्य प्रदेशतः । दूरदेशान्तरप्राप्तौ सत्यां सूर्यन्तरान्तिके ।।१५।। समुत्पादितविश्वासो दिदीक्षे दक्षभावतः । लग्नः सिद्धान्तमध्येतुं परं सत्वरमानसः ।।१६।। विपर्यासाच्च नो सम्यक्तं बोद्धुं पारयत्यसौ । कतिचिद्दिनात्यये जाते भूयः सम्भूय सौगतः ।।१७।। उपतस्थे तथैवासौ सूरिणाऽनुत्तरीकृतः । भूयोऽप्यन्यां दिशं गत्वा प्रव्रज्याधीत्य चागमम् ।।१८।। किञ्चित्तथैव समदः प्रपेदे वादवाञ्छया । तमेव सूरिं, तेनापि शक्त्या नीतो विलक्षताम् ।।१९।। भूयस्तृतीयवारां स दूरदेशान्तराश्रयात् । गृहीतदीक्ष आचारे आद्याध्ययनसंश्रिते ।।२०।। वनस्पतीनामुद्देशे पपाठालापकानिमान् । वनस्पतीनां जीवत्वसाधकान् शुद्धयुक्तिभिः ।।२१।। यथा—'इमंपि जाइधम्मयं एयंपि जाइधम्मयं । इमंपि वुड्ढिधम्मयं एयंपि वुड्ढिधम्मयं । इमंपि चित्तमंतयं एयंपि चित्तमंतयं । इमंपि छिन्नं मिलाइ एयंपि छिन्नं मिलाइ । इमंपि आहारयं एयंपि आहारगं । इमंपि अणिययं एयंपि अणिययं । इमंपि असासयं एयंपि असासयं । इमंपि चउवचइयं एयंपि चउवचइयं । इमंपि विपरिणामयं एयंपि विप्परिणामयमिति ।।' स शाक्यमतसंस्कारात् पूर्वं जीवतया तरून् । न श्रद्दधे तदानीं तु कथञ्चिन्मोहहासतः ।।२२।। जात्यन्ध इव दृष्ट्याप्तौ लग्नो द्रष्टुं वनस्पतीन् । जीवत्वेन

स्फुटीभूय स आचक्ख्यौ निजाशयम् ।।२३।। गुरोस्तेनापि दीक्षास्मै पुनः प्रादीयतादितः । जातो युगप्रधानोऽसौ वाचकत्वोपलब्धितः ।।२४।। एवं चास्य पुरा जज्ञे द्रव्याज्ञा केवलं परा । ततः सैव गता तस्य भावाज्ञामृतरूपताम् ।।२५।। इति ।।२५८।।

ભાવાર્થ :-

અપ્રધાન દ્રવ્યાજ્ઞામાં અંગારમર્દક જ ઉદાહરણ છે; કેમ કે ઘણાં શાસ્ત્રોને ભણવા છતાં અને ઘણા શિષ્યોને શાસ્ત્રોના શબ્દોનો બોધ કરાવવામાં સમર્થ છતાં પોતાનાં મોહઆપાદક કર્મોની પ્રચુરતાને કારણે લેશ પણ સંસારના ઉચ્છેદને અનુકૂળ સૂત્રોના અર્થનું આલોચન અંગારમર્દક આચાર્યને પ્રાપ્ત થયું નહીં. તેથી સાધુપણાને સેવીને પણ સૂત્રોના યથાર્થ અર્થના આલોચનના અભાવને કારણે સંસારના ઉચ્છેદને અનુકૂળ કોઈ બીજાધાન પણ પ્રાપ્ત કર્યું નહીં માટે તેઓની અપ્રધાન દ્રવ્યક્રિયા હતી. વળી, ગોવિંદાચાર્યએ પણ સાધુઓને વાદમાં જીતવાના આશયથી દીક્ષા ગ્રહણ કરેલ અને સ્યાદ્વાદને જાણીને પણ સ્યાદ્વાદથી આત્માને ભાવિત કરવાના અધ્યવસાયવાળા ન હતા પરંતુ પોતાના બૌદ્ધદર્શનને સમર્થન કરવાના અધ્યવસાયવાળા હતા છતાં તત્ત્વને અભિમુખ થાય તેવા મોહનું વિગમન થયેલું હોવાના કારણે દ્રવ્યથી ગ્રહણ કરાયેલા સંયમજીવનમાં આગમના આલાવા ભણતાં ભણતાં સર્વજ્ઞના વચનમાં શ્રદ્ધા થાય તેવી નિર્મળતા હતી. તેથી નિમિત્ત પામીને આગમવચનના અર્થનું આલોચન કર્યું, ગુણરાગ પ્રગટ્યો અને કલ્યાણની ઉત્કટ આશંસા થઈ. તેથી દીક્ષાગ્રહણકાળમાં વાદમાં જીતવાનો પોતાનો જે આશય હતો તેનું સરળભાવથી ગુરુને નિવેદન કરે છે અને શુદ્ધ સાધુપણું ગ્રહણ કરીને કલ્યાણને પ્રાપ્ત કરે છે. તેથી વાદમાં જીતવાના આશયથી દીક્ષા ગ્રહણ કરેલ તે પણ દીક્ષા કાંઈક અભિમુખભાવવાળી હોવાથી પ્રધાન દ્રવ્યાજ્ઞા હતી અને જ્યારે આગમના વચનનું આલોચન કર્યું ત્યારે સ્પષ્ટ પ્રધાન દ્રવ્યાજ્ઞા પ્રાપ્ત થઈ અને તે પ્રધાન દ્રવ્યાજ્ઞા શીઘ્ર ભાવાજ્ઞાની પ્રાપ્તિનું કારણ બની. **॥૨૫૮॥**

અવતરણિકા :-

अथ भावाज्ञामधिकृत्याधिकारिणमाह –

અવતરણિકાર્થ :-

હવે ભાવાજ્ઞાને આશ્રયીને અધિકારીને કહે છે –

ગાથા :-

भावाणा पुण एसा सम्मद्दिट्ठिस्स होति नियमेण ।
पसमादिहेउभावा णिव्वाणपसाहणी चेव ।।२५९।।

અન્વયાર્થ :-

भावाणा पुण एसा=વળી આ ભાવાજ્ઞા=સદ્ભૂત આજ્ઞાના પરિણામરૂપ ભાવાજ્ઞા, नियमेण=નિયમથી,

सम्मद्दिट्ठिस्स होति=સમ્યગ્દૃષ્ટિને હોય છે. पसमादिहेउभावा=પ્રશમાદિરૂપે હેતુના ભાવને કારણે=પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્યરૂપ મોક્ષના કારણના સદ્ભાવને કારણે, णिव्वाणपसाहणी चेव=નિર્વાણને સાધનારી જ છે. ॥૨૫૯॥

ગાથાર્થ :-

વળી આ ભાવાજ્ઞા=સદ્ભૂત આજ્ઞાના પરિણામરૂપ ભાવાજ્ઞા, નિયમથી સમ્યગ્દૃષ્ટિને હોય છે. પ્રશમાદિરૂપે હેતુના ભાવને કારણે=પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્યરૂપ મોક્ષના કારણના સદ્ભાવને કારણે, નિર્વાણને સાધનારી જ છે. ॥૨૫૯॥

ટીકા :-

भावाज्ञा पुनरेषा सद्भूतआज्ञापरिणामः पुनरयं सम्यग्दृष्टेर्भिन्नग्रन्थितया यथावद्दृष्टवस्तुतत्त्वस्य भवति जायते नियमेनावश्यतया । कीदृशीत्याह—प्रशमादिहेतुभावात् प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्य-मोक्षकारणसद्भावाद् निर्वाणप्रसाधनी चैव निवृतिसंपादिकैवेति ।।૨૫૯।।

ભાવાર્થ :-

ભાવાજ્ઞા એ સંગ્રહાત્મક કે વિસ્તારાત્મક ભગવાનના વચનના સ્પષ્ટ શ્રુતજ્ઞાનના બોધસ્વરૂપ છે, જે બોધથી જીવને સંસારથી પર અવસ્થા એકાંતસારરૂપ દેખાય છે અને તેનો ઉપાય જિનવચન દેખાય છે. એથી શક્તિના પ્રકર્ષથી જિનવચનને જાણવા માટે ઉદ્યમ કરાવે અને તે જિનવચનાનુસાર ઉચિત યત્ન કરીને સંસારના ઉચ્છેદ માટે ઉચિત યત્ન કરાવે તેવી જીવની પરિણતિસ્વરૂપ ભાવાજ્ઞા છે તેથી જે જીવોને તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે તે જીવોને તત્ત્વના યથાર્થ બોધમાં બાધક અનંતાનુબંધી કષાયનો પ્રશમ વર્તે છે, કર્મ વગરની અવસ્થા અત્યંત સુંદર છે તેવો સ્થિર નિર્ણય હોવાથી તેની પ્રાપ્તિ અને તેની પ્રાપ્તિના ઉપાયોને સેવવાની ઉત્કટ અભિલાષારૂપ સંવેગનો પરિણામ વર્તે છે અને ચારગતિના પરિભ્રમણરૂપ સંસારનું સમ્યગ્ અવલોકન હોવાના કારણે સંસારથી છૂટવા માટે ઉત્કટ ઇચ્છારૂપ નિર્વેદ વર્તે છે. વળી, પોતાના આત્માની ભાવઅનુકંપા અને અન્ય યોગ્યજીવોની ભાવઅનુકંપા અને શક્તિ અનુસાર દ્રવ્યઅનુકંપા કરવાના પરિણામરૂપ અનુકંપા વર્તે છે; કેમ કે સમ્યગ્ બોધ જ જીવોને સ્વપરના હિતની પ્રેરણા કરે છે અને આત્માદિ તત્ત્વો છે એવા સ્થિર નિર્ણય સ્વરૂપ આસ્તિક્ય વર્તે છે. તેથી ભાવાજ્ઞા નિર્વાણને પ્રસાધન કરનારી છે. આથી જ અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ સમ્યક્ત્વથી પાત ન પામે તો અવશ્ય છાસઠ સાગરોપમથી કાંઈક અધિક કાળમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી ભાવાજ્ઞાની પ્રાપ્તિ એ કાર્મણશરીરને નાશ કરવા માટે ક્ષયરોગતુલ્ય છે અને ભાવાજ્ઞા જિનવચનના સમ્યગ્ પરિણમનસ્વરૂપ છે. **॥૨૫૯॥**

અવતરણિકા :-

ततोऽस्यां यदसौ करोति तदाह —

અવતરણિકાર્થ :-

તેથી=ભાવાજ્ઞા નિર્વાણ સાધનારી છે તેથી, આ હોતે છતે=ભાવાજ્ઞા હોતે છતે, આ=ભાવાજ્ઞાવાળા સમ્યગ્દૃષ્ટિ મહાત્મા, જેને કરે છે તેને કહે છે –

ગાથા :-

एयाए आलोचइ हियाहियाइमतिनिउणनीतीए ।
किच्चे य संपयट्टति पायं कज्जं व साहेति ।।२६०।।

અન્વયાર્થ :-

एयाए=આ હોતે છતે=ભગવાનના વચનના તાત્પર્યને સ્પર્શે તેવી નિર્મળ શ્રુતજ્ઞાનના પરિણામરૂપ ભાવાજ્ઞા હોતે છતે (જીવ), अतिनिउणनीतीए=अतिनिपुणनीतिथी=ભગવાનના વચનાનુસાર તાત્પર્યને સ્પર્શીને હિતાહિતનો નિર્ણય થાય તેવી નિપુણનીતિથી, हियाहियाइं आलोचइ=હિતાહિતનું આલોચન કરે છે. किच्चे य=અને કૃત્યમાં=હિતાનુકૂળ કૃત્યમાં, संपयट्टति=સંપ્રવર્તે છે. पायं व=અને પ્રાયઃ, कज्जं साहेति=કાર્યને સાધે છે=ધર્મ-અર્થ અને કામ એકાંતે હિતનું કારણ થાય તે પ્રકારે સાધે છે. ।।૨૬૦।।

ગાથાર્થ :-

આ હોતે છતે=ભગવાનના વચનના તાત્પર્યને સ્પર્શે તેવી નિર્મળ શ્રુતજ્ઞાનના પરિણામરૂપ ભાવાજ્ઞા હોતે છતે (જીવ), अतिनिपुणनीतिथी=ભગવાનના વચનાનુસાર તાત્પર્યને સ્પર્શીને હિતાહિતનો નિર્ણય થાય તેવી નિપુણનીતિથી, હિતાહિતનું આલોચન કરે છે. અને કૃત્યમાં=હિતાનુકૂળ કૃત્યમાં, સંપ્રવર્તે છે. અને પ્રાયઃ, કાર્યને સાધે છે=ધર્મ-અર્થ અને કામ એકાંતે હિતનું કારણ થાય તે પ્રકારે સાધે છે. ।।૨૬૦।।

ટીકા :-

एतस्यां भावाज्ञायां सत्यां आलोचयति जीवः । किमित्याह—हिताहितानि इहलोकपरलोकयोर्हितानि नीतिव्यवहारादिलक्षणानि, अहितानि च तद्विपरीतानि परद्रव्यापहारादीनि । कथमित्याह—अतिनिपुण-नीत्यावज्रसूचेरप्यतितीक्ष्णयोहापोहयुक्त्या । तथा कृत्ये च कर्त्तव्येऽर्थे धर्मश्रवणादौ संप्रवर्त्तते सम्यक् चेष्टावान् भवति प्रायो बाहुल्येन । तथा, कार्यं च धर्मार्थादिरूपं साधयति निर्वर्त्तयति प्राय एवावन्ध्य-बुद्धित्वेन सफलचेष्टत्वात् ।।२६०।।

ભાવાર્થ :-

જે મહાત્માને સંક્ષેપથી કે વિસ્તારથી ભગવાનના વચનનું રહસ્ય યથાર્થ પ્રાપ્ત થયું છે તે મહાત્મા અતિનિપુણ પ્રજ્ઞાપૂર્વક આલોચન કરે છે કે 'શું ઉચિત કૃત્ય હું કરું કે જેથી શીઘ્ર સંસારનો ઉચ્છેદ થાય, શું

અનુચિત કૃત્ય અનાદિ ભવઅભ્યસ્ત પરિણામને કારણે મારાથી થાય છે તેનો હું પરિહાર કરું.' તેથી તે પ્રકારે જિનવચનનું દૃઢ અવલંબન લઈને ધર્મ-અર્થ-કામરૂપ સર્વ કાર્યોમાં પ્રવર્તે છે જેથી તે મહાત્માની અર્થ, કામની પ્રવૃત્તિ પણ સંવેગસારા બને છે અર્થાત્ મોક્ષને અનુકૂળ યત્ન પુષ્ટ થાય તેવી અર્થ-કામની પ્રવૃત્તિ થાય છે અને ધર્મની પ્રવૃત્તિ તો વિશેષ પ્રકારે મોક્ષને અનુકૂળ પરિણામ પ્રાપ્ત થાય તે રીતે જ કરે છે અને તેવા મહાત્મા પ્રાયઃ હિત જ સાધે છે; કેમ કે પોતાની શક્તિનું સમ્યગ્ આલોચન કરીને જે પ્રકારે સંસારનો ઉચ્છેદ થાય એ પ્રમાણે સર્વ કૃત્યો તે મહાત્મા કરે છે પરંતુ ભાવાજ્ઞાને પામેલા જીવો ક્યારેય ક્લેશની વૃદ્ધિ થાય તે પ્રકારે કૃત્યો કરતા નથી; કેમ કે નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી હોવાથી તે મહાત્માને પ્રાયઃ કલેશરહિત અવસ્થાનું સદા સ્મરણ રહે છે. ક્વચિદ્ ક્લેશઆપાદક કર્મો પ્રચુર વિપાકમાં આવ્યાં હોય કે ક્લેશઆપાદક બાહ્ય નિમિત્ત બળવાન હોય તો તે મહાત્માને પણ ક્લેશની પ્રાપ્તિ થાય છે, તોપણ અંતરંગ નિર્મળ ચક્ષુ પ્રગટ થયેલી હોવાથી અક્લેશવાળી અવસ્થા પ્રત્યે તે મહાત્માને બદ્ધરાગ હોય છે. તેથી સંપૂર્ણ અક્લેશવાળી અવસ્થાનું કારણ બને તે રીતે તે મહાત્મા સર્વ પ્રવૃત્તિ કરે છે. **॥૨૬૦॥**

અવતરણિકા :-

આહ—કિં કદાચિદન્યથાભાવોઽપિ સ્યાદ્ યેનાત્ર પ્રાયોગ્રહણં કૃતમિતિ । ઉચ્યતે—સત્યમેવૈતત્, કદાચિત્ કસ્યચિત્ પ્રતિબન્ધસમ્ભવાત્ । તમેવ દર્શયન્નાહ —

અવતરણિકાર્થ :-

'આહ'થી પ્રશ્ન કરે છે — શું ક્યારેક ભાવાજ્ઞાવાળા મહાત્માને અન્યથાભાવ પણ થાય=કાર્યને ન સાધે તેવો અન્યથાભાવ પણ થાય, જે કારણથી અહીં=ગાથા-૨૬૦માં 'પ્રાયઃ કાર્ય સાધે છે' એ પ્રકારના કથનમાં, પ્રાયઃ ગ્રહણ કરાયું એ પ્રકારના પ્રશ્નમાં ઉત્તર આપે છે — આ સત્ય જ છે=ક્યારેક અન્યથાભાવ થાય એ સત્ય જ છે; કેમ કે ક્યારેક કોઈક સમ્યગ્દૃષ્ટિને પ્રતિબંધનો સંભવ છે. તેને જ= પ્રતિબંધને જ, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

पडिबंधो वि य एत्थं सोहणपंथम्मि संपयट्टस्स ।
कंटगजरमोहसमो विन्नेओ धीरपुरिसेहिं ।।२६१।।

અન્વયાર્થ :-

एत्थं य=અને અહીં=ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયે છતે, सोहणपंथम्मि संपयट्टस्स=શોભન પંથમાં સંપ્રવૃત્ત એવા ભાવાજ્ઞાવાળા મહાત્માને, कंटगजरमोहसमो=કંટક-જ્વર અને મોહસમાન, पडिबंधो वि=પ્રતિબંધ પણ=વિઘ્ન પણ, धीरपुरिसेहिं विन्नेओ=ધીરપુરુષો વડે જાણવો. ।।૨૬૧।।

ગાથાર્થ :-

અને અહીં=ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયે છતે, શોભન પંથમાં સંપ્રવૃત્ત એવા ભાવાજ્ઞાવાળા મહાત્માને કંટક-જ્વર અને મોહસમાન પ્રતિબંધ પણ=વિઘ્ન પણ, ધીરપુરુષો વડે જાણવો. ।।૨૬૧।।

ટીકા :-

प्रतिबन्धोऽपि च स्खलनारूपः किं पुनरप्रतिबन्ध इत्यपिचशब्दार्थः, अत्र भावाज्ञायां लब्धायां सत्यां तथाविधावश्यंवेद्यकर्मविपाकात् शोभनपथे सर्वसमीहितसिद्धिसम्पादकत्वेन सुन्दरे पथि पाटलिपुत्रकादिपुरसम्बन्धिनि सम्प्रवृत्तस्य कस्यचित् पथिकस्य ये कण्टकज्वरमोहाः प्रतिबन्धहेतुत्वात् प्रतिबन्धा जघन्यमध्यमोत्कृष्टरूपास्तैः समस्तुल्यः कण्टकज्वरमोहसमो विज्ञेयो धीरपुरुषैः ।।२६१।।

ભાવાર્થ :-

ભગવાનના શાસનના રહસ્યને પામેલા સમ્યગ્દૃષ્ટિ જીવોને સંપૂર્ણ કર્મરહિત સિદ્ધના જીવો જ રમ્ય દેખાય છે; કેમ કે અંતરંગ મોહનો ઉપદ્રવ નથી, બહિરંગ શરીર અને મન નથી તેથી શરીર અને મનના ઉપદ્રવો નથી, જ્ઞેય પદાર્થ સાથે સંશ્લેષ નથી માટે જ્ઞેય પદાર્થનો ઉપદ્રવ નથી. આથી સર્વ ઉપદ્રવનો અભાવ હોવાથી ઉપદ્રવના પરિહારને અનુકૂળ કોઈ ક્રિયા નથી માટે સંપૂર્ણ નિષ્ક્રિય છે અને તેવી અવસ્થાની પ્રાપ્તિના અર્થી મહાત્માઓ તેવી અવસ્થાનું કારણ બને તેવા શોભન પથમાં સદા પ્રવૃત્ત થાય છે તેથી સ્વભૂમિકાનુસાર ધર્મ, અર્થ અને કામની તે રીતે પ્રવૃત્તિ કરે છે જેથી શોભન પથમાં ગમન કરીને ઉત્તરઉત્તરની ભૂમિકાની પ્રાપ્તિ થાય તોપણ તે ગમનક્રિયામાં ત્રણ પ્રકારનાં વિઘ્નોમાંથી કોઈ વિઘ્ન પ્રાપ્ત થાય ત્યારે અન્યથા ભાવ પ્રાપ્ત થાય છે. તેને આશ્રયીને ગાથા-૨૬૦માં કહેલ કે 'પ્રાયઃ કાર્યને સાધે છે' તેથી એ પ્રાપ્ત થાય કે શોભન પથમાં જનારા નિર્મળ દૃષ્ટિવાળા મહાત્માને કંટક જેવાં બાહ્ય શીતતાપાદિ વિઘ્નો કોઈક રીતે પ્રાપ્ત થાય અને દેહને અતિ પ્રતિકૂળ અવસ્થા પ્રાપ્ત થાય તેવાં શીતતાપાદિ વર્તતાં હોય તો અંતરંગ મોહના ઉન્મૂલનને અનુકૂળ પ્રયત્ન તે મહાત્મા કરી શકતા નથી. પરંતુ જેઓએ પ્રતિપક્ષના ભાવનને કારણે 'આ શીતતાપાદિ દેહને ઉપદ્રવ કરનારાં છે, દેહથી ભિન્ન મારા આત્માને ઉપદ્રવ કરનારાં નથી' એ પ્રકારે અત્યંત ભાવન કરીને પરિષહનો જય કર્યો છે તેઓ અથવા અતિ અસહ્ય પ્રતિકૂળતા હોય તો ઉચિત યત્ન દ્વારા તેનો પરિહાર કરીને યત્ન કરે તેઓ અંતરંગ રીતે મોહના ઉન્મૂલનને અનુકૂળ શોભન પથમાં ગમન કરી શકે છે જે કંટક વિઘ્નના જયરૂપ છે.

વળી કોઈ મહાત્માને દેહમાં જ્વર જેવા વ્યાધિ થયા હોય જેથી સ્વશક્તિ અનુસાર મોહના ઉન્મૂલનની ઉત્કટ ઇચ્છા હોવા છતાં મોહના ઉન્મૂલન માટે ઉચિત યત્ન કરી શકતા નથી. એવા મહાત્માને જ્વર વ્યાધિ સમાન મધ્યમ વિઘ્ન પ્રાપ્ત થાય છે અને હિતાહાર, મિતાહાર દ્વારા કે પ્રતિપક્ષભાવન દ્વારા કે ઉચિત ઔષધ દ્વારા તેનો પ્રતિકાર કરીને તે મહાત્મા યત્ન કરે તો તે વિઘ્ન દૂર થવાથી તે મહાત્મા જિનવચનનું દૃઢ અવલંબન લઈને મોહના ઉન્મૂલનને અનુકૂળ શોભન પથમાં પ્રયાણ કરી શકે છે. આ કંટક અને જ્વર વિઘ્નવાળા મહાત્માને શોભન પથમાં ગમનને અનુકૂળ સૂક્ષ્મ બોધ છે, તે પથમાં જવાની ઉત્કટ રુચિ છે છતાં તે વિઘ્નના બળથી તે પ્રકારે પ્રવૃત્તિ કરી શકતા નથી; કેમ કે વિઘ્નની ઉપેક્ષા કરીને અંતરંગ યત્ન કરી શકે તેવું સંચિત વીર્ય નથી.

વળી કોઈક મહાત્માને શીતતાપાદિ કે જ્વરાદિ વિઘ્ન પણ ન હોય, શોભન પથમાં જવાની ઉત્કટ ઇચ્છા હોય તોપણ તે પ્રકારના દિશા બતાવનાર ગીતાર્થ ગુરુના અભાવને કારણે કે કલ્યાણમિત્રના અભાવને કારણે દિગ્મોહ વર્તતો હોય તો મોક્ષને અનુકૂળ શોભન પથમાં ગમનને અનુકૂળ પ્રયાણ કરવાના અર્થી પણ તે જીવો ઉત્પથમાં જાય છે, જેમ કોઈ પ્રતિનિયત નગરમાં જવાનો અર્થી પુરુષ પણ તે નગરની દિશામાં વિભ્રમવાળો થાય તો ઉત્પથમાં જાય છે તેમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી પણ દિગ્મોહ આપાદક કર્મવિપાકમાં આવે તો તે જીવ મિથ્યાત્વને અભિમુખ થાય છે કે પાત પામે છે અને યોગ્ય ઉપદેશક પ્રાપ્ત થાય તો માર્ગને પ્રાપ્ત કરે છે.

તેથી સંસારના ઉચ્છેદના અર્થી મહાત્માએ જેમ મોક્ષનું પારમાર્થિક સ્વરૂપ જાણીને મોક્ષની પ્રાપ્તિ થાય એવા શોભન પથમાં જવાનો પ્રયત્ન કરવો જોઈએ તેમ તે ગમનમાં વિઘ્નભૂત ત્રણ વિઘ્નોના પરિહાર માટે પણ ઉચિત યત્ન કરવો જોઈએ અને વિશેષથી દિગ્મોહરૂપ વિઘ્નનો અત્યંત પરિહાર કરવો જોઈએ. તેના માટે મોક્ષને અનુકૂળ સૂક્ષ્મ દિશા બતાવનારા ઉત્તમ પુરુષોનું દૃઢ અવલંબન લઈને પ્રયત્ન કરવો જોઈએ જેથી અંતરંગ ઉદ્યમમાં દિગ્મોહરૂપ વિઘ્ન પ્રાપ્ત થાય નહીં. **॥૨૬૧॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને=પૂર્વગાથામાં કહ્યું કે ભાવાજ્ઞાની પ્રાપ્તિ થવા છતાં પણ પ્રતિબંધને કારણે પ્રવૃત્તિ ક્યારેક અન્યથા થાય છે એ કથનના સમુચ્ચય માટે 'તથા'થી કહે છે –

ગાથા :-

जह पावणिज्जगुणणाणतो इमो अवगमम्मि एतेसिं ।
तत्थेव संपयट्टति तह एसो सिद्धिकज्जम्मि ।।२६२।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, पावणिज्जगुणणाणतो=પ્રાપ્તવ્ય સ્થાનના ગુણના જ્ઞાનથી, एतेसिं=આમનો=કંટકાદિનો, अवगमम्मि=અપગમ હોતે છતે, इमो=આ=પથિક, तत्थेव=ત્યાં જ=પ્રાપ્તવ્ય સ્થાનમાં જ, संपयट्टति= સંપ્રવર્તે છે, तह=તે પ્રમાણે, एसो=આ=ભાવાજ્ઞાને પામેલા મહાત્મા, सिद्धिकज्जम्मि=સિદ્ધિકાર્યમાં (પ્રવર્તે છે.) ॥૨૬૨॥

ગાથાર્થ :-

જે પ્રમાણે પ્રાપ્તવ્ય સ્થાનના ગુણના જ્ઞાનથી આમનો=કંટકાદિનો, અપગમ હોતે છતે આ=પથિક, ત્યાં જ=પ્રાપ્તવ્ય સ્થાનમાં જ, સંપ્રવર્તે છે, તે પ્રમાણે આ=ભાવાજ્ઞાને પામેલા મહાત્મા, સિદ્ધિકાર્યમાં પ્રવર્તે છે. ॥૨૬૨॥

ટીકા :-

यथा प्रापणीयस्य प्रापयितव्यस्य पुरग्रामादेर्गुणाः सौराज्यसुभिक्षजनक्षेमादयस्तेषां ज्ञानतस्तेषु परिज्ञातेषु सत्स्वित्यर्थः, अयं पथिकोऽपगमेऽभावे जाते एतेषां कण्टकादीनां तत्रैव प्रापणीये संप्रवर्त्तते न पुनरन्यत्रापि, तथा निरूपितपथिकवदेष भावाज्ञावान् सिद्धिकार्ये सिद्धिलक्षणेऽभिधेयेऽर्थेऽजरामरत्वादितद्गुणपरिज्ञानादिति ।।२६२।।

ભાવાર્થ :-

જેમ કોઈક પુરુષ કોઈક નગરાદિમાં વસતો હોય અને અન્ય કોઈ નગર સુરાજ્ય છે તેથી 'ત્યાં સુખપૂર્વક વાસ થઈ શકે તેમ છે' તેવું જ્ઞાન થાય તો કુરાજ્યને છોડી સુરાજ્યમાં જવા યત્ન કરે છે છતાં ગમનમાં કંટક જેવાં, જ્વર જેવાં કે દિગ્મોહ જેવાં વિઘ્નો પ્રાપ્ત થાય તો તે નગરમાં જવા પ્રવૃત્ત પણ તે પુરુષની ગમનક્રિયા વિઘ્નને કારણે સ્ખલના પામે છે અને જો તે ત્રણ વિઘ્નોમાંથી કોઈપણ વિઘ્ન ન હોય તો તે ઇષ્ટનગરમાં જવા માટે સમ્યગ્ પ્રવર્તે જ છે, તેમ સંસારી જીવો કુરાજ્યતુલ્ય ચારગતિના ભ્રમણરૂપ સંસારમાં વસે છે જ્યાં કોઈ જીવ સુખશાંતિથી રહી શકતો નથી પરંતુ સદા કર્મનો ઉપદ્રવ વર્તે છે. વળી, જે મહાત્માને અત્યંત સ્પષ્ટ બોધ છે કે સંસારમાં ઉપદ્રવ વગરની અવસ્થાનો સંભવ નથી માટે નિરુપદ્રવવાળી મુક્ત અવસ્થાને મારે પ્રાપ્ત કરવી જોઈએ અને તેના ઉપાયરૂપે તેમને તપ-સંયમની ક્રિયા ભાસે છે તેથી સ્વબોધ અનુસાર તપ-સંયમમાં યત્ન પણ કરે છે આમ છતાં કંટક જેવાં શીતતાપાદિ બાહ્ય વિઘ્નો વિદ્યમાન હોય તો ઇષ્ટનગરમાં જવાના ઉપાયનો બોધ હોવા છતાં પણ પ્રયત્ન સ્ખલના પામે છે. જેમ કોઈ મહાત્માને સૂક્ષ્મ બોધ હોય કે 'સંસારના ઉચ્છેદ માટે મારે અસંગભાવ માટે ઉદ્યમ કરવો જોઈએ.' છતાં અતિઠંડી, અતિગરમી કે તેના જેવાં આજુબાજુ વિષમ વાતાવરણો તે મહાત્માને અંતરંગ ઉદ્યમ કરવામાં વિઘ્નભૂત થતાં હોય તો જ્યાં સુધી તે વિઘ્નનું નિવારણ થાય નહીં ત્યાં સુધી અંતરંગ ઉદ્યમ કરવાનો સ્પષ્ટ બોધ હોવા છતાં તે પ્રકારનો અસંગભાવને અનુકૂળ અંતરંગ ઉદ્યમ તે મહાત્મા કરી શકે નહીં. તેથી જેમ પથિકને પગમાં વાગેલા કંટકને દૂર કરવાથી ગમનક્રિયા સંભવે છે તેમ ઉચિત ઉપાય દ્વારા બહિરંગ વિઘ્નના નિવારણથી તે મહાત્મા ઇષ્ટ એવા મોક્ષપથમાં પ્રવર્તવા માટે અસંગભાવની વૃદ્ધિને અનુકૂળ વ્યાપાર કરી શકે છે.

વળી કોઈ મહાત્માને જ્વરાદિ રોગ થયા હોય તો અંતરંગ ઉદ્યમ દૃઢ કરી શકે નહીં અને ઉચિત યત્નપૂર્વક તેનું નિવારણ કરે તો મોક્ષપ્રાપ્તિને અનુકૂળ શક્તિ અનુસાર અસંગભાવનો યત્ન કરી શકે છે.

વળી, કોઈ મહાત્માને પ્રથમ બે વિઘ્નો ન પણ હોય તોપણ દિગ્મોહ જેવું ત્રીજું વિઘ્ન હોય તો તે મહાત્મા મોક્ષમાં જવાના અર્થી છે અને સામાન્યથી મોક્ષનો ઉપાય અસંગભાવ છે તેમ જાણે છે તોપણ પોતે જે કૃત્યો કરે છે તે કૃત્યો કઈ રીતે અસંગભાવને પ્રગટ કરી શકે અને કઈ રીતે સંગની પ્રાપ્તિનું કારણ બને તે વિષયમાં વ્યામોહ થાય તો બાહ્યથી તપ-ત્યાગાદિ કરીને પણ અસંગભાવમાં યત્ન કરવાને બદલે સંગની વૃદ્ધિ કરે છે. તેથી ઇષ્ટ નગરમાં જવાનો પથિક જેમ દિગ્મોહને કારણે ઉત્પથમાં જાય છે કે ગમન કરતો અટકે છે તેમ મોક્ષપથમાં જનાર પણ મહાત્મા મોહને કારણે ઉત્પથમાં જાય અર્થાત્ સંસારવૃદ્ધિના પથમાં જાય કે ગમનક્રિયારહિત બને અર્થાત્ અસંગભાવને અનુકૂળ યત્ન કરી શકે નહીં.

જે મહાત્માને આ ત્રણેય વિઘ્નો નથી તે મહાત્મા ભાવાજ્ઞાની પ્રાપ્તિના બળથી સુખપૂર્વક સ્વશક્તિ અનુસાર ઇષ્ટનગર તરફ જાય છે અર્થાત્ આત્મામાં પોતાના સ્વરૂપના અવસ્થાનરૂપ જે આત્માને ઇષ્ટનગર છે તેને પ્રાપ્ત કરવા માટે ઉદ્યમ કરે છે. આથી અવિરતસમ્યગ્દષ્ટિ જીવો પણ પોતાની શક્તિ અનુસાર જિનવચનથી ભાવિત થઈને વિરતિઆપાદક કર્મોને શિથિલ-શિથિલતર કરતા હોય તો અને તે પ્રવૃત્તિમાં આ ત્રણ પ્રકારનાં વિઘ્નો ન હોય તો અવશ્ય ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા આત્મસ્વરૂપમાં અવસ્થાનરૂપ ઇષ્ટનગરમાં જાય છે છતાં ગુણસ્થાનકની વૃદ્ધિ કરવામાં પણ સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ અતિ આવશ્યક છે. જે સ્થાનમાં જે અંશથી સૂક્ષ્મ બોધ પ્રવેશ ન પામે તે સ્થાનમાં તે જીવ પ્રયત્ન કરી શકે નહીં. આથી જ છઠ્ઠા ગુણસ્થાનકવાળા મહાત્મા સદા સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ કરવા અર્થે યત્ન કરીને સૂક્ષ્મ મિથ્યાત્વના પરિહાર માટે યત્ન કરે છે એ પ્રકારે 'પંચવસ્તુક' ગ્રંથમાં અનશનના અધિકારમાં કહેલ છે. **॥૨૬૨॥**

અવતરણિકા :-

અધુના પ્રાક્પ્રતિપાદિતપ્રતિબન્ધાનધિકૃત્ય દૃષ્ટાન્તેનાહ –

અવતરણિકાર્થ :-

હવે પૂર્વમાં પ્રતિપાદન કરાયેલ પ્રતિબંધોને આશ્રયીને દૃષ્ટાંતથી તે પ્રતિબંધોના સ્વરૂપને કહે છે –

ગાથા :-

मेहकुमारो एत्थं डहणसुरो चेव अरिहदत्तो य ।
आहरणा जहसंखं विन्नेया समयनीतीए ।।२६३।।

અન્વયાર્થ :-

एत्थं=અહીં=મોક્ષપથમાં વર્તતાં વિઘ્નોમાં, मेहकुमारो=મેઘકુમાર, डहणसुरो चेव=અને દહનસુર, अरिहदत्तो य=અને અર્હદ્દત્ત, जहसंखं=યથાસંખ્ય, समयनीतीए=સમયનીતિથી=શાસ્ત્રવચનથી, आहरणा विन्नेया= ઉદાહરણો જાણવાં. ॥૨૬૩॥

ગાથાર્થ :-

અહીં=મોક્ષપથમાં વર્તતાં વિઘ્નોમાં, મેઘકુમાર અને દહનસુર અને અર્હદ્દત્ત યથાસંખ્ય સમયનીતિથી=શાસ્ત્રવચનથી, ઉદાહરણો જાણવાં. ॥૨૬૩॥

ટીકા :-

मेघकुमारोऽत्र प्रतिबन्धे प्रतिज्ञापयितुमुपक्रान्ते, तथा, दहनसुरश्चैव द्वितीयः, अर्हद्दत्तश्च तृतीयः 'आहरण'त्ति उदाहरणानि यथासंख्यं कण्टकादिप्रतिबन्धेषु विज्ञेयाः समयनीत्या ज्ञाताधर्मकथादिसिद्धान्तस्थित्या ।।२६३।।

ભાવાર્થ :-

ગાથા-૨૬૧માં કહેલ કે મોક્ષમાર્ગમાં પ્રસ્થિત મહાત્માઓને પણ કંટક, જ્વર અને મોહ સમાન ત્રણ વિઘ્નોની પ્રાપ્તિ છે જેથી મોક્ષપથના ગમનમાં વિલંબન થાય છે. તેમાં કંટકરૂપ વિઘ્નસ્થાનમાં મેઘકુમારનું દૃષ્ટાંત આગમમાં પ્રસિદ્ધ છે. જ્વરરૂપ વિઘ્નસ્થાનમાં આગમમાં દહનસુરનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે અને દિગ્મોહરૂપ વિઘ્નસ્થાનમાં અર્હદ્દત્તનું દૃષ્ટાંત આગમમાં પ્રસિદ્ધ છે જે દૃષ્ટાંતો ગ્રંથકારશ્રી સ્વયં આગળ બતાવે છે. **॥૨૬૩॥**

અવતરણિકા :-

तत्र मेघकुमारोदाहरणमादावभिधित्सुर्गाथानवकमाह —

અવતરણિકાર્થ :-

ત્યાં મેઘકુમારના ઉદાહરણને આદિમાં કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી નવ(દસ) ગાથાને કહે છે —

ગાથા :-

रायगिहे सेणिए धारणी य गयसुमिण दोहलो मेहे ।
अभए देवाराहण संपत्ती पुत्तजम्मो य ।।२६४।।१।।
मेहकुमारो नामं सावगसंवेगओ य पव्वज्जा ।
संकुडवसहीसेज्जा राओ पादादिघट्टणया ।।२६५।।२।।
कम्मोदयसंकेसो गिहिगोरव तीमि तहिं चिंता ।
गोसे वीराभासण सच्चंति न जुत्तमेयं ते ।।२६६।।३।।
जमिओ उ तइय जम्मे तमासि हत्थी सुमेरुपहनामा ।
वुड्ढो वणदवदड्ढो सरतित्थे अप्पसलिलम्मि ।।२६७।।४।।
गयभिन्नो वियणाए सत्तदिण मओ पुणो गजो जाओ ।
मेरुप्पभजूहवईवणदव जातीसर विभासा ।।२६८।।५।।
वासे थंडिलकरणं कालेण वणदवे तहिं ठाणं ।
अन्नाण वि जीवाणं संवट्टे पायकंडूयणं ।।२६९।।६।।
तद्देसे ससठाणे अणुकंपाए य पायसंवरणं ।
तह भवपरित्तकरणं मणुयाउ य ततियदिणपडणं ।।२७०।।७।।

एत्थं जम्मो धम्मो तम्मि मयकलेवरेसिगालाई ।
तह सहणाओ जह गुणो एसोत्ति गओय संवेगं ।।२७१।।८।।
मिच्छादुक्कडसुद्धं चरणं काउं तहेव पव्वज्जं ।
विजओववाओ जम्मंतरम्मि तह सिज्झणा चेव ।।२७२।।९।।
कंटगखलणातुल्लो इमस्स एसो त्ति थेवपडिबंधो ।
तत्तो य आभवंपि हु गमणं चिय सिद्धिमग्गेण ।।२७३।।१०।।

अन्वयार्थ :-

रायगिहे=राजगृही नगरमां, सेणिए धारणी य=श्रेणिक राजा अने धारिणी राणी, गयसुमिण=गजनुं स्वप्न, मेहे दोहलो=मेघनो दोहलो, अभए देवाराहण संपत्ती=अभय द्वारा देवआराधनाथी पूरो कराયो. पुत्तजम्मो य=अने पुत्रजन्म थयो.

मेहकुमारो नामं=मेघकुमार नाम करायुं. सावगसंवेगओ य=श्रावक छतां संवेगने कारणे=भगवाननी देशनाथी संवेगने कारणे, पव्वज्जा=प्रव्रज्या, संकुडवसहीसेज्जा=संकीर्ण वसतिमां द्वार पासे शय्या. राओ=रात्रिमां, पादादिघट्टणया=पादादि घट्टनने कारणे.

कम्मोदयसंकेसो=कर्मोदयथी संक्लेश=मेघकुमारने संक्लेश थयो. गिहिगोरव तीमि='गृहस्थावस्थामां आ साधुओ मारुं गौरव करता हता,' तहिं='तेथी त्यां=घरमां जाउं,' चिंता=એ प्रमाणे चिंता, गोसे वीराभासण=सवारना वीर भगवान वडे कहेवायुं='रात्रिमां तें आ प्रमाणे चिंतवन कर्युं' એ प्रमाणे भगवान वडे सवारे कहेवायुं. सच्चंति='એ सत्य छे' એम मेघकुमार वडे स्वीकारायुं. न जुत्तमेयं ते= (भगवाने कह्युं –) 'तने आ युक्त नथी.'

जं=જે कारणथी, इमो उ तइय जम्मे तमासि हत्थी सुमेरुपहनामा=आ भवथी त्रीजा भवमां तुं सुमेरु-प्रभ नामनो हाथी हतो. वुड्ढो वणदवदड्ढो=वृद्ध थयो छतो वनदवथी दग्ध थयो. अप्पसलिलम्मि सरतित्थे=अल्प पाणीवाळा तरी न शकाय એवा सरोवरमां=कादवबहुल એवा सरोवरमां तुं ઊतर्यो.

गयभिन्नो=गजो वडे भेदायो=बीजा हाथीओ वडे भेदायो, वियणाए सत्तदिण मओ=वेदनाथी सात दिवस रहीने मर्यो. पुणो गजो जाओ=फरी पण हाथी थयो. मेरुप्पभजूहवई=मेरुप्रभ नामनो यूथपति थयो. वणदव जातीसर=वनदवने जोईने जातिस्मरणज्ञान थयुं. विभासा=विभाषा थई=જે प्रકारे 'पूर्वभवमां वनदवथी मर्यो એ कारणथी प्रतिविधान हुं करुं' એ प्रકारनी तने विभाषा थई.

वासे=वर्षाकाळ थये छते, थंडिलकरणं=स्थंडिलनुं करण=शुद्धभूमिनुं करण, कालेण वणदवे=काळे वनदव थये छते, तहिं ठाणं=त्यां स्थान=तुं त्यां गयो. अन्नाण वि जीवाणं=अन्य पण जीवोनुं (त्यां आगमन), संवट्टे=संवर्त थये छते=એ स्थानमां घणो पशुसमूह એकठो थये छते, पायकंडूयणं=पगथी

(તારા વડે) ખણજ કરવાનો પ્રારંભ.

તદ્દેસે=તે દેશમાં=પાદદેશમાં, સસઠાણે=સસલાનું સ્થાન, અણુકંપાએ ય પાયસંવરણં=અને અનુકંપાથી (તારા વડે) પાદનું સંવરણ કરાયું. તહ ભવપરિત્તકરણં=અને ભવનું પરિમિતકરણ, મણુયાઉ ઉ=વળી, મનુષ્યાયુનો બંધ, તતિયદિણપડણં=ત્રીજા દિવસે પતન=તું ભૂમિ પર પટકાયો અને ત્યાં જ મૃત્યુ પામ્યો.

એત્થં=અહીં=રાજગૃહીમાં, જમ્મો=જન્મ, ધમ્મો=ધર્મ=ચારિત્રની પ્રાપ્તિરૂપ ધર્મ, તમ્મિ મયકલેવરે=તે મૃતકલેવરમાં=હાથીના મડદામાં, સિગાલાઈ=શૃગાલાદિના ભક્ષણથી, તહ સહણાઓ=તે પ્રકારે સહનને કારણે, જહ એસો ગુણો=જે પ્રકારે આ ગુણ થયો=પ્રવ્રજ્યાલાભરૂપ આ ઉપકાર થયો, ત્તિ ગઓ ય સંવેગં=એ સાંભળીને વળી સંવેગને પામ્યો=મેઘકુમાર સંવેગ પામ્યો.

મિચ્છાદુક્કડસુદ્ધં='મિથ્યા દુષ્કૃત શુદ્ધ મને થાઓ,' ચરણં કાઉં=ચરણને કરીને=એ પ્રમાણે પ્રાયશ્ચિત્તથી ચરણને કરીને, તહેવ પવ્વજ્જં=તે પ્રમાણે જાવજ્જીવ પ્રવ્રજ્યાને કરીને, જમ્મંતરમ્મિ વિજઓવવાઓ=જન્માંતરમાં વિજય વિમાનમાં ઉપપાત, તહ સિજ્ઝણા ચેવ=અને સિદ્ધિને પણ પામશે.

કંટગખલણાતુલ્લો=કંટકસ્ખલનાતુલ્ય, ઇમસ્સ=આનો=મેઘમુનિનો, એસો=આ=ચિત્તસંક્લેશ, ત્તિ થેવપડિબંધો=એ થોડો પ્રતિબંધ છે. તત્તો ય=અને ત્યારપછી=પ્રતિબંધ નિવર્તન થયા પછી, આભવંપિ=આ ભવ સુધી, હુ ગમણં ચિય સિદ્ધિમગ્ગેણ=સિદ્ધિમાર્ગથી ગમન જ છે. ॥૨૬૪થી ૨૭૩॥

ગાથાર્થ :-

રાજગૃહી નગરમાં શ્રેણિક રાજા અને ધારિણી રાણી, ગજનું સ્વપ્ન, મેઘનો દોહલો, અભય દ્વારા દેવઆરાધનાથી પૂરો કરાયો અને પુત્રજન્મ થયો.

મેઘકુમાર નામ કરાયું. શ્રાવક છતાં સંવેગને કારણે=ભગવાનની દેશનાથી સંવેગને કારણે, પ્રવ્રજ્યા, સંકીર્ણ વસતિમાં દ્વાર પાસે શય્યા. રાત્રિમાં પાદાદિ ઘટ્ટનને કારણે.

કર્મોદયથી સંક્લેશ=મેઘકુમારને સંક્લેશ થયો. 'ગૃહસ્થાવસ્થામાં આ સાધુઓ મારું ગૌરવ કરતા હતા, તેથી ત્યાં=ઘરમાં જાઉં,' એ પ્રમાણે ચિંતા, સવારના વીર ભગવાન વડે કહેવાયું= 'રાત્રિમાં તેં આ પ્રમાણે ચિંતવન કર્યું' એ પ્રમાણે ભગવાન વડે સવારે કહેવાયું. 'એ સત્ય છે' એમ મેઘકુમાર વડે સ્વીકારાયું. ભગવાને કહ્યું – 'તને, આ યુક્ત નથી.'

જે કારણથી આ ભવથી ત્રીજા ભવમાં તું સુમેરુપ્રભ નામનો હાથી હતો. વૃદ્ધ થયો છતો વનદવથી દગ્ધ થયો. અલ્પ પાણીવાળા તરી ન શકાય એવા સરોવરમાં=કાદવબહુલ એવા સરોવરમાં, તું ઊતર્યો.

ગજો વડે ભેદાયો=બીજા હાથીઓ વડે ભેદાયો, વેદનાથી સાત દિવસ રહીને મર્યો. ફરી પણ હાથી થયો. મેરુપ્રભ નામનો યૂથપતિ થયો. વનદવને જોઈને જાતિસ્મરણજ્ઞાન થયું. વિભાષા થઈ=જે પ્રકારે 'પૂર્વભવમાં વનદવથી મર્યો એ કારણથી પ્રતિવિધાન હું કરું' એ પ્રકારની તને

વિભાષા થઈ.

વર્ષાકાળ થયે છતે સ્થંડિલનું કરણ=શુદ્ધભૂમિનું કરણ, કાળે વનદવ થયે છતે ત્યાં સ્થાન=તું ત્યાં ગયો. અન્ય પણ જીવોનું ત્યાં આગમન, સંવર્ત થયે છતે=એ સ્થાનમાં ઘણો પશુસમૂહ એકઠો થયે છતે, પગથી તારા વડે ખણજ કરવાનો પ્રારંભ.

તે દેશમાં=પાદદેશમાં, સસલાનું સ્થાન અને અનુકંપાથી તારા વડે પાદનું સંવરણ કરાયું. અને ભવનું પરિમિતકરણ. વળી, મનુષ્યાયુનો બંધ. ત્રીજા દિવસે પતન=તું ભૂમિ પર પટકાયો અને ત્યાં જ મૃત્યુ પામ્યો.

અહીં=રાજગૃહીમાં, જન્મ, ધર્મ=ચારિત્રની પ્રાપ્તિરૂપ ધર્મ, તે મૃતકલેવરમાં=હાથીના મડદામાં, શૃગાલાદિના ભક્ષણથી તે પ્રકારે સહનને કારણે જે પ્રકારે આ ગુણ થયો=પ્રવ્રજ્યાલાભરૂપ આ ઉપકાર થયો, એ સાંભળીને વળી સંવેગને પામ્યો=મેઘકુમાર સંવેગ પામ્યો.

'મિથ્યા દુષ્કૃત શુદ્ધ મને થાઓ,' ચરણને કરીને=એ પ્રમાણે પ્રાયશ્ચિત્તથી ચરણને કરીને, તે પ્રમાણે જાવજ્જીવ પ્રવ્રજ્યાને કરીને, જન્માંતરમાં વિજય વિમાનમાં ઉપપાત અને સિદ્ધિને પણ પામશે.

કંટકસ્ખલનાતુલ્ય આનો=મેઘમુનિનો, આ=ચિત્તસંક્લેશ, એ થોડો પ્રતિબંધ છે. અને ત્યારપછી= પ્રતિબંધ નિવર્તન થયા પછી આ ભવ સુધી સિદ્ધિમાર્ગથી ગમન જ છે. ।।૨૬૪થી ૨૭૩।।

ટીકા :-

उत्तुंग धवलपासायपंतिमालियनहंगणाभोयं । भोयपरलोयसंवासतुलियसुरलोयसिरिसोहं ।।१।। रायगिहं नाम पुरं पुराणमइरम्मयं पुराणं च । अत्थि समत्थमहीयलमज्झपवित्थरियगुणसत्थं ।।२।। तत्थासि सेणिओ नाम नरवई रायलक्खणसणाहो । निययभुयालाणनिलीणजणियपरसंपयकरेणू ।।३।। सव्वगुणधारिणी तस्स धारिणी णामिगा पिया आसि । ससिमण्डलामलमुही अहीणनिस्सेसचंगंगी ।।४।। सा अन्नया रइहरे गंगापुलिणुज्जले विसालम्मि । सिज्जातले पसुत्ता पासइ निसिमज्झभागम्मि ।।५।। चउदंतमुम्मयं तं संतं मयसलिलमविरलपवाहं । रययगिरिगोरकायं गरुयं गयणादवतरंतं ।।६।। नियवयणे पविसंतं सिंधुरमुद्धुरकरं सुरम्मतणू । तक्खणमेव विउद्धा तं सुमिणं माणसे ठविउं ।।७।। सेणियसमीवमुवगम्म कोइलालावकोमलगिराहिं । तं पडिबोहिय साहइ जहा मए एरिसो सुमिणो ।।८।। उवलद्धो तत्थ फलं केरिसमेसो सभावबुद्धीए । आलोचिऊण भासइ मन्ने ते पिययमे! होही ।।९।। कुलमउलिमणी कुलकप्पपायवो कुलणिहाणमणहं च । पुत्तो पवित्तचरियत्तणेण संपत्तवरकित्ती ।।१०।। इय जंपियाऽवसाणे विसज्जिया पडिगया नियं सेज्जं । कुसुमिणदंसणभीया विमुक्कनिद्दा रयणिसेसं ।।११।। धम्मियकहाहिं संखुज्जलाहिं चित्ताहिं नेउमारद्धा । पत्ते पभायसमए सुमिणवियाणगजणे अट्ठ ।।१२।। सद्दावेइ नरवई सुहासणेसुं कओवयारेसु । सव्वेवि सुहनिसन्ने

पुच्छइ जह एयसुविणस्स ।।१३।। धारिणीदेवीदिट्ठस्स किं फलं तेवि सुमिणसत्थाइं । नियया इं परोप्परमूहिऊण उप्फुल्लमुहकमला ।।१४।। भासंति सामि! माया जिणाण चक्कीण करिवराईए । पासेइ चउदस इमे सुमिणे कयमंगलकलावे ।।१५।। गय-वसह-सीह-अभिसेय-दाम-ससि-दिणयरं झयं कुंभं । पउमसर-सागर-विमाणभवण-रयणुच्चय सिंहिं च ।।१६।। जा पुण केसवजणणी सा सत्त इमेसिमन्नतरगे उ । बलजणणी पुण चउरो एगं मंडलियमायाओ ।।१७।। तग्गब्भलाभकाले ता एयाए सुओ वरो होही । समयम्मि रज्जसामी राया होही मुणी अहवा ।।१८।। लद्धपोढजीवणवित्ति तो ते गया सगेहेसु । सा गुण धारिणी देवी सुहेण तं गब्भमुव्वहइ ।।१९।। मासेसु तिसु गएसुं अकालजलवाहडोहलो जाओ । तीसे जहा अहं हत्थिरायसेयणगमारूढा ।।२०।। उवरि धरियायवत्ता सेणियरायन्निया सपरिवारा । पाउसलच्छीविच्छड्डमंडिए नगरमज्झम्मि ।।२१।। वइभारगिरिपरिसरे तह बाहि सव्वओ वहंतीसु । गिरिनिन्नगासु नच्चंतएसु सिहिमंडलेसु तहा ।।२२।। उद्दंडविज्जुदंडाडंबरपरिमंडिए दिसाचक्के । दद्दुरकुलारवाऊरिएसु नहविवरभागेसु ।।२३।। सुयपिच्छसच्छएहिं समंतओ मालिए धरणिवलए । हरियंकुरेहिं वित्थारिएहिं जह नीलवत्थेहिं ।।२४।। धवलवलाहयपंतीसंचरणालंकियासु य दिसासु । सव्वालंकारधरा हिंडामि अहं जइ, कयत्थं ।।२५।। मन्नामि जम्ममेयं, अपूरमाणम्मि तम्मि संदेहे । जाया दुब्बलदेहा दूरं विच्छायवयणा य ।।२६।। अंगपडिचारियाहिं तं तदवत्थं पलोइय निवस्स । साहियमज्ज जहा देव! देवी दीसइ निरभिरामा ।।२७।। इय देवीवुत्तंतं सोउं राया ससंभमो संतो । गंतुं तीए समीवे एवं भणिउं समाढत्तो ।।२८।। दुव्वारवेरियपराजिएसु वइरीसु मइ फुरंतम्मि । कोणु पराभवमिहकाउमीसरो तुज्झ सुविणेवि ?।।२९।। पणयब्भंसो वि ममाउ नत्थि सइ जीवियाओ अहियाए । इच्छामेत्ताणंतरसंपाइयचिंतियत्थाए ।।३०।। तव चरणकमलभसरे सयले सयलाभिलासकरणसहे । देवि! सहीलोगम्मि वि दढं सढत्तं न पेच्छामो ।।३१।। तव आणाभंगोवि हु संभाविज्जइ न बंधुलोगम्मि । तह किंकरेसु किं किं करेसु इय जंपमाणेसु ।।३२।। संतोसपोसपडिघायगेसु एएसु ते असंतेसु । उव्वेयकारणं किं कहेसु सरइंदुसोममुहि! ।।३३।। इय सेणिएण पुट्ठा सा देवी परिकहेइ जह सामि! । मज्झं अकालजलवाहगोयरो डोहलो जाओ ।।३४।। मा तम्मसु जह सज्जो संपज्जइ एस तह जइस्सामि । चिंतासल्लपिसल्लो तस्स महल्लो तओ लग्गो ।।३५।। अत्थाणे य निविट्ठो दूरं स विलक्खदिट्ठिसंचारो । दिट्ठोऽभएण पुट्ठो किं विमणा संपयं तुम्हे ?।।३६।। परिकहियं जह एसो असज्झरूवो मणोरहो जाओ । तव चुल्लमाउयाए तस्सोवाओ न कोइत्ति ।।३७।। तक्खणलद्धोवाएण तेण भणियं लहुं पसाहेमि । तुब्भे अच्छह उच्छिन्नकज्जचिंताभरा संता ।।३८।। तक्खणमेव पविट्ठो पोसहसालाए विहियउववासो । कुससंथारोवगओ परिवूढपगब्भ-

बंभवओ ।।३९।। सो पुव्वस्संगयामरआराहणकारणा तओ तइए । दिवसे पभायसमयम्मि सो सुरो पयडियसरूवो ।।४०।। दिव्वंबरनेवत्थो रयणाभरणंसुपूरियदिसोहो । चलचारुकुंडलधरो ससिव्व सणिमंगलसहाओ ।।४१।। दिप्पंतवियडमउडो सूरद्धासियसिरो हिमगिरिव्व । आजाणुविलंबिरदिव्व-कुसुमवणमालसोहिल्लो ।।४२।। जंपइ सप्पणयमओ किं कज्जं तोऽभओ पडिभणेइ । मम चुल्लमाउयाए इमेरिसो डोहलो जाओ ।।४३।। ता जह पडिपुन्निच्छा संजायइ तह तुमं लहु करेहि । आमंति भणिय तक्खणविउव्विउद्दामघणमालो ।।४४।। निस्सेसपाउससिरिं दाविय संमाणियम्मि डोहलए । देवीए सो पडिगओ जहागयं सावि नव मासे ।।४५।। किंचहिए अतिवाहियवाहिविओगाइएहिं परिहीणा । सव्वंगोवंगविरायमाणमंगुब्भवं जणइ ।।४६।। उच्चट्ठाणठिएसु गहेसु संतासु वाउधूलीसु। एत्तोच्चियसुपसन्ने नहम्मि सव्वासुविदिसासु ।।४७।। वद्धावएणं पारद्धमुद्धुरं सयलनगरसामन्नं । दिज्जंतभूरिदाणं वज्जंतणवज्जतूरगणं ।।४८।। उस्सुक्कमुक्करं भडपवेससुन्नं अदंडिमकुदंडं । मुत्ताहलविरइयसत्थियं व जायं पुरं सव्वं ।।४९।। पत्ते दसाहदिवसे संमाणियबंधवे सुहिगणे य । अम्मापिऊहिं मेहोत्ति नामं संठावियं तस्स ।।५०।। चंकमणाइमहूसवसहस्सपरिलालिओ गिरिगउव्व। चंपयतरू स लग्गो वित्थरिउं देहसोहाए ।।५१।। सो समए सयलकलाकलावकुसलो विसालसिरिनिलयं। पत्तो तारुण्णमणूण्णपुण्णलायण्णजलरासिं ।।५२।। तत्तो तुल्लकलाओ तुल्लगुणाओ य तुल्लकायाओ । कन्नासु अट्ठसु सिलिट्ठएण वीवाहिओ विहिणा ।।५३।। एक्केक्को पासाओ सेणियरन्ना विइन्नओ तासिं । तह रूप्पसुवन्नाणं कोडी पत्तेयमन्नं च ।।५४।। ईसरजणगिहजोग्गं जं किंचि होइ वत्थु तं सव्वं । अट्ठगदाएण खणे पणामियं तम्मि नरवइणा ।।५५।। ताहिं समं सो विसए विसायविसवेग-विरहिओ संतो । भुंजइ देवो दोगुंदुगोव्व देवालए जाव ।।५६।। ताव भुवणेक्कभाणू साणुक्कोसो जियाण सव्वाण । अरिहा अपच्छिमो वद्धमाणसामी समोसरिओ ।।५७।। उज्जाणे गुणसिलए लद्धपउत्ती सपरियणो राया । वंदणहेउं नयराओ निग्गओ सग्गसामीव ।।५८।। तह मेहोवि कुमारो अस्सरहं चारुघंटमारूढो । पप्फुल्ललोयणेणं दिट्ठो नमिओ तिलोयगुरू ।।५९।। कहिओ धम्मो जह जलियजलणजालासमाउले गेहे । नो जुत्तमवट्ठाणं सुबुद्धिणो तह इमम्मि भवे ।।६०।। जम्मजरामरण-करालियम्मि पियविप्पओगविरसम्मि । विज्जुज्जोइव्व चले तुसखंडणम्मि व असारम्मि ।।६१।। अइदुलहं नरजम्मं रम्मं तहवि विसमा इमे विसया । सव्विंदियनिग्गहपुव्वमायरो समुचिओ धम्मे ।।६२।। पहियसमागमसरिसा सव्वेवि य संगमा दुरंता य । जीवियमवि मरणंतं विज्झावणमस्स तो जुत्तं ।।६३।। एयं विज्झावेउं तत्तो जिणधम्मवारिवाहाओ! अत्थि समत्थो कत्थइ ता सो सम्मं गहेयव्वो ।।६४।। इय देसणावसाणे पडिबुद्धेसुं बहूसु पाणीसु । अंसुजलकलियनयणो रोमंचंकुरियसव्वंगो

।।६५।। दाउं पयाहिणातिगमभिवंदिय भासए इमं मेहो । जं तुब्भे वयह न सव्वहेव तं किंचि अलियंति ।।६६।। इच्छामि तुम्हमंते निक्खमिउमिमाओ भवमसाणाओ । जं नवरि जणगलोयं पुच्छामि तओ गओ सगिहं ।।६७।। भणइ जणणिं अहम्मो! भगवं अभिवंदिओजिणो वीरो । निसुओ य तस्स धम्मो कन्नसुहो अमयसारिच्छो ।।६८।। सा तं पडिभणइ तओ जाया! कयलक्खणो तुमं एगो । तं चेव य सकयत्थो अज्जं संपत्तपुण्णिच्छो ।।६९।। जेण जगदेक्कगुरुणो तिलोयचूडामणिस्स गुणनिहिणो । पयकमलं वच्छ! तए निहालियं वियसियमणेण ।।७०।। भणियं मेहेण तओ इच्छामी भयवओ चरणमूलं । गिहवासाओ इमाओ निक्खमिउं तिक्खदुक्खाओ ।।७१।। खरपरसुपहय-चंपयलयव्व सा ज्झत्ति धरणिवीढम्मि । पडिया विहडियसव्वंगभूसणा भग्गसोहग्गा ।।७२।। पवणेण सीयलजलेहिं तह य बहलेहिं चंदणरसेहिं । सित्ता सुबुहुं तह तालविंटपरिवीइया संती ।।७३।। उम्मीलियनयणजुया पच्चागयचेयणा भणइ तणयं । उंबरपुप्फंव तुमं सुदुल्लहो कहवि मे लद्धो ।।७४।। ता जाव अहं जीवामि ताव एत्थेव निव्वओ वससु । तुह विरहे जेण लहुं जीयं मे जाति कुलतिलय! ।।७५।। परलोयंतरियाए मइ पवज्जं तुमं करेज्जासि । एवं च कए सुंदर! कयन्नुयत्तं कयं होइ ।।७६।। (मेघः-) जलबुब्बुयविज्जुलयाकुसग्गजलधयवडोवमाणम्मि । मणुयाण जीविए मरणमग्गओ पच्छओ वावि ।।७७।। को जाणइ कस्स कहं होही बोही सुदुल्लहो एसो । ता धरियधीरिमाए अंबाए अहं विमोत्तव्वो ।।७८।। (धारिणी-) सुकुलुग्गयाओ सुमणोहराओ लायन्नसलिलसरियाओ । निम्मलकलालयाओ सुवन्नतारुन्नपुन्नाओ ।।७९।। मियमहुरभासिणीओ लज्जामज्जायगुणमणोज्जाओ । सरइंदुसममुहीओ नीलुप्पलपत्तनयणाओ ।।८०।। एयाओ अट्ठ वीवाहियाओ जायाओ तए निवसुयाओ । उवणीयनिउणविणयाओ, ताहिं सद्धिं तुमं विसए ।।८१।। पंचपयारे सारे परिभुंजसु वट्टिए नियकुलम्मि । एगंतेण वितण्हो पच्छा पव्वज्जमणुसरसु ।।८२।। (मेघः-) असुइट्ठाणमिमाओ असुईओ च्चिय पव्वत्तजम्माओ । असुइकओवट्टंभाओ चेव को मुणियपरमत्थो ।।८३।। एयासु रमेज्ज अणज्जकज्जसज्जासु पायमित्थीसु । तह रोगजरापरिजज्जरासु मरण-वसाणेसु?।।८४।। (धारिणी-) पुरिसपरंपरपत्तं वित्तमिणं पुत्त! ताव माणेहि । दित्रे दीणाईणं भुत्ते सह बंधुलोएणं ।।८५।। उच्छलियातुच्छजसो बंदिजणुग्गीयमाणगुणनिवहो । पच्छा वयं पवज्जसु विमुक्कतरुणत्तणो संतो ।।८६।। (मेघः-) दाइयजलग्गिसाहारणेसु तह सरितरंगतुल्लेसु । मइमं अत्थेसु न कोइ एत्थ पडिबंधमुव्वहइ ।।८७।। (धारिणी-) जह खग्गग्गसिहाए चंकमणं दुक्करं तहा पुत्त! । वयपरिपालणमेवं विसेसओ तुज्झ सरिसाणं ।।८८।। (मेघः-) जा अकयव्ववसाओ पुरिसो ता दुक्करं परं सव्वं । उज्जमधणाण धणियं सव्वं सज्झंतु पडिहाइ ।।८९।। एवं कयनिब्बंधं जणणिं बंधवजणं तहा सव्वं । पव्वज्जापडिकूलं भासंतमणुत्तरं काउं ।।९०।। चित्तेहिं जुत्तिसयसंजुएहिं

विणओवयार कलिएहिं । पच्चुत्तरेहिं एत्तो अप्पा मोयाविओ तेणं ।।९१।। संतपरिच्चायकरी कायरजणजणियविम्हउक्करिसा । दिक्खा समत्थभवदुक्खमोक्खदक्खा तओ गहिया ।।९२।। विहिया जिणेण करणिज्जवत्थुविसया मणोहरा रावा । पण्णवणा जह एवं सोम! तए चिट्ठणिज्जंति ।।९३।। उवणीओ गणवइणो संज्झासमए कमाणुसारेण । संथारगभूमीसुं विभज्जमाणीसु मेहस्स ।।९४।। जाया दुवारदेसे सा साहूणं अइंतनिंताणं । कारणवसेण पायाइएहिं संघट्टियस्स दढं ।।९५।। अच्छिनिमीलणमेत्तंपि नेव जायं निसाए चिंतेइ । जइया गिहवासगओ सगउरवो आसि एएसिं ।।९६।। इण्हिं वितण्हचित्ता एवमिमे परिभवंति मं मुणिणो । तो दुक्करं मुणित्तणमसक्कणिज्जं ममं भाइ ।।९७।। पुच्छित्ता भयवंतं पभायसमए गिहं पुणो जामि । अह साहूहिं समेओ सूरुग्गमणे जिणसयासे ।।९८।। भत्तीए वंदित्ता सामिं ठाणे नियम्मि उवविट्ठो । संभासिओ य अरहा जह मेह! इमेरिसो राओ ।।९९।। जाओ मणे वियप्पो जह गेहमईमि नेव ते जोग्गं । चिंतेउमिमं जं तं तइयभवे कुंजरो आसि ।।१००।। एत्थेव भरहवासे वेयड्ढगिरिस्स पायमूलम्मि । वणवासिकयसुमेरुप्पहनामो पुन्नसव्वंगो ।।१०१।। जूहसहस्साहिवई निच्चं चिय रइपसत्तचित्तो य । कलभेहिं कलभियाहि य अच्चंतमणप्पियाहिं समं ।।१०२।। गिरिकुहरेसु वणेसुं नईसु तह उज्झरेसु सरसीसु । अखंडचंडभावो आहिंडंतो अह कयाइ ।।१०३।। पत्तम्मि गिम्हकाले खरेसु फरुसेसु दारुणेसु तहा । उच्छलियातुच्छर-ओभरेसु वाएसु सव्वत्तो ।।१०४।। वायंतेसु परोप्परसंघरिसाभासुरं तरुगणेसु । दावानलमुप्पन्नं पाससि पलयानल सरिच्छं ।।१०५।। डज्झंतेसु वणेसुं सरणविहीणे पलायमाणे य । सव्वम्मि सावयगणे भीमारवभरियभुवणयले ।।१०६।। बहु धूमधूमलासुं दिसासु वणवण्हिणा समारद्धे । सव्वम्मि भासरासिं काउं तणकट्ठनियरम्मि ।।१०७।। तज्जालावलिदूमियदेहो संकुचियघोरकरपसरो। उम्मुक्कभेरवरवो च्छड्डंतो लिंडपिंडेय ।।१०८।। छिंदंतो वल्लिवियाणगाइ तण्हापरद्धसव्वंगो । परिचत्तजूहतत्ती पलायमाणो सरं एक्कं ।।१०९।। पत्तो अइतुच्छजलं कद्दमबहुलं अतित्थमोइन्नो । तत्थ जलमलभमाणो पंके खुत्तो अचायंतो ।।११०।। चलिउं पयमेत्तं पि हु दिट्ठो निव्वासिएण एक्केण । तरुणकरिणा सरोसं दसणेहिं सियग्गभागेहिं ।।१११।। भिन्नो पिट्ठपएसे दुव्विसहं वेयणं तओ पत्तो । जा सत्तदिणे वीसासमहियमेगं च वाससयं ।।११२।। जीवित्ता अट्टवसट्टमाणसो मरिउमह समुप्पन्नो । एत्थेव भारहे विंझसेलमूले गयत्ताए ।।११३।। चउदसणो उद्धुरनिययगंधपडिबद्धसेस-करिद्दप्पो सत्तंगपइट्ठाणो सरयब्भसमुज्जल्लसरीरो ।।११४।। कालेण जोयणभरं पत्तो सत्तयसयाइं दंतीणं । सबरजणेणं मेरुप्पहो त्ति संठवियनियनामो ।।११५।। लीलाए चंकमंतो नियपरियणपरिगओ वणे तत्थ । पेच्छेसि तुमं कइयावि गिम्हकाले वणदवग्गिं ।।११६।। लग्गमुदगं, जाईसरिया

तक्कालमेव पुव्विल्ला । अप्पा महया किच्छेण रक्खिओ ताओ दावाओ ।।११७।। परिभावियं तुमे तो दावो एसो सयावि गिह्यम्मि । होही ता पडियारं चिंतेमि अणागयं किंपि ।।११८।। पढमे पाउस-समए नियपरियणपरिगएण तो तुमए । गंगादाहिणकूले सव्वं रुक्खाइ फेडित्ता ।।११९।। एगंते सुमहंतं थंडिलमेग्गं कयं वणदवस्स । एगंतेणाजोग्गं पुणोवि तो पाउसस्संतो ।।१२०।। तं चेव नियपरियणसमन्निओ सव्वओ विसोहेसि । वासारत्तस्संते तं चेव पुणोवि तह चेव ।।१२१।। इय विहियसुत्थभावो पइवरिसं अन्नया तहेव दवे । जाए तुमं अइगओ सपरियणो थंडिले तत्थ ।।१२२।। अन्नेवि रण्णजीवा तत्थ पविट्ठा दवाओ संतट्ठा । तह जह कत्थइ कोइवि थेवंपि सहो न फंदेउं ।।१२३।। एगबिलम्मि जह गओ परोप्परं मुक्कमच्छरो वसइ । पाणिसमूहो तह चेव तेवि भयभूरिभावाओ ।।१२४।। तणुकंडुयणनिमित्तं अहन्नया ते कमो समुक्खित्तो । बलवंतपेल्लिओ तप्पएस मेक्को गओ ससओ ।।१२५।। दिट्ठो तए दयाए तक्खणमापूरियं मणं तुज्झ । धरिओ उक्खित्तो वि य पाओ नियपीडगणणाओ ।।१२६।। तीए दयाए अइदुक्कराए तुच्छीकओ भवो तुमए । मणुयाउयं निबद्धं लद्धं सम्मत्तबीयं च ।।१२७।। अड्ढाइज्जदिणंते उवसंते वणदवम्मि जीवगणे । निस्सरियम्मि पएसा ताओ पायं तुमं मोत्तुं ।।१२८।। जा चेट्ठसि ता थेरत्तणेण परिजुन्नपुन्नसव्वंगो । रुहिरा-ऊरियसंधिट्ठाणो दूरं परिकिलंतो ।।१२९।। वज्जाहउव्व सेलो धसत्ति धरणीयले तओ पडसि । दाहजराउरदेहो कागसिगालाइभक्खणओ ।।१३०।। तिक्खं वियणमुवगओ तिन्नि य राइंदियाणि जीवित्ता । वाससयमाउयं पालिऊण सुहभावणोवगओ ।।१३१।। कालं किच्चा इह धारिणीए कुच्छिंसि पुत्तभावेण । उववन्नो ता मेहा! तुमए एयारिसा वियणा ।।१३२।। सोढा तिरिएणावि हु अमुणियदुत्तरभवस्सरूवेण । ता अज्ज किमंग सहेसि नेव मुणिदेहसंघट्टं ?।।१३३।। सुयपुव्वभवो जाओ जाईसरणो खणेण सो ताहे । दूरुग्गयवेरग्गो हरिसंसुजलाउलच्छो य ।।१३४।। काउं पयाहिणतिगं वंदित्ता भावओ य भयवंतं । मिच्छादुक्कडपुव्वं भणइ मोत्तु ममच्छिजुगं ।।१३५।। जं सेसमंगमेयं दिन्नं साहूण तो जहिच्छाए । संघट्टंतु अभिग्गहमिय गिण्हइ सो मुणी मेहो ।।१३६।। एक्कारस अंगाइं अहिज्जिउं विहियभिक्खुपडिमो सो । गुणरयणवच्छरतवं काउं संलिहियसव्वंगो ।।१३७।। परिचिंतइ जाव जिणो सव्वसुहत्थी विहारमायरइ । ता चरमकालकिरिया काउं मे जुज्जए तत्तो ।।१३८।। आपुच्छइ भगवंतं जह अहयं सामि! तवविसेसेण । एएणुट्ठाणणिसीयणाइकट्ठेण काहामि ।।१३९।। तुम्हाणुन्नाए गिरिम्मि विउलनाममम्मि रायगिहबाहिं । एयम्मि अणसणविहिं विहेउमिच्छा मम समत्थि ।।१४०।। तो लद्धाणुन्नाओ खामित्ता समणसंघमन्नेहिं । कडजोगीहिं समेओ मुणीहिं सणियं समारुहइ ।।१४१।। तत्थ गिरिम्मि विसुद्धे सिलायले सयलसल्लविमुक्को । पालियपक्खाणसणो

विजयविमाणे समुप्पन्नो ।।१४२।। तस्स दुवालसवरिसो परियाओ सो तओ चुओ संतो । वासे महाविदेहम्मि सिज्झिही बुज्झिही झत्ति ।।१४३।।

अथ संग्रहगाथाक्षरार्थः—राजगृहे नगरे श्रेणिको नाम राजा धारिणी च तद्देवी 'गयसुमिण'त्ति गजस्वप्नस्तया दृष्टः ततस्तृतीये मासे दोहदो मेघविषयः समजायत । ततः 'अभए' इति अभयकुमारेण 'देवाराधनसंपत्ति' देवताराधनेन प्राप्तिस्तस्य कृता । पुत्रजन्म कालेन बभूव ।।२६४।।१।।

मेघकुमारो नाम तस्य कृतम् । श्रावकसंवेगतस्तु श्रावकस्य भगवदन्तिके धर्म्मं श्रुतवतः सतः प्रथमवेलायामपि यः संवेगो मोक्षाभिलाषलक्षणस्तस्मादेव प्रव्रज्या जातेति । 'संकुडवसति' द्वारे संकीर्णायां वसतौ द्वारदेशे शय्या संस्तारकभूमिरस्य संजाता ततो रात्रौ पादादिघट्टनया हेतुभूतया ।।२६५।।२।।

कर्म्मोदयसंक्लेशश्चारित्रमोहोदयात् संक्लेशो मालिन्यरूपो जातः । कथं 'गिहिगोरव'त्ति गृहिणो मम सत एते मे गौरवमकार्षुस्ततो व्रजामि 'तहिं'त्ति गृहे । इति चिन्ता समुत्पन्ना । 'गोसे वीराभासण'त्ति प्रभाते वीरेणाभाषणं कृतं यथा रात्रावित्थं भवांश्चिन्तितवानिति । सत्यमिति प्रतिपन्नं च तेनेति । उक्तं च भगवता न युक्तमेतत्तु इदं पुनस्ते इति ।।२६६।।३।।

यद्यस्मादितस्तु इत एव भवात् तृतीयजन्मनि त्वमासीर्हस्ती सुमेरुप्रभनामा । ततो वृद्धः सन् वनदवदग्धः सरोऽतीर्थेऽल्पसलिलेऽवतीर्ण्णः सन् ।।२६७।।४।।

गजभिन्नः दशनाभ्यां वेदनया 'सत्त दिण'त्ति सप्तदिनानि यावत् स्थित्वा मृतः । पुनर्गजो हस्ती जातः मेरुप्रभनामा यूथपतिः । 'वणदव'त्ति पुनर्दवे प्रवृत्ते जातिस्मरो जातः । ततो विभाषा विविधार्थभाषणरूपा वक्तव्या, यथा मया पूर्वभवे इतो वनदवाद् मरणं प्राप्तं ततः करोमि प्रतिविधानमिति ।।२६८।।५।।

वर्षे वर्षाकाले सञ्जाते स्थण्डिलकरणं तृणकाष्ठाद्यपनयनेन कालेन चोष्णकाललक्षणेन वनदवे प्रवृत्ते तत्र स्थण्डिले स्थानं स्थितिः सञ्जाता तस्य । अन्येषामपि जीवानां तत्र स्थानमिति सम्बध्यते । ततः संवर्त्तेऽत्यन्तसम्बाधलक्षणे वर्त्तमाने पादकण्डूयनं निजाङ्गस्य पादेन कण्डूयनमारब्धं भवतेति ।।२६९।।६।।

तद्देशे पादप्रदेशे शशस्थानं शशकजीवस्थितिर्जाता । अनुकम्पया त्वया पादसंवरणं विहितम् । तथेति समुच्चयार्थो भिन्नक्रमश्च । ततो भवपरीत्तकरणं संसारतुच्छभावसम्पादनं 'मणुयाउय'त्ति मनुष्यायुश्च निबद्धम् । तृतीये दिने पतनं भूमौ सम्पन्नमिति ।।२७०।।७।।

ततोऽत्र राजगृहे जन्म । धर्म्मश्चारित्रभावलक्षणः । तस्मिन् मृगकलेवरे मृगस्याटव्यजन्तोः सतः, अथवा मृगस्याप्रबुद्धस्य सतो यत् कलेवरं तत्र ये शृगालादयो जीवा भक्षकतया लग्नाः प्राग्भवे, तेषामिति गम्यते, तथासहनतो यथा लग्नाधिसहनाच्चकाराच्छशकानुकम्पया च गुण उपकार एषः प्रव्रज्यालाभलक्षण इत्येतच्छ्रुत्वा गतस्तु गतश्च संवेगम् ।।२७१।।८।।

मिथ्यादुष्कृतशुद्धं 'मिथ्यादुष्कृतं शुद्धं मेऽस्तु' एवंरूपप्रायश्चित्ताद् निर्मलं चरणमन्तश्चारित्र-परिणतिरूपं कृत्वा तथैव प्रव्रज्यां यावज्जीवमेव शुद्धप्रवृत्तिरूपाम्, विजयोपपातो विजयविमानोपपत्तिर्जन्मान्तरे तथा 'सिज्झणा चेव'त्ति सिद्धिश्च सम्पत्स्यत एव ।।२७२।।९।।

कण्टकस्खलनातुल्यो मार्ग्गे प्रवृत्तपथिककण्टकवेधसमोऽस्य मेघमुनेरेष इति चित्तसंक्लेशः । 'कीदृश' इत्याह—स्तोकप्रतिबन्धः परिमितविघ्नकारी । ततश्च प्रतिबन्धाद् उद्वृत्ताद् उत्तरकालं आभवमपि च गमनमेव सिद्धिमार्ग्गेण सम्यग्दर्शनादिरूपेण ।।२७३।।१०।।

ભાવાર્થ :-

જે મહાત્મા મોક્ષના અત્યંત અર્થી છે અને મોક્ષપથમાં ગમન માટે પ્રવૃત્ત છે તેઓ શક્તિના પ્રકર્ષથી અવશ્ય મોક્ષપથમાં ગમન કરે છે તેમ મેઘકુમાર પણ નિર્મળ દૃષ્ટિવાળા હોવાથી મોક્ષના અર્થી હતા અને શક્તિના પ્રકર્ષથી મોક્ષના અર્થે સંયમ ગ્રહણ કરેલું છતાં કંટક જેવું વિઘ્ન પ્રાપ્ત થવાથી તેઓ સંયમના ત્યાગના પરિણામવાળા થયા પરંતુ દિગ્મોહ નહીં હોવાથી મોક્ષપથથી વિપરીત ગમનની પ્રવૃત્તિવાળા ન હતા અને ભગવાનના ઉપદેશથી તે વિઘ્ન ટળવાને કારણે તરત જ શીઘ્રગમનનો પ્રારંભ થયો.

વળી, તેવા જ કંટક જેવા વિઘ્નવાળા અન્ય કોઈ મહાત્માને ભગવાન જેવા ઉપદેશક ન મળે અને શિથિલ પરિણામવાળા થાય તેના કારણે સંવિગ્નપાક્ષિક થઈને રહે કે ગૃહસ્થ થઈને રહે તોપણ દિગ્મોહ નહીં હોવાથી તેઓને મોક્ષપથમાં વિપરીત ગમન થતું નથી. ફક્ત તે કંટક જેવું વિઘ્ન દૂર થાય તો તીવ્ર ગતિથી ગમન થાય છે અને આ ભવમાં વિઘ્ન દૂર ન થાય તો તે કંટક જેવા વિઘ્નનો પરિહાર કરીને વિશેષ ગતિથી ગમન કરી શકે નહીં તેથી કંટક જેવું વિઘ્ન તે ભવમાં પણ ફરી સંયમનો પરિણામ ન થાય તેમ પણ બને તોપણ સમ્યગ્દૃષ્ટિ હોવાથી તે મહાત્માનું મોક્ષપથમાં ગમન મંદગતિથી પણ ચાલુ જ છે અને જો સમ્યક્ત્વથી પાત ન પામે તો ઉત્કૃષ્ટથી છાસઠ સાગરોપમમાં અવશ્ય તે મહાત્મા મોક્ષમાં જશે.

વળી મેઘકુમારના દૃષ્ટાંતમાં ભગવાને પૂર્વભવ કહ્યો. ત્યાં મેઘકુમારના જીવે સસલાની અનુકંપા કરી. અને ત્યારપછી પડી ગયેલા હાથીને શૃગાલાદિ ખાય છે ત્યારે તે સહન કરવાથી પણ સંયમને અનુકૂળ ઉપકાર થયો એમ ટીકાકારશ્રીએ કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સસલા પ્રત્યેનો દયાનો પરિણામ અને અન્ય દ્વારા તેના શરીરના ભક્ષણકાળમાં પણ અતિક્લેશનો અભાવ તે હાથીના જીવને હતો. તેનાથી તે કષ્ટ વેઠવાને કારણે પણ પ્રવ્રજ્યાને અનુકૂળ કાંઈક ચારિત્રમોહનીયકર્મ શિથિલ થયાં. તેથી વર્તમાનમાં પણ

જેઓ ભદ્રક પ્રકૃતિવાળા છે અને વિશેષ પ્રકારનો વિવેક પ્રગટ્યો નથી તેઓ અનુકંપાદાન કે તેવાં કષ્ટોને વેઠવાની ક્રિયા કરતા હોય તેનાથી પણ તેઓને જન્માંતરમાં તેવા પ્રકારના ગુણની પ્રાપ્તિનું કારણ તે ક્રિયા બને. ફક્ત વિપરીત ઉપદેશાદિને પામીને વ્યુદ્ગ્રાહિત મતિવાળા તે જીવો થાય તો વૃદ્ધિ પામેલા અસદ્ગ્રહને કારણે તે અનુકંપા કે તે પ્રકારની અન્ય કષ્ટ વેઠવાની ક્રિયા પણ વિશેષફળનું કારણ બને નહીં. **॥૨૬૪થી ૨૭૩॥**

અવતરણિકા :-

અથ દહનસુરોદાહરણમભિધિત્સુરાહ –

અવતરણિકાર્થ :-

હવે દહનસુરના ઉદાહરણને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

पाडलिपुत्त हुयासण जलणसिहा चेव जलणडहणाय ।
सोहम्मपलियपणगं आमलकप्पाय णट्टत्थे ।।२७४।।

અન્વયાર્થ :-

પાડલિપુત્ત=પાટલીપુત્રમાં, હુયાસણ=હુતાશન નામનો બ્રાહ્મણ, જલણસિહા ચેવ=અને જ્વલનશિખા નામની પત્ની, જલણડહણાય ય=તેના જ્વલન અને દહન નામના બે પુત્રો, સોહમ્મપલિયપણગં=(કૃત પ્રવ્રજ્યાવાળા તે બે પુત્રો) સૌધર્મ દેવલોકમાં પાંચ પલ્યોપમ આયુષ્યવાળા દેવ થયા. આમલકપ્પાય णट्टत्थे=આમલકલ્પા નામની નગરીમાં ભગવાનની આગળ નાટ્ય નિમિત્તે કરેલા વૈક્રિય-વિષયક ગણધરની પૃચ્છા. ।।૨૭૪।।

ગાથાર્થ :-

પાટલીપુત્રમાં, હુતાશન નામનો બ્રાહ્મણ, અને જ્વલનશિખા નામની પત્ની, તેના જ્વલન અને દહન નામના બે પુત્રો, કૃત પ્રવ્રજ્યાવાળા તે બે પુત્રો સૌધર્મ દેવલોકમાં પાંચ પલ્યોપમ આયુષ્યવાળા દેવ થયા. આમલકલ્પા નામની નગરીમાં ભગવાનની આગળ નાટ્ય નિમિત્તે કરેલા વૈક્રિય-વિષયક ગણધરની પૃચ્છા. ।।૨૭૪।।

ટીકા :-

पाटलिपुत्रे नगरे 'हुयासण'त्ति हुताशनो नाम ब्राह्मणोऽभवत् । तस्य ज्वलनशिखा चैव जाया समजायत । श्रावके चैते । तयोश्च 'जलणडहणाय'त्ति ज्वलनो दहनश्च पुत्रौ जातौ । तयोश्च कृतप्रव्रज्ययोः 'सोहम्म'त्ति सौधर्मे देवलोके पल्यपञ्चकमायुरजनि । आमलकल्पायां नगर्यामवतीर्णयोर्भगवतो महावीरस्य पुरतो नाट्यार्थे नाट्यनिमित्तं कृतवैक्रिययोर्गणधरेण पृच्छा कृतेति ।।२७४।।

અવતરણિકા :-

અથૈનામેવ ગાથાં ગાથાષટ્કેન ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે આ જ ગાથાને=ગાથા-૨૭૪ રૂપ સંગ્રહ ગાથાને, ૬ ગાથા દ્વારા ભાવન કરતાં કહે છે –

ગાથા :-

संघाडग सज्झिलगा कुडुंबगं धम्मघोसगुरुपासे ।
पव्वइयं कुणति तवं पव्वज्जं चेव जहसत्तिं ।।२७५।।१।।
जलणडहणाण णवरं रिजुभावो तत्थ पढमगो सम्मं ।
बिदिओ पुण मायावी किरियाजुत्तो उ तह चेव ।।२७६।।२।।
किरियाण अइसंधति इतरं मायाए तग्गयाए उ ।
एवं पायं कालो संलेहण मो उ सोहम्मे ।।२७७।।३।।
अब्भिंतरपरिसाए पणपलियाऊ महिड्ढिया जाया ।
आमलकप्पोसरणे णट्टविहिविवज्जओ तेसिं ।।२७८।।४।।
एवंविउव्वइस्सं एवं चिय तत्थ होति एक्कस्स ।
इयरस्स उ विवरीयं जाणगपुच्छा गणहरस्स ।।२७९।।५।।
भगवंत कहण मायादोसो किरियागतो उ एसोत्ति ।
अणुगामिओ य पायं एवं चिय कइचि भवगहणे ।।२८०।।६।।

અન્વયાર્થ :-

संघाडग=संधाटक=હુતાશન અને જ્વલનશિખારૂપ પતિ-પત્નીરૂપ ભાવ, सज्झिलगा=જ્વલન અને દહન નામના તે બેના પુત્રો, कुडुंबगं=કુટુંબ=પતિ-પત્ની-બે પુત્રો-એ ચાર સ્વજનો, धम्मघोसपासे पव्वइयं=ધર્મઘોષસૂરિજી પાસે પ્રવ્રજ્યાને ગ્રહણ કરે છે, कुणति तवं=તપ કરે છે, पव्वज्जं चेव जहसत्तिं=અને યશાશક્તિ પ્રવ્રજ્યા=સાધુસામાચારીનું પાલન કરે છે.

तत्थ जलणडहणाण=તે જ્વલન-દહનમાં, पढमगो=પ્રથમ, णवरं रिजुभावो=કેવળ ઋજુભાવવાળો છે. सम्मं=सम्यग्=તે જ્વલન યથા તપ-પ્રવ્રજ્યાને કરે છે. बिदिओ पुण=વળી બીજો=દહન, मायावी किरियाजुत्तो उ तह चेव=માયાવી ક્રિયાયુક્ત તેવી જ ક્રિયા કરે છે.

इतरं=ઈતરને=જ્વલનને, तग्गयाए मायाए उ=तद्गत માયાથી=ક્રિયાગત જ માયાથી, किरियाण अइसंधति=ક્રિયાનું અતિસંધાન કરે છે. एवं पायं=આ રીતે પ્રાયઃ, कालो=કાળ=પ્રવ્રજ્યાના પાલનરૂપ કાળ પસાર થાય છે. संलेहण मो उ सोहम्मे=સંલેખના કરીને દેવલોકમાં જાય છે.

अब्भिंतरपरिसाए=અભ્યંતર પર્ષદામાં, पणपलियाऊ=પાંચ પલ્યોપમના આયુષ્યવાળા, महिड्ढिया जाया=મહર્ધિક દેવ થયા=જ્વલન અને દહન મહર્ધિક દેવ થયા. आमलकप्पोसरणे=આમલકલ્પા નગરીમાં ભગવાનના સમોવસરણમાં, तेसिं णट्टविहिविवज्जओ=તેઓનો નટ્ટવિધિમાં વિપર્યાસ થયો.

तत्थ=ત્યાં=તે બે દેવોમાં, एक्कस्स=એકને=જ્વલનસુરને, एवंविउव्वइस्सं एवं चिय होति='હું આ પ્રમાણે વિકુર્વીશ, એ પ્રમાણે થાય છે, इयरस्स उ विवरीयं=વળી ઈતરને વિપરીત થાય છે. जाणगपुच्छा गणहरस्स=જાણતા એવા ગણધરની પૃચ્છા.

भगवंत कहण=ભગવાનનું કથન, एसो उ किरियागतो मायादोसो त्ति='આ વળી ક્રિયાગત માયાદોષ છે' એ પ્રમાણે (ભગવાનનું કથન) कइचि भवगहणे य एवं चिय पायं अणुगामिओ=અને કેટલાક ભવોમાં આ રીતે જ પ્રાયઃ અનુગામી થશે=વિપર્યાસ અનુગામી થશે. ॥૨૭૫થી ૨૮૦॥

ગાથાર્થ :-

હુતાશન અને જ્વલનશિખારૂપ પતિ-પત્નીરૂપ ભાવ, જ્વલન અને દહન નામના તે બેના પુત્રો, કુટુંબ=પતિ-પત્ની-બે પુત્રો-એ ચાર સ્વજનો, ધર્મઘોષસૂરિજી પાસે પ્રવ્રજ્યાને ગ્રહણ કરે છે, તપ કરે છે અને યશાશક્તિ પ્રવ્રજ્યા=સાધુસામાચારીનું પાલન કરે છે.

તે જ્વલન-દહનમાં, પ્રથમ કેવળ ઋજુભાવવાળો છે. સમ્યગ્=તે જ્વલન યથા તપ-પ્રવ્રજ્યાને કરે છે. વળી બીજો=દહન, માયાવી ક્રિયાયુક્ત તેવી જ ક્રિયા કરે છે.

ઈતરને=જ્વલનને, તદ્ગત માયાથી=ક્રિયાગત જ માયાથી, ક્રિયાનું અતિસંધાન કરે છે. આ રીતે પ્રાયઃ કાળ=પ્રવ્રજ્યાના પાલનરૂપ કાળ પસાર થાય છે. સંલેખના કરીને દેવલોકમાં જાય છે.

અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા મહર્ધિક દેવ થયા=જ્વલન અને દહન મહર્ધિક દેવ થયા. આમલકલ્પા નગરીમાં ભગવાનના સમોવસરણમાં તેઓનો નટ્ટવિધિમાં વિપર્યાસ થયો.

ત્યાં=તે બે દેવોમાં, એકને=જ્વલનસુરને, 'હું આ પ્રમાણે વિકુર્વીશ,' એ પ્રમાણે થાય છે, વળી ઈતરને વિપરીત થાય છે. જાણતા એવા ગણધરની પૃચ્છા.

ભગવાનનું કથન, 'આ વળી ક્રિયાગત માયાદોષ છે' એ પ્રમાણે ભગવાનનું કથન અને કેટલાક ભવોમાં આ રીતે જ પ્રાયઃ અનુગામી થશે=વિપર્યાસ અનુગામી થશે. ॥૨૭૫થી ૨૮૦॥

ટીકા :-

पाडलिफुल्लसुगन्धेण जत्थ सीलेण बन्धुरो लोओ । लोयणमणहरणसहो सुभोगतुलियामरसमूहो

।।१।। पाडलिपुत्तम्मि पुरे तत्थासि हुयासणो त्ति नामेण । सुहुयहुयासणसरिसो विप्पो दुव्विणयदारूणं ।।२।। तस्सासि विणयमाणिक्कभायणं भारिया य जलणसिहा । दुस्सीललोयमाणसवियप्पभसलोलि-जलणसिहा ।।३।। सावगधम्मपराणं ताणं कुलसमुचियक्कमरयाणं । वोलीणेसु दिणेसुं केवइएसुं सुहसरूवा ।।४।। जाया कमेण पुत्ता जलणो डहणो य वुड्ढिमणुपत्ता । अम्मापिऊण चित्ताणुसारिणो सव्वकज्जेसु ।।५।। अह धम्मघोससूरी सूरोव्व समत्थभव्वकमलाणं । संपत्तोविहरंतो ठिओ य मुणिसमुचिए ठाणे ।।६।। पोढसमुग्गयतोसेण वंदिओ पुरजणेण सो भयवं । निसुओ धम्मो भव-चारगाओ निस्सारगो धणियं ।।७।। विहुयासणो समुट्ठिय वंदित्तु हुयासणो भणइ एवं । भयवं! भवभीयमणो सकुडुंबो दिक्खिउमणो हं ।।८।। तुह पायपंकयंते न विलंबो सोम! एत्थजुत्तो ते । इय उवलद्धगुरुमणो कयजिणपूयाइकरणिज्जो ।।९।। अइचोज्जकरणसज्जं पव्वज्जं संपवइज्जई एसो । सकुडंबसंपरिवुडो संवुडसव्वासवदुवारो ।।१०।। अच्चुग्गभवविरागं तं कुणइ कुडुंबयं तवं घोरं । पव्वज्जं चणवज्जं सुद्धज्झवसायसंजुत्तं ।।११।। नवरि दहणो पवंचइ जलणं मायाइ सव्व-किरियासु । एसागच्छामि अहं इच्चाइ भणित्तु ठाणाइ ।।१२।। आयरइ ण उण अन्नं विवरीयपयत्थपन्न-वणपमुहं । इय पायं सो जम्मो एयस्स गओ पमाएण ।।१३।। णो तं मायासल्लं गुरुणो आलोइयं कयाइयवि । संलेहणाइ विहिणा विहियाणसणो मओ संतो ।।१४।। सोहम्मे उववन्नो जलणोवि य उज्जुभावओ चेव । तव्विहकिरियानिरओ तत्थेव सुरत्तणं पत्तो ।।१५।। सक्कस्स तिन्नि परिसा बज्झा मज्झा तहंतरा चेव । जवणा-चंडा-समिया-नामाओ अंतराए समं ।।१६।। परिभावइ कज्जमहेयराए सद्धिं दढं तयं कुणइ । कज्जादेसो तइयाए होइ अवियप्पकरणिज्जो ।।१७।। आहूय च्चिय समिया समेइ मज्झा दुहावि जणाओ । सयमेव सक्कपासे संतोसवसुम्मणा संता ।।१८।। अब्भिंतरपरिसाए जाया ते दोवि देवरायस्स । पंचपलिओवमाऊ महिड्ढिया अन्नया दोवि ।।१९।। पुव्वभवपणयवसओ जुगवं चिय अंबसालवणसंडे । आमलकप्पाए पुरीए भगवओ वद्धमाणस्स ।।२०।। जायम्मि समोसरणे समागया नियपरियणसमेया । विहियतिपयाहिणे हिं तेहिं तओ वंदिओ भयवं ।।२१।। अइभत्तिनिब्भरत्तेण तेहिं नट्ठं पयट्टियं तत्थ । जलणस्स जहाचिंतियनिप्फत्ती होइ रूवाणं ।।२२।। इयरस्स उ विवरीया, भगवं गणसामिओ विदंतोवि । अबुहजणबोहणत्थं पुच्छइ किंकारणो एस ।।२३।। एगस्स विवज्जासो रूवाण जिणो भणाइ पणिहिकयं । जं पुव्व-जम्मकम्मं तहा निम्माणमियरूवं ।।२४।। कहिओ य निरवसेसो वुत्तंतो पुव्वजम्मसंबद्धो । अणुबंधो च्चिय कइवयभवगहणे दारुणो अस्स ।।२५।। तं सोऊण अणेगे पडिबुद्धा पाणिणो पडिनियत्ता । मायादोसाओ विसहरगइविसवेगविसमाओ ।।२६।।

अथ संग्रहगाथाक्षरार्थः—'संघाडग'त्ति संघाटको हुताशनज्वलनशिखालक्षणो भर्त्तृभार्याभावरूपः । 'सज्झिलम'त्ति भ्रातरौ ज्वलनदहननामकौ । कुटुम्बकमित्थं जनचतुष्टयरूपं सम्पन्नभववैराग्यं पाटलिपुत्रपुरे धर्मघोषगुरुपार्श्वे प्रव्रजितं सत् करोति तपोऽनशनादिप्रव्रज्यां चैवाशेषां साधुसामाचारीरूपां यथाशक्ति स्वसामर्थ्यानुरूपमिति ।।२७५।।१।।

ज्वलनदहनयोर्मध्ये नवरं केवलमृजुभावः सरलाशयः सन् तयोर्द्वयोर्भ्रात्रोः प्रथमको ज्वलननामा सम्यग् यथावत्तपः प्रव्रज्यां च करोति । द्वितीयः पुनः दहननामा मायावी शाठ्यबहुलः सन् क्रियायुक्तस्तु प्रत्युपेक्षणाप्रमार्जनादिसामाचारी सम्पन्नस्तथैव ज्वलनवदेव ।।२७६।।२।।

ततः किमित्याह—क्रियया एष आगच्छामीत्यादि प्रतिपद्यापि स्थानादिकरणलक्षणयाऽतिसन्धयते वञ्चयति इतरं ज्येष्ठं भ्रातरम् । किमनाभोगादिनेत्याशंक्याह—मायया तृतीयकषायरूपया तद्गतया तु क्रियागतयैव न पुनः पदार्थप्रज्ञापनादिगतयापि । एवं क्रियावञ्चनेन प्रायो बाहुल्येन कालः प्रव्रज्यापरिपालनरूपो व्रजति । 'संलेहणमोउ' इति पर्यन्ते च संलेखना द्रव्यभावकृशीकरणलक्षणा द्वयोरप्यजनि अनशनं च । ततः सौधर्मदेवलोके ।।२७७।।३।।

अभ्यन्तरपर्षदि पञ्चपल्यायुषौ महर्द्धिकौ देवौ जातौ । अन्यदा च भगवतो महावीरस्य 'आमलकप्पो सरणे' इति आमलकल्पायां नगर्यामाम्रशालवने समवसरणं समपद्यत । तत्र च वन्दनार्थं गतयोर्नाट्यविधि-विपर्ययो नृत्यक्रियाविपर्यासः सञ्जातस्तयोः ।।२७८।।४।।

कथमित्याह—एवं स्त्रीपुरुषादितया विकुर्विष्यामि वैकुर्विकं रूपं करिष्यामीति चिन्तयतः सत एवमेव यथाभिलषितमेव तत्र तयोर्मध्ये भवति एकस्य ज्वलनसुरस्य । द्वितीयस्य का वार्त्तेत्याह—इतरस्य तु द्वितीयस्य पुनर्विपरीतं चिन्तितरूपप्रतिकूलं भवति । ततो ज्ञायकपृच्छा जानतो गणधरस्य पृच्छा सम्पन्ना-कथमस्य भगवन्! विपर्यासो जायते ? इति ।।२७९।।५।।

भगवत्कथना भगवता प्रज्ञापितं, यथा—मायादोषो वंचनापराधोऽस्य क्रियागतस्तु क्रियागत एव प्राग्भवविहित एष इति विपरीतरूपनिष्पत्तिरूपः । अनुगमिकश्चानुगमनशीलः पुनः प्रायो बाहुल्येन सर्वक्रियास्वेवमेव नाट्यविधिन्यायेन कतिचित् कियन्त्यपि भवग्रहणानि । अयमत्राभिप्रायः—बोधि-विपर्यासेन ह्याभवमनुशीलितेनानेकेषु भवेषु बोधिविपर्यासः सम्पद्यते मायापूर्वकेण च क्रियाविपर्यासेन क्रियाविपर्यास इति ।।२८०।।६।।

અવતરણિકા :-

एतदेव भावयितुमाह —

અવતરણિકાર્થ :-

આને જ=વિપરીત ક્રિયા કેટલાક ભવ અનુગામી થાય છે એને જ, ભાવન કરતાં કહે છે –

ગાથા :-

विवरीयविगलकिरियानिबंधणं जं इमस्स कम्मंति ।
एवंविहकिरियाओ उ हंदि एतं तदुप्पन्नं ।।२८१।।
ता कइयवि भवगहणे सबलं एयस्स धम्मणुट्ठाणं ।
थेवोविऽसदब्भासो दुक्खेणमवेति कालेणं ।।२८२।।

અન્વયાર્થ :-

इमस्स=આનું=દહનસુરનું, विवरीयविगलकिरियानिबंधणं=વિપરીત વિકલ ક્રિયાનું નિબંધન, जं कम्मं ति=જે કર્મ તે, एवंविहकिरियाओ उ=આવા પ્રકારની ક્રિયાથી જ, हंदि एतं=આ=કર્મ, तद्=ત્યારે=દહનભવમાં, उप्पन्नं=ઉત્પન્ન થયું.

ता=તે કારણથી, कइयवि=કેટલાક પણ, भवगहणे=ભવગ્રહણમાં, एयस्स=આનું=દહનજીવનું, सबलं धम्मणुट्ठाणं=સબળ ધર્માનુષ્ઠાન થાય. थेवोविऽसदब्भासो=થોડો પણ અસદ્ અભ્યાસ, दुक्खेणं=દુઃખથી=ઘણા પ્રયત્નથી, कालेणं=કાળ દ્વારા, अवेति=દૂર થાય છે. ।।૨૮૧-૨૮૨।।

ગાથાર્થ :-

આનું=દહનસુરનું, વિપરીત વિકલ ક્રિયાનું નિબંધન જે કર્મ તે આવા પ્રકારની ક્રિયાથી જ આ=કર્મ, ત્યારે=દહનભવમાં, ઉત્પન્ન થયું.

તે કારણથી કેટલાક પણ ભવગ્રહણમાં આનું=દહનજીવનું, સબળ ધર્માનુષ્ઠાન થાય. થોડો પણ અસદ્ અભ્યાસ, દુઃખથી=ઘણા પ્રયત્નથી, કાળ દ્વારા દૂર થાય છે. ।।૨૮૧-૨૮૨।।

ટીકા :-

विपरीतविकलक्रियानिबन्धनं विपर्यस्ताऽसम्पूर्णचेष्टाकारणं यद्यस्मादस्य दहनसुरस्य कर्म वैक्रियशरीर-नामकर्म्मादि, इत्यस्माद्धेतोरेवंविधक्रियातस्त्वेवंरूपक्रियात एव 'हंदी' ति पूर्ववत्, एतत् कर्म्म तदा दहनभवे उत्पन्नमिति ।।२८१।।

यत एवं सानुबन्धमस्य कर्म 'ता' इत्यादि तत्तस्मात् कतिचिद् भवग्रहणानि कियन्त्यपि जन्मान्तराणि सबलं दोषबहुलतया कर्बुरमेतस्य दहनजीवस्य धर्म्मानुष्ठानं स्वर्गापवर्ग्गा लाभफला क्रिया । कुतः । यतः, स्तोकोऽप्यणीयानपि किं पुनर्बहुरित्यपिशब्दार्थः, असदभ्यासोऽसतोऽसुंदरस्य मार्गप्रतिकूलत-

यार्थस्याभ्यासः पुनः पुनरनुशीलनमसदभ्यासजन्यं कर्मेत्यर्थः, दुःखेन महता यत्नेनापैति कालेन भूयसेति ।।२८२।।

અવતરણિકા :-

अथ प्रस्तुते योजयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુતમાં=જ્વર જેવા વિઘ્નના વિષયમાં, યોજન કરતાં કહે છે=દહનસુરના દૃષ્ટાંતને યોજન કરતાં કહે છે –

ગાથા :-

जरखलणाए सरिसं पडिबन्धमिमस्स आहु समयण्णू ।
तत्तो भावाराहणसंजोगा अविगलं गमणं ।।२८३।।

અન્વયાર્થ :-

जरखलणाए सरिसं इमस्स पडिबन्धं=જ્વરની સ્ખલનાથી થતા વિઘ્નસદૃશ આમનો અર્થાત્ દહનજીવનો, પ્રતિબંધ, समयण्णू आहु=સમયના જાણનારાઓ કહે છે. तत्तो=પછી=પ્રતિબંધના ઉત્તરકાળમાં, भावाराहण-संजोगा अविगलं गमणं=ભાવારાધનના સંયોગથી અવિકલ પ્રયાણ થાય છે. ।।૨૮૩।।

ગાથાર્થ :-

જ્વરની સ્ખલનાથી થતા વિઘ્નસદૃશ આમનો અર્થાત્ દહનજીવનો, પ્રતિબંધ સમયના જાણનારાઓ કહે છે. પછી=પ્રતિબંધના ઉત્તરકાળમાં, ભાવારાધનના સંયોગથી અવિકલ પ્રયાણ થાય છે. ।।૨૮૩।।

ટીકા :-

ज्वरस्खलनया तथाविधपथप्रवृत्तपथिकस्य ज्वरकृतविघ्नेन सदृशं प्रतिबन्धं प्रतिघातमस्य दहनजीव-स्याहुर्ब्रुवते समयज्ञाः सिद्धान्तविदः । कुतः । यतस्ततः प्रतिबन्धादुत्तरकालं भावाराधनसंयोगात् तात्त्विकसम्यग्दर्शनादिसमासेवनारूपात् अविकलमखण्डं गमनं निर्वाणे भविष्यतीति ।।२८३।।

ભાવાર્થ :-

કોઈ મહાત્મા સંસારના સ્વરૂપનું યથાર્થ ભાવન કરીને મોક્ષે જવાના અત્યંત અર્થી હોય, મોક્ષમાર્ગનો યથાર્થ બોધ હોય તેથી સ્થિર નિર્ણય હોય કે 'સ્વશક્તિ પ્રમાણે સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત ક્રિયાઓ વીતરાગગુણથી ચિત્ત ભાવિત થાય તે રીતે કરવાથી આત્મા વીતરાગભાવને અભિમુખ ગમનશીલ બને છે અને તેના બળથી જ તેના મોક્ષપથનું ગમન અભંગ રહે છે,' આમ છતાં કોઈ પ્રમાદદોષને કારણે ક્રિયામાં

વ્યત્યય કરાવે તેવો માયાદોષ કોઈક મહાત્માને પ્રગટ થાય અને અન્ય સર્વ પ્રયત્ન મોક્ષને અનુકૂળ પ્રવર્તે ત્યારે તે મહાત્માનું ગમન કેટલાક ભવો સુધી ક્રિયાના વ્યત્યયના સંસ્કારોને કારણે અનિવૃત્તિરૂપે રહે છે જેથી મોક્ષની પ્રાપ્તિમાં વિલંબન થાય છે જેમાં દહનસુરનું દૃષ્ટાંત આપેલ છે.

જ્વલન અને દહન એ બે ભાઈઓએ સંયમ ગ્રહણ કરેલું. સ્વભૂમિકાનુસાર ધર્માનુષ્ઠાન સેવીને વીતરાગભાવના સંસ્કારો પડે તે રીતે સંયમની ક્રિયાઓ કરતા હતા છતાં દહન નામના સાધુ કાંઈક માયાદોષને કારણે ઉચિત કાળે ક્રિયા કરવાનું ભાઈસાધુ સૂચન કરે છતાં 'હું આવું છું' એમ કહીને કાંઈક કાળના વિલંબનરૂપ ક્રિયાનો વ્યત્યય કરે છે. જેના કારણે જિનવચનનાનુસાર ક્રિયા કરવાનો પરિણામ હોવા છતાં કાંઈક કાળનો વિલંબન કરવાનો પરિણામ પણ તે ક્રિયામાં પ્રવર્તે છે અને તે રીતે સાધુપણામાં ક્રિયાના વ્યત્યય કરવાના કાંઈક સંસ્કારો નાંખીને તે મહાત્મા દેવભવમાં જાય છે અને જ્વલનસાધુ સમ્યક્ક્રિયા કરીને સમ્યક્ક્રિયાના સંસ્કારો સહિત દેવભવમાં જાય છે. ક્રિયાના વ્યત્યયને કારણે દહનસુરને ભગવાન પાસે નૃત્ય કરતી વખતે રૂપ વિકુર્વણામાં વ્યત્યય થયો. તેથી ગૌતમસ્વામીએ ભગવાનને પૃચ્છા કરી અને ભગવાને કહ્યું કે 'સાધુપણામાં કરાયેલા કાળવિલંબનરૂપ વ્યત્યયને કારણે ક્રિયાનો વ્યત્યય કેટલાક ભવ સુધી થવાને કારણે પછીના ભવોમાં તે મહાત્મા સારું સાધુપણું પાળીને મોક્ષમાં જવાને અનુકૂળ ઉચિત યત્ન કરશે તોપણ તે ક્રિયા વ્યત્યયના સંસ્કારો અને કર્મની અનુવૃત્તિ હોવાના કારણે કેટલાક ભવો સુધી સંસારની પ્રાપ્તિ થશે ત્યારપછી મોક્ષ થશે.'

આનાથી એ ફલિત થાય કે કોઈ સાધુ કે શ્રાવક કે અવિરતસમ્યગ્દૃષ્ટિ પોતાની શક્તિ અનુસાર કઈ ઉચિત ક્રિયા છે જેના સેવનથી પોતે વીતરાગતુલ્ય થઈ શકે તેનો યથાર્થ નિર્ણય કરીને તે ક્રિયા કયા કાળે કઈ રીતે બહિરંગ વિધિથી અને કઈ રીતે અંતરંગ વિધિથી કરવી જોઈએ તેનો નિર્ણય કરીને તે પ્રમાણે તે ક્રિયા કરવા યત્ન કરે અને ક્વચિદ્ તે પ્રકારની શક્તિના અભાવને કારણે કે તે પ્રકારના સંયોગના અભાવને કારણે ઉચિત કાળે તે ક્રિયા ન કરી શકે તેમ હોય તોપણ ઉચિત કાળે તે ક્રિયા કરવાની રુચિપૂર્વક અન્ય કાળે તે ક્રિયા કરે તોપણ ક્રિયાનો વ્યત્યય થાય નહીં. જેમ વિવેકી શ્રાવક મધ્યાહ્નકાળે વિધિપૂર્વક ભગવાનની ભક્તિ કરીને ઉત્તમ ભાવો કરવાના અર્થી હોય અને તે પ્રકારના આજીવિકાદિને કારણે સવારના ભગવાનની પૂજા કરે તોપણ કાળકૃત વ્યત્યય કરવાનો પરિણામ નથી તેથી તે ક્રિયામાં વ્યત્યયની પ્રાપ્તિ નથી અને મધ્યાહ્નમાં કરવાની રુચિ હોવાના કારણે જ્યારે તે પ્રકારના અનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય તો મધ્યાહ્નકાળે કરીને પણ તે મહાત્મા વિધિનું પાલન કરે છે. ફક્ત ક્રિયાઓ ઉચિત કાળે કરવી આવશ્યક છે તેમ શક્તિના ઔચિત્યનો નિર્ણય કરીને અને આત્મામાં ગુણનું આધાન થાય તે પ્રકારના ઉપયોગથી ક્રિયા કરવાની રુચિને ધારણ કરવી જોઈએ. ક્વંચિદ્ અભ્યાસદશામાં ક્રિયાકાળમાં ઉપયોગની સ્ખલના થતી હોય તોપણ સૂક્ષ્મ બોધપૂર્વક વીતરાગતાને અનુકૂળ ઉચિત ભાવો થાય તેવી ક્રિયા કરવાની રુચિ વિદ્યમાન હોય તો ક્રિયાનો વ્યત્યય થતો નથી. ફક્ત દહનસુરે ઉચિત કાળે ઉચિત ક્રિયાની શક્તિ હોવા છતાં પોતાના આત્માને ઠગવાના યત્નસ્વરૂપ માયાને કારણે ક્રિયા કાંઈક વિલંબનથી કરીને પણ 'હું મોક્ષપથમાં પ્રયાણ કરું છું' તેવું આશ્વાસન ધારણ કરેલ તેથી આત્માને ઠગવારૂપ ક્રિયાના વ્યત્યયના કારણીભૂત કાળવિલંબનરૂપ દોષને કારણે સંસારનો ઉચ્છેદ કાંઈક વિલંબનથી દહનસુરને પ્રાપ્ત થશે.

દહનસુરે સાધુના ભવમાં ક્રિયાનો વ્યત્યય કર્યો અને તે વ્યત્યય કેટલાક ભવો સુધી અનુવૃત્તિરૂપે આવવા છતાં ક્ષીણ-ક્ષીણતર થઈને તે ક્રિયાનો વ્યત્યય કેટલાક ભવો પછી નાશ થશે. તેનું કારણ દહનસુરનો આત્મા સંસારથી ભય પામેલ હતો, મોક્ષનો અર્થી હતો, પછીના ભવોમાં ક્રિયાના વ્યત્યયના સંસ્કારને કારણે ક્રિયાનો વ્યત્યય થવા છતાં તેને દૂર કરવાના પરિણામવાળા થવાથી તે ક્રિયાના વ્યત્યયની શક્તિ ક્રમસર ક્ષીણ-ક્ષીણતર થશે. વળી, કોઈ જીવ આ રીતે ક્રિયાનો વ્યત્યય કરે અને કોઈક નિમિત્તે બીજા ભવમાં તેની અનુવૃત્તિને કારણે થતા ક્રિયાના વ્યત્યય પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ રાખે તો તે ક્રિયાનો વ્યત્યય ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વિપર્યાસનું પણ કારણ બને અને દુરંત સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ કરાવીને મોક્ષની પ્રાપ્તિનું કારણ પણ થાય પરંતુ જેઓને પોતાનામાં વર્તતા ક્રિયાના વ્યત્યયના પરિણામ પ્રત્યે જુગુપ્સા છે, સતત એને કાઢવાનો અભિલાષ છે તેઓ તે ક્રિયાના વ્યત્યયને ક્ષીણ-ક્ષીણતર કરે છે. જેમ વર્તમાનના ભવમાં પણ કેટલાક જીવો સૂક્ષ્મ બોધવાળા છે, મોક્ષના અર્થી છે, પોતાની ભૂમિકાનો નિર્ણય કરીને તે અનુષ્ઠાનો સેવવા યત્ન કરે છે તોપણ મોહના ઉન્મૂલનને અનુકૂળ ભાવોમાં યત્ન કરવા છતાં સ્ખલનાઓ પામે છે તે પૂર્વભવોના ક્રિયાના વ્યત્યયના સંસ્કારોથી થાય છે; છતાં જેઓને સંવેગનો પરિણામ છે તેથી તે વ્યત્યયને કાઢવા યત્ન કરે છે તેઓમાં વર્તતો ક્રિયાનો વ્યત્યય ઉત્તરોત્તરના ભવોમાં ક્ષીણ-ક્ષીણતર થાય છે. **॥૨૭૪થી ૨૮૩॥**

અવતરણિકા :-

अथार्हद्दत्तोदाहरणम् –

અવતરણિકાર્થ :-

હવે અર્હદ્દત્તનું ઉદાહરણ કહે છે –

ગાથા :-

एलउरं जियसत्तू पुत्तो अवराजिओ य जुवराया ।
बिदिओ य समरकेऊ कुमारभुत्तीए उज्जेणी ।।२८४।।१।।
पच्चंत विग्गहजए आगच्छंतस्स नवरि जुवरन्नो ।
राहायरियसमीवे धम्मभिवत्तीए णिक्खमणं ।।२८५।।२।।
तगरा विहार उज्जेणीओ तत्थऽज्जराह साहूणं ।
आगमणं पडिवत्ती विहारपुच्छा उचियकाले ।।२८६।।३।।
रायपुरोहियपुत्ता अभद्दगा तक्कओ उ उवसग्गो ।
सेसो उ निरुवसग्गो तत्थ विहारो सति जईणं ।।२८७।।४।।

अवराजियस्स चिंता पमत्तया भाउणो महादोसो ।
तह चेव कुमाराणं अणुकंपा अत्थि मे सत्ती ।।२८८।।५।।
गुरुपुच्छ गमण संपत्ति पवेस वंदणादि उचियट्ठिई ।
सति कालुग्गाहणमच्छणं खु अहमत्तलद्धी उ ।।२८९।।६।।
ठवणकुलादिनिदंसण पडणीयगिहम्मि धम्मलाभो त्ति ।
अंतेउरियासन्नणमवहेरि कुमारगागमणं ।।२९०।।७।।
पढमं दुवारघट्टण वंदण णच्चाहि तत्थ सो आह ।
कह गीयवाइएणं भणंति अम्हे इमं कुणिमो ।।२९१।।८।।
आरंभविसमतालं अकोवकोवे ण एवं णच्चामि ।
कड्ढण जयण निउद्धं चित्तालिहियव्व साहुगमो ।।२९२।।९।।
पीडंतराय न अडण पइरिक्के चिंत सोहणनिमित्तं ।
होहिति चरणंति धितीजोगो सज्झायकरणं तु ।।२९३।।१०।।
रायकुमारावेयण गुरुमूलागमण खमसु अवराहं ।
आह गुरु नवि जाणे साहूहिं थंभिया कुमरा ।।२९४।।११।।
पुच्छा ण केणइ ततो रायाह न एयमन्नहा भंते! ।
आगंतुगम्मि संका साहण रायागमण जाणं ।।२९५।।१२।।
विलितो रायणुसासण मिच्छादुक्कड कुमारविन्नवणं ।
जोएह ते गुणेहिं इच्छामो पुच्छह ततेत्ति ।।२९६।।१३।।
न चएंति तत्थ गमणं मुहुजोयण कहण पुच्छ संवेगो ।
तहबीजब्भासाओ संजोयण चरिय निक्खमणं ।।२९७।।१४।।
रायकुमारे चिंता उवगारी सुट्ठु अम्ह भगवंति ।
इयरस्स वि एस च्चिय मणागमविहिम्मि उ पओसो ।।२९८।।१५।।
अपडिक्कमणं कालो देवोववाओ उदार मो भोगा ।
चवणनिमित्ते पुच्छा बोहि ते दुल्लहा भयवं ।।२९९।।१६।।

किंतु निमित्तं थेवं न महाविसयं कता णु लाभत्ति ।
एत्थाणंतरजम्मे कत्तो नियभाति जीवाओ ।।३००।।१७।।
कहिं सो कोसंबीए किंनामो मूयगो उ बितिएणं ।
पढमेणऽसोगदत्तो किमेयमिति पुव्वभवकहणा ।।३०१।।१८।।
एत्थउ तावससेट्ठी आरंभजुओ मओ गिहे कोलो ।
सरणं सूवारीए णिहओ मज्जारिमन्नुहतो ।।३०२।।१९।।
तत्थोरग सूयारी भय सरणं बोल घातितो जातो ।
नियपुत्तसुओ सरणं मूयव्वय कुमर चउणाणी ।।३०३।।२०।।
खेत्ताभोगे णाणं समओ एयस्स बोहिलाभम्मि ।
आलोचिऊण साहूसंघाडगपेसणं पाढो ।।३०४।।२१।।
तावसं! किमिणा मूयव्वएण पडिवज्ज जाणिउं धम्मं ।
मरिऊण सूयरोरग जातो पुत्तस्स पुत्तोत्ति ।।३०५।।२२।।
विम्हय वंदण पुच्छा गुरु जाणति कत्थ सो महाभागो ।
उज्जाणे तग्गमणं वंदण कहणा य संबोही ।।३०६।।२३।।
तहवासणातो णामं णावगयं तं ततो उ मूओत्ति ।
एवं बितियं णामं एयं एयस्स विन्नेयं ।।३०७।।२४।।
एत्तोवि कत्थ बोही रम्मे वेयड्ढसिद्धकूडम्मि ।
कह पुण जाईसरणा तं कत्तो कुंडलजुयाओ ।।३०८।।२५।।
कोसंबागम मूयगसाहण संगार गमण वेयड्ढे ।
कूडे कुंडलठावण सतिफलचिंतारयणदाणं ।।३०९।।२६।।
गमणं चवणुप्पाओ अंबेसु अकालडोहलो किसया ।
संका सच्चा उ जिणा चिंतारयणाओ तस्सिद्धी ।।३१०।।२७।।
निप्फत्ति पसव नवकारपीहगो अरहदत्तनामंति ।
चेतियसाहूणयणं अभत्तिरडणम्मि चउकन्ना ।।३११।।२८।।

साहणमप्पत्तियणं मूयगपव्वज्ज देवलोगो त्ति ।
ओहिपउंजण जाणण गाढं मिच्छंति संकेसो ।।३१२।।२९।।
वाहिविहाणं वेज्जा पच्चक्खाणंति वेयणा अग्गी ।
देवस्स सबरघोसण दिट्ठो रुद्दो पयत्तेण ।।३१३।।३०।।
मज्झंपि एस वाही ता एवमडामि जावणाहेउं ।
एसोवि हु जति एवं ता फेडेमित्ति पडिवत्ती ।।३१४।।३१।।
चच्चरमादिट्ठाणं वाही निग्गमणऽवेयणा पउणो ।
असमय साहू विउव्वणमुवाय मो दव्वपवज्जा ।।३१५।।३२।।
तच्चागगिहागमणेवमादिपडिवत्ति तह पुणो वाही ।
विद्दाण सयण वेज्जस्स पासणा सेव पण्णवणा ।।३१६।।३३।।
एवं पुणोवि नवरं मए समं अडतु एव पडिवन्ने ।
गोणत्तगहण निग्गम सदावि मत्तुल्लमो किरिया ।।३१७।।३४।।
गामपलित्तविउव्वणमुम्मगो जक्खपूयपडणं च ।
कुंडगचाई सूयरकूवे गो जुंजम दुरुव्वा ।।३१८।।३५।।
तणविज्झवणादीसुं जंपंतो किंच चोदितो णिउणं ।
णो माणुसो मणागं संवेगे साहियं सव्वं ।।३१९।।३६।।
वेयड्ढनयण कूडे कुंडलजुयलम्मि भावसंबोही ।
पव्वज्जा गुरुभत्तीअभिग्गहाराहण सुरेसु ।।३२०।।३७।।

अन्वयार्थ :-

एलउरं=એલપુર નગર, जियसत्तू=જિતશત્રુ રાજા, अवराजिओ पुत्तो य=અને અપરાજિત નામનો પુત્ર, जुवराया=યુવરાજ થયો. बिदिओ य समरकेऊ=અને બીજો સમરકેતુ (નામનો પુત્ર), कुमारभुत्तीए=કુમારભુક્તિમાં=રાજ્યવ્યવસ્થા સંભાળવા માટે, उज्जेणी=ઉજ્જૈની અપાઈ.

पच्चंत=નગરની નજીક, विग्गहजए=વિગ્રહના જયમાં=કોઈક રાજાનો ઉપદ્રવ થયે છતે વિગ્રહના જયમાં, आगच्छंतस्स नवरि जुवरन्नो=પાછા ફરતા એવા કેવળ યુવરાજને=અપરાજિતને, राहायरियसमीवे=રાધાચાર્ય પાસે, धम्मभिवत्तीए=ધર્મની અભિવ્યક્તિ થયે છતે, णिक्खमणं=નિષ્ક્રમણ=સંયમનું ગ્રહણ.

तगरा विहार=तगरा नगरीमां विहार=राधाचार्यनो विहार, उज्जेणीओ=उज्जैनीथी, तत्थ=त्यां=तगरा नगरीमां, अज्जराह साहूणं आगमणं=राधाचार्यना साधुओनुं आगमन, पडिवत्ती=प्रतिपत्ति=प्राधूर्णक उचित प्रतिपत्ति, उचियकाले विहारपुच्छा=उचित काळे विहारनी पृच्छा.

रायपुरोहियपुत्ता अभद्दगा=(ते साधुओ वडे कहेवायुं —) 'राजपुत्र अने पुरोहित पुत्र अभद्रक छे. तक्कओ उ उवसग्गो=अने तेओ वडे साधुओने उपसर्ग छे. तत्थ=त्यां=उज्जैनीमां, जईणं विहारो=यतिओनो विहार, सति=सदा, सेसो उ निरुवसग्गो=शेष निरुपसर्ग छे=आहार पाणी आदि सर्व रीते बाधारहित छे.'

अवराजियस्स चिंता=अपराजितने चिंता, पमत्तया भाउणो महादोसो=भाईनो प्रमादरूप महादोष छे. तह चेव कुमाराणं अणुकंपा=अने ते प्रमाणे कुमारनी अनुकंपा थई. (अपराजित विचारे छे — भाईनो प्रमाद दूर करवा) अत्थि मे सत्ती='मारी शक्ति छे.'

गुरुपुच्छ=गुरुने पूछ्युं. गमण=गमन=उज्जैनी तरफ गमन, संपत्ति=संप्राप्ति=उज्जैनीमां प्राप्ति, पवेस=प्रवेश=साधुनी वसतिमां प्रवेश, वंदणादि=वंदनादि=त्यां वसता साधुओने वंदनादि कराया. उचियट्ठिई=उचित स्थिति=उचित प्रवृत्ति कराई. सति कालुग्गाहणं=काळ थये छते उद्ग्रहण=भिक्षाकाळ थये छते पात्रानुं ग्रहण, अच्छणं खु=आसन=त्यां रहेता साधुओ वडे कहेवायुं 'तमे आसन उपर बेसो.' अहमत्तलद्धी उ=(ते महात्मा वडे कहेवायुं —) 'हुं आत्मलब्धिवाळो छुं.'

ठवणकुलादिनिदंसण=(ते महात्माओ द्वारा) स्थापनाकुलादि बतावाया. पडणीयगिहम्मि धम्मलाभो त्ति=प्रत्यनीकना घरमां 'धर्मलाभ' ए प्रमाणे कहेवायुं=पोताना भाईराजाना घरमां 'धर्मलाभ' ए प्रमाणे कहेवायुं. अंतेउरियासन्नणमवहेरि=अंतःपुरमां रहेनारी राणीओ वडे संज्ञा कराई. (तमे अहींथी दूर चाल्या जाव एम कहेवायुं.) कुमारगागमणं=कुमारोनुं आगमन='धर्मलाभ' शब्द सांभळीने कुमारोनुं आगमन.

पढमं दुवारघट्टण=प्रथम द्वार बंध कर्यां=कुमारोए द्वार बंध कर्यां. वंदण=वंदन=साधुने वंदन कर्युं. णच्चाहि=नाचो=कुमारोए साधुने कह्युं के 'तमे नाचो,' तत्थ=त्यां=कुमारोना ते कथनमां, सो आह=ते बोल्यो=साधुए कह्युं — कह गीयवाइएणं='गीतवादन विना केवी रीते (नृत्य थाय ?)' भणंति=कुमारोए कह्युं — अम्हे इमं कुणिमो='अमे आ करीशुं'='अमे गीतवादन करीशुं.'

आरंभविसमतालं=आरंभमां विषमताल थयो=कुमारो वडे विषमताल थयो, अकोवकोवे=अकोपवाळा पण साधु वडे बहारथी कोप कराया. ण एवं णच्चामि='हुं आ रीते नाचीश नहीं'='विषमताल होते छते नाचीश नहीं.' कड्ढण=कर्षण=कुमारो साथे साधुनुं कर्षण थये छते, जयण=यतनाथी, निउद्धं=बाहुयुद्ध करायुं. चित्तालिहियव्व=चित्रलिखित जेवा कराया=साधु वडे कुमारो चित्रलिखित जेवा कराया, साहुगमो=साधुनुं गमन.

पीडंतराय=पीडा अने अंतराय बंने वर्ते छे=कुमारोने पीडा अने अंतराय बंने वर्ते छे. न अडण=अटन नहीं=तेथी साधुए भिक्षा निमित्ते अटन कर्युं नहीं. पइरिक्के=एकांत स्थानमां अवस्थान

કરાયું, ચિંત=ચિંતા='હવે પરિણામ કઈ રીતે સુંદર થાય ?' તે વિષયમાં સાધુને ચિંતા, સોહણનિમિત્તં=શોભન-નિમિત્ત=સાધુનાં અંગસ્ફુરણાદિ શોભનનિમિત્ત થયાં. ચરણંતિ હોહિતિ=ચારિત્ર થશે એથી=બે કુમારોને ચારિત્ર પ્રાપ્ત થશે એથી, ધિતીજોગો=ધૃતિ યોગવાળો થયો=તે મહાત્મા ધૃતિ યોગવાળા થયા, સજ્ઝાયકરણં તુ=અને સ્વાધ્યાય કરવા લાગ્યા.

રાયકુમારાવેયણ=રાજાને કુમારનું આવેદન=પરિજનો વડે રાજાને કથન, ગુરુમૂલાગમણ=ગુરુમૂળઆગમન=રાજગુરુ પાસે આવ્યા, ખમસુ અવરાહં=રાજાએ કહ્યું – 'અપરાધની ક્ષમા આપો.' ગુરુ આહ=ગુરુએ કહ્યું – સાહૂહિં થંભિયા કુમરા='સાધુ વડે કુમારો સ્થંભિત કરાયા છે.' નવિ જાણે='અમે જાણતા નથી.'

પુચ્છા=પૃચ્છા=સાધુઓને પૃચ્છા કરાઈ. ણ કેણઇ=(સાધુઓએ કહ્યું –) 'અમારા કોઈ વડે કરાયું નથી.' તતો રાયાહ=પછી રાજાએ કહ્યું – ન એયમન્નહા ભંતે !='હે ભગવત ! આ અન્યથા નથી=સાધુ સિવાય અન્ય વડે કરાયું નથી.' આગંતુગમ્મિ સંકા=આગંતુકમાં શંકા=સાધુઓને આગંતુક સાધુના વિષયમાં શંકા થઈ. સાહણ=નિવેદન=સાધુઓએ રાજાને કહ્યું. રાયાગમણ=રાજાનું ગમન=આગંતુક સાધુના સ્થાને રાજાનું ગમન, જાણં=જ્ઞાન='પોતાના ભાઈ છે' એ પ્રકારે રાજાને જ્ઞાન થયું.

વિલિતો=લજ્જા=રાજાને લજ્જા થઈ, રાયણુસાસણ=રાજાને અનુશાસન, મિચ્છાદુક્કડ=રાજાએ પોતાના દુષ્કૃતની નિંદા કરી. કુમારવિન્નવણં=કુમારનું વિજ્ઞાપન='કુમાર સ્થંભિત થયા છે' તેનું કથન રાજાએ સાધુને કર્યું. જોએહ=(રાજાએ સાધુને કહ્યું –) 'તેમને યોજન કરો'='તેમને સ્વસ્થ કરો.' તે ગુણેહિં ઇચ્છામો=(સાધુએ રાજાને કહ્યું –) 'તેઓને ગુણોથી ઈચ્છું છું'='રત્નત્રયથી યોજવા ઈચ્છું છું.' પુચ્છહ ततेत्ति='તેથી તેઓને પૃચ્છા કરો.'

ન ચએંતિ=(રાજાએ કહ્યું –) 'તેઓ બોલવા માટે સમર્થ નથી,' તત્થ=ત્યાં=કુમારોના સ્થાને, ગમણં=સાધુનું ગમન, મુહુજોયણ કહણ=મુખનું યોજન અને ધર્મની કથના, પુચ્છ સંવેગો=પૃચ્છામાં સંવેગ=સાધુ વડે પૃચ્છા કરાયે છતે કુમારોને સંવેગ થયો.

કયા કારણથી સંવેગ થયો ? તેથી કહે છે –

તહબીજબ્ભાસાઓ=તે પ્રકારના બીજના અભ્યાસને કારણે=પૂર્વના ભવમાં ઉત્તમ સંયમ પાળીને પાડેલા સંયમના બીજના અભ્યાસને કારણે કુમારોને સંવેગ થયો. સંજોયણ=સંયોજન=શરીરના બધા અવયવોનું સંયોજન, ચરિય=ચર્યા કરાયે છતે=મુનિ વડે ભિક્ષા અર્થે ભ્રમણ કરાયે છતે, નિક્ખ-મણં=નિષ્ક્રમણ=કુમારો વડે સંયમ ગ્રહણ.

રાયકુમારે ચિંતા ઉવગારી સુટ્ઠુ અમ્હ ભગવંતિ='ભગવાન ખરેખર અમારા ઉપકારી છે' એ પ્રકારે રાજકુમારને ચિંતા, ઇયરસ્સ વિ=ઈતરને પણ=પુરોહિત પુત્રને પણ, એસ ચ્ચિય=આ જ ચિંતા થઈ. મણાગમવિહિમ્મિ ઉ=પરંતુ થોડીક અવિધિમાં=પ્રવ્રજ્યાદાનકાલભાવિ એવા ગુરુના વિષયમાં, પઓસો=પ્રદ્વેષ થયો.

અપડિક્કમણં=અપ્રતિક્રમણ=યાવજ્જીવ સુધી તે પ્રદ્વેષનું આલોચન ન કર્યું. કાલો=કાળ થયો=તે

રીતે મૃત્યુ થયું. દેવોવવાઓ=દેવભવમાં ઉપપાત, ઉદાર મો ભોગા=ઉદાર ભોગોની પ્રાપ્તિ, ચવણનિમિત્તે=ચ્યવનનાં નિમિત્તો થયે છતે, પુચ્છા=મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન પાસે પૃચ્છા, બોહિ તે દુલ્લહા ભયવં=ભગવાને કહ્યું – 'તને બોધિ દુર્લભ છે.'

કિંતુ નિમિત્તં=(દેવે પ્રશ્ન કર્યો –) 'પરંતુ તે નિમિત્તવાળું કેટલું છે ?'='પ્રદ્વેષનિમિત્તક દુર્લભબોધિપણું કેટલા પ્રમાણવાળું છે ?,' થેવં ન મહાવિસયં=(ભગવાને કહ્યું –)='થોડું છે મહાવિષયવાળું નથી'=ગુરુપ્રદ્વેષ માત્ર લક્ષણનિમિત્ત થોડું દુર્લભબોધિપણું છે જે મહાવિષયવાળું નથી.' કતા ણુ લાભત્તિ=(દેવે પ્રશ્ન કર્યો –) 'ક્યારે લાભ થશે=ક્યારે બોધિનો લાભ થશે ?' એત્થાણંતરજમ્મે=(ભગવાને કહ્યું –) 'આ અનંતર જન્મમાં થશે' કત્તો=(દેવે પ્રશ્ન કર્યો –) 'કોનાથી થશે ?' નિયભાતિ જીવાઓ=(ભગવાને કહ્યું –) 'નિજ ભાઈના જીવથી થશે.'

કહિં સો=દેવે પૂછ્યું – 'તે ક્યાં છે ?' કોસંબીએ=ભગવાને કહ્યું – 'કૌશાંબી નગરમાં છે.' કિંનામો=દેવે પૂછ્યું – 'શું નામ છે ?' મૂયગો ઉ બિતિએણં=ભગવાને કહ્યું – 'બીજા નામથી મૂક છે.' પઢમેણઽસોગદત્તો='પ્રથમપણાથી અશોકદત્ત છે' કિમેયમિતિ=દેવે પૂછ્યું – 'આ કેમ છે ?'='બીજું નામ 'મૂક' કેમ છે ?' પુવ્વભવકહણા=ભગવાન વડે પૂર્વભવનું કથન કરાયું.

એત્થઉ=આ જ કૌશાંબી નગરીમાં, તાવસસેટ્ઠી=તાપસ શ્રેષ્ઠી, આરંભજુઓ=સદા આરંભયુક્ત હતો. મઓ ગિહે કોલો=મરીને પોતાના ઘરમાં શૂકર થયો. સરણં=સ્મરણ=પૂર્વજન્મનું સ્મરણ થયું. મજ્જારિમન્નુહતો=માર્જારીથી ઉપહત=બિલાડીએ ભોજન બગાડ્યું તેનાથી કોપિત થયેલા એવા, સૂવારીએ ણિહઓ=રસોઈયા વડે હણાયો=બિલાડીને તાડન કરવા જતાં રસોઈયા વડે શૂકર હણાયો.

તત્થોરગ=ત્યાં ઉરગ=ત્યાં જ સાપ થયો. સૂયારી ભય=રસોઈયાએ તેને જોઈને ભયથી કોલાહલ કર્યો. સરણં=સ્મરણ=સાપને જાતિસ્મરણજ્ઞાન થયું. બોલ ઘાતિતો=બોલથી મારી નાખ્યો=રસોઈયાના બોલથી સાપને મારી નાખ્યો. જાતો નિયપુત્તસુઓ=પોતાના પુત્રના પુત્રરૂપે જન્મ્યો. સરણં=સ્મરણ=તે પુત્રને જાતિસ્મરણજ્ઞાન થયું. મૂયવ્વય=મૂકવ્રતવાળો થયો. કુમર=કુમાર=લગ્નને યોગ્ય અવસ્થાને પામ્યો. ચઉણાણી=ચતુર્જ્ઞાની=ચાર જ્ઞાનના ધારક જ્ઞાની પધાર્યા.

ખેત્તાભોગે ણાણં=ક્ષેત્રનો ઉપયોગ કરાયે છતે જ્ઞાન થયું. એયસ્સ બોહિલાભમ્મિ સમઓ આલોચિઊણ=આ કુમારનો બોધિલાભનો કાળ છે એમ આલોચન કરીને, સાહૂસંઘાડગપેસણં=સાધુ સંઘાટકનું પ્રેષણ, પાઢો=પાઠ=પૂર્વભવનો સાધુઓ વડે પાઠ.

તાવસં !=હે તાપસ ! કિમિણા મૂયવ્વએણ=મૂકવ્રત સ્વીકારવા વડે શું ? ધમ્મં જાણિઉં પડિવજ્જ=ધર્મને જાણીને પ્રવ્રજ્યા ગ્રહણ કર, મરિઊણ સૂયરોરગ જાતો પુત્તસ્સ પુત્તોત્તિ=મરીને તું શૂકર, સાપ અને પુત્રનો પુત્ર થયો છું.

વિમ્હય=વિસ્મય=મૂકકુમારને વિસ્મય થયો, વંદણ પુચ્છા=વંદન કરીને પૃચ્છા કરી. ગુરુ જાણતિ=(સાધુઓએ કહ્યું –) 'ગુરુ જાણે છે !' કત્થ સો મહાભાગો=(મૂકકુમારે પૂછ્યું –) 'તે મહાભાગ ક્યાં છે ?' ઉજ્જાણે=

(સાધુઓએ કહ્યું –) 'ઉદ્યાનમાં છે' તગ્ગમણં=ત્યાં ગમન=મૂકકુમારનું ઉદ્યાનમાં ગમન, વંદણ=વંદન=મૂકકુમારે ગુરુને વંદન કર્યું. કહણા=કથન=ગુરુ વડે ધર્મનું કથન, સંબોહી ય=અને સંબોધિ=મૂકકુમારને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ.

તહવાસણાતો=તે પ્રકારની વાસનાને કારણે, તં ણામં=તે નામ='મૂક' એ પ્રકારનું નામ લોકમાં, ણાવગયં=દૂર થયું નહીં, તતો ઉ=તેથી જ, મૂઓત્તિ એવં બિતિયં ણામં એયં એયસ્સ વિન્નેયં='મૂક' એ પ્રકારનું આ બીજું નામ આનું જાણવું.

એત્તોવિ કત્થ બોહી=(દેવે પૂછ્યું –) 'આનાથી ક્યાં બોધિ'='આ મૂકકુમારરૂપ ભાઈના જીવથી કયા સ્થાનમાં બોધિની મને પ્રાપ્તિ થશે ?' રમ્મે વેયડ્ઢસિદ્ધકૂડમ્મિ=(ભગવાને કહ્યું –) 'રમ્ય એવા વૈતાઢ્ય પર્વતના સિદ્ધકૂટમાં' કહ પુણ=(દેવે પૂછ્યું –) 'વળી કઈ રીતે (બોધિ થશે ?)' જાઈસરણા=(ભગવાને કહ્યું –) 'જાતિસ્મરણથી' તં કત્તો=(દેવે પૂછ્યું –) 'તે શેનાથી=જાતિસ્મરણ શેનાથી થશે ?' કુંડલજુયાઓ=(ભગવાને કહ્યું –) 'કુંડળયુગ્મથી.'

કોસંબાગમ=કૌશાંબીમાં દેવનું આગમન, મૂયગસાહણ=મૂકને સાધન='મૂક' નામના પોતાના ભાઈને સર્વ વસ્તુનું કથન, સંગાર=સંકેત='વૈતાઢ્ય પર્વતના સિદ્ધકૂટમાં કુંડળ જોઈને મને સમ્યક્ત્વ થશે' એ પ્રકારનો મૂકને દેવે સંકેત કર્યો. વેયડ્ઢે ગમણ=વૈતાઢ્ય પર્વતમાં દેવનું ગમન, કૂડે કુંડલઠાવણ=દેવ વડે કુંડમાં કુંડલનું સ્થાપન, સતિફલચિંતારયણદાણં=સ્મૃતિથી ફળવાળું એવા ચિંતારત્નનું દાન કર્યું=દેવ મૂકને ચિંતામણિરત્ન આપ્યું.

ગમણં=ગમન=દેવનું સ્વર્ગમાં પરત ગમન, ચવણુપ્પાઓ=ચ્યવન અને ઉત્પાદ=સ્વર્ગમાંથી ચ્યવન અને મનુષ્યરૂપે ઉત્પાદ, અંબેસુ અકાલડોહલો=આંબાના વિષયમાં અકાળ દોહલો (માતાને થયો.) કિસયા=કૃશતા=દોહલો પૂર્ણ ન થવાથી માતાને કૃશતા થઈ. સંકા=શંકા=મૂકને શંકા=તે દેવ ઉત્પન્ન થયો છે કે અન્ય છે એ પ્રમાણે મૂકને શંકા થઈ. સચ્ચા ઉ જિણા=(મૂક તે શંકાનું નિવારણ મૂકે છે –) 'જિન સત્યવાદી જ હોય છે.' ચિંતારયણાઓ તસ્સિદ્ધિ=ચિંતારત્નથી તેની સિદ્ધિ=મૂક પોતાના ચિંતામણિરત્નથી માતાના દોહલાની સિદ્ધિ કરે છે.

નિપ્ફત્તિ=નિષ્પત્તિ=ગર્ભની નિષ્પત્તિ, પસવ=પ્રસવ=ઉચિતકાળે જન્મ, નવકારપીહગો=નમસ્કાર મહામંત્ર સંભળાવવાપૂર્વક જન્મ વખતે બાળકને પીવાયોગ્ય વસ્તુ અપાઈ. અરહદત્તનામંતિ=અર્હદ્દત્ત નામ અપાયું. ચેતિયસાહૂણયણં=ચૈત્ય અને સાધુ પાસે લઈ જવાયો. અભત્તિરડણમ્મિ=અભક્તિના કારણે રડવા લાગ્યો. ચડકન્ના=ચાર કન્યાઓને પરણાવી.

સાહણં=સાધન=મૂક દ્વારા અર્હદ્દત્તને પૂર્વના દેવભવનું કથન કરાયું. અપ્પત્તિયણં=અપ્રત્યય=અર્હદ્દત્તને અવિશ્વાસ થયો. મૂયગપવ્વજ્જ=મૂકનું પ્રવ્રજન=વૈરાગ્યથી મૂક વડે પ્રવ્રજ્યા લેવાઈ. દેવલોગો ત્તિ=દેવલોક=કાળ કરીને મૂક દેવલોકમાં જાય છે. ઓહિપઉંજણ=અવધિનો ઉપયોગ, ગાઢં મિચ્છંતિ સંકેસો=ગાઢ મિથ્યાત્વને કારણે સંક્લેશ છે, જાણણ=જ્ઞાન થયું=દેવને અર્હદ્દત્તના વિષયમાં જ્ઞાન થયું.

વાહિવિહાણં=વ્યાધિવિધાન=અર્હદ્દત્તને પ્રતિબોધાર્થે વ્યાધિનું વિધાન, વેજ્જા=વૈદ્યો=પિતા દ્વારા વૈદ્યો બોલાવાયા. પચ્ચક્ખાણંતિ=પ્રત્યાખ્યાન=વૈદ્યોએ અસાધ્ય રોગ જાણીને નિષેધ કર્યો. વેયણા અગ્ગી=અતિશય વેદના થઈ તેથી કંટાળીને અગ્નિમાં મરવા તૈયાર થયો. દેવસ્સ સબરઘોસણ=દેવ દ્વારા સબરનું રૂપ કરાયું અને ઘોષણા કરાઈ (કે 'હું સર્વ વ્યાધિનો વૈદ્ય છું') દિટ્ઠો=જોવાયો=દેવ વડે તેને તપાસાયો. રુદ્દો=(દેવે કહ્યું –) 'આ રૌદ્ર રોગ છે. પયત્તેણ=પ્રયત્નથી=પ્રયત્નથી રોગ દૂર થશે.'

મજ્ઝંપિ એસ વાહી='મને પણ આવી વ્યાધિ હતી. તા=તે કારણથી, એવમડામિ જાવણાહેઉં=આ રીતે નિસંગરૂપ યાપના માટે ભટકું છું. એસોવિ હુ=આ પણ=અર્હદ્દત્ત પણ, જતિ એવં તા=જો આ રીતે ભટકે તો, ફેડેમિત્તિ=વ્યાધિને દૂર કરું' એ પ્રમાણે દેવે કહ્યું. પડિવત્તી=પ્રતિપત્તિ=અર્હદ્દત્ત દ્વારા સ્વીકાર.

ચચ્ચરમાદિટ્ઠાણં=ચત્વરમાં લઈ જઈને માતૃસ્થાન કરાયું='ચત્વરની પૂજા કરું છું' એ પ્રમાણે માયાસ્થાન કરાયું. વાહી નિગ્ગમણ=વ્યાધિનું નિર્ગમન, અવેયણા પઉણો=અવેદનાવાળો પ્રગુણ કરાયો. અસમય=અસમય='આ પ્રવ્રજ્યાનો અસમય છે' એમ જાણીને, સાહૂ વિઉવ્વણં=સાધુનું વિકુર્વણ=સાધુનું રૂપ કરાયું, ઉવાય મો='આ ઉપાય છે=સાધુપણું ઉપાય છે' (એમ કહીને), દવ્વપવજ્જા=દ્રવ્યપ્રવ્રજ્યા=દ્રવ્ય-પ્રવ્રજ્યા અપાઈ.

તચ્ચાગગિહાગમણ=પ્રવ્રજ્યાનો ત્યાગ કરીને ગૃહે આગમન, એવં=આ રીતે=પૂર્વે હતો એ પ્રમાણે, આદિપડિવત્તિ=સ્ત્રી આદિનો સ્વીકાર, તહ પુણો વાહી=અને ફરી બીજી વાર વ્યાધિ થયો, વિદ્દાણ સયણ=સ્વજનો દુઃખી થયા. વેજ્જસ્સ પાસણા સેવ પણ્ણવણા=(સબરરૂપધારી) વૈદ્યનું દર્શન તે જ પ્રજ્ઞાપના.

એવં પુણોવિ=આ રીતે ફરી પણ (પ્રવ્રજ્યા), નવરં મએ સમં અડતુ=ફક્ત મારી સાથે ભમવું પડશે. એવ પડિવન્ને=એ પ્રમાણે સ્વીકાર, ગોણત્તગહણ=ગોણત નામનો શસ્ત્રકોશ તેને અપાયો=વૈદ્યનું ઔષધિ રાખવાનું સાધન એવો શસ્ત્રકોશ તેના વડે ગ્રહણ કરાયો. નિગ્ગમ=નિર્ગમન, સદાવિ મત્તુલ્લમો કિરિયા=સદા પણ મારાતુલ્ય ક્રિયા કરવી.

ગામપલિત્તવિઉવ્વણં=દેવ દ્વારા પ્રદીપ્તથી એવા ગ્રામનું વિકુર્વણ, ઉમ્મગો=ઉન્માર્ગમાં ગમન, જક્ખપૂયપડણં ચ=અને પૂજ્ય એવા યક્ષનું પતન, કુંડગચાઈ સૂયર=સારા ધાન્યને ત્યાગી વિષ્ટામાં લગ્ન એવો સૂકર બતાવાયો. કૂવે ગો જુંજમ દુરુવ્વા=કૂવામાં ગાયને સારા ચારાને છોડીને દૂર્વાના અભિલાષવાળી બતાવાઈ.

તણવિજ્ઝવણાદીસું='તૃણ વિધ્યાપનાદિમાં (આ અયુક્ત છે)' જંપંતો=એ પ્રમાણે બોલતો અર્હદ્દત્ત, કિંચ ચોદિતો ણિઉણં=ફરી દેવ વડે નિપુણ પ્રેરણા કરાયો. ણો માણુસો='આ વૈદ્ય મનુષ્ય નથી' મણાગં સંવેગે=થોડો સંવેગ થયે છતે=આ પ્રમાણે દેવ વડે કહેવાથી અર્હદ્દત્તને સંવેગ ઉત્પન્ન થયે છતે, સાહિયં સવ્વં=દેવ વડે સર્વ કહેવાયું.

વેયડ્ઢનયણ કૂડે=વૈતાઢ્ય પર્વતમાં લઈ જઈને સિદ્ધ નામના કુંડમાં, કુંડલજુયલમ્મિ=કુંડળયુગ્મ બતાવાયે છતે, ભાવસંબોહી=ભાવથી સમ્યક્ત્વ, પવ્વજ્જા=ક્રમથી પ્રવ્રજ્યા, ગુરુભત્તીઅભિગ્ગહારાહણ=ગુરુ-ભક્તિના અભિગ્રહનું આરાધન, સુરેસુ=દેવભવમાં ઉપપાદ. ॥૨૮૪થી ૩૨૦॥

ગાથાર્થ :-

એલપુર નગર, જિતશત્રુ રાજા અને અપરાજિત નામનો પુત્ર યુવરાજ થયો. અને બીજો સમરકેતુ નામનો પુત્ર કુમારભુક્તિમાં=રાજ્યવ્યવસ્થા સંભાળવા માટે, ઉજ્જૈની અપાઈ.

નગરની નજીક વિગ્રહના જયમાં=કોઈક રાજાનો ઉપદ્રવ થયે છતે વિગ્રહના જયમાં, પાછા ફરતા એવા કેવળ યુવરાજને=અપરાજિતને, રાધાચાર્ય પાસે ધર્મની અભિવ્યક્તિ થયે છતે નિષ્ક્રમણ=સંયમનું ગ્રહણ.

તગરા નગરીમાં વિહાર=રાધાચાર્યનો વિહાર, ઉજ્જૈનીથી ત્યાં=તગરા નગરીમાં, રાધાચાર્યના સાધુઓનું આગમન, પ્રતિપત્તિ=પ્રાઘૂર્ણક ઉચિત પ્રતિપત્તિ, ઉચિત કાળે વિહારની પૃચ્છા.

તે સાધુઓ વડે કહેવાયું – 'રાજપુત્ર અને પુરોહિત પુત્ર અભદ્રક છે અને તેઓ વડે સાધુઓને ઉપસર્ગ છે. ત્યાં=ઉજ્જૈનીમાં, યતિઓનો વિહાર સદા શેષ નિરુપસર્ગ છે=આહાર પાણી આદિ સર્વ રીતે બાધારહિત છે.'

અપરાજિતને ચિંતા, ભાઈનો પ્રમાદરૂપ મહાદોષ છે. અને તે પ્રમાણે કુમારની અનુકંપા થઈ. અપરાજિત વિચારે છે – ભાઈનો પ્રમાદ દૂર કરવા 'મારી શક્તિ છે.'

ગુરુને પૂછ્યું. ગમન=ઉજ્જૈની તરફ ગમન, સંપ્રાપ્તિ=ઉજ્જૈનીમાં પ્રાપ્તિ, પ્રવેશ=સાધુની વસતિમાં પ્રવેશ, વંદનાદિ=ત્યાં વસતા સાધુઓને વંદનાદિ કરાયાં. ઉચિત સ્થિતિ=ઉચિત પ્રવૃત્તિ કરાઈ. કાળ થયે છતે ઉદ્ગ્રહણ=ભિક્ષાકાળ થયે છતે પાત્રાનું ગ્રહણ, આસન=ત્યાં રહેતા સાધુઓ વડે કહેવાયું 'તમે આસન ઉપર બેસો.' તે મહાત્મા વડે કહેવાયું – 'હું આત્મલબ્ધિવાળો છું.'

તે મહાત્માઓ દ્વારા સ્થાપનાકુલાદિ બતાવાયા. પ્રત્યનીકના ઘરમાં 'ધર્મલાભ' એ પ્રમાણે કહેવાયું=પોતાના ભાઈરાજાના ઘરમાં 'ધર્મલાભ' એ પ્રમાણે કહેવાયું. અંતઃપુરમાં રહેનારી રાણીઓ વડે સંજ્ઞા કરાઈ. તમે અહીંથી દૂર ચાલ્યા જાવ એમ કહેવાયું. કુમારોનું આગમન='ધર્મલાભ' શબ્દ સાંભળીને કુમારોનું આગમન.

પ્રથમ દ્વાર બંધ કર્યા=કુમારોએ દ્વાર બંધ કર્યા. વંદન=સાધુને વંદન કર્યું. નાચો=કુમારોએ સાધુને કહ્યું કે 'તમે નાચો,' ત્યાં=કુમારોના તે કથનમાં, તે બોલ્યો=સાધુએ કહ્યું – 'ગીતવાદન વિના કેવી રીતે નૃત્ય થાય ?' કુમારોએ કહ્યું – 'અમે આ કરીશું'='અમે ગીતવાદન કરીશું.'

આરંભમાં વિષમતાલ થયો=કુમારો વડે વિષમતાલ થયો, અકોપવાળા પણ સાધુ વડે બહારથી કોપ કરાયો. 'હું આ રીતે નાચીશ નહીં'='વિષમતાલ હોતે છતે નાચીશ નહીં.' કર્ષણ=કુમારો સાથે સાધુનું કર્ષણ થયે છતે યતનાથી બાહુયુદ્ધ કરાયું. ચિત્રલિખિત જેવા કરાયા=સાધુ વડે કુમારો ચિત્રલિખિત જેવા કરાયા, સાધુનું ગમન.

પીડા અને અંતરાય બંને વર્તે છે=કુમારોને પીડા અને અંતરાય બંને વર્તે છે. અટન નહીં=તેથી

સાધુએ ભિક્ષા નિમિત્તે અટન કર્યું નહીં. એકાંત સ્થાનમાં અવસ્થાન કરાયું, ચિંતા='હવે પરિણામ કઈ રીતે સુંદર થાય ?' તે વિષયમાં સાધુને ચિંતા, શોભનનિમિત્ત=સાધુનાં અંગસ્ફુરણાદિ શોભનનિમિત્ત થયાં. ચારિત્ર થશે એથી=બે કુમારોને ચારિત્ર પ્રાપ્ત થશે એથી, ધૃતિ યોગવાળો થયો=તે મહાત્મા ધૃતિ યોગવાળા થયા, અને સ્વાધ્યાય કરવા લાગ્યા.

રાજાને કુમારનું આવેદન=પરિજનો વડે રાજાને કથન, ગુરુમૂળઆગમન=રાજગુરુ પાસે આવ્યા, રાજાએ કહ્યું – 'અપરાધની ક્ષમા આપો.' ગુરુએ કહ્યું – 'સાધુ વડે કુમારો સ્થંભિત કરાયા છે. અમે જાણતા નથી.'

પૃચ્છા=સાધુઓને પૃચ્છા કરાઈ. સાધુઓએ કહ્યું – 'અમારા કોઈ વડે કરાયું નથી.' પછી રાજાએ કહ્યું – 'હે ભગવંત ! આ અન્યથા નથી=સાધુ સિવાય અન્ય વડે કરાયું નથી.' આગંતુકમાં શંકા=સાધુઓને આગંતુક સાધુના વિષયમાં શંકા થઈ. નિવેદન=સાધુઓએ રાજાને કહ્યું. રાજાનું ગમન=આગંતુક સાધુના સ્થાને રાજાનું ગમન, જ્ઞાન='પોતાના ભાઈ છે' એ પ્રકારે રાજાને જ્ઞાન થયું.

લજ્જા=રાજાને લજ્જા થઈ, રાજાને અનુશાસન, રાજાએ પોતાના દુષ્કૃતની નિંદા કરી. કુમારનું વિજ્ઞાપન='કુમાર સ્થંભિત થયા છે' તેનું કથન રાજાએ સાધુને કર્યું. રાજાએ સાધુને કહ્યું – 'તેમને યોજન કરો'='તેમને સ્વસ્થ કરો.' સાધુએ રાજાને કહ્યું – 'તેઓને ગુણોથી ઇચ્છું છું'='રત્નત્રયથી યોજવા ઇચ્છું છું, તેથી તેઓને પૃચ્છા કરો.'

રાજાએ કહ્યું – 'તેઓ બોલવા માટે સમર્થ નથી,' ત્યાં=કુમારોના સ્થાને, સાધુનું ગમન, મુખનું યોજન અને ધર્મની કથના, પૃચ્છામાં સંવેગ=સાધુ વડે પૃચ્છા કરાયે છતે કુમારોને સંવેગ થયો.

કયા કારણથી સંવેગ થયો ? તેથી કહે છે –

તે પ્રકારના બીજના અભ્યાસને કારણે=પૂર્વના ભવમાં ઉત્તમ સંયમ પાળીને પાડેલા સંયમના બીજના અભ્યાસને કારણે કુમારોને સંવેગ થયો. સંયોજન=શરીરના બધા અવયવોનું સંયોજન, ચર્યા કરાયે છતે=મુનિ વડે ભિક્ષા અર્થે ભ્રમણ કરાયે છતે, નિષ્ક્રમણ=કુમારો વડે સંયમ ગ્રહણ.

'ભગવાન ખરેખર અમારા ઉપકારી છે' એ પ્રકારે રાજકુમારને ચિંતા, ઇતરને પણ=પુરોહિત પુત્રને પણ, આ જ ચિંતા થઈ. પરંતુ થોડીક અવિધિમાં=પ્રવ્રજ્યાદાનકાલભાવિ એવા ગુરુના વિષયમાં, પ્રદ્વેષ થયો.

અપ્રતિક્રમણ=યાવજ્જીવ સુધી તે પ્રદ્વેષનું આલોચન ન કર્યું. કાળ થયો=તે રીતે મૃત્યુ થયું. દેવભવમાં ઉપપાત, ઉદાર ભોગોની પ્રાપ્તિ, ચ્યવનનાં નિમિત્તો થયે છતે, મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન પાસે પૃચ્છા, ભગવાને કહ્યું – 'તને બોધિ દુર્લભ છે.'

દેવે પ્રશ્ન કર્યો – 'પરંતુ તે નિમિત્તવાળું કેટલું છે ?'='પ્રદ્વેષનિમિત્તક દુર્લભબોધિપણું કેટલા પ્રમાણવાળું છે ?,' ભગવાને કહ્યું –='થોડું છે. મહાવિષયવાળું નથી'=ગુરુપ્રદ્વેષ માત્ર લક્ષણનિમિત્ત

થોડું દુર્લભબોધિપણું છે જે મહાવિષયવાળું નથી. દેવે પ્રશ્ન કર્યો – 'ક્યારે લાભ થશે=ક્યારે બોધિનો લાભ થશે ?' ભગવાને કહ્યું – 'આ અનંતર જન્મમાં થશે' દેવે પ્રશ્ન કર્યો – 'કોનાથી થશે ?' ભગવાને કહ્યું – 'નિજ ભાઈના જીવથી થશે.'

દેવે પૂછ્યું – 'તે ક્યાં છે ?' ભગવાને કહ્યું – 'કૌશાંબી નગરમાં છે.' દેવે પૂછ્યું – 'શું નામ છે ?' ભગવાને કહ્યું – 'બીજા નામથી મૂક છે. પ્રથમપણાથી અશોકદત્ત છે,' દેવે પૂછ્યું – 'આ કેમ છે ?'='બીજું નામ 'મૂક' કેમ છે ?' ભગવાન વડે પૂર્વભવનું કથન કરાયું.

આ જ કૌશાંબી નગરીમાં, તાપસ શ્રેષ્ઠી, સદા આરંભયુક્ત હતો. મરીને પોતાના ઘરમાં શૂકર થયો. સ્મરણ=પૂર્વજન્મનું સ્મરણ થયું. માર્જારીથી ઉપહત=બિલાડીએ ભોજન બગાડ્યું તેનાથી કોપિત થયેલા એવા, રસોઈયા વડે હણાયો=બિલાડીને તાડન કરવા જતાં રસોઈયા વડે શૂકર હણાયો.

ત્યાં ઉરગ=ત્યાં જ સાપ થયો. રસોઈયાએ તેને જોઈને ભયથી કોલાહલ કર્યો. સ્મરણ=સાપને જાતિસ્મરણજ્ઞાન થયું. બોલથી મારી નાખ્યો=રસોઈયાના બોલથી સાપને મારી નાખ્યો. પોતાના પુત્રના પુત્રરૂપે જન્મ્યો. સ્મરણ=તે પુત્રને જાતિસ્મરણજ્ઞાન થયું. મૂકવ્રતવાળો થયો. કુમાર=લગ્નને યોગ્ય અવસ્થાને પામ્યો. ચતુર્જ્ઞાની=ચાર જ્ઞાનના ધારક જ્ઞાની પધાર્યા.

ક્ષેત્રનો ઉપયોગ કરાયે છતે જ્ઞાન થયું. આ કુમારનો બોધિલાભનો કાળ છે એમ આલોચન કરીને, સાધુ સંઘાટકનું પ્રેષણ, પાઠ=પૂર્વભવનો સાધુઓ વડે પાઠ.

હે તાપસ ! મૂકવ્રત સ્વીકારવા વડે શું ? ધર્મને જાણીને પ્રવ્રજ્યા ગ્રહણ કર, મરીને તું શૂકર, સાપ અને પુત્રનો પુત્ર થયો છું.

વિસ્મય=મૂકકુમારને વિસ્મય થયો, વંદન કરીને પૃચ્છા કરી. સાધુઓએ કહ્યું – 'ગુરુ જાણે છે !' મૂકકુમારે પૂછ્યું – 'તે મહાભાગ ક્યાં છે ?' સાધુઓએ કહ્યું – 'ઉદ્યાનમાં છે' ત્યાં ગમન=મૂકકુમારનું ઉદ્યાનમાં ગમન, વંદન=મૂકકુમારે ગુરુને વંદન કર્યું. કથન=ગુરુ વડે ધર્મનું કથન અને સંબોધિ=મૂકકુમારને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ.

તે પ્રકારની વાસનાને કારણે, તે નામ='મૂક' એ પ્રકારનું નામ, લોકમાં દૂર થયું નહીં તેથી જ 'મૂક' એ પ્રકારનું આ બીજું નામ આનું જાણવું.

દેવે પૂછ્યું – 'આનાથી ક્યાં બોધિ'='આ મૂકકુમારરૂપ ભાઈના જીવથી ક્યા સ્થાનમાં બોધિની મને પ્રાપ્તિ થશે ?' ભગવાને કહ્યું – 'રમ્ય એવા વૈતાઢ્ય પર્વતના સિદ્ધકૂટમાં.' દેવે પૂછ્યું – 'વળી કઈ રીતે બોધિ થશે ?' ભગવાને કહ્યું – 'જાતિસ્મરણથી' દેવે પૂછ્યું – 'તે શેનાથી=જાતિસ્મરણ શેનાથી થશે ?' ભગવાને કહ્યું – 'કુંડળયુગ્મથી.'

કૌશાંબીમાં દેવનું આગમન, મૂકને સાધન='મૂક' નામના પોતાના ભાઈને સર્વ વસ્તુનું કથન, સંકેત='વૈતાઢ્ય પર્વતના સિદ્ધકૂટમાં કુંડળ જોઈને મને સમ્યક્ત્વ થશે' એ પ્રકારનો મૂકને દેવે

સંકેત કર્યો. વૈતાઢ્ય પર્વતમાં દેવનું ગમન, દેવ વડે કુંડમાં કુંડળનું સ્થાપન, સ્મૃતિથી ફળવાળું એવા ચિંતારત્નનું દાન કર્યું=દેવે મૂકને ચિંતામણિરત્ન આપ્યું.

ગમન=દેવનું સ્વર્ગમાં પરત ગમન, ચ્યવન અને ઉત્પાદ=સ્વર્ગમાંથી ચ્યવન અને મનુષ્યરૂપે ઉત્પાદ, આંબાના વિષયમાં અકાળ દોહલો માતાને થયો. કૃશતા=દોહલો પૂર્ણ ન થવાથી માતાને કૃશતા થઈ. શંકા=મૂકને શંકા=તે દેવ ઉત્પન્ન થયો છે કે અન્ય છે એ પ્રમાણે મૂકને શંકા થઈ. મૂક તે શંકાનું નિવારણ મૂકે છે – 'જિન સત્યવાદી જ હોય છે.' ચિંતારત્નથી તેની સિદ્ધિ=મૂક પોતાના ચિંતામણિરત્નથી માતાના દોહલાની સિદ્ધિ કરે છે.

નિષ્પત્તિ=ગર્ભની નિષ્પત્તિ, પ્રસવ=ઉચિતકાળે જન્મ, નમસ્કાર મહામંત્ર સંભળાવવાપૂર્વક જન્મ વખતે બાળકને પીવાયોગ્ય વસ્તુ અપાઈ. અર્હદ્દત્ત નામ અપાયું. ચૈત્ય અને સાધુ પાસે લઈ જવાયો. અભક્તિના કારણે રડવા લાગ્યો. ચાર કન્યાઓને પરણાવી.

સાધન=મૂક દ્વારા અર્હદ્દત્તને પૂર્વના દેવભવનું કથન કરાયું. અપ્રત્યય=અર્હદ્દત્તને અવિશ્વાસ થયો. મૂકનું પ્રવ્રજન=વૈરાગ્યથી મૂક વડે પ્રવ્રજ્યા લેવાઈ. દેવલોક=કાળ કરીને મૂક દેવલોકમાં જાય છે. અવધિનો ઉપયોગ, ગાઢ મિથ્યાત્વને કારણે સંક્લેશ છે, જ્ઞાન થયું=દેવને અર્હદ્દત્તના વિષયમાં જ્ઞાન થયું.

વ્યાધિવિધાન=અર્હદ્દત્તને પ્રતિબોધાર્થે વ્યાધિનું વિધાન, વૈદ્યો=પિતા દ્વારા વૈદ્યો બોલાવાયા. પ્રત્યાખ્યાન=વૈદ્યોએ અસાધ્ય રોગ જાણીને નિષેધ કર્યો. અતિશય વેદના થઈ તેથી કંટાળીને અગ્નિમાં મરવા તૈયાર થયો. દેવ દ્વારા સબરનું રૂપ કરાયું અને ઘોષણા કરાઈ કે 'હું સર્વ વ્યાધિનો વૈદ્ય છું.' જોવાયો=દેવ વડે તેને તપાસાયો. દેવે કહ્યું – 'આ રૌદ્ર રોગ છે, પ્રયત્નથી=પ્રયત્નથી રોગ દૂર થશે.'

'મને પણ આવી વ્યાધિ હતી. તે કારણથી આ રીતે નિસંગરૂપ યાપના માટે ભટકું છું. આ પણ=અર્હદ્દત્ત પણ, જો આ રીતે ભટકે તો, વ્યાધિને દૂર કરું' એ પ્રમાણે દેવે કહ્યું. પ્રતિપત્તિ=અર્હદ્દત્ત દ્વારા સ્વીકાર.

ચત્વરમાં લઈ જઈને માતૃસ્થાન કરાયું='ચત્વરની પૂજા કરું છું' એ પ્રમાણે માયાસ્થાન કરાયું. વ્યાધિનું નિર્ગમન, અવેદનાવાળો પ્રગુણ કરાયો. અસમય='આ પ્રવ્રજ્યાનો અસમય છે' એમ જાણીને, સાધુનું વિકુર્વણ=સાધુનું રૂપ કરાયું, 'આ ઉપાય છે=સાધુપણું ઉપાય છે' એમ કહીને, દ્રવ્યપ્રવ્રજ્યા=દ્રવ્યપ્રવ્રજ્યા અપાઈ.

પ્રવ્રજ્યાનો ત્યાગ કરીને ગૃહે આગમન, આ રીતે=પૂર્વે હતો એ પ્રમાણે, સ્ત્રી આદિનો સ્વીકાર, અને ફરી બીજી વાર વ્યાધિ થયો, સ્વજનો દુઃખી થયા. સબરરૂપધારી વૈદ્યનું દર્શન તે જ પ્રજ્ઞાપના.

આ રીતે ફરી પણ પ્રવ્રજ્યા, ફક્ત મારી સાથે ભમવું પડશે. એ પ્રમાણે સ્વીકાર, ગોણત નામનો શસ્ત્રકોશ તેને અપાયો=વૈદ્યનું ઔષધિ રાખવાનું સાધન એવો શસ્ત્રકોશ તેના વડે ગ્રહણ

કરાયો. નિર્ગમન, સદા પણ મારાતુલ્ય ક્રિયા કરવી.

દેવ દ્વારા પ્રદીપ્તથી એવા ગ્રામનું વિકુર્વણ, ઉન્માર્ગમાં ગમન અને પૂજ્ય એવા યક્ષનું પતન, સારા ધાન્યને ત્યાગી વિષ્ટામાં લગ્ન એવો સૂકર બતાવાયો. કૂવામાં ગાયને સારા ચારાને છોડીને દૂર્વાના અભિલાષવાળી બતાવાઈ.

'તૃણ વિધ્યાપનાદિમાં આ અયુક્ત છે' એ પ્રમાણે બોલતો અર્હદ્દત્ત, ફરી દેવ વડે નિપુણ પ્રેરણા કરાયો. 'આ વૈધ મનુષ્ય નથી' થોડો સંવેગ થયે છતે=આ પ્રમાણે દેવ વડે કહેવાથી અર્હદ્દત્તને સંવેગ ઉત્પન્ન થયે છતે, દેવ વડે સર્વ કહેવાયું.

વૈતાઢ્ય પર્વતમાં લઈ જઈને સિદ્ધ નામના કુંડમાં કુંડળયુગ્મ બતાવાયે છતે ભાવથી સમ્યક્ત્વ, ક્રમથી પ્રવ્રજ્યા, ગુરુભક્તિના અભિગ્રહનું આરાધન, દેવભવમાં ઉપપાદ. ॥૨૮૪થી ૩૨૦॥

ટીકા :-

परितुलिएलविलालयविहवं नयरं अहेसि एलउरं । बलवंतविपक्खपरिक्खयाउ तत्थासि जितसत्तू ॥१॥ राया जहत्थनामा सुइणा सामाइनीइमग्गेण । सयलधरायलपरिपालणओ लद्धुज्जलपसिद्धी ॥२॥ कमलमुही नाम पिया पियंपुव्वाभासिरी सिरीव सयं । रूवेण जोव्वणेण य विणयाइमणीखणी तस्स ॥३॥ विसयसुहं सेवंतस्स तस्स तीए समं समंताओ । दूरोसरियविसायस्स वासरा वासवसमस्स ॥४॥ लच्छीविलासकलियस्स जाव गच्छंति तावदो पुत्ता । जाया कमेण अपराइओ य तह समरकेऊ य ॥५॥ अहिसित्तो जुवरज्जे सयलकलाजलहिपारमणुपत्तो । अपराइओ कुमारो मारोवम-सुन्दरागारो ॥६॥ दिन्ना पुण उज्जेणी कुमारभुत्तीए समरकेउस्स । एवं गच्छंतेसुं दिणेसु कइयावि भूवालो ॥७॥ एक्को तद्देसविलोलकारओ भूरिरोसओ जाओ । रन्नो लद्धाणुन्नो अपराइओ य तज्जयनिमित्तं ॥८॥ चउरंगबलसमेओ गओ रणं तेण दारुणं लग्गं । परिखुद्धजलहिकल्लोलसरिस-सेन्नस्स तस्स लहुं ॥९॥ उद्दंडकंडपक्खेवठइयनहमंडलं भिडंतभडं । उब्भडकरडिघडाडोवविहडिया-सेसपरचक्कं ॥१०॥ निसियद्धचंदसंदोहवाहच्छिज्जंतचिंधझयछत्तं । उम्मुक्कभेरवारावनियरसद्दी-कयदिसोहं ॥११॥ अच्चुग्गखग्गपरिहम्ममाणनच्चंतउद्धुरकबंधं । जमनयरपरिसरसमं बीभच्छमपेच्छणीयं च ॥१२॥ तत्थोवलद्धजयसिरिसंगो तत्तो नियत्तमाणो सो । पासइ खिईपइट्ठियनयरे सूरिं कयविहारं ॥१३॥ राहाभिहाणमुज्जलचरणं सुविसुद्धसुयमणिनिहाणं । तस्संते सुयधम्मो सम्मं च भवा विरत्तमणो ॥१४॥ वत्थंचलग्गलग्गं व तणमसेसंपि रज्जसिरिमेसो । परिवज्जइ सज्जो वज्जसारचित्तो विहियकज्जे ॥१५॥ उवलद्धदुविहसिक्खो णिच्चं गुरुचरणतामरसभसलो । कुसलासओ विहारं धरायले कुणइ सव्वत्थ ॥१६॥ राहायरिया तगराए आगया अन्नया विहारेण । तइया नयरी नवघणधारासित्तव्व गिम्हमही ॥१७॥ उग्गयवेरग्गंकुरपूरा बाढं मणोहरा जाया । विज्झायकसाय दवग्गिदाहवाहा तहा

झत्ति ।।१८।। उज्जेणीओ पुरीओ तस्संतियमागयं च साहुजुयं । तगराए पडिवत्ती साहूहिं जहोचिया विहिया ।।१९।। समयम्मि सूरिणा पुच्छिया तच्चेइयाण संघस्स । कुसलपउत्ती तेहि य निवेइयं जिणघरेसु जहा ।।२०।। उस्सप्पंति वराओ पूयाओ निक्खमंति य रहाओ । ठाविज्जंति नवाओ जिणपडिमाओ य सुगुरूहिं ।।२१।। कयपरमपयासंघो संघोवि य विग्घविरहिओ कुणइ । गुरुसुस्सूसणा-इकिरियाओ नियय्वत्थासमुचियाओ ।।२२।। नवरमभद्दगरूवा रायपुरोहियसुया परिहवंति । साहू, बहिं विहारो गओवसग्गो तहिं सेसो ।।२३।। तं सोच्चा अपराजिय साहू चिंतापरो दढं जाओ । कह मह सहोयरो वि य होउं राया इय पमत्तो ।।२४।। जं ण कुमारे दुव्विणयकारिणोऽसमाणकिरियाण। साहूण सव्वजयवच्छलाण दूरं निवारेइ ।।२५।। अरहंत चेइयाणं पडणीयं तह अवन्नवायं च । जिणपवयणस्स अहियं सव्वत्थामेण वारेइ ।।२६।। इय आणाणुसरणओ सो परिभावेइ निग्गहे तेसिं । सत्ती ममत्थि एवं दया य महई कया होइ ।।२७।। अन्नह साहुपओसा वज्जियदुज्जयतमोभरालीढा। जच्चंधव्व अणंतं भमिहंति भवं दुहकिलंता ।।२८।। आपुच्छिऊण सूरिं परेण विणएण पट्ठिओ नयरिं । उज्जेणिं पइ पत्तो कमेण साहूण वसहीए ।।२९।। विहिया वंदणगाई उचियठिई पायसोहणाई य । पत्ते भिक्खाकाले पत्तुग्गाहणपरो भणिओ ।।३०।। साहूहिं अज्ज अम्हं पाहूणगो तं विलंवसु भणाइ । अहमत्तलद्धिओ मे ण अन्नलद्धी उवगरेइ ।।३१।। ता ठवणकुलाणि अभद्दयाणि लोगे दुगुंछणिज्जाणि । तह जाइं ताइं दंसह दंसिज्जंतेसु तेसु कमा ।।३२।। एगेण साहुणा दंसियं च तं पच्चणीयकुमरगिहं । तो नायतग्गिहेणं विसज्जिओ सो मुणी तेण ।।३३।। तग्गेहम्मि अइगओ महया सद्देण धम्मलाभो त्ति । भणिए भयाउराओ अंतेउरियाओ निहुएण ।।३४।। सव्वं करेंति सद्देण हत्थसंचालणाइणा चेव । सो अवहेरिपहाणो जा चिट्ठइ ताव ते कुमरा ।।३५।। आयन्नियतस्सद्दा उवगम्म दुवारघट्टणं काउं । उवहासपरा अभिवंदिऊण भासंति तं भयवं! ।।३६।। णच्चसु सो भणइ कहं गीएण विणा पवाइएणं च । नच्चिज्जइ सुक्खत्तणमहो कहं तुम्ह जायं ति ?।।३७।। तो ते भणंति अम्हे गीयाइ कणेसु तं तह कुणंति । उत्तालविसमतालं अकोवकोवो मुणी भणइ ।।३८।। एयारिसम्मि गीए पवाइए मुक्खलोगजोगम्मि । णो णच्चामि सरोसा तं कड्ढेउं समाढत्ता ।।३९।। जयणाए बाहुजुद्धम्मि कुसलभावाओ चित्तलिहियव्व । वियलंगसंधिबंधे तत्तो काउं गओ सोवि ।।४०।। तेसिं पीडं अह भोयणाइपच्चूहमणुसरंतस्स । णो भिक्खायरियाए अडणं जायं नगरबाहिं ।।४१।। पइरिक्के ठाणे संठियस्स चिंताउरस्स तक्कालं । सोहणनिमित्तलाभे होही चरणं धुवं तेसिं ।।४२।। जाया धिई विसुज्झंतमाणसो कुणइ ताव सज्झायं । ताहे कुमारपरियण जणेण कहियं नरवइस्स ।।४३।। सव्वं कुमारचरियं तो गुरुमूलं निवो गओ भणइ । मुणिणो खमापहाणा जं होंति कयावराहे वि ।।४४।। एस कुमरावराहो खमिज्जऊ संपयं तओ मज्झ । भणइ गुरू नवि

जाणे साहूणं केणई कुमरा ।।४५।। जं थंभिया मुणी तो पुच्छइ तेवि य भणंति केणावि । णम्हाण विहियमेयं निवो भणइ नन्नह इमंति ।।४६।। णूणं तेणं आगंतुएण मुणिणा कयंति भणिऊण । जाओ तस्सन्नेसणपरायणो अहिगए तम्मि ।।४७।। तस्स समीवमुवगओ जा पासइ ताव परिगयमिमस्स। एसो पराजिओ नाम जेट्ठभाया ममं, दुट्ठु ।।४८।। अव्वो! विचिट्ठियं जं न मए साहू पराभविज्जंता। कुमरेहिं रक्खिया इय लज्जामलिणाणणो राया ।।४९।। पडइ चलणेसु दोसुं स तस्स भूमीनिहित्त-नयणजुओ । मुणिणोवालंभपरेण भणियमह निप्पिहमणेण ।।५०।। सारयतारापहुमंडलुज्जले तह कुलम्मि जाएण । एयारिसो पमाओ उवेहिओ अहमजणजोग्गो ।।५१।। जलणो अलिंजराओ जइ जलइ करालजालसंवलिओ । ता किं तमत्थि सलिलं सो जेण जए नियत्तेज्जा ?।।५२।। ता एयाओ कुलाओ साहूण पराभवो समुप्पन्नो । न य सो समत्थि थेवंपि रक्खिउं जो तयं तरइ ।।५३।। पायविलग्गो सो तस्स खामणं कुणइ भणइ य जहेए । सज्जा जायंति तहा कुणेहि काऊणमणुकंपं ।।५४।। भणइ मुणी पव्वज्जं जइ में गिण्हंति बेइ तो राया । दिन्ना तुहच्चिय परं मणोवियप्पं उवलभामि ।।५५।। न चयंति परं वोत्तुं तह कुणह जह भासगा खणं होंति । इय वित्तन्ते रन्ना गओ मुणी तस्समीवम्मि ।।५६।। पगुणीकयमुहजंताण ताण कहिओ सवित्थरो धम्मो। पुट्ठा पव्वज्जाए कज्जे संवेगगयचित्ता ।।५७।। पडिवज्जंति भणंति य जोएहिं गुणेहिं खंतिमाईहि । पुव्वभवब्भासाओ तहाविहाओ य इय भासा ।।५८।। सव्वंगं कयसंजोयणेसु पुव्वं व निरुयदेहेसुं । जाएसु मुणी चरियाए निग्गओ अन्नदिवसम्मि ।।५९।। सुमुहुत्ते निवकुलसमुचियाए नीईए दोवि निक्खंता । चिंतेइ रायपुत्तो ममोवगारी इमो एस ।।६०।। दुट्ठुज्झवसाणाओ इमाओ मोयाविया दढं जेण । णूणं ण णरयपडणा विणा फलं अस्स होज्जत्ति ।।६१।। एओवायाउ विणा अन्नोवाओ ण होंतओ णूणं । ता ओसहंव एसा विडंबणा ण उण तत्तेण ।।६२।। एवं पुरोहियसुओ विचिंतइ नवरि जं विडंबेउं । पव्वइया विहिया नेव सुंदरं तं कयमणेण ।।६३।। अकलंकपालियवया समा-हिसारा तओ मरेऊण । तियसेसु समुप्पन्ना गुरुप्पओसो तओ चेव ।।६४।। नवरि पुरोहियपुत्तस्स चित्तओ नो कहिंचिंवि नियत्तो । तदणुगएणं चिय तेण चरमकिरिया कया सव्वा ।।६५।। जाया तत्थ उदारा भोगा विहिया जिणाइ महिमाओ । पत्तम्मि चवणकाले कप्पद्दुमकंपणाईहिं ।।६६।। मुणिए महाविदेहे वासम्मि जिणंतिगम्मि पुच्छंति । सुयधम्मा उवलद्धावसरा संता जहा अम्हे ।।६७।। किं सुलहबोहिया अहव अन्नहा अग्गिमे भवे होमो । एवं पसिणे विहियम्मि तेहिं, भगवं तओ भणइ ।।६८।। एस पुरोहियपुत्तो दुल्लहबोही निमित्तमेयाए । किमबोहीए भणियं जिणपहुणा गुरुपओ-सोत्ति ।।६९।। थेवमिणं तो भयवं कया णु लाभो पुणोवि बोहीए । होही, (जिनः-)अग्गिमजम्मे (सुरः-) कत्तो (जिनः-) नियभाइजावाओ ।।७०।। (सुरः-)सो कत्थ संपयं (जिनः-) पुरवरीए

कोसंबियाए परिवसइ । (सुरः-)किंनामगो स भगवं (जिनः-)मूयगा नामा दुइज्जेण ।।७१।। नामेण पढमगेण उ असोगदत्तोत्ति (सुरः-)कहमिमं जायं । लोए नामं जह मूयगोत्ति (जिनः-) सुण एगचित्तो तं ।।७२।। कोसंबीए पुरीए नियसोहोवहसियामरपुरीए । सेट्ठी तावसनामा घणकणयड्ढो पुरा आसि ।।७३।। भज्जा अणवज्जंगी विस्सासपयं अहेसि तस्सपहा । तग्गब्भसंभवो कुलधरो त्ति पुत्तो पगब्भगुणो ।।७४।। सेट्ठी सुट्ठु परिग्गहसत्तो णाणापयट्टियारंभो । धम्मपरंमुहचित्तो कालेण मओ गिहे चेव ।।७५।। गड्ढासूयरमत्ताए जड्ढभावोवगओ समुप्पन्नो । दट्ठुं कुडुंबयं नियगमेव पोराणिया जाई ।।७६।। सरिया जह अस्स पहू आसि अहं पेमपासवडिबद्धो । पायं तत्थेव गिहे इओ तओ अच्छइ भमंतो ।।७७।। संवच्छरिए तस्सेव माहणाईण भोयणनिमित्तं । पिसियं पभूय-मुवकप्पियं तओ सूयगारीए ।।७८।। कहमवि पमत्तभावं गयाए गसियं तयं विरालीए । तत्तो कोवपराए तीए पिसियस्सणुवलंभे ।।७९।। अन्नस्स सुच्चिय हओ पसाहियमिमस्स तं लहुं मंसं । सो पुण रोसपरवसो तत्थेव गिहे अही जाओ ।।८०।। जाओ य जाइसरणो णेहाओ गिहे तहिं चिय भमंतो । अच्छइ अविसंकमणो पलोयमाणो नियकुडुंबं ।।८१।। दिट्ठो सूयारीए कोलाहलवाउली-कयगलाए । भीयाए अइदढलउडताडणा मरणमुवणीओ ।।८२।। संपन्नसुद्धिलेसो नियपुत्तस्सेव सो सुओ जाओ । ठवियं असोगदत्तो त्ति तस्स नामं पिइजणेणं ।।८३।। पइदिवसमुवचयं सो लहंतओ अह सिसुच्चिय कयाइ । तह चेव जाइसरणो संपन्नो लज्जिओ संतो ।।८४।। ण तरइ तणयं बप्पं ति भाणिउं न य बहुंपि जणणिंति । तो मोणव्वयपरमो ठिओ स मूयत्तणं पत्तो ।।८५।। कुमरत्तेण ठियस्स उ एगंतेणेव विसयविमुहस्स । तस्सन्नया मुणिंदो निम्मलचउणाणसंपन्नो ।।८६।। गामागरनगर-समाउलम्मि भूमंडलम्मि विहरंतो । णामेणं धम्मरहो समोसढो बाहिरुज्जाणे ।।८७।। उवओगोऽणेण कओ जह बोही कस्स होहिही एत्थ । णायं जहेस तावसजीवो मूयत्तणं पत्तो ।।८८।। लद्धावसरो संपइ बोहीलाभस्स पेसिओ ताहे । संघाडगो तयग्गम्मि गाहमेयं पढेइ जहा ।।८९।। तावस! किमिहा मोणव्वएण पडिवज्ज जाणिउं धम्मं । मरिऊण सूयरोरग जाओ पुत्तस्स पुत्तोत्ति ।।९०।। तं सोऊण विम्हियचित्तो ते साहुणोऽभिवंदेइ । पुच्छइ तह कहमेसो मम वुत्तंतो अहिगओ त्ति ।।९१।। तो भासंत वियाणइ अम्हाण गुरू वयं न उण किंचि । सो भयवं कत्थच्छइ पुट्ठो तेणं भणंति जहा ।।९२।। उज्जाणम्मि मणोरमणामे कयसंभमो तओ जाइ । वंदणनिमित्तमेसो सुणेइ जिणभासियं धम्मं ।।९३।। लद्धा बोही सयलाहिवाहिसंदोहसेलकुलिससमा । परिचत्तमूयभावो तत्तो सो जंपिउं लग्गो ।।९४।। नवरि न मूयगनामं लोगपरूढं इमस्स ओसरियं । इय मूयगोत्ति नामं जणम्मि एयस्स विक्खायं ।।९५।। (सुरः)एत्तो वि मूयगाओ बोही मे कत्थ होहिई भयवं! । (जिनः-)सिहरड्ढे वेयड्ढे गिरिम्मि कूडम्मि सिद्धम्मि ।।९६।। (सुरः-)केणोवाएण इमा भविस्सइ,

(जिनः-)पुव्वजाइसरणाओ । (सुरः-)तंपि य कत्तो होही (जिनः-)नियकुंडलजुयलदरिसणओ ।।९७।। एवमुलवद्धबोहोवाओ बहुमाणओ जिणं नमिउं । कोसंबीए उवगओ सो तियसो मूयगसमीवं ।।९८।। दाविय नियरूवसिरिं साहइ तव चुल्लभाउगो होहं । तह कज्जं जह बोही मज्झ लहुं चिय समुब्भवइ ।।९९।। तो नीओ वेयड्ढम्मि पव्वए सिद्धकूडजिणभवणे । नियकुंडलजुगठावणमिह विहियं पस्सओ तस्स ।।१००।। दाणं चिंतारयणस्स तस्स उवणीयचिंतियफलस्स । कयमेएण स सग्गं गओ सुरो, ताओ रयणाओ ।।१०१।। तस्स समीहियसिद्धी सव्वा संपज्जइ अह कयाई । अंबफलाण अकाले जणणीए डोहलो जाओ ।।१०२।। जाया भिसं किसंगी सा एसो संकिओ तओ नायं । सच्चं चिय जिणवयणं सो तियसो इह समुप्पन्नो ।।१०३।। तत्तो च्चिय रयणाओ फलिया अंबयतरू अकालेवि । संमाणियदोहलगा सा गब्भं वोढुमाढत्ता ।।१०४।। मासेसु नवसु वोलीणएसु अहिएसु किंचि रविबिंबं । पुव्वदिसिव्व मणोहररूवं पुत्तं पसूया सा ।।१०५।। नवकारसारपीहगदाणं जायस्सिमस्स परिविहियं । तह जम्ममहो सुमहं जाओ कुलनंदिविद्धिकरो ।।१०६।। णामकरणम्मि पत्तो ठवियं नामं जहा अरिहदत्तो । एसो होउत्ति कमेण वड्ढमाणो जिणिंदाणं ।।१०७।। तह साहूण सयासे निज्जंतो तेसि पायकमलेसु । पाडिज्जंतो ताडिज्जंतो जह रडइ अइकडुयं ।।१०८।। पत्तम्मि जोव्वणभरे बहुलायन्नाओ तेण कन्नाओ । चउरो विवाहियाओ अबाहचित्तो समं ताहिं ।।१०९।। अह सेवइ विसयसुहं अविसेसीकयनिसादिवसभागो । समए असोगदत्तेण साहिओ पुव्वसंगारो ।।११०।। तिलतुसमेत्तंपि न जा पडिवज्जइ ताव तिव्वसंवेगो । सो पव्वइओ काउं तवमुग्गं सुरवरो जाओ ।।१११।। समए ओहिपओगो तेण कओ नायमेस अइगाढं । मिच्छत्तं पडिवन्नो तेणस्स असद्दहाणमिणं ।।११२।। जाव न विहुरसरीरो विहिओ एसो न ताव पडिबोहो । होही एयस्स विभाविऊण वाही तओ जणिओ ।।११३।। घोरो जलोदरो नाम विज्जपरिवज्जणिज्जओ तेण । वियणा जंतनिपीडण-तुल्ला सव्वंगिया जाया ।।११४।। उव्विग्गो सो नियजीवियाओ अग्गीपवेसमभिलसइ । जा ताव सबररूवो होउं स सुरो समणुपत्तो ।।११५।। उग्घोसणमारद्धं जह विज्जो हं समत्थवाहीण । दिट्ठो स तेण जंपियमेसो वाही बहुं रुद्दो ।।११६।। किच्छेण चिगिच्छिज्जइ ममावि एसो जओ पुरा आसि । परिचत्तसव्वसंगो तेणेवमडामि पइनगरं ।।११७।। एयस्स जावणकए एसो च्चिय इय अडेइ जइ ता हं । फेडेमि तेण दुक्खदुएण अंगीकयं सव्वं ।।११८।। नीओ चच्चरदेसे माइट्ठाणेण ठाविओ तत्थ । विहिया चच्चरपूया पदंसिओ वाहिनिस्सारो ।।११९।। अवणीया वियणा पाविओ य पउणत्तणं खणा चेव । पव्वज्जादाणकए स तस्स सयमवि य मुणिरूवो ।।१२०।। संजाओ दिन्ना दिव्वरूवदिक्खा मुणीणमायारो । कहिओ सट्ठाणगओ स सुरो तो सो वि पव्वज्जं ।।१२१।। उज्झित्तु गओ गेहं तहेव भज्जाइयाण पडिवत्ती । जा विहिया ता वाही तहेव देवेण से विहिओ

।।१२२।। विद्दाणो सयणजणो तं तहमइदूरमाउरं दट्ठुं । पेच्छेइ य तं वेज्जं सबरागारं भणेई य ।।१२३।। सो वि तह च्चिय तं पन्नवेइ पडिवज्जई अह इमोवि । णवरिमिमोवि मए सममडउ महिं तेण पडिवन्नं ।।१२४।। तो गोणगाभिहाणो समप्पिओ सत्थकोसओ तस्स । विहियायरेण तेणवि गहिओ सुपसन्नवयणेण ।।१२५।। तत्तो कयनिग्गमणेण भासिओ सो सुरेण जह निच्चं । मम तुल्ला कायव्वा किरिया अह अन्नया गामे ।।१२६।। जालामालकरालो विउव्विओ संपयट्टअट्टरवो । तत्तोहुत्तं विज्झावणहेउं जाव सो विज्जो ।।१२७।। थूलतणपूलहत्थो गच्छइ ता तेण एस पन्नविओ । जलसंजोगसमुचिए इमम्मि कह पूलगकरोसि ?।।१२८।। (वैद्यः-) तंपि कहं जम्मजराजलणे एयम्मि भीमभवरन्ने । उम्मुक्कवओ वच्चसि ण सच्चचरिओ धुवं होसि ?।।१२९।। तो तुण्हिक्को थक्को सम्मं मग्गं चइत्तु उम्मग्गे । वेज्जं संपट्ठियमन्नया उ दट्ठूण सो बेइ ।।१३०।। कम्हा इमो सुमग्गो मुक्को चुक्कोव तं सि पडिहासि । (वैद्यः-) तंपि कहं सिद्धिपहं मोत्तुं भवपंथमोइन्नो ?।।१३१।। पुणरवि देउलियाए एगाए जक्खपडिममेयस्स । दंसेइ पुज्जमाणिं अहोमुहिं ज्झत्ति निवडंतिं ।।१३२।। विहियंपि उवरिहुत्तं परिवत्तिय पच्छहुत्तमित्थंति । (अर्हद्दत्तः-)अव्वो! बहु विवरीया एसा जा चिट्ठए एवं ?।।१३३।। (वैद्यः-) सयलजणपूयणिज्जं पव्वज्जं वज्जिऊण सावज्जं । जो घरकज्जं पडिवज्जसित्ति सो तं न विवरीओ ।।१३४।। पुणरवि गड्डाकोलं विउव्वई सालिकुक्कुसे चइउं । गाढमणिट्ठं विट्ठंग संतयं निट्ठयं स सुरो ।।१३५।। (अर्हद्दत्तः-) अइकुच्छणिज्जपगई एसो कोलो सुई इमे मोत्तुं। जो कुक्कुसे निसेवइ पुरीसमेयारिससरूवं ।।१३६।। (वैद्यः-) तं एत्तो च्चिय कुच्छाठाणं जो मुत्तु संजमं रमसि । नारीसु विलीणवसंतमुत्तमंसाइभत्थासु ।।१३७।। एक्कं पुणरवि वसहं स विउव्वई जुजमं सुगंधड्ढं । वज्जित्तु अईवगहीरकूवबहुवियडतडरूढं ।।१३८।। दुव्वंकुरमइतुच्छं समीहमाणं मुहं तओहुत्तं । तह निक्खिवंतमंतो कूवम्मि निहित्तणेसूजुगं ।।१३९।। (अर्हद्दत्तः-) सच्चं चिय एस पसू कहमन्नहमेरिसं तणं सुलहं । मोत्तूणमइदुरंतं दुव्वंकुरमेयमभिलसइ ।।१४०।। (वैद्यः-) एत्तो वि पसू तुममसि सुहेक्कफलपच्चए चइत्ताणं । नरगाइदुग्गइफले जो विसयसुहे पसत्तोसि ।।१४१।। एवं तं जंपंतं तह चोयंतं पए पए निउणं । जायासंको पुच्छइ ण माणुसो होसि सो ताहे ।।१४२।। संवेग-मागयं जाणिऊण तं किंपि अह निवेएइ । सव्वं पुव्वभवगयं वुत्तंतं बोहिलाभकए ।।१४३।। वेयड्ढम्मि गिरिंदे सो नीओ तेण सिद्धकूडम्मि । तं नियकुंडलजुगं दंसियमह तक्खणा चेव ।।१४४।। संपन्नजाइसरणो संबुद्धो भावओ य पव्वइओ । जाओ खंतो दंतो दूरं गुरुभत्तिविणयपरो ।।१४५।। सुट्ठुच्छलंतसद्धा समन्निओ बहुविहं सुयमहीओ । अपुव्वापुव्वअभिग्गहेसु निच्चं चिय पसत्तो ।।१४६।। इय सामन्नं काउं अणन्नसामन्नमंतिमे काले । संलिहियकसायतणू णिस्सल्लो सव्वहा होउं ।।१४७।। सुद्धसमाहाणपरो मरिउं वेमाणिओ तओ जाओ । तत्थवि चेइयजिणवंदणाइवावारबद्धरसो ।।१४८।।

ठिच्चा चइत्तु तत्तो महाविदेहे कुले विसालम्मि । आराहिय जिणधम्मो संपत्तो सासयं ठाणं ।।१४९।। इति ।।

अथैतत्संग्रहगाथाक्षरार्थः—एलपुरं नाम नगरमासीत् । तत्र जितशत्रू राजा, पुत्रोऽपराजितश्च युवराजो बभूव । द्वितीयश्च पुत्रः समरकेतुर्नाम । तस्य च कुमारभुक्तावुज्जयिनी समजायत ।।२८४।।१।।

अन्यदा च प्रत्यन्तविग्रहजये निजदेशसीमापालभूपालस्य विग्रहे व्युत्थाने सति यो जयः परिभवस्तस्मिन् समुपलब्धे । आगच्छतः स्वदेशाभिमुखं 'नवरि'त्ति नवरं केवलं युवराजस्यापराजितस्य राधाचार्यसमीपे धर्म्माभिव्यक्तौ सत्यां निष्क्रमणं व्रतमभूत् ।।२८५।।२।।

अन्यदा च 'तगराविहार'त्ति तगरा नाम नगरी, तस्यां राधाचार्याणां विहारः सम्प्रवृत्तः । प्रस्तावे चोज्जयिनीतस्तत्र तगरायामार्यराधसाधूनामागमनं समजनि । विहिता प्रतिपत्तिः प्राघूर्णकोचिता विहारपृच्छा उचितकाले समुचितसमये सन्ध्यादौ कृता सूरिभिः ।।२८६।।३।।

भणितं च तैः राजपुरोहितपुत्रावभद्रकौ, तत्कृतस्तु तत्कृत एवोपसर्ग्गः साधूनाम् । शेषस्त्वन्नपानादिशुद्धिस्तल्लाभादिरूपो निरुपसर्ग्गो बाधाविरहितस्तत्रोज्जयिन्यां विहारः सदा सर्वेषु प्रावृडादिकालेषु यतीनां साधूनामिति ।।२८७।।४।।

ततोऽपराजितस्य चिन्ता संजाता । प्रमत्तता कुमारोपेक्षालक्षणा भ्रातुर्मम महादोषो बोधिलाभघातकत्वात्, तद् निग्रहीतुमसौ मम युज्यते । तथा चैव कुमारयोरप्यनुकम्पा दया कर्तुमुचिता । अस्ति मे शक्तिः सामर्थ्यं प्रस्तुतनिग्रहे ।।२८८।।५।।

'गुरुपुच्छ'त्ति गुरुमापृच्छ्येत्यर्थः । गमनमुज्जयिनीं प्रति । सम्प्राप्तिश्च । तत्र प्रवेशश्च साधूपाश्रये । कृता च वन्दनादिका उचिता स्थितिः । सति काले भिक्षाभ्रमणरूपे उद्ग्राहणं पात्रप्रगुणीकरणरूपं यदा तेनविहितं तदा साधुभिः 'अच्छणं खु'त्ति आसनमेव आदृध्वं यूयमित्येवं प्रज्ञापनं कृतम् । तेन चोक्तमहमात्मलब्धिको न परलब्धिमुपजीवामि ।।२८९।।६।।

ततः स्थापनाकुलानि प्रतीतानि । आदिशब्दाद् दानश्रद्धालुश्रावकसम्यक्त्वदृष्टादिकुलग्रहः । यतः पठ्यते—'दाणे अभिगमसद्दे सम्मत्ते खलु तहेव मिच्छत्ते । मामाए अचियत्ते कुलाइं जयणाए दाइंति ।।१।। सागारिवणिगसुणए गोणे पुत्ते दुग्गंछियकुलाइं । हिंसागं मामागं सव्वपयत्तेण वज्जेज्जा ।।२।।' एवमुपलब्धस्थापनादिकुलविभागः स साधुः प्रत्यनीकगृहे प्रविष्टः, भणितं च धर्म्मलाभ इति । ततोऽन्तःपुरिकासंज्ञानमन्तःपुरिकाभिस्तस्य संज्ञा अकारि यथापसरेति 'अवहेरि'त्ति अवधीरणा तेन कृता । धर्मलाभशब्दश्रवणे कुमारकागमनं तत्पार्श्वे सम्प्रवृत्तम् ।।२९०।।७।।

ताभ्यां च प्रथमं 'दुवारघट्टण'त्ति द्वारकपाटपुटस्थगनं कृतम् । 'वंदण णच्चाहि'त्ति वंदितोऽसौ, भणितश्च नृत्य त्वं तत्रेत्येवं भणिते सति स आह—कथं गीतवादितेन विना 'नृत्यते' इति गम्यते । ततो भणतस्तौ कुमारौ—आवामिदं गीतादि कुर्व इति ।।२९१।।८।।

'आरम्भविषमतालम्' आरम्भे एव विषमो विसंस्थुलस्तालो गीतवादितसंयोगरूपो यत्र तत्तथा नृत्यं प्रवृत्तम् । तदाऽकोपस्य साधोर्यः कोपस्तत्र सति तेनोक्तं न नैव एवं विषमतालतायां नृत्यामि, विडम्बनारूपत्वाद् अस्य नृत्यस्य । ततः कर्षणे हस्तपादादिशरीरावयवेषु तस्य ताभ्यां क्रियमाणे यतनयात्यन्तपीडापरिहारेण यन्त्रियुद्धं बाहुयुद्धं तद्विधाय यत्नेन तेन चित्रलिखिताविव तौ कृतौ । ततः साधोस्ततः स्थानाद् गमोऽपसरो जातः ।।२९२।।९।।

'पीडंतराय'त्ति पीडा तच्छरीरगताऽन्तरायश्च भोजनादिविघ्नरूपोऽनयोर्वर्त्तत इति परिभाव्य न नैवाटनं कृतं भिक्षानिमित्तं तेन साधुनेति, किन्तु 'पइरिक्के'त्ति एकान्तेऽवस्थानं कृतम् । तत्र तस्य चिन्ता-कथमिदं मच्चेष्टितं सुंदरपरिणामं स्यादिति । तत्काले च शोभननिमित्तमङ्गस्फुरणादि किञ्चित्रिमित्तं सुन्दरं प्रवृत्तम् । ततो भविष्यति चरणमिति धृतियोगस्तस्य सम्पन्नः । स्वाध्यायकरणं तु स्वाध्यायकरणमेव प्रारब्धम् ।।२९३।।१०।।

राज्ञः समरकेतोः कुमारावेदनं परिजनेन कुमारवृत्तान्तकथनं कृतम् । स च गुरुमूलागमनं विधाय क्षमस्वापराधं कुमारकृतमित्युक्तवान् । तं प्रति गुरुराह—न वि जाने न वेद्मि साधुभिर्यथा स्तम्भितौ कुमारौ ।।२९४।।११।।

तदनुपृच्छा कृता साधूनां, तैरप्यूचे—नास्माकं केनचित् कस्यापि किञ्चित्कृतम् । ततो राजा आह—नैतत्कुमारस्तम्भनमन्यथा साधून् विहाय भदन्त कल्याणकारक! । तत आगन्तुके साधौ शंका जाता, मा तेन कृतं कुमारस्तम्भनमिति । ततः साधनं निवेदनं प्राघूर्णकसाधो राज्ञः कृतं गुरुणा । ततो राज्ञा गमनं तस्य साधोः समीपे कृतम् । ततश्च ज्ञानं प्रत्यभिज्ञानं समजनि ।।२९५।।१२।।

व्रीडितो लज्जावान् राजा जातः । ततोऽनुशासने मुनीनां शिक्षणे कृते मिथ्यादुष्कृते च तेन दत्ते कुमारविज्ञापनं समजायत, यथा—योजयत प्रगुणीकुरुत तौ कुमारौ । मुनिराह—गुणैः सम्यग्दर्शनज्ञान-चारित्रैर्योजयितुमिच्छामः । पृच्छत च तौ कुमारौ । इत्येवं मुनिनोक्ते युवराजः प्राह ।।२९६।।१३।।

न शक्नुतस्तौ वक्तुम् । ततश्च तत्र कुमारस्थाने गमनमकारि साधुना । ततो मुखयोजना कथना च धर्मस्य । पश्चात् पृच्छायां संवेगः संजातस्तयोः । कुत इत्याह—तथा बीजाभ्यासात् तत्प्राकाराज्जन्मा-न्तरविहितगुणज्ञप्रमोदादिधर्मकल्पतरुमूलानुशीलनरूपात् । ततश्च संयोजने शरीरावयवानां चर्यायां च भिक्षाभ्रमणरूपायां मुनिना कृतायां निष्क्रमणं व्रतमभूत् तयोः ।।२९७।।१४।।

तत्र राजकुमारे चिन्ता उपकारे चिन्ता-उपकारी सुष्ठ्वावयोर्भगवान् अयमित्येवंलक्षणा संजाता, इतरस्यापि पुरोहितपुत्रस्य एषैव राजपुत्रसम्बन्धिनी चिन्ता, परं मनाक् अविधौ तु प्रव्रज्यादानकालभाविनि पुनर्विषये गुरौ प्रद्वेषो जातः ।।२९८।।१५।।

अप्रतिक्रमणं गुरुप्रद्वेषलक्षणस्यापराधस्यानालोचनं यावज्जीवमपि तस्य सम्पन्नम् । कालो मरणं तदवस्थस्यैव । देवोत्पादः । तत्र चोदारा उग्राः, मोकारः पूरणे, भोगाः शब्दादयः । च्यवननिमित्ते माल्यम्लान्यादिके सम्पन्ने सति; पठ्यते—'माल्यम्लानिः कल्पवृक्षप्रकम्पः श्रीह्रीनाशो वाससां चोपरागः । दैन्यं तन्द्रा कामरागाङ्गभङ्गौ दृष्टिभ्रान्तिर्वेपथुश्चारतिश्च ।।१।।' पृच्छा महाविदेहे जिनान्तिके बोधाबोधविषये तेन पुरोहितपुत्रसुरेण कृता किमहं सुलभबोधिरितरो वेति बोधिस्ते तव दुर्लभेति भगवान् आह ।।२९९।।१६।।

सुरः—किन्तु किं प्रमाणं पुनस्तन्निमित्तं दुर्लभबोधिकत्वे ?। जिनः-स्तोकं गुरुप्रद्वेषमात्रलक्षणं निमित्तं न महाविषयं नात्यन्तमनुबन्धि । सुरः—'कता णु' कदा पुनर्लाभो बोधेरिति ?। जिनः—अत्र स्तोकदिनमध्य एवं लभ्यत्वेन समीपवर्त्तिनि सुरभवादनन्तरजन्मनि । सुरः—कुतः सकाशात् ?। जिनः—निजभ्रातृजीवात् ।।३००।।१७।।

सुरः—कुत्रासौ भ्रातृजीवः ?। कौशाम्ब्याम् । सुरः—किंनामा सः ? जिनः—मूकस्तु तुशब्दस्य क्रमभेदेन योजनाद् द्वितीयेन तु नाम्ना मूककः प्रथमेनाशोकदन्त इति । सुरः—किमेतद् नामद्वयम् ? इत्येवमुक्तरूपेण ततो जिनेन पूर्वभवकथना कृतेति ।।३०१।।१८।।

यथात्र चास्यामेव कौशाम्ब्यां पुरि तापसश्रेष्ठी आरम्भयुक्तः सदैवासीत् । स मृतः सन् गृहे स्वकीये एव कोलः शूकरो बभूव । स्मरणं पूर्वजन्मनस्तस्य सम्पन्नम् । ततः सूपकार्या निहतो मारितः । कीदृशः सन्नित्याह—मार्जारीमन्युहतो बिरालीरोषेण हतस्ताडितः सन् ।।३०२।।१९।।

'तत्थोरग'त्ति तत्र निजगृहे एव उरगः सर्प्पो जातः । 'सूयारीभय सरणं बोलघाइओ' इति यथा—योग्यं पदयोजनाज्जातिस्मरणमभूत् । सूपकार्या भयेन बोले कोलाहले कृते घातितो व्यापादितः सन् जातः निजपुत्रसुतः । स्मरणं तत्रापि प्राग्जातेः । ततो 'मूयव्वय कुमर चउणाणी' इति मूकव्रतं लज्जितेन कृतम् । ततः कुमारस्याकृतपरिणयनस्यैव सतश्चतुर्ज्ञानी मुनिः समवससारेति ।।३०३।।२०।।

तस्य च क्षेत्राभोगे कृते ज्ञानमभूत्, यथा—समय एष एतस्य बोधिलाभे विधेये इत्यालोच्य साधु-संघाटकप्रेषणं विहितम् । तेन च तद्वृत्तान्तगतः पाठः कृतः ।।३०४।।२१।।

कथमित्याह—तापस ? किमनेन निरर्थकेन मौनव्रतेन, प्रतिपद्यस्व ज्ञात्वा धर्म्मं जिनप्रणीतम् ।

कुतो, यतो मृत्वा 'सूयरोरग'त्ति सूकर उरगश्च जातस्तथा पुत्रस्य पुत्रस्त्वमसीति ।।३०५।।२२।।

'विस्मयवन्दनपृच्छा' प्रथमतो विस्मयस्ततो वन्दनं तदनुपृच्छा जाता कथमिदं भवद्भ्यां मम चरितं ज्ञातमिति ?। गुरुर्जानाति, न पुनरावां किञ्चनेति । कुत्र स महाभागस्तिष्ठति ?। उक्तं च ताभ्यामुद्याने । तद्गमनं मूककगमनमुद्याने । तत्र वन्दना कृता, कथना च धर्मस्य गुरुणा । सम्बोधिः सम्यक्त्वरूपा ।।३०६।।२३।।

तथावासनातो लोकेऽस्य नाम नापगतं तत्, ततस्तु तत एव मूक इति । एवमनेन विधिना द्वितीयं नाम एतद् मूक इति एतस्य विज्ञेयमिति ।।३०७।।२४।।

सुरः—इतोऽपि भ्रातृजीवात् कुत्रस्थाने बोधिः ? जिनः-रम्ये वैताढ्यसिद्धकूटे सर्वकूटश्रेणिप्रथम-स्थानभाविनीति । सुरः—कथं केन विधिना पुनः ? जिनः—जातिस्मरणात् । सुरः—तज्जातिस्मरणं कुत इति ? जिनः—कुण्डलयुगात् ।।३०८।।२५।।

ततः कोशाम्ब्यागमो मूककसाधनं तीर्थकृत् कथितवृत्तान्तनिवेदनं मूककाग्रतस्तेन विहितम् । संगारः संकेतस्ततो द्वयोरपि गमनं वैताढ्ये कूटे सिद्धनाम्नि । कुण्डलस्थापना । तथा, स्मृतिफलं चिन्तारत्नदानं स्मृत्या स्मरणमात्रेण फलं यस्मात् तत्तथा तच्च तच्चिन्तारत्नं चेति ।।३०९।।२६।।

गमनं सुरस्य स्वस्थाने च्यवने सत्युत्पादश्च्यवनोत्पादः । आम्रेष्वकालदोहदो जनन्याः समजनि । तदसम्प्राप्तौ कृशता । ततः शंका मूकस्य विमर्शो जातः । किमयं स उत्पन्नोऽन्यो वेति । निश्चितं च तेन, यथा सत्या एव जिनाः । ततोऽसौ सुरजीवो गर्भतयोत्पन्न इति चिन्तारत्नात् सकाशात् तत्सिद्धिरकालदोहदसिद्धिः ।।३१०।।२७।।

निष्पत्तिर्गर्भस्य । प्रसवश्च समये । नमस्कारपीठकः प्रतीतरूपेण नमस्कारेण युक्तः पीठको नवजातशिशुयोग्यपातव्यवस्तुरूपो दत्तः । अर्हद्दत्तो नामेति कृतम् । अर्हतां भगवतां पुनः पुनर्नाम-स्मरणार्थम् । 'चेइयसाहूनयणं'त्ति चैत्यानां साधूनां च समीपे नयनं तस्य यदा क्रियतेऽभक्तिरटनेऽबहुमानाद् आक्रन्दने परिज्ञातधर्म्मनिस्पृहचित्तस्य सम्पन्नयौवनस्य च 'चउकन्ना' इति पितृभ्यां चतसृणां कन्यकानां परिणयनं कारितः ।।३११।।२८।।

साधनं च मूककेन प्राच्यवृत्तान्तस्य कृतम् । अप्रत्ययनमश्रद्धानमर्हद्दत्तस्योत्पन्नम् । ततो वैराग्याद् मूककप्रव्रज्या जाता । मृतस्य च देवलोके स्वर्गलाभः समजनीति । तत्रस्थस्य च तस्यावधेः प्रयोजनम् । 'जाणण'त्ति ज्ञातं च यथा गाढं निबिडं 'मिच्छंति' मिथ्यात्वमित्येतस्मात् कारणात् संक्लेशो मार्गाश्रद्धानरूपः सम्पन्नोऽस्य ।।३१२।।२९।।

ततः प्रतिबोधार्थं व्याधिविधानं जलोदरादिमहारोगकरणम् । तस्य सम्पन्नव्याधेर्वैद्याः पितृभ्यामाकारिताः तैश्च प्रत्याख्यानं तदनादरणीयतालक्षणं कृतमिति वेदना महती जाता । निर्विण्णेनाग्निः साधयितुमारब्धः । देवस्य 'सवरघोसण'त्ति सबररूपकरणं, घोषणा च यथाहं सर्वव्याधिवैद्यः । दृष्टोऽसौ तेन, भणितं च रौद्रोऽयं व्याधिः प्रयत्नेनापगमिष्यति ।।३१३।।३०।।

ममाप्येष व्याधिरासीत् । तस्मादेवं निःसंगरूपोऽटामि ग्रामनगरादिषु यापनाहेतोर्बाधानिवृत्तिनिमित्तम् । 'एसोवि हु'त्ति एषोऽपि यद्येवमहमिवाटति ततः स्फुटयामि व्याधिमित्येवमुक्ते प्रतिपत्तिरङ्गीकारोऽनेन कृतः ।।३१४।।३१।।

ततश्चत्वरं नीत्वा मातृस्थानं मायारूपं कृतम्, यथा—चत्वरपूजा तत्र तस्योपवेशनं तथाविधमंत्रौषधादिप्रयोगः, ततो व्याधिनिर्गमनं प्रत्यक्षरूपस्य दर्शितं तत्क्षणमेवावेदना वेदनापगमः । ततश्च प्रगुणः समजनि । ततो 'असमय'त्ति असमयोऽयं प्रव्रज्याया इत्यात्मनि साधुविकुर्वणं साधुरूपकरणम् । 'उवाय मो'त्ति उपायोऽयमिति कृत्वा द्रव्यप्रव्रज्यालिङ्गग्रहणरूपा तस्य तदा तेन दत्ता ।।३१५।।३२।।

सूरे च स्वस्थानं गते तत्त्यागात् प्रव्रज्या परित्यागाद् गृहमागमोऽनेन कृतः । एवमनेन विधिना आदिप्रतिपत्तिरादाविव कलत्राद्यङ्गीकाररूपा जाता । तथा पुनर्द्वितीयवारं स एव व्याधिरुत्पादितः । विद्रावणाः स्वजनाः । वैद्यस्य सबररूपधारिणः 'पासणे' इति दर्शने सैव प्रज्ञापना ।।३१६।।३३।।

एवं प्राग्वत् पुनरपि प्रव्रज्या दत्ता, भणितं च नवरं मया सममटत्वेवं प्रतिपन्ने तेन 'गोणत्तगहणं' कारितो गोणतश्च तच्छस्त्रकोशः । निर्गमस्ततः स्थानात् । उक्तश्च सदापि मत्तुल्या क्रिया कर्त्तव्या ।।३१७।।३४।।

अन्यदा देवेन 'गामपलित्तविउव्वण'त्ति ग्रामस्य प्रदीप्तस्य विकुर्वाणमुन्मार्गे गमनं च, यक्षपूज्यपतनं च यक्षस्य पूज्यस्य सतः पतनं, कुडङ्गत्यागी सूकरो विष्ठालग्नो दर्शितः । तथा, कूपे गोर्बलीवर्दस्य 'जुंजम'त्ति जुंजमाख्यचारिपरिहारेण दूर्वाभिलाषविषयी कृता दर्शितेति ।।३१८।।३५।।

तृणविध्यापनादिषु यथाक्रमं प्रदीप्तग्रामस्य तृणैर्विध्यापने, आदिशब्दादुन्मार्गे गमने वैद्येन क्रियमाणे, यक्षस्य पूज्यमानस्याप्यधः परिपतने, कुडंगपरिहारेण सूकरस्य विष्ठोपजीवनेन, गोश्च जुंजमचारिपरिहारेण कूपे दूर्वासमीपे जल्पन्नर्हद्दत्तः । अहो! अयुक्तमेषामेतदाचरितमिति ब्रुवाणः, किञ्चेति पुनः सुरेण प्रेरितो निपुणं निस्पृहवृत्त्या परिभावितवान्, न मानुषोऽयं वैद्यस्ततो मनाक् संवेगे सम्पन्ने साधितं सर्वं पूर्वचेष्टितमिति ।।३१९।।३६।।

ततस्तस्य वैताढ्यनयनमकारि कूटे सिद्धनाम्नि कुण्डलजुगले दर्शिते भावतः सम्बोधिः संवृत्तः । ततः क्रमेण प्रव्रज्या । तत्रापि गुरुभक्त्यभिग्रहाराधनात् सुरेषूदपद्यतेति ।।३२०।।३७।।

ભાવાર્થ :-

અર્હદ્દત્તના જીવને પુરોહિતપુત્રના ભવમાં સંયમ ગ્રહણ કર્યા પછી ગુરુની ઉચિત પ્રવૃત્તિ પ્રત્યે સહેજ અરુચિ થઈ તે ઉચિત પ્રવૃત્તિરૂપ તત્ત્વ પ્રત્યેની અરુચિસ્વરૂપ છે. પોતે મોક્ષમાં જવાના અર્થી છે. આથી જ મોક્ષને અનુકૂળ સંયમનાં અનુષ્ઠાનો કરે છે છતાં કોઈક નિમિત્તે તે પ્રકારનો પરિણામ કિંચિત્કાળ માટે થયો તે તત્ત્વના વિષયમાં દિગ્મોહસ્વરૂપ હતો અને પોતાની તે પ્રવૃત્તિ અનુચિત છે તેવો નિર્ણય કરીને તે ભવમાં પણ પાપની શુદ્ધિ કરી નહીં. તેથી દિગ્મોહના સંસ્કારો અને દિગ્મોહના પરિણામથી બંધાયેલ કર્મ પણ આત્મામાં અવસ્થિત રહ્યું. વળી, સંયમજીવનમાં સંયમની શુદ્ધ આરાધના કરવાને કારણે મોક્ષપથમાં ગમન થવાને કારણે દેવભવની પ્રાપ્તિ થઈ. દેવભવમાં પણ સમ્યક્ત્વ પ્રત્યેનો પક્ષપાત હોવાથી ઉત્તરના ભવમાં પોતે સુલભબોધિ છે કે નહીં ઇત્યાદિ પૃચ્છા કરીને પોતાના દુર્લભબોધિ કર્મનિવારણ માટે સર્વ ઉચિત યત્ન તે મહાત્મા દેવભવમાં કરે છે. તેથી દેવભવમાં પણ દિગ્મોહ વગર મોક્ષપથમાં પ્રયાણ ચાલુ હતું છતાં સાધુપણામાં ક્ષણભર તે પ્રમાણે વિચાર કરીને જે દિગ્મોહના સંસ્કારો નાખેલ અને જે દિગ્મોહઆપાદક મિથ્યાત્વ મોહનીયકર્મ બાંધેલ તે કર્મ વિપાકમાં આવ્યું ત્યારે તે દિગ્મોહના સંસ્કારો અત્યંત જાગૃત થયા. જેથી અર્હદ્દત્તના ભવમાં તત્ત્વને અત્યંત વિમુખભાવ ઘણોકાળ સુધી પ્રવર્ત્યો અને મૂક એવા ભાઈના પ્રયત્નથી પણ તે દિગ્મોહ નિવર્તન થયો નહીં. છેવટે તે ભાઈના દેવભવના પ્રયાસથી ઘણા પ્રયત્નો દ્વારા અર્હદ્દત્તનો આત્મા કાંઈક તત્ત્વને અભિમુખ બને છે.

તેથી નક્કી થાય છે કે જ્યારે ક્લિષ્ટ કર્મો વિપાકમાં હોય છે ત્યારે જીવને માર્ગાનુસારી બુદ્ધિ થતી નથી છતાં કાંઈક યોગ્યતા છે તેવા જીવ પ્રત્યે કોઈ બુદ્ધિમાન પુરુષ સમ્યગ્ યત્ન કરે તો કોઈક તેવા નિમિત્તને પામીને તે જીવ પણ તત્ત્વને અભિમુખ બને છે. જેમ અર્હદ્દત્તના જીવને માર્ગમાં લાવવા માટે દેવે શરીરમાં વ્યાધિઆદિ કરીને પણ તેને ત્યાગને અભિમુખ કરાવવા માટે પ્રયત્ન કર્યો અને આ રીતે દુઃખથી કંટાળીને પણ કાંઈક ત્યાગને અભિમુખ થાય તેવો પરિણામ જ્યારે અર્હદ્દત્તમાં થયો ત્યારે તેને વિવેક ઉત્પન્ન કરાવવા અર્થે વિપરીત પ્રવૃત્તિ કરનારા પશુઆદિના પ્રસંગો દેવે બતાવ્યા જેને જોઈને અર્હદ્દત્તના જીવને વિચાર આવે કે આ પશુ પણ આ રીતે વિપરીત પ્રવૃત્તિ કેમ કરે છે ? તે નિમિત્ત પામીને અર્હદ્દત્તને દેવે તેના મનુષ્યભવની વિપરીત પ્રવૃત્તિ તેવી જ છે, તેમ કહ્યું ત્યારે તે મહાત્માને પણ પોતાની વિપરીત પ્રવૃત્તિનો બોધ થાય છે. તેથી અર્હદ્દત્તને જેમ પોતાનો ભાઈ મૂક દેવરૂપે મળ્યો અને કલ્યાણમિત્રતુલ્ય કાર્ય કરીને તેને માર્ગ ઉપર લાવે છે તેમ કેટલાક ક્લિષ્ટ કર્મવાળા જીવો પણ કલ્યાણમિત્રના બળથી માર્ગની પ્રાપ્તિ કરે છે.

વળી, પ્રસ્તુતમાં કહ્યું કે જ્યારે અર્હદ્દત્તને થોડો સંવેગ થયો ત્યારે તે દેવે પોતાના પૂર્વભવનું સર્વ કથન તેને કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે પશુ આદિની વિપરીત પ્રવૃત્તિને વિપરીત પ્રવૃત્તિરૂપે જોવાની જે નિર્મળ દૃષ્ટિ અર્હદ્દત્તને પ્રગટી તેના બળથી પોતાના જીવનની વિપરીત પ્રવૃત્તિ સમજી શકે તેવી ચિત્તની ભૂમિકા જ્યારે અર્હદ્દત્તમાં થઈ તે અલ્પ સંવેગ છે. વળી, જ્યારે તે દેવે પૂર્વની પોતાની સર્વ પ્રવૃત્તિ કહી અને વૈતાઢ્ય ઉપર તેને લઈ જાય છે ત્યારે કુંડલયુગ્મને જોઈને અર્હદ્દત્તને જાતિસ્મરણ થાય છે તેના કારણે

અર્હદ્દત્તને તીવ્ર સંવેગ થાય છે. જેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને ક્રમે કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે ત્યારે સંવેગ પ્રકર્ષવાળો થાય છે. વળી, સાધુ જીવનમાં પૂર્વમાં કરેલ ગુરુદ્વેષના અત્યંત નિવારણ અર્થે ગુરુભક્તિ અને અભિગ્રહાદિની આરાધના કરે છે જેથી મોક્ષપથમાં અસ્ખલિત પ્રયાણ થાય તેવા દેવભવમાં ઉત્પન્ન થાય છે. **॥૨૮૪થી ૩૨૦॥**

અવતરણિકા :-

ઉપસંહરન્નાહ –

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરતાં કહે છે=અર્હદ્દત્તના પ્રસંગનો ઉપસંહાર કરતાં કહે છે –

ગાથા :-

मोहक्खलणसमाणो एसो एयस्स एत्थ पडिबंधो ।
णेओ तओ उ गमणं सम्मं चिय मुत्तिमग्गेण ।।३२१।।

અન્વયાર્થ :-

મોહક્ખલણસમાણો=મોહથી સ્ખલના સમાન=દિગ્મોહાદિ મોહના વિઘ્ન સમાન, એયસ્સ=આનો=અર્હદ્દત્તનો, એસો=આ=પ્રથમથી અત્યંત ધર્મની અરુચિરૂપ પરિણામ, એત્થ=અહીં=મોક્ષમાર્ગમાં, પડિબંધો ણેઓ=પ્રતિબંધ જાણવો. તઓ ઉ=ત્યારપછી જ=તે પ્રતિબંધ દૂર થયા પછી જ, મુત્તિમગ્ગેણ ગમણં સમ્મં ચિય=મુક્તિમાર્ગ વડે સમ્યગ્ ગમન=સર્વ અતિચારના પરિહારપૂર્વક ગમન. ॥૩૨૧॥

ગાથાર્થ :-

મોહથી સ્ખલના સમાન=દિગ્મોહાદિ મોહના વિઘ્ન સમાન, આનો=અર્હદ્દત્તનો, આ=પ્રથમથી અત્યંત ધર્મની અરુચિરૂપ પરિણામ, અહીં=મોક્ષમાર્ગમાં, પ્રતિબંધ જાણવો. ત્યારપછી જ=તે પ્રતિબંધ દૂર થયા પછી જ, મુક્તિમાર્ગ વડે સમ્યગ્ ગમન=સર્વ અતિચારના પરિહારપૂર્વક ગમન. ॥૩૨૧॥

ટીકા :-

मोहस्खलनासमानो दिग्मोहादिमोहविघ्नसमः, एष प्रथमतोऽत्यन्तधर्म्मारुचिरूपः । एतस्यार्हद्दत्तस्यात्र मोक्षमार्गे प्रतिबन्धो निरूपितरूपो ज्ञेयः । ततस्तु तदुत्तरकालमेव गमनं सम्यगेव सर्वातिचारपरिहारं मुक्तिमार्गेण सम्यग्दर्शनादिना ।।३२१।।

ભાવાર્થ :-

દિગ્મોહનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી બતાવે છે – અર્હદ્દત્તને ધર્મની અત્યંત અરુચિરૂપ જે દિગ્મોહ થયો તે મિથ્યાત્વરૂપ હોવા છતાં તે મહાત્મા મોક્ષપથમાં ગમન કરતા હોવાથી તે વિઘ્ન દિગ્મોહસ્વરૂપ છે

પરંતુ સંસારમાર્ગમાં પ્રયાણસ્વરૂપ નથી. ફક્ત દિગ્મોહને કારણે મોક્ષપથમાં ગમન અટકેલું તેથી સંસારની વૃદ્ધિના કારણીભૂત ભોગાદિની પ્રવૃત્તિ હતી. તેથી એ ફલિત થાય કે એક વખત જેઓ સમ્યક્ત્વ પામેલા છે તેઓ મોક્ષપથમાં પ્રયાણવાળા છે, આમ છતાં કોઈક નિમિત્તે પોતાના લક્ષ્ય તરફ જવામાં વ્યામોહવાળા થયા છે અને તે વ્યામોહ કોઈકને એકભવમાં જ નિવર્તન પામી જાય છે તો કોઈકને ઘણા ભવો સુધી રહે છે. જેમ અર્હદ્દત્તને પૂર્વના સાધુના ભવમાં ક્ષણભર દિગ્મોહ થયો અને ત્યારપછી મોક્ષપથનું પ્રયાણ ચાલુ રહ્યું છતાં દિગ્મોહઆપાદક કર્મની શુદ્ધિ સાધુભવમાં કરી નહીં તેથી અર્હદ્દત્તના ભવમાં ફરી પ્રબળ મોહઆપાદક વિઘ્ન થયો, છતાં તે એકભવમાં નિવર્તન પામ્યો. તો વળી કેટલાક જીવોને ઘણા ભવો સુધી ગમનમાં સ્ખલના કરાવે એવો પણ દિગ્મોહ થાય છે. જેમ સાવદ્યાચાર્યને અનંત કાળ સુધી દિગ્મોહને કારણે સંસારનું પરિભ્રમણ ચાલુ રહ્યું ત્યારપછી દિગ્મોહ દૂર થવાથી માર્ગમાં ગમન શરૂ થયું. **॥૩૨૧॥**

અવતરણિકા :-

इत्थं भिन्नग्रन्थेरप्यवश्यवेद्यचित्रकर्मवशात् त्रिविधः प्रतिबन्धो भवतीति दृष्टान्तैः प्रतिपाद्य साम्प्रतमुक्तमर्थमुपसंहरन् यथासौ न सम्पद्यते तथोपदिशन्नाह —

અવતરણિકાર્થ :-

આ રીતે ભિન્નગ્રંથિ એવા સમ્યગ્દૃષ્ટિને પણ અવશ્ય વેદ્ય ચિત્રકર્મના વશથી ત્રિવિધ પ્રકારનો પ્રતિબંધ થાય છે એ દૃષ્ટાંતથી બતાવીને હવે ઉક્ત અર્થના ઉપસંહારને કરતાં ગ્રંથકારશ્રી જે પ્રમાણે આ પ્રાપ્ત ન થાય=વિઘ્ન પ્રાપ્ત ન થાય, તે પ્રમાણે ઉપદેશ આપતાં કહે છે —

ગાથા :-

एवं णाऊण इमं परिसुद्धं धम्मबीयमहिगिच्च ।
बुद्धिमया कायव्वो जत्तो सति अप्पमत्तेण ।।३२२।।

અન્વયાર્થ :-

एवं इमं णाऊण=આ પ્રમાણે આને જાણીને=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે મોક્ષપથમાં જનારાને દારુણ પરિણામવાળા ત્રણ પ્રકારનાં વિઘ્નો ધર્મના પ્રતિબંધ છે એ પ્રમાણે જાણીને, परिसुद्धं धम्मबीयमहिगिच्च=પરિશુદ્ધ ધર્મબીજને આશ્રયીને बुद्धिमया=બુદ્ધિમાન પુરુષે सति अप्पमत्तेण जत्तो कायव्वो=સદા અપ્રમાદથી યત્ન કરવો જોઈએ. ॥૩૨૨॥

ગાથાર્થ :-

આ પ્રમાણે આને જાણીને=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે મોક્ષપથમાં જનારાને દારુણ પરિણામવાળા ત્રણ પ્રકારનાં વિઘ્નો ધર્મના પ્રતિબંધ છે એ પ્રમાણે જાણીને, પરિશુદ્ધ ધર્મબીજને આશ્રયીને બુદ્ધિમાન પુરુષે સદા અપ્રમાદથી યત્ન કરવો જોઈએ. ॥૩૨૨॥

ટીકા :-

एवं मेघकुमारादिज्ञातानुसारेण ज्ञात्वेमं धर्म्मप्रतिबन्धं दारुणपरिणामं परिशुद्धं सर्वातिचारपरिहारेण धर्म एव श्रुतचारित्राराधनारूपो बीजमनेककल्याणकलापकल्पपादपस्य प्ररोहहेतुर्धर्मबीजं तदधिकृत्यापेक्ष्य विधेयतया बुद्धिमता निरूपितबुद्धिरूपधनेन पुंसा कर्त्तव्यो यत्न आदरः, सदा सर्वावस्थास्वपि, अप्रमत्तेनाज्ञानसंशयमिथ्याज्ञानादिप्रमादाष्टकपरिहारवता । न ह्यशुद्धबीजवप्तारः कृषीवलाः कृतयत्ना अपि कृषावविकलं फलं कदाचिदुपलभन्त इति । यथा ते तच्छुद्धावधिकं यत्नमवलम्बन्ते, तथा प्रस्तुतधर्मबीजशुद्धौ भवभीरुभिर्भव्यैरादरपरैर्भाव्यमिति भावः ।।३२१।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે કોઈક રીતે જીવને ભાવાજ્ઞાની પ્રાપ્તિ થાય તો તે મહાત્મા ભાવાજ્ઞાના સેવનના બળથી સુખપૂર્વક મોક્ષમાર્ગમાં ગમન કરીને નિર્વાણને પ્રાપ્ત કરે છે આમ છતાં કેટલાક જીવોને કંટકાદિ ત્રણ પ્રકારનાં વિઘ્નોમાંથી કોઈક વિઘ્ન પ્રાપ્ત થાય છે જેથી તેઓનું મોક્ષ પ્રત્યેનું ગમન સ્ખલના પામે છે. તેથી તેવી સ્ખલના પોતાને પ્રાપ્ત ન થાય તેના માટે શું કરવું જોઈએ તે બતાવવા માટે કહે છે –

વિવેકી પુરુષે સંસારનું યથાર્થ સ્વરૂપ જાણીને 'મોક્ષપથમાં જતાં ત્રણ વિઘ્નો આવે છે જે દારુણ પરિણામવાળાં છે' તેમ વારંવાર અત્યંત ભાવન કરવું જોઈએ અને બુદ્ધિમાન પુરુષે પોતાની શક્તિ અનુસાર શ્રુતચારિત્રરૂપ ધર્મ તે રીતે સેવન કરવો જોઈએ જેથી એમાં અતિચારની પ્રાપ્તિ થાય નહીં અને કોઈક રીતે અભાવિત અવસ્થામાં અતિચારની પ્રાપ્તિ થઈ હોય તોપણ શીઘ્ર તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. વળી, સદા પોતાની શક્તિ અનુસાર અપ્રમાદથી સ્વીકારાયેલું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેમ યત્ન કરવો જોઈએ. જેમ દેશવિરતિ સ્વીકારી હોય તો સદા વિચારવું જોઈએ કે 'કોઈ જીવ કોઈનું ખૂન આદિ કરે તો આ લોકમાં પણ તેને રાજદંડાદિ પ્રાપ્ત થાય છે અને પરલોકાદિમાં પણ અનર્થો થાય છે. તે સર્વ હિંસાનું ફળ અનર્થકારી છે તેવી સૂક્ષ્મ પણ એકેન્દ્રિયાદિ જીવોની હિંસા છે તેથી હિંસાનું બીજ સંગનો પરિણામ છે તે જ અત્યંત અનર્થકારી છે. માટે હિંસાના ઉદ્ભવસ્થાનરૂપ બાહ્ય પદાર્થનો સંગ સર્વથા દૂર થાય તે રીતે જ મારે દેશવિરતિનાં વ્રતોનું પાલન કરીને સંપૂર્ણ અહિંસકભાવ પ્રગટે તે પ્રકારે પ્રતિદિન બળની વૃદ્ધિ કરવી જોઈએ' અને તેના માટે વિવેકી શ્રાવકે અહિંસાદિ દશ પ્રકારના યતિધર્મનું વારંવાર સૂક્ષ્મ ભાવન કરવું જોઈએ અને પોતાનાં લીધેલાં દેશવિરતિનાં અનુષ્ઠાનો તે દશ પ્રકારના યતિધર્મ સાથે કારણરૂપે યોજન કરીને અપ્રમાદભાવથી સેવન કરવા યત્ન કરવો જોઈએ જેથી પોતાનો દેશવિરતિનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને. આ પ્રકારે કરવાથી પૂર્વમાં બતાવેલાં ત્રણેય પ્રકારનાં વિઘ્નો પ્રાયઃ પ્રાપ્ત થતાં નથી. **॥૩૨૧॥**

અવતરણિકા :-

अथ धर्मबीजशुद्धेः साक्षादेव फलमभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

હવે ધર્મબીજશુદ્ધિનું સાક્ષાત્ જ ફળ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે પરિશુદ્ધ ધર્મબીજ માટે બુદ્ધિમાન પુરુષે સદા યત્ન કરવો જોઈએ, તેથી હવે ધર્મબીજ શુદ્ધિનું સાક્ષાત્ ફળ બતાવે છે, જેથી યોગ્ય જીવને પરિશુદ્ધ ધર્મબીજ સેવવાનો ઉત્સાહ થાય.

ગાથા :-

परिसुद्धाणाजोगा पाएणं आयचित्तजुत्ताणं ।
अइरोद्दंपि हु कम्मं ण फलइ तहभावओ चेव ।।३२३।।

અન્વયાર્થ :-

आयचित्तजुत्ताणं=આત્મચિત્તયુક્ત જીવોને, परिसुद्धाणाजोगा=પરિશુદ્ધ આજ્ઞાયોગથી, पाएणं=પ્રાયઃ, अइरोद्दंपि हु कम्मं=અતિ રૌદ્ર પણ કર્મ, तहभावओ चेव=તે ભાવથી જ=અતિ રૌદ્ર વિપાક આપે તે ભાવથી જ, ण फलइ=ફળતું નથી. ।।૩૨૩।।

ગાથાર્થ :-

આત્મચિત્તયુક્ત જીવોને પરિશુદ્ધ આજ્ઞાયોગથી પ્રાયઃ અતિ રૌદ્ર પણ કર્મ તે ભાવથી જ=અતિ રૌદ્ર વિપાક આપે તે ભાવથી જ, ફળતું નથી. ।।૩૨૩।।

ટીકા :-

परिशुद्धाज्ञायोगात् सर्वातिचारपरिहारेण धर्म्माराधनात् प्रायेणात्यन्तनिकाचनावस्थाप्राप्तं कर्म परिहृत्येत्यर्थः, आत्मचित्तयुक्तानां आत्मन्येव परवृत्तान्तेष्वन्धबधिरमूकभावापन्नतया यद् मनश्चित्तं तेन युक्तानां बहिर्व्याक्षेपपरिहारेण सदा आत्मन्येव निक्षिप्तशुद्धचित्तानामित्यर्थः, अतिरौद्रमपि नरकादि-विडम्बनादायकत्वेन दारुणमपि कर्म ज्ञानावरणादि न नैव फलति स्वविपाकेन पच्यते । कुत इत्याह—तथा भावतश्चैव तत्प्रकारस्वाभाव्यादेव । यथा ह्याम्रतरवः समुद्गतनिरन्तरकुसुमभरभ्राजिष्णु-शाखासंदोहा अपि बहलविद्युदुद्द्योतपरामृष्टपुष्पाः निष्फलीभावं दर्शयन्ति, तथास्वाभाव्यनियमात्, तथा परिशुद्धाज्ञाभ्यासात् सुप्रणिहितमानसानामत्यन्तनिर्गुणभवभ्रान्तिपरिश्रान्तानां जन्तूनां दारुणपरिणाम-मिथ्यात्वादिनिमित्तोपात्तमप्यशुभकर्म्म न स्वफलमुपधातुं समर्थं स्यादिति ।।३२३।।

ભાવાર્થ :-

ગાથા-૩૨૨માં કહ્યું એ પ્રમાણે જે મહાત્માઓ પરિશુદ્ધ ધર્મબીજમાં યત્ન કરે છે તેઓ પોતાની શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાનને ગ્રહણ કરીને તે અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિ કે અસંગ

અનુષ્ઠાનનું કારણ બને એ પ્રકારે યત્ન કરે છે. તેવા મહાત્માઓ પરપ્રવૃત્તિમાં બહેરા, મૂંગા અને અંધભાવવાળા હોય છે અને આત્માની ગુણવૃદ્ધિમાં જ યત્નવાળા હોય છે. તેથી તેવા મહાત્માઓ પોતાની ભૂમિકાનુસાર પ્રયત્ન કરીને પરિશુદ્ધ આજ્ઞાયોગને સેવે છે. તેથી અત્યંત નિકાચિત અવસ્થાવાળું કર્મ વિપાકમાં આવે નહીં તો પરિશુદ્ધ આજ્ઞાયોગના બળથી તે મહાત્મા શીઘ્ર સંસારનો અંત કરે છે. કદાચ તે મહાત્માનું પૂર્વે બંધાયેલું અતિ રૌદ્ર કર્મ વિપાકમાં આવે તોપણ જે પ્રકારે રૌદ્ર ફળ આપવાસ્વરૂપે બંધાયેલું હતું, તે પ્રકારે ફળ આપતું નથી અર્થાત્ જો તે મહાત્માએ પરિશુદ્ધ આજ્ઞાયોગમાં યત્ન ન કર્યો હોત તો તે મહાત્માએ પૂર્વમાં બાંધેલું રૌદ્ર કર્મ વિપાકમાં આવીને નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિનું કારણ બનત પરંતુ સંસારના રૌદ્ર સ્વરૂપનું અત્યંત ભાવન કરીને તે મહાત્મા સદા અપ્રમાદથી પોતાની ભૂમિકાના ઉચિત અનુષ્ઠાનને સેવે છે જેથી પૂર્વનું બંધાયેલું રૌદ્ર કર્મ પણ પ્રાયઃ નિષ્ફળભાવને પામે છે. **॥૩૨૩॥**

અવતરણિકા :-

एतदेव प्रतिवस्तूपमया भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=પરિશુદ્ધ આજ્ઞાયોગથી પ્રાયઃ રૌદ્ર કર્મ ફળ આપતું નથી એને જ, પ્રતિવસ્તુ ઉપમાથી=સદૃશ દૃષ્ટાંતથી, ભાવન કરતાં કહે છે –

ગાથા :-

वाहिम्मि दीसइ इमं लिंगेहिं अणागयं जयंताणं ।
परिहारेतरभावा तुल्लनिमित्ताणवि विसेसो ।।३२४।।

અન્વયાર્થ :-

वाहिम्मि=વ્યાધિમાં, इमं दीसइ=આ દેખાય છે=પ્રયત્ન કરનારાને અફળપણું દેખાય છે.

કેમ અફળપણું દેખાય છે ? તેથી કહે છે –

लिंगेहिं अणागयं जयंताणं=લિંગોથી અનાગતમાં યત્ન કરનારાઓને=વ્યાધિની પ્રાપ્તિ પૂર્વે વ્યાધિથી પોતાનું રક્ષણ કરનારાઓને, परिहारेतरभावा=પરિહાર અને ઈતરના ભાવને કારણે=યત્ન કરનારા વ્યાધિનાં કારણોનો પરિહાર કરે છે અને અયતના કરનારા પરિહાર કરતા નથી તેના કારણે, तुल्ल-निमित्ताणवि विसेसो=તુલ્યનિમિત્તવાળાઓનો પણ વિશેષ દેખાય છે=સમાન રોગઉત્પાદક કારણવાળા જીવોમાં, એકને વ્યાધિનો ઉદ્ભવ અને બીજાને વ્યાધિનો અનુદ્ભવરૂપ વિશેષ દેખાય છે. ॥૩૨૪॥

ગાથાર્થ :-

વ્યાધિમાં, આ દેખાય છે=પ્રયત્ન કરનારાને અફળપણું દેખાય છે.

કેમ અફળપણું દેખાય છે ? તેથી કહે છે –

લિંગોથી અનાગતમાં યત્ન કરનારાઓને=વ્યાધિની પ્રાપ્તિ પૂર્વે વ્યાધિથી પોતાનું રક્ષણ કરનારાઓને, પરિહાર અને ઇતરના ભાવને કારણે=યત્ન કરનારા વ્યાધિનાં કારણોનો પરિહાર કરે છે અને અયતના કરનારા પરિહાર કરતા નથી તેના કારણે, તુલ્યનિમિત્તવાળાઓનો પણ વિશેષ દેખાય છે=સમાન રોગઉત્પાદક કારણવાળા જીવોમાં, એકને વ્યાધિનો ઉદ્‌ભવ અને બીજાને વ્યાધિનો અનુદ્‌ભવરૂપ વિશેષ દેખાય છે. ।।૩૨૪।।

ટીકા :-

व्याधौ कुष्ठज्वरादौ समुद्‌भवितुकामे दृश्यतेऽध्यक्षत एवावलोक्यत इदमफलत्वम् । कुतः । यतः, लिङ्गै रोगोत्पत्तिगमकैः शरीरास्वास्थ्यादिभिरुपस्थितैर्ज्ञातैश्च सद्‌भिरनागतं रोगोत्पत्तेः प्रागेव यतमानानामतियत्नं कुर्वताम् । कुत इत्याह—परिहारेतरभावात् । परिहारभावात् पिशितघृतादीनामुत्पित्सुरोगनिदानभावापन्नानामनासेवनात् । रोगनिदानपरिहारश्चैवं पठ्यते, यथा—'वर्जयेद् द्विदलं शूली कुष्ठी मांसं ज्वरी घृतम् । नवमन्नमतीसारी नेत्ररोगी च मैथुनम् ।।१।।' इतरभावादन्येषां केषांचिदनागतमयतमानानां तन्निमित्तापरिहारात् । उभयेषामपि कीदृशानां तुल्यनिमित्तानामपि प्राक्समानरोगोत्पादककारणानां विशेष उद्‌भवानुद्‌भवरूपः प्रत्यक्षसिद्धो वर्त्तत इति ।।३२४।।

ભાવાર્થ :-

યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનારા જીવોને ત્રણ પ્રકારનાં વિઘ્નોમાંથી કોઈ વિઘ્નો ન આવે તેના અર્થે ઉચિત પ્રયત્ન કરે તો વિઘ્નોની અપ્રાપ્તિનો સંભવ રહે છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. સંસારમાં વ્યાધિના વિષયમાં આ પ્રત્યક્ષથી દેખાય છે કે જેઓ લિંગો દ્વારા અનાગત એવા વ્યાધિને જાણીને તે વ્યાધિના પરિહાર માટે યત્ન કરે છે અને તેના કારણે વ્યાધિની પ્રાપ્તિનાં કારણોનો પરિહાર કરે છે, તેઓના દેહમાં વ્યાધિને અનુકૂળ જે દોષ હતો તે ક્ષીણ થવાથી પ્રાયઃ વ્યાધિ ઉત્પન્ન થતો નથી અને જેઓ વ્યાધિની પ્રાપ્તિનાં કારણોના પરિહાર માટે કોઈ યત્ન કરતા નથી પરંતુ ભાવિના વ્યાધિની ઉપેક્ષા કરે છે તેઓને વ્યાધિનાં નિમિત્તોની પ્રાપ્તિના કાળમાં વ્યાધિની પ્રાપ્તિ થાય છે. તે રીતે જે મહાત્માને સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ થઈ છે અને તેના કારણે આ સંસાર અતિરૌદ્ર છે તેવો સ્થિર નિર્ણય થયો છે, કર્મ વગરની મુક્ત અવસ્થા એકાંત જીવનું હિત છે અને તેનો ઉપાય અપ્રમાદભાવથી જિનવચનાનુસાર ક્રિયા છે તેવી સ્થિર બુદ્ધિ થઈ છે તેઓને ભગવાનની ભાવાજ્ઞાની પ્રાપ્તિ થઈ છે. તેના કારણે સ્વશક્તિનું આલોચન કરીને ઉચિત ગુણસ્થાનકનો સ્વીકાર કર્યો છે તોપણ પોતાના સ્વીકારાયેલા ગુણસ્થાનકમાં અભાવિત અવસ્થા હોય તો ઉત્તરોત્તરની વૃદ્ધિમાં સ્ખલના થતી દેખાય છે અને જિનવચનથી ભાવિત અવસ્થામાં સ્વીકારાયેલા ધર્મઅનુષ્ઠાનથી ઉત્તરોત્તર વૃદ્ધિ થતી દેખાય છે. તેથી પોતાના માનસિક પરિણામનાં લિંગો દ્વારા જો તેઓ નિર્ણય કરે કે વર્તમાનમાં જિનવચનથી અત્યંત ભાવિત થવા યત્ન નહીં કરું તો આગામીમાં સુખશૈલિયા આદિ સ્વભાવને કારણે કંટક-જ્વરાદિમાંથી કોઈક વિઘ્ન થવાની સંભાવના છે અને જેઓ તે પ્રકારે લિંગો દ્વારા પોતાનાં

વિઘ્નોની પ્રાપ્તિનો નિર્ણય કરીને તેના પરિહાર માટે વર્તમાનમાં જાગૃત થાય તો સતત કલ્યાણમિત્રનો યોગ, સદા સદ્‌ગુરુનું આલંબન લઈને અપ્રમાદપૂર્વક તત્ત્વના ભાવન માટે યત્ન કરીને ભાવિનાં કંટકાદિ વિઘ્નોની સંભાવનાનો પરિહાર કરે છે તેઓને ભાવિનાં કંટકાદિ વિઘ્નોની પ્રાપ્તિ થતી નથી. તેથી વ્યાધિના દૃષ્ટાંતથી સમ્યગ્‌ભાવન કરીને મહાત્માએ ભાવવ્યાધિના પરિહાર માટે સતત ઉદ્યમ કરવો જોઈએ. ॥૩૨૪॥

અવતરણિકા :-

एनमेवार्थं विशेषेण भावयति –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=વ્યાધિના વિષયમાં પૂર્વના યત્નથી અને અયત્નથી વ્યાધિની પ્રાપ્તિ અને અપ્રાપ્તિ થાય છે એ જ અર્થને, વિશેષથી ભાવન કરે છે –

ગાથા :-

एगम्मि भोयणे भुंजिऊण जाए मणागमज्जिण्णे ।
सइ परिहारारोग्गं अउण्णहा वाहिभावो उ ।।३२५।।

અન્વયાર્થ :-

एगम्मि भोयणे=એક જ ભોજનમાં=સમાન ભોજનમાં, भुंजिऊण=આહાર કરીને, मणागमज्जिण्णे जाए सइ=ઈષદ્ અજીર્ણ થયે છતે, परिहारारोग्गं=પરિહારથી આરોગ્ય, अउण्णहा=અન્યથા=પરિહાર ન કરવાને કારણે અન્યને, वाहिभावो उ=વ્યાધિનો ભાવ દેખાય છે. ॥૩૨૫॥

ગાથાર્થ :-

એક જ ભોજનમાં=સમાન ભોજનમાં, આહાર કરીને ઈષદ્ અજીર્ણ થયે છતે પરિહારથી આરોગ્ય અન્યથા=પરિહાર ન કરવાને કારણે અન્યને, વ્યાધિનો ભાવ દેખાય છે. ॥૩૨૫॥

ટીકા :-

एकस्मिन्नभिन्नजातीये भोजने सूपोदनादौ 'भुंजिऊण'त्ति भुक्त्वा भुक्ते सतीत्यर्थः । जाते समुत्पन्ने मनाग् ईषदजीर्णे भुक्तान्नाजरणलक्षणे सति; आमादयश्चाजीर्णभेदाः, यथोक्तं–'अजीर्णप्रभवा रोगास्तच्चाजीर्णं चतुर्विधम् । आमं विदग्धं विष्टब्धं रसशेषं तथैव च ।।१।।' तथा परिहारादुपस्थितरोगनिदानपरित्यागाद् आरोग्यं नीरोगता एकस्य जायते । द्वितीयस्य त्वन्यस्यातोऽज्ञानादिदोषादन्यथा निदानापरिहाराद् व्याधिभावस्तूपस्थितव्याधिसमुद्‌भव एव सम्पद्यते । यो हि यन्निमित्तो दोषः स तत्प्रतिपक्षसेवात एव निवर्त्तते, यथा शीतासेवनादुत्पन्नं जाड्यमुष्णसेवात इति ।।३२५।।

ભાવાર્થ :-

કોઈ બે પુરુષ સમાન ભોજન કરે અને એ બન્નેને સમાન રીતે થોડા અજીર્ણાદિની પ્રાપ્તિ થાય ત્યારે તે બેમાંથી એક પુરુષ તે અજીર્ણના કારણના પરિત્યાગથી આરોગ્યને પ્રાપ્ત કરે છે. વળી, અન્ય પુરુષ અજીર્ણનાં કારણોનો પરિત્યાગ કરતો નથી તેને વ્યાધિ ઉત્પન્ન થાય છે. તે પદાર્થ પ્રત્યક્ષ સિદ્ધ છે. તેમ સમ્યક્ત્વ પામેલા મહાત્માઓ પણ વીતરાગ થવા માટે ઉચિત ઉદ્યમ કરતા હોય ત્યારે અભાવિત અવસ્થામાં અજીર્ણની જેમ કાંઈક મોહના ભાવોની વૃદ્ધિ થતી દેખાય છે તે વખતે તે મહાત્મા સાવચેત થઈને તે પ્રમાદના પરિહારના ઉચિત ઉપાયોરૂપે કલ્યાણમિત્રોનું અવલંબન કે સદ્‌ગુરુ આદિનું અવલંબન લઈને તત્ત્વથી આત્માને ભાવિત કરે તો ગુણસ્થાનકથી પાતને કરાવે તેવા કંટકાદિ વિઘ્નો ઉપસ્થિત થતા નથી અને જેઓ તે પ્રકારે યત્ન કરતા નથી તેઓને કંટકાદિ વિઘ્નોની પ્રાપ્તિ થાય છે. જેમ મેઘકુમારને સાધુપણામાં રાત્રે નિદ્રા નહીં આવવાના કારણે કાંઈક અસ્વસ્થતા થઈ ત્યારે સ્વયં સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને અને સંયમના ઉત્તમ ફળનું ભાવન કરીને સમભાવનું વીર્ય ઉલ્લસિત થાય તેવો યત્ન ન કર્યો જેથી ઘરે જવાનો પરિણામ થયો જેનાથી કેટલોક કાળ મોક્ષગમનનો પ્રયત્ન સ્ખલના પામ્યો. તેના બદલે જો રાત્રે અન્ય મહાત્માઓની રજને કારણે નિદ્રાની સ્ખલના થઈ તે વખતે સુખશૈલિયા સ્વભાવનો વિચાર કર્યા વગર રૌદ્ર એવા સંસારથી નિસ્તારનો એક ઉપાય સમભાવનો પરિણામ છે તે પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી આલોચન કરીને જો તે મહાત્માએ યત્ન કર્યો હોત તો કંટકવિઘ્ન જેવું વિઘ્ન પ્રાપ્ત થાત નહીં; પરંતુ તે મહાત્માની રજથી પણ સદ્‌વીર્ય ઉલ્લસિત થાત. જેમ કુરગડુ મુનિને તપસ્વી મહાત્માઓ દ્વારા પોતાના ભોજનમાં બળખો નખાયો તેને અવલંબીને પણ સમ્યગ્ વિચારણા કરી તો સદ્‌વીર્ય ઉલ્લસિત થયું.

વળી, દહનસુરને સાધુના ભવમાં સહજ વક્ર પ્રકૃતિને કારણે કાળ વિલંબન કરીને ક્રિયા કરવાનો પરિણામ થતો હતો તે વખતે તે મહાત્માએ પોતાના વક્ર સ્વભાવરૂપ લિંગ દ્વારા તેના અનર્થોનો સમ્યગ્ વિચાર કર્યો હોત તો દોષની નિવૃત્તિ તે જ ભવમાં તત્કાલ થાત જેથી જ્વર જેવો મધ્યમ વિઘ્ન પ્રાપ્ત થાત નહીં પરંતુ સ્વભાવથી આરાધક પણ જીવ જ્યારે તત્ત્વના સમ્યગ્ અવલોકનનો ત્યાગ કરીને પોતાની વક્ર પ્રકૃતિને અનુરૂપ પ્રયત્ન કરે છે અને તેની ઉપેક્ષા કરે છે ત્યારે તેનાથી તેનો વ્યાધિ પ્રવર્ધમાન થાય છે. આથી જ આરાધક એવા પણ દહનસુરને કેટલાક ભવો સુધી સંયમમાં ક્રિયાના વ્યત્યયની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ ફળમાં વિલંબનની પ્રાપ્તિ થઈ. તેને બદલે તેવો જ વ્યાધિ કોઈ અન્ય મહાત્માને પ્રાપ્ત થયો હોય અને તે મહાત્મા પોતાની સમ્યગ્દૃષ્ટિની નિર્મળ બુદ્ધિથી તત્ત્વનું સમાલોચન કરે તો પોતાની તે વ્યાધિનું ચિહ્ન પોતાનામાં દેખાય અને તત્કાળ તે વ્યાધિના ઉપાયનો પરિહાર કરે તો સુખપૂર્વક અલ્પ ભવોમાં મોક્ષને પ્રાપ્ત કરી શકે.

વળી, અર્હદ્‌દત્તના જીવને સંયમની પ્રાપ્તિ થયા પછી ગુરુના ઉચિત કૃત્ય પ્રત્યે ક્ષણભર ઇષદ્‌દ્વેષ થયો છતાં તેની ઉપેક્ષા કરી ન હોત તો તત્કાલ તેની આલોચનાદિથી શુદ્ધિ કરીને તે પરિણામને દૂર કરી શક્યા હોત તો જન્માંતરમાં દુર્લભબોધિની પ્રાપ્તિ થાત નહીં. એટલું જ નહીં પણ સંયમ ગ્રહણ કર્યા પછી પોતાની

પ્રકૃતિનું સમ્યગ્ સમાલોચન કરીને ગુરુના ઉપકારનું વાસ્તવિક સમાલોચન કર્યું હોત તો ગુરુના ઉચિત પ્રયત્નમાં અનુચિતની બુદ્ધિ થાત નહીં અને અભાવિત અવસ્થામાં પોતાની પ્રકૃતિદોષને કારણે તેવો ભ્રમ થાય તોપણ તત્કાળ નિવર્તન માટેનો યત્ન કર્યો હોત તો દુર્લભબોધિની પ્રાપ્તિરૂપ અનર્થની પ્રાપ્તિ થાત નહીં. માટે કલ્યાણના અર્થીએ સદા સૂક્ષ્મ બુદ્ધિથી સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોવા યત્ન કરવો જોઈએ અને પોતાની પ્રકૃતિ સંસારના ઉચ્છેદમાં પ્રવર્તવાની છે કે સંસારના કારણીભૂત મોહની વૃદ્ધિ કરાવે તેવી છે તેનું સમ્યગ્ આલોચન સદા કરવું જોઈએ જેથી મોહની વૃદ્ધિને અનુકૂળ લેશપણ યત્ન થાય નહીં ફક્ત સંઘયણબળ અને પોતાની માનસિક શક્તિનું આલોચન કરીને પોતાનાથી સાધ્ય હોય તેવું બાહ્ય અનુષ્ઠાન સ્વીકારીને મોહનો નાશ થાય તે રીતે તે અનુષ્ઠાનમાં પ્રયત્ન કરવો જોઈએ. ॥૩૨૫॥

અવતરણિકા :-

ननु कारणभेदपूर्वकः कार्यभेद इति सर्वलोकसिद्धो व्यवहारः । तत् कथं भोजनादिनिमित्ततुल्यतायामपि द्वयोरयं निष्फलसफलभावरूपो व्याधेर्विशेषः सम्पन्न इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે. કારણભેદપૂર્વક કાર્યભેદ છે એ પ્રમાણે સર્વલોકસિદ્ધ વ્યવહાર છે તે કારણથી ભોજનાદિના નિમિત્તની તુલ્યતામાં પણ બન્ને જીવોને નિષ્ફળ અને સફળભાવરૂપ વ્યાધિનો વિશેષ=એકને વ્યાધિ દૂર થાય છે અને એકને વ્યાધિની પ્રાપ્તિ થાય છે એ રૂપ ભેદ, કેવી રીતે પ્રાપ્ત થયો એ પ્રકારની શંકા કરીને કહે છે –

ગાથા :-

ववहारओ णिमित्तं तुल्लं एसोवि एत्थ तत्तंगं ।
एत्तो पवित्तिओ खलु णिच्छयनयभावजोगाओ ।।३२६।।

અન્વયાર્થ :-

ववहारओ=व्यवहारथी=व्यवहारनयने आश्रयीने, णिमित्तं तुल्लं=निमित्त तुल्य छे=भोजनादि व्याधिनुं अने शरीरजन्य स्वस्थतानुं निमित्त तुल्य छे. एसोवि=आ पण=व्यवहार पण, एत्थ=अहीं=जगतमां, तत्तंगं=तत्त्वनुं अंग छे; एत्तो=केम के आनाथी=व्यवहारनयथी, पवित्तिओ खलु णिच्छयनयभावजोगाओ=प्रवृत्ति करवाने कारणे निश्चयनयना भावनो योग छे. ॥३२६॥

ગાથાર્થ :-

व्यवहारथी=व्यवहारनयने आश्रयीने, निमित्त तुल्य छे=भोजनादि व्याधिनुं अने शरीरजन्य स्वस्थतानुं निमित्त तुल्य छे. आ पण=व्यवहार पण, अहीं=जगतमां, तत्त्वनुं अंग छे; केम के आनाथी=व्यवहारनयथी, प्रवृत्ति करवाने कारणे निश्चयनयना भावनो योग छे. ॥३२६॥

ટીકા :-

व्यवहारतो व्यवहारनयादेशाद् बहुसदृशतायां भावानामेकत्वप्रतिपत्तिरूपात्, निमित्तं भोजनादिव्याधेस्तुल्यं समानं, न तु निश्चयतः, तस्य तुल्यकार्यानुमेयत्वेनातुल्यफलोदये कथञ्चिदभावात् । तथा चैतन्मतं—'नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम् । अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयोः क्वचित् ।।१।।' तत्र सोपक्रमनिरुपक्रमकर्म्मसाहाय्यकृतो व्याधिनिदानानामन्तरंगो भेदो विद्यते, यतोऽयं व्याधिः सफलनिष्फलभाव इति । न च वक्तव्यं व्यवहारस्यासांवृतरूपतया असंवृतत्वात् कथं तन्मताश्रयेण प्रकृतव्याधौ निमित्ततुल्यतोद्घुष्यत इति । यत एषोऽपि व्यवहारो न केवलं निश्चयोऽत्र जगति तत्त्वाङ्गं तात्त्विकपक्षलाभकरणं वर्त्तते । कुतः । यतः इतो व्यवहारनयादनन्तरमेवोक्तरूपाद् या प्रवृत्तिः कार्यार्थिनां छद्मस्थानां चेष्टा, खलुरवधारणे, ततस्तस्या एव न तु निश्चयपूर्विकाया अपि, तस्या विशिष्टज्ञानातिशययुक्तपुरुषविशेषविषयत्वात् । किमित्याह—निश्चयनयभावयोगाद् निश्चयनयेन निश्चयनयप्रवृत्त्या यो भावः साध्यरूपतामापन्नः पदार्थः तेन योगाद् घटनात् । तथाहि—कृषीवलादयो बीजशुद्ध्यादिपूर्वकमसति प्रतिबन्धे नियमादितोऽभिलषितफललाभः सम्पत्स्यत इति व्यवहारतो निश्चितोपायाः प्रवर्त्तमानाः प्रायेण विवक्षितफललाभभाजो भवन्तो दृश्यन्त इति ।।३२६।।

ભાવાર્થ :-

કોઈ બે પુરુષ સમાન ભોજન કરે તેનાથી એકને વ્યાધિ થાય છે અને બીજાને તે ભોજનકૃત શરીરની સ્વસ્થતારૂપ સમાધિ થાય છે એ પ્રમાણે વ્યવહારનય સ્વીકારે છે. તેમ કોઈ બે મહાત્માને ભગવાનની ભાવાજ્ઞાની પ્રાપ્તિ થઈ તેથી સંસારની નિર્ગુણતાને જાણીને તે બન્ને મહાત્માઓ આત્મકલ્યાણ અર્થે સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન સ્વીકારે જેથી ભાવવ્યાધિ દૂર થાય પરંતુ તે બે મહાત્મામાંથી એક મહાત્મા પ્રમાદપૂર્વક ધર્માનુષ્ઠાન સેવે છે અને અન્ય મહાત્મા મોહના ઉન્મૂલનને અનુકૂળ અપ્રમાદપૂર્વક તે અનુષ્ઠાન સેવે છે. તેથી પ્રમાદપૂર્વક સેવનાર તે મહાત્માને ભાવરોગની વૃદ્ધિ થાય છે અને અપ્રમાદપૂર્વક અનુષ્ઠાન સેવનાર મહાત્માને ભાવઆરોગ્ય થવાને કારણે સમાધિની પ્રાપ્તિ થાય છે. જેમ બે પુરુષને અજીર્ણરૂપ રોગ ઉત્પન્ન થયો છે તેમાંથી એક પુરુષ અજીર્ણના પરિહારપૂર્વક ભોજન કરે છે અને અન્ય પુરુષ અજીર્ણનો પરિહાર કર્યા વગર તત્સદૃશ ભોજન કરે છે, તેથી અજીર્ણના પરિહાર કરનાર પુરુષને તે ભોજનથી શરીરજન્ય સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે અને અજીર્ણના પરિહાર વગર ભોજન કરનારા અન્યને તે સમાન ભોજનથી રોગની વૃદ્ધિ થાય છે તેમ જે મહાત્મા અનુષ્ઠાન સેવનકાળમાં ભાવરોગની વૃદ્ધિના કારણીભૂત પ્રમાદના પરિહારપૂર્વક સ્વીકારાયેલું અનુષ્ઠાન કરે છે તે મહાત્માને ભાવરોગની હાનિ થવાથી સમાધિની વૃદ્ધિ થાય છે અને જે અન્ય મહાત્મા ભાવરોગના કારણીભૂત પ્રમાદનો પરિહાર કર્યા વગર ધર્માનુષ્ઠાન સેવે છે તે મહાત્માને ભાવાજ્ઞાની પ્રાપ્તિ હોવા છતાં પ્રમાદને કારણે ભાવરોગ વૃદ્ધિ પામે છે. તેથી કંટકાદિ

વિઘ્નોમાંથી કોઈ વિઘ્નની પ્રાપ્તિ થવાથી તે મહાત્માને મોક્ષપથમાં ગમન સ્ખલિત થાય છે અને જે મહાત્મા ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયા પછી પ્રમાદના પરિહારપૂર્વક ઉચિત અનુષ્ઠાન સેવે છે તેને કંટકાદિ વિઘ્નોની પ્રાપ્તિની સંભાવના દૂર થાય છે. તેથી જેઓનાં સોપક્રમકર્મ છે તેઓ પ્રમાદના પરિહારપૂર્વક ભાવિના અનર્થનું નિવારણ કરી શકે છે અને જેમનાં નિરુપક્રમકર્મ છે અથવા સોપક્રમકર્મ હોવા છતાં પ્રમાદનો સ્વભાવ છે તેઓ પ્રમાદ સેવીને તે કર્મોને શિથિલ કરવા યત્ન કરતા નથી તેથી તેઓને અનર્થની પ્રાપ્તિ થાય છે.

તેથી એ ફલિત થયું કે, તુલ્ય અનુષ્ઠાન કરનારને પણ એકને ભાવઆરોગ્યની પ્રાપ્તિ અને એકને ભાવરોગની પ્રાપ્તિ વ્યવહારનય સ્વીકારે છે, જ્યારે નિશ્ચયનય તો કારણના ભેદથી કાર્યનો ભેદ સ્વીકારે છે. તેથી સોપક્રમકર્મવાળા જીવનું અનુષ્ઠાન અને નિરુપક્રમકર્મવાળા જીવનું અનુષ્ઠાન બાહ્યથી તુલ્ય હોવા છતાં પ્રમાદની સહાયતાવાળું અને પ્રમાદની સહાયતા વગરનું હોવાથી ભિન્ન છે તેમ નિશ્ચયનય સ્વીકારે છે. આ પ્રકારે કહેવાથી એ પ્રાપ્ત થાય કે વ્યવહારનય તત્ત્વને બતાવનાર નથી પરંતુ નિશ્ચયનય તત્ત્વને બતાવનાર છે; કેમ કે ફળભેદના અનુસાર કારણભેદ સ્વીકારે છે તેથી નિશ્ચય અનુસાર પ્રવૃત્તિ જ ઇષ્ટફળની સાધક છે તેને ગ્રંથકારશ્રી કહે છે.

આ પણ=વ્યવહારનય પણ, તત્ત્વાઙ્ગ નથી એમ નહીં પરંતુ તાત્ત્વિક પક્ષપાતની પ્રાપ્તિનું કારણ છે; કેમ કે છદ્મસ્થજીવ વિશિષ્ટજ્ઞાનવાળા નહીં હોવાથી નિર્ણય કરી શકે નહીં કે મારું કર્મ સોપક્રમ છે કે નિરુપક્રમ છે. એથી અતિશય જ્ઞાનીને છોડીને છદ્મસ્થ જીવો તો 'ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયા પછી સંસારના ઉચ્છેદના ઉપાયભૂત ઉચિત અનુષ્ઠાનો મારે અપ્રમાદપૂર્વક સેવવાં જોઈએ' એ પ્રકારે વારંવાર જિનવચનથી ભાવિત થઈને પ્રયત્ન કરે છે. તે પ્રકારે વારંવાર ભાવન કરીને પ્રવૃત્તિ કરવાથી તે મહાત્મા પોતાના અપ્રમાદભાવના બળથી નિશ્ચયનયને અભિમત ભાવસમાધિને પણ અવશ્ય પ્રાપ્ત કરે છે. ફક્ત નંદિષેણમુનિ જેવા કોઈક મહાત્માને નિરુપક્રમકર્મ વિદ્યમાન હોય તો જેમ નંદિષેણમુનિ સતત ભગવાનના વચનથી ભાવિત થવા યત્ન કરતા હતા, સ્વીકારાયેલું સંયમ નાશ ન પામે તેની સર્વ ચિંતા કરતા હતા છતાં તેમના અપ્રમાદથી પણ અપવર્તન ન પામે તેવું નિરુપક્રમકર્મ હોવાથી તેમને સંયમથી પાત થયો. તોપણ જેમ ખેતી કરનાર ખેડૂત વર્ષાકાળમાં વરસાદની સંભાવનાથી શુદ્ધ બીજ વાવીને પ્રાયઃ ખેતીના ફળને પામે છે તેમ જે મહાત્મા ભાવાજ્ઞાની પ્રાપ્તિ થયા પછી મારું કર્મ સોપક્રમ હશે એ પ્રકારની સંભાવનાથી શક્તિને ગોપવ્યા વગર શાસ્ત્રવચનથી ભાવિત થઈને અપ્રમાદપૂર્વક સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન સેવે છે તેઓને નિશ્ચયનયને અભિમત ભાવોની પણ અવશ્ય પ્રાપ્તિ થાય છે. ફક્ત કોઈક જીવનાં બળવાન નિરુપક્રમકર્મ હોય તો ભાવ-વ્યાધિ પ્રાપ્ત થાય તોપણ છદ્મસ્થ જીવ ભાવાજ્ઞાની પ્રાપ્તિ પછી 'મારું કર્મ સોપક્રમ હશે' તેવી સંભાવનાથી પ્રયત્ન કરે છે માટે વ્યવહારનય તત્ત્વાંગ છે અર્થાત્ તાત્ત્વિક પરિણતિની પ્રાપ્તિનું કારણ છે. **॥૩૨૬॥**

અવતરણિકા :-

अथैनमेवार्थं प्रकृते योजयति –

અવતરણિકાર્થ :-

હવે એ જ અર્થને=પૂર્વમાં વ્યાધિના દૃષ્ટાંતથી બતાવ્યું કે સમાન પણ ભોજન એકને વ્યાધિનું કારણ બને છે અને અન્યને શરીરજન્ય સમાધિનું કારણ બને છે એ જ અર્થને, પ્રકૃતમાં=ભાવઆરોગ્યના વિષયમાં, યોજન કરે છે –

ગાથા :-

एवमिहाहिगयम्मिवि परिसुद्धाणाउ कम्मुवक्कमणं ।
जुज्जइ तब्भावम्मि य भावारोग्गं तहाभिमयं ।।३२७।।

અન્વયાર્થ :-

इह=અહીં=લોકમાં, एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું કે અજીર્ણ દોષવાળાને અજીર્ણના કારણના પરિહારથી વ્યાધિનો ઉપક્રમ પ્રત્યક્ષ સિદ્ધ છે એ રીતે, अहिगयम्मिवि=અધિકૃતમાં પણ=આજ્ઞાના માહાત્મ્યના ખ્યાપનના વિષયમાં પણ, परिसुद्धाणाउ=પરિશુદ્ધ આજ્ઞાયોગથી, कम्मुवक्कमणं=કર્મનું ઉપક્રમણ, जुज्जइ=ઘટે છે. तब्भावम्मि य=અને તેના ભાવમાં=કર્મના ઉપક્રમના સદ્ભાવમાં, भावारोग्गं=ભાવઆરોગ્ય, तहाभिमयं=તે પ્રકારે અભિમત છે=ક્ષપકશ્રેણી આદિના લાભપ્રકારથી સર્વ દર્શનકારોને સંમત છે. ।।૩૨૭।।

ગાથાર્થ :-

અહીં=લોકમાં, આ રીતે=પૂર્વમાં કહ્યું કે અજીર્ણ દોષવાળાને અજીર્ણના કારણના પરિહારથી વ્યાધિનો ઉપક્રમ પ્રત્યક્ષ સિદ્ધ છે એ રીતે, અધિકૃતમાં પણ=આજ્ઞાના માહાત્મ્યના ખ્યાપનના વિષયમાં પણ, પરિશુદ્ધ આજ્ઞાયોગથી કર્મનું ઉપક્રમણ ઘટે છે. અને તેના ભાવમાં=કર્મના ઉપક્રમના સદ્ભાવમાં, ભાવઆરોગ્ય તે પ્રકારે અભિમત છે=ક્ષપકશ્રેણી આદિના લાભપ્રકારથી સર્વ દર્શનકારોને સંમત છે. ।।૩૨૭।।

ટીકા :-

एवं यथाऽजीर्णदोषस्य इह जने निदानपरिहारादुपक्रमोऽध्यक्षसिद्धः समुपलभ्यते, तथाऽधिकृतेऽप्याज्ञामाहात्म्यख्यापने वक्तुमुपक्रान्ते परिशुद्धाज्ञातः सर्वोपाधिशुद्धसम्यग्दर्शनादिमोक्षमार्गाराधनात् कर्म्मोपक्रमणं ज्ञानावरणादिदुष्टादृष्टनष्टभावापादनं युज्यते, जलानलयोरिवानयोरनिशं विरोधात् । तद्भावे च कर्मोपक्रमसद्भावे पुनर्भावारोग्यं सर्वव्याध्यधिकसंसाररोगक्षयात् तथा क्षपकश्रेण्यादिलाभप्रकारेणाभिमतं सर्वास्तिकप्रवादिसम्मतं सम्पद्यत इति ।।३२७।।

ભાવાર્થ :-

લોકમાં દેખાય છે કે કોઈક પુરુષને અજીર્ણદોષ થયો હોય અને તે અજીર્ણના કારણોનો પરિહાર કરે તો રોગનો ઉપક્રમ થાય છે. એ રીતે જે મહાત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ તેથી ભગવાનના વચનના યથાર્થ

બોધરૂપ ભાવાજ્ઞાની પ્રાપ્તિ તેમને થઈ. હવે તે મહાત્મા જો સ્વભૂમિકા પ્રમાણે અપ્રમાદપૂર્વક ઉચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે તો પરિશુદ્ધ આજ્ઞાના બળથી=ભગવાનના વચનના ઉપદેશ અનુસાર અપ્રમાદ કરવાના યત્નસ્વરૂપ પરિશુદ્ધ આજ્ઞાયોગથી, કર્મનો ઉપક્રમ ઘટે છે, તેથી તત્ત્વની પ્રાપ્તિનાં બાધક એવાં જ્ઞાનાવરણીય આદિ દુષ્ટકર્મો નષ્ટભાવને પ્રાપ્ત કરે છે અને કર્મના ઉપક્રમના સદ્ભાવમાં તે મહાત્માને તે પ્રકારનું ભાવઆરોગ્ય પ્રાપ્ત થાય છે કે જે અપ્રમાદને કારણે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ દ્વારા પૂર્ણ ભાવઆરોગ્યની પ્રાપ્તિનું કારણ બને. આ પ્રકારે સર્વ આસ્તિક્ય પ્રવાદીઓ સ્વીકારે છે; કેમ કે સર્વ આસ્તિકવાદીઓ મધ્યસ્થભાવને મોક્ષનું કારણ કહે છે અને જે મહાત્મા અપ્રમાદપૂર્વક સ્વભૂમિકાનુસાર મધ્યસ્થભાવમાં યત્ન કરે છે તે ઉત્તર-ઉત્તરના મધ્યસ્થભાવને પામીને પૂર્ણ મધ્યસ્થતારૂપ વીતરાગભાવને પ્રાપ્ત કરે છે. **॥૩૨૭॥**

અવતરણિકા :-

અથાજ્ઞાયોગમેવ તથા તથા સ્તુવન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે આજ્ઞાયોગને જ તે તે પ્રકારે સ્તુતિ કરતાં કહે છે –

ગાથા :-

एयमिह होइ विरियं एसो खलु एत्थ पुरिसगारो त्ति ।
एयं तं दुण्णेयं एसो च्चिय णाणविसओवि ।।३२८।।

અન્વયાર્થ :-

इह=અહીં=કર્મના ઉપક્રમના વિષયમાં, एयं=आ=આજ્ઞાયોગ, विरियं होइ=વીર્ય છે. एसो खलु=આ જ=પરિશુદ્ધ આજ્ઞાયોગ જ, एत्थ=અહીં=કર્મના ઉપક્રમના વિષયમાં, पुरिसगारो त्ति=પુરુષકાર છે. तं= તે કારણથી=જે કારણથી પ્રાયઃ પ્રચારી મોહબહુલ જીવલોક છે તે કારણથી, एयं=आ=શુદ્ધ આજ્ઞાયોગ, दुण्णेयं=દુર્વિજ્ઞેય છે. एसो च्चिय=આ જ=શુદ્ધ આજ્ઞાયોગ જ, णाणविसओवि=જ્ઞાનનો વિષય પણ છે. ॥૩૨૮॥

ગાથાર્થ :-

અહીં=કર્મના ઉપક્રમના વિષયમાં, આ=આજ્ઞાયોગ, વીર્ય છે. આ જ=પરિશુદ્ધ આજ્ઞાયોગ જ, અહીં=કર્મના ઉપક્રમના વિષયમાં, પુરુષકાર છે. તે કારણથી=જે કારણથી પ્રાયઃ પ્રચારી મોહબહુલ જીવલોક છે તે કારણથી, આ=શુદ્ધ આજ્ઞાયોગ, દુર્વિજ્ઞેય છે. આ જ=શુદ્ધ આજ્ઞાયોગ જ, જ્ઞાનનો વિષય પણ છે. ॥૩૨૮॥

ટીકા :-

एतदिह कर्म्मोपक्रमे भवति वीर्यमात्मसामर्थ्यम् । यः प्रागुक्तः परिशुद्धाज्ञायोगस्तथैष खलु एष

एव परिशुद्धाज्ञायोगोऽत्र प्रस्तुते कर्म्मोपक्रमे पुरुषकारो, न पुनरन्यो धावनवल्गनादिरूपः । इति पूरणार्थः । एतत् तद् दुर्विज्ञेयं यद् मोहबहुले जीवलोके प्रायेणेत्यर्थः प्रचारिण्ययमेव शुद्धाज्ञायोगो विवेकिना जनेनानुष्ठीयते, न पुनर्गतानुगतिकलक्षणा लोकहेरिः । तथैष एव विभागोपलक्षणारूपो ज्ञानविषयोऽपि गहनपदार्थविवेचकतया ज्ञानस्य निश्चयतः स्वरूपलाभात् । पठ्यते च 'बुद्धेः फलं तत्त्वविचारणं स्याद्' इति । इदमुक्तं भवति यः खलु भिन्नग्रन्थेर्जीवस्य परिशुद्धाज्ञालाभः प्रादुर्भवति, स औदयिकभावनिरोधादात्मवीर्यमुच्यते । एष एव च पुरुषकारः, सर्वकर्म्मविकारविलक्षणेन मोक्षेण कथञ्चिद् एकात्मभावादस्य अत एवैष एव च कर्मोपक्रमहेतुरिति निश्चीयते, अनेनैवोपक्रान्तानां कर्म्मणां पुनरुद्भवाभावात् । दुर्विज्ञेयश्चायं मूढमतीनाम् । अत एव च प्रौढज्ञानविषयतया व्यवस्थित इति ।।३२८।।

ભાવાર્થ :-

આજ્ઞાયોગ કેવા ઉત્તમ સ્વરૂપવાળો છે તે બતાવતાં કહે છે. કર્મના ઉપક્રમના વિષયમાં આજ્ઞાયોગ વીર્ય છે. આમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે જગતમાં જે પણ પ્રયત્નથી કાર્ય થાય છે તે ઉપક્રમણીય કર્મના ઉપક્રમપૂર્વક થાય છે. જેમ ધનપ્રાપ્તિને અનુકૂળ લાભાંતરાયનું કર્મ ઉપક્રમ પામે તેવું હોય અને ધનપ્રાપ્તિ માટે સમ્યગ્ યત્ન કરવામાં આવે ત્યારે જીવના પુરુષકારથી તે સોપક્રમ એવું લાભાંતરાયકર્મ ક્ષયોપશમભાવને પામે છે અને ધનની પ્રાપ્તિ થાય છે, તેમ જે મહાત્મા આત્મહિતના અર્થી છે, બુદ્ધિમાન છે, પોતાની શક્તિનું સમા-લોચન કરીને ઉચિત ધર્માનુષ્ઠાન સેવે છે; તેનાથી તેમનું સોપક્રમ એવું જ્ઞાનાવરણીય, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મ ઉપક્રમને પામે છે જેથી તેમના પ્રયત્ન અનુસાર રત્નત્રયીની ઉત્તરોત્તરની પરિણતિ પ્રગટ થાય છે તેથી તે રત્નત્રયીની પ્રાપ્તિને અનુકૂળ વીર્ય એ આજ્ઞાયોગ છે.

વળી, આ આજ્ઞાયોગ અહીં પુરુષકાર છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જીવ પોતાના હિતને અનુકૂળ જે પ્રયત્ન કરે તેને પુરુષકાર કહેવાય અને જે પુરુષકાર આ લોકમાં કષાયોનું શમન કરે તેથી જીવને સુખ થાય અને પરલોકમાં પણ તેનાથી હિતની પ્રાપ્તિ થાય તેને પારમાર્થિક પુરુષકાર કહેવાય.

તે પારમાર્થિક પુરુષકાર એ છે કે વિવેકી પુરુષ શક્તિ હોય તો ધર્મમાં જ યત્ન કરે અને તેવી શક્તિ ન હોય તો ધર્મ, અર્થ, કામને તે પ્રકારે સેવે જેથી ક્રમસર સ્વભૂમિકાનુસાર કષાયો અલ્પ-અલ્પતર થાય અને તેવો પુરુષકાર જ આજ્ઞાયોગ છે; કેમ કે સુખની પરંપરાનું કારણ બને તેવી ભગવાનની આજ્ઞા છે તે આજ્ઞાનુસાર અને પોતાની ભૂમિકાનુસાર પુરુષકાર કરીને બુદ્ધિમાન પુરુષ ઇષ્ટફળને પ્રાપ્ત કરે છે.

વળી, પ્રાયઃ પ્રચાર પામતા મોહબહુલતાવાળો જીવલોક છે તેથી પોતાનું કયું કર્મ સોપક્રમ છે અને પોતે ઉચિત પ્રવૃત્તિ કરીને આ લોકના અને પરલોકના હિતને સાધી શકે તેવો નિર્ણય સંસારી જીવો મોહબહુલતાને કારણે કરી શકતા નથી તે કારણથી આ આજ્ઞાયોગ દુર્વિજ્ઞેય છે. આથી જ સુખના અર્થી જીવો યથાતથા પ્રયત્ન કરીને દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે. અહીં પ્રશ્ન થાય કે લોક મોહબહુલ હોવાના કારણે

આજ્ઞાયોગ દુર્વિજ્ઞેય છે તેથી તે જ્ઞાનનો વિષય થઈ શક્શે નહીં માટે આજ્ઞાયોગમાં કોઈનાથી પ્રવૃત્તિ થશે નહીં. તેના નિરાકરણ માટે કહે છે.

આ જ આજ્ઞાયોગ જ્ઞાનનો વિષય પણ છે અર્થાત્ જે મહાત્માઓ બુદ્ધિમાન છે, સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા છે અને તેથી નિર્મળ બુદ્ધિવાળા છે. નિર્મળ બુદ્ધિ હોવાના કારણે 'હું કઈ પ્રવૃત્તિ કરું કે જેથી મારું એકાંતે હિત થાય' તેવી તત્ત્વવિચારણા કરનારા છે; કેમ કે બુદ્ધિનું ફળ જ તત્ત્વવિચારણા છે અને તેવા બુદ્ધિમાન જીવો માર્ગાનુસારી બુદ્ધિના બળથી નિર્ણય કરી શકે છે કે 'આ કૃત્ય હું કરીશ તો તે મારા પ્રયત્નથી સાધ્ય છે અને તે કૃત્ય બળવાન અનિષ્ટ ફળવાળું નથી, ઇષ્ટનું સાધન છે અને સ્વકૃતથી સાધ્ય છે' તેવો નિર્ણય કરવા માટે જે જ્ઞાનનો વ્યાપાર કરે છે તે આજ્ઞાયોગ છે અને તેવી નિર્મળ બુદ્ધિથી પોતાના જ્ઞાન દ્વારા પોતાને હિતકારી શું છે તેનો નિર્ણય કરીને જે પ્રવૃત્તિ કરે છે તે પણ આજ્ઞાયોગ છે.

આનાથી એ ફલિત થાય કે જેઓએ ગ્રંથિનો ભેદ કર્યો છે તેવા નિર્મળ બુદ્ધિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોને સંસારના વાસ્તવિક સ્વરૂપનો સ્પષ્ટ બોધ છે, મુક્ત અવસ્થાનો સ્પષ્ટ બોધ છે અને મુક્ત અવસ્થાના ઉપાયભૂત ભગવાનની આજ્ઞા છે કે જે શક્ય હોય તે કરવું જોઈએ અને જે અશક્ય હોય તેને કરવાની ઉત્કટ ઇચ્છા રાખીને શક્તિસંચય થાય ત્યારે અવશ્ય તે કૃત્ય કરવું જોઈએ અને તે ભગવાનની આજ્ઞાથી ભાવિતમતિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો જે કાંઈ પણ પોતાની શક્તિનો નિર્ણય કરીને પ્રવૃત્તિ કરે છે તે સર્વ આજ્ઞાયોગ છે. તેના દ્વારા તે મહાત્મા ઉત્તરોત્તર સુખની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષને પામે છે અને જેઓની તેવી નિર્મળ બુદ્ધિ નથી તેઓ સ્વરુચિ અનુસાર ધનઅર્જનાદિ કરે છે, ભોગાદિ કરે છે કે ધર્માનુષ્ઠાન કરે છે તે સર્વ ચિત્તની સમાધિનું કારણ બનતાં નથી પરંતુ ચિત્તમાં ક્લેશ ઉત્પન્ન કરાવીને દુર્ગતિની પરંપરાનું કારણ બને છે માટે તેઓની કોઈ ક્રિયા આજ્ઞાયોગરૂપ નથી, માટે તે જીવો સર્વથા પુરુષકારરહિત છે. આથી જ ધર્મઅનુષ્ઠાન કરીને પણ મોહધારાની વૃદ્ધિ દ્વારા તેઓ પોતાનું અહિત કરે છે. **॥૩૨૮॥**

અવતરણિકા :-

साम्प्रतमुक्तमर्थं प्रसाधयन् दृष्टान्तमाह –

અવતરણિકાર્થ :-

હવે ઉક્ત અર્થને=ગાથા-૩૨૮માં કહ્યું કે આજ્ઞાયોગ જ્ઞાનનો વિષય પણ છે એ રૂપ ઉક્ત અર્થને, પ્રસાધન કરતાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંતને કહે છે –

ગાથા :-

आहरणं पुण एत्थं सव्वणयविसारओ महामंती ।
मारिणिवारणखाओ णामेणं नाणगब्भोत्ति ।।३२९।।

અન્વયાર્થ :-

પુણ એત્થં=વળી આમાં=પુરુષકારથી કર્મના ઉપક્રમમાં, સવ્વણયવિસારઓ=સર્વનયવિશારદ, મારિણિવારણ-ખાઓ=મારિના નિવારણથી આખ્યાત અર્થાત્ પ્રસિદ્ધ એવા, નાણગબ્ભોત્તિ ણામેણં મહામંતી=જ્ઞાનગર્ભ નામના મહામંત્રી, આહરણં=ઉદાહરણ છે. ॥૩૨૯॥

ગાથાર્થ :-

વળી આમાં=પુરુષકારથી કર્મના ઉપક્રમમાં, સર્વનયવિશારદ, મારિના નિવારણથી આખ્યાત અર્થાત્ પ્રસિદ્ધ એવા, જ્ઞાનગર્ભ નામના મહામંત્રી ઉદાહરણ છે. ॥૩૨૯॥

ટીકા :-

आहरणं दृष्टान्तः पुनरत्र पुरुषकारात् कर्म्मोपक्रमे सामान्येन साध्ये सर्वनयविशारदः सर्वेषामान्वीक्षिकीत्रयीवार्त्तादण्डनीतिलक्षणानां नयानां विचारणेन विचक्षणो महामंत्री सर्वराज्यकार्यचिन्ताकरत्वेन शेषमंत्रिणामुपरिभागवर्ती मारीनिवारणाख्यातः सहसैव समुपस्थितसर्वकुटुंबमरणस्य निवारणात् प्रसिद्धिमुपगतो नाम्नाऽभिधानेन प्राग्नामान्तरतया रूढोऽपि ज्ञानगर्भ इति । इहान्वीक्षिकी नीतिः जिन-जैमिन्यादिप्रणीतन्यायशास्त्राणां विचारणा, त्रयी सामवेदऋग्वेदयजुर्वेदलक्षणा, वार्त्ता तु लोकनिर्वाहहेतुः कृषिपाशुपाल्यादिवृत्तिरूपा, दण्डनीतिस्तु नृपनीतिः सामभेदोपप्रदाननिग्रहरूपेति ।।३२९।।

ભાવાર્થ :-

પૂર્વગાથાની ટીકામાં કહ્યું કે બુદ્ધિનું ફળ તત્ત્વવિચારણા છે અને તત્ત્વવિચારણા એ છે કે સાનુબંધ સુખની વૃદ્ધિ થાય તેવી ઉચિત પ્રવૃત્તિનો નિર્ણય કરીને તે પ્રવૃત્તિ દ્વારા એકાંતે પોતાનું હિત થાય તે પ્રકારે યત્ન કરવો. વળી, જ્ઞાનગર્ભ મંત્રી સર્વનયવિશારદ છે તેથી ધર્મશાસ્ત્રમાં પણ વિશારદ છે, સામવેદ આદિ ત્રણ વેદમાં વિશારદ છે, લોકનિર્વાહના હેતુ એવાં કૃત્યોમાં પણ વિશારદ છે અને રાજાની ચાર પ્રકારની નીતિમાં પણ વિશારદ છે. તેથી પોતાની નિર્મળ બુદ્ધિના બળથી મારિનું નિવારણ કરીને પોતાના કુટુંબનું ઉચિત વિવેકપૂર્વક રક્ષણ કર્યું તેમ કલ્યાણના અર્થી જીવો પણ જ્ઞાનગર્ભ મંત્રીની જેમ પોતાની ભૂમિકાનો નિર્ણય કરીને મારા સંયોગ અનુસાર ભગવાનની શું આજ્ઞા છે તેનો નિર્ણય કરીને પોતાના ચિત્તમાં વર્તતા ક્લેશઆપાદક કર્મોને જાણીને તેનું નિવારણ થાય તે રીતે ધર્મમાં યત્ન કરે તો હિતને સાધી શકે છે. **॥૩૨૯॥**

અવતરણિકા :-

इदमेवोदाहरणं भावयितुं गाथादशकमाह —

અવતરણિકાર્થ :-

આ જ ઉદાહરણને=જ્ઞાનગર્ભ મંત્રીના જ ઉદાહરણને, દશ ગાથાથી ભાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

वेसाली जियसत्तू राया सचिवो उ णाणगब्भो से ।
णेमित्तागम पुच्छा अत्थक्कत्थाणि किं कस्स ।।३३०।।१।।
मंतिस्स मारिपडणं कइया पक्खारउत्ति तुसिणीया ।
सव्वेवि मंतिणिग्गमकाले णेमित्तिगाहवणं ।।३३१।।२।।
पइरिक्के पुच्छा कह सुयदोसा पच्चओ कुसुमिणोत्ति ।
पूजा वारण संवाय पुत्तमालोचण णिरोहो ।।३३२।।३।।
मंजूसाए पक्खस्स भोयणं पाणगं च ताला य ।
अत्थं साहर रण्णो भणणमणिच्छे तयाणयणं ।।३३३।।४।।
देव इह सव्वसारं किमणेणं पक्खमेगरक्खावे ।
दारण्णतालसीसगमुद्दा अट्ठट्ठ पाहरिया ।।३३४।।५।।
तेरसमम्मि य दियहे रण्णो धूयाए वेणिछेओत्ति ।
मंतिसुया किल फुट्टं रुवणे रण्णो महाकोवो ।।३३५।।६।।
घाएह तयं अहवा सव्वेच्चिय डहह मत्तगा एए ।
किंकरगम गेण्हण भंडणाय पेच्छामु देवत्ति ।।३३६।।७।।
दिट्ठिम्मि एत्थ जोगा तत्तं जाणाहि मुद्दसंवाओ ।
उग्घाडणे णिरूवण छुरियावेणीय मंतिसुओ ।।३३७।।८।।
सज्झस किमिदं देवो जाणइ तह विम्हओ उ सव्वेसिं ।
तप्पुच्छ पूयणा सव्वणास णो वेणिछेयाउ ।।३३८।।९।।
एत्तो उ किल पयट्टो एत्थाहं जाव एवमेव त्ति ।
एवमचिंत कम्मं विरियंपि य बुद्धिमंतस्स ।।३३९।।१०।।

અન્વયાર્થ :-

વેસાલી=વૈશાલી નગરી, જિયસત્તૂ રાયા=જિતશત્રુ રાજા, સચિવો ઉ ણાણગબ્ભો સે=અને તેનો જ્ઞાનગર્ભ મંત્રી, ણેમિત્તાગમ=નૈમિત્તિકના આગમનમાં, અત્થક્કત્થાણિ પુચ્છા=અર્થકથનના વિષયમાં પૃચ્છા=રાજાને

અતિકુતૂહલપણું હોવાના કારણે તે પ્રકારનો પૂછવાનો કોઈ અવસર નહીં હોવા છતાં નૈમિત્તિકની બુદ્ધિના નિર્ણય માટે સભામાં રાજા વડે નૈમિત્તિકને પૃચ્છા કરાઈ. 'किं कस्स'='કોને કેવું થશે ?=કોને અપૂર્વ સુખ-દુઃખ થશે ?'

નૈમિત્તિકે કહ્યું मंतिस्स मारिपडणं='મંત્રીને મારિનું પતન=મંત્રીના કુટુંબનો વિનાશ થશે.' કહ્યા=રાજાએ પૂછ્યું – 'ક્યારે ?' पक्खारउत्ति=નૈમિત્તિકે કહ્યું – 'પક્ષની અંદરમાં' तुसिणीया सव्वेवि=તેથી સર્વ મૌન થઈ ગયા. मंतिणिग्गमकाले=મંત્રીના નિર્ગમનકાળે, णेमित्तिगाहवणं=નૈમિત્તિકને બોલાવે છે=મંત્રી પોતાના ઘરે નૈમિત્તિકને બોલાવે છે.

पइरिक्के पुच्छा=એકાંતમાં પૃચ્છા, कह='કઈ રીતે'='વિનાશ કઈ રીતે થશે ?' सुयदोसा=નૈમિત્તિકે કહ્યું – 'પુત્રના દોષથી થશે. पच्चओ कुसुमिणोत्ति=તેનું પ્રત્યય તારું કુસ્વપ્ન થશે=તને અનર્થ થશે તેનો નિર્ણય તારું કુસ્વપ્ન થશે.' पूजा वारण=પૂજા વારણા=ત્યારપછી નૈમિત્તિકની પૂજા કરાઈ અને પ્રકાશનના નિષેધરૂપ વારણા મંત્રી વડે કરાઈ. संवाय=સંવાદ=સ્વપ્નનો સંવાદ થયે છતે, पुत्तमालोचण=પુત્રની સાથે આલોચના કરીને, णिरोहो=નિરોધ=તેનો નિરોધ કર્યો.

मंजूसाए=મંજૂષામાં=મંજૂષામાં તેનો નિરોધ કર્યો. पक्खरस भोयणं पाणगं च=એક પક્ષ ચાલે તેટલું ભોજન અને પાનક ત્યાં મૂક્યું. ताला य=અને તાળાં માર્યાં. अत्थं साहर रण्णो भणणं=રાજાને મંત્રી વડે કહેવાયું – 'અર્થનો સાર છે (તેનો તમે સ્વીકાર કરો !)' अणिच्छे=અનિચ્છામાં, तयाणयणं=તેના ઉપરોધથી તેનું આનયન=રાજકુળમાં મંજૂષાનું આનયન.

મંત્રી કહે છે – देव='હે દેવ !' इह सव्वसारं='આમાં સર્વ સાર છે.' રાજા કહે છે – किमणेणं='આના વડે શું ?'='તારો વિનાશ થતો હોય તો સાર વડે શું ?' મંત્રી કહે છે – पक्खमेगरक्खावे='એક પક્ષ આનું રક્ષણ કરો.' दारण्णतालसीसमुद्दा=રાજાએ દ્વાર ઉપર તાળાં લગાડ્યાં અને રાજમુદ્રા લગાડી. अट्ठट्ठ पाहरिया=આઠ આઠ પ્રહરિક રાખ્યા.

तेरसमम्मि य दियहे=અને તેરમા દિવસે, रण्णो धूयाए वेणिछेओत्ति=રાજાની પુત્રીનો અકસ્માત્ વેણી-ચ્છેદ થયો. मंतिसुया किल फुट्टं='મંત્રીના પુત્રથી વેણીનો છેદ થયો' એ પ્રમાણે લોકમાં સ્પષ્ટ પ્રવાદ થયો. रुवणे रण्णो महाकोवो=પુત્રીનું રુદન થયે છતે રાજાનો મહાકોપ થયો.

રાજાએ કહ્યું – घाएह तयं='તેનો ઘાત કરો.' अहवा सव्वेच्चिय डहह मत्तगा एए='અથવા આ મંત્રીના સર્વ જ મનુષ્યોને બાળી નાખો.' किंकरगम=નોકરોનું મંત્રીના ઘરે ગમન, गेण्हण=ગ્રહણ=કુટુંબનું ગ્રહણ પ્રારંભ કરાયું. भंडणाय=અને મંત્રીના પરિવાર સાથે ભંડના કરાઈ. મંત્રીએ કહ્યું – पेच्छामु देवत्ति='હું દેવને જોવા ઈચ્છું છું.'

दिट्ठिम्मि एत्थ=અહીં રાજા જોવાયે છતે, મંત્રીએ કહ્યું – जोगा तत्तं जाणाहि='પેટીના યોગથી તત્ત્વને જાણો.' मुद्दसंवाओ='મુદ્રાનો સંવાદ'='રાજમુદ્રા બરાબર છે કે નહીં તે તપાસો' उग्घाडणे=ઉદ્ઘાટનમાં=મંજૂષાના ઉદ્ઘાટનમાં, णिरूवण=નિરૂપણ કરાયે છતે, छुरियावेणीय मंतिसुओ=છુરિકાથી

યુક્ત વેણીથી મંત્રીપુત્ર જોવાયો.

सज्झस=साध्वस=મંત્રીપુત્રને જોઈને રાજા ભય પામ્યો. રાજાએ પૂછ્યું – किमिदं='આ કઈ રીતે અસંભાવ્ય બન્યું ?' મંત્રીએ કહ્યું – દેવો जाणइ='દેવ જાણે=રાજા જાણે.' तह विम्हओ उ सव्वेसिं=તથા સર્વને વિસ્મય થયો. तप्पुच्छ=પછી મંત્રીને પૂછ્યું. पूयणा=પૂજના=મંત્રીની પૂજા કરાઈ. सव्वणास णो वेणिछेयाउ=મંત્રીએ કહ્યું – 'સર્વ નાશ પુત્રથી થશે, વેણીછેદથી નહીં' – એ પ્રમાણે નૈમિત્તિક વડે કહેવાયું હતું.'

एत्तो उ किल पयट्टो एत्थाहं='આથી જ હું પુત્રના સંગોપન માટે પ્રવૃત્ત થયો.' जाव एवमेव त्ति='यावद् એ પ્રમાણે જ થયું=નૈમિત્તિકે કહ્યું એ પ્રમાણે જ થયું.' एवमचिंत कम्मं=આ રીતે અચિંત્ય કર્મ છે. विरियंपि य बुद्धिमंतस्स=અને બુદ્ધિમાનનું વીર્ય પણ અચિંત્ય છે. ॥૩૩૦થી ૩૩૯॥

ગાથાર્થ :-

વૈશાલી નગરી, જિતશત્રુ રાજા અને તેનો જ્ઞાનગર્ભ મંત્રી, નૈમિત્તિકના આગમનમાં અર્થકથનના વિષયમાં પૃચ્છા=રાજાને અતિકુતૂહલપણું હોવાના કારણે તે પ્રકારનો પૂછવાનો કોઈ અવસર નહીં હોવા છતાં નૈમિત્તિકની બુદ્ધિના નિર્ણય માટે સભામાં રાજા વડે નૈમિત્તિકને પૃચ્છા કરાઈ. 'કોને કેવું થશે ?=કોને અપૂર્વ સુખ-દુઃખ થશે ?'

નૈમિત્તિકે કહ્યું – 'મંત્રીને मारिनुं पतन=મંત્રીના કુટુંબનો વિનાશ થશે.' રાજાએ પૂછ્યું – 'ક્યારે ?' નૈમિત્તિકે કહ્યું – 'પક્ષની અંદરમાં' તેથી સર્વ મૌન થઈ ગયા. મંત્રીના નિર્ગમનકાળે નૈમિત્તિકને બોલાવે છે=મંત્રી પોતાના ઘરે નૈમિત્તિકને બોલાવે છે.

એકાંતમાં પૃચ્છા, 'કઈ રીતે'='વિનાશ કઈ રીતે થશે ?' નૈમિત્તિકે કહ્યું – 'પુત્રના દોષથી થશે. તેનું પ્રત્યય તારું કુસ્વપ્ન થશે=તને અનર્થ થશે તેનો નિર્ણય તારું કુસ્વપ્ન થશે.' પૂજા વારણા=ત્યારપછી નૈમિત્તિકની પૂજા કરાઈ અને પ્રકાશનના નિષેધરૂપ વારણા મંત્રી વડે કરાઈ. संवाद=સ્વપ્નનો સંવાદ થયે છતે, પુત્રની સાથે આલોચના કરીને, निरोध=તેનો નિરોધ કર્યો.

मंजूषामां=મંજૂષામાં તેનો નિરોધ કર્યો. એક પક્ષ ચાલે તેટલું ભોજન અને પાનક ત્યાં મૂક્યું અને તાળાં માર્યાં. રાજાને મંત્રી વડે કહેવાયું – 'અર્થનો સાર છે તેનો તમે સ્વીકાર કરો !' અનિચ્છામાં તેના ઉપરોધથી તેનું આનયન=રાજકુળમાં મંજૂષાનું આનયન.

મંત્રી કહે છે – 'હે દેવ ! આમાં સર્વ સાર છે.' રાજા કહે છે – 'આના વડે શું ?'='તારો વિનાશ થતો હોય તો સાર વડે શું ?' મંત્રી કહે છે – 'એક પક્ષ આનું રક્ષણ કરો.' રાજાએ દ્વાર ઉપર તાળાં લગાડ્યાં અને રાજમુદ્રા લગાડી. આઠ આઠ પ્રહરિક રાખ્યા.

અને તેરમા દિવસે રાજાની પુત્રીનો અકસ્માત્ વેણીચ્છેદ થયો. 'મંત્રીના પુત્રથી વેણીનો છેદ થયો' એ પ્રમાણે લોકમાં સ્પષ્ટ પ્રવાદ થયો. પુત્રીનું રુદન થયે છતે રાજાનો મહાકોપ થયો.

રાજાએ કહ્યું – 'તેનો ઘાત કરો. અથવા આ મંત્રીના સર્વ જ મનુષ્યોને બાળી નાખો.' નોકરોનું મંત્રીના ઘરે ગમન, ગ્રહણ=કુટુંબનું ગ્રહણ પ્રારંભ કરાયું અને મંત્રીના પરિવાર સાથે ભંડના કરાઈ. મંત્રીએ કહ્યું – 'હું દેવને જોવા ઇચ્છું છું.'

અહીં રાજા જોવાયે છતે, મંત્રીએ કહ્યું – 'પેટીના યોગથી તત્ત્વને જાણો.' મુદ્રાનો સંવાદ='રાજમુદ્રા બરાબર છે કે નહીં તે તપાસો' ઉદ્‌ઘાટનમાં=મંજૂષાના ઉદ્‌ઘાટનમાં, નિરૂપણ કરાયે છતે છુરિકાથી યુક્ત વેણીથી મંત્રીપુત્ર જોવાયો.

સાધ્વસ=મંત્રીપુત્રને જોઈને રાજા ભય પામ્યો. રાજાએ પૂછ્યું – 'આ કઈ રીતે અસંભાવ્ય બન્યું ?' મંત્રીએ કહ્યું – 'દેવ જાણે=રાજા જાણે.' તથા સર્વને વિસ્મય થયો. પછી મંત્રીને પૂછ્યું. પૂજના=મંત્રીની પૂજા કરાઈ. મંત્રીએ કહ્યું – 'સર્વ નાશ પુત્રથી થશે, વેણીછેદથી નહીં – એ પ્રમાણે નૈમિત્તિક વડે કહેવાયું હતું.'

'આથી જ હું પુત્રના સંગોપન માટે પ્રવૃત્ત થયો. યાવદ્ એ પ્રમાણે જ થયું=નૈમિત્તિકે કહ્યું એ પ્રમાણે જ થયું.' આ રીતે અચિંત્ય કર્મ છે અને બુદ્ધિમાનનું વીર્ય પણ અચિંત્ય છે. ।।૩૩૦થી ૩૩૯।।

ટીકા :-

वेसालीए सिरिवद्धमाणसामिस्स माउसालाए । सुविसालकुलीणसुविसुद्धसीलसालीए लोयाए ।।१।। हिमसेलुत्तुंगसुचंगसिंगरुयरंपियंबरतलेण । सिरिमुणिसुव्वयथूभेण मज्झभागे सुरम्माए ।।२।। पुरपवराए पुरीए पोराणकहासु विस्सुयजसाए । आसि निवो जियसत्तू नियसत्तायत्तविहियधरो ।।३।। तस्सासि जहावसरं पवत्तगो साम पमुहनीईणं । निववंससहुग्गयमंतिवंससंपन्नसुइजम्मो ।।४।। सयलनिवकज्जसज्जो चोज्जकरो तेसु २ चरिएसु । तव्वंसवुड्ढिमूलं सूलं सव्वाण वेरीण ।।५।। चक्खुव्व दुक्खविन्नेयभावग-ब्भोवलंभकज्जेसु । जणवयजणाण जणगोव्व निच्च हियचिंतगत्तेण ।।६।। णामेण णाणगब्भो मंती सामंतपमुहलोयमओ । निच्चोवलद्धरायप्पसायपडिपुन्नसव्वत्थो ।।७।। सुविसालसुसीलकुलो निस्सेसाणुचियचरियपरिहारी । रन्ना समाणचित्तो जा कालवइक्कमं करइ ।।८।। ता अन्नया सभाए नियठाणनिविट्ठपरियणजणाए । आसीणस्स निवइणो सक्कस्सव सारसोहस्स ।।९।। दोवारिएण धरणीमिलियसिरेणं स पणमिऊणेवं । विन्नत्तो जह सामी! एगो नेमित्तिओ दारे ।।१०।। कत्तोऽवि आगओ चिट्ठइत्ति पहुपायदंसणसयण्हो । लद्धाणुन्नेण पवेसिओ य तेणं निवसमीवे ।।११।। विहिउच्चिय-पडिवत्ती पुट्ठो य सकोउगेण नरवइणा । तण्णाणजाणण कए सुहासणत्थो जहा किमिह ।।१२।। कस्साऽपुव्वं होही सुहं च दुक्खं च थोवदिणमज्झे ?। तो तेणट्ठंगनिमित्तसत्थविउणा भणियमेयं ।।१३।। दोसं जामि न सामिय! साहंतो सत्थभणियमत्थमिहं । सच्छंदत्तविरहिओ तुब्भेहिं पुच्छिओ संतो ।।१४।। जो एस तुम्ह मंतीपंतीण सिरोमणित्तणं पत्तो । तस्स सकुलस्स मारी उवट्ठिया अत्थि

अइघोरा ।।१५।। (राजा—) केत्तियकालस्संतो सा तुमए निच्छिया भविस्संती । (नैमित्तिकः—) नो वरिसाओ न मासाओ किंतु एयाओ पक्खाओ ।।१६।। आरेण तओ वज्जाहयव्व सव्वा सहा खणा चेव । साबाहा तुण्हिक्का थक्का मंती तओ ज्झत्ति ।।१७।। ताओ सहादेसाओ विणिग्गओ धीरमाणसो धणियं । केणइ अलक्खिओ आणवेइ नेमित्तियं सगिहे ।।१८।। कयगरुयगोरवो वत्थ-पुप्फवरभोयणाइदाणेण । बहुपणयपुव्वसंभासणाओ संपन्नसंतोसो ।।१९।। ठाउं पइरिक्ककारणाउ कत्तो भविस्सई एसा । इय पडिपुट्ठो भणियं जहा इओ जेट्ठपुत्ताओ ।।२०।। (मंत्री—) को पच्चओ इमा जं होही नियमेण मज्झ सकुलस्स ?। (नैमित्तिकः—) अमुगदिवसम्मि सुमिणो असुंदरो निसि तुमं होही ।।२१।। एवमुवलद्धसारो कज्जस्स स पूइऊण देवण्णुं । परमायरेण वारेइ सव्वहा नो पयासमिमं ।।२२।। कायव्वमुवगए नियपएसमह तम्मि अन्नदिवसम्मि । दिट्ठो सुमिणो जह मज्झमंदिरं धूमजालाहिं ।।२३।। अइबहलतिमिरनिउरंबसामलाहिं समंतओ ठइउं । ता मंतिणा सपच्चयमुत्तं तं पुत्तकुलमूलं ।।२४।। जोइसविऊहिं तज्जम्मकालमिलिएहिं सुट्ठु पण्णत्तो । इण्हि पुण तप्पलओ हुंतो दीसइ तुमाहिंतो ।।२५।। सुविसुद्धबुद्धिपुव्वं वट्टिज्जउ ताव पक्खमिममेगं । जइ नाम वसणमेयं उवट्ठियं कहवि वंचेमो ।।२६।। को वा तहा मईए इमाए मे सयलजयपसिद्धाए । होज्जा गुणो ण खलणं करेमि जइ अस्स वसणस्स ?।।२७।। अइचित्तं गहचरियं सुमिणो सउणाइयं निमित्तं च । देवो व जाइयाइं फलंति जइ कस्सइ कयाइ ।।२८।। ता णो बुद्धिधणेहिं तसियव्वं धीरिमं वहंतेहिं । उचिओवायपरेहिं होयव्वं तहवि निच्चंपि ।।२९।। परिघडियणिउणनीईण दूरओ मुक्ककुपहगमणाण । दिव्वाउ विहडिओवि हु कज्जारंभो न दोसाय ।।३०।। मंजूसाए ता पुत्त! पविस पक्खस्स भोयण-जलाणि । एयाणि तणुट्ठिईए ठाणाणि य तो तहा विहिए ।।३१।। उवगम्म रायपासे निवेइयं मंतिणा जहा एत्तो । पुरिसपरंपरपत्तं वित्तं कज्जओ नियायत्तं ।।३२।। भणियं रन्ना मा बीहसुत्ति को जाणई भविस्सइ किं । एयमणिच्छंतोवि हु तेण पडिच्छाविओ राया ।।३३।। नीया सा मंजूसा भंडारगिहम्मि राइणो भणियं । इह देव! सव्वसारं संचिट्ठइ पक्खमेगंते ।।३४।। संरक्खिज्जउ सव्वायरेण मज्झो-वरोहओ चेव । निविडाइं तालगाइं दिन्नाइं सव्वओ तीसे ।।३५।। तह सीसगमुद्दाओ पइपहरं तह य दुण्णि पाहरिया । एवं कयसुविहाणो सो सचिवो विम्हएण खणं ।।३६।। किं एसो विहडेज्जा मज्झ पओगो अचिंतचरियं च । दिव्वं किंच न होज्जा खणं विसाएण छुप्पंतो ।।३७।। जा चिट्ठइ तेरस-मम्मि वासरे ता पभायसमयम्मि । कण्णंतेउरपरिसंठियाए कण्णाए णरवइणो ।।३८।। जाओ वेणीछेओ केण कओ इय निमित्तचिंताए । जाओ कत्ति पवाओ जह मंतिसुएण जेट्ठेण ।।३९।। एसा किल नियमंदिरसेज्जापरिसंठिया समागम्म । विन्नत्ता रमसु मए सममुम्मीलिय-कमलणयणे! ।।४०।। भणिया बहुंपि णेच्छइ जावेसा ताव रोसवसगेण । वेणी छुरियाहत्थेण कत्ति छिण्णा

अणेणत्ति ।।४१।। तो अंसुपुण्णणयणा कलुणमुही विस्सरं विरुयमाणा । पिउणो पासम्मि गया णिवेइओ सव्ववुत्तंतो ।।४२।। राया उब्भडियपयंडकोवदावानलारुणियदेहो । भणइ पुरारक्खगलोगमेरिसं जह स मंतिसुओ ।।४३।। सूलारोवणपमुहेण दुक्खमारेण मारिओ होइ । जह सो तहा लहुं चिय करेह अहवा दहह सव्वे ।।४४।। सव्वत्तो वेढित्ता तणेहिं छगणेहिं दारुयभरेहिं । सचिवाहमस्स गेहं काऊण जलंतजलणं च ।।४५।। जं जाया उम्मत्ता मज्झ पसायं परं लहित्ताणं । कहमन्नहा इमेरिसमायरणं होज्ज एएसिं! ।।४६।। उब्भडनिलाडभिउडीभंगा जमभडसमा करालच्छा । तक्खणमेव निउत्ता पुरिसा पत्ता अमच्चगिहे ।।४७।। हत्थग्गाहं गिण्हिउमाढत्तं मंतिणो कुडुंबं जा । ताव परिमुक्कहक्का समुट्ठिया मंतिणोवि भडा ।।४८।। उड्डंडभंडणपरे ते दट्ठुं मंतिणा थिरमणेण । विणिवारिय रायनरा पुट्ठा किं कारणं जेण ।।४९।। एयारिसमसमंजसमुवट्ठियं ते भणंति पुत्तेण । तुह निवइकन्नगाए वेणीच्छे ओ कओ अज्ज ।।५०।। तो चिंतेइ अचिंतं कम्मं जं तारिसम्मि पडियारे । विहिएवि चोज्जहेउम्मि दारुणं वसणमेयं ति ।।५१।। एयारिसमवराहं सेवंताणं न विज्जए दंडो । अन्नो जइवि तहावि हु पेच्छामि पहुंति ते भणिया ।।५२।। सो तन्निरुद्धगोवियविलक्खादिट्ठिं सभागयं दट्ठुं । पणमित्ता णरणाहं भणइ जहा देव! दिट्ठम्मि ।।५३।। मज्झे मंजूसाए तत्तम्मि वियारिए तओ दंडो । जुज्जइ मज्झ महंतो सुविचारियकारिणो जेण ।।५४।। एवंति मन्निए जाव जंति पासम्मि तीए मुद्दाओ । पेच्छंति ता तह च्चिय ताओ तह तालगाइं च ।।५५।। पुरपरियणपच्चक्खं तालुग्घाडणाकए निभालंति । छुरिया वेणीहत्थं सुपसन्नमुहं सचिवपुत्तं ।।५६।। सव्वेवि तओ सज्झसमज्झसरूवं परं परिवहंता । अन्नोन्नमुहनिवेसियदिट्ठी परिजंपिउं लग्गा ।।५७।। भणसु अमच्च! किमेयं दीसइ अच्छेरयं स पडिभणइ । देवो च्चिय परमत्थं एत्थ वियाणाइ न उण अन्नो ।।५८।। जस्स गिहे मंजूसा पाहरिया जस्स दत्तमुद्दाओ । ताला ण जस्स अन्नो को तत्थ वियाणगो होउ ।।५९।। रायावि मूढपत्तो भणइ ता तुज्झणाणविसओऽयं । सव्वालंकारे तो दिन्ने रन्ना भणइ सचिवो ।।६०।। देव! मए विन्नायं एत्तियमेआओ जह सुयाओ मे । होही सव्वविणासो ण उणो इय वेणिछेयाओ ।।६१।। तो पुत्तो संगुत्तो मंजूसाए तुहं समुवणीओ । जेणावराहठाणं ण होमि तुह पच्चए जणिए ।।६२।। पुव्वभवंतरवेरी कोवि सुरो णूण मज्झ वसणकए । एयागारधरेणं जेणेयमणुट्ठियं सव्वं ।।६३।। संजायपच्चएहिं भणियं सव्वेहिं एवमेयंति । कहमन्नहेवमेसो सुरक्खिओ कुणइ कज्जमिणं ।।६४।। देव! अचिंतं कम्मं कयपडियारंपि जं फलइ एवं । चरियंपि बुद्धिमंताण हरइ जं पसरमेयस्स ।।६५।। लद्धावसरं कत्थइ बलियं कम्मं तहा पुरिसयारो । एवं चियपरिणयवणीण जारिसं चरियमेएसिं ।।६६।। यथोक्तम्—'कत्थइ जीवो बलिओ कत्थइ कम्माइं होंति बलियाइं । कत्थइ धणिओ बलवं धारणओ कत्थइ बलवं ।।१।।' एवं स णाणगब्भो नियनामसमाणचेट्ठिओ

होउं । पत्तो सिरिं तह जसं ससंककिरणुज्जलं लोए ।।६७।।

अथ संग्रहगाथागमनिका—वेसाली नगरी, जितशत्रू राजा, सचिवस्तु ज्ञानगर्भस्तस्य । अन्यदा सभास्थस्य राज्ञो 'नेमित्तागम'त्ति नैमित्तिकागमने पृच्छा राज्ञोऽभूत् । 'अत्थक्कत्थाणे' इति अतिकुतूहल-परतया अनवसरे आस्थाने सभायां किं सुखं दुःखं वा कस्यापूर्वं भविष्यतीति ।।३३०।।१।।

नैमित्तिकः प्राहः—मंत्रिणो मारीपतनं । राजा—कदा ? नैमित्तिकः—पक्षादारत इति । ततस्तूष्णीका बद्धमौनाः सर्वेऽपि राजादयो बभूवुः । 'मंतिनिग्गम'त्ति तत आस्थानाद् निर्गमे कृते मंत्रिणा काले प्रस्तावे नैमित्तिकाह्वानमकारि स्वगृहे ।।३३१।।२।।

ततः 'पइरिक्के' एकान्ते पृच्छा कथमियं मारी पतिष्यतीति । नैमित्तिकः—सुतदोषात् प्रत्ययस्तव कुस्वप्न इति । ततः पूजा नैमित्तिकस्य, वारणा प्रकाशननिषेधरूपा च कृता । 'संवायत्ति' संवादे स्वप्नस्य 'पुत्तमालोय'त्ति पुत्रेण सहालोचनं विधाय निरोधः कृतस्तस्य ।।३३२।।३।।

क्वेत्याह—मंजूषायां तथा पक्षस्य भोजनं पानकं च पुत्रनिमित्तं निरूपितं । तालाश्च तालकानि दत्तानि । ततो मंत्रिणा अर्थं संहर स्वीकुर्विति राज्ञो भणनमकारि । अनिच्छे नृपतौ कथंचिदुपरुध्य तदानयनं मंजूषानयनं राजकुले कृतम् ।।३३३।।४।।

उक्तं च—देव इह मंजूषायां सर्वसारं तिष्ठति । राजा—किमनेन सर्वसारेण त्वद्व्यसनपाते सति कार्यम् ? मंत्री—तथापि देवपक्षमेकं रक्षयत रक्षां कारयत । ततो राज्ञा द्वारान्यतालशीर्षमुद्रास्तथा 'अट्ठट्ठ'त्ति अष्टौ दिनेऽष्टौ निशि प्राहरिका निरूपिताः ।।३३४।।५।।

एवं व्यवस्थापिते त्रयोदशे च दिवसे राज्ञो दुहितुरकस्मादेव वेणिच्छेदो जातः । इत्येतन्मंत्रिसुतात् किलेति जनप्रवादात् स्फुटितं प्रकाशीभूतं रोदने दुहितुः स्वयमेव दृष्टे राज्ञो जितशत्रोर्महाकोपः समजनीति ।।३३५।।६।।

भणितं च तेन यथा घातयत तकं मंत्रिसुतमथवा किमनेनैकेन घातितेन सर्वाण्येव मंत्रिमानुषाणि दहत भस्मीकुरुत । येनोन्मत्तकान्येतानि वर्त्तन्त इति । ततः किंकरगमो मंत्रिगृहे । ग्रहणं कुटुंबस्य प्रारब्धं । भण्डना च मंत्रिपरिवारेण सह लग्ना । मंत्रिणोक्तं प्रेक्षामहे तावदेव ? इति ।।३३६।।७।।

दृष्टे चात्र राज्ञि मंत्री प्राह—योगाद् मञ्जूषासम्बन्धात् समुद्घाट्येत्यर्थः । तत्त्वं मत्पुत्रकृतोऽन्यकृतो वाऽयमनर्थ इत्येवंलक्षणं जानीहि समवबुध्यस्व स्वात्मनैव । ततो गतो राजा मञ्जूषोद्घाटनार्थम् । दृष्टायां च तस्यां मुद्रासंवादे उद्घाटने कृते सति निरूपणानि भालना यावत् क्रियते, तावत् क्षुरिकायुक्तया वेण्या समुपलक्षितो मंत्रिसुतो दृष्टः ।।३३७।।८।।

साध्वसं भयं तद्दर्शने किमिदमित्थमसंभाव्यं दृश्यते । एवं मीमांसयितुमारब्धे मंत्रिणोक्तं देवो जानाति तत्त्वं योऽस्या रक्षकत्वेन व्यवस्थित इति । तस्माद् विस्मयस्त्वाश्चर्यं च सर्वेषामहोऽदृष्टाऽश्रुतपूर्व्वमिदमिति । ततः 'तप्पुच्छ'त्ति मंत्रिपृच्छा, पूजना च तस्य राज्ञा कृता । मंत्रिणोक्तं—देव! सर्वनाशस्ते पुत्राद्भविष्यतीति एतावदेव नैमित्तिकादुपलब्धं नो वेणिच्छेदादिति ।।३३८।।९।।

इतस्त्वेतस्मादेव नैमित्तिकवचनात् किलेत्याप्तप्रवादरूपात् प्रवृत्तोऽत्र पुत्रसंगोपनेऽहं यावत्तावदेतद् नैमित्तिकोक्तं संवृत्तम् । इतिरर्थपरिसमाप्तौ । अथ निगमयन्नाह—एवमुक्तनीत्याऽचिन्त्यमचिन्त्यसामर्थ्यं कर्म यदित्थं विहितप्रतीकारमपि फलाय समुपस्थितम् वीर्यमपि च पराक्रमोऽपि बुद्धिमतोऽचिन्त्य एव य इत्थं समुपस्थितमपि कर्म विफलीकरोतीति ।।३३९।।१०।।

समाप्तं ज्ञानगर्भोदाहरणम् ।

ભાવાર્થ :-

જ્ઞાનગર્ભ મંત્રી બુદ્ધિના નિધાન હોવાથી નૈમિત્તિકના વચનને સાંભળીને કઈ રીતે કુટુંબનું રક્ષણ કરવું જોઈએ તેની માર્ગાનુસારી વિચારણા કરીને બળવાન પણ સોપક્રમકર્મ કુટુંબના વિનાશ માટે ઉપસ્થિત થયેલું ત્યારે બુદ્ધિમાન મંત્રીએ બળવાન પુરુષકાર દ્વારા=વિવેકપૂર્વકના પુરુષકાર દ્વારા, જેમ પોતાના કુટુંબનું રક્ષણ કર્યું જેથી ક્લેશની પ્રાપ્તિ દૂર થઈ તેમ બુદ્ધિમાન પુરુષ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનાર બને છે અને સંસારના ઉચ્છેદ માટે તત્પર થયેલ પણ પોતાને પોતાની પ્રકૃતિ અનુસાર કંટકાદિ વિઘ્નોની સંભાવનાનો નિર્ણય કરીને જો તેના નિવારણના ઉચિત ઉપાયનું સમ્યગ્ સમાલોચન કરે અને બળવાન વીર્યથી તેનો પ્રતિકાર કરે તો ભાવિમાં તે વિઘ્નોની પ્રાપ્તિથી થનારા અનર્થોથી પોતાના આત્માનું રક્ષણ કરી શકે છે. જો રાજસભામાં નૈમિત્તિકનું વચન સાંભળ્યા પછી જ્ઞાનગર્ભ મંત્રીએ અનર્થની પ્રાપ્તિ પૂર્વે ઉચિત વિચારણા ન કરી હોત તો અને વિચાર્યું હોત કે 'આપત્તિ આવશે ત્યારે ઉચિત રીતે ઉકેલની વિચારણા કરાશે' તો તે અનર્થનું નિવારણ થઈ શકત નહીં, તેમ બુદ્ધિમાન પુરુષે હંમેશાં સમ્યક્ત્વ પામ્યા પછી કયાં નિમિત્તો પોતાને સન્માર્ગની બુદ્ધિમાં વિઘ્નભૂત થઈ શકે તેમ છે તેનું સમ્યગ્ પર્યાલોચન કરીને તેના અનર્થોની પ્રાપ્તિ પૂર્વે ઉચિત ઉપાય દ્વારા અપ્રમાદને સેવીને તેનું નિવારણ કરવું જોઈએ. જેથી ભાવમાર્ગની પ્રાપ્તિ થયા પછી પાતનો સંભવ દૂર થાય. **॥૩૩૦થી ૩૩૯॥**

અવતરણિકા :-

આહ—'अवश्यमेव हि भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् । नाभुक्तं क्षीयते कर्म्म कल्पकोटिशतैरपि' ।।१।। इति सर्वलोकप्रवादप्रामाण्यात् कथं तत्कर्म फलदानाभिमुखमप्यदत्तफलमेव निवृत्तमित्याशंक्याह —

અવતરણિકાર્થ :-

પ્રશ્ન કરે છે "કરાયેલું શુભાશુભકર્મ અવશ્ય જ ભોક્તવ્ય છે, નહીં ભોગવાયેલું કર્મ કલ્પકોટીશત

વડે પણ ક્ષય પામતું નથી" એ પ્રમાણે સર્વલોકના પ્રવાદનું પ્રામાણ્ય હોવાથી કેવી રીતે તે કર્મ ફળદાનને અભિમુખ પણ અદત્તફળવાળું નિવૃત્ત થયું=જ્ઞાનગર્ભ મંત્રીનું તે કર્મ ફળદાનને અભિમુખ હોવા છતાં પણ કુટુંબના વિનાશરૂપ ફળ આપ્યા વિના નિવૃત્ત થયું, એ પ્રકારની આશંસામાં કહે છે –

ગાથા :-

अणिययसहावमेयं सोवक्कमकम्मुणो सरूवं तु ।
परिसुद्धाणाजोगो एत्थ खलु होइ सफलोत्ति ।।३४०।।

અન્વયાર્થ :-

सोवक्कमकम्मुणो तु=વળી, સોપક્રમકર્મનું, इयं सरूवं=આ સ્વરૂપ=ફળ આપે એવું સ્વરૂપ, अणिययसहावमेयं=અનિયત સ્વભાવવાળું છે. एत्थ खलु परिसुद्धाणाजोगो सफलोत्ति होइ=અહીં પરિશુદ્ધ આજ્ઞાયોગ સફળ થાય છે=અનિયત સ્વભાવવાળા કર્મમાં પરિશુદ્ધ આજ્ઞાયોગ સફળ થાય છે. ।।૩૪૦।।

ગાથાર્થ :-

વળી, સોપક્રમકર્મનું આ સ્વરૂપ=ફળ આપે એવું સ્વરૂપ, અનિયત સ્વભાવવાળું છે. અહીં પરિશુદ્ધ આજ્ઞાયોગ સફળ થાય છે=અનિયત સ્વભાવવાળા કર્મમાં પરિશુદ્ધ આજ્ઞાયોગ સફળ થાય છે. ।।૩૪૦।।

ટીકા :-

इहाध्यवसायवैचित्र्यात् प्रथमतोऽपि जीवा द्विप्रकारं कर्म्म बध्नन्ति । तत्रैकं शिथिलपरिणामतया फलं प्रत्यनियतरूपम्, अन्यच्चात्यन्तदृढपरिणामनिबद्धतयाऽवश्यं स्वफलसम्पादकत्वेनावंध्यसामर्थ्यमिति । एवं कर्मणो द्वैविध्ये व्यवस्थितेऽनियतस्वभावं फलं प्रत्येतदनन्तरदृष्टान्तनिरूपितम्, सोपक्रमकर्मणः सोपक्रमस्य तत्तद्द्रव्यादिसामग्रीमपेक्ष्य प्रतीकारसहस्य कर्मणोऽसद्वेद्याद्यशःकीर्त्तिलाभान्तरायादिलक्षणस्य स्वरूपं तु स्वलक्षणं पुनः । यदि नामैवं ततः किमित्याह—परिशुद्धाज्ञायोगो यः प्राक् 'परिसुद्धाणाजोगा पाएणं आयचित्तजुत्ताणं । अइघोरंपि हु कम्मं न फलइ तहभावओ चेव ।।१।।' अनेन ग्रन्थेन सर्वकर्मोपक्रमकारणतया सामान्येन निरूपितः सोऽत्रानियतस्वभावे कर्मस्वरूपे, खलुरवधारणे, भवति सफल उपक्रमरूपः स्वफलप्रसाधक इति ।।३४०।।

ભાવાર્થ :-

જીવ પોતાના અધ્યવસાયના બળથી કર્મ બાંધે છે અને તે કર્મ નિમિત્તને પામીને ઉપક્રમ પામે તેવા સ્વભાવવાળું પણ હોય છે તેથી જે પુરુષ બુદ્ધિમાન છે તે પોતાના સંયોગનો વિચાર કરીને બુદ્ધિપૂર્વક

ઉચિત યત્ન કરે તો તે કર્મ ઉપક્રમને પામે છે અને જો ન કરે તો તે કર્મ ફળને આપે છે. જેમ જ્ઞાનગર્ભ મંત્રીએ નૈમિત્તિકનું વચન સાંભળ્યા પછી બુદ્ધિપૂર્વક કોઈ ઉચિત પ્રયત્ન ન કર્યો હોત અથવા અવિચારકની જેમ યથાતથા પ્રયત્ન કર્યો હોત તો તેના તે પ્રકારના કર્મથી અવશ્ય કુટુંબનો વિનાશ થાત. પરંતુ બુદ્ધિપૂર્વકના પ્રયત્નથી તે કર્મ નિષ્ફળ ગયું તેમ જે પુરુષ સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણીને ભવથી વિરક્ત થાય અને ભવના ઉચ્છેદના ઉપાય માટે સત્શાસ્ત્રો ઉચિત રીતે ભણવા યત્ન કરે તો તેના તત્ત્વની પ્રાપ્તિનાં બાધક સોપક્રમ કર્મો ક્ષયોપશમભાવને પામે છે અને જો તે પુરુષ તત્ત્વને જાણવા કોઈ યત્ન ન કરે તો તત્ત્વની પ્રાપ્તિનું બાધક સોપક્રમકર્મ ક્ષયોપશમભાવને પામે નહીં. તેથી તત્ત્વની પ્રાપ્તિ થાય નહીં અને તત્ત્વના અર્થી થઈને શાસ્ત્રનું અધ્યયન કરે છતાં અતિનિપુણતાપૂર્વક ઔચિત્યનો વિચાર કર્યા વગર જેમ તેમ ભણે તો વિપરીત બોધ થવાથી વિનાશ પણ થાય. તેથી નિપુણતાપૂર્વક જિનવચનના તાત્પર્યને જાણીને અને પોતાની ક્લેશકારી પ્રકૃતિનો ઉચિત નિર્ણય કરીને જે રીતે ક્લેશ ક્ષીણ થાય તે રીતે શાસ્ત્રઅધ્યયન અને શાસ્ત્રવચનાનુસાર ક્રિયામાં યત્ન કરવામાં આવે તો પરિશુદ્ધ આજ્ઞાયોગથી તે સોપક્રમ કર્મ ક્ષયોપશમભાવને પામે છે જેથી ગુણની વૃદ્ધિ થાય છે અને જેઓ શાસ્ત્રાનુસારી જ ક્રિયાઓ કરે છે છતાં પોતાના ક્લેશો તે તે ક્રિયાથી કઈ રીતે શમે તે પ્રકારનો ઉચિત નિર્ણય કરીને યત્ન કરતા નથી તેઓને શાસ્ત્ર અધ્યયનાદિ ધર્માનુષ્ઠાન દ્વારા પણ વિપરીત ક્ષયોપશમ થવાથી વિનાશની પ્રાપ્તિ થાય છે અને ધર્મની પ્રવૃત્તિ ન કરે તો સોપક્રમકર્મ ક્ષયોપશમભાવને પામતા નથી. તેથી તેનું ફળ મળતું નથી માટે જ્ઞાનાદિ ગુણપ્રાપ્તિના પ્રતિબંધક સોપક્રમ કર્મનો ક્ષયોપશમ થાય એ રીતે નિપુણતાપૂર્વક જ્ઞાનગર્ભ મંત્રીની જેમ ઉચિત નિર્ણય કરીને જેઓ પરિશુદ્ધ આજ્ઞાયોગમાં યત્ન કરે છે તેઓને ભાવિમાં પ્રાપ્ત થનારા અનર્થોથી રક્ષણ થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કરાયેલું કર્મ અવશ્ય ભોક્તવ્ય છે એ પ્રકારનું જે વચન છે તે નિરુપક્રમકર્મને આશ્રયીને છે. તેથી નિરુપક્રમકર્મવાળા જીવો બુદ્ધિપૂર્વકના પ્રયત્નથી પણ તેનું નિવારણ કરવા અસમર્થ બને છે, જેમ નંદિષેણમુનિ. વળી, જેઓનાં નિરુપક્રમકર્મ નથી તેઓ પોતાની બુદ્ધિ અનુસાર ઉચિત નિર્ણય કરે તો પોતાના પ્રયત્નથી પોતાનાં કર્મો ઉપક્રમ પામશે તેવો સામાન્યથી પણ નિર્ણય કરી શકે છે. આથી ગાથા-૩૨૮માં કહેલ કે 'કર્મ ઉપક્રમનો વિષય છે' એ જ્ઞાનનો વિષય પણ છે. તેથી પોતાનાં કર્મોનો ઉપક્રમ પોતે કરી શકશે કે નહીં તેનો નિર્ણય કરવા માટે બુદ્ધિમાન પુરુષ આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગો દ્વારા ઉચિત નિર્ણય કરવા યત્ન કરે છે અને તેવો નિર્ણય કરીને ઉચિત ગુણસ્થાનક સ્વીકારે અને ઉચિત ગુણસ્થાનક સ્વીકાર્યા પછી સ્વીકારાયેલા ગુણસ્થાનકના રક્ષણ અર્થે અને ગુણસ્થાનકની વૃદ્ધિ અર્થે ઉચિત ઉપાયોનું સદા સેવન કરે છે જેનાથી ઉત્તરઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિમાં બાધક સોપક્રમકર્મ ક્ષયોપશમભાવને પામે છે તેથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે. **॥૩૪૦॥**

અવતરણિકા :-

अथ प्रस्तावादेव कर्मसंज्ञकस्य दैवस्यात्मवीर्यरूपस्य च पुरुषकारस्य समस्कंधतां दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તાવથી જ=સોપક્રમકર્મ પરિશુદ્ધ આજ્ઞાયોગથી ઉપક્રમ પામે છે એ પ્રકારના પૂર્વમાં કહેલા પ્રસ્તાવથી જ, કર્મસંજ્ઞક દૈવની અને આત્મવીર્યરૂપ પુરુષકારની સમસ્કંધતાને=સમાનબળતાને, બતાવતાં કહે છે –

ગાથા :-

एत्तो उ दोवि तुल्ला विण्णेया दिव्वपुरिसकारत्ति ।
इहरा उ णिप्फलत्तं पावइ णियमेण एक्कस्स ।।३४१।।

અન્વયાર્થ :-

એત્તો ઉ=આથી જ=કર્મનો ઉપક્રમ થતો હોવાથી જ, દિવ્વપુરિસકારત્તિ દોવિ તુલ્લા વિણ્ણેયા=દૈવ અને પુરુષકાર બંનેની પણ તુલ્યતા જાણવી. ઇહરા ઉ=ઇતરથા, ણિયમેણ એક્કસ્સ ણિપ્ફલત્તં પાવઇ=નિયમથી એકનું નિષ્ફળપણું પ્રાપ્ત થાય. ।।૩૪૧।।

ગાથાર્થ :-

આથી જ=કર્મનો ઉપક્રમ થતો હોવાથી જ, દૈવ અને પુરુષકાર બંનેની પણ તુલ્યતા જાણવી. ઇતરથા નિયમથી એકનું નિષ્ફળપણું પ્રાપ્ત થાય. ।।૩૪૧।।

ટીકા :-

इतस्त्वित एव कर्म्मोपक्रमाद् द्वावपि तुल्यौ सर्वकार्याणां तदधीनत्वाच्च सदृशसामर्थ्यौ वर्त्तेते दैव-पुरुषकारौ । इतिः पूरणार्थः । विपर्यये बाधकमाह—इतरथा त्वतुल्यतायां पुनर्निष्फलत्वमकिंचित्करत्वं प्राप्नोति नियमेनावश्यंभावेनैकस्यानयोर्मध्ये । यदि ह्येकस्यैव कार्यमायत्तं स्यात् तदा द्वितीयस्या-किञ्चित्करत्वेन वन्ध्यासुतादिवद् निष्फलभावेनावस्तुत्वमेव प्रसज्यत इति ।।३४१।।

ભાવાર્થ :-

સંસારી જીવો કર્મયુક્ત છે અને કર્મવાળા પણ જીવો પોતાનું ઇષ્ટ કાર્ય માત્ર કર્મથી પ્રાપ્ત કરતા નથી પરંતુ ઇષ્ટપ્રાપ્તિને અનુકૂળ પ્રયત્ન કરીને ફળ પ્રાપ્ત કરે છે. તેથી નક્કી થાય છે કે તે તે કાર્યને અનુકૂળ સમ્યગ્યત્નથી તે તે ફળ પ્રાપ્ત થાય છે. તેથી તેના પ્રયત્નથી કર્મ ઉપક્રમ પામે છે અને તેના અપ્રયત્નથી કર્મ ઉપક્રમ પામતા નથી એમ પ્રાપ્ત થાય. તેથી ફળપ્રાપ્તિ પ્રત્યે દૈવ અને પુરુષકાર બન્નેની તુલ્યતા છે; કેમ કે સમ્યગ્ પુરુષકાર કરવાથી તેનું દૈવ ફળદાનને અભિમુખ બને છે તે પ્રકારે પ્રત્યક્ષસિદ્ધ છે. જેમ ધનની પ્રાપ્તિમાં બાધક એવો લાભાંતરાયનો ઉદય જેનો પ્રયત્નથી ઉપક્રમ પામે તેવો છે તે જીવો વિવેકપૂર્વક ધનપ્રાપ્તિ માટે યત્ન કરે છે ત્યારે તેનું સોપક્રમકર્મ ક્ષયોપશમભાવને પામે છે જેનાથી ધન પ્રાપ્ત થાય છે.

તેથી ધન-પ્રાપ્તિ પ્રત્યે માત્ર તેનો પુરુષકાર કારણ નથી કે માત્ર તેનો લાભાંતરાયનો ક્ષયોપશમ કારણ નથી પરંતુ બન્ને સમાન રીતે કારણ છે, તેથી બન્ને ફળપ્રાપ્તિ પ્રત્યે સદૃશ કારણ ભાવરૂપ વર્તે છે. આથી જ જેઓનું લાભાં-તરાયકર્મ ક્ષયોપશમભાવને પામે તેમ નથી તે પુરુષ કુશળતાપૂર્વક પ્રયત્ન કરે તોપણ નિષ્ફળ જાય છે અને જેનું લાભાંતરાયકર્મ ક્ષયોપશમભાવ પામે તેવું છે છતાં જેઓ તેને અનુરૂપ પુરુષકાર કરતા નથી કે યથાતથા પ્રયત્ન કરે છે તેઓને પણ ફળ પ્રાપ્ત થતું નથી. માટે ફળપ્રાપ્તિ પ્રત્યે સોપક્રમકર્મ અને તે સોપક્રમકર્મને ઉપક્રમણનું કારણ બને તેવો પુરુષકાર બન્ને સમાન રીતે વ્યાપૃત થઈને ફળપ્રાપ્તિ કરાવે છે. ફક્ત કોઈકનું સોપક્રમકર્મ અલ્પ આયાસથી ક્ષયોપશમભાવને પામે તેવું હોય છે તો કોઈકનું સોપક્રમકર્મ નિપુણતાપૂર્વક ઘણા આયાસથી ઉપક્રમ પામે તેવું હોય છે. આથી જ કેટલાકને અલ્પ પ્રયત્નથી વિપુલ ધન મળે છે અને કેટલાક નિપુણતાપૂર્વક ઘણો પ્રયત્ન કરે ત્યારે વિપુલ ધન મળે છે. તે રીતે યોગમાર્ગનાં બાધક કર્મો પણ જેઓના સોપક્રમ છે તેઓ નિપુણતાપૂર્વક ઉચિત યત્ન કરે તો ફળપ્રાપ્તિ પ્રત્યે અંતરંગ દૈવ અને બહિરંગ પુરુષકાર સમાન રીતે કારણ બને છે અને બન્નેની કાર્ય પ્રત્યે સમાન કારણતા ન સ્વીકારવામાં આવે તો તે બન્નેમાંથી એકનું કાર્ય પ્રત્યે નિષ્ફળપણું પ્રાપ્ત થાય. આથી જ જે મહાત્માઓએ સંયમ ગ્રહણ કર્યું છે તેઓના લાભાંતરાય કર્મનો ક્ષયોપશમ અતિ અલ્પ પ્રયત્નથી વિપુલ ધન આપે તેવો છે તોપણ ધન માટે કોઈ પ્રયત્ન કરતા નથી તેથી તેઓનું સોપક્રમકર્મ પણ ધનપ્રાપ્તિરૂપ ફળ આપતું નથી. માટે દૈવ અને પુરુષકાર ઉભયથી જ ફળપ્રાપ્તિ છે.

વળી, કોઈક સ્થાનમાં દૈવ બળવાન છે અને કોઈક સ્થાનમાં પુરુષકાર બળવાન છે. ત્યાં પણ તેવા બળવાન દૈવના આપાદક પૂર્વભવનો બળવાન પુરુષકાર હતો અને જેઓએ પૂર્વભવમાં અલ્પ પુરુષકાર કર્યો છે તેઓનું સોપક્રમકર્મ ઘણા પ્રયત્નથી વર્તમાન ભવમાં ફળ આપે છે. તેથી પૂર્વભવ અને વર્તમાન ભવના પુરુષકાર અને દૈવની તુલના કરીએ તો બંને તુલ્ય થઈને જ ફળ આપે છે. **॥૩૪૧॥**

અવતરણિકા :-

અથાનયોરેવ સ્વરૂપં વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

હવે આ બેનું જ=દૈવનું અને પુરુષકારનું જ, સ્વરૂપ કહે છે –

ગાથા :-

दारुयमाईणमिणं पडिमाइसु जोग्गयासमाणत्तं ।
पच्चक्खादिपसिद्धं विहावियव्वं बुहजणेण ।।३४२।।

અન્વયાર્થ :-

दारुयमाईणं पडिमाइसु जोग्गयासमाणत्तं=દારુપ્રતિમાવિષયક દારુ આદિની યોગ્યતા સમાન, इणं=આ=કર્મ,

પચ્ચક્ખાદિપસિદ્ધં=પ્રત્યક્ષાદિ પ્રસિદ્ધ, બુહજણેણ=બુદ્ધ પુરુષો વડે, વિહાવિયવ્વં=વિભાવન કરવું જોઈએ. ॥૩૪૨॥

ગાથાર્થ :-

દારુપ્રતિમાવિષયક દારુ આદિની યોગ્યતા સમાન આ=કર્મ, પ્રત્યક્ષાદિ પ્રસિદ્ધ બુદ્ધ પુરુષો વડે વિભાવન કરવું જોઈએ. ॥૩૪૨॥

ટીકા :-

दारुकादीनां काष्ठोपलाम्रादीनामिदं दैवं प्रतिमादिषु प्रतिमादेवकुलपाकादिषु चित्ररूपेषु साध्यवस्तुषु योग्यतासमानं योग्यभावतुल्यमिति । कीदृशं सदित्याह-प्रत्यक्षादिप्रसिद्धं प्रत्यक्षानुमानोपमानादि-प्रमाणप्रतिष्ठितं विभावयितव्यं बुधजनेन विपश्चिता लोकेन । तथा हि—यथा दार्वादीनां सूत्रधारादयः प्रत्यक्षत एव विवक्षितं प्रतिमादिफलं प्रति योग्यतां निश्चिन्वन्ति, कृषीवलादयस्तु मुद्गादिषु सामान्येन विवक्षितकार्यं प्रति योग्यतया रूढेषु कुतोऽपि निमित्तात्सम्पन्नसंदेहा अंकुरोद्गमादिभिस्तैस्तैरुपायैः कार्ययोग्यतां समवधारयन्ति एवं दिव्यदृशः साक्षादेव कर्म भाविफलयोग्यं निश्चिन्वन्ति । शेषास्तु तैस्तैः शकुनाद्युपायैरिति इत्युक्तं दैवलक्षणम् ।।३४२।।

ભાવાર્થ :-

યોગ્ય લાકડામાંથી કુશળ કારીગર પ્રતિમાનું નિર્માણ કરે છે પરંતુ અયોગ્ય લાકડામાંથી કુશળ કારીગર પણ પ્રતિમાનું નિર્માણ કરી શકતો નથી તે પ્રત્યક્ષાદિ સિદ્ધ છે. એ રીતે પ્રયત્નથી ઉપક્રમ પામે તેવું સોપક્રમકર્મ પુરુષકાર દ્વારા પ્રતિમાની નિર્માણતાની યોગ્યતા જેવું છે. તેથી જેમ યોગ્ય લાકડામાંથી પ્રયત્ન દ્વારા પ્રતિમાનું નિર્માણ થઈ શકે છે તેમ જીવનાં સોપક્રમકર્મો વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ દ્વારા ઉપક્રમણ પામે છે તે પ્રકારનો નિર્ણય બુદ્ધ પુરુષોને થઈ શકે છે. વળી, પોતાના સોપક્રમકર્મની સંભાવનાનો નિર્ણય કરીને તે તે પ્રકારના પરિશુદ્ધ આજ્ઞાયોગમાં યત્ન કરવા દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે. **॥૩૪૨॥**

અવતરણિકા :-

अथ योग्यतयैव भावानां स्वफलोदयो भविष्यति किमन्तर्गडुकल्पेन पुरुषकारेण कल्पितेनेत्या-शंक्य पुरुषकारं समर्थयंस्तल्लक्षणमाह —

અવતરણિકાર્થ :-

હવે યોગ્યતાથી જ ભાવોના સ્વફળનો ઉદય થશે=જે વસ્તુમાં જે પ્રકારની યોગ્યતા હોય તે અનુસાર તે કાર્યોની પ્રાપ્તિ થશે. અંતર્ગડુ જેવા કલ્પિત પુરુષકારથી શું અર્થાત્ પુરુષકાર નિરર્થક છે, એ પ્રકારની આશંકા કરીને પુરુષકારનું સમર્થન કરતાં ગ્રંથકાર તેના લક્ષણને=પુરુષકારના લક્ષણને, કહે છે —

ગાથા :-

न हि जोगे नियमेणं जायइ पडिमादि णय अजोगत्तं ।
तल्लक्खणविरहाओ पडिमातुल्लो पुरिसगारो ।।३४३।।

અન્વયાર્થ :-

જોગે=યોગ્યમાં=યોગ્ય એવા દારુમાં, નિયમેણં=નિયમથી, પડિમાદિ ન હિ જાયઇ=પ્રતિમાદિ થતી નથી જ, ણ ય અજોગત્તં=અને અયોગ્યપણું નથી=દારુ આદિમાં અયોગ્યપણું નથી; તલ્લક્ખણવિરહાઓ=કેમ કે તેના લક્ષણનો વિરહ છે=વિવક્ષિત દારુ આદિમાં પ્રતિમાનિર્માણની અયોગ્યતાના લક્ષણનો વિરહ છે. પડિમાતુલ્લો=પ્રતિમાતુલ્ય=પ્રતિમાના નિર્માણની ક્રિયાતુલ્ય, પુરિસગારો=પુરુષકાર છે. ।।૩૪૩।।

ગાથાર્થ :-

યોગ્યમાં=યોગ્ય એવા દારુમાં, નિયમથી પ્રતિમાદિ થતી નથી જ અને અયોગ્યપણું નથી=દારુ આદિમાં અયોગ્યપણું નથી; કેમ કે તેના લક્ષણનો વિરહ છે=વિવક્ષિત દારુ આદિમાં પ્રતિમાનિર્માણની અયોગ્યતાના લક્ષણનો વિરહ છે. પ્રતિમાતુલ્ય=પ્રતિમાના નિર્માણની ક્રિયાતુલ્ય, પુરુષકાર છે. ।।૩૪૩।।

ટીકા :-

न नैव हि यस्माद् योग्ये दलभावापन्ने दार्वादौ नियमेनावश्यंतया जायते प्रतिमादि, किंतु कस्मिंश्चिदेव पुरुषकारोपगृहीते । न च वक्तव्यं 'शक्तयः सर्वभावानां कार्यार्थापत्तिगोचराः' इति वचनात् कार्यानुदये कथं योग्यता समस्तीति ज्ञातुं शक्यत इत्याशंक्याह—नच नैवायोग्यत्वं योग्यतया संभावितानां समस्ति। कुत इत्याह—तल्लक्षणविरहादयोग्यतालक्षणविपर्ययात् । न हि फलानुदयेऽपि व्यवहारिणः कारणमकारणतया व्यपदिशन्ति, भिन्नलक्षणतया योग्यायोग्ययोः रूढत्वात् । यद्येवं शुभाशुभकार्यानुकूलतया स्थिते दैवे किंरूपस्तत्र पुरुषकारः प्रवर्त्तते इत्याशंक्याह—प्रतिमातुल्यः प्रतिमानिष्पादनक्रियासदृशः पुरुषकारः । यथा हि योग्यमपि दारु न स्वयमेव प्रतिमात्वेन परिणमति, किंतु पुरुषकारादेव एवं पुरुषकारापेक्षं दैवमपि स्वफलकारणमिति ।।३४३।।

ભાવાર્થ :-

લોકમાં પ્રસિદ્ધ એવું યોગ્ય લાકડું વિદ્યમાન હોય એટલા માત્રથી તેમાંથી પ્રતિમા થતી નથી અને શિષ્ટ વ્યવહાર તે લાકડાને અયોગ્ય પણ કહેતું નથી; કેમ કે પ્રતિમાને અયોગ્ય લાકડા કરતાં વિલક્ષણ યોગ્યતા યોગ્ય લાકડામાં પ્રત્યક્ષ સિદ્ધ છે. તેથી પ્રતિમાના નિર્માણની ક્રિયાતુલ્ય પુરુષકાર છે. માટે જેઓ પોતાના ઉપક્રમ પામે તેવાં યોગ્ય કર્મોને સંભાવનાથી જાણીને તેનો ઉપક્રમ થાય તે રીતે ઉચિત ક્રિયામાં યત્ન કરે તે પુરુષકાર છે. આથી જ સોપક્રમકર્મ અને તે કર્મને ઉપક્રમ કરવાને અનુકૂળ એવો ઉચિત વ્યાપાર ઉભયથી

ગુણસ્થાનકની નિષ્પત્તિરૂપ કાર્ય થાય છે. માટે પોતાના સોપક્રમકર્મ કઈ રીતે ઉપક્રમ પામી શકે તેમ છે તેનો નિર્ણય કરીને જે ઉચિત યત્ન કરાય છે તે પરિશુદ્ધ આજ્ઞાયોગ છે. ॥૩૪૩॥

અવતરણિકા :-

अत्रैव प्रतिपक्षे बाधामाह —

અવતરણિકાર્થ :-

આ જ પ્રતિપક્ષમાં=પુરુષકાર વગર યોગ્યતાથી કાર્ય થાય છે એમ સ્વીકારવાથી પ્રાપ્ત થતા જ પ્રતિપક્ષમાં, બાધાને કહે છે —

ગાથા :-

जइ दारुं चिय पडिमं अक्खिवइ तओ य हंत णियमेण ।
पावइ सव्वत्थ इमा अहवा जोग्गं पजोग्गंति ।।३४४।।

અન્વયાર્થ :-

जइ दारुं चिय=જો લાકડું જ=પ્રતિમાને યોગ્ય લાકડું જ, पडिमं अक्खिवइ=પ્રતિમાને આક્ષેપ કરે છે. तओ य हंत णियमेण=તેથી જ ખરેખર નિયમથી, सव्वत्थ=સર્વત્ર=યોગ્ય એવા બધા લાકડામાં, इमा=આ=પ્રતિમા, पावइ=પ્રાપ્ત થાય. अहवा=અથવા, जोग्गं पजोग्गंति=યોગ્ય પણ અયોગ્ય થાય=પ્રતિમાને યોગ્ય પણ લાકડું અયોગ્ય થાય. ॥૩૪૪॥

ગાથાર્થ :-

જો લાકડું જ=પ્રતિમાને યોગ્ય લાકડું જ, પ્રતિમાને આક્ષેપ કરે છે. તેથી જ ખરેખર નિયમથી સર્વત્ર=યોગ્ય એવા બધા લાકડામાં, આ=પ્રતિમા, પ્રાપ્ત થાય. અથવા યોગ્ય પણ અયોગ્ય થાય=પ્રતિમાને યોગ્ય પણ લાકડું અયોગ્ય થાય. ॥૩૪૪॥

ટીકા :-

यदि दार्वेव प्रतिमामाक्षिपति साध्यकोटीमानयति, ततश्च तस्मादेव प्रतिमाक्षेपात् 'हंतेति' पूर्ववत्, नियमेन प्राप्नोत्यापद्यते सर्वत्र दारुणि इयं प्रतिमा । प्रतिज्ञान्तरमाह—अथवा प्रतिमाऽनाक्षेपे योग्यमपि दारु अयोग्यं स्यादिति ।।३४४।।

ભાવાર્થ :-

સામાન્યથી યોગ્ય પણ લાકડું પ્રતિમાનો આક્ષેપ કરતું નથી. પરંતુ પ્રતિમાના ઘડનારના પ્રયત્નથી તે લાકડામાંથી પ્રતિમા નિર્માણ થાય છે. તેથી શિષ્ટ લોકમાં વ્યવહાર પ્રવર્તે છે કે 'આ લાકડું પ્રતિમાને યોગ્ય છે, આ લાકડું પ્રતિમાને અયોગ્ય છે' અને તે વ્યવહાર અનુસાર યોગ્ય લાકડામાં પ્રતિમાના નિર્માણનો પ્રયત્ન થાય છે. આથી જ યોગ્ય-અયોગ્ય લાકડાનો શિષ્ટ વ્યવહાર સંગત થાય છે. આમ છતાં નિશ્ચયનયની

સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીને એમ જ સ્વીકારવામાં આવે કે જેનાથી પ્રતિમા નિર્માણ થાય છે તે લાકડામાં જ યોગ્યતા છે, અન્યમાં યોગ્યતા નથી તો પ્રતિમાને નિર્માણને યોગ્ય પણ લાકડામાં અયોગ્યતા સ્વીકારવાની આપત્તિ આવે. માટે જેમ પ્રતિમાને યોગ્ય લાકડાનો નિર્ણય કરીને વિવેકી પુરુષ પ્રતિમાનિર્માણનો યત્ન કરે છે તેમ બુદ્ધિમાનપુરુષે પોતાના સોપક્રમકર્મનો નિર્ણય કરીને તેનો ઉપક્રમ કરવા માટે પુરુષકાર કરવો ઉચિત છે. **॥૩૪૪॥**

અવતરણિકા :-

નન્વેવમપ્યસ્તુ કો દોષ ઇત્યાશંક્યાહ –

અવતરણિકાર્થ :-

'નનુ'થી નિશ્ચયનયની દૃષ્ટિવાળો પુરુષ કહે છે – એમ પણ હો=જે લાકડામાંથી પ્રતિમા થતી નથી તે લાકડું પ્રતિમાને અયોગ્ય છે એમ પણ હો, શું દોષ છે અર્થાત્ પ્રતિમાને યોગ્ય લાકડામાંથી અવશ્ય પ્રતિમા થાય એમ સ્વીકારવામાં શું દોષ છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

न य एवं लोगणीई जम्हा जोगम्मि जोगववहारो ।
पडिमाणुप्पत्तीयवि अविगाणेणं ठिओ एत्थ ।।३४५।।

અન્વયાર્થ :-

न य एवं लोगणीई=અને આ પ્રકારની લોકનીતિ નથી=યોગ્ય પણ લાકડામાં અયોગ્યપણું છે – એ પ્રકારની લોકનીતિ નથી. जम्हा=જે કારણથી, पडिमाणुप्पत्तीयवि=પ્રતિમાની અનિષ્પત્તિમાં પણ, जोगम्मि एत्थ=યોગ્ય એવા આમાં=યોગ્ય એવા લાકડામાં, जोगववहारो=યોગ્યપણાનો વ્યવહાર, अविगाणेणं= અવિગાનથી=સર્વસંમતપણાથી, ठिओ=સ્થિત છે=રહેલો છે. ॥૩૪૫॥

ગાથાર્થ :-

અને આ પ્રકારની લોકનીતિ નથી=યોગ્ય પણ લાકડામાં અયોગ્યપણું છે – એ પ્રકારની લોકનીતિ નથી. જે કારણથી પ્રતિમાની અનિષ્પત્તિમાં પણ યોગ્ય એવા આમાં=યોગ્ય એવા લાકડામાં, યોગ્યપણાનો વ્યવહાર અવિગાનથી=સર્વસંમતપણાથી, સ્થિત છે=રહેલો છે. ॥૩૪૫॥

ટીકા :-

नच नैवैवं योग्यस्याप्ययोग्यतया लोकनीतिः शिष्टव्यवहारो दृश्यते, यस्माद्योग्ये योग्यव्यवहारो योग्यमिदमिति शब्दज्ञानप्रवृत्तिरूपः प्रतिमानुत्पत्तावपि कुतोऽपि हेतोः पुरुषकारवैगुण्येन प्रतिमायाम-नुत्पन्नायामप्यविगानेन बालाबलादिजनाविप्रतिपत्त्या स्थितोऽत्र दारुणि ।।३४५।।

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરી કે જે લાકડામાંથી પ્રતિમાનું નિર્માણ થતું નથી તેમાં યોગ્યપણું નથી એમ સ્વીકારી શકાશે. તેને કહે છે – લોકનીતિ અનુસાર આ પ્રમાણે દેખાતું નથી; કેમ કે લોકનીતિ અનુસાર લાકડાને ઘડવાને કોઈ પ્રયત્ન ન કરે તોપણ 'આ લાકડામાં પ્રતિમાનિષ્પત્તિની યોગ્યતા છે' એમ સર્વલોક સ્વીકારે છે તેથી કાર્યનો અર્થી પુરુષ યોગ્ય લાકડામાં સમ્યગ્ પુરુષકાર કરીને પ્રતિમાને પ્રાપ્ત કરે છે. તેમ કલ્યાણના અર્થી જીવો પોતાનાં સોપક્રમકર્મોનો આત્મપ્રત્યય આદિ ત્રણ લિંગોથી નિર્ણય કરીને જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ દ્વારા સોપક્રમકર્મના ક્ષયોપશમાદિથી ગુણનિષ્પત્તિરૂપ કાર્ય પ્રાપ્ત કરી શકે છે એમ સ્વીકારવું ઉચિત છે. **॥૩૪૫॥**

અવતરણિકા :-

एवं योग्यं दार्वेव प्रतिमामाक्षिपतीति निरस्तं प्रस्तुते योजयन्नाह –

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૩૪૫માં કહ્યું એ રીતે, યોગ્ય લાકડું જ પ્રતિમાનો આક્ષેપ કરે છે એ નિરસ્ત કરાયેલું પ્રસ્તુત એવા કર્મમાં યોજન કરતાં કહે છે –

ગાથા :-

एवं जइ कम्मं चिय चित्तं अक्खिवइ पुरिसगारं तु ।
णो दाणाइसु पुण्णाइभेय मोऽज्झप्पभेएण ।।३४६।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વપક્ષીએ કહ્યું કે પ્રતિમામાં રહેલી યોગ્યતા જ પ્રતિમાનો આક્ષેપ કરશે એ રીતે, जइ चित्तं कम्मं चिय पुरिसगारं तु अक्खिवइ=જો ચિત્ર પ્રકારનું કર્મ જ વળી પુરુષકારને આક્ષેપ કરે છે તો, दाणाइसु=દાનાદિમાં, मोऽज्झप्पभेएण=અધ્યવસાયના ભેદથી, णो पुण्णाइभेय=પુણ્યાદિનો ભેદ નથી=ભેદ સંગત થતો નથી. ॥૩૪૬॥

❖ मो=પૂર્વવત્ અર્થાત્ પાદપૂર્તિ અર્થે છે.

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વપક્ષીએ કહ્યું કે પ્રતિમામાં રહેલી યોગ્યતા જ પ્રતિમાનો આક્ષેપ કરશે એ રીતે, જો ચિત્ર પ્રકારનું કર્મ જ વળી પુરુષકારને આક્ષેપ કરે છે તો દાનાદિમાં અધ્યવસાયના ભેદથી પુણ્યાદિનો ભેદ નથી=ભેદ સંગત થતો નથી. ॥૩૪૬॥

ટીકા :-

एवं परोपन्यस्ताऽप्रतिमामिव यदि चेत् कर्मैव दैवसंज्ञितं चित्रं नानारूपमाक्षिपति स्वोपग्रहकारितया

सन्निहितं करोति गलगृहीततथाविधकिंकरवत् पुरुषकारमुक्तरूपं पुनः । तदा नो दानादिषु परलोकफलेषु क्रियाविशेषेषु शुभाशुभरूपेषु पुण्यादिभेदः पुण्यपापनानात्वं स्यात् । मो पूर्ववत् । अध्यात्मभेदतोऽध्यवसायभेदात् । यदि हि दैवायत्त एव पुरुषकारः क्रियासु शुभाशुभरूपासु व्याप्रियते प्रकृतिरेव करोतीति सांख्यमतमास्थितानां, तदा योऽयं दानादिक्रियासु शुभाशुभरूपकर्ममात्रहेतुकास्वध्यात्मभेदात् पुण्यपापयोरुत्कर्षापकर्षकृतो भेदः सर्व्वास्तिकसम्मतः स कथं संगच्छते इति । तथा च पठ्यते– 'अभिसन्धिः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि । परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ।।१।।' इति ।।३४६।।

ભાવાર્થ :-

સર્વ આસ્તિક દર્શનકારો અધ્યવસાયના ભેદથી ફળભેદ સ્વીકારે છે તે પ્રમાણે સમાન પણ દાનાદિ ક્રિયામાં અધ્યવસાયના ભેદથી ફળભેદની પ્રાપ્તિ છે. જો 'કર્મ જ પુરુષકારનો આક્ષેપ કરે છે' તેમ સ્વીકારીએ તો તેની સંગતિ થાય નહીં. આશય એ છે કે સમાન યોગ્ય લાકડામાં સર્વ અંશથી સમાન પ્રયત્ન કરવામાં આવે તો સમાન પ્રતિમાની નિષ્પત્તિ થાય છે. તે સ્થાનમાં કહેવામાં આવે કે તે બન્ને લાકડામાં સમાન યોગ્યતા હતી તેથી તે બન્ને લાકડાએ સમાન પુરુષકારનો આક્ષેપ કરીને સમાન પ્રતિમાની નિષ્પત્તિ કરાવી અને તેમ સ્વીકારીએ તો કોઈ જીવનું દાનાદિ ક્રિયાવિષયક કર્મ હોય તેનાથી આક્ષિપ્ત તે જીવ ભિન્ન ભિન્ન કાળમાં સમાન પ્રકારની દાનાદિ ક્રિયા કરતો હોય તો તેને દરેક વખતની કરાયેલી દાનાદિ ક્રિયાથી સમાન જ પુણ્યની પ્રાપ્તિ થવી જોઈએ. પરંતુ કેટલીક વખત સમાન જ કર્મથી આક્ષિપ્ત તે જીવ સમાન જ દાનાદિની ક્રિયા કરે છે છતાં ક્યારેક સામાન્ય પ્રણિધાનપૂર્વક તે ક્રિયા થાય છે જેથી દાનાદિકાળમાં અલ્પ સંવેગ થાય છે તો ક્યારેક તે જ જીવથી તે પ્રકારની દાનાદિ ક્રિયામાં દૃઢ પ્રણિધાન થવાથી સંવેગનો પ્રકર્ષ થાય છે જેનાથી પુણ્યાદિના ભેદની પ્રાપ્તિ થાય છે છતાં કર્મથી આક્ષિપ્ત પુરુષકાર કાર્ય કરે છે માટે કર્મ જ કાર્ય પ્રત્યે કારણ છે. પુરુષકાર કર્મને આધીન છે તેમ માનીએ તો તે સંગત થાય નહીં પરંતુ એમ જ માનવું પડે કે સમાનકર્મથી આક્ષિપ્ત સમાન દાનાદિ ક્રિયાના ફળરૂપે સમાન જ પુણ્યબંધ પ્રાપ્ત થાય છે અને તેમ સ્વીકારવાથી અધ્યવસાયના ભેદથી દાનાદિ ક્રિયાથી પ્રાપ્ત થતા ફળભેદની સંગતિ થાય નહીં. માટે જીવ દૃઢ પ્રણિધાનપૂર્વક સોપક્રમકર્મને ફળદાનને અભિમુખ કરે છે ત્યારે વિશેષ અધ્યવસાય થાય છે અને શિથિલ પ્રણિધાનરૂપ સામાન્ય પુરુષકાર દ્વારા તે સોપક્રમકર્મને ફળદાનને અભિમુખ કરે છે ત્યારે સામાન્ય અધ્યવસાય થાય છે તેમ માનવું ઉચિત છે. તેથી દાનાદિ આપાદક સોપક્રમકર્મ સમાન હોવા છતાં કોઈક વખતે દૃઢ પ્રણિધાનના અભાવને કારણે મંદ સંવેગ થાય છે તો વળી તેવા જ સમાન દાનાદિઆપાદક સોપક્રમકર્મથી તે તે દાનાદિક્રિયાકાળમાં દૃઢ પ્રણિધાનને કારણે તીવ્ર સંવેગ થાય છે, માટે કર્મથી થતા કાર્યમાં મંદ સંવેગ અને તીવ્ર સંવેગરૂપ ફળનો નિયામક પુરુષકારભેદ માનવો આવશ્યક છે. તે રીતે કર્મકૃત હિંસાદિ કૃત્યોમાં પણ ક્યારેક તે હિંસાદિ કૃત્યો મંદક્રૂરતાથી થાય છે તો ક્યારેક તે સમાન કર્મથી પ્રેરાઈને થતી હિંસામાં તીવ્ર ક્રૂરતા આવે છે તેથી સમાન કર્મના ફળમાં ક્રૂરતાના ભેદનો નિયામક જે અધ્યવસાયનો

ભેદ છે તેનાથી જે પાપાદિના ભેદની પ્રાપ્તિ થાય છે તે પુરુષકાર વગર સંગત થાય નહીં. માટે પુરુષકારને પણ ફળ પ્રત્યે કર્મની જેમ જ સમાન જ કારણ સ્વીકારવું જોઈએ. **॥૩૪૬॥**

અવતરણિકા :-

પુનરપિ પરમતમાશંક્ય પરિહરતિ –

અવતરણિકાર્થ :-

ફરી પણ પરમતની આશંકા કરીને પરિહાર કરે છે=કર્મ જે રીતે બંધાયેલું હોય તે કર્મ તે રીતે અવશ્ય ફળ આપે છે તેના સ્થાપન માટે પરમત શું કહે તે આશંકા કરીને તેનો પરિહાર કરે છે –

ગાથા :-

तारिसयं चिय अह तं सुहाणुबंधि अज्झप्पकारित्ति ।
पुरिसस्स एरिसत्ते तदुवक्कमणम्मि को दोसो? ।।३४७।।

અન્વયાર્થ :-

अह='अथ'થી પૂર્વપક્ષી કહે છે. तारिसयं तं चिय सुहाणुबंधि अज्झप्पकारित्ति=તેવા પ્રકારનું જ તે અર્થાત્ કર્મ, શુભાનુબંધી અધ્યવસાયને કરનારું છે, (માટે કર્મથી જ કાર્ય થાય છે, પુરુષકારથી નહીં એ પ્રકારે પર કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે –) पुरिसस्स एरिसत्ते=પુરુષકારનો આવા પ્રકારનો ચિત્ર સ્વભાવ હોતે છતે, तदुवक्कमणम्मि=તેના ઉપક્રમણમાં=કર્મના ઉપક્રમણમાં, को दोसो?=શું દોષ છે ? ।।૩૪૭।।

ગાથાર્થ :-

'अथ'થી પૂર્વપક્ષી કહે છે. તેવા પ્રકારનું જ તે અર્થાત્ કર્મ, શુભાનુબંધી અધ્યવસાયને કરનારું છે, માટે કર્મથી જ કાર્ય થાય છે, પુરુષકારથી નહીં એ પ્રકારે પર કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે – પુરુષકારનો આવા પ્રકારનો ચિત્ર સ્વભાવ હોતે છતે, તેના ઉપક્રમણમાં=કર્મના ઉપક્રમણમાં, શું દોષ છે ? ।।૩૪૭।।

ટીકા :-

तादृशकं विवक्षितभविष्यदध्यवसायसदृशमेव सत् । अथेति परिप्रश्नार्थः । तत्कर्म शुभानुबन्ध्यध्यात्मकारीति । उपलक्षणमिदं, ततः शुभानुबंधिनोऽशुभानुबंधिनश्चाध्यात्मस्य मनः-परिणामस्य कारणं वर्त्तत इति । आचार्यः—पुरुषस्येदृशत्वे तथाविधचित्रस्वभावत्वे सति तदुपक्रमणे तस्य कर्मण उपक्रमणं परिकर्म मूलनाशो वा तत्र साध्ये को दोषः सम्पद्यत इति । यथा हि कर्मवादिनः कर्मैव कार्यकारि, पुरुषकारस्तु तदाक्षिप्तत्वाद् न किञ्चिदेव, तथा यदि पुरुषकारवादी ब्रूयाद् एष

एव तादृश स्वभावत्वात्कर्मोपक्रमशुभमशुभं वा फलमुपनेष्यतीति न कर्मणा किञ्चित्साध्यमस्तीति तदा को निषेधायकस्तस्य स्यादिति ।।३४७।।

ભાવાર્થ :-

કર્મથી જ સર્વ કાર્ય થાય છે તેવું એકાંત માનનારા દર્શનકારો દેખાતા પુરુષકારની સંગતિ કરવા કહે છે કે 'જેવા પ્રકારનું કર્મ હોય તે કર્મ પોતાના કાર્યને અનુકૂળ પુરુષકારનો આક્ષેપક છે. તેથી કાર્ય કર્મ પ્રમાણે થાય છે, પુરુષકારથી થતું નથી. પુરુષકાર તો કર્મનો કિંકર છે.' તે પ્રકારના પૂર્વપક્ષના કથનનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રીએ ગાથા-૩૪૬માં કહ્યું કે દાનાદિમાં પુણ્યાદિ ભેદની પ્રાપ્તિ પ્રત્યે અધ્યવસાયના ભેદ પ્રાપ્ત થાય છે તે કેવી રીતે સંગત થાય ? તેથી અધ્યવસાયના ભેદના નિયામકરૂપે પુરુષકારને પણ કારણ સ્વીકારવું જોઈએ. તેના નિરાકરણ માટે પૂર્વપક્ષી કહે છે – 'તેવા પ્રકારનું જ તે શુભાનુબંધી કર્મ તે જીવે બાંધ્યું કે જેથી સમાન દાનાદિ ક્રિયામાં કોઈક વખતે તે કર્મથી મંદ સંવેગ થાય છે તો અન્ય પ્રસંગે તીવ્ર સંવેગ થાય છે માટે પુરુષકારને સ્વતંત્ર કારણ માનવાની જરૂર નથી પરંતુ જીવે જેવું કર્મ બાંધ્યું હોય તે કર્મને અનુરૂપ જ તે તે ક્રિયામાં મંદ કે તીવ્ર અધ્યવસાય થાય છે.'

આ પ્રકારે સ્થાપન કરીને કાર્ય માત્ર પ્રત્યે કર્મ જ કારણ છે, પુરુષકાર કર્મને આધીન છે તેમ જેઓ એકાંત સ્થાપન કરે છે તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

કર્મ જ જીવને તેવો અધ્યવસાય કરાવીને પુરુષકારમાં યત્ન કરાવે છે તેમ સ્વીકારવાને બદલે જીવનો પુરુષકાર તેવા પ્રકારનો છે કે જે ઉપક્રમણીય કર્મનો ઉપક્રમ કરે છે તેમ માનીએ તો શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી; કેમ કે પ્રત્યક્ષથી પુરુષકાર દેખાય છે અને જીવે જે કર્મ બાંધેલું તે કર્મ ઇચ્છિતની પ્રાપ્તિમાં બાધક હોવા છતાં ઉપક્રમણસ્વભાવવાળું હતું તેથી પ્રયત્ન દ્વારા જીવ તેનું ઉપક્રમણ કરીને કાર્ય કરે છે તેમ સ્વીકારવું યુક્તિસંગત છે. આથી જ ધનપ્રાપ્તિનાં બાધક સોપક્રમણીય કર્મ જેઓનાં છે તેઓ સમ્યક્ પ્રયત્ન કરીને તેને ક્ષયોપશમભાવવાળા કરે છે તેનાથી તેઓને ધનપ્રાપ્તિ થતી પ્રત્યક્ષથી દેખાય છે અને જેઓનાં તે તે પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મો સોપક્રમ છે અથવા ચારિત્રમોહનીય કર્મો સોપક્રમ છે તેઓ તે તે પ્રકારના જ્ઞાનમાં યત્ન કરે છે અથવા ચારિત્રમાં યત્ન કરે છે તેનાથી જ્ઞાનરૂપ અથવા ચારિત્રરૂપ ફળની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. માટે એકાંતે કર્મ જ પુરુષકારને આક્ષિપ્ત કરે છે તેમ માનવું ઉચિત નથી પરંતુ કોઈકને સ્ત્રીશરીરના નિર્માણનું કર્મ હોય તે જીવ અન્ય ભવમાંથી આવીને સ્ત્રીશરીરના નિર્માણને અનુકૂળ પ્રયત્ન કરે છે તે સ્થાનમાં તે જીવના કર્મથી આક્ષિપ્ત તે જીવનો યત્ન થાય છે તેમ સ્વીકારી શકાય અને જે સ્થાનમાં જીવના પ્રયત્નથી ધનાદિની પ્રાપ્તિ થતી દેખાય છે તેનાં ઉપક્રમણીય કર્મો જીવના પ્રયત્નથી ઉપક્રમ પામીને ફળદાનને અભિમુખ થાય છે તેમ સ્વીકારવું ઉચિત છે. **॥૩૪૭॥**

અવતરણિકા :-

पुनरप्याशंक्य परिहरति –

અવતરણિકાર્થ :-

ફરી પણ આશંકા કરીને=ફરી પણ એકાંત કર્મવાદીના મતની આશંકા કરીને, પરિહાર કહે છે –

ગાથા :-

एत्थ परंपरयाए कम्मंपि हु तारिसंति वत्तव्वं ।
एवं पुरिसं चिय एरिसन्तमणिवारियप्पसरं ।।३४८।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=કેવળ કર્મવાદીના મતમાં, परंपरयाए=પરંપરાથી=અનાદિ સંતાનરૂપપણાથી, कम्मंपि हु तारिसंति वत्तव्वं=કર્મ જ તેવા પ્રકારનું સ્વીકારવું જોઈએ.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

एवं=એ રીતે=કર્મની જેમ, पुरिसं चिय=પુરુષકારમાં પણ, एरिसन्तं=આવા પ્રકારનું=જે પ્રકારનું કર્મવાદી માને છે એવા પ્રકારનું, अणिवारियप्पसरं=અનિવારિત પ્રસર છે=સમાન સ્વીકારવાની આપત્તિ છે. ।।૩૪૮।।

ગાથાર્થ :-

અહીં=કેવળ કર્મવાદીના મતમાં, પરંપરાથી=અનાદિ સંતાનરૂપપણાથી, કર્મ જ તેવા પ્રકારનું સ્વીકારવું જોઈએ.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

એ રીતે=કર્મની જેમ, પુરુષકારમાં પણ, આવા પ્રકારનું=જે પ્રકારનું કર્મવાદી માને છે એવા પ્રકારનું, અનિવારિત પ્રસર છે=સમાન સ્વીકારવાની આપત્તિ છે. ।।૩૪૮।।

ટીકા :-

अत्र केवलकर्मवादिमते परंपरयाऽनादिसन्तानरूपया 'कम्मं पि हु'त्ति कर्मैव तादृश्यमुत्पत्स्यमानकर्मसदृशमिति वक्तव्यं कर्मवादिना । नहि परंपराकारणानामपि कालव्यवधानेन भविष्यत्कार्येष्वनुकूलतामन्तरेण कदाचित् कार्योत्पत्तिं संभावयंति संत इति । एवं कर्मणीव पुरुषेऽपि पुरुषकारेऽपि परंपरया ईदृशत्वमुत्पत्स्यमानफलसदृशत्वं पुरुषकारवादिना स्थाप्यमानमनिवारितप्रसरं, न्यायस्योभयत्राऽपि समानत्वात् । ततः पुरुषकारादेव समीहितसिद्धिर्भविष्यति, किं कर्मणा कार्यमिति ।।३४८।।

ભાવાર્થ :-

એકાંતે કર્મથી કાર્ય થાય છે તેમ માનનાર કહે છે કે પ્રયત્નથી જ્યાં જ્યાં કર્મનો ઉપક્રમ થતો દેખાય છે ત્યાં પણ પરંપરાએ પૂર્વનું કર્મ જ કારણ છે અર્થાત્ પૂર્વના કર્મના કારણે તે પ્રકારનો પુરુષકાર આક્ષિપ્ત

થયો અને તેના કારણે પ્રસ્તુત ધનાદિની પ્રાપ્તિરૂપ કાર્ય થયું છે. તેથી અનાદિકાળથી જીવનું કર્મ જે પ્રકારે વર્તે છે તે સર્વ કર્મ પુરુષકારનો આક્ષેપ કરીને તે તે કાર્ય કરે છે. માટે કોઈક દાનાદિ સ્થાનમાં અધ્યવસાયના ભેદથી ફળભેદની પ્રાપ્તિ દેખાય છે ત્યાં પણ તે અધ્યવસાયના ભેદનું નિયામક પૂર્વનું કર્મ જ કારણ છે માટે સર્વત્ર જે જે પ્રકારનું કર્મ જીવ બાંધે છે તે તે કર્મ જીવના પુરુષકારને ગળે પકડીને તે તે પ્રકારના અધ્યવસાયો કરાવે છે અને તે અધ્યવસાયથી નવું કર્મ બંધાય છે માટે કર્મથી જ સર્વ કાર્ય થાય છે, પુરુષકારથી નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે –

પુરુષકારમાં પણ પરંપરાથી આ પ્રકારે કારણતા સ્વીકારીએ તો કોઈ દોષ નથી અર્થાત્ અનાદિકાળથી જીવ જે જે પ્રકારનો પુરુષકાર કરે છે તે તે પ્રકારના પુરુષકારથી તે તે કર્મને બાંધીને તે તે કાર્ય કરે છે તેથી પરંપરાએ સર્વ કાર્ય પ્રત્યે પુરુષકાર જ કારણ છે તેમ પણ એકાંતે સ્વીકારી શકાય છે. માટે એમ જ માનવું ઉચિત છે કે અનાદિકાળથી કર્મની નીચે જીવ તે તે પ્રકારનો પુરુષકાર કરીને કર્મોના પ્રવાહને ચલાવે છે અને સંસારમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. તે સ્થાનમાં આત્માનું હિત થાય તેવો કોઈ સમ્યક્ પુરુષકાર જીવ પ્રાયઃ કરતો નથી અને જે કાંઈ પુરુષકાર કરે છે તે પ્રાયઃ કર્મ કરાવે છે જેથી પોતાની વિડંબનાનું કારણ બને તે પ્રકારે કર્મો બાંધીને સંસારનો પ્રવાહ ચલાવે છે. આમ છતાં કર્મની કાંઈક લઘુતા થાય છે ત્યારે ચરમાવર્તમાં આવેલો જીવ ઉપદેશાદિના નિમિત્તને પામીને જ્યારે આત્મહિતને અનુકૂળ ઉચિત યત્ન કરે છે ત્યારે તેનો પુરુષકાર કર્મને કિંકરની જેમ ગ્રહણ કરીને પોતાના હિતમાં પ્રવર્તાવે છે આથી જ પુરુષકાર દ્વારા અધિક-અધિક ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરીને ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરે છે. વળી ક્યારેક તેવા પણ મહાત્માને પૂર્વનું કર્મ બળવાન હોય તો તેના હિતાનુકૂળ પુરુષકારનો અવરોધ કરીને ઉન્માર્ગમાં પ્રવર્તાવે છે. આથી કર્મથી પ્રેરાઈને ચૌદ પૂર્વધરો પણ નિગોદમાં જાય છે ત્યારે તેમનું કર્મ જ તેમના પુરુષકારનો આક્ષેપ કરીને તેમને ઉન્માર્ગમાં પ્રવર્તાવે છે. વળી, આ રીતે પાત પામનારા પણ જીવો ઉપદેશાદિને પામીને જાગૃત થાય છે ત્યારે તેમનો પુરુષકાર પાત કરાવનારાં કર્મોને ગળે પકડીને પોતાના હિતને અનુકૂળ પ્રવર્તાવે છે. તેથી સર્વત્ર દૈવ અને પુરુષકાર તુલ્ય બળવાળા છે. **॥૩૪૮॥**

અવતરણિકા :-

इत्थं दैवपुरुषकारयोः प्रत्येकपक्षदोषमभिधाय सिद्धान्तमाह –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે=ગાથા-૩૪૪થી અત્યાર સુધી કહ્યું એ પ્રમાણે, દૈવ અને પુરુષકારના પ્રત્યેક પક્ષમાં દોષને કહીને સિદ્ધાંતન બતાવે છે –

ગાથા :-

उभयतहाभावो पुण एत्थं णायण्णसम्मओ णवरं ।
ववहारोवि हु दोण्ह वि इय पाहण्णाइनिप्फण्णो ।।३४९।।

અન્વયાર્થ :-

પુણ=વળી, ઉભયતહાભાવો=ઉભયનો તથાભાવ=દૈવ અને પુરુષકારનો પરસ્પર અનુવર્તનથી કાર્યકારકભાવ, ણવરં એત્થં=કેવળ અહીં=કેવળ કાર્યસિદ્ધિમાં, ણાયણ્ણસમ્મઓ=ન્યાયજ્ઞસંમત વર્તે છે=નીતિને જાણનારા લોકોને સંમત વર્તે છે, દોણ્હ વિ=બંનેનો પણ=દૈવ અને પુરુષકાર બંનેનો પણ, ઇય=આ રીતે=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે ઉભયનો તથાભાવ હોતે છતે, પાહણ્ણાઇનિપ્ફણ્ણો વવહારોવિ હુ= પ્રાધાન્યાદિનિષ્પન્ન વ્યવહાર પણ પ્રવર્તે છે. ॥૩૪૯॥

ગાથાર્થ :-

વળી, ઉભયનો તથાભાવ=દૈવ અને પુરુષકારનો પરસ્પર અનુવર્તનથી કાર્યકારકભાવ, કેવળ અહીં=કેવળ કાર્યસિદ્ધિમાં, ન્યાયજ્ઞસંમત વર્તે છે=નીતિને જાણનારા લોકોને સંમત વર્તે છે, બંનેનો પણ=દૈવ અને પુરુષકાર બંનેનો પણ, આ રીતે=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે ઉભયનો તથાભાવ હોતે છતે, પ્રાધાન્યાદિનિષ્પન્ન વ્યવહાર પણ પ્રવર્તે છે. ॥૩૪૯॥

ટીકા :-

उभयतथाभाव उभयोर्दैवपुरुषकारयोस्तथा परस्परानुवर्त्तनेन कार्यकारको भावः स्वभावः पुनरत्र कार्यसिद्धौ न्यायज्ञसम्मतो नीतिज्ञलोकबहुमतः नवरं केवलं वर्त्तत इति प्रथमत एवासौ बुद्धिमतामभ्युपगन्तुं युक्त इति । तथा, व्यवहारो दैवकृतमिदं पुरुषकारकृतमिदमिति विभागेन यः प्रवर्त्तमान उपलभ्यते सोऽपि द्वयोरपि दैवपुरुषकारयोरित्येवमुभयतथाभावे सति प्राधान्यादिनिष्पन्नः प्रधानगुणभावनिष्पन्नो वा वर्त्तते ।।३४९।।

ભાવાર્થ :-

એકાંત દૈવથી કાર્ય થાય છે એ પણ ઇષ્ટ નથી, એકાંત પુરુષકારથી કાર્ય થાય છે એ પણ ઇષ્ટ નથી, પરંતુ સ્યાદ્વાદના સિદ્ધાંતઅનુસાર દૈવ પુરુષકારનું અનુવર્તન કરીને કાર્ય કરે છે અને પુરુષકાર દૈવનું અનુવર્તન કરીને કાર્ય કરે છે જેમાં કર્મથી પ્રેરાઈને જીવ કોઈક પ્રવૃત્તિ કરે છે ત્યારે પુરુષકાર દૈવનું અનુવર્તન કરે છે તે વખતે પણ તે જીવ પોતાની સ્વમતિ અનુસાર કાંઈક ઉચિત નિર્ણય કરે છે તેનાથી પ્રેરાઈને દૈવ પ્રવર્તે છે આ રીતે ઉભયની પ્રેરણાથી કાર્ય થાય છે.

જેમ લાભાંતરાયના ક્ષયોપશમવાળો જીવ ધનપ્રાપ્તિ માટે ઉદ્યમ કરે છે ત્યારે ધનપ્રાપ્તિની ઇચ્છાથી પ્રેરાઇને ધન મેળવવાના ઉચિત ઉપાયો શોધે છે તે વખતે તેના પુરુષકારથી ઉચિત ઉપાયોનો નિર્ણય કરીને ધનપ્રાપ્તિ માટે યત્ન કરે છે ત્યારે તેના પુરુષકારથી પ્રેરાઈને તે પ્રકારનું દૈવ પ્રવર્તે છે તેનાથી ધનની પ્રાપ્તિ થાય છે. વળી, તે જ પુરુષ અન્ય વખતે તે પ્રકારનો પ્રયત્ન કરે છે જેનાથી પૂર્વની જેમ ધનની પ્રાપ્તિની સંભાવના હતી છતાં તે વખતના પ્રયત્નમાં પૂર્વ કરતાં અધિક ધનની પ્રાપ્તિ તેને થાય છે ત્યારે તે અધિક

ધનની પ્રાપ્તિના કારણીભૂત એવો લાભાંતરાયનો ક્ષયોપશમ હોય છે તેનાથી પ્રેરાઈને તે જીવનો તેવા પ્રકારનો પુરુષકાર થાય છે માટે તે અંશથી દૈવનું અનુવર્તન પુરુષકાર કરે છે.

વળી, ક્યારેક બુદ્ધિપૂર્વક ધનપ્રાપ્તિમાં કરાયેલા પુરુષકારથી તેની પ્રાપ્તિની જે સંભાવના હતી તેના કરતાં ઘણું અલ્પ ધન મળે છે ત્યારે તે લાભાંતરાયનો મંદ ક્ષયોપશમ તે પ્રકારના પુરુષકારને પ્રવર્તાવે છે. જેથી તેને અલ્પ ધનની પ્રાપ્તિ થાય માટે તે પ્રવૃત્તિમાં પણ કુશળતાપૂર્વક ઉપાયોનું ચિંતવન કરીને જે પ્રયત્ન કર્યો તે પુરુષકારથી પ્રેરાયેલા કર્મને કારણે થયો અને તે પ્રયત્નથી અલ્પ ફળ મળ્યું ત્યાં નિપુણતાપૂર્વક ધન-પ્રાપ્તિમાં જે યત્ન કર્યો એરૂપ પુરુષકારનું અનુવર્તન દૈવ કરે છે. માટે સર્વત્ર દૈવ અને પુરુષકાર પરસ્પર અનુવર્તનથી કાર્ય કરવાના સ્વભાવવાળા છે.

વળી, કેટલાક જીવો ધનપ્રાપ્તિના ઉચિત ઉપાયોનો નિર્ણય કરીને પોતાના પ્રયત્નથી સંભવિત હોય તેટલા જ ધનને પ્રાપ્ત કરે છે તે સ્થાનમાં દૈવ અને પુરુષકાર પરસ્પર સમાન અનુવર્તન કરે છે; કેમ કે ધન-પ્રાપ્તિના ઉચિત ઉપાયનો નિર્ણય કરીને જે પ્રયત્ન કર્યો તેનાથી લાભાંતરાયનો ક્ષયોપશમ તે પ્રકારે પ્રેરાઈને ધનપ્રાપ્તિ કરાવે છે.

વળી, લોકમાં 'આ કાર્ય દૈવકૃત છે, આ કાર્ય પુરુષકારકૃત છે' તે પ્રકારના વિભાગથી જે વ્યવહાર પ્રવર્તે છે તે દૈવ અને પુરુષકારના પરસ્પર અનુવર્તનથી હોવા છતાં પ્રધાન-ગૌણભાવથી નિષ્પન્ન છે. **॥૩૪૯॥**

અવતરણિકા :-

પ્રધાનગુણમેવ ભાવયન્નાહ –

અવતરણિકાર્થ :-

પ્રધાનગૌણને જ ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

जमुदग्गं थेवेणं कम्मं परिणमइ इह पयासेण ।
तं दइवं विवरीयं तु पुरिसगारो मुणेयव्वो ।।३५०।।

અન્વયાર્થ :-

जमुदग्गं कम्मं=જે ઉદગ્ર કર્મ, थेवेणं=થોડાથી=પરિમિત કાળથી, पयासेण=પ્રયાસ વડે=રાજસેવાદિ પુરુષકારથી, इह=અહીં=લોકમાં, परिणमइ=પરિણમન પામે છે. तं दइवं=તે દૈવ છે=તે દૈવકૃત કાર્ય છે એમ લોકમાં કહેવાય છે. विवरीयं तु=વળી વિપરીત=જે અનુદગ્ર કર્મ છે તે ઘણા પ્રયાસથી પરિણમન પામે છે તે, पुरिसगारो मुणेयव्वो=પુરુષકાર છે એમ જાણવું. ।।૩૫૦।।

ગાથાર્થ :-

જે ઉદગ્ર કર્મ થોડાથી=પરિમિત કાળથી, પ્રયાસ વડે=રાજસેવાદિ પુરુષકારથી, અહીં=લોકમાં,

પરિણમન પામે છે, તે દૈવ છે=તે દૈવકૃત કાર્ય છે એમ લોકમાં કહેવાય છે. વળી વિપરીત=જે અનુદગ્ર કર્મ છે તે ઘણા પ્રયાસથી પરિણમન પામે છે તે, પુરુષકાર છે એમ જાણવું. ।।૩૫૦।।

ટીકા :-

यदुदग्रमुत्कटरसतया प्राक्समुपार्जितं स्तोकेनापि कालेन परिमितेन कर्म सद्वेद्यादि परिणमति फलप्रदानं प्रति प्रह्वीभवति, इह जने प्रयासेन राजसेवादिना पुरुषकारेण, तद्दैवं लोके समुद्घुष्यते । विपरीतं तु यदनुदग्रं बहुना प्रयासेन परिणमति पुनस्तत्पुरुषकारो मुणितव्य इति ।।३५०।।

ભાવાર્થ :-

જેઓએ ભૂતકાળમાં અલ્પ પ્રયત્નથી ક્ષયોપશમને પામે તે પ્રકારનાં લાભાંતરાયઆદિ કર્મો બાંધ્યાં છે તેઓ કાળથી પરિમિત રાજ-સેવાદિ કે ધનઅર્જનાદિનાં કૃત્યો કરે તેનાથી તેઓને ફળ પ્રાપ્ત થાય છે. અર્થાત્ પરિમિત પ્રયાસથી વિપુલ ફળ મળે છે. તેને જોઈને લોકમાં કહેવાય છે કે આ પુણ્યશાળી છે જેથી તેણે અલ્પ પ્રયત્નથી ઘણું ધન પ્રાપ્ત કર્યું છે. તેને આશ્રયીને આ કાર્ય દૈવકૃત છે એમ લોકમાં કહેવાય છે. વળી, જે જીવોએ ધનપ્રાપ્તિ આદિનું પુણ્ય બાંધ્યું છે અર્થાત્ લાભાંતરાયનો ક્ષયોપશમ પૂર્વભવમાં કર્યો છે તોપણ તે ક્ષયોપશમ ઘણા પ્રયાસથી ફળ આપવા સમર્થ છે. તેથી તેવા પુરુષો વિવેકપૂર્વક ધનઅર્જનાદિનો ઉચિત યત્ન કરે તો તેઓના યત્નાનુસાર ધન મેળવે છે તે સ્થાનમાં પુરુષકારથી આને ધન પ્રાપ્ત થયું છે તેમ કહેવાય છે પરંતુ ભાગ્યથી તેને ધન મળ્યું છે તેમ કહેવાતું નથી.

વળી, ધર્મના ક્ષેત્રમાં પણ જે જીવોનું તથાપ્રકારનું ક્ષયોપશમભાવને પામે તેવું ઉત્કટકર્મ છે તેઓ પરિમિત આયાસથી ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે. જેમ કપિલ કેવલી બ્રાહ્મણ વેશવાળા ગૃહસ્થ હતા અને રાજાએ તુષ્ટ થઈને કહેલ કે તમને જોઈએ તે માંગી લો, ત્યારે બે માસા સુવર્ણથી માંડીને વધતાં વધતાં અર્ધરાજ્ય સુધીની માંગણીનો વિચાર કર્યો અને ક્ષણમાં આ લોભ જ અનર્થનું કારણ છે તે પ્રકારનો ઉપયોગ ઉલ્લસિત થયો જેના બળથી ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ અને કેવળજ્ઞાન થયું. ત્યાં કાળથી પરિમિત પુરુષકાર કરીને એ મહાત્માને અસંગભાવની પરિણતિરૂપ ધર્મની પ્રાપ્તિ થઈ તે સ્થાનમાં આ ધર્મની પ્રાપ્તિ દૈવકૃત છે તેમ લોકમાં કહેવાય છે.

વળી, કોઈક વિવેકસંપન્ન શ્રાવક સંસારનું વાસ્તવિક સ્વરૂપ પુનઃ પુનઃ ભાવન કરીને તેના ઉચ્છેદનો ઉપાય અસંગભાવ છે તેવું જાણવા છતાં અસંગભાવની પરિણતિને પ્રગટ કરવાનો અત્યંત અર્થી એવો પણ તે શ્રાવક વિવેકપૂર્વક ધર્મ, અર્થ અને કામને સેવીને સ્વશક્તિ અનુસાર સર્વવિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે અને ઘણા કાળ સુધી તેવો યત્ન કર્યા પછી સર્વવિરતિને અનુકૂળ બળસંચયવાળા થાય છે ત્યારે તે સર્વવિરતિરૂપ ધર્મની પ્રાપ્તિ તે શ્રાવકને વિવેકપૂર્વકના ઘણા પ્રયાસથી થયેલી છે માટે પુરુષકારથી ચારિત્ર પ્રાપ્ત થયું છે તેમ કહેવાય છે. તેથી જ્યાં ઉત્કટ દૈવથી ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યાં પ્રધાનરૂપે દૈવ કારણ છે, ગૌણરૂપે પુરુષકાર કારણ છે અને જ્યાં ઉત્કટ પુરુષકારથી ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યાં પ્રધાનરૂપે પુરુષકાર કારણ છે, ગૌણરૂપે ક્ષયોપશમભાવનું દૈવ કારણ છે. **॥૩૫૦॥**

ગાથા :-

अहवप्पकम्महेऊ ववसाओ होइ पुरिसगारोत्ति ।
बहुकम्मणिमित्तो पुण अव्ववसाओ उ दइवोत्ति ।।३५१।।

અન્વયાર્થ :-

અહવ=અથવા=દૈવ અને પુરુષકારના ગૌણ અને મુખ્યભાવ વિષયક પક્ષાંતરને બતાવે છે. પ્પકમ્મહેઊ વવસાઓ=અલ્પ કર્મનો હેતુ એવો વ્યવસાય, પુરિસગારોત્તિ હોઇ=પુરુષકાર છે. બહુકમ્મણિમિત્તો પુણ=વળી બહુકર્મનિમિત્તવાળો, અવ્વવસાઓ ઉ=અવ્યવસાય=અલ્પવ્યવસાય, દઇવોત્તિ=દૈવ કહેવાય છે. ।।૩૫૧।।

ગાથાર્થ :-

અથવા=દૈવ અને પુરુષકારના ગૌણ અને મુખ્યભાવ વિષયક પક્ષાંતરને બતાવે છે. અલ્પ કર્મનો હેતુ એવો વ્યવસાય પુરુષકાર છે. વળી બહુકર્મનિમિત્તવાળો અવ્યવસાય=અલ્પવ્યવસાય, દૈવ કહેવાય છે. ।।૩૫૧।।

ટીકા :-

अथवेति पक्षान्तरद्योतनार्थः । अल्पं तुच्छं कर्म दैवं पुरुषकारापेक्षया हेतुर्निमित्तं फलसिद्धौ यत्र स तथाविधो व्यवसायः पुरुषप्रयत्नो भवति पुरुषकार इति । बहु प्रभूतं पुरुषकारमाश्रित्य कर्म निमित्तं यत्र स पुनरप्यवसाय इहनञोऽल्पार्थत्वादल्पो व्यवसायः पुनर्दैवमिति । यत्र हि कार्यसिद्धावल्पः कर्मणो भावो बहुश्च पुरुषप्रयासस्तत्कार्यं पुरुषकारसाध्यमुच्यते । यत्र पुनरेतद्विपर्ययस्तत्कर्मकृतमिति । पूर्वगाथायामल्पप्रयाससाहाय्येन फलमुपनयमानं कर्म दैवमुपदिष्टं विपर्ययेण पुरुषकारः, इह तु पुरुषकार एवाल्पकर्मसाहाय्योपेतः पुरुषकारः प्रज्ञप्तो बहुकर्म्मसाहाय्योपगृहीतस्तु स एव पुरुषकारोऽदृष्ट-मित्यनयोः प्रज्ञापनयोर्भेद इति ।।३५१।।

ભાવાર્થ :-

જે જીવો સામાયિકનિષ્પત્તિના અત્યંત અર્થી છે અને તેઓનું સામાયિકના પરિણામનું આપાદક કર્મ ક્ષયોપશમભાવ પામે તેવું છે છતાં તે કર્મ અત્યંત સોપક્રમ નથી જેથી અલ્પ પ્રયત્નથી તત્કાલ સામાયિકના પરિણામને પ્રગટ કરાવી શકે. જેમ કપિલ કેવલીને સુવર્ણના લોભનો વિચાર કરતાં તત્કાલ સામાયિકના પરિણામને પ્રગટ કરાવે એવું અત્યંત સોપક્રમકર્મ વિદ્યમાન હતું તેવું ઉદગ્રસોપક્રમકર્મ જેઓને નથી તેવા શ્રાવકો સંસારના પારમાર્થિક સ્વરૂપને નિપુણતાપૂર્વક જાણીને તેના ઉચ્છેદનો ઉપાય સામાયિકનો પરિણામ છે તેવો સ્થિર નિર્ણય કરીને સામાયિકના પરિણામને પ્રાપ્ત કરવાના અત્યંત અર્થી હોવાથી શક્તિ અનુસાર શાસ્ત્રના પરમાર્થને જાણીને 'સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ આદિ સર્વ ભાવો પ્રત્યે મારે સમભાવ કરવો છે' તેવા રાગપૂર્વક તેની વૃદ્ધિના ઉપાયરૂપે અર્થાત્ તે રાગની વૃદ્ધિના ઉપાયરૂપે, સામાયિક ગ્રહણ

કરીને વિવેકપૂર્વક સ્વાધ્યાય કરે તો શાસ્ત્રનાં દરેક વચનો વીતરાગતા પ્રત્યે જીવને પ્રવર્તાવનારાં હોવાથી તે સૂત્રોના સ્વાધ્યાય દ્વારા સમભાવના પરિણામને પ્રાપ્ત કરે છે. તે શ્રાવકમાં સામાયિકના પરિણામને પ્રગટ કરવામાં બાધક કર્મો સોપક્રમ હોવા છતાં ઘણા પ્રયત્નથી ઉપક્રમ પામે તેવાં છે તેથી ઘણા કાળના શ્રાવકના દીર્ઘ આયાસ દ્વારા તે ક્ષયોપશમભાવને પામે છે અને સામાયિકના પરિણામને પ્રગટ કરવામાં સહાયક થાય તેવા અલ્પકર્મહેતુવાળો સામાયિકનો વ્યવસાય પુરુષકાર કહેવાય છે અર્થાત્ 'આ શ્રાવકે પુરુષકાર કરીને સામાયિકની પ્રાપ્તિ કરી છે' એમ કહેવાય છે.

વળી, કોઈ મહાત્માને કોઈક રીતે સંસાર નિર્ગુણ જણાયો અને તેનો ઉપાય સામાયિકનો પરિણામ છે તેવી બુદ્ધિ થઈ અને તેના કારણે તથાસ્વભાવે તે મહાત્માને સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ પ્રત્યે સમભાવનો પરિણામ સહજ ઉલ્લસિત થાય, જેમ પ્રત્યેકબુદ્ધ મહાત્માને કોઈક નિમિત્તને પામીને તત્કાલ ચારિત્રનો પરિણામ થાય છે તે બહુકર્મનિમિત્ત અલ્પ વ્યવસાયવાળા દૈવકૃત સામાયિકનો પરિણામ છે; કેમ કે તે મહાત્માનું સામાયિકઆપાદક કર્મ અલ્પ વ્યવસાય દ્વારા ક્ષયોપશમભાવને પામે તે પ્રકારનું શિથિલ મૂળવાળું હતું જેથી સંસારના ઉચ્છેદનો ઉપાય સમભાવ છે તેવું જ્ઞાન થવા માત્રથી સમભાવને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે અને તત્કાલ ક્ષયોપશમભાવનો ચારિત્રનો પરિણામ થાય છે માટે બહુકર્મનિમિત્ત અલ્પ વ્યવસાયવાળા દૈવથી સામાયિકની પ્રાપ્તિ તે મહાત્માને થઈ. તે રીતે ધનની પ્રાપ્તિ, દેહમાં કોઈ રોગ હોય અને તેના નિવારણપૂર્વક આરોગ્યની પ્રાપ્તિ કે ભોગાદિની પ્રાપ્તિ તે સર્વ કાર્યમાં પણ અલ્પ કર્મહેતુક વ્યવસાય હોય તો પુરુષકારથી પ્રાપ્ત થયું છે એમ કહેવાય છે.

જેમ કોઈના દેહમાં કોઈ પ્રકારનો રોગ હોય અને તે રોગઆપાદક કર્મ નિવર્તન પામીને આરોગ્યઆપાદક કર્મ વિપાકમાં આવે તેમ હોય છતાં નિપુણ ઉપાયપૂર્વક આરોગ્યની પ્રાપ્તિ માટે ઉચિત યત્ન કરવાથી જેઓને આરોગ્યની પ્રાપ્તિ થાય છે તે અલ્પ કર્મહેતુક હોવાથી પુરુષકારથી આરોગ્યની પ્રાપ્તિ થઈ છે એમ કહેવાય છે.

વળી, કોઈને કુષ્ઠાદિ રોગ હોય અને તેના ત્રાસથી કંટાળીને મરવા માટે જ તેવો કોઈક યત્ન કરે જેનાથી તેનો રોગ નાશ પામે ત્યારે આરોગ્યઆપાદક બહુકર્મનિમિત્ત અલ્પ વ્યવસાયકૃત આરોગ્યની પ્રાપ્તિ હોવાથી દૈવકૃત આરોગ્યની પ્રાપ્તિ થઈ છે તેમ કહેવાય છે. **॥૩૫૧॥**

અવતરણિકા :-

અમુમેવાર્થમુદાહરણેન સાધયન્નાહ –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=દૈવ અને પુરુષકાર પરસ્પર મિલિત થઈને કાર્ય કરતાં હોવા છતાં 'આ કાર્ય દૈવકૃત છે' અને 'આ કાર્ય પુરુષકારકૃત છે' તેમ કઈ અપેક્ષાએ છે એ ગાથા-૩૫૦, ૩૫૧માં બતાવ્યું એ જ અર્થને, ઉદાહરણથી સિદ્ધ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

णायमिहपुण्णसारो विक्कमसारो य दोण्णि वणियसुया ।
णिहिपरतीरधणागम तह सुहिणो पढमपक्खम्मि ।।३५२।।१।।
दाणुवभोगा णिहिलाभओ दढं अविगलाउ एक्कस्स ।
परतीरकिलेसागमलाभाओ एवं बीयस्स ।।३५३।।२।।
रायसवणम्मि पुच्छा णिवेयणं अवितहं दुविण्हंपि ।
दइवेयरसंजुत्ता पवायविण्णासणा रण्णो ।।३५४।।३।।
एगणिमंतणमविगलसाहणजोगोऽकिलेसओ चेव ।
भोगोवि य एयस्स उ एवं चिय दइवजोगेण ।।३५५।।४।।
अण्णस्स वच्चओ खलु भोगम्मिवि पुरिसगारभावाओ ।
रायसुयहारतुट्टणरुयणे तप्पोयणाभोओ ।।३५६।।५।।

અન્વયાર્થ :-

इह=અહીં=દૈવ અને પુરુષકારના ગૌણમુખ્યભાવમાં, पुण्णसारो विक्कमसारो य=પુણ્યસાર અને વિક્રમસાર, दोण्णि वणियसुया=બે વણિક પુત્રો, णायं=દૃષ્ટાંત છે. णिहिपरतीरधणागम=નિધિ દ્વારા ધનનું આગમન અને પરતીરગમન દ્વારા ધનનું આગમન કરીને, तह सुहिणो=તે પ્રકારે તેઓ સુખી થયા. पढमपक्खम्मि=પ્રથમ પક્ષમાં=પુણ્યસારના પક્ષમાં, દૈવ પ્રધાન છે.

एक्कस्स=એકને=પુણ્યસારને, णिहिलाभओ=નિધિના લાભને કારણે, दढं अविगलाउ=અતિશય અવિકલ એવા, दाणुवभोगा=દાન અને ઉપભોગની પ્રાપ્તિ થઈ. बीयस्स=બીજાને, परतीरकिलेसागमलाभाओ=પરતીરથી ક્લેશપૂર્વક આગમન દ્વારા ધનના લાભને કારણે, एवं=એ રીતે=જે રીતે પ્રથમને દાન અને ઉપભોગની પ્રાપ્તિ થઈ એ રીતે દાન અને ઉપભોગની પ્રાપ્તિ થઈ.

रायसवणम्मि=રાજાને શ્રવણ થયે છતે, पुच्छा=પૃચ્છા કરાઈ. दुविण्हंपि=બંને વડે પણ, अवितहं=યથાર્થ, णिवेयणं=નિવેદન કરાયું. दइवेयरसंजुत्ता=દૈવ અને ઈતર સંયુક્ત=પુણ્યસાર દૈવસંયુક્ત છે અને ઈતર પુરુષકારસંયુક્ત છે એ પ્રકારે, पवायविण्णासणा=પ્રવાદના વિન્યાસ=પ્રવાદના નિર્ણયને અનુકૂળ પરીક્ષા, रण्णो=રાજા વડે કરાઈ.

एगणिमंतणमविगलसाहणजोगोऽकिलेसओ चेव=રાજાએ પુણ્યસારને ભોજન માટે પોતાના મહેલમાં આવવા નિમંત્રણ આપ્યા પછી રસોઈ કરાવી નહીં છતાં અક્લેશથી જ પુણ્યસારને અને રાજાને ભોજનનાં સાધનનો યોગ છે. एयस्स उ=આને જ=પુણ્યસારને જ, भोगोवि य=ભોગ પણ, दइवजोगेण=

દૈવના યોગથી=પરિપક્વ પ્રૌઢ પુણ્યના યોગથી, એવં ચિય=આ રીતે જ છે=ક્લેશ વગર જ છે.

રાયસુયહારતુટ્ટણરુયણે=રાજાની પુત્રીના હારના ત્રુટન અને રોદનમાં, તપ્પોયણાભોઓ પુરિસગારભાવાઓ= તેના પરોવવાના પુરુષકારના સદ્‌ભાવને કારણે, અણ્ણસ્સ=અન્યને=વિક્રમસારને, ભોગમ્મિવિ ખલુ વચ્ચઓ=ભોગમાં વ્યત્યય જ છે. ॥૩૫૨થી ૩૫૬॥

ગાથાર્થ :-

અહીં=દૈવ અને પુરુષકારના ગૌણમુખ્યભાવમાં પુણ્યસાર અને વિક્રમસાર બે વણિક પુત્રો દૃષ્ટાંત છે. નિધિ દ્વારા ધનનું આગમન અને પરતીરગમન દ્વારા ધનનું આગમન કરીને તે પ્રકારે તેઓ સુખી થયા. પ્રથમ પક્ષમાં=પુણ્યસારના પક્ષમાં, દૈવ પ્રધાન છે.

એકને=પુણ્યસારને, નિધિના લાભને કારણે અતિશય અવિકલ એવા દાન અને ઉપભોગની પ્રાપ્તિ થઈ. બીજાને પરતીરથી ક્લેશપૂર્વક આગમન દ્વારા ધનના લાભને કારણે એ રીતે=જે રીતે પ્રથમને દાન અને ઉપભોગની પ્રાપ્તિ થઈ એ રીતે દાન અને ઉપભોગની પ્રાપ્તિ થઈ.

રાજાને શ્રવણ થયે છતે પૃચ્છા કરાઈ. બંને વડે પણ યથાર્થ નિવેદન કરાયું. દૈવ અને ઇતર સંયુક્ત=પુણ્યસાર દૈવસંયુક્ત છે અને ઇતર પુરુષકારસંયુક્ત છે એ પ્રકારે, પ્રવાદના વિન્યાસ= પ્રવાદના નિર્ણયને અનુકૂળ પરીક્ષા, રાજા વડે કરાઈ.

રાજાએ પુણ્યસારને ભોજન માટે પોતાના મહેલમાં આવવા નિમંત્રણ આપ્યા પછી રસોઈ કરાવી નહીં છતાં અક્લેશથી જ પુણ્યસારને અને રાજાને ભોજનનાં સાધનનો યોગ છે. આને જ=પુણ્યસારને જ, ભોગ પણ દૈવના યોગથી=પરિપક્વ પ્રૌઢ પુણ્યના યોગથી, આ રીતે જ છે= ક્લેશ વગર જ છે.

રાજાની પુત્રીના હારના ત્રુટન અને રોદનમાં તેના પરોવવાના પુરુષકારના સદ્‌ભાવને કારણે અન્યને=વિક્રમસારને, ભોગમાં વ્યત્યય જ છે. ॥૩૫૨થી ૩૫૬॥

ટીકા :-

इय आसि खिइपइट्ठियनगरं नगतुंगचंगसुरभुवणं । अइगरुयविपक्खमरट्टकुट्टणुप्पन्नपुन्नजसो ।।१।। पुन्नजसो नाम निवो तत्थासि पिया य तस्स सुहगंगी । सो रायन्नजणोच्चियववसायपरो गमइ कालं ।।२।। अह तत्थ धणड्ढसुओ पुरम्मि नामेण पुन्नसारोत्ति । बीओ विक्कमसारो विक्कमवणिणो सुओ आसि ।।३।। अहिगयकलाकलावा तारुण्णमणण्णसरिसमणुपत्ता । ते दोवि धणाकंखी एवं चिन्ताउरा जाया ।।४।। जइ नाम न तारुण्णे पुण्णे पत्तेवि होज्ज लच्छीए । अज्जणमणज्जचरीयस्स तस्स को पोरिसुग्गारो ?।।५।। ताव कुलं ताव जसो ता जणसोहग्गमग्गलं तस्स । जस्स न लच्छी वोच्छेयमेइ दाणाइकिरियासु ।।६।। ता एत्तो तह जत्तो कायव्वो जह सिरी समुग्घडइ । पणयजण-

वंछियत्थाण करणओ कयचमक्कारा ।।७।। अणुसरिमो देसंतरमारोहेमो परक्कमगिरिम्मि । नो दुल्लहा भविस्सइ अम्हं जणवल्लहा लच्छी ।।८।। कयपत्थाणा जा सत्थसन्निवेसं गया पढमगस्स । समुवट्ठिओ महंतो विहिणो वसओ खणेण निही ।।९।। तं गिण्हिऊण गेहं समागओ तदुचिएसु कज्जेसु । लग्गो बीओ पुण जलहिपारगमणेण लद्धधणो ।।१०।। केत्तियकालाओ तुलाए जीवमारोविऊण नियगेहं । पत्तो सोवि य सधणोचियासु किरियासु परिलग्गो ।।११।। जाओ पुरे पवाओ जह एगो पोढपुन्नपब्भारो । संपत्तसयलवंछियलच्छीविच्छड्डओ सुहिओ ।।१२।। बीओ पुण दारुणजलहितरण-संजायगरुयधणरिद्धी । अइनिद्धबंधुसंबंधबंधुरो भुंजइ भोगे ।।१३।। ता एएसिं मज्झा पढमो देवेण संजुओ बाढं । अखलियपसरो बीओ वि संजुओ पुरिसगारेण ।।१४।। निसुओ रन्ना अइकोउगाओ सद्दाविया सहाए ते । पुट्ठा एस पवाओ किमन्नहा वा तहावत्ति ।।१५।। भणियं देव! न वितहो जणप्पवाओ जओ पायं । अइपच्छन्नं पि कयं कज्जं सज्जो वियाणाइ ।।१६।। सयमेव तओ तेसिं रन्नाविन्नासणा समारद्धा । पढमो एगागि च्चिय निमंतिओ भोयणस्स कए ।।१७।। भणिया महाणसणरा जह अज्ज उवक्खडो न कायव्वो । एयस्स पुन्नवसजायपत्तमम्हेहिं भोत्तव्वं ।।१८।। पत्ते भोयणसमए देवीसंपेसिओ अह महल्लो । विन्नवइ जहा देवीगिहम्मि तुम्हेहिं भोत्तव्वं ।।१९।। किं पुण निमित्तमिण्हिं पत्तो जामाउओ नियपुराओ । सुओयणाइभेयं पसाहियं भोयणं तस्स ।।२०।। ता देव! तए सद्धिं सो सोहग्गं लहेइ भुंजंतो । तो भुत्ता वीसत्था संता तं भोयणं सव्वे ।।२१।। बीओ य अन्नदियहे निमंतिओ भोयणत्थमह भणिया । सव्वेवि रसवईए पसाहगा जह लहुं चेव ।।२२।। सव्वायरेण भोयणमुवट्ठियं कुणह भोयणावसरे । पत्तम्मि आसणेसुं दिन्नेसु उवट्ठिए भत्ते ।।२३।। तुट्ठो रायसुयाए अट्ठारससरसमन्निओ हारो । आमलगथूलमुत्ताहलुब्भडो निन्निमित्तंपि ।।२४।। सा रुयमाणा दीणाणणा य पत्ता पिउस्स पासम्मि । भासइ जहा इमो मे हारो पोइज्जउ इण्हिं ।।२५।। नाहं काहं भोयणमहमन्नह इय पयंपिए तीए । विक्कमसारमुहं जा पलोयए नरवई ताव ।।२६।। उज्झियभोयणकज्जेण तेण दक्खत्तणं वहंतेण । नवसुत्ततंतुसज्जो खणेण हारो कओ पउणो ।।२७।। पच्छा दोवि जहत्थियविहिए तं भोयणं सुहं भुत्ता । परिभावियं निवइणा णूणं सच्चो जणपवाओ ।।२८।। (ग्रन्थाग्रं-७०००) ।।

अथ संग्रहगाथाक्षरार्थः—ज्ञातमुदाहरणमिह दैवपुरुषकारयोर्गुणप्रधानभावे पुण्यसारो विक्रमसारश्च द्वौ वणिक्सुतौ । कथमित्याह—'निहिपरतीरधणागम'त्ति निधिपरतीरधनागमाभ्यां कृत्वा तथा सुखिनाव-क्लेशक्लेशलभ्यशर्म्मसमन्वितौ संतौ । तत्र प्रथमपक्षे दैवप्राधान्यरूपे— ।।३५२।।१।।

दानोपभोगौ दानं कृपणादीनां भोगो वस्त्रताम्बूलादीनां प्रवृत्तौ निधिलाभतो निधानलाभाद् दृढमति-

शयेनाविकलौ तु परिपूर्णावेव एकस्य पुण्यसारस्य । तथा, परतीरक्लेशागमेन लाभात् परतीरात् क्लेशागमेन यो लाभो धनस्य तस्मादेवं पुण्यसारवद् द्वितीयस्य विक्रमसारस्य दानोपभोगौ जातावविकलाविति ।।३५३।।२।।

अथैतद्वृत्तान्तस्य राजश्रवणे सति पृच्छा तेन कृता । निवेदनमवितथं यथावद् द्वाभ्यामपि कृतम् । ततो दैवेतरसंयुक्ताविति प्रवादविन्यासना तत्परीक्षारूपा राज्ञः समपद्यत ।।३५४।।३।।

कथमित्याह—एकं निमंत्रणं पुण्यसारस्य भोजनार्थं स्वगृहे निरूपणमकारि । तत्राविकलसाधनयोगः परिपूर्णभोजनाङ्गयोगोऽक्लेशत एव लीलयैव, भोगोऽपि च भोजनस्यैकस्य पुण्यसारस्यैवाक्लेशादेव व्यापारान्तरस्य तदानीमनुपस्थानात् । दैवयोगेन परिपक्वप्रौढपुण्यसम्बन्धेन ।।३५५।।४।।

अन्यस्य विक्रमसारस्य व्यत्ययः खलु विपर्यास एव विकलभोजनसाधनयोगरूपो जातो भोगेऽपि भोजनस्य । कस्मादित्याह-पुरुषकारभावात्, पुरुषकारमेव भावयति 'रायसुयहारतुट्टणरुयणे' इति राजसुताहारत्रोटने रोदने च तस्यास्तत्प्रोतनातः त्रुटितहारप्रोतनादेव ।।३५६।।५।।

ભાવાર્થ :-

કોઈક નગરમાં તપતા પુણ્યવાળો પુણ્યસાર નામનો શ્રેષ્ઠી રહે છે અને વિવેકપૂર્વક પરાક્રમ કરનાર વિક્રમસાર રહે છે. વળી, બન્નેએ અઢળક ધનસંપત્તિ મેળવી છે. વિક્રમસારે દેશાટનગમન કરીને ધનસંપત્તિ મેળવી છે અને પુણ્યસારે નિધિની પ્રાપ્તિથી ધનસંપત્તિ મેળવી છે. વળી, બન્ને ધનાઢ્ય છે અને વિવેકસંપન્ન છે તેથી ધનનો વ્યય દાન અને ઉપભોગ કરીને વર્તમાનનો જન્મ અક્લેશવાળો કરે છે અને સુખપૂર્વક જીવે છે. રાજાને એક પુણ્યથી ધન મેળવ્યું છે, અન્યએ પરાક્રમથી ધન મેળવ્યું છે તે પ્રકારનું સાંભળવામાં આવ્યું તેથી બન્નેને બોલાવી પૃચ્છા કરે છે. બન્ને યથાર્થ નિવેદન કરે છે. રાજાને પરીક્ષા કરવાનું મન થયું તેથી પ્રથમ પુણ્યસારને ભોજન માટે એક દિવસ નિમંત્રણ આપ્યું અને રસોઈયાને કહ્યું કે આજે રસોઈ કરવાની નથી; કેમ કે પુણ્યસારના પુણ્યથી ભોજન કરવું છે. તે વખતે રાજાની અનેક સ્ત્રીઓમાંથી કોઈક સ્ત્રીના ઘરે જમાઈ આવે છે તેથી તે સ્ત્રીએ રાજાને કહેવડાવ્યું કે આજે તમારે મારે ત્યાં ભોજન માટે આવવાનું છે, જમાઈ સાથે ભોજન કરશો તો સંતોષ થશે. આ રીતે પ્રકૃષ્ટ પુણ્યના બળથી રસોઈના કોઈ પ્રકારના ક્લેશ વગર રાજાને અને પુણ્યસારને સુંદર ભોજનની પ્રાપ્તિ થઈ. તેથી ફલિત થાય છે કે રસોઈના કોઈ ક્લેશ વગર માત્ર ભોજન કરવાના શ્રમમાત્રથી સુંદર ભોજનની પ્રાપ્તિ પુણ્યસારને અને તત્સહવર્તી રાજાને થાય છે તેમ જે મહાત્માને સંસારથી નિસ્તાર થવાની ઇચ્છા થઈ અને તેનો ઉપાય અસંગભાવ છે તેવો બોધ થવા માત્રથી અસંગભાવને અનુકૂળ બાધક કર્મો ક્ષીણપ્રાયઃ હોવાથી ઉપયોગમાત્રથી અસંગભાવમાં જઈ શકે છે. તેઓને અસંગભાવની પ્રાપ્તિ પ્રત્યે પુણ્યસારની જેમ અક્લેશપૂર્વક ક્ષયોપશમભાવ પામે તેવું પુણ્યકર્મ છે.

વળી, રાજાએ વિક્રમસારની પરીક્ષા કરવા અર્થે એક દિવસ તેને ભોજન માટે આમંત્રણ આપ્યું. સુંદર ભોજન કરવા માટે રસોઈયાને સૂચન કર્યું. તે પ્રકારે ભોજન કરવા બેસે છે ત્યારે રાજપુત્રીનો હાર કોઈક

રીતે તૂટે છે અને રડતી આવે છે અને કહે છે કે 'આ હાર પરોવીને નહીં આપો ત્યાં સુધી હું ભોજન કરીશ નહીં' તેથી વ્યાકુળ થયેલો રાજા ભોજન માટે બેસતો નથી. તે જ વખતે વિક્રમસારે તે તૂટેલા હારને સાંધી આપ્યો તેથી તેના પુરુષકારથી રાજા વગેરેને ભોજનની પ્રાપ્તિ થઈ. તેમ જે મહાત્માઓને મોક્ષમાં જવું છે અને તેનો ઉપાય અસંગભાવ છે તેવો નિર્ણય છે છતાં ઘણા ક્લેશથી અસંગભાવને પ્રાપ્ત કરી શકે છે. જેમ વીરભગવાન મોક્ષના અર્થી હતા, વીતરાગ થવા માટે મહા પરાક્રમ ફોરવતા હતા તોપણ સમભાવના પ્રકર્ષનાં બાધક સોપક્રમ પણ કર્મ તેટલાં શિથિલ ન હતાં જેથી વિક્રમસારની જેમ સ્વપુરુષકારના બળથી અનાર્ય દેશમાં ગમન કરીને અને અનેક ઉપસર્ગોને સહન કરીને સમભાવના પ્રકર્ષને પામ્યા. તેથી વીરભગવાને પુરુષકારથી અસંગભાવની પ્રાપ્તિ કરી તે વિક્રમસારના પરાક્રમ જેવી છે. વળી, મલ્લિનાથ ભગવાને દીક્ષા ગ્રહણ કરી ત્યારે અસંગભાવના અર્થી હતા અને તે જ દિવસે પુણ્યસારની જેમ અસંગભાવનો પ્રકર્ષ પ્રાપ્ત થયો એથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી અસંગભાવની પ્રાપ્તિ પણ પુણ્યસારની જેમ મલ્લિનાથ ભગવાનને પુણ્યથી થઈ. **॥૩૫૨ થી ૩૫૬॥**

અવતરણિકા :-

इत्थं लोकिकयोर्दैवपुरुषकारयोर्ज्ञातमभिधाय सम्प्रति लोकोत्तरयोस्तदभिधातुमाह —

અવતરણિકાર્થ :-

આ રીતે લૌકિક એવા દૈવ અને પુરુષકારનું દૃષ્ટાંત બતાવીને હવે લોકોત્તર એવા દૈવ અને પુરુષકારના દૃષ્ટાંતને બતાવવા માટે કહે છે —

ગાથા :-

पक्खंतर णायं पुण लोउत्तरियं इमं मुणेयव्वं ।
पढमंतचक्कवट्टी संगणियलच्छेदणे पयडं ।।३५७।।

અન્વયાર્થ :-

पक्खंतर पुण=પક્ષાંતરમાં વળી=પૂર્વમાં કહેલા પક્ષની અપેક્ષાએ પક્ષવિશેષમાં વળી, इमं लोउत्तरियं णायं मुणेयव्वं=આ લોકોત્તર દૃષ્ટાંત જાણવું. संगणियलच्छेदणे=સંગ અને નિગડના છેદનમાં, पढमंतचक्कवट्टी पयडं=પ્રથમ અને અંતિમ ચક્રવર્તી પ્રગટ છે=સંગમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી દૃષ્ટાંત છે અને નિગડના છેદનમાં ભરત મહારાજા પ્રગટ દૃષ્ટાંત છે. ॥૩૫૭॥

ગાથાર્થ :-

પક્ષાંતરમાં વળી=પૂર્વમાં કહેલા પક્ષની અપેક્ષાએ પક્ષવિશેષમાં વળી, આ લોકોત્તર દૃષ્ટાંત જાણવું. સંગ અને નિગડના છેદનમાં પ્રથમ અને અંતિમ ચક્રવર્તી પ્રગટ છે=સંગમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી દૃષ્ટાંત છે અને નિગડના છેદનમાં ભરત મહારાજા પ્રગટ દૃષ્ટાંત છે. ॥૩૫૭॥

ટીકા :-

પક્षान्तरे प्राक्पक्षापेक्षया पक्षविशेषे ज्ञातमुदाहरणं लोकोत्तरिकं लोकोत्तरसमयसिद्धमिदमुपरि भणिष्यमाणं मुणितव्यम् । किमित्याह—प्रथमान्त्यचक्रवर्त्तिनौ भरतब्रह्मदत्तनामानौ । क्व ज्ञातं तावित्याह—सङ्गनिगडच्छेदने विषयाभिष्वङ्गान्दुकत्रोटने प्रकटं जनप्रतीतमेव ।।

अत एवाचार्येण संसूच्य न तद्व्याख्यानादरः कृतः, तथापि स्थानाशून्यार्थं किञ्चिदुच्यतेः—
भरहो भारहभूमीसामी सिरिरिसहनंदणो आसि । विक्कंतविपक्खजओवज्जियनिरवज्जसामज्जो ।।१।।
नवनिहिवई समग्गलसोहग्गाणं अभग्गमाणाणं । चउसट्ठिसहस्साणं रमणो रंमाण रामाणं ।।२।।
संभंतनमंतमहंतभत्तसामंतसहससीसेहिं। विगलंतकुसुममालेहिं निच्चमच्चिज्जमाणकमो ।।३।।
छप्पुव्वलक्खपरिभुत्तरज्जलच्छी पवन्नसिंगारो। अहअन्नया समुज्जलफलिहोवलघडियमइरुइरं ।।४।।
नियतणुसोहासंदंसणत्थमादरिसमंदिरं विसइ। कप्पदुमं व पुप्फियमप्पाणं सो निभालेइ ।।५।। जा
ताव एगमंगुलिमवगयनियभूसणं नियइ हत्थे । दिट्ठा विणट्ठसोहा मणागमह चिंतए एवं ।।६।। णूणं
ण निया सोहा देहस्स इमस्स जं गया छाया। जाया झत्ति करंगुलिरेसा नियभूसणविहीणा ।।७।।
ता पज्जत्तमिमेहिं जणियाए मज्झ देहसोहाए । मोत्तुं कमेण लग्गो ताइं स उदग्गवेरग्गो ।।८।। एसा
य रायलच्छी पबलानिलदोलियंबुरुहसरिसा । तुच्छा वोच्छेयफला अलाहि इण्हिं ममेईए ।।९।। इह
सुद्धज्झाणपरो जा वट्टइ ताव संजमट्ठाणं । पढमं पत्तो तत्तो खणेण सो केवली जाओ ।।१०।।
संजमठाणेसु असंखलोगमाणेसु जो जिओ पढमं। (ठाणं) चिय पावइ सो खणेण परिवुड्ढपरिणामो ।।११।।
गंतुं संजमसेढीसीसं संपत्तकेवलालोओ। होइ जह भरहचक्की भणियमिणं कप्पभासम्मि ।।१२।।
अह उज्झियगिहिलिंगो विसिट्ठमुणिवेसधारगो होउं । सुरसामिणा सयं चिय संपाडियपयडपरममहो ।।१३।।
सुरनिम्मियपउमोयरनिसन्नओ सो जिणोव्व परिसाए । आढत्तो परिकहिउं धम्मं नवमेहगहिरसरो ।।१४।।
पुव्वाण लक्खमक्खंडमेगमेवं महिं विहरिऊण । अट्ठावयम्मि सिद्धो निद्धूयरओ स भगवंति ।।१५।।

जो एस बंभदत्तो चक्की जम्मंतराइं तस्सेह । निसुणिज्जंति इमाइं नियाणबंधो फलं चेव ।।१।।
सागेयम्मि पुरवरे सावगलोगावतंसओ आसि । चंदावतंसनामा नराहिवो निम्मलनयट्ठो ।।२।। तस्स
सुपवित्तचित्तो पुत्तो मुणिचंदनामगो सो य । निव्विन्नकामभोगो सागरचंदंतिए दिक्खं ।।३।।
अइतिक्खं पडिवन्नो विहरंतो तेसु तेसु देसेसु । गुरुचरणमूललीणो अहन्नया भिक्खणट्ठाए ।।४।।
गाममि पविट्ठो विहरिओ य सत्थेण वियडअडवीए । पब्भट्ठो तं तन्हाछुहाकिलंतं नियच्छंति ।।५।।
चत्तारि गोवपुत्ता तं पइ संजायभत्तिबहुमाणा । पडिजागरंति तद्देसणाए बुद्धाय पव्वइया ।।६।।
तत्थ दुवे मोहुदया धम्मदुगंछं करित्तु किंचि मया । सुरलोगम्मि गयाओ दसपुरनयरे जसमईए ।।७।।

दासीए उप्पन्ना संडिल्लगनामगेण विप्पेण । पुत्ता जमलगरूवा कमेण ते जोव्वणं पत्ता ।।८।। अरछेत्तरक्खणट्ठा वणं गया पायवस्स निसि हेट्ठा । वडनामगस्स सुत्ता तत्थेगो कुत्थराहिंतो ।।९।। अहिणा निग्गंतूणं डक्को बीओवि तस्स उवलंभं । काउमडंतो तेणेव भक्खिओ तक्खणं फणिणा ।।१०।। तो अकयपडियारा कालिंजरनामगे नगम्मि वरे । जमलत्तेण मिगीए मया समाणा सुया जाया ।।११।। पुव्वभवसिणेहाओ पच्चासन्नं चरंतया संता । वाहेणेगसरेणेव घाइया मरणमणुपत्ता ।।१२।। मयगंगाए तीरे दोवि मरालत्तणेण एगाए । हंसीए उप्पन्ना जमलगभावेण ते तत्तो ।।१३।। पत्ता जोव्वणमेगेण मच्छबंधेण पासियावडिया । गिहिणित्तु कंधरं वालिऊण पंचत्तमुवणीया ।।१४।। वाणारसीपुरीए पाणस्स भूयदिन्ननामस्स । तप्पाडगाहिवइणो पुत्तत्ताए समुप्पन्ना ।।१५।। अच्चंतणेहणिब्भरचित्ता नामेण चित्तसंभूया । तीए नयरीए संखो नामेण नराहिवो तइया ।।१६।। नमुई य तस्स सचिवो सो अवराहे तहाविहे जाए । पच्छन्नो वहणट्ठा समप्पिओ भूयदिन्नस्स ।।१७।। तेणावेस पहाणो त्ति य नो तओ मारणिज्जओ होइ । किंतु रहस्से काउं धरणिज्जो इय विचिंतेउं ।।१८।। भणिओ जइ मम पुत्ते भूमीहरसंठिए तुमं भद्द! । पाढेसि जीवियव्वं तुह अत्थि न अन्नहा कहवि ।।१९।। अवगन्निऊण जाइं कुलं च विज्जाण पारगत्तं च । नियजीवियत्थिणा तक्खणेण सव्वंपि पडिवन्नं ।।२०।। तो भूयदिन्नपुत्ते कलाकलावकुसले करेंतस्स । गच्छंति जाव दिवसा अहन्नया भूयदिन्नेण ।।२१।। विन्नायं मम पत्ती जह एएणं समं विणट्ठत्ति । चंडालभावसहजेण परिगओ चंडकोवेण ।।२२।। तं मारिउमाढत्तो अम्हं ओज्झावगोत्ति चित्तम्मि । संभाविऊण पच्छन्नमेव पुत्तेहिं नासविओ ।।२३।। सो हत्थिणाउरे नरवइस्स सिरिमंसणंकुमारस्स । जाओ मंती नियबुद्धिजोगओ सव्वमंतिवरो ।।२४।। ते य पुण पाणपुत्ता जोव्वणलायन्नरूवमाईहिं । तह नट्टगेयवाइयपमुहेण कलाकलावेण ।।२५।। जाया जणाण णयरीए माणसाणंदकारिणो बाढं । अह अन्नया महूसवसमए तरुणाण मणहरणे ।।२६।। चित्ताओ चच्चरीओ पुरमज्झे गिज्झमाणिगा जाया । णच्चंतो तरुणाणं णराण णारीण य समूहो ।।२७।। ते पाणसुए पमुहे काऊणं चच्चरीविणिक्खंतो । पाणतरुणाण सोऊण वियंभमाणा पुरस्संतो ।।२८।। पत्ता तग्गीयसरेण मोहिओ सेसचच्चरीलोओ । भत्तचरीओ सव्वो समागओ माहणेहिं ओ ।।२९।।

ईसालुयत्तणाओ रायाणं विन्नवेत्तु जह देव! एसो चंडालजणो विट्टालइनगरमिणमेवं ।।३०।। पडिहणिया ते नगरिं पविसंता अन्नया गते काले । केवइए कोमुइसमयसंपयट्टे महे परमे ।।३१।। ते भूयदिन्नपुत्ता समंतओ परिगया नियजणेण । कोऊहलतरलमणा विस्सुमरियसासणा संता ।।३२।। नयरंतरे पविट्ठा जणपेच्छणगे नियच्छिउं लग्गा । सोउं च चच्चरीओ हरिणा इव गोरिगीयाइं

।।३३।। अह वत्थेणं ठइऊण वयणमुग्गाइउं च पारद्धा । मिलिओ य सयललोओ तग्गीयाखित्तओ ज्झत्ति ।।३४।। अमयरसनिव्विसेसं केणेदं गिज्जए भणंतेण । जाव निहालियमवलोइया तओ भूयदिन्नसुया ।।३५।। हण २ भणिरेहिं तओ माहणलोएहिं घाइयसरीरा । निद्धाडिया पुराओ ठिया तओ बाहिरुज्जाणे ।।३६।। धी धी कलाकलावो कुलदोसाओ जहन्नओ जाओ । तो अम्हाण ण मरणं मोत्तूण परा गई अत्थि ।।३७।। लग्गा गंतुं दाहिणदिसाए देसंतरं गया दूरं । दिट्ठो गिरी महंतो एगो तत्थारुहंतेहिं ।।३८।। एगाए सिलाए तले ओलंबियभुयजुगो विगिट्ठतवो । दिट्ठो महामुणी काउसग्गपरिसंठिओ तेहिं ।।३९।। सप्पणयं च पणमिओ तेणावि य ज्झाणपरिसमत्तीए । अइमहुरगहीरसरेण सायरं धम्मलाभेण ।।४०।। आणंदिया य पुट्ठा य किंनिमित्तं इहागया तुब्भे । कहिओऽभिप्पाओ जह इमम्मि सेलम्मि मरणकए ।।४१।। सव्वाहमाओ चंडालजाईओ जं दढं समुव्विग्गा । लद्धावि गुणा दोसीभूया जम्हा इहम्हाणं ।।४२।। भणिया मुणिया न भवन्तरेवि कल्लाणमप्पघाईण । अत्थि न जुत्तो तम्हा मणोरहो एस तुम्हाण ।।४३।। सयलभवदुक्खवाहिविरेयणो-सहसमं जिणिंदमयं । धम्मं कुणह समीहियसिद्धीए कप्परुक्खंव ।।४४।। तो मुणिवराओ ताओ मुणिदिक्खा लग्गिओवलद्धा य । जम्हा ते तेण तया तदुचियभावेण परिकलिया ।।४५।। कालक्कमेण जाया गीयत्था छट्ठट्ठमाइतवनिरया । अनिययविहारचरियापरायणा गयउरम्मि गया ।।४६।। बहिरुज्जा-णम्मि ठिया मासक्खवणस्स पारणगदिवसे । संभूओ तत्थ गओ भिक्खट्ठा नयरमज्झम्मि ।।४७।। गेहाणुगेहमिरियासमिओ हिंडंतओ पहापडिओ । सचिवेणेसो दिट्ठो णमुइयणामेण तेण तओ ।।४८।। नाओ चंडालसुओ जह सो एसो भएण अजसस्स । नियपुरिसपेसणेणं पच्छन्नं हंतुमारद्धो ।।४९।। तवसोसियतणुणो निरवराहचरियस्स हंममाणस्स । कोवाणलो पजलिओ तस्सुज्झियधम्मकज्जस्स ।।५०।। पढमम्मि पाउसे जहा नहम्मि घणमंडलाइं रेहंति । तह तस्स वयणकुहरा विणिग्गया धूम-मालाओ ।।५१।। उद्दंडा तडिदंडा घणेसु जह सव्वओ विसप्पंति । तह तेउलेसदेसा वियंभिया धूम-मालासु ।।५२।। तो पलयकालजलवाहकलियमिव नहयलं विलोयंतो । जाओ संखुद्धमणो सबालवुड्ढो नयरलोओ ।।५३।। तो चक्कहरो सिरिमं सणंकुमारो सपरियरो तस्स । उवलद्धवइयरो तप्पसायहेउं समायाओ ।।५४।। भालयलमिलियधरणीयलेण पणमेत्तु जोडियकरेण । विन्नत्तमणेण जहा खमापहाणा मुणी होंति ।।५५।। जइ अप्पदोहएणं केणावि अणज्जचेट्ठिएण तुमं । अवरद्धं तत्तुल्लं चरियं न जुज्जए काउं ।।५६।। जइ नाम विसहरो कहवि कस्स लग्गेज्ज किं पुणो तस्स । भक्खणममूढमणसो घडेज्ज मणुयस्स, इय भणिरे ।।५७।। जा न निवम्मि पसीयइ ता चित्तो लद्धवइयरो ज्झत्ति । तस्स समीवमुवगओ भणइ जह उवसमं कुणसु ।।५८।। एसो कोवहुयासो निरंकुसो पजलिओ गुणवणाइं। निद्दहइ चंडतावो खणेण सुत्ते जओ भणियं ।।५९।। जह वणदवो वणं दवदमस्स जलिओ खणेण

निद्दहइ । एवं कसायपरिणओ जीवो तवसंजमं डहइ ।।६०।। तहा—कोहो कद्दमकोहोव्व कस्स मो होइ कद्दवित्थारो । उव्वेयकारणं दारुणाण दुक्खाण मूलखणी ।।६१।। एमाइदेसणावारिवाहधाराहिं वरिसिओ संतो । विज्झावियकोहग्गी वेरग्गमुदग्गमह स गओ ।।६२।। नमुई अमच्चो वि नराहिवेण बंधाविऊण तम्मूले । आणविओ तेणवि साणुकोसचित्तेण मोयविओ ।।६३।। तो दोवि विरागाओ पवन्नपज्जंतकालकरणिज्जा । जा चिट्ठंति नरवई अहन्नया वंदणनिमित्तं ।।६४।। पत्तो तयंतिए तेसिं चेव पयपज्जुवासणपरम्मि । तम्मी तक्खणपच्छागएण तस्सित्थिरयणेण ।।६५।। संभंतपणामकरेण कहवि पाएसु अग्गकेसेहिं । छुत्तो पमत्तचित्तो संजाओ ज्झत्ति संभूओ ।।६६।। जइ अग्गकेसफासो इमीए एयारिसो सुहो मन्ने । सव्वंगसंगसमए कोवि अपुव्वो धुवं होही ।।६७।। इय भावंता चित्ते नियाणमेयारिसं कुणइ सहसा । जइ मे तवाणुभावो समत्थि जम्मंतरे होज्जा ।।६८।। एयारिसित्थिलाभो वारिज्जंतो वि भाउणा बाढं । कागिणीकज्जे कोडी न फेडिउं तुज्झ जुत्तत्ति ।।६९।। तत्तो मुया समाणा जाया सोहम्मदेवलोगम्मि । नलिणीगुम्मविमाणे सोहग्गमहोयही देवा ।।७०।। कालेण विमाणाओ तओ चुया भारहम्मि इह खित्ते । संभूओ जाओ बंभदत्तनामा जहा चक्की ।।७१।। तह पुव्वंचिय कहियं जो पुण चित्तो पुरे पुराणम्मि । सो पुरिमतालनाममि इब्भपुत्तो समुप्पन्नो ।।७२।। निसुणिय धम्मो भवचारगाओ दूरं विरत्तओ संतो । निक्खंतो संपन्नो खंतो दंतो मुणी पवरो ।।७३।। पत्तो कंपिल्लपुरम्मि चक्किणो बंभदत्तनामस्स । जायं जाईसरणं तं पुण इय वइयरवसाओ ।।७४।। किल एगया नडेणं विन्नत्तो अज्ज महुयरीगीयं । नामेण नाडगविही देव! मए नच्चणिज्जोत्ति ।।७५।। अइउब्भडेण कुसलेण विहियणाणापयारवेसेण । नियपरियणेण सहिओ पच्छिमदिवसम्मि पारद्धो ।।७६।। नच्चेउं हयचित्तो जाओ सो नरवई इमम्मि खणे । सव्वोउयसुरहिपहाणकुसुमनिम्मियमइ-सुगंधं ।।७७।। दासीए उवणीयं एगं सुमहं तयं कुसुमदामं । गंडागारपरिट्ठियमलिमालारावरमणीयं ।।७८।। तो तं नट्टस्स विहिं पेच्छंतो कुसुमदामगंधं च । अग्घायंतो जाओ जाइस्सरणो जहा आसि ।।७९।। नलिणीगुम्मविमाणे सोहम्मे सुरवरो अहं तत्थ । अणुभूयमिणं सव्वं तक्खणमेवागओ मुच्छं ।।८०।। सीयलजलेण चंदणरसेण सित्तो समीवलोएण । पुणरागयचेयन्नो नियपुव्वसहोयरस्स तओ ।।८१।। अन्नेसणानिमित्तं भणिओ नियहिययनिव्विसेसत्तं । पत्तो वरधणुमंती गोवायंतेण जणमज्झे ।।८२।। नियचरियरहस्सं राउलस्स बंधाहिदारदेसम्मि । एयं सिलोगखंडं पत्तगमुल्लंबियं ताहे ।।८३।। यथा—'आश्वदासौ मृगौ हंसौ मातंगावमरौ तथा' । एयस्स उत्तरद्धं जो पूरइ तस्स हं पयच्छामि । अद्धं रज्जस्स लिहावियं चिमं पत्तयं तम्मि ।।८४।। रज्जाभिलासुगो अह लोओ तं पूरिउं समाढत्तो । तियचच्चराइसु तहा पढिज्जए पत्तलिहियं तं ।।८५।। अह चित्तजीवसाहू विहरंतो जायजाइसरणो सो । कंपिल्लपुरुज्जाणे समागओ संठिओ य तहिं ।।८६।। अरहट्टवाहगेणं पढिज्जमाणं

सुणेइ पत्तगयं । तो तक्खणेण मुणिणा इमो सिलोगो कओ पुत्रो ।।८७।। यथा—'एषा नौ षष्ठिका जातिरन्योन्याभ्यां वियुक्तयोः' । तं सोच्चा सो लहुमेव रायपासे पढेइ गंतूण । मुच्छाविगरालच्छो झत्ति महीए निवो पडइ ।।८८।। सवणाणंतरमुवलब्भ तस्स वसणं हणेउमारद्धो । तं जाव परियणो भणइ समणओ एयमुवलद्धं ।।८९।। उत्तरमद्धं सण्णालाभे राया भणेइ सो कत्थ । उज्जाणे देव! ममं तो हरिसपरव्वसो राया ।।९०।। सव्वनियरिद्धिसहिओ तद्दंसणहेउमागओ जाओ । कमलवणं पिव सूरालोए सवियासमुहकमलो ।।९१।। वंदित्ता उवविट्ठो पुट्ठो वुत्तंतमाइमं सव्वं । भणिओ तहा जह इमं रज्जं सममेव भुंजामो ।।९२।। धम्मस्सविफलमेयं जमेरिसा गरुयरज्जसंपत्ती । ता एयभोगकाले न सुंदरा दुक्करा किरिया ।।९३।। मुणिणावि मुणियदुव्विसहभोगपरिणामदुक्खलक्खेण । विहिया विसयाण विसोवमाण निंदा जहा एए ।।९४।। सल्लं कामा विसंकामा कामा आसीविसोवमा । कामे पत्थेमाणा अकामा जंति दुग्गइं ।।९५।। सव्वं गीयं विलवियं सव्वं नट्टं विडंबणा । सव्वे आभरणा भारा सव्वे कामा दुहावहा ।।९६।। इय उवमागब्भेहिं चित्तेहिं तेहिं तेहिं वयणेहिं । चक्की लद्धविरागो मणागमिय जंपिउं लग्गो ।।९७।। अहंपि जाणामि जहेह साहू जं मे तुमं अक्खसि वक्कमेयं । भोगा इमे संगकरा भवंति जे दुज्जया अज्जो अम्हारिसेहिं ।।९८।। मुनिः—जइ ता सि भोए चइउं असत्तो अज्जाइं कम्माइं करेहि रायं! । धम्मे ठिओ सव्वपयाणुकंपी जं होहिसी देव इओ विउव्वी ।।९९।। नो तुज्झ भोगे चइऊण बुद्धी गिद्धोसि आरंभपरिग्गहेसु । मुहा कओ एत्तियविप्पलावो गच्छामु रायं आमंतिओ सि ।।१००।। पंचालरायावि य बंभदत्तो साहुस्स तस्सा वयणं अकाउं । अणुत्तरे भुंजिय कामभोगे अणुत्तरे सो नरए पविट्ठो ।।१०१।। चित्तोवि कामेहिं विरत्तकामो उदग्ग-चारित्ततवो महेसी । अणुत्तरं संजम पालइत्ता अणुत्तरं सिद्धिगइं गउत्ति ।।१०२।। परक्कमं पोढमिहा-रुहित्ता खणेण कम्माइं निहोडइत्ता । सव्वुत्तमं णाणसिरिं लहित्ता तिन्नो भवं सो भरहो नरिंदो ।।१०३।। जो एत्थ बीओ पुण बंभदत्तो नियाणओ चिक्कणमज्जणित्ता । मिच्छत्तचारित्तविघाइकम्मं सो तव्वसो दुक्खपहे पविट्ठो ।।१०४।। इति ।।३५७।।

ભાવાર્થ :-

લૌકિક દૃષ્ટિથી જે કાર્ય પ્રચુર પુણ્યથી થાય છે ત્યાં દૈવ કારણ કહેવાય છે અને જે કાર્ય પ્રચુર પરાક્રમથી થાય છે ત્યાં પુરુષકાર કારણ કહેવાય છે. વળી, અન્ય દૃષ્ટિથી વિચારીએ તો દૈવ સંસારનું કારણ છે અને પરાક્રમ સંસારના બંધનના ઉચ્છેદમાં કારણ છે અને તે દૃષ્ટિથી વિચારીએ તો પ્રથમ ચક્રવર્તીએ સુખમાં બાધક એવા કર્મબંધનને પોતાના પરાક્રમ દ્વારા છેદીને સુખની પ્રાપ્તિ કરી. વળી, પ્રચુર કર્મના કારણે વિષયોનો સંગ બ્રહ્મદત્ત ચક્રવર્તીને સાતમી નરકે લઈ ગયો તેથી કર્મના ફળરૂપે બ્રહ્મદત્ત ચક્રવર્તીને નરકની પ્રાપ્તિ થઈ અને સ્વપરાક્રમના ફળથી ભરત મહારાજાને અસંગભાવની પ્રાપ્તિ થઈ. તેથી એ ફલિત થાય

કે લોકોત્તર દૃષ્ટિથી કર્મના પારવશ્ય પ્રત્યે કર્મ કારણ છે અને કર્મના પારવશ્યના ઉચ્છેદ પ્રત્યે પરાક્રમ કારણ છે. જોકે ઉભયત્ર દૈવ અને પુરુષકાર સંમિલિત જ છે; કેમ કે કર્મને પરવશ બ્રહ્મદત્ત ચક્રવર્તી પોતાનો પુરુષકાર ભોગાદિમાં કરીને ક્લિષ્ટ અધ્યવસાયને કરે છે જેનાથી સાતમી નરકે જાય છે. તેથી કર્મની પ્રચુરતાથી સંવલિત એવો તેનો પુરુષકાર હોવાથી કર્મજન્ય વિષયના અભિષ્વંગને કારણે નરકરૂપ ફળ બ્રહ્મદત્ત ચક્રવર્તીને છે તેમ કહેવાય છે. વળી, ભરત મહારાજા પ્રથમ સંઘયણાદિ પુણ્યના સહકારવાળા, ક્ષયોપશમભાવના દર્શનમોહનીયકર્મના સહકારવાળા અને અત્યંત સોપક્રમ એવા ચારિત્રમોહનીયના સહકારવાળા થઈને અસંગભાવમાં યત્ન કરે છે તેથી ભરત મહારાજાનું પરાક્રમ પણ કર્મોથી સંવલિત છે, તોપણ ગુણ-નિષ્પત્તિને અનુકૂળ જ્યાં યત્ન હોય ત્યાં પુરુષકાર પ્રધાન કહેવાય એ નિયમ અનુસાર ભરત મહારાજાને પરાક્રમથી બંધનનું ત્રોટન છે. વળી, દોષવૃદ્ધિને અનુકૂળ જ્યાં પ્રયત્ન હોય ત્યાં કર્મ પ્રધાન કહેવાય છે એ નિયમ અનુસાર બ્રહ્મદત્ત ચક્રવર્તીને સંગમાં ઘણું પરાક્રમ છે તોપણ કર્મ પ્રધાન કહેવાય છે આથી ચરમાવર્તકાળ બહારના જીવોનો ભવ બાલકાળ છે એમ કહેવાય છે અને ચરમાવર્તવર્તી જીવો ધર્મના યૌવનકાળવાળા છે એમ કહેવાય છે; કેમ કે ચરમાવર્ત બહારના જીવો કર્મની પ્રચુરતાવાળા હોવાથી ભવની વૃદ્ધિના ઉપાયોને સેવે છે. આથી જ ક્યારેક સંયમ ગ્રહણ કરે અને નવમા ગ્રૈવેયકમાં જાય તોપણ સંગના ઉચ્છેદને અનુકૂળ લેશ પણ પ્રયત્ન કરતા નથી, પરંતુ સંગની વૃદ્ધિમાં જ યત્ન કરનારા હોય છે અને ચરમાવર્તવર્તી જીવો સંગના ઉચ્છેદના અર્થી હોવાથી પુરુષકારને કરનારા છે. જોકે ચરમાવર્તમાં આવેલા જીવો પણ બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ વિષયના અભિષ્વંગવાળા હોય છે ત્યારે કર્મની પ્રચુરતાવાળા હોય છે માટે તેઓ સંગના ઉચ્છેદ માટે યત્ન કરતા નથી ત્યારે પુરુષકારને કરનારા કહેવાતા નથી પરંતુ દૈવને જ પરવશ કહેવાય છે.

આ સર્વ કથનથી સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે કર્મને પરવશ જે કોઈ પ્રવૃત્તિ છે તે દૈવકૃત છે અને કર્મના ઉચ્છેદ માટે જે કોઈ પ્રવૃત્તિ છે તે પુરુષકારકૃત છે એ પ્રકારે લોકોત્તર દૃષ્ટિથી કહેવામાં આવે છે. તેથી કર્મના ઉચ્છેદના અર્થી એવા શ્રાવકો વિવેકપૂર્વક અર્થ અને કામ સેવતા હોય ત્યારે પણ સંવેગપૂર્વક અર્થ, કામની પ્રવૃત્તિ હોવાથી વિવેકી શ્રાવકનો ધર્મ, અર્થ અને કામરૂપ પુરુષાર્થ પુરુષકારપ્રધાન કહેવાય છે અને મોહવશ થઈને ચૌદ પૂર્વધર પણ પાતને અભિમુખ બને છે ત્યારે તેઓ દૈવને પરવશ હોવાથી તેઓની પ્રવૃત્તિ દૈવપ્રધાન કહેવાય છે. **॥૩૫૭॥**

અવતરણિકા :-

ઉપસંહરન્નાહ —

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરતાં કહે છે=ગાથા-૧૮૪માં કહેલ કે મતિમાન પુરુષ આગમના વચનમાં લોકોત્તર નીતિથી યત્ન કરે છે તે કથન કર્યા પછી ગાથા-૧૮૫થી આજ્ઞાનું માહાત્મ્ય બતાવવાનો પ્રારંભ કર્યો જે ગાથા-૩૫૭માં પૂર્ણ થાય છે. તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

कयमेत्थ पसंगेणं सुद्धाणाजोगतो सदा मतिमं ।
वट्टेज्ज धम्मठाणे तस्सियरपसाहगत्तेण। ।३५८।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=આજ્ઞાના માહાત્મ્યના વર્ણનમાં, कयं पसंगेणं=પ્રસંગથી સર્યું=દૈવ અને પુરુષકારના સ્વરૂપના નિરૂપણરૂપ પ્રસંગથી સર્યું. मतिमं=મતિમાન પુરુષે, सुद्धाणाजोगतो=શુદ્ધ આજ્ઞાયોગથી, धम्मठाणे सदा वट्टेज्ज=ધર્મસ્થાનમાં સદા વર્તવું જોઈએ; तस्सियरपसाहगत्तेण=કેમ કે તેનું ઇતરનું પ્રસાધકપણું છે=શુદ્ધ આજ્ઞાનુસાર અલ્પ પણ ધર્માનુષ્ઠાનનું ઉત્તર-ઉત્તરના ધર્માનુષ્ઠાનનું નિષ્પાદકપણું છે. ।।૩૫૮।।

ગાથાર્થ :-

અહીં=આજ્ઞાના માહાત્મ્યના વર્ણનમાં, પ્રસંગથી સર્યું=દૈવ અને પુરુષકારના સ્વરૂપના નિરૂપણરૂપ પ્રસંગથી સર્યું. મતિમાન પુરુષે શુદ્ધ આજ્ઞાયોગથી ધર્મસ્થાનમાં સદા વર્તવું જોઈએ; કેમ કે તેનું ઇતરનું પ્રસાધકપણું છે=શુદ્ધ આજ્ઞાનુસાર અલ્પ પણ ધર્માનુષ્ઠાનનું ઉત્તર-ઉત્તરના ધર્માનુષ્ઠાનનું નિષ્પાદકપણું છે. ।।૩૫૮।।

ટીકા :-

कृतं पर्याप्तमत्राज्ञामाहात्म्यवर्णने प्रस्तुते प्रसङ्गेन दैवपुरुषकारस्वरूपनिरूपणादिना, शुद्धाज्ञायोगादुक्तस्वभावात् सदा सर्व्वकालं मतिमान् अतिशयबुद्धिधनो वर्तेत प्रवृत्तिमान् भवेद् धर्म्मस्थाने सम्यक्त्वादिप्रतिपत्तिलक्षणे । अथ हेतुमाह—तस्य शुद्धाज्ञानुसारिणो धर्म्मानुष्ठानस्य स्वल्पस्यापीतरप्रसाधकत्वेनोत्तरोत्तरदेशविरत्यादिधर्म्मानुष्ठाननिष्पादकत्वेन ।।३५८।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગાથા-૧૮૪માં કહેલ કે બુદ્ધિમાન પુરુષે લોકોત્તરનીતિથી આગમમાં યત્ન કરવો જોઈએ અને તેમ કહીને આજ્ઞાના માહાત્મ્યના વર્ણનમાં પ્રસંગથી દૈવ અને પુરુષકારનું વર્ણન કર્યું; કેમ કે પુરુષકારરૂપ આજ્ઞા છે. તેથી આજ્ઞાનુસાર પુરુષકાર કરીને બુદ્ધિમાન પુરુષ પોતાનું હિત સાધી શકે છે. હવે તે પ્રાસંગિક કથન પૂર્ણ થાય છે એથી કહે છે બુદ્ધિમાન પુરુષે ધર્મસ્થાનમાં શુદ્ધ આજ્ઞાયોગથી પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ માત્ર અધિક ત્યાગાત્મક અનુષ્ઠાન છે તેવી બુદ્ધિ કરીને શક્તિનો વિચાર કર્યા વગર મોટાં અનુષ્ઠાનો કરવા યત્ન કરવો જોઈએ નહીં; કેમ કે શુદ્ધ આજ્ઞાનુસાર થોડું પણ કરાયેલું અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરની વૃદ્ધિ દ્વારા સર્વ કર્મના નાશનું કારણ બને છે. તેથી એ ફલિત થાય કે કલ્યાણના અર્થી જીવે સદા સંસારની રૌદ્ર અવસ્થાનું ભાવન કરવું જોઈએ, સર્વ કર્મરહિત જીવની અવસ્થા અત્યંત સુંદર છે તેનું સૂક્ષ્મ

બુદ્ધિથી વારંવાર અવલોકન કરવું જોઈએ અને તેવી સુંદર અવસ્થાની પ્રાપ્તિનો એક ઉપાય સંપૂર્ણ સંગના ઉચ્છેદ માટે સર્વવિરતિમાં કરાતો યત્ન છે, અન્ય કાંઈ નથી તેનું અત્યંત ભાવન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે પ્રકારે સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન પૂર્ણ વિધિઅનુસાર સેવવું જોઈએ. જેથી શુદ્ધ વિધિના રાગપૂર્વક સેવાયેલું તે અલ્પ પણ અનુષ્ઠાન પરંપરાએ સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને. આથી જ કોઈક મતિમાન પુરુષ ઉપદેશક પાસેથી સંસારની નિર્ગુણતાને જાણીને મોક્ષનો અર્થી થયો હોય, તેની પ્રાપ્તિનો ઉપાય સર્વવિરતિ છે તેવું જાણીને સર્વવિરતિની પ્રવૃત્તિ કઈ રીતે અસંગભાવમાં જાય છે તેના પરમાર્થને સૂક્ષ્મ બુદ્ધિથી રોજ ભાવન કરે અને પોતાની શક્તિ ન હોય તો દેશવિરતિ સ્વીકારે, દેશવિરતિની શક્તિ ન હોય તો માંસાદિ ત્યાગ કરે અને માંસાદિ ત્યાગના જે નિયમો ગ્રહણ કરે તેને તે રીતે શુદ્ધ પાળે જેથી ઉત્તર-ઉત્તરના ત્યાગની શક્તિનો સંચય થાય અર્થાત્ માંસાદિ ત્યાગ માત્રમાં સંતોષ ન માને, પરંતુ તે પરિણામ સ્થિર થાય ત્યારે ઉત્તરઉત્તરના ભાગમાં યત્ન કરે, જેના બળથી સર્વવિરતિને અનુકૂળ સૂક્ષ્મ બોધપૂર્વક સંયમ પાળવાની શક્તિ પ્રગટ થાય. આ રીતે શુદ્ધ આજ્ઞાયોગમાં બુદ્ધિમાન પુરુષે સદા યત્ન કરવો જોઈએ. **॥૩૫૮॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=શુદ્ધ આજ્ઞાયોગ ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનનું પ્રસાધક છે એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

ગાથા :-

तस्सेसो उ सहावो जमियरमणुबंधई य नियमेण ।
दीवोव्व कज्जलं सुणिहिउत्ति कज्जंतरसमत्थं ।।३५९।।

અન્વયાર્થ :-

तस्स=તેનો=શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનનો, एसो उ सहावो=આ જ સ્વભાવ છે. जमियरमणुबंधई य नियमेण=અને જે અનુષ્ઠાન ઈતર અનુષ્ઠાનને નિયમથી અનુબંધન કરે છે=ઈતર અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવે છે. सुणिहिउत्ति दीवोव्व=જેમ સુનિહિત દીવો=પવન ન આવે તે સ્થાનમાં મુકાયેલો દીવો, कज्जंतरसमत्थं कज्जलं=કાર્યાંતરમાં સમર્થ એવા કાજલને કરે છે (તેમ શુદ્ધ આજ્ઞાયોગરૂપ અનુષ્ઠાન ઉત્તરના ગુણસ્થાનકને કરે છે). ॥૩૫૯॥

ગાથાર્થ :-

તેનો=શુદ્ધાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનનો, આ જ સ્વભાવ છે અને જે અનુષ્ઠાન ઈતર અનુષ્ઠાનને નિયમથી અનુબંધન કરે છે=ઈતર અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવે છે. જેમ સુનિહિત દીવો=પવન ન

આવે તે સ્થાનમાં મુકાયેલો દીવો, કાર્યાંતરમાં સમર્થ એવા કાજલને કરે છે તેમ શુદ્ધ આજ્ઞાયોગરૂપ અનુષ્ઠાન ઉત્તરના ગુણસ્થાનકને કરે છે. ।।૩૫૯।।

ટીકા :-

तस्योक्तलक्षणस्य धर्म्मानुष्ठानस्यैष त्वेष एव वक्ष्यमाणस्वभावलक्षणं यदितरधर्म्मानुष्ठानमनुबध्नाति न केवलं स्वयं भवतीति चकारार्थः, नियमेनाव्यभिचारेण कार्यान्तरसमर्थमित्यत्रापि संबध्यते, ततः कार्यान्तरसमर्थमुत्तरोत्तरसुगतिलाभलक्षणम् । दृष्टान्तमाह—दीप इव प्रदीपवत् कज्जलं प्रतीतरूपमेव, सुनिहितोऽनिवातस्थाननिवेशित इति कृत्वा कार्यान्तरसमर्थं प्रस्तुतप्रकाशमपेक्ष्य यत् कार्यान्तरं तरुणी-नयननिर्मलताप्रधानादि तत्सम्पादकमिति । यथा—प्रदीपः सुनिहितोऽवश्यं कार्यान्तरसमर्थं कज्जलमनु-बध्नाति तथा प्रस्तुतमनुष्ठानमप्यनुष्ठानान्तरमिति ।।३५९।।

ભાવાર્થ :-

દીવાને પવન ન લાગે તે રીતે મૂકવામાં આવે અને તેનાથી જે કાજળ થાય છે તે કાજળ ચક્ષુની નિર્મળતાનું સંપાદક થાય છે તેમ નિર્વાતસ્થાને મુકાયેલા દીવા જેવું અતિચારના કલંકની ભૂમિકા વગરનું સ્વભૂમિકાનુસાર શુદ્ધ અનુષ્ઠાન છે. તેથી જેઓ મોક્ષના પારમાર્થિક સ્વરૂપનું પ્રતિસંધાન કરીને તેની પ્રાપ્તિનું એક કારણ અસંગભાવ છે તે પ્રકારે નિર્ણય કરીને અસંગભાવને અનુકૂળ મનોવ્યાપાર ઉલ્લસિત થાય તે પ્રકારે દૃઢ પ્રણિધાન કરીને સ્વભૂમિકાનુસાર નમસ્કાર, જપાદિ શુદ્ધ ક્રિયા કરે તો જપથી પણ ઉત્તર-ઉત્તરના ભાવોને સ્પર્શે તેવી નિર્મળતા પ્રગટે છે. તેથી જેમ નિર્વાત સ્થાનમાં મુકાયેલો દીવો કાજળને ઉત્પન્ન કરે છે તેમ સ્વભૂમિકાનુસાર સેવાયેલું અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની યોગ્યતાને પ્રગટ કરે છે અને જેમ તે કાજળ ચક્ષુની નિર્મળતાને પ્રગટ કરે છે તેમ શુદ્ધ અનુષ્ઠાનથી કષાયોનું વિગમન થવાને કારણે અસંગભાવના પારમાર્થિક સ્વરૂપને પૂર્વ-પૂર્વ કરતાં અધિક અધિક સૂક્ષ્મ જોવાને માટે અંતરંગ ચક્ષુ સમર્થ બને છે. આથી અનંતાનુબંધી કષાયના વિગમનથી થયેલી નિર્મળ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો મોહની અનાકુળ અવસ્થાને સાર રૂપે જુએ છે તેના કરતાં પણ અપ્રત્યાખ્યાનીય કષાયના વિગમનથી થયેલી વિશેષ નિર્મળ દૃષ્ટિવાળા દેશવિરતિધર શ્રાવકો સૂક્ષ્મ પ્રજ્ઞાથી અસંગ અવસ્થાના સારને અતિશયિત જોઈ શકે છે. એથી જેમ જેમ કષાયોનું વિગમન અધિક અધિક થાય છે તેમ તેમ આત્માની નિરાકુળ અવસ્થાવિષયક સૂક્ષ્મ બોધ અધિક અધિક થાય છે અને શુદ્ધ અનુષ્ઠાન કષાયને અલ્પ કરવા પ્રત્યે તત્કાળ એક કારણ છે; કેમ કે તીવ્ર સંવેગપૂર્વક સેવાયેલું અનુષ્ઠાન શુદ્ધ અનુષ્ઠાન બને છે અને જે અનુષ્ઠાનમાં તીવ્ર સંવેગ હોય તે અનુષ્ઠાન અવશ્ય પોતાના સંવેગના પરિણામને અનુરૂપ કષાયનું વિગમન કરીને ઉત્તરના ગુણસ્થાનકને પ્રગટ કરે છે. **।।૩૫૯।।**

અવતરણિકા :-

अथ शुद्धाज्ञायोगस्यैव माहात्म्यमुपचिन्वन्नाह —

અવતરણિકાર્થ :-

હવે શુદ્ધ આજ્ઞાયોગના જ માહાત્મ્યને અતિશય કરતાં=ગાથા-૧૮૫થી શુદ્ધ આજ્ઞાયોગનું માહાત્મ્ય બતાવ્યું તેને જ અતિશય કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

एत्तो उ दिट्ठिसुद्धी गंभीरा जोगसंगहेसुंति ।
भणिया लोइयदिट्ठतओ तहा पुव्वसूरीहिं ।।३६०।।

અન્વયાર્થ :-

एत्तो उ=આથી જ=શુદ્ધ આજ્ઞાયોગનું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિવાળું છે આથી જ, जोगसंगहेसुंति=યોગ-સંગ્રહને કરનારા આલાવામાં, गंभीरा दिट्ठिसुद्धी=ગંભીર દૃષ્ટિશુદ્ધિ, लोइयदिट्ठतओ=લૌકિક દૃષ્ટાંતથી, तहा=તે પ્રકારે, पुव्वसूरीहिं भणिया=પૂર્વાચાર્યો વડે કહેવાઈ છે. ।।૩૬૦।।

ગાથાર્થ :-

આથી જ=શુદ્ધ આજ્ઞાયોગનું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિવાળું છે આથી જ, યોગસંગ્રહને કરનારા આલાવામાં ગંભીર દૃષ્ટિશુદ્ધિ લૌકિક દૃષ્ટાંતથી તે પ્રકારે પૂર્વાચાર્યો વડે કહેવાઈ છે. ।।૩૬૦।।

ટીકા :-

इतस्त्वित एव शुद्धाज्ञायोगपूर्व्वकानुष्ठानस्य सानुबन्धत्वाद्धेतोर्दृष्टिशुद्धिः सम्यग्दर्शननिर्मलता गंभीरानुद्घाटमहानिधानमिव मध्याविर्भूताद्भुतविशेषा योगसंग्रहेषु योगस्य साधुजनानुष्ठानस्य संग्रहाः संग्राहकाः सिद्धान्तालापकास्तेषु द्वात्रिंशत्संख्येषु 'आलोयणा निरवलावे आवईसु दढधम्मया' इत्यादिश्लोकपञ्चकोक्तेषु, इतिः पदपरिसमाप्तौ, भणिता लौकिकदृष्टान्ततः, तथेति तत्प्रकारात् पूर्वसूरिभिः सुधर्म्मस्वामिप्रभृतिभिः ।।३६०।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ સંપૂર્ણ સંગથી રહિત મુક્ત અવસ્થાના પારમાર્થિક સ્વરૂપનું સૂક્ષ્મ આલોચન કરીને તેના પ્રાપ્તિના ઉપાયભૂત અસંગભાવને પ્રગટ કરવાના દૃઢ પ્રણિધાનપૂર્વક સ્વભૂમિકાનુસાર જે અનુષ્ઠાન સેવે છે તેઓનું તે અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ હોવાથી દૃષ્ટિની નિર્મળતા સ્વરૂપ છે; કેમ કે નિર્મળ દૃષ્ટિથી જ ઉત્તર-ઉત્તરનું અનુષ્ઠાન પ્રગટ થાય છે અને આથી જ ભાવસાધુના સ્વરૂપને બતાવનારા યોગસંગ્રહના ૩૨ આલાવામાં દૃષ્ટિની શુદ્ધિ=સમ્યગ્દર્શનની નિર્મળતા, ગંભીર કહેવાઇ છે=નહીં ઉઘાડ થયેલા મહાનિધાનના મધ્યને આવિર્ભાવ કરનાર અદ્‌ભુત વિશેષવાળી તે દૃષ્ટિ છે તેમ કહેવાઈ છે. તેથી જેમ ભૂમિઅંતર્ગત નિધાન ચક્ષુથી દેખાતું નથી અને કોઈ દિવ્ય અંજન આંજે તો ભૂમિમાં રહેલ ગુપ્ત

નિધાન પણ તે દિવ્યચક્ષુથી જોઈ શકે છે તેમ જેઓ અસંગભાવને જોવાની નિર્મળ દૃષ્ટિપૂર્વક સદ્અનુષ્ઠાન સેવે છે તેઓની તે અનુષ્ઠાનના સેવનથી થયેલી નિર્મળ દૃષ્ટિ ભાવસાધુઓની આચરણામાં રહેલા અસંગભાવના સૂક્ષ્મ ભાવોને જોવા સમર્થ બને છે. જેમ ભૂમિઅંતર્ગત નિધાન ચક્ષુથી દેખાતું નથી અને દિવ્ય અંજનવાળી ચક્ષુથી દેખાય છે તેમ સાધુના સંયમના અનુષ્ઠાનને કહેનારા યોગસંગ્રહમાં રહેલા અસંગભાવના પરિણામને ચર્મચક્ષુ જોવા સમર્થ નથી પરંતુ જેઓની ચક્ષુ સર્વજ્ઞના વચનરૂપી દિવ્યઅંજનથી નિર્મળ થયેલી છે તેઓને સંયમનાં સર્વ અનુષ્ઠાનોમાં સર્વ સંગ વગરની જીવની નિર્મળ પરિણતિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર દેખાય છે. આથી જ એવા નિર્મળ દૃષ્ટિવાળા જીવો સાધુના સર્વ આચારોને માત્ર આચારરૂપે જોતા નથી પરંતુ 'તે આચારો દ્વારા કઈ રીતે સંસારનો ક્ષય થાય છે ? કઈ રીતે સંસારના કારણીભૂત મોહનો ક્ષય થાય છે ?' તેના પરમાર્થને જોનારા હોય છે તેથી તેવી આચરણા ન કરી શકે તોપણ તેવી આચરણા કરવાને અનુકૂળ ઉત્કટ ઇચ્છાવાળા થાય છે. **॥૩૬૦॥**

અવતરણિકા :-

तमेव दृष्टान्तं संगृह्णन्नाह –

અવતરણિકાર્થ :-

તે જ દૃષ્ટાંતને=ગાથા-૩૬૦માં કહ્યું કે લૌકિક દૃષ્ટાંત પૂર્વચાર્યોએ કહ્યું છે તે જ દૃષ્ટાંતને, સંગ્રહ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

साएयम्मि महबलो विमल पहा चेव चित्तपरिकम्मे ।
णिप्फत्ति छट्ठमासे भूमीकम्मस्स करणं च ।।३६१।।

અન્વયાર્થ :-

साएयम्मि=સાકેત નગરમાં, महबलो=મહાબલ રાજા, विमल पहा चेव=વિમલ અને પ્રભાકર એ નામના ચિત્રકાર, चित्तपरिकम्मे=ચિત્ર પરિકર્મ=તેઓ વડે ચિત્ર પરિકર્મ પ્રારંભ કરાયે છતે, छट्ठमासे णिप्फत्ति=છ માસમાં નિષ્પત્તિ=તે બેમાંથી એક ચિત્રકાર વડે છ માસ પછી ચિત્રનિષ્પત્તિ બતાવાઈ. भूमीकम्मस्स करणं च=અને ભૂમિકર્મનું કરણ=બીજા વડે છ માસ પછી ભૂમિકર્મનું કરણ બતાવાયું. ॥૩૬૧॥

ગાથાર્થ :-

સાકેત નગરમાં, મહાબલ રાજા, વિમલ અને પ્રભાકર એ નામના ચિત્રકાર, ચિત્ર પરિકર્મ=તેઓ વડે ચિત્ર પરિકર્મ પ્રારંભ કરાયે છતે, છ માસમાં નિષ્પત્તિ=તે બેમાંથી એક ચિત્રકાર વડે છ માસ પછી ચિત્રનિષ્પત્તિ બતાવાઈ. અને ભૂમિકર્મનું કરણ=બીજા વડે છ માસ પછી ભૂમિકર્મનું કરણ બતાવાયું. ॥૩૬૧॥

ટીકા :-

साकेते नगरे 'महबल'त्ति महाबलो नाम राजाऽजनि । 'विमल'त्ति विमलनामा 'पहा चेव'त्ति प्रभाकरश्चैवचित्रकरावभूताम् । ताभ्यां च चित्रपरिकर्म्मणि प्रारब्धे निष्पत्तिरेकेन षष्ठमासे दर्शिता । द्वितीयेन तु भूमीकर्मणः करणं चेति ।।३६१।।

અવતરણિકા :-

इमामेव गाथां व्याचक्षाणो दूयेत्यादिगाथापंचकं किञ्चिदधिकमाह –

અવતરણિકાર્થ :-

આ જ ગાથાને=૩૬૧મી જ ગાથાને, કહેનારા ગ્રંથકારશ્રી 'दूय' ઈત્યાદિ ગાથાપંચકને આશ્રયીને કાંઈક અધિક કહે છે –

ગાથા :-

दूयापुच्छण रण्णो किं मज्झं णत्थि देव! चित्तसभा ।
आदेसो निम्मवणा पहाणचित्तगरबहुमाणो ।।३६२।।१।।
अण्णोण्णभित्तिजवणिगकिरिया छम्मासओ उ एगेण ।
णिम्मवणं अन्नेणं भूमीकम्मं सुपरिसुद्धं ।।३६३।।२।।
रायापुच्छणमेगो णिम्मवियं बीय भूमिकरणम्मि ।
आहूसुगणिवदंसण चित्ते तोसो उचियपूजा ।।३६४।।३।।
जवणीविक्खेवेणं तस्संकम रम्म रायपासणया ।
किं वेयारसि ण हु देव! संकमो जवणिगा णो उ ।।३६५।।४।।
रण्णो विम्हय तोसो पुच्छा एवं तु चित्तविहि सम्मं ।
भावण वण्णगसुद्धी थिरवूड्ढि विवज्जओ इहरा ।।३६६।।५।।

અન્વયાર્થ :-

दूयापुच्छण रण्णो=રાજાના દૂતની પૃચ્છા થઈ=રાજાએ રાજસભામાં દૂતને પૂછ્યું – किं मज्झं णत्थि='મને શું નથી ?' देव ! चित्तसभा=દૂતે કહ્યું – 'હે દેવ ! ચિત્રસભા નથી.' निम्मवणा आदेसो=નિર્માપના આદેશ=રાજાએ ચિત્રસભા નિર્માપનાવિષયક બે ચિત્રકારને આદેશ કર્યો. पहाणचित्तगरबहुमाणो=પ્રધાન ચિત્રકારનું બહુમાન કરાયું.

અણ્ણોણ્ણભિત્તિજવણિગકિરિયા=અન્યોન્ય ભિત્તિમાં પડદો કરીને ક્રિયાનો પ્રારંભ કરાયો. છમ્માસઓ ઉ એગેણ ણિમ્મવણં=ત્યારપછી છ માસથી એક વડે ચિત્રનું નિર્માણ કરાયું. અન્નેણં ભૂમીકમ્મં સુપરિસુદ્ધં=અન્ય વડે સુપરિશુદ્ધ ભૂમિકર્મ કરાયું.

રાયાપુચ્છણં=રાજા વડે પૃચ્છા કરાઈ. એગો ણિમ્મવિયં=એક વડે નિર્માપિત=એક વડે ચિત્ર નિર્માપિત કરાયું. બીય ભૂમિ કરણમ્મિ આહુ=બીજાએ 'ભૂમિકર્મ કરાયું' એ પ્રમાણે કહ્યું. ઉસુગણિવદંસણ=ઉત્સુક એવા રાજાનું દર્શન=રાજા વડે ચિત્રસભાનું દર્શન, ચિત્તે તોસો=ચિત્ર જોઈને રાજાને તોષ થયો. ઉચિય-પૂજા=ઉચિત પૂજા કરી=વિમલ નામના એક ચિત્રકારની ઉચિત પૂજા કરી.

જવણીવિક્ખેવેણં=પડદાના અપસારણથી, તસ્સંકમ=તેના સંક્રમણ વડે=બીજાં ભિત્તિગત ચિત્રના સંક્રમણ વડે, રમ્મ=રમ્ય=અતિશયવાળાં ચિત્રોનું, રાયપાસણયા=રાજાને દર્શન થયું. કિં વેયારસિ=(રાજાએ બીજા ચિત્રકાર પ્રભાકરને કહ્યું –) 'શું અમને ઠગે છે ?' ણ હુ દેવ !=(ચિત્રકારે, રાજાને કહ્યું –) 'હે દેવ ! એ પ્રમાણે નથી. સંકમો=સંક્રમણ છે=બીજાં ભિત્તિગત ચિત્રોનું સંક્રમણ છે.' જવણિગા=પડદો કર્યો. ણો ઉ=ન થયું=સંક્રમણ થયું નહીં.

રણ્ણો વિમ્હય=રાજાને વિસ્મય, તોસો=તોષ થયો. પુચ્છા=પૃચ્છા કરી. એવં તુ='કેમ આ પ્રમાણે ?=આ પ્રમાણે ભૂમિકાશુદ્ધિ કેમ આરંભ કરાઈ ?' ચિત્તવિહિ સમ્મં=(ચિત્રકારે કહ્યું –) 'ચિત્રવિધિ સમ્યગ્ થાય છે=આ પ્રકારે વિધિપૂર્વક ભૂમિશુદ્ધિ કરવાથી ચિત્રવિધિ સમ્યગ્ થાય છે.'

કેમ ચિત્રવિધિ સમ્યગ્ થાય છે ? તેથી કહે છે – (કારણ કે)

ભાવણ='ભાવના થાય છે=સજીવત્વ લક્ષણ ભાવના થાય છે, વણ્ણગસુદ્ધી=વર્ણક શુદ્ધિ થાય છે. થિરવૂઢ્ઢિ=સ્થિરત્વ થાય છે અને વૃદ્ધિ થાય છે ઇહરા=ઇતરથા=ભૂમિશુદ્ધિ કરવામાં ન આવે તો, વિવજ્જઓ=વિપર્યાસ થાય છે.' ॥૩૬૨થી ૩૬૬॥

ગાથાર્થ :-

રાજાના દૂતની પૃચ્છા થઈ=રાજાએ રાજસભામાં દૂતને પૂછ્યું – 'મને શું નથી ?' દૂતે કહ્યું – 'હે દેવ ! ચિત્રસભા નથી.' નિર્માપના આદેશ=રાજાએ ચિત્રસભા નિર્માપનાવિષયક બે ચિત્રકારને આદેશ કર્યો. પ્રધાન ચિત્રકારનું બહુમાન કરાયું.

અન્યોન્ય ભિત્તિમાં પડદો કરીને ક્રિયાનો પ્રારંભ કરાયો. ત્યારપછી છ માસથી એક વડે ચિત્રનું નિર્માણ કરાયું. અન્ય વડે સુપરિશુદ્ધ ભૂમિકર્મ કરાયું.

રાજા વડે પૃચ્છા કરાઈ. એક વડે નિર્માપિત=એક વડે ચિત્ર નિર્માપિત કરાયું. બીજાએ 'ભૂમિકર્મ કરાયું' એ પ્રમાણે કહ્યું. ઉત્સુક એવા રાજાનું દર્શન=રાજા વડે ચિત્રસભાનું દર્શન, ચિત્ર જોઈને રાજાને તોષ થયો. ઉચિત પૂજા કરી=વિમલ નામના એક ચિત્રકારની ઉચિત પૂજા કરી.

પડદાના અપસારણથી, તેના સંક્રમણ વડે=બીજાં ભિત્તિગત ચિત્રના સંક્રમણ વડે, રમ્ય= અતિશયવાળાં ચિત્રોનું, રાજાને દર્શન થયું. રાજાએ બીજાં ચિત્રકાર પ્રભાકરને કહ્યું – 'શું અમને

ઠગે છે ?' ચિત્રકારે, રાજાને કહ્યું – 'હે દેવ ! એ પ્રમાણે નથી. સંક્રમણ છે=બીજાં ભિત્તિગત ચિત્રોનું સંક્રમણ છે.' પડદો કર્યો. ન થયું=સંક્રમણ થયું નહીં.

રાજાને વિસ્મય, તોષ થયો. પૃચ્છા કરી. 'કેમ આ પ્રમાણે ?=આ પ્રમાણે ભૂમિકાશુદ્ધિ કેમ આરંભ કરાઈ ?' ચિત્રકારે કહ્યું – 'ચિત્રવિધિ સમ્યગ્ થાય છે=આ પ્રકારે વિધિપૂર્વક ભૂમિશુદ્ધિ કરવાથી ચિત્રવિધિ સમ્યગ્ થાય છે.'

કેમ ચિત્રવિધિ સમ્યગ્ થાય છે ? તેથી કહે છે – (કારણ કે)

'ભાવના થાય છે=સજીવત્વ લક્ષણ ભાવના થાય છે, વર્ણક શુદ્ધિ થાય છે. સ્થિરત્વ થાય છે અને વૃદ્ધિ થાય છે. ઇતરથા=ભૂમિશુદ્ધિ કરવામાં ન આવે તો, વિપર્યાસ થાય છે.' ।।૩૬૨થી ૩૬૬।।

ટીકા :-

साएयं नाम पुरं विसायमायामयाइमुक्कजणं । राया तत्थ महाबलनामा चउरंगबलकलिओ ।।१।। मंथिज्जमाणजलनिहिसलिलसमुप्पन्नफेणफाराए । कित्तीए धवलियजओ कयपणयजणामलफलाए ।।२।। संसिद्धरज्जकज्जो सहागओ अन्नया भणइ दूयं । जं अन्नेसिं निवईणमत्थि तं मज्झ किं नत्थि ।।३।। (दूतः–)सव्वाणि रज्जचिंधाणि देव! तव संति किंचिदधिकाणि । परमत्थि न चित्तसभा जहन्नराईण तह तुब्भं ।।४।। विमलपहाकरनामा चित्तकरा सेणिणायगा दोन्नि । सद्दाविया निवइणा गरुयममरिसं वहंतेण ।।५।। भणिया एयसभाए जह चित्तं लहु पसिज्झए कुणह । तह तुब्भे सव्वायरसारा जणचित्तचोरंति ।।६।। एवंति मन्निए गरुयरायसम्माणभायणीभूया । तक्कालोवट्ठियसयल-चित्तपाउग्गसुइदव्वा ।।७।। विहिया दुहा सभा सा मज्झम्मि य जवणिया घणा ठविया । मा कोइ अइसयं पेच्छिऊण कस्सावि चोरेज्जा ।।८।। आढत्ता चित्तेउं सपरियणा तं सहं कयपइन्ना । विमलेण छट्ठमासे विचित्तचित्ता इमा विहिया ।।९।। तो रन्ना कोउगपरिगएण जुगवं दुवेवि परिपुट्ठा। हंहो! तुब्भं चित्तं केत्तियमेत्तं विणिप्फन्नं ?।।१०।। विन्नत्तो विमलेणं जह चित्तं मज्झ अविकलं जायं। णियदिट्ठिपयाणेणाणुग्गहमेत्तो खणं कुणह ।।११।। बीएण पुण पयंपियमेगावि मए न निम्मिया रेहा । चित्तपरिकम्मजोगा भूमिच्चिय केवला रइया ।।१२।। दिट्ठो सहाविभागो रन्ना विमलेण चित्तिओ तोसो । तो तस्स समुप्पन्नो कयाय पूया समुचियत्ति ।।१३।। विक्खिविऊणं जवणियमियरसहाभागमिह पलोइंति । जा नरनाहो चित्तियभित्तिविभागस्स संकमओ ।।१४।। तत्तो रम्मसरूवा सा भित्ती ज्झत्ति निवइणा दिट्ठा । चित्तयरवयणविहडणमभिसंकंतो लहु विलक्खो ।।१५।। जाओ निवो पयंपइ अम्हे वियारिया किमेवं ते ?। ण हु देव! संकमातो चित्तस्स इमेरिसं जायं ।।१६।। संकासंकुलियमणोवि तं जवणियमवणियं जहा कुणइ । ता पेच्छइ भित्तिं चिय निवई

ससिनिम्मलालोयं ।।१७।। विप्फुरियविम्हयमुहो पुच्छइ राया तए न किं विहियं । चित्तं एत्तियकालो जं लग्गो भूमिमेत्तम्मि ?।।१८।। देव! न भूमिविसुद्धिं विणेह चित्तं कयंपि रमणिज्जं । ओभावइ वन्नगा जं थिरत्तसुद्धीओ न लहंति ।।१९।। अव्वो चित्तगरसिरोमणी इमो अत्थि एरिसो अन्नो । भणिओ अच्छउ एसा इमंपि चित्तं इमं होही ।।२०।। संकमवसाउ अहियं निभालणिज्जं जओ कुरूवंपि । मुहमादरिसस्स तले अहियं सोहं समुव्वहइ ।।२१।। सक्कारो अइगरुओ तह विहिओ जह स जावजीवंपि । नियबंधुलोयसहिओ परमं सुहिभावमणुपत्तो ।।२२।।

अथोल्लिंगितगाथाक्षरार्थः—

'दूयापुच्छण'त्ति दूतस्य पृच्छा समभूद् राज्ञो महाबलस्य, यथा किं वस्तु मम नास्ति ? स आह—देव! चित्रसभा नास्ति । तदनन्तरमेव द्वयोश्चित्रकरयोरादेशो दत्तः 'णिम्मवण'त्ति निर्मापनाविषयः। तदन्वेव प्रधानचित्रकरबहुमानः प्रवृत्तः ।।३६२।।१।।

'अन्नोन्नभित्तिजवणिगकिरिया' इति अन्योऽन्यं परस्परभित्त्योश्चित्रयितुमारब्धयोर्जवनिकाक्रिया विहिता मध्ये काण्डपटस्थापनेनादर्शनं कृतमित्यर्थः । ततः षण्मासतस्तु षण्णां मासानां पर्यन्ते एवैकेन विमलनाम्ना चित्रकारेण निर्म्मापणं चित्रस्य कृतम् । अन्येन प्रभाकरनाम्ना भूमिकर्मचित्रभूमिका-निष्पत्तिरूपं सुपरिशुद्धमिति ।।३६३।।२।।

राजप्रच्छनमभूत् । एको विमलनामा निर्म्मापितं चित्रमिति, द्वितीयस्तु भूमिकर्मेति आह ब्रूते । तत उत्सुकस्य नृपस्य दर्शनं समजनि । चित्रे भित्तिगते तोषो राज्ञः । उचितपूजा कृता विमलस्येति ।।३६४।।३।।

ततो जवनिकाविक्षेपेण काण्डपटापसारेण तत्संक्रमेण द्वितीयभित्तिगतचित्रसंक्रमेण रम्यस्याति-शायिनश्चित्रस्य राज्ञो दर्शनमकारि । जातवैलक्ष्यश्च नृपतिराह—किमस्मान् विप्रतारयसि वंचयसि ? प्रभाकरः नहु नैव देव! विप्रतारयामि । यतः संक्रमो द्वितीयभित्तिगत एषः । ततो जवनिका दत्ता। नो तु नैव संक्रमो वृत्तः ।।३६५।।४।।

राज्ञो विस्मयतोषौ सम्पन्नौ । तथा, पृच्छा कृता, किमेवं भवता भूमिकाशुद्धिरारब्धेति । भणितं च तेनैवं त्वनेनैव विधिना भूमिकाशुद्धिलक्षणेन चित्रविधिः सम्यक् सम्पद्यते । कुतः । यतः, भावना सजीवत्वलक्षणा, वर्णकशुद्धिः कृष्णनीलादिवर्णकानां स्वरूपोत्कर्षरूपा तथा 'थिरवुड्ढि'त्ति स्थिरत्वं वृद्धिश्च स्फारीभवनरूपा सम्पद्यत इति । विपर्ययो व्यत्यासो भावनादीनां इतरथा भूमिकामालिन्ये सति सम्पद्यत इति । ततः साधुरिति कृत्वा महापूजा कृता भणितं चास्तां भित्तिरियमित्थमेव भवति ।।३६६।।५।।

ભાવાર્થ :-

સાકેતપૂર નગરમાં મહાબલ રાજા હતો. કોઈક દૂતને રાજાએ પૃચ્છા કરી 'મારે ત્યાં શું નથી ?' તેથી દૂતે કહ્યું 'ચિત્રસભા નથી.' તે સાંભળીને રાજાએ વિમલ અને પ્રભાકર એ નામના બે ચિત્રકારને એક ચિત્રસભા બનાવવાનો આદેશ કર્યો. વચમાં એક પડદો કરીને અડધો ભાગ એક ચિત્રકારને સોંપ્યો અને અન્ય ભાગ અન્ય ચિત્રકારને સોંપ્યો. વિમલ નામના ચિત્રકારે છ મહિને સુંદર ચિત્રો નિર્માણ કર્યાં અને પ્રભાકરે છ મહિને ચિત્રને અનુકૂળ ભૂમિની શુદ્ધિ કરી. રાજા ચિત્રસભા જોવા આવે છે. વિમલનાં ચિત્રોને જોઈને તોષ થાય છે. તેનો ઉચિત સત્કાર કરે છે. પડદો દૂર કરીને પ્રભાકરનું જોવા જાય છે ત્યારે શુદ્ધ ભૂમિ હોવાને કારણે વિમલ ચિત્રકારનાં ચિત્રોનું તેમાં સંક્રમણ થાય છે. તેથી રાજાને શંકા થાય છે કે પ્રભાકરે રાજાને ઠગ્યો છે. પ્રભાકર ખુલાસો કરે છે. તેથી પડદો નાખીને અન્ય ભૂમિ ઘસીને ચોખ્ખી થયેલી છે તેવો નિર્ણય થાય છે અને તેવી ચોખ્ખી ભૂમિ થવાથી સજીવ ચિત્રો થઈ શકે છે એ પ્રકારે પ્રભાકરે કહ્યું. **॥૩૬૧થી ૩૬૬॥**

અવતરણિકા :-

इत्थं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે દૃષ્ટાંતને કહીને દાર્ષ્ટાન્તિક યોજનાને કહે છે –

ગાથા :-

तुल्लाए किरियाए अभव्वदूरभव्वमाइजीवाणं ।
धम्मट्ठाणविसुद्धी एमेव हवेइ इट्ठफला ।।३६७।।

અન્વયાર્થ :-

अभव्वदूरभव्वमाइजीवाणं तुल्लाए किरियाए=અભવ્ય-દુર્ભવ્યાદિ જીવોની તુલ્ય ક્રિયા હોતે છતે, एमेव=આ રીતે જ=ચિત્રકર્મની જેમ જ, धम्मट्ठाणविसुद्धी=ધર્મસ્થાનની વિશુદ્ધિ, इट्ठफला हवेइ=ઈષ્ટ ફળવાળી થાય છે. ॥૩૬૭॥

ગાથાર્થ :-

અભવ્ય-દુર્ભવ્યાદિ જીવોની તુલ્ય ક્રિયા હોતે છતે આ રીતે જ=ચિત્રકર્મની જેમ જ, ધર્મસ્થાનની વિશુદ્ધિ ઈષ્ટ ફળવાળી થાય છે. ॥૩૬૭॥

ટીકા :-

तुल्यायामेव क्रियायां चैत्यवन्दनास्वाध्यायसाधूपासनादिरूपायामभव्यदूरभव्यासन्नभव्यादिभेदभाजां जीवानां धर्मस्थानविशुद्धिर्विधीयमानधर्मविशेषनिर्मलता एवमेव चित्रकर्मवत्, भूमिकाशुद्धौ शुद्धबोधि-

लाभलक्षणायां सत्यामित्यर्थः, भवतीष्टफला निष्कलंककल्याणलाभप्रयोजना, अन्यथा तद्विपर्यय एवेति ।।३६७।।

ભાવાર્થ :-

ચૈત્યવંદન આદિ ધર્મનાં અનુષ્ઠાનો દુર્ભવ્ય, અભવ્ય અને નજીકમાં મોક્ષે જનારા જીવો ક્યારેક બાહ્યથી સમાન કરે છે. આથી જ અભવ્યાદિ પણ બાહ્યથી સમાન ક્રિયા કરીને યાવદ્ નવમા ગ્રૈવેયક સુધી જાય છે. તેથી બાહ્ય અનુષ્ઠાન કરતી વખતે કષાયોનું ચિત્તમાં અપ્રવર્તન કરીને તે તે અનુષ્ઠાનોની ક્રિયા અભવ્ય પણ કરે છે અને આસન્નભવ્ય પણ કરે છે. પરંતુ સંસારના વાસ્તવિક સ્વરૂપને સૂક્ષ્મ રીતે જોઈ શકે અને મોક્ષના વાસ્તવિક સ્વરૂપને સૂક્ષ્મ રીતે જોઈ શકે એ પ્રકારની ચિત્તની શુદ્ધિ અભવ્યાદિની નથી. તેથી જે અભવ્યાદિ દેવોના આગમન આદિને કારણે પરલોકને સ્પષ્ટ માને છે અને પરલોકના હિત અર્થે ધર્મની ક્રિયા કરે છે અને તે ક્રિયાકાળમાં પણ ચિત્તને કષાયોમાં અપ્રવર્તન કરાવીને શુભલેશ્યાવાળું કરે છે તોપણ 'સંસાર જીવને કઈ રીતે વિડંબનારૂપ છે અને મુક્ત અવસ્થા કઈ રીતે જીવને માટે એકાંતે સુખકારી છે' તેના પરમાર્થને જોવાને અભિમુખ નિર્મળ દૃષ્ટિ નહીં પ્રગટ થયેલી હોવાથી 'ઇન્દ્રિયોના અનુકૂળ ભાવમાં જ સુખ છે અને પ્રતિકૂળ ભાવોમાં જ દુઃખ છે' તેવી જ સ્થિર બુદ્ધિ અભવ્ય-દુર્ભવ્ય આદિની છે. તેથી તેઓનું અનુષ્ઠાન મોક્ષને અનુકૂળ લેશ પણ શુદ્ધિ વગરનું હોવાથી નિષ્ફળ છે; કેમ કે ધર્માનુષ્ઠાન કરીને કષાયોનું અપ્રવર્તન કરવા છતાં પણ કષાયના ઉચ્છેદને અભિમુખ લેશ પણ પરિણામ થાય તેવી શુદ્ધિ તેઓ પામ્યા નથી અને જે જીવો કાંઈક ભદ્રક પ્રકૃતિવાળા થયા છે તેઓને મુક્ત અવસ્થાનું સ્વરૂપ સ્પષ્ટ જણાય તેમ નથી, તોપણ વિશેષ સામગ્રીને પામીને 'મુક્ત અવસ્થા રમ્ય છે' તેમ સમજી શકે તેવી મુક્તિઅદ્વેષની ભૂમિકાને પામ્યા છે તેઓનું ધર્માનુષ્ઠાન કાંઈક મોક્ષને અભિમુખ બને છે. છતાં જો તેઓ વિશેષ પ્રકારની ચિત્તની ભૂમિકા શુદ્ધ ન કરે તો ધર્માનુષ્ઠાનથી પણ આત્મા નિર્મળ બને નહીં. માટે જેમ પ્રભાકર નામના ચિત્રકારે ભૂમિની અત્યંત શુદ્ધિ કરી તેમ જે જીવો સંસારના પરિભ્રમણથી ત્રસ્ત થયા છે અને મોક્ષને અભિમુખ કાંઈક પરિણામવાળા થયા છે તેઓએ પણ વારંવાર સંસારના સૂક્ષ્મ સ્વરૂપનું ભાવન કરીને સંસારના વિમુખભાવને અત્યંત સ્થિર કરવો જોઈએ અને 'મુક્ત અવસ્થા કઈ રીતે આત્માની અત્યંત સુંદર અવસ્થા છે' તેના સૂક્ષ્મ સ્વરૂપને વારંવાર જાણીને તે સૂક્ષ્મ બોધથી આત્માને અત્યંત ભાવિત કરવો જોઈએ. વળી, 'મુક્ત અવસ્થાની પ્રાપ્તિની કારણીભૂત આ ક્રિયાઓ કઈ રીતે મોક્ષની પરિણતિને અનુકૂળ અંતરંગ શુદ્ધિ પ્રગટ કરી શકે છે' તેના પરમાર્થને નિપુણ પ્રજ્ઞાથી જાણીને નિપુણતાપૂર્વક તે તે ક્રિયાઓ કરવા દ્વારા ચિત્તમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતર તત્ત્વના અવલોકનની દૃષ્ટિ પ્રગટ કરવી જોઈએ. જેથી શુદ્ધ બોધિલાભરૂપ ભૂમિકાની શુદ્ધિ થયે છતે નમસ્કાર-જપાદિ સર્વ ક્રિયાઓ વિશિષ્ટ પ્રકારની ફળનિષ્પત્તિમાં કારણ બને છે.

વળી, જેઓ અભવ્ય કે દુર્ભવ્ય નથી છતાં મોક્ષનો આશય કરીને પણ માત્ર ધર્માનુષ્ઠાન કરીને સંતોષ માને છે અને સૂક્ષ્મ આલોચનપૂર્વક ચિત્તની શુદ્ધિ કરવા પ્રયત્ન કરતા નથી તેઓનું ધર્માનુષ્ઠાન તે પ્રકારના કલ્યાણનું કારણ બનતું નથી. આથી જ ચરમાવર્તમાં આવેલા જીવો યોગનાં બીજોને પાડીને પણ યથાતથા

ધર્માનુષ્ઠાન કરીને અનંત કાળ સુધી સંસારમાં અનેક પ્રકારની કદર્થનાઓ પામે છે. માટે આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર થાય તે રીતે શાસ્ત્રનાં દરેક વચનોને સ્પર્શીને તેના ઐદંપર્યનો નિર્ણય કરીને તે ભાવોથી આત્માને અતિભાવિત કરવો જોઈએ. જેથી મોક્ષને અનુકૂળ એવા આત્માની ભૂમિકાની શુદ્ધિ પ્રાપ્ત થાય. **॥૩૬૭॥**

અવતરણિકા :-

એતદેવ પરમતસંવાદેનાહ –

અવતરણિકાર્થ :-

આને જ=ધર્મની નિષ્પત્તિ અર્થે ભૂમિકાની શુદ્ધિને જ, પરમતસંવાદનથી કહે છે –

ગાથા :-

अज्झप्पमूलबद्धं इत्तोणुट्ठाणमो सयं बिंति ।
तुच्छमलतुल्लमएणं अण्णेवज्झप्पसत्थण्णू ।।३६८।।

અન્વયાર્થ :-

इत्तो=આથી જ=ભૂમિકાની શુદ્ધિથી અનુષ્ઠાન ફળવાળું થાય છે આથી જ, अज्झप्पमूलबद्धं अणुट्ठाणमो=અધ્યાત્મમૂળબદ્ધ અનુષ્ઠાનને, अवज्झप्पसत्थण्णू सयं बिंति=અધ્યાત્મશાસ્ત્રના જાણનારાઓ સત્ય કહે છે=પરમાર્થથી તદનુષ્ઠાન કહે છે. अण्णे=अन्य=અન્ય અનુષ્ઠાનને, तुच्छमलतुल्लमएणं=તુચ્છમલ સદૃશ કહે છે. ॥૩૬૮॥

ગાથાર્થ :-

આથી જ=ભૂમિકાની શુદ્ધિથી અનુષ્ઠાન ફળવાળું થાય છે આથી જ, અધ્યાત્મમૂળબદ્ધ અનુષ્ઠાનને, અધ્યાત્મશાસ્ત્રના જાણનારાઓ સત્ય કહે છે=પરમાર્થથી તદનુષ્ઠાન કહે છે. અન્ય=અન્ય અનુષ્ઠાનને, તુચ્છમલ સદૃશ કહે છે. ॥૩૬૮॥

ટીકા :-

इहाध्यात्मलक्षणमित्थमवसेयं–

'औचित्याद् वृत्तयुक्तश्च वचनात् तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ।।१।।' इति ।

ततोऽध्यात्ममेव मूलं तेन बद्धमायत्तीकृतमध्यात्ममूलबद्धम्, अतो भूमिकाशुद्धावेवानुष्ठानस्येष्टफलत्वाद्धेतोर्यदनुष्ठानं परमार्थतस्तदनुष्ठानं ब्रुवते तुच्छमलतुल्यमसारशरीरलग्नमलसदृशमन्यदध्यात्ममूलबंधविकलमन्येऽपि तीर्थान्तरीया अध्यात्मशास्त्रज्ञा ब्रुवन्तीति यदेवाध्यात्मबन्धप्रधानमनुष्ठानं तदेव

भवव्याधिक्षयकरणतया तत्त्वतोऽनुष्ठानम् । तद्विलक्षणं च शरीररूढरजोराशिवद् मालिन्यकारितया-ऽत्यन्ततुच्छमन्येऽपि योगशास्त्रविदो विदुरिति ।।३६८।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે ભૂમિકાની શુદ્ધિથી જ ધર્મક્રિયા ઇષ્ટ ફળવાળી થાય છે આથી જ અન્ય દર્શનકારો પણ કહે છે કે અધ્યાત્મમૂળબદ્ધ અનુષ્ઠાન સત્ય છે અર્થાત્ ઇષ્ટ ફળનું સાધક છે. એથી એ પ્રાપ્ત થાય કે જે અનુષ્ઠાનની ક્રિયા મોહનું ઉન્મૂલન કરીને આત્માના અનાકુળભાવને સ્પર્શે તે પ્રકારે જેટલા અંશમાં છે તેટલા અંશમાં અધ્યાત્મ સાથે તે ક્રિયા બંધાયેલી છે અને જે ક્રિયા માત્ર કાયિક, વાચિક કે યાવત્ માનસ વ્યાપારરૂપ હોય છતાં મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ કોઈ ઉપયોગ ન હોય તો તે ક્રિયા તુચ્છ શરીર ઉપર લાગેલા મલતુલ્ય છે. માટે મોક્ષના આશયથી અનુષ્ઠાન કરનારે પણ સતત પોતાનાથી સેવાતી તે તે ક્રિયા કઈ રીતે મોહનું ઉન્મૂલન કરવા માટે સમર્થ બને છે તેના સૂક્ષ્મ આલોચનપૂર્વક તે ક્રિયાના તાત્પર્યનો નિર્ણય કરીને તે પ્રકારે જ તે ક્રિયામાં યત્ન કરવો જોઈએ. જેમ 'करेमि भंते ! सामाइयं' માં 'હું સામાયિક કરું છું' તે પ્રકારનું પ્રણિધાન કરીને માત્ર સામાયિક ઉચ્ચરાવવાની ક્રિયા કે સામાયિક દરમ્યાન સ્વાધ્યાયાદિની ક્રિયા કરવાથી તે ક્રિયા સામાયિકરૂપ બને નહીં પરંતુ સંગના પરિણામના ત્યાગપૂર્વક અસંગભાવને સ્પર્શનારો સામાયિકનો પરિણામ છે, તે રીતે નિર્ણય કરીને સ્વાધ્યાયાદિ ઉચિત ક્રિયા અસંગભાવને અભિમુખ ઉપયોગ પ્રવર્તે તે રીતે કરવામાં આવે તો જ તે અનુષ્ઠાન અધ્યાત્મમૂળ સાથે બદ્ધ બને છે, અન્યથા દેહ ઉપર લાગેલા મલ જેવું અસાર તે અનુષ્ઠાન બને છે. ફક્ત જેઓને સામાયિકના પરમાર્થનો સૂક્ષ્મ બોધ થયો છે છતાં સામાયિકના તે ભાવોને કરવા અસમર્થ છે તોપણ સૂક્ષ્મ બોધ અને સૂક્ષ્મ રુચિ હોવાથી સદા તે ભાવો કરવા માટે અભ્યાસ કરતા હોય તો સૂક્ષ્મ બોધ અને સૂક્ષ્મ રુચિ હોવાને કારણે તેઓનું પણ સામાયિક કાંઈક સફળ છે પરંતુ જેઓને એવો બોધ કરાવનાર યોગ્ય ઉપદેશક મળે છતાં ગાઢ આવારક કર્મો હોવાને કારણે પરમાર્થને જાણવાની જિજ્ઞાસા પણ થતી નથી તેઓની સામાયિકની ક્રિયા તુચ્છ મલતુલ્ય અસાર છે. **॥૩૬૮॥**

अवतरणिका :-

इदं चाध्यात्मं यतो भवति, यच्चातः प्रवर्त्तते, तद्दर्शयति –

અવતરણિકાર્થ :-

અને આ અધ્યાત્મ જેનાથી થાય છે=જે શુદ્ધ આજ્ઞાયોગથી થાય છે, અને આનાથી=અધ્યાત્મથી, જે પ્રવર્તે છે=જે અનુષ્ઠાન પ્રવર્તે છે, તેને બતાવે છે –

ગાથા :-

सुद्धाणाजोगाओ अज्झप्पं सति इओ समालोचो ।
हंदि अणुट्ठाणगओ ततो य तं नियमतो होति ।।३६९।।

અન્વયાર્થ :-

सुद्धाणाजोगाओ=શુદ્ધ આજ્ઞાયોગથી, अज्झप्पं सति=અધ્યાત્મ થાય છે. इओ=આનાથી=અધ્યાત્મથી, अणुट्ठाणगओ समालोचो=અનુષ્ઠાનગત સમાલોચ થાય છે. ततो य=અને તેનાથી=અનુષ્ઠાનગત સમાલોચથી, तं=તે=અનુષ્ઠાન, नियमतो होति=નિયમથી થાય છે. ॥૩૬૯॥

ગાથાર્થ :-

શુદ્ધ આજ્ઞાયોગથી અધ્યાત્મ થાય છે. આનાથી=અધ્યાત્મથી, અનુષ્ઠાનગત સમાલોચ થાય છે અને તેનાથી=અનુષ્ઠાનગત સમાલોચથી, તે=અનુષ્ઠાન, નિયમથી થાય છે. ॥૩૬૯॥

ટીકા :-

शुद्धाज्ञायोगादध्यात्ममुक्तरूपं सदा सर्व्वकालं संजायते न पुनरन्यथापि, तस्य तदेककारणत्वात् । तदनु इतोऽध्यात्मात् समालोचो विमर्शश्चिकीर्षासारो 'हंदि' इत्युपप्रदर्शने, अनुष्ठानगतस्तच्चित्रक्रिया-काण्डविषयः प्रवर्त्तते । ततश्च तस्मादेवालोचात् तदनुष्ठानं नियमतो भवति, तस्य तदबंध्यहेतुत्वादिति ॥३६९॥

ભાવાર્થ :-

જે મહાત્માઓને સંસાર અત્યંત નિર્ગુણ ભાસે છે અને 'મુક્ત અવસ્થા જ સુંદર અવસ્થા છે' તેવો સ્થિર નિર્ણય છે અને તેની પ્રાપ્તિનો ઉપાય સર્વજ્ઞનું વચન છે; કેમ કે 'સર્વજ્ઞ વીતરાગ સર્વ પ્રવૃત્તિ પોતાના તુલ્ય વીતરાગ થવાના ઉપાયરૂપે બતાવે છે' આ પ્રકારનો બોધ થયો છે તેથી સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણીને 'મારે તે પ્રમાણે યત્ન કરવો જોઈએ' એ પ્રકારનો શુદ્ધ આજ્ઞાનો યોગ જે મહાત્મામાં પ્રગટ્યો છે તે મહાત્મામાં સદા અધ્યાત્મ વર્તે છે અર્થાત્ વિવેકપૂર્વકનું તત્ત્વચિંતન વર્તે છે. આથી જ તે મહાત્મા ધર્મ, અર્થ કે કામની કોઈપણ પ્રવૃત્તિ કરે તે સર્વમાં તત્ત્વચિંતન અવશ્ય વર્તે છે. તેથી જ તે મહાત્માની અર્થ-કામની પ્રવૃત્તિ પણ સંવેગસાર જ હોય છે. માટે તે મહાત્માના ચિત્તમાં સર્વદા અધ્યાત્મ વર્તે છે અને તે અધ્યાત્મને કારણે પોતે જે અનુષ્ઠાન કરવા ઇચ્છે છે તદ્વિષયક તે મહાત્મા સમાલોચન કરે છે અર્થાત્ 'કઈ રીતે આ અનુષ્ઠાન સેવું જેથી આ લોકમાં અને પરલોકમાં સુખની વૃદ્ધિ થાય, ક્લેશની વૃદ્ધિ ન થાય.' એ પ્રમાણે સમાલોચન કરે છે. આથી જ આવા મહાત્મા ધર્માનુષ્ઠાન સેવે ત્યારે અવશ્ય તે ધર્માનુષ્ઠાન વીતરાગભાવને અભિમુખ ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પ્રાપ્ત કરાવે છે અને ક્વચિદ્ અવિરતિના ઉદયવાળા હોય અને કામની વૃત્તિ જાગૃત થાય ત્યારે પણ અધ્યાત્મયુક્ત ચિત્ત હોવાના કારણે તેઓને વિમર્શ થાય છે કે ભગવાને "सल्लं कामा विसं कामा" ઇત્યાદિ કહેલ છે. તેથી ભગવાનનાં તે તે વચનોનું ભાવન કરીને કામની ઇચ્છાના ક્લેશને શાંત કરવા યત્ન કરે છે. તે પ્રકારના ભાવનથી તે ક્લેશ શમે નહીં ત્યારે કામની ઇચ્છાના ક્લેશના શમન અર્થે અને ચિત્તના સ્વાસ્થ્યની પ્રાપ્તિ અર્થે વ્રણલેપની જેમ કામનું સેવન કરે છે જેથી પ્રતિપક્ષ ભાવનથી શમે નહીં એવી કામની ઇચ્છા તે ક્રિયાથી શાંત થાય છે અને કામની ઇચ્છાના શમનરૂપ

સ્વસ્થતાને વર્તમાનમાં પામે છે અને ફરી ફરી કામની ઇચ્છા ન વર્તે તેના માટે શાસ્ત્રઅધ્યયન, ઉચિત ભાવનાઓ અને ઉચિત ધર્માનુષ્ઠાન સેવીને અને વારંવાર ભાવસાધુના અસંગ ચિત્તનું સ્મરણ કરીને તેવી શક્તિનો સંચય કરવા યત્ન કરે છે. તેથી તેઓનું ધર્માનુષ્ઠાન તો અધ્યાત્મના સમાલોચનથી સંવલિત છે, પરંતુ અર્થ-કામનું અનુષ્ઠાન પણ અધ્યાત્મના પરિણામથી સંવલિત બને છે. ॥૩૬૯॥

અવતરણિકા :-

अयं च शुद्धाज्ञायोगो यथा भवति, तद्दर्शयति, –

અવતરણિકાર્થ :-

અને આ શુદ્ધ આજ્ઞાયોગ જે પ્રમાણે થાય છે તેને બતાવે છે –

ગાથા :-

एसो उ तहाभव्वत्तयाए संजोगतो निओगेण ।
जायति भिन्ने गंठिम्मि अन्नहा णो जतो भणियं ।।३७०।।

અન્વયાર્થ :-

एसो उ=વળી આ=શુદ્ધ આજ્ઞાયોગ, भिन्ने गंठिम्मि=ભિન્ન ગ્રંથિ હોતે છતે, तहाभव्वत्तयाए=તથાભવ્યત્વની સાથે, संजोगतो=સંયોગ થવાના કારણે, निओगेण जायति=નિયોગથી થાય છે. अन्नहा=અન્યથા= ગ્રંથિભેદનો અભાવ હોતે છતે, णो=નથી થતો, जतो भणियं=જે કારણથી કહેવાયું છે. ॥૩૭૦॥

ગાથાર્થ :-

વળી આ=શુદ્ધ આજ્ઞાયોગ, ભિન્ન ગ્રંથિ હોતે છતે તથાભવ્યત્વની સાથે સંયોગ થવાના કારણે નિયોગથી થાય છે. ગ્રંથિભેદનો અભાવ હોતે છતે નથી થતો જે કારણથી કહેવાયું છે. ॥૩૭૦॥

ટીકા :-

एष शुद्धाज्ञायोगः पुनस्तथाभव्यतया उक्तरूपतया संयोगात् सम्पृक्तभावाद् नियोगेन नियमेन जायते जीवानाम् । कीदृशे कस्मिन्नित्याह—भिन्नेऽपूर्वकरणवज्रसूच्या सम्पन्नच्छिद्रे कृते ग्रन्थौ घनरागद्वेषपरिणाम-रूपे । अन्यथा ग्रन्थिभेदाभावे सति नो नैव, महामोहसन्निपातोपहतत्वात् । यतो भणितमागमे ।।३७०।।

ભાવાર્થ :-

જીવ માત્ર સુખના અર્થી છે તેથી સુખનો ઉપાય જ્યાં દેખાય છે ત્યાં પ્રવૃત્તિ કરે છે. એકેન્દ્રિયાદિ જીવો પણ જ્યાં સુખ દેખાય છે ત્યાં પ્રવૃત્તિ કરે છે અને જ્યાં દુઃખ દેખાય છે ત્યાંથી નિવૃત્તિ કરે છે. વળી, જે જીવોનું તથાભવ્યત્વ જે પ્રકારનું છે તેને અનુરૂપ તેમનામાં તત્ત્વને અભિમુખભાવ થાય છે. તેથી જેમને મોહની અનાકુળ અવસ્થા સુખરૂપ દેખાય છે અને મોહની આકુળ અવસ્થા જ દુઃખરૂપ દેખાય છે અને આગામી

સર્વ દુઃખની પરંપરાનું કારણ મોહની આકુળતા છે તેમ જણાય છે તેવા જીવોને તેવા પ્રકારના ભવ્યત્વની સાથે તેઓનો સંયોગ થાય છે. તેના કારણે મોહની અનાકુળ અવસ્થાની પ્રાપ્તિનું કારણ ભગવાનની આજ્ઞા છે તેવો સ્થિર નિર્ણય થાય છે તેથી તથાભવ્યત્વની સાથે સંયોગને કારણે નિયમથી તે જીવોને શુદ્ધ આજ્ઞાયોગ પ્રાપ્ત થાય છે. જેઓને તથાભવ્યત્વના યોગને કારણે શુદ્ધ આજ્ઞાયોગ પ્રાપ્ત થાય છે તેઓ અવશ્ય તત્ત્વને જોવામાં બાધક રાગદ્વેષની ગ્રંથિનો ભેદ કરે છે. તેનાથી જ તેઓને આત્માની નિરાકુળ અવસ્થા સુખરૂપ જણાય છે અને આત્માની આકુળ અવસ્થા દુઃખરૂપ જણાય છે. આથી જ ક્રોધ-માન-માયા-લોભ-રતિ-અરતિ આદિ સર્વ ભાવો તેઓને આત્માની વિલ્વળ અવસ્થા જણાય છે અને સંપૂર્ણ નિર્ગ્રંથ અવસ્થા તેઓને સુખરૂપ જણાય છે, તેવા જીવોમાં શુદ્ધ આજ્ઞાયોગ સદા વર્તે છે અને જેઓએ તત્ત્વને જોવામાં બાધક રાગદ્વેષની ગ્રંથિનો ભેદ કર્યો નથી તેઓને બાહ્ય પ્રતિકૂળ ભાવો દુઃખરૂપ જણાય છે અને બાહ્ય અનુકૂળ ભાવો સુખરૂપ જણાય છે, એટલું જ નહીં પરંતુ બાહ્ય અનુકૂળ ભાવોમાં વર્તતા રાગની વિલ્વળતા કે રતિ આદિ ભાવો પણ સુખરૂપ જ છે તેમ જણાય છે, પરંતુ મોહના વિકારજન્ય આ ભાવો છે તે આત્માની વિડંબનાસ્વરૂપ હોવાથી વર્તમાનમાં અહિતકારી છે, ભાવિના અહિતનું મહાબીજ છે અને તે ભાવોથી આકુળ થયેલો જીવ આરંભ-સમારંભ કરીને નરકાદિમાં જાય છે તે સર્વ દેખાતું નથી. તેથી તેવા જીવો ભોગાદિ કરે ત્યારે તો શુદ્ધ આજ્ઞાયોગ નથી પરંતુ ધર્માનુષ્ઠાનકાળમાં પણ શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ વગરના છે. ફક્ત જેઓએ ગ્રંથિભેદ કર્યો નથી છતાં ગ્રંથિભેદને અભિમુખભાવવાળા છે, કાંઈક માર્ગાનુસારી તત્ત્વાતત્ત્વનો ભેદ કરવા પ્રયત્ન કરે છે તેઓમાં હેતુથી શુદ્ધ આજ્ઞાયોગ છે જે ઉત્તર-ઉત્તર વૃદ્ધિ પામીને ગ્રંથિભેદનું કારણ બનશે. અહીં ગાથામાં કહ્યું કે ગ્રંથિભેદ થયે છતે તથાભવ્યત્વની સાથે આત્માને સંયોગ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવ ગ્રંથિનો ભેદ કરે ત્યારે શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિનું કારણ બને તેવા પ્રકારના ભવ્યત્વની સાથે જીવનો સંયોગ થાય છે જે તથાભવ્યત્વ મોહના ઉન્મૂલનને અનુકૂળ પરાક્રમ ઉત્પન્ન કરે તેવા સ્વભાવવાળું છે. તેથી તે તથાભવ્યત્વને કારણે જીવને શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થાય છે. **॥૩૭૦॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી આગમમાં કહેવાયું છે તેથી તે આગમમાં કહેવાયેલું વચન જ બતાવે છે –

ગાથા :-

वेहपरिणामरहिते ण गुणाहाणमिह होति रयणम्मि ।
जह तह सुत्ताहाणं न भावतोऽभिन्नगंठिम्मि ।।३७१।।

અન્વયાર્થ :-

इह=અહીં=લોકમાં, जह=જે પ્રમાણે, वेहपरिणामरहिते रयणम्मि=વેધપરિણામરહિત રત્નમાં, गुणाहाणं ण होति=ગુણાધાન થતું નથી=સૂત્રતંતુનો પ્રવેશ થતો નથી, तह=તે પ્રમાણે, अभिन्नगंठिम्मि=અભિન્ન

ગ્રંથિમાં, ભાવતો=ભાવથી, સુત્તાહાણં ન=સૂત્રનું આધાન થતું નથી=સૂત્રના તાત્પર્યને સ્પર્શે તેવો બોધ થતો નથી. ॥૩૭૧॥

ગાથાર્થ :-

અહીં=લોકમાં, જે પ્રમાણે, વેધપરિણામરહિત રત્નમાં ગુણાધાન થતું નથી=સૂત્રતંતુનો પ્રવેશ થતો નથી, તે પ્રમાણે અભિન્ન ગ્રંથિમાં ભાવથી સૂત્રનું આધાન થતું નથી=સૂત્રના તાત્પર્યને સ્પર્શે તેવો બોધ થતો નથી. ॥૩૭૧॥

ટીકા :-

वेधपरिणामरहितेऽपातितमध्यच्छिद्रे तथाविधप्रयोगाद् न नैव गुणाधानंसूत्रतन्तुप्रवेश इह भवति रत्ने पद्मरागादौ यथेति दृष्टान्तार्थः; तथा सूत्राधानं पारगतगदितागमन्यासः, न नैव भावतस्तत्त्ववृत्त्या-ऽभिन्नग्रन्थौ जीवे, तत्राद्यापि सूत्राधानस्य सद्बोधसम्पादकसामर्थ्याभावात्, तत्सम्पादनेन च तस्याविकल-स्वरूपलाभसम्भवादिति ॥३७१॥

ભાવાર્થ :-

સુંદર રત્નો હોય તેમાં છિદ્રો કરેલાં ન હોય તો તે રત્નોમાં સૂત્રતંતુનો પ્રવેશ કરાવીને માળા બનાવી શકાય નહીં. તેથી માળા બનાવવા અર્થે તે રત્નોના મધ્યમાં વેધ કરવામાં આવે છે જેથી સુંદર માળાની નિષ્પત્તિ થઈ શકે છે. તેમ જે જીવોએ તત્ત્વને જોવામાં બાધક એવા રાગાદિ ગ્રંથિનો ભેદ કર્યો નથી તે જીવો શાસ્ત્ર ભણે તોપણ તે શાસ્ત્રવચનો કઈ રીતે આત્માને નિરાકુળ અવસ્થાની પ્રાપ્તિ કરાવવાનું કારણ છે, કઈ રીતે ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે, કઈ રીતે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરાવીને સમભાવની વૃદ્ધિનું કારણ છે અને કઈ રીતે ઉત્સર્ગ-અપવાદને ઉચિત રીતે યોજન કરવાની મર્મસ્પર્શી દિશા બતાવનાર છે તેનો પારમાર્થિક બોધ થતો નથી, તેથી શાસ્ત્ર ભણીને પણ પોતાના તુચ્છ બોધ અનુસાર શાસ્ત્રના પદાર્થોનું યોજન કરીને શાસ્ત્રથી તેઓ વિનાશ પામે છે. ફક્ત જેઓનું તત્ત્વના જોવામાં બાધક એવું મિથ્યાત્વ કાંઈક શિથિલ થયું છે અને કોઈક રીતે તત્ત્વને જાણવા માટે અભિમુખ થયા છે આમ છતાં ગ્રંથિનો ભેદ કર્યો નથી તેવા પણ જીવો શાસ્ત્રવચનોના બળથી કે સુગુરુના વચનના બળથી ગ્રંથિના ભેદને અનુકૂળ કાંઈક વ્યાપારવાળા થાય છે. તેથી જ્યારે ગ્રંથિનો ભેદ કરશે ત્યારે સૂત્ર આધાન થશે તોપણ શાસ્ત્રવચનના બળથી ગ્રંથિને કાંઈક શિથિલ-શિથિલતર કરીને ભિન્ન ગ્રંથિવાળા થશે તેથી તેઓને ભાવથી સૂત્રનું આધાન નહીં હોવા છતાં ભાવથી સૂત્રઆધાનના કારણીભૂત દ્રવ્યથી સૂત્રનું આધાન છે.

વળી, ગ્રંથિભેદ થયે છતે જીવોને સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાનનું વચન સર્વ કલ્યાણનું કારણ દેખાય છે અને મતિ નિર્મળ હોવાથી સૂત્ર પણ સમ્યક્ પરિણમન પામે છે. તેથી ગ્રંથિભેદ થયા પછી સૂત્રનું સમ્યક્ પરિણમન પામવાસ્વરૂપ સૂત્રનું આધાન થાય છે ત્યારે જીવનું તથાભવ્યત્વ શુદ્ધ આજ્ઞાયોગનું કારણ બને તે પ્રકારે પરિપાક અવસ્થાને પામે છે અને તેના કારણે જીવને શુદ્ધ આજ્ઞાયોગ પ્રાપ્ત થાય છે એ પ્રકારે પ્રસ્તુત ગાથાનો પૂર્વની ગાથા-૩૭૦ સાથે સંબંધ છે. **॥૩૭૧॥**

અવતરણિકા :-

અમુમેવાર્થં ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આ જ અર્થને=ભિન્નગ્રંથિમાં સૂત્રનું આધાન થાય છે એ જ અર્થને, ભાવન કરે છે –

ગાથા :-

जह तम्मि तेण जोगा बज्झा संतोवि तत्तओ णेए ।
तह दव्वसुत्तजोगा पायं जीवाण विण्णेया ।।३७२।।

અન્વયાર્થ :-

જહ=જે પ્રમાણે, તમ્મિ=તેમાં=વેધપરિણામરહિત એવાં રત્નોમાં, બજ્ઝા=બાહ્ય, તેણ=તેની સાથે=સૂત્રની સાથે, જોગા સંતોવિ=યોગ હોવા છતાં પણ, તત્તઓ=તત્ત્વથી, ણેએ=આ નથી=સૂત્રનો યોગ નથી જ, તહ=તે પ્રમાણે, પાયં=પ્રાયઃ, જીવાણ=જીવોનો, દવ્વસુત્તજોગા=દ્રવ્યસૂત્રનો યોગ=ગ્રંથિભેદ કર્યા વગરના જીવોમાં શાસ્ત્રના અધ્યયનનો યોગ, વિણ્ણેયા=જાણવો. ।।૩૭૨।।

ગાથાર્થ :-

જે પ્રમાણે તેમાં=વેધપરિણામરહિત એવાં રત્નોમાં, બાહ્ય તેની સાથે=સૂત્રની સાથે, યોગ હોવા છતાં પણ તત્ત્વથી આ નથી=સૂત્રનો યોગ નથી જ, તે પ્રમાણે પ્રાયઃ, જીવોનો દ્રવ્યસૂત્રનો યોગ= ગ્રંથિભેદ કર્યા વગરના જીવોમાં શાસ્ત્રના અધ્યયનનો યોગ, જાણવો. ।।૩૭૨।।

ટીકા :-

यथा तस्मिन्नेव वेधपरिणामरहिते तेन गुणेन योगाः सम्बन्धा बाह्या मध्यप्रवेशविरहाद् बहीरूपास्तत्प्रयोजनार्थिभिः पुंभिः सम्पद्यमानाः सन्तोऽपि तत्त्वतः परमार्थरूपतया न नैव एते सूत्रयोगा वर्त्तन्ते, जतुप्रभृतिना श्लेषद्रव्येण गुणसंयोजने रत्नस्य च्छायाविनाशात्, तदन्तरेण च तस्य तत्रावस्थानस्थैर्याभावादिति । तथा द्रव्यसूत्रयोगाः प्रायो बाहुल्येन जीवानां विज्ञेयाः । इह द्रव्यशब्दः कारणपर्यायोऽप्रधानपर्यायश्च शास्त्रेषु प्रयुज्यते । तत्र योऽसन्निहितग्रन्थिभेदानां दूरभव्यादीनामप्रधानः सूत्रयोगः स एकान्तत एव सद्बोधानाधायकतया तत्त्वपर्यालोचने न किञ्चिदेव । यस्त्वपुनर्बन्धकमार्ग्गाभिमुखमार्गपतितानाम्, स शुद्धबोधलाभावन्ध्यहेतुत्वाद् व्यवहारेण तात्त्विकः, यथोक्तं योगबिन्दौ–'अपुनर्बन्धकस्यायं व्यवहारेण तात्त्विक,' इत्यादि । इति हृदि समाधाय सूत्रकारेणोक्तं प्राय इति । ततो ये प्रधाना सूत्रयोगा अविरतादीनां ते निश्चयतो व्यवहारतश्च तत्त्वरूपा एव । ये तु सद्बोधहेतुभूतास्ते व्यवहारेण तात्त्विका इति ।।३७२।।

ભાવાર્થ :-

જેઓએ તત્ત્વને જોવામાં બાધક એવી રાગદ્વેષની ગ્રંથિનો ભેદ કર્યો નથી તેવા જીવો શાસ્ત્રઅધ્યયન કરે તોપણ જે દિશા તરફ તેઓનું વલણ છે તે દિશાને અભિમુખ સૂત્રનું યોજન તેઓથી થાય છે અને અનંતાનુબંધી કષાયના ઉદયથી તેઓનું વલણ હોવાથી સ્વમતિમાં અતિ વિશ્વાસ હોવાના કારણે શાસ્ત્રના તાત્પર્યને જાણવા કરતાં સ્વરુચિ અનુસાર જ તાત્પર્યને યોજવાના વ્યાપારવાળા તેઓ હોય છે. તેથી જેમ રત્નમાં છિદ્ર કર્યા વગર લાખ વગેરે દ્રવ્યથી દોરાનું રત્ન સાથે યોજન કરીને માળા બનાવવામાં આવે તો તે રત્નની માળામાં રત્નોની છાયાનો વિનાશ થાય છે અને રત્નો પણ તે દોરા સાથે સ્થિર રહેતાં નથી તેમ ગ્રંથિભેદ વગરના જીવો દ્વારા પ્રાપ્ત થયેલું શ્રુતજ્ઞાન પોતાની છાયાના વિનાશને કરનાર બને છે. આથી તે જીવો દ્વારા ભણાયેલું શ્રુત યથાર્થ તાત્પર્યને છોડીને અન્ય તાત્પર્યનો બોધ કરાવે છે અને અન્ય તાત્પર્યના બોધવાળું તે શ્રુત સ્વરુચિ અનુસાર યથાતથા પ્રવર્તાવનાર હોવાથી સમ્યક્ શ્રુતરૂપે તે શ્રુત રહેતું નથી તેથી અભિન્નગ્રંથિમાં પ્રાયઃ સૂત્રનો યોગ થતો નથી અને તેના કારણે તેઓને શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થતી નથી.

અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ગ્રંથિભેદને સન્મુખ છે તેવા જીવોમાં સૂત્રનો કાંઈક યોગ થાય છે પરંતુ જેઓ ગ્રંથિદેશમાં આવેલા હોવા છતાં ગ્રંથિભેદને સન્મુખભાવવાળા નથી તેવા જીવોને દ્રવ્યસૂત્રનો યોગ વિનાશનું કારણ બને છે. **॥૩૭૨॥**

अवतरणिका :-

कुत एतदेवमिति चेदुच्यते –

અવતરણિકાર્થ :-

આ કેમ આ પ્રમાણે છે ?=ગ્રંથિભેદ થયા પૂર્વે જીવોને દ્રવ્યસૂત્રનો યોગ પ્રાયઃ તત્ત્વથી નથી એ પ્રમાણે કેમ છે ? એમ કોઈ પ્રશ્ન કરે તો ઉત્તર આપે છે –

ગાથા :-

विसयपडिहासमित्तं बालस्सेवक्खरयणविसयंति ।
वयणा इमेसु णाणं सव्वत्थण्णाणमो णेयं ।।३७३।।

અન્વયાર્થ :-

बालस्सेवक्खरयणविसयंति=બાળને જેમ અક્ષ અને રત્નના વિષયમાં, विसयपडिहासमित्तं=વિષય પ્રતિભાસમાત્ર છે (તેમ), इमेसु=આમનામાં=અભિન્નગ્રંથિ જીવોમાં, वयणा=વચનથી=શાસ્ત્રવચનથી, णाणं=જ્ઞાન, सव्वत्थ-ण्णाणमो णेयं=સર્વત્ર અજ્ઞાન જાણવું. ॥૩૭૩॥

ગાથાર્થ :-

બાળને જેમ અક્ષ અને રત્નના વિષયમાં વિષય પ્રતિભાસમાત્ર છે તેમ આમનામાં=અભિન્નગ્રંથિ જીવોમાં, વચનથી=શાસ્ત્રવચનથી, જ્ઞાન સર્વત્ર અજ્ઞાન જાણવું. ॥૩૭૩॥

ટીકા :-

विषयप्रतिभासमात्रम्-इह स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणीन्द्रियाणि, स्पर्शरसगन्धरूपशब्दास्तेषामर्थाः, ततो विषयस्येन्द्रियगोचरस्य प्रतिभासोऽवबोधः स एव केवलस्तद्गतगुणदोषविमर्शविकलो विषयप्रतिभासमात्रं बालस्येव शिशोरिव । अक्षरत्नविषयं अक्षश्चन्दनको रत्नं पद्मरागादिः, अक्षरत्ने, ते विषयो यस्य तत्तथाविधज्ञानमित्युत्तरेण योगः । इतिः पूरणार्थः । वचनाद् द्रव्यश्रुतयोगरूपात् । एष्वभिन्नग्रन्थिषु जनेषु ज्ञानमवबोधः शब्दार्थमात्रगोचरमेव तद्गतोहापोहशून्यं सर्वत्र जीवादौ विषये; किमित्याह— अज्ञानमेव ज्ञानफलस्य हेयोपादेयविभागस्य तात्त्विकस्याभावाज्ज्ञेयमिति ।।३७३।।

ભાવાર્થ :-

નાના બાળકના ચક્ષુ સમક્ષ કોડીઓ અને રત્ન પડેલાં હોય તેને જોઈને બાળકને બાહ્યથી જે સુંદર જણાય તેને ગ્રહણ કરવાનો જે પરિણામ થાય છે, તે બાહ્ય દેખાતા અક્ષ અને રત્નના વિષયમાં પ્રતિભાસમાત્રરૂપ છે. પરંતુ બાળકને અક્ષ કરતાં રત્નમાં વિષઅપહારાદિ જે વિશેષ શક્તિઓ છે તેનું જ્ઞાન હોતું નથી. તેથી રત્નના મૂલ્યને તે સમજી શક્યો નથી તેથી બાળકને રત્નના પારમાર્થિક સ્વરૂપનું અજ્ઞાન છે. તેમ જેઓએ તત્ત્વને જોવા માટે માર્ગાનુસારી ઊહ થાય તેના બાધક અનંતાનુબંધી કષાયનો ઉચ્છેદ કર્યો નથી તેઓને બાહ્ય પદાર્થોવિષયક કે બાહ્ય કૃત્યવિષયક શાસ્ત્રવચનથી જ્ઞાન થાય છે તોપણ દરેક શાસ્ત્રવચનો પરમાર્થથી કઈ રીતે સંસારક્ષયના કારણ એવા સદ્વીર્યને ઉલ્લસિત કરનાર છે તેનો પારમાર્થિક બોધ થતો નથી. જેમ બાળકને 'આ રત્નમાં વિષઅપહાર શક્તિ છે' તેવો બોધ થતો નથી તેમ સત્શાસ્ત્રો કઈ રીતે અર્થને સ્પર્શીને પારાયણ કરવાથી મોહવિષને નાશ કરી શકે છે તેનો પારમાર્થિક બોધ શાસ્ત્રવચનથી અભિન્નગ્રંથિને થતો નથી, તેથી શાસ્ત્રવચનથી થયેલું તેમનું જ્ઞાન પરમાર્થથી અજ્ઞાન છે. **॥૩૭૩॥**

અવતરણિકા :-

अत्रैव व्यतिरेकमाह —

અવતરણિકાર્થ :-

આમાં જ=શાસ્ત્રથી થતા જ્ઞાનના વિષયમાં જ, વ્યતિરેકને કહે છે=પૂર્વમાં અભિન્નગ્રંથિને અજ્ઞાન થાય છે એમ કહ્યું એનાથી વિપરીત ભિન્નગ્રંથિને જ્ઞાન થાય છે એ રૂપ વ્યતિરેકને કહે છે —

ગાથા :-

भिन्ने तु इतो णाणं जहक्खरयणेसु तग्गयं चेव ।
पडिबंधम्मिवि सद्धादिभावतो सम्मरूवं तु ।।३७४।।

અન્વયાર્થ :-

ભિન્ને તુ=ભિન્ન કરાયે છતે=અંતરંગ મહાપરાક્રમ દ્વારા ગ્રંથિનો ભેદ કરાયે છતે, इतो=આનાથી=ગ્રંથિભેદથી, णाणं=જ્ઞાન થાય છે. जह=જે પ્રમાણે, अक्खरयणेसु=અક્ષ અને રત્નમાં, तग्गयं चेव=તદ્‌ગત જ થાય છે=અક્ષ અને રત્નના વિભાગગત જ્ઞાન અશિશુભાવમાં થાય છે. पडिबंधम्मिवि=પ્રતિબંધ હોવા છતાં પણ=કેટલાક જીવોને બળવાન જ્ઞાનાવરણીયનો પ્રતિબંધ હોવા છતાં પણ, सद्धादिभावतो=શ્રદ્ધાદિ ભાવ હોવાને કારણે, सम्मरूवं तु=સમ્યગ્ રૂપ જ છે=સમ્યગ્ રૂપ જ જ્ઞાન થાય છે. ॥૩૭૪॥

ગાથાર્થ :-

ભિન્ન કરાયે છતે=અંતરંગ મહાપરાક્રમ દ્વારા ગ્રંથિનો ભેદ કરાયે છતે, આનાથી=ગ્રંથિભેદથી, જ્ઞાન થાય છે. જે પ્રમાણે, અક્ષ અને રત્નમાં, તદ્‌ગત જ થાય છે=અક્ષ અને રત્નના વિભાગગત જ્ઞાન અશિશુભાવમાં થાય છે. પ્રતિબંધ હોવા છતાં પણ=કેટલાક જીવોને બળવાન જ્ઞાનાવરણીયનો પ્રતિબંધ હોવા છતાં પણ, શ્રદ્ધાદિ ભાવ હોવાને કારણે, સમ્યગ્ રૂપ જ છે=સમ્યગ્ રૂપ જ જ્ઞાન થાય છે. ॥૩૭૪॥

ટીકા :-

भिन्ने तु विघटिते तु पुनर्ग्रन्थौ । इतो ग्रन्थिभेदादनन्तरमेव ज्ञानं विशदविमर्शवशोपलब्धविशुद्ध-तत्त्वतया शुद्धबोधरूपं विजृम्भते । दृष्टांतमाह—यथाक्षरत्नयोर्विषये तस्यैव शिशोरशिशुभावप्राप्तौ तद्‌गतं चैवाक्षरत्नविभागगोचरमेव । ननु, भिन्नग्रन्थीनां केषांचिद् माषतुषादिसदृशानां न किञ्चिद् ज्ञानविजृम्भणमुपलभ्यत इत्याशंक्याह—प्रतिबन्धेऽपि तथाविधज्ञानावरणोदयाद् विघातेऽपि श्रद्धादिभावतः 'तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं' इत्यादेः श्रद्धानस्य, आदिशब्दाद् गीतार्थप्रज्ञापनीयत्वस्य च भावात् तुच्छमपि ज्ञानं सम्यग्रूपमेव, परिपूर्णलाभहेतुत्वात् । यथा हि शुक्लपक्षक्षपापतेरतितुच्छोऽपि प्रतिपत्तिथावुज्ज्वलतालाभः सम्यगेव, परिपूर्णतदुज्ज्वलभावलाभस्याचिरादेव सम्पत्तिनिमित्तत्वात्; तथा प्रकृतज्ञानमपि क्रमेण केवलज्ञानाविकलकारणभावापन्नमेव वर्त्तत इति ।।३७४।।

ભાવાર્થ :-

જે જીવોને સંસારના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનને કારણે સંસારથી ભય લાગ્યો છે અને 'રૌદ્ર સંસારથી મુક્ત થવાનો ઉપાય સર્વજ્ઞનું વચન છે' તેવો નિર્ણય થાય તે જીવો સર્વજ્ઞના વચનના પારમાર્થિક તાત્પર્યને જાણવા અર્થે અત્યંત અભિમુખભાવવાળા થાય છે અને તેવા ભાવને કારણે પોતાની સ્થૂળ મતિ અનુસાર પદાર્થને જોડવાની મતિરૂપ વિપર્યાસ દૂર થાય છે; કેમ કે તેઓમાં નિર્મળ મતિ પ્રગટ થયેલી હોવાથી તેઓને સ્પષ્ટ બોધ હોય છે કે સર્વજ્ઞનાં વચનો શબ્દરૂપ નથી, પુસ્તકરૂપ નથી પરંતુ યથાર્થ તાત્પર્યને સ્પર્શનારા શ્રુતજ્ઞાનના ઉપયોગસ્વરૂપ છે અને તે શ્રુતજ્ઞાનનો ઉપયોગ ભવના ઉચ્છેદનું કારણ છે. તેથી અનંતાનુબંધી

કષાયના વિગમથી જે સ્વરુચિ અનુસાર સર્વજ્ઞના વચનને જોડવાની મનોવૃત્તિ હતી તે ગ્રંથિના ભેદથી નાશ પામે છે. તેથી સર્વજ્ઞનું વચન જે તાત્પર્યને સ્પર્શે છે તે તાત્પર્યને અભિમુખ જ તે મહાત્માને તીવ્ર રુચિ થાય છે. તેથી જેઓએ ગ્રંથિભેદ કર્યો છે તેવા મહાત્મા શક્તિના પ્રકર્ષથી યથાર્થ તાત્પર્યને સ્પર્શે તે રીતે સદા જ્ઞાન કરવા યત્ન કરે છે. આમ છતાં કોઈક મહાત્માના નિબિડ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય તો શાસ્ત્રનાં દરેક વચનોના તાત્પર્યને ગ્રહણ કરી શકે નહીં તોપણ તે મહાત્માને સંક્ષેપથી પણ સૂક્ષ્મ બોધ થયેલો છે કે 'જિનવચનના યથાર્થ તાત્પર્યને સ્પર્શીને કરાયેલી પ્રવૃત્તિથી સંસારનો ક્ષય છે અન્યથા નહીં' તેથી તેઓને જિનવચનના યથાર્થ તાત્પર્યની રુચિ છે અને તે તાત્પર્યને સ્પર્શીને ઉચિત પ્રવૃત્તિ કરવાની ઉત્કટ રુચિ છે. તેથી તેના તાત્પર્યના જાણનારા ગીતાર્થ પુરુષથી અત્યંત પ્રજ્ઞાપનીય તે જીવો બને છે. તેથી તુચ્છ પણ તેમનું જ્ઞાન પરિ-પૂર્ણ લાભનો હેતુ હોવાથી સમ્યગ્રૂપ છે.

જેમ બાળકને અક્ષ અને રત્નમાં અજ્ઞાન હતું છતાં તે બાળક શિશુભાવનો ત્યાગ કરે છે અને પરિપક્વ ઉંમરવાળો થાય છે ત્યારે વિષઅપહારાદિ શક્તિવાળા રત્નને અને સુંદર પણ દેખાતા અસાર એવા અક્ષને વિભાગથી જાણી શકે છે તેમ ગ્રંથિભેદ કર્યા પછી મહાત્મા 'સર્વજ્ઞનું વચન કઈ રીતે સંસારનો ઉચ્છેદ કરે છે' તેના પરમાર્થને સ્પર્શી શકે તે રીતે અયથાર્થ જોડાયેલાં તે વચનો અને યથાર્થ જોડાયેલાં તે વચનોનો ભેદ કરી શકે છે. આથી જ અલ્પ પણ જ્ઞાનવાળા માષતુષ જેવા મહાત્માઓ શક્તિના પ્રકર્ષથી વિશેષ જ્ઞાન માટે યત્ન કરનારા હોવા છતાં વિશેષ જ્ઞાન પ્રાપ્ત ન કરી શકે તો ગુણવાન ગુરુ પાસેથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને તેમના વચનાનુસાર મોહના ઉન્મૂલનનું કારણ બને તે પ્રકારે પ્રવૃત્તિ કરીને સંસારસાગરથી તરે છે. **॥૩૭૪॥**

અવતરણિકા :-

अथास्य सम्यग्रूपतामेव भावयति –

અવતરણિકાર્થ :-

હવે આની=ભિન્નગ્રંથિ જીવના જ્ઞાનની, સમ્યગ્રૂપતાને જ ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

ગાથા :-

जमिणं असप्पवित्तीए दव्वओ संगयंपि नियमेण ।
होति फलंगं असुहाणुबंधवोच्छेयभावाओ ।।३७५।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, इणं=આ=ભિન્નગ્રંથિનું સમ્યગ્ જ્ઞાન, दव्वओ=દ્રવ્યથી=બાહ્ય આચરણાથી, असप्पवित्तीए=અસત્ પ્રવૃત્તિથી, संगयंपि=સંગત હોવા છતાં પણ=યુક્ત હોવા છતાં પણ, नियमेण=નિયમથી, फलंगं होति=ફલાંગ છે=મોક્ષપ્રાપ્તિરૂપ ફળનું કારણ છે; असुहाणुबंधवोच्छेयभावाओ=કેમ કે અશુભ અનુબંધના ઉચ્છેદનો ભાવ છે. ।।૩૭૫।।

ગાથાર્થ :-

જે કારણથી આ=ભિન્નગ્રંથિનું સમ્યગ્ જ્ઞાન, દ્રવ્યથી=બાહ્ય આચરણાથી, અસત્ પ્રવૃત્તિથી સંગત હોવા છતાં પણ=યુક્ત હોવા છતાં પણ, નિયમથી ફલાંગ છે=મોક્ષપ્રાપ્તિરૂપ ફળનું કારણ છે; કેમ કે અશુભ અનુબંધના ઉચ્છેદનો ભાવ છે. ।।૩૭૫।।

ટીકા :-

यस्मादिदं सम्यग्ज्ञानमसत्प्रवृत्त्या प्रबलावश्यवेद्यचारित्रमोहोदयादिन्द्रियानुकूलाचरणरूपया द्रव्यतो मनोरुचिविकलत्वेनाप्रधानभावात् संगतमपि संयोगभागपि नियमेनैकान्तत एव भवति फलांगं मोक्षलक्षण-फलनिमित्तम् । कुत इत्याह—अशुभानां ज्ञानावरणादिपापप्रकृतीनामनुबन्ध उत्तरोत्तरवृद्धिरूपस्तस्य व्यवच्छेदस्त्रुटिस्तस्य भावात् ।।३७५।।

ભાવાર્થ :-

ભિન્નગ્રંથિ જીવોને શાસ્ત્રનો વિસ્તૃતબોધ હોય કે જ્ઞાનાવરણીકર્મ તીવ્ર હોવાને કારણે અત્યંત અલ્પ બોધ હોય તોપણ તેઓનું જ્ઞાન સમ્યગ્ હોય છે એમ પૂર્વની ગાથામાં કહ્યું. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે સમ્યગ્જ્ઞાન તો સમ્યગ્ જ પ્રવૃત્તિ કરાવે છે અને સમ્યગ્ પ્રવૃત્તિ મોહનો નાશ કરાવીને વીતરાગતાનું કારણ બને છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ ભોગાદિની પ્રવૃત્તિઓ અસત્ કરે છે. તેથી તેઓનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે તેમ કેમ કહી શકાય તેને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કેટલાક તીવ્ર અવિરતિના ઉદયવાળા જીવોને સંસારની વિષમ સ્થિતિ યથાર્થ દેખાય છે. તેના ઉચ્છેદનો એક ઉપાય 'તાત્પર્યને સ્પર્શનારા ભગવાનના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ છે' તેવો સ્થિર નિર્ણય છે તેથી તેઓ જિનવચનનું દૃઢ અવલંબન લે છે, પ્રતિદિન વિશેષ-વિશેષ જિનવચનને પ્રાપ્ત કરે છે અને તેના તાત્પર્યને યથાર્થ જાણવા નિપુણ પ્રજ્ઞાથી યત્ન કરે છે. તોપણ પ્રબળ અવશ્યવેદ્ય ચારિત્રમોહના ઉદયને કારણે ભોગાદિની ઇચ્છા શાંત થતી નથી ત્યારે તે જીવો શાસ્ત્રવચનાનુસાર સંયમની પ્રવૃત્તિને છોડીને ભોગાદિમાં પ્રવૃત્તિ કરતા દેખાય છે તોપણ તે પ્રવૃત્તિ દ્રવ્યથી જ હોય છે અર્થાત્ તેઓના સમ્યગ્બોધને કારણે તેઓને મોહથી અનાકુળ થવાની ઉત્કટ રુચિ છે છતાં ભોગઆપાદકકર્મ અને આત્મામાં વર્તતા ભોગના સંસ્કારો પ્રબળ હોવાથી ભોગની ઇચ્છા પણ થાય છે તોપણ ભોગની ઇચ્છાકાળમાં તે મહાત્મા સર્વજ્ઞના વચનના બળથી "સલ્લં કામા વિસં કામા" ઇત્યાદિનું ભાવન કરીને તે વૃત્તિને શાંત કરવા યત્ન કરે છે અને તે ભોગની વૃત્તિ વર્તમાનના ભવમાં કઈ રીતે સંક્લેશનું કારણ છે, તેનાથી ભાવિમાં કેવા અનર્થો છે તે સર્વને સદા સ્મૃતિમાં રાખે છે. તેથી ભોગકાળમાં પણ તેનાથી નિવર્તનને અભિમુખ તેઓનો પરિણામ વર્તે છે. જેમ વર્તમાનમાં પણ કેટલાક જીવોને ખાવાની તીવ્ર આસક્તિ હોય છે અને તે કુપથ્ય ખાવાથી થતા અનર્થનું પણ સ્પષ્ટ જ્ઞાન હોય છે. તેથી તે વસ્તુ ઘરમાં ન રાખે તેવો જ આગ્રહ કરે છે અને ક્યારેક તે વસ્તુ સન્મુખ આવે છે ત્યારે તેને ખાધા વગર રહી શકતા નથી તોપણ કાંઈક ભય પામીને તે કુપથ્ય થોડું ખાય

છે અને અન્ય કોઈ તેને નિવર્તન કરવાનું કહે છે ત્યારે તે વચનાનુસાર ત્યાગ પણ કરે છે. તેથી તેઓ કાંઈક સકંપ કુપથ્યનું સેવન કરે છે તેવી જ સમ્યગ્દૃષ્ટિ જીવોની ભોગાદિની પ્રવૃત્તિ સકંપ હોય છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવનું સમ્યગ્જ્ઞાન હંમેશાં શક્તિ અનુસાર ભોગાદિની વૃત્તિના નાશ માટે યત્ન કરાવનાર હોવાથી મોક્ષનું કારણ બને છે.

જેમ ખાવાની આસક્તિવાળા જીવોને સમ્યગ્જ્ઞાન છે કે આ કુપથ્યથી મારું અહિત થાય છે તેથી જેમ તે કુપથ્યના ટાળવાના ઉપાયરૂપે જ તેવી સામગ્રીથી દૂર રહેવા પ્રયત્ન કરે છે અને ક્યારેક બળવાન ઇચ્છા થાય તો થોડું ખાય છે તોપણ તે કુપથ્યને છોડવાની રુચિથી સંવલિત જ કુપથ્યના સેવનનો પરિણામ છે, તેમ સમ્યગ્દૃષ્ટિને પણ ભોગની ઇચ્છાના ઉચ્છેદથી સંવલિત જ ભોગાદિનો પરિણામ છે. તેથી જેમ ગાઢ આસક્તિવાળા જીવને પણ કુપથ્ય અહિતકારી છે તેવું જ્ઞાન હોવાના કારણે કુપથ્યના ત્યાગની પરિણતિથી યુક્ત જ કુપથ્યના સેવનનો પરિણામ થાય છે, તેથી તેનું સમ્યગ્જ્ઞાન કાંઈક અંશે સમ્યગ્ પ્રવૃત્તિ કરાવીને પૂર્ણ સમ્યગ્ પ્રવૃત્તિનું કારણ બને છે, તેમ પ્રબળ ચારિત્રમોહવાળા સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્જ્ઞાન ભોગાદિની મનોવૃત્તિને સતત ક્ષીણ-ક્ષીણતર કરીને અભોગના પરિણામસ્વરૂપ આત્માની નિરાકુળ અવસ્થા તરફ જાય છે. તેથી અશુભ એવી જ્ઞાનાવરણીય આદિ પાપપ્રકૃતિઓ ગુણસ્થાનકકૃત બંધાય છે તોપણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેવા અશુભ અનુબંધના વ્યવચ્છેદવાળી હોય છે. તેથી તેઓનાં જ્ઞાનાવરણીય આદિ કર્મો જેમ જેમ સૂક્ષ્મ-સૂક્ષ્મ તત્ત્વને દેખાડે છે તેમ તેમ અભોગના પરિણામરૂપ નિરાકુળ અવસ્થાને અનુકૂળ શક્તિના સંચયનું કારણ બને તેવું સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્જ્ઞાન હોય છે. આથી સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગકાળમાં પણ ભોગના ઉચ્છેદના પરિણામના બળથી પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન ભોગશક્તિને ક્ષીણ કરનાર હોવાથી ગુણસ્થાનકકૃત નિર્જરાને પણ પ્રાપ્ત કરાવે છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યગ્જ્ઞાનના બળથી અવિરતિ અવસ્થામાં પણ ઉત્તર-ઉત્તરની ભૂમિકાની પ્રાપ્તિ હોય છે. તેથી અવિરતિના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ દેશવિરતિને આસન્ન-આસન્નતર થતા હોય છે અને જેમ જેમ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે તેમ તેમ ગુણસ્થાનકમાં બંધાતી ધ્રુવબંધી જ્ઞાનાવરણીય આદિ પાપપ્રકૃતિ પૂર્વ-પૂર્વ કરતાં અલ્પ-અલ્પતર બંધાય છે; કેમ કે જ્ઞાનાવરણીય આદિ પાપપ્રકૃતિના બંધ પ્રત્યે કષાયોનો ઉદય કારણ છે અને સમ્યગ્જ્ઞાનવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો અનંતાનુબંધીના ક્ષયોપશમવાળા હોવાથી નિર્મળ દૃષ્ટિવાળા છે તેથી અપ્રત્યાખ્યાનાવરણ કષાયને ક્ષીણ-ક્ષીણતર કરીને દેશવિરતિને અનુકૂળ બળસંચય કરે છે. તેથી જેટલા જેટલા અંશથી અપ્રત્યાખ્યાનાવરણ કષાય ક્ષીણ થાય છે તેટલા તેટલા અંશથી અવિરતિ ગુણસ્થાનક પણ વિરતિને અભિમુખ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને જેટલા જેટલા અંશથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે તેટલા તેટલા અંશથી કષાયથી થતા જ્ઞાનાવરણીય આદિ પાપપ્રકૃતિનો બંધ અલ્પ-અલ્પતર થાય છે. **॥૩૭૫॥**

અવતરણિકા :-

અશુભાનુબન્ધમેવાશ્રિત્યાહ –

અવતરણિકાર્થ :-

અશુભ અનુબંધને જ આશ્રયીને કહે છે –

ભાવાર્થ :-

ગુણસ્થાનકકૃત પાપપ્રકૃતિ ક્ષપકશ્રેણીમાં પણ બંધાય છે. તેથી પાપપ્રકૃતિનો બંધ તેવો અનર્થકારી નથી જેવો પાપપ્રકૃતિમાં વર્તતો અશુભ અનુબંધ અનર્થકારી છે; કેમ કે તત્ત્વના વિમુખભાવથી પ્રવર્તતા ઉપયોગથી પાપપ્રકૃતિનો અનુબંધ થાય છે અને તે ઉપયોગ જ સર્વ અનર્થોની પરંપરાનું કારણ છે તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

एसो य एत्थ पावो मूलं भवपायवस्स विन्नेओ ।
एयम्मि य वोच्छिन्ने वोच्छिन्नो चेव एसो त्ति ।।३७६।।

અન્વયાર્થ :-

एसो य=અને આ=અશુભ અનુબંધ, एत्थ=અહીં=અશુભ અનુબંધના વ્યવચ્છેદના પ્રસ્તાવમાં, पावो=પાપ છે. भवपायवस्स मूलं विन्नेओ=ભવરૂપી વૃક્ષનું મૂળ જાણવું. एयम्मि य वोच्छिन्ने=અને આ વિચ્છિન્ન થયે છતે=અશુભ અનુબંધ વિચ્છિન્ન થયે છતે, एसो वोच्छिन्नो चेव त्ति=આ વિચ્છિન્ન જ છે= ભવરૂપી વૃક્ષ વિચ્છિન્ન જ છે. ।।૩૭૬।।

ગાથાર્થ :-

અને આ=અશુભ અનુબંધ, અહીં=અશુભ અનુબંધના વ્યવચ્છેદના પ્રસ્તાવમાં, પાપ છે. ભવરૂપી વૃક્ષનું મૂળ જાણવું અને આ વિચ્છિન્ન થયે છતે=અશુભ અનુબંધ વિચ્છિન્ન થયે છતે, આ વિચ્છિન્ન જ છે=ભવરૂપી વૃક્ષ વિચ્છિન્ન જ છે. ।।૩૭૬।।

ટીકા :-

एष चाशुभानुबन्धः पुनरत्र सम्यग्रूपज्ञानादशुभानुबंधव्यवच्छेदे प्रस्तुते पापोऽत्यन्ताधमो मूलमादिकारणं भवपादपस्य संसारविषवृक्षस्य नरकादिदुःखफलाकुलस्य विज्ञेयः । एतस्मिंश्चाशुभानुबन्धे व्यवच्छिन्ने सम्यग्ज्ञानतो व्यवच्छिन्नश्चैवोपरत एवैष भवपादप इति । विपर्यासजलसिच्यमानमूला एव हि क्लेशपादपा दुःखलक्षणाय फलाय कल्पन्ते । सम्यग् ज्ञानदहनदह्यमानमूलास्तु त्रुटितसकलफलदानशक्तयो वन्ध्यभावापन्ना असत्कल्पा एव जायन्त इति ।।३७६।।

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં અશુભ અનુબંધના વ્યવચ્છેદનો પ્રસ્તાવ વર્તે છે; કેમ કે અશુભ અનુબંધના વ્યવચ્છેદનો

ઉપદેશ આત્માને માટે પારમાર્થિક ઉપકાર છે અને આ અશુભ અનુબંધ જીવ માટે અત્યંત અહિતકારી છે; કેમ કે સંસારરૂપી વૃક્ષનું મૂળ કારણ છે માટે વિવેકી પુરુષે સતત અશુભ અનુબંધના વ્યવચ્છેદ અર્થે યત્ન કરવો જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે જીવ અંતરંગ નિર્મળ દૃષ્ટિથી સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરે છે અને તેના કારણે ચારગતિમાં પરિભ્રમણરૂપ સંસારની રૌદ્ર અવસ્થા જીવની વિડંબનાસ્વરૂપ છે તેમ જાણે છે અને સંસારના ઉચ્છેદનો એક ઉપાય સર્વજ્ઞના વચન અનુસાર અપ્રમાદથી સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન છે તેનો નિર્ણય કરીને જે મહાત્મા સદા ભવના સ્વરૂપની વિષમ સ્થિતિને જોવા અર્થે અને તેના નિસ્તાર માટે ઉચિત ઉપાયને સેવવા અર્થે તત્પર થઈને જ્યારે જ્યારે યત્ન કરે છે ત્યારે ત્યારે પોતે જે ભૂમિકામાં છે તેનાથી ઉત્તરની ભૂમિકામાં જનારો તેનો માનસવ્યાપાર છે. આ માનસવ્યાપાર જ અશુભ અનુબંધના ઉચ્છેદના યત્ન સ્વરૂપ છે અને જ્યારે જ્યારે તે પ્રકારના ઉચિત વ્યાપારનો ત્યાગ કરીને પ્રમાદવશ થાય છે અને મોહધારાની વૃદ્ધિ કરે છે ત્યારે ત્યારે બંધાતી જ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિઓમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તેવો અશુભ અનુબંધ પ્રવર્તે છે જે પાપસ્વરૂપ છે. આથી જ ચૌદ પૂર્વધરો પણ જ્યારે પાતને અભિમુખ થાય છે ત્યારે રસગારવ, ઋદ્ધિગારવ કે શાતાગારવના ઉપયોગ દ્વારા મોહની વૃદ્ધિ કરીને અશુભ અનુબંધની વૃદ્ધિ કરે છે. જેથી પાત પામીને યાવદ્ નિગોદ સુધી જાય છે તેથી આ અશુભ અનુબંધ ભવરૂપ વૃક્ષની વૃદ્ધિનું મૂળ છે માટે વિવેકપૂર્વક અશુભ અનુબંધના ઉચ્છેદ અર્થે યત્ન કરવામાં ન આવે તો સંસારના અનુષ્ઠાનથી તો ભવની વૃદ્ધિ થાય છે પરંતુ ધર્માનુષ્ઠાનના સેવનથી પણ ભવની વૃદ્ધિ થાય છે અને વિવેકપૂર્વક સંસારની પ્રવૃત્તિ કરવામાં આવે તો અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય છે. આથી અશુભ અનુબંધના પરમાર્થને જાણનારા સમ્યગ્દૃષ્ટિ જીવો ભોગાદિની ઇચ્છા થાય ત્યારે પણ મોહધારાની વૃદ્ધિ ન થાય તદ્ અર્થે "सल्लं कामा विसं कामा" ઇત્યાદિ મોહધારાનાં ઉચ્છેદક શાસ્ત્રવચનોનું સ્મરણ કરીને વિષયોની ઇચ્છાના જોરને ક્ષીણ કરવા યત્ન કરે છે. તે પ્રકારના યત્નથી પણ ઇચ્છા શાંત ન થાય તો વ્રણલેપની જેમ ભોગ કરીને પણ અશુભ અનુબંધની શક્તિને ક્ષીણ કરે છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો શાસ્ત્રશ્રવણાદિ ધર્માનુષ્ઠાન કરીને વિશેષથી અશુભ અનુબંધનો ઉચ્છેદ કરે છે.

આ રીતે જેઓ અશુભ અનુબંધનો વિચ્છેદ કરે છે તેઓનું ભવરૂપી વૃક્ષ વિચ્છિન્ન જ છે; કેમ કે 'नष्यमाणं नष्टं' એ ન્યાયથી જે મહાત્મા અશુભ અનુબંધના પરમાર્થને જાણીને તેના ઉચ્છેદના ઉપાયભૂત તત્ત્વદૃષ્ટિને સદા ઉલ્લસિત કરવા યત્ન કરે છે અને તેના માટે પોતાના ચિત્તને સ્પર્શે તેવાં શાસ્ત્રવચનોથી સદા આત્માને ભાવિત કરે છે તેઓનો અશુભ અનુબંધ સતત નાશ થતો હોવાથી નષ્ટ જ છે અને તેના કારણે ભવરૂપી વૃક્ષ પણ નષ્ટ જ છે. **॥૩૭૬॥**

અવતરણિકા :-

एवं सति यत्सिद्धं तद्दर्शयति –

અવતરણિકાર્થ :-

આમ હોતે છતે જે સિદ્ધ થાય છે તેને બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે અશુભ અનુબંધ વિચ્છેદ થયે છતે ભવરૂપી વૃક્ષ વિચ્છિન્ન થાય છે એ પ્રમાણે હોતે છતે જીવને માટે જે કર્તવ્ય સિદ્ધ થાય છે તે કર્તવ્ય બતાવે છે –

ગાથા :-

एत्तो च्चिय एयम्मी जत्तोऽतिसएण सेसगाणं पि ।
एत्थ दुवे सज्झिलगा वाणप्पत्था उदाहरणं ।।३७७।।

અન્વયાર્થ :-

एत्तो च्चिय=આથી જ=અશુભ અનુબંધ ભવરૂપ વૃક્ષનું મૂળ હોવાથી જ, एयम्मी=આમાં=આના વ્યવચ્છેદમાં=અશુભ અનુબંધના વ્યવચ્છેદમાં, सेसगाणं पि=અન્ય દર્શનવાળાઓનો પણ, अतिसएण जत्तो=અતિશયથી યત્ન વર્તે છે=વિવેકસંપન્ન એવા અન્ય દર્શનવાળાઓનો પણ અતિશયથી યત્ન વર્તે છે. एत्थ=આમાં=અશુભ અનુબંધના વ્યવચ્છેદમાં, वाणप्पत्था दुवे सज्झिलगा उदाहरणं=વાનપ્રસ્થવાળા બે ભાઈઓ ઉદાહરણ છે. ।।૩૭૭।।

ગાથાર્થ :-

આથી જ=અશુભ અનુબંધ ભવરૂપ વૃક્ષનું મૂળ હોવાથી જ, આમાં=આના વ્યવચ્છેદમાં=અશુભ અનુબંધના વ્યવચ્છેદમાં, અન્ય દર્શનવાળાઓનો પણ, અતિશયથી યત્ન વર્તે છે=વિવેકસંપન્ન એવા અન્ય દર્શનવાળાઓનો પણ અતિશયથી યત્ન વર્તે છે. આમાં=અશુભ અનુબંધના વ્યવચ્છેદમાં, વાનપ્રસ્થવાળા બે ભાઈઓ ઉદાહરણ છે. ।।૩૭૭।।

ટીકા :-

इत एवाशुभानुबन्धस्य भवपादपमूलत्वाद् एतद्व्यवच्छेदे च भवस्य व्यवच्छिन्नत्वाद् हेतोः, एतस्मिन्नशुभानुबन्धव्यवच्छेदे यत्नो निन्दागर्हादिना प्रयत्नोऽतिशयेन शेषानुष्ठानमपेक्ष्य शेषकाणामपि तीर्थान्तरीयाणां वर्त्तते, किंपुनरस्माकं जैनानामित्यपि शब्दार्थः । अत्रानुबन्धव्यवच्छेदे द्वौ सज्झिलकौ भ्रातरौ वानप्रस्थौ 'ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थस्ततो यतिः ।' इत्याश्रमक्रमापेक्षया तृतीयाश्रमवर्त्तिनौ वानप्रस्थापनवन्तावुदाहरणम् ।।३७७।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું તે પ્રમાણે અશુભ અનુબંધ ભવરૂપી વૃક્ષનું મૂળ છે અને અશુભ અનુબંધનો વ્યવચ્છેદ થાય છે ત્યારે ભવનો પણ વ્યવચ્છેદ થાય છે. આ પ્રકારનો નિયમ હોવાને કારણે જેઓને માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે તેવા અન્ય દર્શનવાળા પણ અતિશયથી અશુભ અનુબંધના વ્યવચ્છેદમાં યત્ન કરે છે. તેથી ભગવાનના શાસનને પામેલા જૈનદર્શનવાળા સાધુઓ કે શ્રાવકો પણ સતત પોતાની ચિત્તવૃત્તિનું નિરીક્ષણ

કરીને પોતાની શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાનને તે રીતે સેવે જે રીતે તે તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ભાવો આત્મામાં નિષ્પન્ન થાય અને કોઈક નિમિત્તે તેમાં સ્ખલના થાય તો નિંદા-ગર્હા દ્વારા સતત તે થયેલા ભાવો પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તેવો યત્ન કરે તો સ્ખલનાથી થયેલા મલિન ભાવોના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય છે. તેથી આ રીતે જેઓ સદા ઉદ્યમ કરનારા છે તેઓનો અશુભ અનુબંધ ક્ષીણ થાય છે જેમાં વાનપ્રસ્થને સ્વીકારેલ=બ્રહ્મચારી-ગૃહસ્થ-વાનપ્રસ્થ અને યતિરૂપ ચાર આશ્રમમાંથી ત્રીજા આશ્રમને સ્વીકારેલ, એવા અન્ય દર્શનવાળા બે ભાઈઓ દૃષ્ટાંત છે જે ગ્રંથકારશ્રી સ્વયં આગળ સ્પષ્ટ કરે છે. **॥૩૭૭॥**

ગાથા :-

अंगिरसगालवा वाणपत्थ लहुगस्स जेट्ठवणगमणं ।
निग्गम कुसादिहेउं तस्सियरपडिच्छणं चेव ।।३७८।।१।।
कालातिक्कम भुक्खा दाडिमगह आगमो उ इतरस्स ।
वंदण पासण पुच्छा एत्तो पच्छित्ति णो वंदे ।।३७९।।२।।
देह इमं गच्छ निवं मग्गाहि स दूर पादलेवो त्ति ।
गमणं निवमग्गण धम्मसत्थि च्छेओ उ हत्थाणं ।।३८०।।३।।
तत्तो आगम चिण्णव्वतोसि वंदण णतीए ण्हाणं तु ।
हत्थुल्लुब्भण साहण पाणायामे तहा भावो ।।३८१।।४।।
पुच्छा किं णो पढमं असुद्धितो तं वतित्ति गुरुदोसो ।
किरियापत्थाहरणा ण अन्नहाऽवेति अणुबंधो ।।३८२।।५।।

અન્વયાર્થ :-

અંગિરસગાલવા=અંગિરસ અને ગાલવ નામના બે બ્રાહ્મણ પુત્રો હતા. વાણપત્થ=તેઓએ વાનપ્રસ્થ સ્વીકાર્યું હતું. લહુગસ્સ=લઘુનું=ગાલવ નામના નાનાભાઈનું, જેટ્ઠવણગમણં=(કોઈક પ્રયોજનથી) જ્યેષ્ઠના વનમાં ગમન થયું. કુસાદિહેઉં=કુશાદિ હેતુથી, નિગ્ગમ=નિર્ગમન=જ્યેષ્ઠભાઈનું અન્યત્ર ગમન થયું. તસ્સ=તેનું=જ્યેષ્ઠભાઈનું, ઇયરપડિચ્છણં ચેવ=ઈતર વડે પ્રતિક્ષણ કરાયું=નાનાભાઈ વડે ત્યાં રહીને મોટાભાઈની રાહ જોવાઈ.

કાલાતિક્કમ=કાલાતિક્રમ થયો. ભુક્ખા=ભૂખ લાગી=ગાલવને ભૂખ લાગી. દાડિમગહ=દાડમનું ગ્રહણ કર્યું=મોટાભાઈના વનમાંથી દાડમનું ગ્રહણ કર્યું. ઇતરસ્સ આગમો ઉ=અને અન્યનું આગમન= મોટાભાઈનું આગમન, વંદણ=વંદન=નાનાભાઈએ મોટાભાઈને વંદન કર્યું. પાસણ=દર્શન=મોટાભાઈએ લુપ્ત થયેલા દાડમનું દર્શન, પુચ્છા=પૃચ્છા=મોટાભાઈ વડે પૃચ્છા, પચ્છિત્તિ=(મોટાભાઈએ કહ્યું –)

'આનાથી પ્રાયશ્ચિત્ત છે=દાડમના ગ્રહણથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. णो वंदे=વંદન નથી=તેથી હું પ્રતિવંદન કરતો નથી.'

इमं देह=(નાનાભાઈએ કહ્યું –) 'આ આપો=મને પ્રાયશ્ચિત્ત આપો.' निवं गच्छ मग्गाहि=(મોટાભાઈએ કહ્યું –) 'નૃપ પાસે જાઓ અને પ્રાયશ્ચિત્ત માંગો.' स दूर=(નાનાભાઈએ કહ્યું –) 'તે દૂર છે.'='રાજા દૂર છે તેથી ત્યાં જવું શક્ય નથી.' पादलेवो त्ति=પાદલેપ આપ્યા=મોટાભાઈએ નાનાભાઈને પાદલેપ સમર્પિત કર્યા. गमणं=ગમન=પાદલેપના બળથી નાનાભાઈનું રાજા પાસે ગમન, निवमग्गण=નૃપ પાસે માંગણી=નાનાભાઈએ રાજા પાસે પ્રાયશ્ચિત્તની માંગણી કરી. धम्मसत्थि च्छेओ उ हत्थाणं=(રાજાએ કહ્યું –) 'ધર્મશાસ્ત્રમાં હાથનો છેદ (પ્રાયશ્ચિત્ત છે.)'

तत्तो=ત્યારપછી=હાથનો છેદ કરાવ્યા પછી, आगम=આગમન=નાનાભાઈનું મોટાભાઈ પાસે આગમન, चिण्णव्वतोसि=(મોટાભાઈએ કહ્યું –) 'તું ચીર્ણ વ્રતવાળો છું'='પ્રાયશ્ચિત્ત કરવાથી હવે તું સંધાયેલા વ્રતવાળો છું' वंदण=વંદન=મોટાભાઈએ વિધિથી નાનાભાઈને વંદન કર્યું. णतीए ण्हाणं तु=(મોટાભાઈએ કહ્યું –) 'નદીમાં તું સ્નાન કર.' हत्थुल्लुब्भण=હાથનો ઉદ્ગમ થયો=નદીમાં સ્નાન કરવાથી નાના ભાઈના હાથનો ઉદ્ગમ થયો. पाणायामे=(મોટાભાઈએ કહ્યું –) 'પ્રાણાયામ દ્વારા, तहा भावो साहण=તે પ્રકારનો ભાવ સાધિત કરાયો છે=હાથનો ઉદ્ગમ થાય તેવા પ્રકારનો ભાવ મારા વડે સાધિત કરાયો છે.'

पुच्छा=પૃચ્છા=નાનાભાઈ વડે પૃચ્છા, किं णो पढमं='પ્રથમ કેમ ન કરાયો ?'='સ્નાનથી પહેલાં હસ્ત ઉદ્ગમનો ભાવ કેમ કરાયો નહીં ?' असुद्धितो=(મોટાભાઈએ કહ્યું –) 'અશુદ્ધિને કારણે' तं वित्ति='તું વ્રતી છો એથી' गुरुदोसो=ગુરુદોષ છે=આ રીતે થોડી પણ સ્ખલનામાં મોટો દોષ છે; किरियापत्थाहरणा=કેમ કે ક્રિયાઅપથ્યનું ઉદાહરણ છે=ચિકિત્સા કરનાર અપથ્ય સેવન કરે તેનું દૃષ્ટાંત છે. अन्नहा=અન્યથા=નદીસ્નાન કર્યા વગર, अणुबंधो ण अवेति=અનુબંધ દૂર થતો નથી=હસ્તકર્તનથી પણ દોષનો અનુબંધ દૂર થતો નથી. ॥૩૭૮થી ૩૮૨॥

ગાથાર્થ :-

અંગિરસ અને ગાલવ નામના બે બ્રાહ્મણ પુત્રો હતા. તેઓએ વાનપ્રસ્થ સ્વીકાર્યું હતું. लघुनुं=ગાલવ નામના નાનાભાઈનું, કોઈક પ્રયોજનથી જ્યેષ્ઠના વનમાં ગમન થયું. कुशादि हेतुथी निर्गमन=જ્યેષ્ઠભાઈનું અન્યત્ર ગમન થયું. तेनुं=જ્યેષ્ઠભાઈનું, ईतर વડે પ્રતિક્ષણ कराયुं=નાનાભાઈ વડે ત્યાં રહીને મોટાભાઈની રાહ જોવાઈ.

कालातिक्रम थयो. भूख लागी=ગાલવને ભૂખ લાગી. दाडमनुं ग्रहण कर्युं=મોટાભાઈના વનમાંથી દાડમનું ગ્રહણ કર્યું, અને अन्यनुं आगमन=મોટાભાઈનું આગમન, वंदन=નાનાભાઈએ મોટાભાઈને વંદન કર્યું. दर्शन=મોટાભાઈએ લુપ્ત થયેલા દાડમનું દર્શન, पृच्छा=મોટાભાઈ વડે પૃચ્છા, મોટાભાઈએ કહ્યું – 'આનાથી પ્રાયશ્ચિત્ત છે=દાડમના ગ્રહણથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. વંદન નથી=તેથી હું પ્રતિવંદન કરતો નથી.'

નાનાભાઈએ કહ્યું – 'આ આપો=મને પ્રાયશ્ચિત્ત આપો.' મોટાભાઈએ કહ્યું – 'નૃપ પાસે જાઓ અને પ્રાયશ્ચિત્ત માંગો.' નાનાભાઈએ કહ્યું – 'તે દૂર છે.'='રાજા દૂર છે તેથી ત્યાં જવું શક્ય નથી.' પાદલેપ આપ્યા=મોટાભાઈએ નાનાભાઈને પાદલેપ સમર્પિત કર્યા. ગમન=પાદલેપના બળથી નાનાભાઈનું રાજા પાસે ગમન, નૃપ પાસે માંગણી=નાનાભાઈએ રાજા પાસે પ્રાયશ્ચિત્તની માંગણી કરી. રાજાએ કહ્યું – 'ધર્મશાસ્ત્રમાં હાથનો છેદ પ્રાયશ્ચિત્ત છે.'

ત્યારપછી=હાથનો છેદ કરાવ્યા પછી, આગમન=નાનાભાઈનું મોટાભાઈ પાસે આગમન, મોટાભાઈએ કહ્યું – 'તું ચીર્ણ વ્રતવાળો છું'='પ્રાયશ્ચિત્ત કરવાથી હવે તું સંધાયેલા વ્રતવાળો છું' વંદન=મોટાભાઈએ વિધિથી નાનાભાઈને વંદન કર્યું. મોટાભાઈએ કહ્યું – 'નદીમાં તું સ્નાન કર.' હાથનો ઉદ્ગમ થયો=નદીમાં સ્નાન કરવાથી નાના ભાઈના હાથનો ઉદ્ગમ થયો. મોટાભાઈએ કહ્યું – 'પ્રાણાયામ દ્વારા તે પ્રકારનો ભાવ સાધિત કરાયો છે=હાથનો ઉદ્ગમ થાય તેવા પ્રકારનો ભાવ મારા વડે સાધિત કરાયો છે.'

પૃચ્છા=નાનાભાઈ વડે પૃચ્છા, 'પ્રથમ કેમ ન કરાયો ?'='સ્નાનથી પહેલાં હસ્ત ઉદ્ગમનો ભાવ કેમ કરાયો નહીં ?' મોટાભાઈએ કહ્યું – 'અશુદ્ધિને કારણે' 'તું વ્રતી છો એથી' ગુરુદોષ છે=આ રીતે થોડી પણ સ્ખલનામાં મોટો દોષ છે; કેમ કે ક્રિયાઅપથ્યનું ઉદાહરણ છે=ચિકિત્સા કરનાર અપથ્ય સેવન કરે તેનું દૃષ્ટાંત છે. અન્યથા=નદીસ્નાન કર્યા વગર, અનુબંધ દૂર થતો નથી=હસ્તકર્તનથી પણ દોષનો અનુબંધ દૂર થતો નથી. ॥૩૭૮થી ૩૮૨॥

ટીકા :-

इह क्वचिद् मागधादौ मण्डले आङ्गिरसगालवौ ब्राह्मणसुतौ परिपालिताद्याश्रमद्वयौ सन्तौ वानप्रस्थावभूताम् । अन्यदा लघुकस्य भ्रातुर्गालवनाम्नः कुतोऽपि प्रयोजनात् स्ववनषण्डाज्ज्येष्ठवनगमनमाङ्गिरसवनावतरणं समजायत । तस्मिंश्च समये निर्गमः स्वकीयवनात् कुशादिहेतु कुशादयो दर्भकन्दमूलफलजलेन्धनादयस्तापसजनयोग्यसमाहरणीयत्वेन हेतवो यत्र तत्तथा क्रियाविशेषणमेतत्। तस्य ज्येष्ठभ्रातुः इतरप्रतीक्षणमेवेतरेण तत्रस्थेनैव विलम्बनमकारीति ।।३७८।।१।।

'कालाइक्कम'त्ति आगमनकालातिवाहने सम्पन्ने सति बुभुक्षा गालवस्य समजायत । ततस्तेन ज्येष्ठवनाद् दाडिमग्रहः कृतः भुक्तानि च तानि । मुहूर्त्तान्तरादागमस्तु प्रत्यावृत्त्य स्ववने ज्येष्ठस्य इतरस्य लघोस्तं प्रति वन्दना बभूव । 'पासण'त्ति दृष्टं च लुप्तदाडिमफलं स्ववनम् । पृच्छा च कृता तेन केनेदमित्थं विहितमिति । कथितं चानेन यथा मयेति । ततः आङ्गिरसेनोचे । इतः स्वयमेव दाडिमग्रहणादत्तादानाद्, यद्यपि 'पावं छिंदइ जम्हा पायच्छित्तं तु भण्णई तम्हा । पाएण वावि चित्तं विसोहए तेण पच्छित्तं' ।।१।। इति वचनाद् अपराधशुद्ध्युपायभूतमनुष्ठानं प्रायश्चित्तमुच्यते, तथाप्युपचारात् प्रायश्चित्तशोध्योऽपराधोऽपि प्रायश्चित्तशब्दवाच्यः, ततः प्रायश्चित्तमस्यास्तीति

प्रायश्चित्ती भवानिति कृत्वा नो नैव वन्दे प्रतिवन्दे प्रतिवन्दनं करोमि ते । निशीथेऽप्युक्तम्—'मूल-गुणउत्तरगुणे संथरमाणावि जे विसीयंति । ते नहु हुंत वंदणिज्जा ।' इति ।।३७९।।२।।

गालव उवाच—दत्त यूयमेवेदं मे प्रायश्चित्तम् । आंगिरसः—गच्छ एतन्मण्डलाधिपतिनगरे नृपं राजानं 'मग्गाहि'त्ति याचस्व शुद्धिम्, दुष्टनिग्रहशिष्टपरिपालनयोस्तस्यैव सर्वाश्रमगुरुत्वेनाधिकारित्वात् । गालवः—स राजा दूरे महता व्यवधानेन वर्त्तत इति न शक्यते तस्य समीपे गन्तुम् । तत आङ्गिरसेन पादलेपः समर्प्पितो यत्सामर्थ्याद् राजान्तिके गन्तुं शक्यत इत्यस्मात् पादलेपाद् गमनमभूत् । नृप-मार्गणाद् राज्ञः समीपात् प्रायश्चित्तस्य याञ्चा कृता । ततो राजा दिष्टैः 'धम्मसत्थि'त्ति धर्मशास्त्रिभिर्मनु-प्रभृतिमुनिप्रणीतधर्मशास्त्रपाठकैः छेदस्तु छेद एव हस्तयोः प्रायश्चित्तमादिष्टम्, न पुनरुपवासादि । लौकिकशास्त्रेषु हि येनाङ्गेन योऽपराधो विहितस्तच्छुद्धौ तदेवाङ्गं निगृह्यत इति ।।३८०।।३।।

ततो हस्तच्छेदानन्तरमागमः प्रत्यावृत्तिराङ्गिरससमीपे । तेनोक्तम्—चीर्णव्रतोऽसि समाचरितप्राय-श्चित्तस्त्वमिति विहिता वन्दना, भणितश्च नद्यां स्नानमाचरेति । तुः पादपूरणार्थः । तत्र च स्नातस्य 'हत्थुल्लुज्झण'त्ति हस्तयोरुद्रोहणं पुनरुद्गमः सम्पन्नः । तेन च 'साहण'त्ति ज्येष्ठाय साधितं निवेदितं, यथा हस्तौ ममपुनरुद्भूतौ । तेनाप्युक्तं प्राणावुच्छ्वासनिःश्वासौ तयोरायामः सामस्त्येन निरोधः प्राणायामश्चित्तवृत्तिनिरोध इत्यर्थः, तस्मिन् मया कृते सति तथा भावो हस्तयोस्ते सम्पन्नः ।।३८१।।४।।

'पुच्छ'त्ति पृच्छा कृता तेन किं न प्रथमं नदीस्नानात् तथा भावो विहितः ? स प्राह—अशुद्धितोऽद्यापि तवाशुद्धित्वात् । यतस्त्वं व्रती इत्यस्मात् स्तोकस्खलनायामपि गुरुदोषो वर्त्तते, क्रियापथ्याहरणात् चिकित्साप्रवृत्तावपथ्यासेवनदृष्टान्तात्, न नैवान्यथा हस्तकर्त्तनमपि नदीस्नानमन्तरेणापैति त्रुट्यत्यनुबन्धो-ऽपराधलव इति त्वं मया तदनुष्ठापित इति ।।३८२।।५।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે અનુબંધ તોડવા માટે નિંદા-ગર્હા કરવી આવશ્યક છે. તેમાં અન્ય દર્શનકારોનું દૃષ્ટાંત બતાવતાં કહે છે. જે ભાવથી જે પાપ થયું હોય તે ભાવ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તો તે પાપ નાશ પામે છે. આથી જ ગાલવ નામના ઋષિએ જે હાથથી ફળ તોડીને ખાધેલાં તે હાથનો છેદ કરાવીને નદીમાં સ્નાન કરવાથી તે પાપ નાશ પામે છે. એમ પ્રાયશ્ચિતના દેનારા કહે છે. તેથી જે હાથથી અદત્તાદાનનું પાપ થયું છે તે હાથનો છેદ કરવામાં આવે તે પણ ગાલવ ઋષિ સ્વીકારવા તૈયાર થયા. તેથી તે પાપ પ્રત્યે તેમને તીવ્ર પશ્ચાત્તાપ થયો. ત્યારપછી નદીસ્નાનથી શુદ્ધિ કરી તો તે પાપ દૂર થયું. તે રીતે કરવાથી પાપ પ્રત્યેની તીવ્ર જુગુપ્સા થાય છે. વળી, આમરાજા વડે પરસ્ત્રીનું સેવન થયેલ ત્યારે બપ્પભટ્ટસૂરિને તેમણે શુદ્ધિનો ઉપાય પૂછ્યો તે વખતે બપ્પભટ્ટસૂરિએ કહ્યું 'બ્રાહ્મણોને પૂછો.' બ્રાહ્મણોએ કહ્યું કે 'તપાવેલી લોઢાની

પૂતળીને આલિંગન આપવું એ એનું પ્રાયશ્ચિત્ત છે.' આમરાજા તે રીતે શુદ્ધિ કરવા તત્પર થાય છે તે વખતે બપ્પભટ્ટસૂરિ પણ ત્યાં બેઠેલા છે. જ્યારે કોઈ ક્ષોભ વગર આમરાજા તપાવેલી પૂતળીને આલિંગન આપવા જાય છે ત્યારે બપ્પભટ્ટસૂરિએ હાથ પકડીને કહ્યું કે 'પાપની શુદ્ધિ થઈ ચૂકી છે તેથી હવે પ્રાણનાશ કરવાથી સર્યું.' તેથી સર્વજ્ઞના વચનાનુસાર પણ પાપની શુદ્ધિ તીવ્ર પશ્ચાત્તાપ વગર સંભવતી નથી. આથી જ કેવલી પાસે કોઈ પ્રાયશ્ચિત્ત માંગે ત્યારે તેને તીવ્ર સંવેગ થાય તે પ્રકારે ઉપદેશ આપીને તેના મુખથી પાપનું પ્રકાશન કરવાનું કેવળી કહે છે. વળી, પાપના પ્રકાશનકાળમાં પ્રાયશ્ચિત્ત લેનારને તીવ્ર સંવેગ થાય તો કેવળી મોટા પાપનું પણ આચરણારૂપે અલ્પ પ્રાયશ્ચિત્ત આપે છે અને પાપના પ્રકાશનકાળમાં પ્રાયશ્ચિત્ત લેનારને અત્યંત મંદ સંવેગ થાય તો કેવળી નાના પાપનું પણ આચરણારૂપે મોટું પ્રાયશ્ચિત્ત આપે છે જે નદીના સ્નાન તુલ્ય છે; કેમ કે મંદ સંવેગપૂર્વક કરાયેલી આલોચનાથી તે પાપની શુદ્ધિ થઈ નહીં પરંતુ ઉત્તરમાં જે અતિશય પ્રાયશ્ચિત્ત આપ્યું તેના દ્વારા સંવેગની વૃદ્ધિ થવાથી તેની શુદ્ધિ થાય છે.

વળી, જેઓને પાપ કર્યા પછી પ્રાયશ્ચિત્ત લેવાનો પરિણામ થયો હોય છતાં સંવેગ થતો નથી તેઓ પ્રાયશ્ચિત્ત લેવા માટે અયોગ્ય છે. તેથી કેવલી પણ કહે છે કે આ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી. જેમ રજ્જા સાધ્વીજીને કેવળીએ કહ્યું કે 'આ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.' વળી, અન્ય દર્શનકારોના મતે પાપ કરતી વખતે જે અધ્યવસાય થયો છે તેના કરતાં તીવ્ર જુગુપ્સા કરાવવા અર્થે જે હાથથી અદત્તાદાન કરેલ તે હાથનો છેદ કરવા માટે કહેવાય છે અને જ્યારે પાપ કરનાર તે હાથનો છેદ કરાવવા તૈયાર થાય ત્યારે તે પાપ પ્રત્યે થયેલી તીવ્ર જુગુપ્સાને કારણે તે પાપની શુદ્ધિ થાય છે. ફક્ત ભગવાનના શાસનની પ્રક્રિયા અનુસાર પ્રાણનાશ થાય તેવું કોઈ કાર્ય અપેક્ષિત નથી. પરંતુ તીવ્ર પશ્ચાત્તાપના અર્થે ક્વચિદ્ તે પ્રકારે પ્રાણનાશ થાય તોપણ દોષરૂપ નથી. જેમ યમુના રાજર્ષિએ પ્રતિજ્ઞા કરેલી કે જ્યારે જ્યારે મને મારા પાપનું સ્મરણ થશે તે દિવસે ભોજન કરીશ નહીં. આ પ્રકારનો પાપની શુદ્ધિ માટે કરાયેલો અભિગ્રહ કોઈકને પ્રાણનાશનું કારણ બને તોપણ પાપ પ્રત્યેની તીવ્ર જુગુપ્સાને કારણે અને અદીનભાવથી તે પ્રકારે આહારનો ત્યાગ કરીને કોઈ મહાત્મા પાપની શુદ્ધિ કરે તો મૃત્યુની પ્રાપ્તિ પણ અનિષ્ટરૂપ નથી. પરંતુ 'આ પાપ છે માટે આ બાહ્ય કૃત્ય કરીને હું શુદ્ધિ કરીશ' તેટલા ભાવમાત્રથી તે પાપની શુદ્ધિ થતી નથી. માટે અનુબંધના ઉચ્છેદના અર્થી એવા શ્રાવકે કે સાધુએ સ્વીકારાયેલા વ્રતમાં થયેલી સ્ખલનાની શુદ્ધિ અર્થે અન્ય સર્વ અનુષ્ઠાનો કરતાં અતિશય નિંદા-ગર્હાદિ દ્વારા પ્રયત્ન કરવો જોઈએ, જેથી પાપની શુદ્ધિ થાય. **॥૩૭૮થી ૩૮૨॥**

अवतरणिका :-

अनुबन्धमेवाश्रित्याह –

अवतरणिकार्थ :-

અનુબંધને જ આશ્રયીને કહે છે=સ્વીકારાયેલા અનુષ્ઠાનમાં પ્રમાદને કારણે સેવાયેલા દોષો પ્રત્યે ઉપેક્ષા કરવામાં આવે તો દોષો પ્રત્યે અભિમુખભાવ થવારૂપ ભાવને કારણે કે દોષો પ્રત્યે ઉપેક્ષા થવારૂપ ભાવને કારણે તે પાપ ઉત્તરોત્તર વૃદ્ધિને પામે તેવું થાય છે તેને આશ્રયીને કહે છે –

ગાથા :-

रुद्दो य इमो एत्थं चइयव्वो धम्ममग्गजुत्तेहिं ।
एयम्मि अपरिचत्ते धम्मोवि हु सबलओ होति ।।३८३।।

અન્વયાર્થ :-

एत्थं=અહીં=સંસારમાં, धम्ममग्गजुत्तेहिं=ધર્મમાર્ગથી યુક્ત એવા (સાધુ કે શ્રાવકોએ), रुद्दो य=રૌદ્ર જ, इमो=આ=અશુભ અનુબંધ, चइयव्वो=ત્યાગ કરવો જોઈએ=નિંદાગર્હાદિ ઉચિત ઉપાય દ્વારા ત્યાગ કરવો જોઈએ. हु=જે કારણથી, एयम्मि अपरिचत्ते=આનો અપરિત્યાગ કરાયે છતે=સ્વીકારાયેલા ધર્માનુષ્ઠાનમાં પ્રમાદાચરણારૂપ અશુભ અનુબંધનો અત્યાગ કરાયે છતે, धम्मोवि=ધર્મ પણ, सबलओ होति=સબળ થાય છે. ।।૩૮૩।।

ગાથાર્થ :-

અહીં=સંસારમાં, ધર્મમાર્ગથી યુક્ત એવા સાધુ કે શ્રાવકોએ રૌદ્ર જ આ=અશુભ અનુબંધ, ત્યાગ કરવો જોઈએ=નિંદાગર્હાદિ ઉચિત ઉપાય દ્વારા ત્યાગ કરવો જોઈએ. જે કારણથી આનો અપરિત્યાગ કરાયે છતે=સ્વીકારાયેલા ધર્માનુષ્ઠાનમાં પ્રમાદાચરણારૂપ અશુભ અનુબંધનો અત્યાગ કરાયે છતે, ધર્મ પણ સબળ થાય છે. ।।૩૮૩।।

ટીકા :-

रौद्रश्च दारुण एवायमशुभानुबन्धोऽत्र जगति त्यक्तव्यः परिहरणीयो निन्दागर्हादिनोपायेन । कैरित्याह—धर्म्ममार्ग्गयुक्तैः धर्म्ममार्गा धर्म्माराधनोपायाः साधुश्रावकसमाचारास्तत्समन्वितैः । एतस्मिन्ननुबन्धेऽपरिहृते धर्म्मः, प्रागुक्तोऽधर्मस्तावत्तत्त्वतो भवत्येवेत्यपिशब्दार्थः, हुर्यस्मात् शबलकोऽतिचारपङ्कमालिन्यकल्मषरूपतामापन्नो भवति । अयमभिप्रायो महति दोषानुबन्धे मूलगुणादिभंगरूपे विधीयमानोऽपि धर्म्मो न स्वरूपं लभते, अल्पातिचारानुबन्धे च भवन्नपि धर्म्मः शबलस्वरूप एव । अत एव पठ्यते—'पायडियसव्वसल्लो' इत्यादि ।।३८३।।

ભાવાર્થ :-

આત્મકલ્યાણના અર્થી જીવોનો ઉપયોગ જ્યારે તત્ત્વના નિરીક્ષણને અભિમુખ પ્રવર્તતો હોય ત્યારે પોતાની શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન સેવીને મોહના ઉન્મૂલનને અનુકૂળ યત્ન કરાવે તે પ્રકારે પ્રવર્તે છે અને જ્યારે જ્યારે જીવ કર્મને વશ થાય છે ત્યારે ત્યારે પોતાના સ્વીકારાયેલા અનુષ્ઠાનમાં પણ મૂઢની જેમ કે અવિચારકતાને કારણે અતિચારો સેવે છે. જે અતિચારો તે અનુષ્ઠાનનો નાશ કરાવીને જીવને દુર્ગતિમાં લઈ જાય છે. તેથી તે અનુષ્ઠાનકાળમાં સેવાયેલા અતિચારો અશુભ અનુબંધનું કારણ બને છે. આ અશુભ અનુબંધ અત્યંત દારુણ ફળવાળો છે. તેથી ધર્મઆરાધનાના ઉપાયોમાં પ્રવૃત્ત એવા સાધુ અને

શ્રાવકોએ સતત તેના પરિહાર માટે યત્ન કરવો જોઈએ. વળી, જો સ્વીકારાયેલા અનુષ્ઠાનમાં થતા અતિચારોના પરિહાર માટે કોઈ યત્ન કરવામાં ન આવે તો શુદ્ધ અનુષ્ઠાનના રાગના અભાવને કારણે વિપર્યાસની પ્રાપ્તિ થાય અને તેના કારણે સેવાતું અનુષ્ઠાન અત્યંત શબલ=કાબરચીતરું બને છે. જેથી અનુષ્ઠાનના ફળની પ્રાપ્તિને બદલે અનર્થની પરંપરાની પ્રાપ્તિ પણ થઈ શકે છે. માટે નિપુણ પ્રજ્ઞાપૂર્વક અશુભ અનુબંધના ત્યાગ માટે યત્ન કરવો જોઈએ. **॥૩૮૩॥**

અવતરણિકા :-

इत्थं लौकिकमुदाहरणमभिधाय लोकोत्तरमभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વમાં ગાલવ વગેરે બે ભાઈઓનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, લૌકિક ઉદાહરણ બતાવીને લોકોત્તર ઉદાહરણ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

लोउत्तरंपि एत्थं निदरिसणं पत्तदंसणाईवि ।
असुहाणुबंधतो खलु अणंतसंसारिया बहवे ।।३८४।।

અન્વયાર્થ :-

एत्थं=અહીં=અશુભ અનુબંધમાં, लोउत्तरंपि निदरिसणं=લોકોત્તર પણ દૃષ્ટાંત છે. पत्तदंसणाईवि=પ્રાપ્ત દર્શનાદિવાળા પણ, असुहाणुबंधतो खलु=અશુભ અનુબંધને કારણે જ, बहवे अणंतसंसारिया=ઘણા જીવો અનંત સંસારી થયા છે. ॥૩૮૪॥

ગાથાર્થ :-

અહીં=અશુભ અનુબંધમાં, લોકોત્તર પણ દૃષ્ટાંત છે. પ્રાપ્ત દર્શનાદિવાળા પણ, અશુભ અનુબંધને કારણે જ, ઘણા જીવો અનંત સંસારી થયા છે. ॥૩૮૪॥

ટીકા :-

लोकोत्तरमपि न केवलं लौकिकमित्यपिशब्दार्थः, अत्राशुभानुबन्धे निदर्शनमुदाहरणम् । क इत्याह– प्राप्तदर्शनादयोऽपि लब्धविशुद्धसम्यक्त्वज्ञानचारित्रसम्पदोऽपि, किं पुनस्तद्विकलजीवा इत्यपिशब्दार्थः, अशुभानुबन्धत उक्तरूपात्, खलुरवधारणे, अनन्तसंसारिका अनन्तोत्सर्पिण्यवसर्प्पिणीप्रमाणः संसारो येषामस्तीति ते तथा बहवो भूयांस इति ।।३८४।।

ભાવાર્થ :-

અશુભ અનુબંધના વિષયમાં પૂર્વમાં લૌકિક દૃષ્ટાંત આપ્યું. લોકોત્તર એવા ભગવાનના શાસનમાં પણ

અશુભ અનુબંધનાં અનેક દૃષ્ટાંતો છે. તે દૃષ્ટાંતો કેવા પ્રકારનાં છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

કેટલાક જીવોએ વિશુદ્ધ એવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પ્રાપ્ત કર્યું છે, એવા પણ જીવો પ્રમાદને વશ થયા ત્યારે પોતાનાં સ્વીકારાયેલાં અનુષ્ઠાનોમાં અતિચારોની ઉપેક્ષા કરીને અશુભ અનુબંધને પ્રાપ્ત કર્યો જેના ફળરૂપે અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ સુધી કદર્થનાને પામ્યા પરંતુ જેઓ રત્નત્રયીની પ્રાપ્તિને અભિમુખભાવવાળા છે તેઓ પણ કોઈક રીતે પ્રમાદવશ થઈને અશુભ અનુબંધનો ઉચ્છેદ કરવા માટે યત્ન ન કરે તો તેઓ વિનાશને પામે છે. એટલું જ નહીં પણ રત્નત્રયીને પામેલા પણ જીવો અશુભ અનુબંધના ઉચ્છેદ માટે યત્ન ન કરે તો તેઓ પણ વિનાશને પામે છે. માટે નિપુણ પ્રજ્ઞાપૂર્વક સંસારનું રૌદ્ર સ્વરૂપ વિચારીને સ્વીકારાયેલા અનુષ્ઠાનમાં અતિચાર ન લાગે તે રીતે દૃઢ યત્ન કરવો જોઈએ અને કોઈક રીતે અતિચાર લાગ્યા હોય તો ઉચિત નિંદા-ગર્હા દ્વારા તેની શુદ્ધિ કરવી જોઈએ. **॥૩૮૪॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=રત્નત્રયને પામીને અશુભ અનુબંધને કારણે ઘણા જીવો અનંત સંસારી થયા એને જ, ભાવન કરે છે –

ગાથા :-

चउदसपुव्वधराणं अपमत्ताणं वि अंतरं समए ।
भणियमणंतो कालो सो पुण उववज्जए एवं ।।३८५।।

અન્વયાર્થ :-

अपमत्ताणं वि चउदसपुव्वधराणं=અપ્રમત્ત પણ ચૌદ પૂર્વધરોનો, समए=સમયમાં=શાસ્ત્રમાં, अंतरं=અંતરને=પ્રસ્તુત ગુણસ્થાનકથી પાત થયા પછી ફરી પ્રાપ્તિનું વ્યવધાન, अणंतो कालो भणियं=અનંત કાળ કહેવાયો છે. सो पुण=વળી તે=પ્રાપ્ત થયેલા માર્ગનું વ્યવધાન, एवं=આ રીતે=અશુભ અનુબંધની રૌદ્રતા હોતે છતે, उववज्जए=ઘટે છે. ।।૩૮૫।।

ગાથાર્થ :-

અપ્રમત્ત પણ ચૌદ પૂર્વધરોનો, સમયમાં=શાસ્ત્રમાં, અંતરને=પ્રસ્તુત ગુણસ્થાનકથી પાત થયા પછી ફરી પ્રાપ્તિનું વ્યવધાન, અનંત કાળ કહેવાયો છે. વળી તે=પ્રાપ્ત થયેલા માર્ગનું વ્યવધાન, આ રીતે=અશુભ અનુબંધની રૌદ્રતા હોતે છતે, ઘટે છે. ।।૩૮૫।।

ટીકા :-

चतुर्दशपूर्वधराणां समस्तश्रुतजलधिपरपारप्राप्तानाम् ऋषिविशेषाणाम्, अप्रमत्तानामपि च पुलाकब-

कुशप्रतिसेवनाकुशीलसाधुयोग्यप्रमादस्थानपरिहारवतामपि, किंपुनः सम्यग्दर्शनादिशेषगुणभाजामित्यपि-शब्दार्थः, अन्तरं प्रतिपतितप्रस्तुतगुणानां पुनर्लाभव्यवधानं समये जिनागमे भणितं निरूपितम् । कीदृशमित्याह—अनन्तकालः, यथोक्तं—'कालमणंतं च सुए अद्धा परियट्टओ य देसूणो । आसायण-बहुलाणमुक्कोसं अंतरं होइ ।।१।।' स पुनरनन्तकाल उपपद्यते, एवमशुभानुबन्धस्य रौद्रतायां सत्यामिति । नह्यवश्यवेद्यमशुभानुबन्धमन्तरेण प्रकृतगुणभंगे पुनर्लब्ध्या कियत्कालव्यवधाने कश्चिदन्यो हेतुरस्तीति ।।३८५।।

ભાવાર્થ :-

સંસારના રૌદ્ર સ્વરૂપને જાણીને સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી એવા કેટલાક ઋષિઓ અપ્રમાદ ભાવથી સંયમમાં ઉદ્યમ કરનારા હોય છે અને અપ્રમાદપૂર્વક ચૌદપૂર્વ ભણીને સદા તેનાથી વાસિત થવા યત્ન કરનારા હોય છે તોપણ કોઈક નિમિત્તને પામીને પ્રમાદવશ બને છે ત્યારે તેઓ પોતાના સંયમજીવનમાં શિથિલ થાય છે અને સેવાતા અતિચારોની ઉપેક્ષા કરીને માર્ગથી પાત પામે છે. તેઓને તે માર્ગની ફરી પ્રાપ્તિ અનંત કાળે થાય છે એ પ્રકારે શાસ્ત્રમાં સંભળાય છે. તેથી નક્કી થાય છે કે અશુભ અનુબંધ આવા રૌદ્ર સ્વરૂપવાળો હોય તો જ માર્ગને પામ્યા પછી પણ ફરી માર્ગની પ્રાપ્તિમાં અનંત કાળનું વ્યવધાન સંભવી શકે. માટે સંસારથી ભય પામેલા જીવોએ અશુભ અનુબંધનું રૌદ્ર સ્વરૂપ ભાવન કરીને સદા તેના ઉચ્છેદ માટે યત્ન કરવો જોઈએ. **॥૩૮૫॥**

અવતરણિકા :-

एतदेव भावयति —

અવતરણિકાર્થ :-

આને જ=અશુભ અનુબંધની અનર્થકારિતાને જ, ભાવન કરે છે —

ગાથા :-

गंठीओ आरओवि हु असई बंधो ण अण्णहा होइ ।
ता एसो वि हु एवं णेओ असुहाणुबंधोत्ति ।।३८६।।

અન્વયાર્થ :-

गंठीओ आरओवि हु=ગ્રંથિભેદની પૂર્વમાં પણ, असई बंधो=असकृत બંધ=અનંત વખત તે પ્રકારનો જ્ઞાનાવરણીયાદિનો બંધ, अण्णहा ण होइ=અન્યથા થતો નથી=અશુભ અનુબંધ વગર થતો નથી. ता=તે કારણથી, एसो वि हु=આ પણ=असकृत બંધ પણ, एवं=આ રીતે=અશુભ અનુબંધનું મૂળ હોવાને કારણે, असुहाणुबंधोत्ति णेओ=અશુભ અનુબંધ જ જાણવો. ॥૩૮૬॥

ગાથાર્થ :-

ગ્રંથિભેદની પૂર્વમાં પણ અસકૃત બંધ=અનંત વખત તે પ્રકારનો જ્ઞાનાવરણીયાદિનો બંધ, અન્યથા થતો નથી=અશુભ અનુબંધ વગર થતો નથી. તે કારણથી આ પણ=અસકૃત બંધ પણ, આ રીતે=અશુભ અનુબંધનું મૂળ હોવાને કારણે, અશુભ અનુબંધ જ જાણવો. ।।૩૮૬।।

ટીકા :-

ગ્રન્થેરુક્તરૂપાદારતોઽપિ તસ્મિન્નભિન્નેઽપિ સતિ, કિં પુનર્ભિન્નગ્રન્થૌ, અશુભાનુબન્ધતોઽનન્તસંસાર ઇત્યપિશબ્દાર્થઃ, અસકૃદ્ અનન્તવારાન્ બન્ધો જ્ઞાનાવરણાદીનાં કર્મણાં સ્વીકારઃ, ન નૈવાન્યથાઽશુભાનુબંધં વિના ભવતિ, અનુરૂપકારણપ્રભવત્વાત્ સર્વકાર્યાણામ્ । તત્ તસ્માદેષોઽપ્યસકૃદ્બન્ધો, ન કેવલં યતોઽસૌ પ્રવૃત્ત ઇત્યપિશબ્દાર્થઃ, હુઃ સ્ફુટમ્, એવમશુભાનુબન્ધમૂલત્વેન જ્ઞેયોઽશુભાનુબન્ધ ઇતિ, કાર્યકારણયોર્મૃદ્ઘટયોરિવ કથંચિદભેદાત્ । તસ્માત્ કારણકૃતસ્ય કાર્યભૂતસ્ય ચાશુભાનુબન્ધસ્ય ત્રોટને યત્નો વિધેય ઇતિ ।।૩૮૬।।

ભાવાર્થ :-

જે જીવોએ ગ્રંથિભેદ કર્યો નથી તેને પણ જ્ઞાનાવરણીય કર્મ વારંવાર અનંત કાળ સુધી બંધાતું હોય છે તે અશુભ અનુબંધ વગર સંભવતું નથી; કેમ કે ગ્રંથિભેદ કર્યા પૂર્વે જીવોને બાહ્ય પદાર્થોમાં જ સુખબુદ્ધિ કે કાષાયિક ભાવોમાં જ સુખબુદ્ધિ સ્થિર હોય છે. આથી જ માન-સન્માન કે ભોગવિલાસ આદિની પ્રાપ્તિના આશયમાત્રથી ધર્મ કરે છે માટે તેઓને જે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તે ઉત્તરોત્તર ક્ષીણ થયા વગર અનંત કાળ સુધી બંધાતું હોય છે. તેના પ્રત્યે તે જીવોમાં વર્તતો વિપર્યાસ જ કારણ છે. તેથી તે વિપર્યાસને કારણે તેઓ ઉત્તરોત્તર જ્ઞાનાવરણીય આદિ કર્મના પ્રવાહને પ્રાપ્ત કરે છે. વળી, સમ્યક્ત્વ પામ્યા પછી કે રત્નત્રયની પ્રાપ્તિ કર્યા પછી જે ચૌદપૂર્વધરાદિ મહાત્માઓ અનંત કાળ પછી ફરી માર્ગને પ્રાપ્ત કરે છે તે સ્થાનમાં પણ તેઓમાં વર્તતો વિપર્યાસ જ કારણ છે અને તે વિપર્યાસને કારણે ફરી ફરી જ્ઞાનાવરણીય આદિના બંધરૂપ અશુભ અનુબંધ જ કારણ છે.

તેથી એ ફલિત થાય કે જેઓએ અશુભ અનુબંધનો ઉચ્છેદ કરવો હોય તેઓએ સતત વીતરાગના વચનાનુસાર સૂક્ષ્મ આલોચનપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ અને પ્રમાદવશ જે સ્ખલના થઈ હોય તેની નિંદા-ગર્હા દ્વારા સતત શુદ્ધિ કરવા યત્ન કરવો જોઈએ. જેથી વીતરાગભાવને અનુકૂળ અપ્રમાદભાવ વૃદ્ધિ થાય જેનાથી અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે વીતરાગભાવને અભિમુખ યત્નની ઉપેક્ષા કરીને બાહ્ય ભાવો પ્રત્યેના આકર્ષણથી થતા પ્રમાદને કારણે ચૌદપૂર્વધરાદિને પણ અશુભ અનુબંધની પ્રાપ્તિ થઈ જેથી અનંત સંસારની પ્રાપ્તિ થઈ અને જેઓ ચૌદપૂર્વધર થયા નથી તેવા મેઘકુમારના જીવને હાથીના ભવમાં દુઃખિત પ્રત્યે અત્યંત દયા થઈ અને ભદ્રકપ્રકૃતિને કારણે મિથ્યાત્વની મંદતાની પ્રાપ્તિ થઈ તેથી મનુષ્યભવને પામીને વીરભગવંત

પાસે સંયમ ગ્રહણ કર્યું અને અપ્રમાદથી શક્તિ અનુસાર સર્વજ્ઞના વચનથી નિયંત્રિત સંયમમાં યત્ન કર્યો તો અશુભ અનુબંધનો નાશ કરીને સર્વાર્થસિદ્ધની પ્રાપ્તિ થઈ. ॥૩૮૬॥

અવતરણિકા :-

અથ પરમતમાશંકમાનમાહ –

અવતરણિકાર્થ :-

હવે પરમતની આશંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે=પૂર્વના કથનમાં પર દ્વારા સંભવિત આશંકાને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

नणु सुद्धाणाजोगो आसि च्चिय पत्तदंसणाईणं ।
तेसिमसुहाणुबंधो णावगओ कहणु एत्तो उ ।।३८७।।

અન્વયાર્થ :-

'नणु'='ननु'થી શંકા કરતાં કહે છે. पत्तदंसणाईणं=પ્રાપ્ત દર્શનાદિવાળાને=ચૌદપૂર્વધરાદિઓને, सुद्धाणाजोगो आसि च्चिय=શુદ્ધ આજ્ઞાયોગ હતો જ, एत्तो उ=આનાથી પણ=અશુભ આજ્ઞાયોગના વ્યવચ્છેકપણાથી પરિકલ્પિત એવા શુદ્ધ આજ્ઞાયોગથી પણ, कहणु=કેવી રીતે, तेसिमसुहाणुबंधो णावगओ=તેઓનો અશુભ અનુબંધ દૂર થયો નથી. ॥૩૮૭॥

ગાથાર્થ :-

'ननु'થી શંકા કરતાં કહે છે. પ્રાપ્ત દર્શનાદિવાળાને=ચૌદપૂર્વધરાદિઓને, શુદ્ધ આજ્ઞાયોગ હતો જ. આનાથી પણ=અશુભ આજ્ઞાયોગના વ્યવચ્છેકપણાથી પરિકલ્પિત એવા શુદ્ધ આજ્ઞાયોગથી પણ, કેવી રીતે તેઓનો અશુભ અનુબંધ દૂર થયો નથી. ॥૩૮૭॥

ટીકા :-

नन्विति परपक्षाक्षमायां, शुद्धाज्ञायोगो निरवकरपारगतवचनाराधनारूप आसीदेव वृत्त एव । केषामित्याह—प्राप्तदर्शनादीनामुपलब्धसम्यग्दर्शनादीनामिदानीं तत्प्रतिपातवतामपि । ततः किमित्याह— तेषां प्राप्तदर्शनानामशुभानुबन्धो नापगतो न त्रुटितः, कथं नुः परिप्रश्ने, इतस्तु शुद्धाज्ञायोगादपि अशुभानुबन्धव्यवच्छेदकत्वेन भवद्भिः परिकल्पितादपि ?।।३८७।।

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે શુદ્ધ આજ્ઞાયોગથી અશુભ અનુબંધનો વ્યવચ્છેદ થાય છે; કેમ કે શુદ્ધ આજ્ઞાયોગકાળમાં મહાત્માઓ સર્વજ્ઞના વચનાનુસાર સૂક્ષ્મ બોધપૂર્વક વીતરાગ થવાના યત્નવાળા હોય છે.

તેથી તેઓમાં વર્તતાં જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં જે અશુભ અનુબંધ વર્તે છે તે સતત ક્ષીણ થાય છે અને તેમ કહ્યા પછી ગાથા-૩૮૫માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અપ્રમત્ત પણ ચૌદપૂર્વધરાદિ અશુભ અનુબંધને કારણે અનંત કાળ સુધી સંસારમાં ભટકે છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે જેઓએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રાપ્ત કર્યું છે તેઓમાં શુદ્ધ આજ્ઞાયોગ પ્રગટ થયો છે અને તે શુદ્ધ આજ્ઞાયોગથી તે જ્ઞાનાવરણીય આદિ કર્મોના અશુભ અનુબંધનો નાશ કેમ ન થયો અર્થાત્ તેઓને પ્રાપ્ત થયેલ શુદ્ધ આજ્ઞાયોગના બળથી અશુભ અનુબંધનો નાશ અવશ્ય થવો જોઈએ અને અશુભ અનુબંધનો નાશ થાય તો તેઓને અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણની પ્રાપ્તિ થવી જોઈએ નહીં. આ પ્રકારે પ્રથમદૃષ્ટિથી શંકા થઈ શકે છે. **॥૩૮૭॥**

અવતરણિકા :-

एवं च सति –

અવતરણિકાર્થ :-

અને આમ હોતે છતે=ચૌદપૂર્વધરાદિ જીવોને શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ હોવા છતાં અશુભ અનુબંધ નાશ પામ્યો નહીં એમ હોતે છતે, શું પ્રાપ્ત થાય એ બતાવતાં કહે છે –

ગાથા :-

एयापगमणिमित्तं कहं व एसो उ हंत केसिंचि ।
एयं मिहोविरुद्धं पडिहासइ जुज्जए कह णु? ।।३८८।।

અન્વયાર્થ :-

व=અથવા, केसिंचि=કેટલાક જીવોને, एसो उ हंत=આ જ=શુદ્ધ આજ્ઞાયોગ જ, एयापगमणिमित्तं=આના અપગમનું નિમિત્ત=અશુભ અનુબંધના અપગમનું કારણ, कहं=કેવી રીતે ?=કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહીં. एयं=આ રીતે=પૂર્વમાં કહ્યું કે શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધના વ્યવચ્છેદનું કારણ છે અને પછી કહ્યું કે શુદ્ધ આજ્ઞાયોગને પામેલા ચૌદ પૂર્વધરો અશુભ અનુબંધને આશ્રયીને અનંત સંસારને પામ્યા છે એ રીતે, मिहोविरुद्धं पडिहासइ=પરસ્પર વિરુદ્ધ ભાસે છે (તેથી) कह णु जुज्जइ ?= કેવી રીતે ઘટે=તમારું કહેલું કથન ઘટે નહીં. ॥૩૮૮॥

ગાથાર્થ :-

અથવા કેટલાક જીવોને આ જ=શુદ્ધ આજ્ઞાયોગ જ, આના અપગમનું નિમિત્ત=અશુભ અનુબંધના અપગમનું કારણ, કેવી રીતે ?=કેવી રીતે ઘટે ? અર્થાત્ ઘટે નહીં. આ રીતે=પૂર્વમાં કહ્યું કે શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધના વ્યવચ્છેદનું કારણ છે અને પછી કહ્યું કે શુદ્ધ આજ્ઞાયોગને પામેલા ચૌદ પૂર્વધરો અશુભ અનુબંધને આશ્રયીને અનંત સંસારને પામ્યા છે એ રીતે, પરસ્પર વિરુદ્ધ ભાસે છે તેથી કેવી રીતે ઘટે=તમારું કહેલું કથન ઘટે નહીં. ॥૩૮૮॥

ટીકા :-

एतदपगमननिमित्तमशुभानुबन्धव्यवच्छेदकारणं, कथं वेत्यथवा, एष त्वेष एव शुद्धाज्ञायोगः, हन्तेति कोमलामंत्रणे, केषांचिज्जीवानाम् । तत एतच्छुद्धाज्ञायोगादशुभानुबन्धव्यवच्छेदभणनं मिथः परस्परं विरुद्धं प्रतिभासते । न हि ये यत्कार्यकारिणो भावास्ते तदकारिणोऽपि भवन्ति, वृक्ष इव च्छायायाः । अन्यथा कार्यकारणव्यवस्थाविलोपप्रसङ्गः । ततो युज्यते घटते कथं केन प्रकारेण भवदुक्तं, नुरिति वितर्क्कयामि ?।।३८८।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે અનંત સંસારના પરિભ્રમણનું કારણ અશુભ અનુબંધ છે અને તેના વ્યવચ્છેદ માટે વિવેકી પુરુષે શુદ્ધ આજ્ઞાયોગમાં યત્ન કરવો જોઈએ. ત્યારપછી કહ્યું કે ચૌદપૂર્વધરો પણ આ અશુભ અનુબંધને કારણે અનંત કાળ સુધી સંસારમાં ભટક્યા તેથી જેઓ અનંત કાળ સુધી સંસારમાં ભટક્યા તેવા ચૌદપૂર્વધરાદિ જીવોને પ્રાપ્ત થયેલો શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધના વ્યવચ્છેદનું કારણ કેમ ન થયું અને જો શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધના વ્યવચ્છેદનું કારણ હોય આમ છતાં શુદ્ધ આજ્ઞાયોગને પામેલા અપ્રમાદી એવા ચૌદપૂર્વધરાદિ જીવોને તેનાથી અશુભ અનુબંધનો વ્યવચ્છેદ થયો નહીં એમ કહેવામાં આવે તો પરસ્પર વિરુદ્ધ પ્રતિભાસ થાય છે, માટે શુદ્ધ આજ્ઞાયોગને અશુભ અનુબંધના વ્યવચ્છેદનું કારણ સ્વીકારવું હોય તો શુદ્ધ આજ્ઞાયોગ પામેલા જીવો ક્યારેક અશુભ અનુબંધથી પડે છે એમ કહી શકાય નહીં. આ પ્રકારની શંકા વિચારકને થઈ શકે છે. **॥૩૮૮॥**

અવતરણિકા :-

अत्र समाधिमाह —

અવતરણિકાર્થ :-

આમાં=ગાથા ૩૮૭-૩૮૮માં કરેલી શંકામાં, સમાધિને=સમાધાનને, કહે છે —

ગાથા :-

भण्णइ जहोसहं खलु जत्तेण सया विहाणओ जुत्तं ।
तह वोच्छिंदइ वाहिं ण अण्णहा एवमेसोवि ।।३८९।।

અન્વયાર્થ :-

भण्णइ=ઉત્તર અપાય છે=ગાથા-૩૮૭-૩૮૮માં કરેલી શંકાનો ઉત્તર અપાય છે. जह=જે પ્રમાણે, जत्तेण सया विहाणओ=યત્ન વડે સદા વિધાનથી=આદરપૂર્વક ઉચિત અન્નપાનસેવનરૂપ વિધિથી, ओसहं खलु जुत्तं=ઔષધ ખરેખર યુક્ત છે=હીનાધિક માત્રાના પરિહારથી સમુચિત છે, तह=તથા=તેથી યત્નથી

સદા વિધિપૂર્વક પ્રમાણોપેત સેવાતું ઔષધ, વોચ્છિંદઇ વાહિં=રોગીના વ્યાધિનો ઉચ્છેદ કરે છે, ણ અણ્ણહા=અન્યથા નથી કરતું=ઉક્ત ક્રમના વ્યતિક્રમમાં વ્યાધિનો ઉચ્છેદ નથી કરતું, એવં=એ રીતે=ઔષધની જેમ, એસોવિ=આ પણ=શુદ્ધ આજ્ઞાયોગ પણ અશુભ અનુબંધનો વિચ્છેદ કરે છે. ।।૩૮૯।।

ગાથાર્થ :-

ઉત્તર અપાય છે=ગાથા-૩૮૭-૩૮૮માં કરેલી શંકાનો ઉત્તર અપાય છે. જે પ્રમાણે યત્ન વડે સદા વિધાનથી=આદરપૂર્વક ઉચિત અન્નપાનસેવનરૂપ વિધિથી, ઔષધ ખરેખર યુક્ત છે=હીનાધિક માત્રાના પરિહારથી સમુચિત છે, તથા=તેથી યત્નથી સદા વિધિપૂર્વક પ્રમાણોપેત સેવાતું ઔષધ, રોગીના વ્યાધિનો ઉચ્છેદ કરે છે, અન્યથા નથી કરતું=ઉક્ત ક્રમના વ્યતિક્રમમાં વ્યાધિનો ઉચ્છેદ નથી કરતું, એ રીતે=ઔષધની જેમ, આ પણ=શુદ્ધ આજ્ઞાયોગ પણ અશુભ અનુબંધનો વિચ્છેદ કરે છે. ।।૩૮૯।।

ટીકા :-

भण्यते उत्तरमत्र यथौषधं त्रिफलादिः, खलुरवधारणे, यत्नेनादरेण सदा सर्वावस्थासु विधानतः तदुचितान्नपानादिसेवनरूपाद् युक्तं हीनाधिकमात्रापरिहारेण समुचितं, तथेति विशेषणसमुच्चये, ततो यत्नेन सदा विधानतो युक्तं च समुपजीव्यमानं सद् रोगिणां व्यवच्छिनत्ति व्याधिं कण्डूप्रभृतिकम्, न नैवान्यथोक्तक्रमव्यतिक्रमे । एवमौषधवद् एषोऽपि शुद्धाज्ञायोगोऽशुभानुबन्धव्याधिमिति ।।३८९।।

ભાવાર્થ :-

ગાથા-૩૮૭-૩૮૮માં કરેલી શંકાનો ઉત્તર આપતાં દૃષ્ટાંત બતાવે છે. જેમ કોઈ રોગી સુવૈદ્ય દ્વારા અપાયેલું ઔષધ આદરથી સેવે, તે ઔષધ સાથે ઉચિત અન્નપાનાદિની જે વિધિ છે તે વિધિપૂર્વક સેવે અને ઔષધને હીનઅધિકમાત્રાના પરિહારપૂર્વક પ્રમાણોપેત સેવે તો તેવા ઔષધના સદા સેવનથી રોગીના વ્યાધિનો નાશ થાય છે અને એ ક્રમ વગર પ્રવૃત્તિ કરવાથી વ્યાધિનો નાશ થતો નથી. એ રીતે શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધરૂપ વ્યાધિનો નાશ કરે છે. તેથી એ પ્રશ્ન થાય કે જે મહાત્માને ચારગતિના પરિભ્રમણરૂપ સંસાર અત્યંત રૌદ્ર છે તેવો સ્પષ્ટ પ્રતિભાસ થયો છે છતાં તે પ્રતિભાસને પ્રતિદિન સ્પષ્ટ-સ્પષ્ટતર કરવા માટે પ્રયત્ન ન કરે તો તે પ્રતિભાસ મ્લાન થાય છે. તેથી જેઓ સંસારના રૌદ્ર સ્વરૂપનું સતત ભાવન કરીને સ્થિર કરે છે અને તેના ઉચ્છેદનો એક ઉપાય સ્વભૂમિકાનુસાર હીનઅધિકમાત્રાના પરિહારપૂર્વક કરાયેલી ઉચિત પ્રવૃત્તિ છે અને તે પ્રવૃત્તિ પણ દૃઢ પ્રણિધાનપૂર્વક કરવા માટે જે જે કલ્યાણમિત્ર આદિનો યોગ આલંબનરૂપે શાસ્ત્રમાં વિહિત છે તે પ્રકારે કરવામાં આવે તો સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ અંતરંગ કષાયના કાલુષ્યરૂપ વ્યાધિને સતત ક્ષીણ કરે છે અને જેઓ કષાયરૂપ ભાવરોગ નાશ ન થાય ત્યાં સુધી અપ્રમાદપૂર્વક તે સર્વ ઉચિત વિધિ અનુસાર શુદ્ધ આજ્ઞાયોગરૂપ ઔષધનું સેવન કરે છે તેઓનો અશુભ અનુબંધ અવશ્ય વિચ્છેદ થાય છે. પરંતુ જે ચૌદપૂર્વધરાદિ જીવો પાતને પામ્યા છે તેઓ

પ્રથમ ભૂમિકામાં વિધિપૂર્વક અપ્રમાદભાવથી શુદ્ધ આજ્ઞાયોગને સેવે છે પરંતુ પોતાનો વ્યાધિ હજી નાશ થયો નથી અને નાશ થઈ રહ્યો છે તેવા જ પ્રસંગે કોઈક નિમિત્તને પામીને પ્રમાદવાળા થાય છે તેથી શુદ્ધ આજ્ઞાયોગને વિધિપૂર્વક સેવવા માટેનો તેઓનો યત્ન શિથિલ થાય છે. તેથી તેઓએ સેવેલો પ્રાથમિક શુદ્ધ આજ્ઞાયોગ કંઈક અશુભ અનુબંધને અલ્પ કરે છે તોપણ અવશેષ અશુભ અનુબંધરૂપ વ્યાધિનો નાશ થયેલો નહીં હોવાથી પ્રમાદને વશ તે વ્યાધિ પ્રકોપને પામે છે તેથી તેઓ દૂરંત સંસારમાં ભમે છે. માટે જેઓ અપ્રમાદપૂર્વક શુદ્ધ આજ્ઞાયોગને સેવે છે તેઓ મેઘકુમારની જેમ પાત પામ્યા વગર વ્યાધિનો નાશ કરવા સમર્થ બને છે. **॥૩૮૯॥**

ગાથા :-

एत्तो उ अप्पमाओ भणिओ सव्वत्थ भयवया एवं ।
इहरा ण सम्मजोगो तस्साहय सोवि लूहोत्ति ।।३९०।।

અન્વયાર્થ :-

एत्तो उ=આથી જ=ઔષધના દૃષ્ટાંતની જેમ શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધનો વ્યવચ્છેદ કરનાર હોવાથી જ, भयवया=ભગવાન વડે, सव्वत्थ=सर्वत्र=સાધુ અને શ્રાવક પ્રાયોગ્ય સર્વ અનુષ્ઠાનોમાં, एवं=આ રીતે=અશુભ અનુબંધના વ્યવચ્છેદપણા વડે, अप्पमाओ भणिओ=અપ્રમાદ કહેવાયો છે, इहरा=ईतरथा=અશુભ અનુબંધના વ્યવચ્છેદનો અભાવ હોતે છતે, ण सम्मजोगो=સમ્યગ્ યોગ નથી=શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિના હેતુરૂપ અપ્રમાદ નથી.

વળી, ઘણા ચૌદપૂર્વધરાદિ શુદ્ધ આજ્ઞાયોગને પામ્યા પછી અશુભ અનુબંધનો પૂર્ણ વ્યવચ્છેદ નહીં થવાથી પાતને પામ્યા તેઓને પાત પૂર્વે સેવાયેલો શુદ્ધ આજ્ઞાયોગ ફરી શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિનું કારણ બને છે ? તે બતાવે છે –

तस्साहय=तत्साधक=પરંપરાથી અશુભ અનુબંધના વ્યવચ્છેદનો સાધક એવો, सोवि=તે પણ=શુદ્ધ આજ્ઞાયોગ પણ, लूहोत्ति=લબ્ધ છે=પાત પામીને મોક્ષમાં જનારા ચૌદપૂર્વધરાદિ દ્વારા લબ્ધ છે. ॥૩૯૦॥

ગાથાર્થ :-

આથી જ=ઔષધના દૃષ્ટાંતની જેમ શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધનો વ્યવચ્છેદ કરનાર હોવાથી જ, ભગવાન વડે સર્વત્ર=સાધુ અને શ્રાવક પ્રાયોગ્ય સર્વ અનુષ્ઠાનોમાં, આ રીતે=અશુભ અનુબંધના વ્યવચ્છેદપણા વડે, અપ્રમાદ કહેવાયો છે, ઈતરથા=અશુભ અનુબંધના વ્યવચ્છેદનો અભાવ હોતે છતે, સમ્યગ્ યોગ નથી=શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિના હેતુરૂપ અપ્રમાદ નથી.

વળી, ઘણા ચૌદપૂર્વધરાદિ શુદ્ધ આજ્ઞાયોગને પામ્યા પછી અશુભ અનુબંધનો પૂર્ણ વ્યવચ્છેદ નહીં થવાથી પાતને પામ્યા તેઓને પાત પૂર્વે સેવાયેલો શુદ્ધ આજ્ઞાયોગ ફરી શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિનું કારણ બને છે ? તે બતાવે છે –

તત્સાધક=પરંપરાથી અશુભ અનુબંધના વ્યવચ્છેદનો સાધક એવો, તે પણ=શુદ્ધ આજ્ઞાયોગ પણ, લબ્ધ છે=પાત પામીને મોક્ષમાં જનારા ચૌદપૂર્વધરાદિ દ્વારા લબ્ધ છે. ।।૩૯૦।।

ટીકા :-

इतः शुद्धाज्ञायोगस्यौषधज्ञातेनाशुभानुबन्धव्यवच्छेदकत्वादेव हेतोरप्रमाद उपयुक्तभावरूपो भणितः सर्वत्र साधुश्रावकप्रयोगे चैत्यवन्दनादावनुष्ठाने भगवता तीर्थकृता एवमशुभानुबन्धव्यवच्छेदकत्वेन। इतरथाऽशुभानुबन्धव्यवच्छेदाभावे न नैव सम्यग् योगः शुद्धाज्ञालाभलक्षणोऽप्रमाद एव न भवतीति भावः । नहि कारणं स्वकार्यमनुत्पादयत् सत् कारणभावं लभते, इत्यशुभानुबन्धेऽव्यवच्छिद्यमाने तत्साधकत्वेन शुद्धाऽज्ञानलक्षणोऽप्रमादो निरूप्यमाणः स्वं स्वभावं न लब्धुमलम् । एवं तर्हि बहवः शुद्धाज्ञायोगवन्तोऽशुभानुबन्धाव्यवच्छेदेऽपि व्यावर्ण्यमाना उपलभ्यन्ते, तत्कथं न दोष ? इत्याह– 'तस्साहय'त्ति विभक्तिलोपात् तत्साधकः पारंपर्येणाशुभानुबन्धव्यवच्छेदहेतुशुद्धाज्ञायोगसाधकः सन् सोऽप्यानन्तर्येणाशुभानुबन्धाव्यवच्छेदहेतुराज्ञायोगो लब्धोऽभिमत इति । यदा हि अद्याप्यतिनिबिडोऽशुभानुबन्धोऽतीव्रश्चाज्ञायोगः, तदाऽसौ तं सर्वथा व्यवच्छेद्यमपारयन्नपि सर्वथा तदुच्छेदकतीव्राज्ञायोगकारणभावापन्नतया सुन्दर एवेति ।।३९०।।

ભાવાર્થ :-

ગાથા-૩૮૯માં કહ્યું કે ઔષધના દૃષ્ટાંતથી શુદ્ધ આજ્ઞાયોગ ભાવવ્યાધિનો નાશ કરનાર છે. તેનાથી શું ફલિત થાય છે એ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જેમ રોગી વિધિપૂર્વક હીનાદિમાત્રાના પરિહારથી યુક્ત ઉચિત ઔષધ રોગવ્યવચ્છેદકાળ સુધી અપ્રમાદથી સેવે તો રોગ મટે અન્યથા નહીં. આથી જ ભગવાને સર્વત્ર અપ્રમાદ કરવાનો કહ્યો છે. તેથી એ ફલિત થાય કે સંસારી જીવો કષાયના રોગથી પીડાય છે તે કષાયના ઉન્મૂલનનો ઉચિત ઉપાય શુદ્ધ આજ્ઞાયોગ છે અને જેઓ પોતાની શક્તિનું સમાલોચન કરીને પોતાની શક્તિ અનુસાર દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરે છે અને અપ્રમાદભાવથી ગ્રહણ કરાયેલાં વ્રતોને સેવે છે તેઓનું દેશવિરતિ અનુષ્ઠાન ઉત્તરોત્તર સર્વવિરતિને અભિમુખ જાય છે અને જેઓ સ્વભૂમિકાનુસાર સર્વવિરતિ ગ્રહણ કરે છે અને અપ્રમાદભાવથી સર્વવિરતિના ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરે છે તેઓની સર્વવિરતિ અસંગભાવને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. જેઓ અનાદિભવઅભ્યસ્ત પ્રમાદને કારણે સ્વીકારાયેલા અનુષ્ઠાનમાં સ્ખલના પામે તોપણ ભગવાનના વચનનું સ્મરણ કરીને નિંદા-ગર્હા દ્વારા તેની શુદ્ધિ કરે છે તેઓનું ચિત્ત હંમેશાં કષાયોનું ઉન્મૂલન કરીને અકષાયવૃત્તિ તરફ પ્રસર્પણ પામે છે. તેથી તેઓનો શુદ્ધ આજ્ઞાયોગ અવશ્ય સંસારના ઉચ્છેદનું કારણ બને છે.

જેઓ તે પ્રકારે અપ્રમાદથી યત્ન કરતા નથી, માત્ર બાહ્ય અનુષ્ઠાનો સેવે છે તેઓના અશુભ અનુબંધનો વ્યવચ્છેદ થતો નથી; કેમ કે તે તે અનુષ્ઠાન દ્વારા મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ કોઈ યત્ન નથી પરંતુ

અંતરંગ ભાવોને કરવા માટે પ્રમાદભાવ વર્તે છે માટે તેઓને શુદ્ધ આજ્ઞાયોગના લાભરૂપ અપ્રમાદ વિદ્યમાન નથી.

અહીં પ્રશ્ન થાય કે જે ચૌદપૂર્વધરાદિ પાત પામીને નિગોદઆદિમાં જાય છે તેઓએ પણ પાત પૂર્વે અપ્રમાદભાવથી જ શ્રુતઅધ્યયનમાં અને ચારિત્રાચારના પાલનમાં યત્ન કરેલો આથી જ ભાવથી રત્નત્રયના પરિણામવાળા હતા પરંતુ પૂર્ણ મોહનાશ કરવા પૂર્વે કોઈ પ્રમાદઆપાદક નિમિત્તથી તેઓ પાત પામ્યા તેથી તેઓએ સેવેલો શુદ્ધ આજ્ઞાયોગ નિષ્ફળ જશે; કેમ કે તેનું કોઈ ફળ પ્રાપ્ત થયું નહીં પરંતુ દુર્ગતિની પરંપરાની પ્રાપ્તિ થઈ. જેમ સાવદ્યાચાર્યે શુદ્ધ સંયમ પાળીને સંસાર પરિમિત કરેલો છતાં પ્રમાદને વશ થઈને ઉત્સૂત્રભાષણ કર્યું જેના ફળરૂપે ફરી ફરી નરકની પ્રાપ્તિ અને અનંત સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થઈ. તેથી પૂર્વમાં સેવાયેલો શુદ્ધ આજ્ઞાયોગ નિષ્ફળ થશે અને તેમ સ્વીકારીએ તો વિવેકીને પણ શંકા થાય કે 'આ રીતે દૃઢ યત્નપૂર્વક હું શુદ્ધ આજ્ઞાયોગનું પાલન કરીશ છતાં કોઈક કર્મના દોષથી પાત પ્રાપ્ત થશે તો મારા વડે સેવાયેલા શુદ્ધ આજ્ઞાયોગનો સર્વ પ્રયત્ન નિષ્ફળ જશે' તેના નિરાકરણ માટે કહે છે –

'તત્સાધક તે પણ પ્રાપ્ત થયો છે' અર્થાત્ જે ચૌદપૂર્વધરાદિએ પૂર્વમાં આજ્ઞાયોગ સેવ્યો તે અવ્યવધાનથી પૂર્ણ શુદ્ધ આજ્ઞાયોગનું સાધક નહીં હોવા છતાં કિંચિદ્કાળ પાત પામીને ફરી શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિનો હેતુ થાય છે. તેથી તેઓએ સેવેલા શુદ્ધ આજ્ઞાયોગથી કેટલોક કાળ અશુભ અનુબંધનો વ્યવચ્છેદ થયો તોપણ પ્રમાદથી પાત થયા પછી અશુભ અનુબંધના ઉચ્છેદનો હેતુ એવો શુદ્ધ આજ્ઞાયોગ તેઓને પ્રાપ્ત થયો નહીં. આમ છતાં પૂર્વમાં જે શુદ્ધ આજ્ઞાયોગ સેવ્યો અને તેનાથી જે અશુભ અનુબંધનો વ્યવચ્છેદ થયો તે સર્વના આત્મામાં પડેલા સંસ્કારો હતા અને એક વખત જે ક્ષયોપશમભાવના સંસ્કારો પડે છે તે સંસ્કારો પ્રમાદને વશ નાશ પામે તોપણ ફરી શીઘ્ર પ્રગટ થાય છે. જેમ વેધ કરેલા મણિમાં કચરો ભરાઈ જાય તોપણ ફરી વેધની પ્રાપ્તિ અલ્પ આયાસથી થાય છે તેમ પૂર્વમાં જેઓએ શુદ્ધ આજ્ઞાયોગ સેવ્યો છે અને કોઈક નિમિત્તથી પાત પામેલા છે તેઓને ફરી જ્યારે સામગ્રી મળશે ત્યારે પૂર્વમાં અભ્યાસ કરાયેલા શુદ્ધ આજ્ઞાયોગના ભાવો અલ્પ આયાસથી પ્રાપ્ત થશે. તેથી પાત પામનારા ચૌદપૂર્વધરાદિ દ્વારા કિંચિદ્કાળ સેવાયેલો શુદ્ધ આજ્ઞાયોગ પણ ફરી શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિનું કારણ થશે. ફક્ત જેઓ શુદ્ધ આજ્ઞાયોગને પ્રાપ્ત કર્યા પછી જિનવચનનું સ્મરણ કરીને અપ્રમાદથી યત્ન કરે છે અને કોઈક નિમિત્તે સ્ખલના થાય તોપણ નિંદા-ગર્હા દ્વારા તેનાથી નિવર્તન પામે છે તેઓ શુદ્ધ આજ્ઞાના સેવનના બળથી સતત સંગની પરિણતિનો ઉચ્છેદ કરીને વીતરાગતાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરવા દ્વારા અલ્પ ભવોમાં સંસારનો અંત કરે છે અને જેઓ શુદ્ધ આજ્ઞાયોગને પામ્યા પછી પણ પ્રમાદને વશ થયા અને તેના કારણે પાત પામીને દુર્ગતિમાં ગયા તેઓ પણ પૂર્વમાં સેવાયેલા આજ્ઞાયોગના બળથી શીઘ્ર ફરી શુદ્ધ આજ્ઞાયોગને પામીને સંસારનો અંત કરનારા બને છે. માટે કલ્યાણના અર્થીએ અનુબંધના વ્યવચ્છેદનું કારણ બને તેવા શુદ્ધ આજ્ઞાયોગમાં સદા ઉદ્યમ કરવો જોઈએ. **॥૩૯૦॥**

અવતરણિકા :-

अत्र हेतुमाहः –

અવતરણિકાર્થ :-

આમાં=ચૌદપૂર્વધર આદિ મહાત્માઓ અપ્રમાદથી શુદ્ધ આજ્ઞાયોગ પામ્યા પછી પણ પાત પામીને ફરી શુદ્ધ આજ્ઞાયોગને પ્રાપ્ત કરે છે એમ ગાથા-૩૯૦માં કહ્યું એમાં, હેતુને કહે છે –

ગાથા :-

अवयारवियारम्मी अणुभूए जं पुणो तदब्भासो ।
होइ अहिलसियहेऊ सदोसहं जह तहेसोवि ।।३९१।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, अवयार=અપચારમાં=કર્મવ્યાધિની ચિકિત્સાનો પ્રારંભ કર્યા પછી તે ચિકિત્સાના ત્યાગમાં, वियारम्मी अणुभूए=વિકારનો અનુભવ થયે છતે, अहिलसियहेऊ=અભિલષિતનો હેતુ, पुणो तदब्भासो होइ=ફરી તેનો અભ્યાસ થાય છે. जह=જે પ્રમાણે, सदोसहं=સદ્ઔષધ છે. तहेसोवि=તે પ્રમાણે આ પણ છે=કોઈ વ્યક્તિએ સદ્ઔષધ સેવન કર્યું જેનાથી રોગનું કંઈક શમન થયું અને પાછળથી ઔષધગ્રહણનો ત્યાગ કર્યો તેથી રોગો પ્રકોપિત થયા તેના કારણે તે પુરુષ ફરી સદ્ઔષધ ગ્રહણ કરે છે તે પ્રમાણે આ પણ છે. ।।૩૯૧।।

ગાથાર્થ :-

જે કારણથી, અપચારમાં=કર્મવ્યાધિની ચિકિત્સાનો પ્રારંભ કર્યા પછી તે ચિકિત્સાના ત્યાગમાં, વિકારનો અનુભવ થયે છતે અભિલષિતનો હેતુ ફરી તેનો અભ્યાસ થાય છે. જે પ્રમાણે સદ્ઔષધ છે, તે પ્રમાણે આ પણ છે=કોઈ વ્યક્તિએ સદ્ઔષધ સેવન કર્યું જેનાથી રોગનું કંઈક શમન થયું અને પાછળથી ઔષધગ્રહણનો ત્યાગ કર્યો તેથી રોગો પ્રકોપિત થયા તેના કારણે તે પુરુષ ફરી સદ્ઔષધ ગ્રહણ કરે છે તે પ્રમાણે આ પણ છે. ।।૩૯૧।।

ટીકા :-

अपचारे कर्म्मव्याधिचिकित्सारूपस्य प्रागादेयतया परिपालितस्य सम्यग्दर्शनादेर्गुणस्य साधुप्रद्वेषादिना पश्चाद् विनाशने सति, यो विकारो दुर्गतिपातरूपस्तत्रानुभूते तत्तद् विडम्बनासहनेन यद्यस्मात् कारणात् पुनर्जन्मान्तरे तदभ्यासस्तस्य पूर्वभवाराधितस्य सम्यग्दर्शनादेः, तस्य 'खाओवसमिगभावे दढजत्तकयं सुभं अणुट्ठाणं । परिवडियं पि हु जायइ पुणोवि तब्भाववुड्ढिकरं ।।१।।' इति वचनप्रामाण्यात् कथञ्चिद् लब्धस्य पुनरनुशीलनमभ्यासो भवत्यभिलषितहेतुरशुभानुबन्धव्यवच्छेदकारणम् । दृष्टान्तं तदुपनयं चाह—सत् प्रस्तुतव्याधिनिग्राहकत्वेनास्खलितसामर्थ्यमौषधमुक्तरूपं यथा तथा एषोऽपि तदभ्यासः। तथाहि—यथाऽऽतुरस्य कुतोऽपि प्रमादात् क्रियापचारे सञ्जाते, अनुभूते च तत्फले,

पुनस्तत्क्रियाभ्यास एव व्याधिव्यवच्छेदाय जायते, तथा प्रस्तुतक्रियापि तथाविधप्रमादासेवनादपचारमानीता सत्यपचारविपाकानुभवानन्तरमभ्यस्यमानाशुभानुबन्धव्यवच्छेदफला जायत इति ।।३९१।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ સંસારથી ભય પામ્યા છે અને 'સંસારના ઉચ્છેદનો ઉપાય ભગવાનનું વચન છે' તેવો સ્થિર નિર્ણય કર્યો છે તેવા મહાત્માઓમાંથી કેટલાક મહાત્માઓએ ચૌદપૂર્વધરાદિ થઈને ભાવથી શુદ્ધ આજ્ઞાયોગનું સેવન કર્યું છે અને તે શુદ્ધ આજ્ઞાયોગના સેવનથી કષાયોરૂપી ભાવરોગનો સતત નાશ કરે છે, આમ છતાં સંપૂર્ણ કષાયનો ઉચ્છેદ કર્યા પૂર્વે કોઈક નિમિત્તથી પાત પામે છે ત્યારે સમ્યગ્દર્શનાદિ ગુણથી રહિત થયેલા તે જીવો ભગવાનના શાસનની વિરાધના કરીને દુર્ગતિઓમાં જાય છે અને તે પ્રમાદથી બંધાયેલા કર્મના કટુ ફળને કેટલાક ભવો સુધી અનુભવે છે અને તે રીતે દુર્ગતિઓમાં કદર્થના પામતાં પામતાં જ્યારે તે ક્લિષ્ટકર્મ કાંઈક ક્ષીણ થાય છે ત્યારે ફરી તેઓને પૂર્વભવમાં આરાધિત સમ્યગ્દર્શનાદિનો અભ્યાસ પ્રાપ્ત થાય છે જે અભ્યાસના બળથી તેઓને અભિલષિત એવો વીતરાગભાવ પ્રાપ્ત થાય છે.

જેમ કોઈ રોગી સદ્ઔષધનું સેવન કરે તેનાથી તેનો ક્લેશકારી રોગ ઘણો ક્ષય પામે છતાં સર્વથા રોગ નાશ પામ્યો નથી તેના પૂર્વે સદ્ઔષધના સેવનનો તે રોગી ઔષધનો ત્યાગ કરે અને કુપથ્યનું સેવન કરે તો ફરી તે રોગ અત્યંત ઉપદ્રવકારી બને છે અને તે રોગના ઉપદ્રવનો ફરી અત્યંત અનુભવ થાય છે ત્યારે તે રોગીને અપ્રમાદથી સદ્ઔષધ સેવવાનો પરિણામ થાય છે. તે પ્રમાણે જેઓએ પૂર્વમાં શુદ્ધ આજ્ઞાયોગનું સેવન કર્યું છે અને પૂર્ણ ભાવરોગના નાશની પ્રાપ્તિ પૂર્વે પ્રમાદને વશ સદ્આજ્ઞાયોગ રૂપ ઔષધનો ત્યાગ કરે છે એટલું જ નહીં પણ કષાયોની વૃદ્ધિરૂપ કુપથ્યનું સેવન પણ કરે છે જેના કારણે ક્લિષ્ટ અધ્યવસાયો થાય છે અને તે ક્લિષ્ટ અધ્યવસાયને કારણે કેટલોક કાળ દુર્ગતિઓની કદર્થનાને પામે છે અને કોઈક ભવમાં સામગ્રીને પ્રાપ્ત કરીને તે જીવને ફરી વિવેક પ્રગટે છે ત્યારે તે જીવ અભિલષિત એવા વીતરાગભાવોના અભ્યાસનો પ્રારંભ કરે છે. જેમ વિશ્વભૂતિના ભવમાં વીરભગવાનના જીવે સંયમ ગ્રહણ કરીને શુદ્ધ આજ્ઞાયોગનું સેવન કર્યું અને વિશાખાનંદીએ જ્યારે તેમના બળની મશ્કરી કરી તે નિમિત્તને પામીને વીરભગવાનનો જીવ પ્રમાદવશ બન્યો અને શુદ્ધ આજ્ઞાયોગના સેવનનો ત્યાગ કર્યો એટલું જ નહીં પરંતુ કુપથ્યના સેવનરૂપ નિદાન કરીને ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા, જેના ફળરૂપે સાતમી નરકની પ્રાપ્તિ થઈ, સિંહના ભવની પ્રાપ્તિ થઈ, ફરી ચોથી નરકની પ્રાપ્તિ થઈ. આ રીતે કેટલોક કાળ કુપથ્યના સેવનનું ફળ અનુભવીને ફરી જ્યારે તેમને ભગવાનના શાસનની પ્રાપ્તિ થઈ ત્યારે પૂર્વમાં અનુભવેલા અનર્થોના નિવર્તન અર્થે ફરી આજ્ઞાયોગના સેવનનો પ્રારંભ કર્યો. તે આજ્ઞાયોગની પ્રાપ્તિ પ્રત્યે પૂર્વનો આજ્ઞાયોગ પણ પરંપરાએ કારણ હતો. જોકે વ્યાધિવાળા પુરુષને પૂર્વમાં ઔષધના સેવનના ફળનો અનુભવ છે ત્યારપછી કુપથ્યના સેવનનો અનુભવ છે તેથી કુપથ્યથી નિવર્તન પામીને ફરી ચિકિત્સા કરે છે તે રીતે ઘણા ભવોના વ્યવધાન પછી પોતે કુપથ્ય સેવન કર્યું તેનું શું ફળ મળ્યું તેનું સાક્ષાત્ સ્મરણ થતું નથી તોપણ પૂર્વમાં સદ્આજ્ઞાનું સેવન કરેલું તે સદ્આજ્ઞાનું સેવન ફરી શીઘ્ર પ્રાપ્ત થાય છે; કેમ કે એક વખત થયેલો ક્ષયોપશમભાવ પ્રાપ્ત

થયા પછી તેની ફરી પ્રાપ્તિ સુલભ બને છે. જેમ વેધ પામેલા મણિમાં કોઈક રીતે મલ સંચિત થાય તોપણ ફરી તેમાં વેધ કરવો સુલભ બને છે. તેથી પૂર્વનો સેવાયેલો આજ્ઞાયોગ પ્રમાદને કારણે ક્વચિદ્ પાત પામે તોપણ સર્વથા નિષ્ફળ નથી. **॥૩૯૧॥**

અવતરણિકા :-

अयं चार्थः कथञ्चित् प्रागेव उक्त एवास्ते, इति तं प्रस्तुते योजयन्नाह –

અવતરણિકાર્થ :-

અને આ અર્થ=શુદ્ધ આજ્ઞાયોગથી પાત થાય છે એ અર્થ, કોઈક અપેક્ષાએ પૂર્વમાં કહેવાયેલો છે તેને પ્રસ્તુતમાં યોજન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

पडिबंधविचारम्मि य निदंसिओ चेव एस अत्थोत्ति ।
ओसहणाएण पुणो एसो च्चिय होइ विण्णेओ ।।३९२।।

અન્વયાર્થ :-

पडिबंधविचारम्मि य=અને પ્રતિબંધના વિચારમાં=ગાથા-૨૬૧માં કહેલ કે શોભનપથમાં પ્રવર્તતાને કંટકાદિ ત્રાણથી માર્ગની પ્રવૃત્તિમાં પ્રતિબંધ થાય છે એ વિચારમાં, एस अत्थोत्ति निदंसिओ चेव=આ અર્થ બતાવાયો જ છે=ગાથા-૩૯૧માં કહ્યું કે અપચારમાં વિકારનો અનુભવ થયે છતે ફરી તેનો અભ્યાસ થાય છે એ અર્થ બતાવાયો જ છે. ओसहणाएण पुणो=વળી ઔષધના દૃષ્ટાંતથી=ગાથા-૩૮૯થી ગાથા-૩૯૧ સુધી બતાવેલ ઔષધના દૃષ્ટાંતથી, एसो च्चिय विण्णेओ होइ=આ જ અર્થ વિજ્ઞેય છે= પૂર્વમાં કંટકાદિના દૃષ્ટાંતથી જે અર્થ બતાવેલ એ જ અર્થ વિજ્ઞેય છે. ॥૩૯૨॥

ગાથાર્થ :-

અને પ્રતિબંધના વિચારમાં=ગાથા-૨૬૧માં કહેલ કે શોભનપથમાં પ્રવર્તતાને કંટકાદિ ત્રણથી માર્ગની પ્રવૃત્તિમાં પ્રતિબંધ થાય છે એ વિચારમાં, આ અર્થ બતાવાયો જ છે=ગાથા-૩૯૧માં કહ્યું કે અપચારમાં વિકારનો અનુભવ થયે છતે ફરી તેનો અભ્યાસ થાય છે એ અર્થ બતાવાયો જ છે. વળી ઔષધના દૃષ્ટાંતથી=ગાથા-૩૮૯થી ગાથા-૩૯૧ સુધી બતાવેલ ઔષધના દૃષ્ટાંતથી, આ જ અર્થ વિજ્ઞેય છે=પૂર્વમાં કંટકાદિના દૃષ્ટાંતથી જે અર્થ બતાવેલ એ જ અર્થ વિજ્ઞેય છે. ॥૩૯૨॥

ટીકા :-

प्रतिबन्धविचारे च 'पडिबन्धोवि य एत्थं सोहणपंथम्मि संपयट्टस्स' इत्यादिग्रन्थेन प्रागभिहिते पुनर्निदर्शितश्चैव प्रकाशित एव एषोऽर्थो यो 'अवयारवियारम्मि' इत्यादिना ग्रन्थेनोक्तः । इति वाक्य-परिसमाप्तौ । यद्येवं, पुनर्भणनमपार्थकमापद्यत इत्याशंक्याह—औषधज्ञातेन मेघकुमारादिदृष्टान्तेभ्यो

दृष्टान्तान्तरभूतेन पुनर्द्वितीयवारमेष एवान्यूनाधिको भवतीति ज्ञेयम् । न चैवं कश्चिद् दोषः, उपदेशयत्वादस्य । यथोक्तम्—'सज्झायझाणतवओसहेसु उवएसथुइपयाणेसु । संतगुणकित्तणेसु य न हुंति पुणरुत्तदोसा उ ।।१।।' इति ।।३९२।।

ભાવાર્થ :-

તત્ત્વના વિષયમાં સૂક્ષ્મ બોધ કરાવવા અર્થે કોઈક સ્થાનમાં એક કથન કહેલું હોય તે જ કથન અન્ય પ્રકારના દૃષ્ટાંતથી તેનો બોધ કરાવવો આવશ્યક જણાય ત્યારે તે કથનમાં પુનઃ ઉક્તિ છે તોપણ દોષરૂપ નથી; કેમ કે સૂક્ષ્મ બોધ કરાવવો આવશ્યક છે અને તેનો ઉપાય તે જ કથનને અન્ય દૃષ્ટાંતથી અન્ય પ્રસંગે ફરી કહેવાથી યોગ્ય જીવને વિશેષ બોધની પ્રાપ્તિ થાય છે. આથી જ ગાથા-૨૬૧માં ગ્રંથકારશ્રીએ મેઘકુમારાદિના દૃષ્ટાંતથી ત્રણ પ્રકારનાં વિઘ્નો બતાવેલાં. તેનાથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગમાં પ્રવૃત્ત જીવો પણ આ ત્રણ પ્રકારનાં વિઘ્નોથી અશુભ અનુબંધને પ્રાપ્ત કરે છે અને તે જ કથનને પ્રસ્તુતમાં ઔષધના દૃષ્ટાંતથી બતાવેલ છે. જેમ ઔષધપ્રયોગ ચાલુ કર્યા પછી કોઈક જીવ પ્રમાદ કરે તો તેનાં કટુ ફળ મળે છે તેમ કર્મરૂપ વ્યાધિની ચિકિત્સા માટે સ્વભૂમિકાનુસાર યત્ન કરનારા મહાત્મા પણ વ્રતને સ્વીકાર્યા પછી અતિચારોને સેવે છે તો અશુભ અનુબંધને પ્રાપ્ત કરીને કેટલોક કાળ અનર્થોની પરંપરાને પણ પ્રાપ્ત કરે છે. તેથી ઔષધના દૃષ્ટાંતથી બતાવેલ કથન જ પૂર્વમાં કંટક, જ્વર અને મોહરૂપ વિઘ્નથી જે પાત થાય છે તેને જ બતાવેલ તે બંને કથનોના અર્થમાં કોઈ ભેદ નથી તોપણ ઉપદેશમાં પુનઃ ઉક્તિ દોષ નથી. માટે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથામાં પૂર્વના કથન સાથે પ્રસ્તુત કથનથી એકવાક્યતાનો બોધ કરાવે છે. **॥૩૯૨॥**

અવતરણિકા :-

एतदेव समर्थयन्नाह —

અવતરણિકાર્થ :-

આને જ સમર્થન કરતાં કહે છે=શુદ્ધ આજ્ઞાયોગ પામ્યા પછી સ્ખલના પામીને કેટલોક કાળ વ્યવધાન પછી તે મહાત્માઓ પૂર્વના શુદ્ધ આજ્ઞાયોગથી ફરી પણ શુદ્ધ આજ્ઞાયોગને પ્રાપ્ત કરે છે એને જ સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

एत्तो उ इओ वीरा कहिंचि खलिएवि अवगमे तस्स ।
तह एयजोगउ च्चिय हंदि सकज्जे पयट्टिंसु ।।३९३।।

અન્વયાર્થ :-

एत्तो उ=આથી જ=શુદ્ધ આજ્ઞાયોગ સેવ્યા પછી પાત થાય તોપણ તે શુદ્ધ આજ્ઞાયોગ ફરી અભ્યાસનો હેતુ છે આથી જ, कहिंचि=કોઈક રીતે, इओ=આનાથી=અશુભ અનુબંધથી, खलिएवि=

સ્ખલિતમાં પણ=પ્રમાદને કારણે સ્ખલિત થયેલા શુદ્ધ આજ્ઞાયોગમાં પણ, તસ્સ અવગમે=તેનો અપગમ થયે છતે, તહ=તે પ્રમાણે=પૂર્વની જેમ, એયજોગઉ ચ્ચિય હંદિ=આના યોગથી જ=શુદ્ધ આજ્ઞાયોગના યોગથી જ, વીરા સકજ્જે પયટ્ટિંસુ=વીર પુરુષો સ્વકાર્યમાં પ્રવર્તે છે. ॥૩૯૩॥

ગાથાર્થ :-

આથી જ=શુદ્ધ આજ્ઞાયોગ સેવ્યા પછી પાત થાય તોપણ તે શુદ્ધ આજ્ઞાયોગ ફરી અભ્યાસનો હેતુ છે આથી જ, કોઈક રીતે આનાથી=અશુભ અનુબંધથી, સ્ખલિતમાં પણ=પ્રમાદને કારણે સ્ખલિત થયેલા શુદ્ધ આજ્ઞાયોગમાં પણ, તેનો અપગમ થયે છતે તે પ્રમાણે=પૂર્વની જેમ, આના યોગથી જ=શુદ્ધ આજ્ઞાયોગના યોગથી જ, વીર પુરુષો સ્વકાર્યમાં પ્રવર્તે છે. ॥૩૯૩॥

ટીકા :-

अत एव तदभ्यासस्याभिलषितहेतुत्वाद् हेतोरितोऽशुभानुबन्धाद् वीराः शिवशर्म्मस्पृहावन्तो रुद्रक्षुल्लकादयः, कथञ्चित् तथाविधभव्यत्वपरिपाकाभावात् स्खलितेऽपि निर्वाणपुरप्रापकसमाचारस्य खण्डनेऽपि जाते, अपगमे व्यवच्छेदे तस्य स्खलितस्य सति, तथा प्रागिव एतद्योगादेव शुद्धाज्ञायोगरूपात्, 'हंदीति' पूर्ववत्, स्वकार्ये निर्वाणपुरपथप्रवृत्तिरूपे प्रावर्त्तिषत प्रवृत्तवन्त इति ।।३९३।।

ભાવાર્થ :-

ગાથા-૩૯૦ના અંતિમ પાદમાં કહ્યું કે તત્સાધક તે પણ પ્રાપ્ત થયું છે અર્થાત્ જે ચૌદપૂર્વધરાદિ મહાત્માઓ શુદ્ધ આજ્ઞાયોગને સેવીને પાત પામ્યા તેઓને પણ પૂર્વના શુદ્ધ આજ્ઞાયોગના સંસ્કારોથી ફરી શુદ્ધ આજ્ઞાયોગ પ્રાપ્ત થયો. આથી જ જે મહાત્માઓ શુદ્ધ આજ્ઞાયોગને પામીને અશુભ અનુબંધને કારણે કોઈક રીતે શુદ્ધ આજ્ઞાયોગના સેવનથી સ્ખલના પામેલા છે તેવા મહાત્માઓને ફરી તેનો અપગમ થાય અર્થાત્ તે સ્ખલનાનો અપગમ થાય તો શુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થાય છે, ફક્ત કેટલાક મહાત્માઓને તે સ્ખલનાનો અપગમ એ જ ભવમાં થાય છે. જેમ મેઘકુમાર ભવથી વિરક્ત થઈને ભગવાન પાસે સંયમ ગ્રહણ કરે છે અને કંટક જેવા વિઘ્નને કારણે અશુભ અનુબંધથી સંયમમાર્ગમાં સ્ખલના પામ્યા; કેમ કે રાત્રે ઊંઘ નહીં આવવાથી કષાયનો ઉદ્રેક થયો. જેથી પૂર્વ કરતાં વિશેષ પ્રકારના જ્ઞાનાવરણીયબંધનું કારણ બને એવા અશુભ અનુબંધની પ્રાપ્તિ થઈ અને તેના કારણે ઘરે જવાનો પરિણામ થયો. જોકે મેઘકુમાર સમ્યક્ત્વથી પાત પામ્યા નથી પરંતુ પૂર્વના કષાયોની વૃદ્ધિ થવાથી જ્ઞાનાવરણીયઆદિ અશુભ પ્રકૃતિનો અશુભ અનુબંધ વૃદ્ધિ પામ્યો, તોપણ ભગવાનના ઉપદેશથી ફરી કષાયના ઉચ્છેદ માટે પ્રવૃત્ત થયા. તેથી શુદ્ધ આજ્ઞાયોગના બળથી તે મહાત્મા સ્વકાર્ય એવા મોક્ષને સાધવામાં પ્રવૃત્ત થયા. વળી, કેટલાક જીવો કેટલાક ભવો સુધી અશુભ અનુબંધનો વ્યવચ્છેદ કરી શકતા નથી તોપણ જ્યારે તે સ્ખલનાનો અપગમ થાય ત્યારે તે મહાત્માઓ પણ પૂર્વની જેમ જ શુદ્ધ આજ્ઞાયોગને સેવનારા બનીને મોક્ષપથને સેવનારા બને છે.

અહીં વિશેષ એ છે કે કષાયોની વૃદ્ધિથી જ્ઞાનાવરણીયઆદિ અશુભ પ્રકૃતિઓના બંધની વૃદ્ધિ થાય છે

અને તત્ત્વના ભાવનથી થયેલી કષાયની હીનતાને કારણે અશુભ પ્રકૃતિના અનુબંધની હાનિ થાય છે અને સામાન્યથી સમ્યગ્દૃષ્ટિ જીવ અકષાયવાળી અવસ્થા સુંદર છે તેમ સ્પષ્ટ જોનારા હોવાથી કષાયના ઉન્મૂલન માટે યત્ન કરે છે. તેથી કહેવાય છે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને અશુભ અનુબંધની પ્રાપ્તિ નથી આમ છતાં કોઈપણ ગુણસ્થાનકમાં જીવ હોય અને પ્રમાદને વશ થાય ત્યારે પૂર્વ કરતાં કાંઈક કષાયની વૃદ્ધિ કરે છે. જેમ સ્થૂલિભદ્રજી બહુશ્રુત હતા, ભાવચારિત્રી હતા તોપણ પોતાના સંસારી બેનસાધ્વીજીને પોતાની શક્તિ બતાવવાના પરિણામવાળા થયા ત્યારે શ્રુતમદ થવાથી કષાયની કાંઈક વૃદ્ધિ થાય છે. આ ક્ષણમાં પૂર્વ કરતાં કાંઈક અશુભ અનુબંધ વૃદ્ધિ થાય છે તોપણ વિવેકદૃષ્ટિ હોવાથી બહુલતાએ તે મહાત્મા તત્ત્વથી આત્માને વાસિત કરનારા હતા. તેથી ક્ષણભર કષાયનો ઉપયોગ ઊઠે ત્યારે અશુભ અનુબંધ વૃદ્ધિ પામે તોપણ સામાન્યથી ચારિત્રના સેવનના બળથી આવા મહાત્માઓ સતત કષાયોની હાનિ કરે છે. તેથી તેમના અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય છે તેમ કહેવાય છે. જેઓ આ રીતે કોઈક કષાયને વશ થઈને અશુભ અનુબંધની વૃદ્ધિ કર્યા પછી સમ્યક્ત્વથી પાત પામે તો વિવેકદૃષ્ટિ નષ્ટ થયેલી હોવાના કારણે સતત કષાયોની વૃદ્ધિ પણ કરે છે. જેમ જમાલિ ભગવાનના વચનથી વિપરીત સ્વમતિમાં અભિનિવેશવાળા થયા ત્યારે અતત્ત્વના આગ્રહરૂપ કષાયની વૃદ્ધિ થવાથી વિશેષ પ્રકારનો અશુભ અનુબંધ પ્રાપ્ત થાય છે જેથી દીર્ઘ ભવભ્રમણની પ્રાપ્તિ થઈ. જ્યારે વિવેકસંપન્ન મહાત્માઓને ક્ષણભર પ્રમાદવશ કષાયની વૃદ્ધિ થાય તોપણ વિવેકના બળથી ફરી તેઓ કષાયની હાનિ માટે યત્નવાળા બને છે તેથી તેઓનો અશુભ અનુબંધ પ્રાયઃ સતત ક્ષીણ-ક્ષીણતર થાય છે. ॥૩૯૩॥

અવતરણિકા :-

તાનેવ દર્શયતિ –

અવતરણિકાર્થ :-

તેઓને જ=શુદ્ધ આજ્ઞાયોગને પામ્યા પછી કોઈક રીતે સ્ખલિત થયેલા પાછળથી શુદ્ધ આજ્ઞાયોગને પામનારા એવા વીર પુરુષોને જ, બતાવે છે –

ગાથા :-

साहुपदोसी खुद्दो चेतियदव्वोवओगि संकासो ।
सीयलविहारिदेवो एमाई एत्थुदाहरणा ।।३९४।।

અન્વયાર્થ :-

साहुपदोसी खुद्दो=સાધુપ્રદ્વેષી ક્ષુલ્લક, चेतियदव्वोवओगि संकासो=ચૈત્યદ્રવ્યઉપભોગી સંકાશ, सीयलविहारि देवो=શીતળવિહારી દેવ=સંયમમાં શિથિલ પરિણામવાળા દેવ નામના સાધુ, एमाई=વગેરે, एत्थ=અહીં=શુદ્ધ આજ્ઞાયોગને પામીને પાત પામ્યા પછી ફરી શુદ્ધ આજ્ઞાયોગનો પ્રારંભ કરવાના વિષયમાં, उदाहरणा=દૃષ્ટાંત છે. ॥૩૯૪॥

ગાથાર્થ :-

સાધુપ્રદ્વેષી ક્ષુલ્લક, ચૈત્યદ્રવ્યઉપભોગી સંકાશ, શીતળવિહારી દેવ=સંયમમાં શિથિલ પરિણામવાળા દેવ નામના સાધુ, વગેરે, અહીં=શુદ્ધ આજ્ઞાયોગને પામીને પાત પામ્યા પછી ફરી શુદ્ધ આજ્ઞાયોગનો પ્રારંભ કરવાના વિષયમાં, દૃષ્ટાંત છે. ।।૩૯૪।।

ટીકા :-

साधुप्रद्वेषी क्षुल्लको लघुसाधुरूपः चैत्यद्रव्योपयोगी संकाशः शीतलविहारी देवः । एवमादीन्यत्र प्रस्तुते उदाहरणानि ज्ञातव्यानि । आदिशब्दाद् मरीचि-कृष्ण-ब्रह्मदत्तादिजीवा आज्ञाविघटनानन्तरघटित-घटिष्यमाणशुद्धाज्ञायोगा गृह्यन्ते ।।३९४।।

અવતરણિકા :-

उदाहरणान्येवानुक्रमेण भावयन् रुद्रोदाहरणमेवाश्रित्य गाथाष्टकेनाह –

અવતરણિકાર્થ :-

ઉદાહરણોને જ અનુક્રમથી બતાવતાં ગ્રંથકારશ્રી આઠ ગાથાથી રુદ્રના ઉદાહરણને આશ્રયીને કહે છે –

ગાથા :-

रुद्दो सिक्खवणाए साहुपओसी विसम्मि सादेव्वं ।
आलुगहत्थे साहण देवयकहणाए निच्छूढो ।।३९५।।१।।
उन्निक्खमणं वाही मरणं नरगेसु सत्तसुववातो ।
कुच्छियतिरिएहिंतो तहा तहा दुक्खपउरेहिं ।।३९६।।२।।
एगिंदिएसु पायं कायठिती तह ततो उ उव्वट्टे ।
सव्वस्स चेव पेसो ठाणेसु इमेसु उववन्नो ।।३९७।।३।।
बव्वरपुलिंदचंडाल चम्मगररयगदासभियगेसु ।
चुन्नउरे सेट्ठिसुओ एत्तो तक्कम्मनिट्ठवणं ।।३९८।।४।।
तित्थयर जोगपुच्छा कहणे संबोहि किमिह पच्छित्तं ।
तब्बहुमाणो पंचसयवंदणाभिग्गहो विणए ।।३९९।।५।।

कहवि असंपत्तीए अभुंज छम्मास काल बंभसुरो ।
तित्थयरभत्ति चवणं चंपाए चंदरायसुओ ।।४००।।६।।
बालस्स साहुदंसण पीती सरणमधिती य तव्विरहे ।
पियसाहु नाम वद्धण पवज्जाभिग्गहग्गहणं ।।४०१।।७।।
परिवालण आराहण सुक्काई जहक्कमेण उववाओ ।
सव्वत्थागम पव्वज्जसेवणा सिद्धिगमणं ति।।४०२।।८।।

अन्वयार्थ :-

रुद्दो=રુદ્ર નામના સાધુ=કોઈ ગચ્છમાં રુદ્ર નામના સાધુ હતા. सिक्खवणाए=શિક્ષાપનાથી, साहुपओसी=સાધુપ્રદ્વેષવાળા થયા=પૂર્વમાં સારાં અનુષ્ઠાન કરનાર હોવા છતાં પણ પાછળથી પ્રમાદવાળા થવાને કારણે સ્મરણાદિ શિક્ષાપનમાં સાધુપ્રદ્વેષી થયા. विसम्मि=વિષ નિક્ષેપ કરાયે છતે=સાધુપ્રદ્વેષી એવા રુદ્ર દ્વારા આહારાદિમાં વિષ નિક્ષેપ કરાયે છતે, सादेव्वं=સહદેવ હતો=તે ગચ્છ દેવથી અધિષ્ઠિત હતો તેથી સહદેવ હતો. आलुगहत्थे साहण=સાધુ દ્વારા ભાજનવિશેષ હાથમાં ગ્રહણ કરાયે છતે દેવ વડે કથન, देवयकहणाए=દેવના કથનથી, निच्छूढो=રુદ્ર ગચ્છમાંથી કાઢી મુકાયો.

उन्निक्खमणं=રુદ્રએ દીક્ષાનો ત્યાગ કર્યો. वाही मरणं=વ્યાધિ થઈ અને મરણ પ્રાપ્ત થયું. तहा तहा दुक्खपउरेहिं=તે તે પ્રકારના દુઃખપ્રચુર એવા, कुच्छियतिरिएहिंतो नरगेसु सत्तसुववातो=કુત્સિત તેવા તિર્યંચોથી સાતેય નરકોમાં ઉપપાત થયો. ।।૩૯૬।।

एगिंदिएसु पायं कायठिती=એકેન્દ્રિયમાં પ્રાયઃ કાયસ્થિતિ તેની થઈ. तह ततो उ उव्वट्टे=અને ત્યાંથી ઉદ્વર્તન પામ્યે છતે, सव्वस्स चेव=સર્વ જ, इमेसु ठाणेसु=આ સ્થાનોમાં=આગળમાં બતાવે છે તે સ્થાનોમાં, पेसो उववन्नो=દાસ તરીકે ઉત્પન્ન થયો.

बव्वरपुलिंदचंडाल चम्मगररयगदासभियगेसु=બર્બર, ભીલ, ચંડાલ, ચમાર, ધોબી, દાસ, ભૃતક વગેરેમાં ઉત્પન્ન થયો. चुन्नउरे सेट्ठिसुओ=(ત્યારપછી) ચૂર્ણપુરમાં શ્રેષ્ઠીપુત્ર થયો. एत्तो=આનાથી=આ બધા ભવોના પરિભ્રમણથી, तक्कम्मनिट्ठवणं=તેનું કર્મ નિવર્તન થયું=રુદ્રના ભવમાં બાંધેલું કર્મ શિથિલ થયું.

तित्थयर जोगपुच्छा=તીર્થંકરનો યોગ છતે પૃચ્છા, कहणे=કથન=ભગવાને તેના ભવોનું કથન કર્યું. संबोहि=સંબોધિ=બોધિલાભ થયો, (શ્રેષ્ઠીપુત્રએ પૂછ્યું –) इह='अहीं=સાધુપ્રદ્વેષમાં, किं पच्छित्तं=શું પ્રાયશ્ચિત્ત છે ?' तब्बहुमाणो=(ભગવાને કહ્યું –) 'તેનું બહુમાન=સાધુઓનું બહુમાન,' पंचसयवंदणाभिग्गहो विणए=વિનયપૂર્વક (પ્રતિદિન) પાંચસો સાધુઓને વંદન કરવાનો અભિગ્રહ (શ્રેષ્ઠીપુત્રએ કર્યો.)

कहवि=કોઈક રીતે, असंपत्तीए=અસંપ્રાપ્તિમાં=અભિગ્રહના વિષયભૂત પાંચસો સાધુની અપ્રાપ્તિમાં, अभुंज=અભોજન, छम्मास काल बंभसुरो=છ મહિનામાં કાળ કરીને બ્રહ્મદેવલોકમાં દેવ થયો. तित्थयरभत्ति=

તીર્થંકરની ભક્તિ=દેવભવમાં તીર્થંકરની ભક્તિ કરી. चवणं=ચ્યવન=દેવભવમાંથી ચ્યવન, चंपाए चंदरायसुओ=ચંપામાં ચંદ્રરાજાનો પુત્ર થયો.

बालस्स साहुदंसण=બાળકને સાધુનું દર્શન, पीती=પ્રીતિ=સાધુને જોઈને પ્રીતિ થઈ. सरणं=સ્મરણ=પૂર્વભવનું સ્મરણ થયું. तव्विरहे य=અને તેના વિરહમાં=સાધુદર્શનના અભાવમાં, अधिती=અધૃતિ, पियसाहु नाम='પ્રિયસાધુ' એવું નામ=પિતા વડે બાળકનું 'પ્રિયસાધુ' એવું નામ કરાયું. वद्धण=વર્ધન=બાળભાવનો ત્યાગ થયે છતે, पवज्जाभिग्गहग्गहणं=પ્રવ્રજ્યાગ્રહણ પછી અભિગ્રહનું ગ્રહણ=સાધુના વિનય પ્રત્યે અભિગ્રહનું ગ્રહણ.

परिवालण आराहण=આરાધનાનું પરિપાલન=અભિગ્રહરૂપ આરાધનાનું અંતિમ સમય સુધી પરિપાલન, सुक्काई जहक्कमेण उववाओ=શુક્રસારાદિ દેવલોકમાં યથાક્રમ ઉપપાત, सव्वत्थागम=સર્વાર્થસિદ્ધમાં ગમન, पव्वज्जसेवणा=પ્રવ્રજ્યાનું સેવન=સર્વાર્થસિદ્ધમાંથી આવીને પ્રવ્રજ્યાનું સેવન, सिद्धिगमणं=સિદ્ધિગમન, ति=એ પ્રમાણે=ક્ષુલ્લક નામના સાધુપ્રદ્વેષીનું ઉદાહરણ છે. ॥૩૯૫થી ૪૦૨॥

ગાથાર્થ :-

રુદ્ર નામના સાધુ=કોઈ ગચ્છમાં રુદ્ર નામના સાધુ હતા. શિક્ષાપનાથી સાધુપ્રદ્વેષવાળા થયા=પૂર્વમાં સારાં અનુષ્ઠાન કરનાર હોવા છતાં પણ પાછળથી પ્રમાદવાળા થવાને કારણે સ્મરણાદિ શિક્ષાપનમાં સાધુપ્રદ્વેષી થયા. વિષ નિક્ષેપ કરાયે છતે=સાધુપ્રદ્વેષી એવા રુદ્ર દ્વારા આહારાદિમાં વિષ નિક્ષેપ કરાયે છતે, સહદેવ હતો=તે ગચ્છ દેવથી અધિષ્ઠિત હતો તેથી સહદેવ હતો. સાધુ દ્વારા ભાજનવિશેષ હાથમાં ગ્રહણ કરાયે છતે દેવ વડે કથન, દેવના કથનથી રુદ્ર ગચ્છમાંથી કાઢી મુકાયો.

રુદ્રએ દીક્ષાનો ત્યાગ કર્યો. વ્યાધિ થઈ અને મરણ પ્રાપ્ત થયું. તે તે પ્રકારના દુઃખપ્રચુર એવા, કુત્સિત તેવા તિર્યંચોથી સાતેય નરકોમાં ઉપપાત થયો.

એકેન્દ્રિયમાં પ્રાયઃ કાયસ્થિતિ તેની થઈ અને ત્યાંથી ઉદ્વર્તન પામ્યે છતે સર્વ જ આ સ્થાનોમાં=આગળમાં બતાવે છે તે સ્થાનોમાં, દાસ તરીકે ઉત્પન્ન થયો.

બર્બર, ભીલ, ચંડાલ, ચમાર, ધોબી, દાસ, ભૃતક વગેરેમાં ઉત્પન્ન થયો. ત્યારપછી ચૂર્ણપુરમાં શ્રેષ્ઠીપુત્ર થયો. આનાથી=આ બધા ભવોના પરિભ્રમણથી, તેનું કર્મ નિવર્તન થયું=રુદ્રના ભવમાં બાંધેલું કર્મ શિથિલ થયું.

તીર્થંકરનો યોગ છતે પૃચ્છા, કથન=ભગવાને તેના ભવોનું કથન કર્યું. संबोधि=બોધિલાભ થયો, શ્રેષ્ઠીપુત્રએ પૂછ્યું – 'અહીં=સાધુપ્રદ્વેષમાં, શું પ્રાયશ્ચિત્ત છે ?' ભગવાને કહ્યું – 'તેનું બહુમાન=સાધુઓનું બહુમાન,' વિનયપૂર્વક પ્રતિદિન પાંચસો સાધુઓને વંદન કરવાનો અભિગ્રહ શ્રેષ્ઠીપુત્રએ કર્યો.

કોઈક રીતે असंप्राप्तिमां=અભિગ્રહના વિષયભૂત પાંચસો સાધુની અપ્રાપ્તિમાં અભોજન, ૭ મહિનામાં કાળ કરીને બ્રહ્મદેવલોકમાં દેવ થયો. તીર્થંકરની ભક્તિ=દેવભવમાં તીર્થંકરની ભક્તિ

કરી. ચ્યવન=દેવભવમાંથી ચ્યવન, ચંપામાં ચંદ્રરાજાનો પુત્ર થયો.

બાળકને સાધુનું દર્શન, પ્રીતિ=સાધુને જોઈને પ્રીતિ થઈ. સ્મરણ=પૂર્વભવનું સ્મરણ થયું અને તેના વિરહમાં=સાધુદર્શનના અભાવમાં, અધૃતિ, 'પ્રિયસાધુ' એવું નામ=પિતા વડે બાળકનું 'પ્રિયસાધુ' એવું નામ કરાયું. વર્ધન=બાળભાવનો ત્યાગ થયે છતે, પ્રવ્રજ્યાગ્રહણ પછી અભિગ્રહનું ગ્રહણ=સાધુના વિનય પ્રત્યે અભિગ્રહનું ગ્રહણ.

આરાધનાનું પરિપાલન=અભિગ્રહરૂપ આરાધનાનું અંતિમ સમય સુધી પરિપાલન, શુક્રસારાદિ દેવલોકમાં યથાક્રમ ઉપપાત, સર્વાર્થસિદ્ધમાં ગમન, પ્રવ્રજ્યાનું સેવન=સર્વાર્થસિદ્ધમાંથી આવીને પ્રવ્રજ્યાનું સેવન, સિદ્ધિગમન, એ પ્રમાણે=ક્ષુલ્લક નામના સાધુપ્રદ્વેષીનું ઉદાહરણ છે. ।।૩૯૫થી ૪૦૨।।

ટીકા :-

इह क्वचिद् गच्छे स्वस्थसलिलोज्ज्वलातुच्छसाधुसमाचारे, अत एव समुच्छिन्नस्वपक्षपरपक्षगत-सर्वक्लेशे नभस्तल इव स्फुरितविमलमङ्गले महीमण्डलमध्योपलब्धशुद्धप्रसिद्धिबुधे देवमानवमान्यगुरौ प्रपंचितकाव्ये पूर्वविशुद्धानुष्ठानोऽपि पर्यायेण राहुरिव स्वभावादेव मलिनप्रकृतिरेको रुद्रनामा क्षुल्लकः समभूत् । स च तेषु तेषु साधुसमाचारेषु प्रमाद्यन् स्मारणवारणनोदनप्रतिनोदनादिभिरनवरतमपरसाधुभिः शिक्षापणायां क्रियमाणायां साधुप्रद्वेषी शिक्षापकसाधुविषये तीव्रमत्सरः समजायत । अन्यदा च तेन सर्व्वमपि तं गच्छमुपहन्तुमिच्छता पापेन पानभाजने विषं निक्षिप्तम् । तस्मिंश्च निक्षिप्ते सति सह-देवेन हिताहितचिन्तकेन वर्त्तते यो गच्छः स सहदेवस्तद्भावस्तत्त्वं तत् समभूत् । कथम् । आलुका हस्ते आलुकायां भाजनविशेषे साधुभिर्जलादानार्थं हस्ते प्रसारिते सति साधना निवेदना कृता आकाशान्वितया वाचा, यथा मा गृह्णीतैतज्जलं, विषदोषदूषितत्वादस्य केनेदमसमंजसमाचरितमिति विमर्शव्याकुलेषु साधुषु देवताकथना च संजाता, यथा, रुद्रक्षुल्लकेनैतदनुष्ठितमिति । ततो 'निच्छूढो'त्ति गच्छान्निष्काशितः स्थूलापराधत्वात् तस्य । तदुक्तम्—'तंबोलपत्तनाएण माहु सेसावि उ विणासेज्जा। निज्जूहंती तं तू मा अन्नोवि तहा कुज्जा' इति ।।३९५।।१।।

गच्छान्निष्काशितस्य च तस्योन्निष्क्रमणं दीक्षात्यागः । ततो व्याधिर्जलोदरादिरूपः, मरणं प्राणत्याग-लक्षणं सम्पन्नम् । मृतस्य च नरकेषु सप्तसु रत्नप्रभापृथिवीप्रभृतीषु उपपातो जन्म च बभूव । कुत्सिततिर्यग्भ्यः 'अस्सण्णी पढमं' इत्यादिग्रन्थोक्तेभ्यः सकाशात्, कीदृशेभ्यः, तथा तथा दाहवाहबन्धनो-त्कर्त्तनादिभिः प्रकारैर्दुःखप्रचुरेभ्यः ।।३९६।।२।।

एकेन्द्रियेषु पृथिवीकायिकादिषु प्रायो बहून् वारान् कायस्थितिरसंख्योत्सर्प्पिण्यवसर्प्पिण्यादिरूपा तस्य समभूत् ।।३९७।।३।।

बर्ब्बरा बर्ब्बरकुलवासिनो म्लेच्छाः, पुलिन्दा नाहलाः पर्वताश्रयवासिनः तरुपत्रप्रावरणा म्लेच्छा एव, चण्डालचर्मकाररजकदासभृतकास्तु प्रतीतरूपा एव, ततस्तेषु । तदनन्तरं चूर्णपुरे श्रेष्ठिसुतः समुत्पन्नः । तरुपत्रप्रावरणम्लेच्छादिजन्मसु तत्कर्मनिष्ठापनं साधुप्रद्वेषप्रत्ययोपार्जितं लाभान्तराय-दौर्भाग्यादिकर्म्मानुबन्धव्यवच्छेदः संजात इति ।।३९८।।४।।

तत्र च जन्मनि तीर्थकरस्य भगवतः कस्यचिद् योगे पृच्छा पूर्व्वजन्मवृत्तान्तविषया तेन कृता । तदनु कथने भगवता, सम्बोधिः पुनर्बोधिलाभरूपः समुद्घटितः । जातवैराग्यश्च पप्रच्छ—किमिह साधुप्रद्वेषापराधे प्रायश्चित्तमुक्तरूपं विधेयम् । भगवानाह—तद्बहुमानस्तेषां साधूनामात्मापेक्षया बहुत्वेन मननं प्रायश्चित्तमिति । ततः पञ्चशतवन्दनाभिग्रहः पञ्चानां साधुशतानां प्रतिदिवसं वन्दनार्थोऽभिग्रहो गृहीतो विनयेन साधुविषये कर्त्तव्य इति ।।३९९।।५।।

कथमप्यसम्प्राप्तावभिग्रहस्य 'अभुंज'त्ति तद्दिनेऽन्नपानपरित्यागस्तस्य जायते । एवं चासौ स्थिरप्रतिज्ञः प्रायेणानुपजीवितभोजनः 'छम्मास'त्ति बोधिलाभकालात् षण्मासान् यावज्जीवित्वा 'काल'त्ति कालं कृत्वा ब्रह्मसुरो ब्रह्मलोके देवतया उत्पन्न इति । तत्रापि तीर्थकरभक्तिर्महाविदेहादिषु नन्दीश्वरादिचैत्येषु च सततमेव भगवतामर्हतां सर्वजगज्जीववत्सलानामपारकरुणारसक्षीरनीरधीनां स्मरणमात्रोपनीतप्रणत-जनमनोवाञ्छितानां भक्तिर्वन्दनपूजनधर्मश्रवणादिरूपा समासीत् । कालेन ततश्च्यवनम् । चम्पायां पुरि चन्द्रराजसुतः समुत्पन्न इति ।।४००।।६।।

समुत्पन्नस्य च तस्य बालस्य सतः साधुदर्शनमभूत् । दृष्टेषु च तेषु भवान्तरसंस्कारात् प्रीतिः प्रतिबन्धः, स्मरणं पूर्वभवस्य, अधृतिश्चरणरक्षणरूपा तद्विरहे साधुदर्शनाभावे समजनि । ततः पितृभ्यां प्रियसाधुरेष इति नाम कृतम् । वर्द्धने बालभावपरित्यागरूपे प्रव्रज्या दीक्षा साधुप्रव्रज्या तस्यां सम्पन्नायां सत्यामभिग्रहग्रहणं यथा सर्वाङ्गैर्मया साधुविनयः कर्त्तव्य इति ।।४०१।।७।।

परिपालनमभिग्रहस्याराधना पर्यन्ते । 'सुक्काइ' इति शुक्रादिषु देवलोकेषु यथाक्रमेण परिपाट्या-धिकाधिकसंयमशुद्धिवशादुपपातोऽभूत् । पर्यन्तभवे सर्वार्थागमप्रव्रज्यासेवना चैव विज्ञेया-सर्वार्थाद् विमानात् सर्वविमानमालामौलिमाणिक्यकल्पाद् इहागमनम् । तत्र च प्रव्रज्या । तस्यामपि च समुप-लब्धकेवलालोकस्यास्य सिद्धिगमनमभूदिति । व्याख्यातं साधुप्रद्वेषी क्षुल्लक इति ।।४०२।।८।।

ભાવાર્થ :-

રુદ્ર નામના કોઈક સાધુ અનંત કાળ પૂર્વે સમ્યગ્ પ્રવ્રજ્યા પાળીને કોઈક નિમિત્તથી રુદ્ર પરિણામવાળા થયા. તેથી સુંદરગચ્છમાં હોવા છતાં સારણા-વારણા આદિને સહન કરી શક્યા નહીં અને તેના કારણે મહાકલ્યાણની કારણીભૂત એવી વિવેકપૂર્વકની સારણા-વારણાદિ કરનારા સુસાધુ પ્રત્યે પ્રદ્વેષવાળા થયા

અને તે પ્રદ્વેષને કારણે સાધુઓના વિનાશ અર્થે પાણીમાં વિષ મિશ્રણ કર્યું. ગચ્છ દેવથી અધિષ્ઠિત હતો તેથી દેવે 'તે પાણી ઝેરવાળું છે' ઇત્યાદિ કથન કર્યું તેથી તે રુદ્ર સાધુને ગચ્છમાંથી કાઢી મુકાયો. ત્યારપછી તે વ્યાધિથી મરીને સાતેય નરકોમાં, તિર્યંચોમાં, ખરાબ મનુષ્યભવમાં અને એકેન્દ્રિયાદિ ભવોમાં અનંત કાળ ભટક્યો. ત્યારપછી તે કર્મ કાંઈક ક્ષીણ થવાથી ચૂર્ણપુરનગરમાં શ્રેષ્ઠીપુત્ર થાય છે. ત્યાં તીર્થંકર પાસેથી પોતાનો પૂર્વભવ જાણીને અભિગ્રહ ગ્રહણ કરે છે કે 'પ્રતિદિન પાંચસો સાધુઓને વિનયપૂર્વક વંદન કર્યા પછી ભોજન કરીશ' અને જે દિવસે પાંચસો સાધુની અપ્રાપ્તિ થાય ત્યારે ભોજનનો ત્યાગ કરે છે. આ રીતે છ માસ પછી કાળ કરીને દેવભવ પામે છે. ત્યારપછી રાજપુત્ર થાય છે. ત્યાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને ક્રમસર શુક્રાદિ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને સર્વાર્થસિદ્ધમાં જઈને મનુષ્યભવ પામીને મોક્ષમાં જાય છે.

આ કથાથી એ ફલિત થાય કે કોઈક રીતે ભવથી વિરક્ત થઈને સંયમ ગ્રહણ કરનાર રુદ્ર સાધુ પ્રથમ આજ્ઞાઆરાધક થયા, ત્યારપછી કર્મદોષથી પ્રમાદવશ થઈને આજ્ઞાના વિરાધક થયા તેથી દુર્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરી તોપણ ફરી તે આજ્ઞાનું આરાધન પ્રાપ્ત થયું. તેથી પૂર્વની કરાયેલી આરાધના નિષ્ફળ નથી પરંતુ કાંઈક વ્યવધાનથી ફરી માર્ગની આરાધના કરાવીને મોક્ષની પ્રાપ્તિનું કારણ બને છે. માટે સમુદ્રમાં પડેલું પાણીનું બિંદુ જેમ અક્ષયભાવને પામે છે તેમ ભગવાનના શાસનની કરાયેલી સમ્યગ્ આરાધના કોઈક નિમિત્તે પાત પામે તોપણ ફરી તે આરાધનાના પરિણામને નિષ્પન્ન કરીને મોક્ષની પ્રાપ્તિનું અવશ્ય કારણ બને છે. માટે અપ્રમાદભાવથી ભગવાનના વચનના પરમાર્થને જાણીને વીતરાગતુલ્ય બનવાનું કારણ બને તે પ્રકારે ભગવાનના વચનની આરાધના કરવી જોઈએ. **॥૩૯૪થી ૪૦૨॥**

અવતરણિકા :-

अथ चैत्यद्रव्योपयोगी संकाश इति व्याख्यायते । तत्र –

અવતરણિકાર્થ :-

હવે ચૈત્યદ્રવ્યના ઉપભોગી સંકાશ છે એ પ્રમાણે વ્યાખ્યાન કરાય છે. ત્યાં=વ્યાખ્યાન કરાય છે ત્યાં, આ ગાથાઓ છે –

ગાથા :-

संकासु गंधिलावइ सक्कवयारम्मि चेतिए कहवि ।
चेतियदव्वुवओगी पमायओ मरण संसारो ।।४०३।।१।।
तण्हाछुहाभिभूओ संखेज्जे हिंडिऊण भवगहणे ।
घायण-वहण-चुन्नग-वियणाओ पाविउं बहुसो ।।४०४।।२।।
दारिद्दकुलुप्पत्तिं दरिद्दभावं च पाविउं बहुसो।
बहुजणधिक्कारं तह मणुएसुवि गरहणिज्जं तु ।।४०५।।३।।

तगराए इब्भसुओ जाओ तक्कम्मसेसयाए उ ।
दारिद्दमसंपत्ती पुणो पुणो चित्तनिव्वेओ ।।४०६।।४।।
केवलिजोगे पुच्छा कहणे बोही तहेव संवेगो ।
किं एत्थमुचियमिण्हिं चेइयदव्वस्स वुड्ढित्ति ।।४०७।।५।।
गासच्छादणमेत्तं मोत्तुं जं किंचि मज्झ तं सव्वं ।
चेतियदव्वं णेयं अभिग्गहो जावजीवंति ।।४०८।।६।।
सुहभावपवित्तीओ संपत्तीभिग्गहम्मि निच्चलया ।
चेतीहरकारावण तत्थ सया भोगपरिसुद्धी ।।४०९।।७।।
निट्ठीवणाइकरणं असक्कहा अणुचियासणादी य ।
आयतणम्मि अभोगो एत्थं देवा उयाहरणं ।।४१०।।८।।
देवहरयम्मि देवा विसयविसविमोहियावि न कयाइ ।
अच्छरसाहिंपि समं हासक्खेडाइवि करेंति ।।४११।।९।।
इय सो महाणुभावो सव्वत्थवि अविहिभावचागेण ।
चरियं विसुद्धधम्मं अक्खलियाराहगो जाओ ।।४१२।।१०।।

अन्वयार्थ :-

गंधिलावइ संकासु=गंधिलावती नगरीमां संकाश नामना श्रावक हता. सक्कवयारम्मि चेतिए=शक्रावतार चैत्यमां, कहवि=कोईक रीते=तेनी सारसंभाळ करतां कोईक रीते, चेतियदव्वुवओगी पमायओ=प्रमादथी चैत्यद्रव्यनो उपभोगी थयो. मरण=मरण, संसारो=संसारनुं परिभ्रमण.

तण्हाछुहाभिभूओ=तृष्णा-क्षुधाथी अभिभूत थतो, संखेज्जे भवगहणे हिंडिऊण=संख्यात भवमां भटकीने, घायण-वहण-चुन्नग-वियणाओ पाविउं बहुसो=घातन, वहन, चूर्ण-वेदनाओने अनेक वखत पामीने.

दारिद्दकुलुप्पत्तिं=दारिद्रकुळमां उत्पत्तिने=दरेक काळमां मनुष्यभवनी प्राप्तिमां दारिद्रकुळमां उत्पत्तिने, दरिद्दभावं च पाविउं बहुसो=अने बहु वखत दरिद्रभावने पामीने, बहुजणधिक्कारं=घणा लोकोथी धिक्कारने पाम्यो. तह मणुएसुवि गरहणिज्जं तु=अने वळी मनुष्यपणामां पण गर्हणीयपणानी प्राप्ति थई.

तगराए=तगरा नगरीमां, इब्भसुओ जाओ=श्रेष्ठीपुत्र थयो. तक्कम्मसेसयाए उ=तत्कर्म शेष होते छते=चैत्यद्रव्यना उपभोगथी बंधायेलुं ते कर्म शिथिल थवाथी, दारिद्दं=दारिद्रपणुं, असंपत्ती=असंप्राप्ति=वांछितनी अप्राप्ति, पुणो पुणो चित्तनिव्वेओ=फरी फरी चित्तनो निर्वेद थयो.

કેવલિજોગે પુચ્છા=કેવળીના યોગમાં પૃચ્છા, કહણે=કથનમાં=કેવળી દ્વારા પૂર્વભવના વૃત્તાંતના કથનમાં, બોહી=બોધિ=બોધિની પ્રાપ્તિ, તહેવ=તે પ્રમાણે જ=ક્ષુલ્લકના જીવની જેમ જ, સંવેગો=સંવેગ થયો. કિં એત્થમુચિયમિણ્હિં=(સંકાશે કેવળીને પૂછ્યું –) 'હમણાં અહીં=ચૈત્યદ્રવ્યના વિષયમાં શું કરવું ઉચિત છે ?' ચેઇયદવ્વસ્સ વુડ્ઢિત્તિ=(કેવળીએ ઉત્તર આપ્યો –) 'ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.'

ગાસચ્છાદણમેત્તં મોત્તું જં કિંચિ મજ્ઝ='ગ્રાસઆચ્છાદનમાત્રને છોડીને જે કાંઈ મને થશે, તં સવ્વં=તે સર્વ, ચેતિયદવ્વં ણેયં=ચૈત્યદ્રવ્ય જાણવું,' અભિગ્ગહો જાવજીવંતિ=(એ પ્રમાણે) યાવજ્જીવનો અભિગ્રહ કર્યો.

સુહભાવપવિત્તીઓ=શુભભાવની પ્રવૃત્તિથી, સંપત્તી=સંપ્રાપ્તિ=ધનની પ્રાપ્તિ થઈ. અભિગ્ગહમ્મિ નિચ્ચલયા=અભિગ્રહમાં નિશ્ચલતા, ચેતીહરકારાવણ=ચૈત્યઘરનું નિર્માણ, તત્થ સયા=ત્યાં સદા, ભોગપરિસુદ્ધી=ભોગની પરિશુદ્ધિ.

નિટ્ઠીવણાઇકરણં=નિષ્ઠીવન આદિનું કરણ=ચૈત્યમાં મુખશ્લેષ્માદિ ન કરે. અસક્કહા=અસત્ કથા, અણુચિયાસણાદી ય=અને અનુચિત આસનાદિ, આયતણમ્મિ અભોગો=આયતનમાં અભોગ=જિનાલયમાં કુત્સિત ભોગ છે. એત્થં=અહીં=ભોગશુદ્ધિમાં, દેવા=દેવો=ભવનપતિના દેવો, ઉયાહરણં=ઉદાહરણ છે.

દેવહરયમ્મિ=દેવઘરમાં, દેવા=દેવો, વિસયવિસવિમોહિયાવિ=વિષયરૂપી વિષથી વિમોહિત પણ, અચ્છરસાહિંપિ સમં=અપ્સરાઓ સાથે પણ, હાસક્ખેડાઇવિ=હાસ્યક્રીડા વગેરે, કયાઇ ન કરેંતિ=ક્યારેય પણ કરતા નથી.

ઇય=એ પ્રમાણે, સો મહાણુભાવો=તે મહાનુભાવ=સંકાશનો જીવ, સવ્વત્થવિ=સર્વત્ર પણ, અવિહિભાવચાગેણ=અવિધિભાવના ત્યાગથી, વિસુદ્ધધમ્મં ચરિયં=વિશુદ્ધ ધર્મનું આચરણ કરીને, અક્ખલિયારાહગો જાઓ=અસ્ખલિત આરાધક થયા. ॥૪૦૩થી ૪૧૨॥

ગાથાર્થ :-

ગંધિલાવતી નગરીમાં સંકાશ નામના શ્રાવક હતા. શકાવતાર ચૈત્યમાં કોઈક રીતે=તેની સારસંભાળ કરતાં કોઈક રીતે, પ્રમાદથી ચૈત્યદ્રવ્યનો ઉપભોગી થયો. મરણ, સંસારનું પરિભ્રમણ.

તૃષ્ણા-ક્ષુધાથી અભિભૂત થતો સંખ્યાત ભવમાં ભટકીને ઘાતન, વહન, ચૂર્ણ-વેદનાઓને અનેક વખત પામીને.

દારિદ્રકુળમાં ઉત્પત્તિને=દરેક કાળમાં મનુષ્યભવની પ્રાપ્તિમાં દારિદ્રકુળમાં ઉત્પત્તિને, અને બહુ વખત દરિદ્રભાવને પામીને ઘણા લોકોથી ધિક્કારને પામ્યો અને વળી મનુષ્યપણામાં પણ ગર્હણીયપણાની પ્રાપ્તિ થઈ.

તગરા નગરીમાં શ્રેષ્ઠીપુત્ર થયો. તત્કર્મ શેષ હોતે છતે=ચૈત્યદ્રવ્યના ઉપભોગથી બંધાયેલું તે કર્મ શિથિલ થવાથી દારિદ્રપણું, અસંપ્રાપ્તિ=વાંછિતની અપ્રાપ્તિ, ફરી ફરી ચિત્તનો નિર્વેદ થયો.

કેવળીના યોગમાં પૃચ્છા, કથનમાં=કેવળી દ્વારા પૂર્વભવના વૃત્તાંતના કથનમાં, બોધિ=બોધિની

પ્રાપ્તિ, તે પ્રમાણે જ=ક્ષુલ્લકના જીવની જેમ જ, સંવેગ થયો. સંકાશે કેવળીને પૂછ્યું – 'હમણાં અહીં=ચૈત્યદ્રવ્યના વિષયમાં, શું કરવું ઉચિત છે ?' કેવળીએ ઉત્તર આપ્યો – 'ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.'

'ગ્રાસઆચ્છાદનમાત્રને છોડીને જે કાંઈ મને થશે તે સર્વ ચૈત્યદ્રવ્ય જાણવું' એ પ્રમાણે યાવજ્જીવનો અભિગ્રહ કર્યો.

શુભભાવની પ્રવૃત્તિથી, સંપ્રાપ્તિ=ધનની પ્રાપ્તિ થઈ. અભિગ્રહમાં નિશ્ચલતા, ચૈત્યઘરનું નિર્માણ, ત્યાં સદા ભોગની પરિશુદ્ધિ.

નિષ્ઠીવન આદિનું કરણ=ચૈત્યમાં મુખશ્લેષ્માદિ ન કરે. અસત્ કથા અને અનુચિત આસનાદિ આયતનમાં અભોગ=જિનાલયમાં કુત્સિત ભોગ છે. અહીં=ભોગશુદ્ધિમાં, દેવો=ભવનપતિના દેવો, ઉદાહરણ છે.

દેવઘરમાં દેવો વિષયરૂપી વિષથી વિમોહિત પણ અપ્સરાઓ સાથે પણ હાસ્યક્રીડા વગેરે ક્યારેય પણ કરતા નથી.

એ પ્રમાણે તે મહાનુભાવ=સંકાશનો જીવ, સર્વત્ર પણ અવિધિભાવના ત્યાગથી વિશુદ્ધ ધર્મનું આચરણ કરીને અસ્ખલિત આરાધક થયા. ।।૪૦૩થી ૪૧૨।।

ટીકા :-

इह संकाशो नाम श्रावकः स्वभावादेव भववैराग्यवान् यथोदितश्रावकसमाचारसारव्यवहारः 'गंधिलावइ'त्ति गन्धिलावत्यां पुरि समस्ति स्म । स च शक्रावतारे चैत्ये प्रशस्तचित्तःसंश्चिन्तां चकार । अन्यदा च कथमपि गृहव्याक्षेपादिकारणैश्चैत्यद्रव्योपयोगी देवद्रव्योपजीवकः प्रमादतोऽज्ञानसंशयविपर्यासादिरूपात् संजातः सन्ननालोचिताप्रतिक्रान्तो मरणमाप ततः संसारे ।।४०३।।१।।

तृष्णाक्षुधाभिभूतः सन् संख्यातानि हिण्डित्वा भवग्रहणानि । तेषु च घातनेन शस्त्रादिभिः, वाहनेन पृष्ठकण्ठभारारोपणपूर्वकदेशान्तरसंचारणस्वरूपेण; चूर्णनेन च या वेदनास्ताः प्राप्य बहुशोऽनेकशः ।।४०४।।२।।

तथा; 'दारिद्दकुलुप्पत्तिं' इति दरिद्रकुलोत्पत्तिं यावज्जन्म दरिद्रभावं च तत्र प्राप्य, बहुशो बहुजनधिक्कारं यतः कुतोऽपि निमित्ताद् अनिमित्ताच्च बहोर्जनाद् धिक्कारमवर्णवादं, तथेति समुच्चये, मनुष्येष्वपि समुत्पन्नः, गर्हणीयमन्यदपि पुत्रकलत्रादिकं निन्द्यमेव प्राप्य ।।४०५।।३।।

पश्चात्तगरायां पुरि इभ्यसुतः सञ्जातः । कस्यां सत्यामित्याह—तत्कर्मशेषतायां तु तस्य चैत्यद्रव्योपयोगकालोपार्जितस्य कर्मणो लाभान्तरायादेः शेषोऽवशिष्टोंऽशः, तस्य भावस्तत्ता, तस्यां सत्यामेव,

परं तत्रापि दारिद्र्यं निर्द्धनत्वम्, असम्प्राप्तिर्वाञ्छितस्य । पुनः पुनरनेकश इत्यर्थः, चित्तनिर्वेदो हृदयोद्वेगरूपः समभूत् ।।४०६।।४।।

अन्यदा च केवलियोगे जाते सति पृच्छा तेन कृता । यथा भगवन्! मया भवान्तरे किं कर्म कृतं, येनेत्थमसम्पद्यमानमनोरथोऽहं सम्भूतः ? कथने संकाशादिभवग्रहणवृत्तान्तस्य केवलिना कृते, बोधिरुक्तरूपस्तथैव क्षुल्लकजीववत् संवेगस्तस्य समपद्यत । प्रपच्छ च किमित्यत्र चैत्यद्रव्योपयोगापराधे मम कर्त्तुमुचितमिदानीं साम्प्रतम् ? भणितं च केवलिना, यथा—चैत्यद्रव्यस्य जिनभवनबिम्ब-यात्रास्नानादि-प्रवृत्तिहेतोर्हिरण्यादिरूपस्य वृद्धिरुपचयरूपोचिता कर्त्तुमिति ।।४०७।।५।।

ततोऽस्य ग्रासाच्छादनमात्रं प्रतीतरूपमेव मुक्त्वा यत् किंचिद् मम व्यवहरतः सम्पत्स्यते, तत् सर्वं चैत्यद्रव्यं ज्ञेयमिति । इत्यभिग्रहो यावज्जीवमभूदिति ।।४०८।।६।।

ततः शुभभावप्रवृत्तितो लाभान्तरायापायहेतोः शुभस्य पूर्वोक्ताभिग्रहलक्षणस्य भावस्य प्रवृत्तेरुद्भवात् प्रक्षीयमाणक्लिष्टकर्म्मणः सम्प्राप्तिर्धनधान्यादिलाभरूपा जज्ञे । त्यक्तमुर्च्छस्य चाभिग्रहे प्रागुक्ते निश्चलता स्थैर्यलक्षणा सम्पन्ना । कालेन च भूयसो द्रव्यस्योपचये सम्पन्ने सति परद्रव्यसाहाय्य-निरपेक्षत्वेन 'चेईहरकारावण'त्ति तस्यामेव तगरायां चैत्यगृहकारापणं विहितं । तत्र चैत्यगृहे सदा सर्वकालं भोगपरिशुद्धिः चैत्यगृहासेवननिर्मलता कृता अभोगपरिहारेण ।।४०९।।७।।

अभोगमेव दर्शयति—निष्ठीवनादिकरणमिह निष्ठीवनं मुखश्लेष्मपरित्यागः, आदिशब्दाद् मूत्र-पुरीषताम्बूलकर्णनासिकादिमलप्रोज्झनग्रहः । असत्कथा स्त्रीभक्तचोरजनपदादिवृत्तान्तनिवेदनलक्षणा। अनुचितासनादि चानुचितमासनं गुरुजनासनापेक्षयोच्चं समं वा, आदिशब्दात् पर्यस्तिकादिबन्धग्रहः। एतत्सर्वं, किमित्याह—आयतने जिनगृहेऽभोगो वर्त्तते । इह नञ् कुत्सार्थः, यथाऽत्र—'जह दुव्वयणमवयणं कुच्छियसीलं असीलमसईए । भण्णइ तह णाणंपि हु मिच्छद्दिट्ठिस्स अण्णाणं ।।१।।' इति । ततः कुत्सितो भोगश्चैत्यगृहोपजीवनमभोगः, चैत्याशातनाफलत्वेन तस्य दुर्गतिहेतुत्वात् । अत्र भोगपरिशुद्धौ देवा भवनपत्यादय उदाहरणम् ।।४१०।।८।।

एतदेव भावयति-देवेत्यादि । देवगृहके नन्दीश्वरादिगतचैत्यभवनरूपे देवा जिनजन्ममहिमादिषु सन्तः विषयविषमोहिता अपि दुष्टचारित्रमोहोदयाद् न नैव कदाचित् कस्यामपि वेलायामप्सरोभिरपि स्वप्राणाधिकप्रेमपदप्राप्ताभिः समं सहासखेलाद्यपि, इह हासः प्रतीत एव, खेला क्रीडा, आदिशब्दाच्चित्र-सूचीवचनग्रहः, अपिशब्दाच्च संभोगादिस्थूलशेषापराधावरोधो दृश्यः, कुर्वन्ति विदधति । यदत्राप्सरोग्रहणं तत् तासां हासक्रीडादिस्थानत्वेन ताभिः सह तेषां हासादिपरिहारस्य दुष्करत्वख्यापनार्थमिति ।।४११।।९।।

इत्येवमुक्तनीत्या संकाशजीवो महानुभावः समुद्घटितप्रशस्तसामर्थ्यः सर्वत्रापीहलोकफलेषु परलोकफलेषु च कृत्येष्वविधिभावपरित्यागेनानुचितप्रवृत्तिनिरोधरूपेण चरित्वा निषेव्य विशुद्धधर्म्मं श्रुतचारित्रलक्षणमस्खलिताराधको निर्वाणस्य सञ्जातः । यदत्र साधुप्रद्वेषिणः क्षुल्लकजीवस्य नरकप्रवेशेनैकेन्द्रियेषु कायस्थितिवासवशेन चानन्तभवभ्रमणरूपः संसार उक्तः, संकाशश्रावकजीवस्य तु 'संखेज्जे हिंडिऊण भवगहणे' इतिवचनात् संख्यातभवग्रहणरूप एव । तत्रायमभिप्रायः—प्रमाददोषादेव चैत्यद्रव्योपयोगः संकाशस्य संवृत्तः, इति नासौ नरकप्रवेशेन तद्दोषवशोद्भवं कर्म्मानुभूतवान्, किन्तु कुमानुषत्वतिर्यक्त्वभवेषु तृष्णाबुभुक्षाघातनवाहनाद्यधिसहनद्वारेण । इतरस्त्वाकुट्टिकया सर्वमपि हन्तुमुपस्थित इत्यत्यन्तदारुणपरिणामाद् नरकादिप्रवेशफलमनन्तसंसारावहं कर्म समुपार्जितवान् । इत्यनयोरयं संसारभ्रमणविशेषः ।।४१२।।१०।।

समाप्तं संकाशश्रावकज्ञातम् ।

ભાવાર્થ :-

સંકાશ શ્રાવકે પૂર્વભવમાં પ્રમાદના કારણે ચૈત્યદ્રવ્યનો ઉપભોગ કર્યો. વળી, તે ભવમાં શ્રાવક અવસ્થામાં ભગવાન પ્રત્યે ભક્તિ હતી. તેથી જ પ્રશસ્ત ચિત્તપૂર્વક તેની સારસંભાળ કરતા હતા છતાં જીવ સ્વભાવે પ્રમાદવશ હોય ત્યારે ચૈત્યદ્રવ્યના ઉપભોગકૃત અનર્થો ઉપસ્થિત થતા નથી, પરંતુ તત્કાળ મળતું ફળ દેખાય છે તે રીતે કોઈક એવા સંયોગમાં ચૈત્યદ્રવ્ય પોતાનાથી ઉપભોગ થાય છે તેનો વિચાર કર્યા વગર પોતાની જીવનવ્યવસ્થામાં તેનો કોઈક રીતે ઉપભોગ થયો જેના કારણે સંખ્યાત કાળ સંસારમાં ખરાબ તિર્યંચના અને મનુષ્યના ભવની પ્રાપ્તિ થઈ; કેમ કે ચૈત્યદ્રવ્ય એ ભગવાનની ભક્તિનું અંગ છે અને તેના ઉપભોગકાળમાં ભગવાન પ્રત્યેની ભક્તિ જ અનાદરરૂપે પરિણમન પામે છે અર્થાત્ અત્યંત આદર હોય તો સતત તેનું સંરક્ષણ અને વૃદ્ધિ માટે પ્રયત્ન થાય પરંતુ તેના પ્રત્યે ઉપેક્ષા થવાથી અને પોતાની જીવનવ્યવસ્થા પ્રત્યે બળવાન રાગ થવાથી કોઈક રીતે તે દ્રવ્યનો ઉપભોગ થયો જેના કારણે સંખ્યાત ભવો સુધી તિર્યંચના અને મનુષ્યના ભવોમાં વિડંબનાની પ્રાપ્તિ થઈ જે અશુભ અનુબંધસ્વરૂપ છે. તેથી અશુભ અનુબંધના ઉચ્છેદ માટે વિવેકીએ સતત જાગૃત થઈને સર્વજ્ઞના વચનનો દૃઢ પક્ષપાત ધારણ કરવો જોઈએ.

સંકાશ શ્રાવકને ચૈત્યદ્રવ્યનો ઉપભોગ પ્રમાદથી જ થયેલો તેથી નરકગતિની પ્રાપ્તિ થઈ નહીં પરંતુ તિર્યંચની અને ખરાબ મનુષ્યભવોની પ્રાપ્તિ થઈ. જ્યારે સાધુદ્વેષી મહાત્માને બધાને મારવાનો ક્લિષ્ટ પરિણામ થયેલો તેથી આકુટ્ટિથી પાપ થયેલું જેના કારણે અનેક વખત નરકાદિની પ્રાપ્તિ થઈ, આમ છતાં જેમ ક્ષુલ્લક સાધુએ અનંત સંસારના પરિભ્રમણ પછી સાધુ પ્રત્યેના કરાયેલા દ્વેષનું ફળ કેવળી પાસેથી જાણીને અપ્રમાદથી સાધુભક્તિ કરીને અલ્પ ભવોમાં મોક્ષની પ્રાપ્તિ કરી તેમ સંકાશ શ્રાવકે પણ કેવળી પાસે પૃચ્છા કરીને પોતાના વડે કરાયેલા ચૈત્યદ્રવ્યના ઉપભોગથી થયેલા પાપના નિવારણનો ઉપાય કરીને ફરી માર્ગમાં અપ્રમાદથી પ્રવૃત્તિ કરી તો અલ્પ કાળમાં સંસારના અંતની પ્રાપ્તિ થઈ. તેથી સન્માર્ગમાં

પ્રવર્તતા મહાત્માનો અશુભ અનુબંધથી પાત થયા પછી તે મહાત્મા ફરી અલ્પ કાળમાં માર્ગને પ્રાપ્ત કરીને હિતને સાધે છે. માટે અશુભ અનુબંધના ઉચ્છેદ અર્થે કરાયેલો પૂર્વનો યત્ન સર્વથા નિષ્ફળ નથી.

અહીં વિશેષ એ છે કે પાપપ્રવૃત્તિ પ્રત્યે અત્યંત ઉપેક્ષાથી થયેલાં પાપોમાં નરકાદિના રૌદ્ર પરિણામની પ્રાપ્તિ છે અને પ્રમાદથી જે પાપ થાય છે તેમાં સંકાશની જેમ સંખ્યાત ભવો સુધી અનર્થની પ્રાપ્તિ થાય છે. વળી, પાપની પ્રવૃત્તિ જેમ તીર્થંકરની આશાતના છે, સુસાધુની આશાતના છે તેમ હિંસાદિ કૃત્યો પણ છે. આથી જ ક્લિષ્ટ ભાવોથી હિંસા કરનાર પણ અનંત સંસારને પ્રાપ્ત કરે છે અને ક્લિષ્ટ ભાવથી મૃષાવાદને કરનાર પણ અનંત સંસારને પ્રાપ્ત કરે છે. આથી જ ચરમાવર્ત પહેલા નિગોદમાં જ વર્તનારા જીવોએ સાક્ષાત્ કોઈ તીર્થંકરની આશાતના કે સુસાધુની આશાતના કરી નથી છતાં પોતાના અનિવર્તનીય ક્લિષ્ટ ભાવોને કારણે અનંત સંસારનું અર્જન કર્યું છે અને તેવા ક્લિષ્ટ ભાવોને કારણે મનુષ્યાદિ ભવોમાં આવે છે ત્યારે ક્રૂરતાદિ ભાવો કરીને નરકમાં પણ જાય છે. આમ છતાં જે જીવો કોઈક રીતે ધર્મને અભિમુખ થયા છે તેઓ પણ જ્યારે ધનાદિની મૂર્ચ્છાવાળા થાય છે ત્યારે પ્રમાદને વશ દેવદ્રવ્ય પ્રત્યે ઉપેક્ષા કરીને દીર્ઘ સંસાર પ્રાપ્ત કરે છે તે વખતે અન્ય કોઈના દ્રવ્યના ભક્ષણમાં તે પ્રકારનો ક્લિષ્ટ ભાવ થતો નથી જે પ્રકારનો ક્લિષ્ટ ભાવ દેવદ્રવ્યના ભક્ષણમાં થાય છે; કેમ કે આ ભગવાન પ્રત્યેની ભક્તિનું દ્રવ્ય છે તેવું જ્ઞાન હોવા છતાં પ્રમાદવશ ઉપેક્ષાનો પરિણામ થાય છે. તેથી વિષયવિશેષને આશ્રયીને વિશિષ્ટ ક્લિષ્ટ ભાવો થાય છે. **॥૪૦૩થી ૪૧૨॥**

ગાથા :-

एत्तोच्चिय भणियमिणं पुव्वायरिएहिं एत्थ वत्थुम्मि ।
अन्नयवतिरेगगयं परिसुद्धं सुद्धभावेहिं ।।४१३।।

અન્વયાર્થ :-

एत्तोच्चिय=આથી જ=ચૈત્યદ્રવ્યનો ઉપભોગ અનર્થફળવાળો છે આથી જ, एत्थ वत्थुम्मि=આ વસ્તુમાં=ચૈત્યદ્રવ્યના ઉપભોગમાં અનર્થની વિચારણામાં, पुव्वायरिएहिं=પૂર્વાચાર્યો વડે, सुद्धभावेहिं=શુદ્ધ ભાવથી, अन्नयवतिरेगगयं परिसुद्धं=અન્વય-વ્યતિરેકથી યુક્ત એવું પરિશુદ્ધ, इणं भणियं=આ કહેવાયું છે=આગળની ગાથામાં બતાવે છે એ કહેવાયું છે. ॥૪૧૩॥

ગાથાર્થ :-

આથી જ=ચૈત્યદ્રવ્યનો ઉપભોગ અનર્થફળવાળો છે આથી જ, આ વસ્તુમાં=ચૈત્યદ્રવ્યના ઉપભોગમાં અનર્થની વિચારણામાં, પૂર્વાચાર્યો વડે શુદ્ધ ભાવથી અન્વય-વ્યતિરેકથી યુક્ત એવું પરિશુદ્ધ આ કહેવાયું છે=આગળની ગાથામાં બતાવે છે એ કહેવાયું છે. ॥૪૧૩॥

ટીકા :-

यत एव चैत्यद्रव्योपयोगोऽनर्थफलोऽत एव हेतोर्भणितमिदं वक्ष्यमाणं पूर्वाचार्यैरत्र चैत्यद्रव्योपयोगानर्थ-

चिन्तालक्षणवस्तुनि चिन्तयितुमधिकृतेऽन्वयव्यतिरेकगतमन्वयेनास्मिन् विहिते इदं स्यादेवंलक्षणेन व्यतिरेकेण चैतद्विपरीतेन युतं परिशुद्धं स्फुटरूपमेव शुद्धभावैरज्ञानादिदोषोपघातरहितमनोभिः ।।४१३।।

અવતરણિકા :-

ભણિતમેવ દર્શયતિ –

અવતરણિકાર્થ :-

કહેલું જ=ગાથા-૪૧૩માં કહ્યું કે ચૈત્યદ્રવ્યવિષયક પૂર્વાચાર્યો વડે આ કહ્યું છે એ કહેલું જ, સ્પષ્ટ કરે છે –

ગાથા :-

चेइयदव्वं साहारणं च जो दुहति मोहियमतीओ ।
धम्मं व सो न याणति अहवा बद्धाउओ पुव्विं ।।४१४।।

અન્વયાર્થ :-

चेइयदव्वं साहारणं च=ચૈત્યદ્રવ્યને અને સાધારણદ્રવ્યને, मोहियमतीओ जो=મોહિત મતિવાળો એવો જે, दुहति=વિનાશ કરે છે, सो=તે=તે પુરુષ, धम्मं व न याणति=ધર્મને જ જાણતો નથી, अहवा=અથવા, पुव्विं=પૂર્વમાં, बद्धाउओ=બદ્ધાયુષ્કવાળો છે=દુર્ગતિના બદ્ધ આયુષ્યવાળો છે. ।।૪૧૪।।

ગાથાર્થ :-

ચૈત્યદ્રવ્યને અને સાધારણદ્રવ્યને મોહિત મતિવાળો એવો જે વિનાશ કરે છે તે=તે પુરુષ, ધર્મને જ જાણતો નથી અથવા પૂર્વમાં બદ્ધાયુષ્કવાળો છે=દુર્ગતિના બદ્ધ આયુષ્યવાળો છે. ।।૪૧૪।।

ટીકા :-

चैत्यद्रव्यं चैत्यभवनोपयोगि धनधान्यादि काष्ठपाषाणादि च, तथा साधारणं च द्रव्यं, तथाविधव्यसनप्राप्तौ शेषद्रव्यान्तराभावे जिनभवनजिनबिम्बचतुर्विधश्रमणसंघजिनागमलेखनादिषु धर्मकृत्येषु सीदत्सु सत्सु यदुपष्टम्भकत्वमानीयते, तत्र यो द्रुह्यति विनाशयति । कीदृशः सन्नित्याह-मोहितमतिको लोभातिरेकेण मोहमानीता मोहितामतिरस्येति समासः । धर्म्मं वा जिनप्रणीतं स न जानाति । अनेन च तस्य मिथ्यादृष्टित्वमुक्तम् । अथवा, जानन्नपि किञ्चिद् धर्म्मं बद्धायुष्को नरकादिदुर्गतौ पूर्वं चैत्यद्रव्यादिचिन्ताकालात् प्राग् इति ।।४१४।।

ભાવાર્થ :-

જે શ્રાવક સંકાશની જેમ ભગવાન પ્રત્યે ભક્તિવાળા છે છતાં સૂક્ષ્મ બોધના અભાવને કારણે કે તત્કાલ

સંયોગને કારણે સાંસારિક અનુકૂળતાના રાગને કારણે ચૈત્યદ્રવ્યનો કે સાધારણદ્રવ્યનો નાશ કરે છે ત્યારે ભગવાન પ્રત્યેનો બહુમાન ભાવ મ્લાન થાય છે અને લોભાદિની અતિશય વૃદ્ધિ થાય છે. જેમ જમાલિને સંયમ પ્રત્યેનો રાગ હોવા છતાં મોક્ષના કારણીભૂત જ જિનવચનમાં અનિવર્તનીય વિપરીત રુચિ થઈ તેથી માનના અતિશયથી મોહિત મતિવાળા થયા જેના કારણે તેઓનો સંયમરાગ પણ અસંયમના રાગ કરતાં મંદ બને છે; કેમ કે ભગવાનનું દરેક વચન વીતરાગતાનું કારણ હોવા છતાં વીતરાગતાના કારણીભૂત જ ભગવાનના વચન પ્રત્યે અનાદર થવાથી સંસારની વૃદ્ધિ કરે છે તેમ જેઓ લોભના અતિરેકથી ચૈત્યદ્રવ્યનો કે સાધારણદ્રવ્યનો વિનાશ કરે છે તેઓમાં ભગવાન પ્રત્યેની ભક્તિ કરતાં લોભાંશ અતિરેકવાળો થાય છે અને તેનાથી મોહિતમતિવાળા હોવાના કારણે તેઓ જિનપ્રણીત ધર્મને જાણતા નથી અર્થાત્ તે દ્રવ્યના દ્રોહ પૂર્વે જિનધર્મને જાણનારા હોવા છતાં તે દ્રવ્યના દ્રોહ પછી ધર્મને જાણનારા રહેતા નથી તેથી જ ધર્મના અંગભૂત ચૈત્યદ્રવ્યનો કે સાધારણદ્રવ્યનો દ્રોહ કરે છે.

અથવા તે જીવો ધર્મને જાણવા છતાં કોઈક નિમિત્તે નરકાદિ દુર્ગતિના બદ્ધાયુષ્કવાળા છે. તેથી તે બદ્ધાયુષ્કને કારણે થયેલી અશુભ લેશ્યાથી ચૈત્યદ્રવ્યનો દ્રોહ કરે છે. જેઓ ધર્મના પરમાર્થને જાણતા હોય અને જેઓએ દુર્ગતિનું આયુષ્ય બાંધ્યું ન હોય તેવા જીવોને સંસારમાં ધર્મ જ એક ત્રાણ દેખાય છે. ક્વચિદ્ ભોગની ઇચ્છા થાય તોપણ 'સલ્લં કામા' ઇત્યાદિ વચનનું સ્મરણ કરીને ધર્મને અભિમુખ યત્ન કરે છે. પોતાનાથી ભોગાદિનો ત્યાગ અશક્ય જણાય તોપણ ધર્મ પ્રત્યે બદ્ધરુચિવાળા થઈને ભોગાદિમાં યત્ન કરે છે. પરંતુ જેઓને સંસારમાં ધર્મ જ ત્રાણરૂપે દેખાતો નથી તેઓ જેમ ભોગાદિમાં મોહિતમતિવાળા છે તેમ ધર્મ કરવાને અભિમુખ થયેલા પણ જીવો જ્યારે ચૈત્યદ્રવ્યનો કે સાધારણદ્રવ્યનો વિનાશ કરે છે ત્યારે ભોગાદિમાં મોહિત મતિવાળા થાય છે. **॥૪૧૩-૪૧૪॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

'તથા' સમુચ્ચયમાં છે –

ગાથા :-

चेइयदव्वविणासे तद्दव्वविणासणे दुविहभेए ।
साहू उवेक्खमाणो अणंतसंसारिओ भणिओ ।।४१५।।

અન્વયાર્થ :-

दुविहभेए चेइयदव्वविणासे=બે પ્રકારના ભેદવાળા ચૈત્યદ્રવ્યના વિનાશ થયે છતે, तद्दव्वविणासणे=તેના દ્રવ્યના વિનાશનમાં=બીજા વડે કરાતા ચૈત્યદ્રવ્યના વિનાશનમાં, उवेक्खमाणो साहू=ઉપેક્ષા કરતા સાધુ, अणंतसंसारिओ भणिओ=અનંત સંસારી કહેવાયા છે. ।।૪૧૫।।

ગાથાર્થ :-

બે પ્રકારના ભેદવાળા ચૈત્યદ્રવ્યના વિનાશ થયે છતે તેના દ્રવ્યના વિનાશનમાં=બીજા વડે કરાતા ચૈત્યદ્રવ્યના વિનાશનમાં, ઉપેક્ષા કરતા સાધુ અનંત સંસારી કહેવાયા છે. ॥૪૧૫॥

ટીકા :-

इह चैत्यद्रव्यं क्षेत्रहिरण्यग्रामवनवास्त्वादिरूपं तत्तत्समयवशेन चैत्योपयोगितया सम्पन्नं तस्य विनाशे चिन्तानियुक्तैः पुरुषैः सम्यगप्रतिजागर्यमाणस्य स्वत एव परिभ्रंशे सम्पद्यमाने, तथा तद्द्रव्यविनाशने चैत्यद्रव्यविलुण्टने परैः क्रियमाणे । कीदृशे इत्याह—द्विविधभेदे वक्ष्यमाणविनाशनीयद्विविधवस्तुविषयत्वेन द्विप्रकारे । साधुः सर्वसावद्यव्यापारपराङ्मुखोऽपि यतिरुपेक्षमाणो माध्यस्थ्यमवलम्बमानोऽनन्त-संसारिकोऽपरिमाणभवभ्रमणो भवति, सर्वज्ञाज्ञोल्लंघनात् । उक्तं च पञ्चकल्पभाष्ये, यथा—'चोएइ चेइयाणं खेत्तहिरण्णाइं गामगावाइं । मग्गंतस्स हु जइणो तिगरणसुद्धी कहं नु भवे ?।।१।। भण्णइ एत्थ विभासा जो एयाइं सयं विमग्गेज्जा । न हु तस्स होइ सुद्धी अह कोइ हरेज्ज एयाइं ।।२।। सव्वत्थामेण तहिं संघेणं होइ लग्गियव्वं तु । सचरित्तचरित्तीणं एवं सव्वेसिं सामन्नं ।।३।।' इति ।।४१५।।

ભાવાર્થ :-

ચૈત્યદ્રવ્યની સારસંભાળ કરનારા પુરુષો દ્વારા ચૈત્યદ્રવ્યનો વિનાશ કરાતો હોય અથવા બીજાઓ દ્વારા ચૈત્યદ્રવ્યનું અપહરણ કરાતું હોય તેવા બે પ્રકારના ચૈત્યદ્રવ્યના વિનાશમાં સાધુ ઉપેક્ષા કરે તો સાધુને અનંત સંસારી શાસ્ત્રકારે કહ્યો છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ સર્વ સાવદ્યના પરિહારવાળા છે તેથી ક્યારેય પણ ચૈત્યદ્રવ્યવિષયક આરંભની પ્રવૃત્તિ કરે નહીં અને જો ચૈત્યદ્રવ્યના નિર્માણ આદિમાં સ્વયં રસપૂર્વક પ્રવૃત્તિ કરે તો તેમના સંયમની શુદ્ધિ થાય નહીં પરંતુ ચૈત્યદ્રવ્યનો વિનાશ થતો હોય તો સર્વ પ્રકારના પ્રયત્નથી સંઘને ભેગો કરીને ચારિત્રી કે અચારિત્રી બધાયે તેના રક્ષણ માટે ઉચિત યત્ન કરવો જોઈએ અને પોતાના ઉચિત યત્નથી ચૈત્યદ્રવ્યનું રક્ષણ થાય તેમ હોય છતાં કોઈ સાધુ તેની ઉપેક્ષા કરે તો ભગવાન પ્રત્યે અનાદર હોવાથી અનંતાનુબંધી કષાયના ઉદયજન્ય તે ઉપેક્ષાનો પરિણામ છે. તેથી અનંત સંસારનું કારણ બની શકે છે.

વસ્તુતઃ ભગવાન પ્રત્યેની ભક્તિવાળા સાધુ વીતરાગના માર્ગની વૃદ્ધિ થાય તેવો ઉચિત પ્રયત્ન વિવેકપૂર્વક અવશ્ય કરે અને ભગવાનના માર્ગનો નાશ થતો હોય તેની ઉપેક્ષા કરે તો ભગવાનના માર્ગનો અનાદર થાય છે અને ભગવાનનો માર્ગ જેમ જિનપ્રતિમાની ભક્તિ છે તેમ જિનપ્રતિમાની ભક્તિ નિમિત્તે કે જિનાલયની ભક્તિ નિમિત્તે સંચિત થયેલા દ્રવ્યનો તેમાં ઉપયોગ થાય તે પણ છે પરંતુ તેનો વિનાશ ન થાય તેની પણ વિવેકપૂર્વક ચિંતા સાધુએ કરવી જોઈએ. **॥૪૧૫॥**

અવતરણિકા :-

અથ યદ્ દ્રવ્યદ્વૈવિધ્યાદ્ દ્વિવિધં વિનાશનમુક્તં, તદેવ દર્શયતિ –

અવતરણિકાર્થ :-

હવે દ્રવ્યના દ્વૈવિધ્યથી દ્વિવિધ જે વિનાશ કહેવાયો તેને જ કહે છે –

ગાથા :-

जोग्गं अतीयभावं मूलुत्तरभावओ अहव कट्ठं ।
जाणाहि दुविहभेयं सपक्खपरपक्खमाइं च ।।४१६।।

અન્વયાર્થ :-

જોગ્ગં=યોગ્ય=ચૈત્યદ્રવ્યની નિષ્પત્તિમાં યોગ્ય, અતીયભાવં=અતીતભાવવાળું=પૂર્વમાં ચૈત્યદ્રવ્યની નિષ્પત્તિમાં વાપરેલું હોય અને વર્તમાનમાં ઉખાડીને કાઢી નાખ્યું હોય તેવું, અહવ=અથવા, મૂલુત્તરભાવઓ દુવિહં કટ્ઠં=મૂળગુણ અને ઉત્તરગુણના ભાવથી બે પ્રકારનું કાષ્ઠ, સપક્ખપરપક્ખમાઇં ચ=સ્વપક્ષ અને પરપક્ષ=સ્વપક્ષથી અને પરપક્ષથી વિનાશ પામતું, દુવિહભેયં=બે પ્રકારના ભેદવાળું, જાણાહિ=જાણવું=ચૈત્યદ્રવ્ય જાણવું. ।।૪૧૬।।

ગાથાર્થ :-

યોગ્ય=ચૈત્યદ્રવ્યની નિષ્પત્તિમાં યોગ્ય, અતીતભાવવાળું=પૂર્વમાં ચૈત્યદ્રવ્યની નિષ્પત્તિમાં વાપરેલું હોય અને વર્તમાનમાં ઉખાડીને કાઢી નાખ્યું હોય તેવું, અથવા મૂળગુણ અને ઉત્તરગુણના ભાવથી બે પ્રકારનું કાષ્ઠ, સ્વપક્ષ અને પરપક્ષ=સ્વપક્ષથી અને પરપક્ષથી વિનાશ પામતું, બે પ્રકારના ભેદવાળું જાણવું=ચૈત્યદ્રવ્ય જાણવું. ।।૪૧૬।।

ટીકા :-

योग्यं चैत्यगृहनिष्पत्तौ समुचितमेकं, द्वितीयं तु अतीतभावं चैत्यगृहनिष्पत्तिमपेक्ष्य समुत्तीर्णयोग्यतापर्यायं लग्नोत्पाटितमित्यर्थः । मूलोत्तरभावतो वा काष्ठमुपलक्षणत्वाद् उपलेष्टकादि वा ग्राह्यं जानीहि द्विविधभेदं विनाशनीयम् । इह मूलभावापन्नं स्तम्भकुम्भिकापट्टादियोग्यं काष्ठदलम्, उत्तरभावापन्नं तु पीठप्रभृत्युपर्याच्छादकतया प्रवृत्तम् । इत्थं विनाशनीयद्वैविध्याद् विनाशनं द्विविधमुक्तम् । सम्प्रति विनाशकभेदात्तदाह-स्वपक्षपरपक्षादि वा । स्वपक्षः साधुश्रावकादिरूपः, परपक्षस्तु मिथ्यादृष्टिलक्षणो यश्चैत्यद्रव्यविनाशकः, आदिशब्दाद् मिथ्यादृष्टिभेदा एव गृहस्थाः पाखण्डिनश्च चैत्यद्रव्यविनाशका गृह्यन्ते । ततोऽयमभिप्रायः—योग्यातीतभेदाद् मूलोत्तरभेदात् स्वपक्षपरपक्षगतयोर्गृहस्थपाखण्डिरूपयोर्वा विनाशकयोर्भेदात् प्रागुक्तं तद्द्रव्यविनाशनं द्विविधभेदमिति ।।४१६।।

ભાવાર્થ :-

કોઈના દ્વારા ચૈત્યદ્રવ્યનો વિનાશ કરાતો હોય તેના બે ભેદો ત્રણ પ્રકારે ગ્રંથકારશ્રી બતાવે છે. કેટલુંક ચૈત્યદ્રવ્યની નિષ્પત્તિ માટે યોગ્ય હોય એવું કાષ્ઠાદિ દ્રવ્ય ચૈત્યદ્રવ્ય હોય તેનો કોઈ નાશ કરતું હોય અથવા ચૈત્ય બનાવ્યા પછી તે જીર્ણ થયેલું કાષ્ઠ કાઢીને મૂકેલું હોય તે દ્રવ્ય કોઈ નાશ કરતું હોય તો તે ચૈત્યદ્રવ્યના વિનાશના બે ભેદોની પ્રાપ્તિ થાય છે. એક ચૈત્યદ્રવ્યને યોગ્ય અને અન્ય પૂર્વમાં વપરાયેલું પરંતુ અત્યારે જીર્ણ થયેલું તે બન્ને દ્રવ્યને કોઈ વિનાશ કરે તો તે ચૈત્યાલયના દ્રવ્યનો વિનાશ છે, તેથી તેના રક્ષણ માટે વિવેકી શ્રાવકે ઉચિત યત્ન કરવો જોઈએ; કેમ કે પુદ્ગલની પણ જિનપ્રતિમા જેમ પૂજ્ય છે તેમ પુદ્ગલનું બનેલું પણ ચૈત્યાલય શ્રાવક માટે પૂજ્ય છે. આથી વિવેકી શ્રાવક ચૈત્યાલયની ધજાને જોઈને વાહન આદિથી ઊતરીને ભક્તિથી તે ધજાને પણ નમસ્કાર કરે છે; કેમ કે જિનાલયનાં દરેક અંગો જિનપ્રતિમા સાથે એકવાક્યતાથી જોડાયેલાં છે અને જિનપ્રતિમા ભાવતીર્થંકર સાથે એકવાક્યતાથી જોડાયેલી છે અને ભાવતીર્થંકર જગતના જીવોને તરવામાં પ્રબળ કારણ છે. તેથી જેઓને દુસ્તર એવા સંસારથી તરવાની ઉત્કટ ઇચ્છા હોય તેઓને તરવાનો માર્ગ બતાવનાર જિનો પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે અને તેના પ્રત્યે ભક્તિવાળા સાધુએ કે શ્રાવકે ભગવાન સાથે એકવાક્યતાથી જોડાયેલી જિનપ્રતિમા અને જિનપ્રતિમા સાથે એકવાક્યતાથી જોડાયેલ જિનાલયની સામગ્રી નાશ ન પામે તેની ચિંતા કરવી જોઈએ. તેથી કોઈ જિનપ્રતિમાનો નાશ કરતું હોય ત્યારે તે જિનપ્રતિમા બીજી ભરાવી દઈશ એમ કહીને તેની ઉપેક્ષા કરવી ઉચિત નથી, તેમ જિનાલયનું બે પ્રકારનું દ્રવ્ય નાશ પામતું હોય ત્યારે તેની ઉપેક્ષા કરીને 'આપણે બીજું ધન આપી દઈશું' એમ વિચાર કરવા માત્રથી કે તેવી પ્રવૃત્તિ કરવા માત્રથી ધર્મ થતો નથી. પરંતુ શક્તિ હોય તો ચતુર્વિધ સંઘે જેમ જિનાલયનું રક્ષણ કરવું જોઈએ, જિનપ્રતિમાનું રક્ષણ કરવું જોઈએ તેમ તેના અંગભૂત બે પ્રકારના દ્રવ્યનું પણ રક્ષણ કરવું જોઈએ.

વળી, અન્ય પ્રકારે બે ભેદો બતાવતાં કહે છે. મૂળ કાષ્ઠાદિ અને ઉત્તરભાવવાળા ઉપલેષ્ટકાદિ તે બન્ને પ્રકારના દ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે જિનાલયના મૂળ આધારભૂત દ્રવ્ય કે તેના મૂળ આધાર સિવાયના અન્ય અંગભૂત દ્રવ્ય તે બન્ને દ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ.

અથવા સ્વપક્ષ કે પરપક્ષ દ્વારા તે દ્રવ્યનો વિનાશ થતો હોય તો વિવેકી સાધુએ કે શ્રાવકે સર્વ શક્તિથી તે બન્ને પક્ષથી થતા વિનાશથી તે દ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ જે રક્ષણકાળમાં અરિહંત પ્રત્યેની ભક્તિ વૃદ્ધિ પામે છે; કેમ કે વિવેકી શ્રાવક કે સાધુ વીતરાગ પ્રત્યે ભક્તિવાળા હોય છે તેના અંગભૂત આ ચૈત્યાલય છે. તેથી ચૈત્યાલયનાં સર્વ અંગોના નાશનું રક્ષણ કરીને જિન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે. **॥૪૧૬॥**

અવતરણિકા :-

अथ चैत्यद्रव्यरक्षाफलमभिधातुमाह —

અવતરણિકાર્થ :-

હવે ચૈત્યદ્રવ્યના રક્ષાના ફળને કહેવાની ઇચ્છાથી કહે છે —

ગાથા :-

जिणपवयणवुड्ढिकरं पभावगं णाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं परित्तसंसारिओ होइ ।।४१७।।

અન્વયાર્થ :-

जिणपवयणवुड्ढिकरं=જિનવચનની વૃદ્ધિને કરનાર, णाणदंसणगुणाणं पभावगं जिणदव्वं=જ્ઞાનદર્શન ગુણોના પ્રભાવક એવા જિનદ્રવ્યનું, रक्खंतो=રક્ષણ કરતો (સાધુ કે શ્રાવક), परित्तसंसारिओ होइ=પરિમિત સંસારી થાય છે. ।।૪૧૭।।

ગાથાર્થ :-

જિનવચનની વૃદ્ધિને કરનાર, જ્ઞાનદર્શન ગુણોના પ્રભાવક એવા જિનદ્રવ્યનું રક્ષણ કરતો સાધુ કે શ્રાવક પરિમિત સંસારી થાય છે. ।।૪૧૭।।

ટીકા :-

जिनप्रवचनवृद्धिकरं भगवदर्हदुक्तशासनोन्नतिसम्पादकम्, अत एव(प्रभावकं)विभावनं विस्तारहेतुः । केषामित्याह—ज्ञानदर्शनगुणानाम् । तत्र ज्ञानगुणा वाचना-प्रच्छना-परावर्त्तना-अनुप्रेक्षाधर्मकथालक्षणाः, दर्शनगुणाश्च सम्यक्त्वहेतवो जिनयात्रादिमहामहरूपाः रक्षंस्त्रायमाणो जिनद्रव्यं निरूपितरूपं, साधुः श्रावको वा परित्तसंसारिकः परिमितभवभ्रमणभाग् भवतीति । तथा हि—जिनद्रव्ये रक्षिते सति तद्विनियोगेन चैत्यकार्येषु प्रसभमुत्सर्प्पत्सु भविनो भव्याः समुद्गतोदग्रहर्षा निर्वाणावन्ध्यकारण-बोधिबीजादिगुणभाजो भवन्तीति । तथा, चैत्याश्रयेण संविग्नगीतार्थसाधुभिरनवरतं सिद्धान्तव्याख्या-नादिभिस्तथा तथा प्रपञ्च्यमानैः सम्यग्ज्ञानगुणवृद्धिः सम्यग्दर्शनगुणवृद्धिश्च सम्पद्यते इति चैत्यद्रव्यरक्षाकारिणो मोक्षमार्गानुकूलस्य प्रतिक्षणं मिथ्यात्वादिदोषोच्छेदस्य युज्यत एव परीत्तसंसारि-कत्वमिति ।।४१७।।

ભાવાર્થ :-

જે સાધુ 'ભગવાનનું શાસન કઈ રીતે દુરંત સંસારથી યોગ્ય જીવોને તારનાર છે' તે પ્રકારે પ્રતિપાદન કરીને યોગ્ય જીવોમાં ભગવાનના શાસન પ્રત્યેની ભક્તિ ઉત્પન્ન કરે છે અને ભગવાનના શાસનમાં બતાવેલા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ગુણોના જેઓ પ્રભાવક છે તેઓ શક્તિ અનુસાર વાચનાદિ કરે છે જેથી પોતાનામાં જ્ઞાનાદિગુણની વૃદ્ધિ થાય છે અને યોગ્ય જીવોમાં પણ જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ થાય છે. વળી, જિનયાત્રા, મહોત્સવાદિ જે સમ્યક્ત્વના હેતુઓ છે તે દર્શનના ગુણો છે અને તેનું પ્રભાવક એવું જિનદ્રવ્ય છે; કેમ કે જિનદ્રવ્ય રક્ષિત થાય તો જિનાલય રક્ષિત થાય અને જિનાલય રક્ષિત થાય તો સંવિગ્ન સાધુ ત્યાં

આવે જેથી જિનપ્રવચનની વૃદ્ધિ થાય. વળી, વિવેકસંપન્ન શ્રાવકો તે જિનાલયમાં આવનારા સુસાધુઓ પાસેથી જ્ઞાનાદિની વૃદ્ધિ કરે અને જિનજન્મયાત્રાદિ પ્રસંગો કરીને પણ દર્શનની શુદ્ધિ કરે તે સર્વ પ્રત્યે કારણ જિનદ્રવ્ય છે તેથી આ જિનદ્રવ્ય જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર છે, જ્ઞાનદર્શન ગુણોનું પ્રભાવક છે એ પ્રકારનું પ્રતિસંધાન કરીને તે જિનદ્રવ્ય પ્રત્યે જેઓને બહુમાન ભાવ વર્તે છે તેથી તેના રક્ષણ માટે અપ્રમાદભાવથી ઉદ્યમ કરે છે તેઓ તે જિનદ્રવ્યના રક્ષણના પ્રયત્નના બળથી પરિત્ત સંસારી થાય છે. તેથી વિવેકી શ્રાવકે સદા પ્રતિસંધાન કરવું જોઈએ કે આ જિનદ્રવ્ય જિનપ્રતિમા સાથે એકવાક્યતાથી પ્રતિબદ્ધ છે અને જિનપ્રતિમા જિન સાથે એકવાક્યતાથી પ્રતિબદ્ધ છે. તેથી તેના નિમિત્તે સુસાધુનું આગમન થશે તો જિનપ્રવચનની વૃદ્ધિ થશે અને આ જિનપ્રતિમા જ્ઞાનદર્શન ગુણોની વૃદ્ધિનું પ્રબળ કારણ છે. માટે તે સર્વ ભાવો પ્રત્યે બહુમાનપૂર્વક તેના અંગભૂત એવા જિનદ્રવ્ય પ્રત્યે જો ભક્તિ થાય અને તે ભક્તિથી તેના રક્ષણ માટે ઉદ્યમ કરવામાં આવે તો તે સર્વ યત્નકાળમાં મોક્ષમાર્ગ પ્રત્યેનો રાગ પ્રવર્ધમાન થાય છે અને મોક્ષમાર્ગ પ્રત્યે અપ્રમાદભાવથી પ્રવર્ધમાન થતો રાગ પરિમિત ભવોમાં મોક્ષનું કારણ બને છે.

ગાથા-૪૧૩માં કહેલ કે 'ચૈત્યદ્રવ્યના વિષયમાં પૂર્વાચાર્યો વડે શુદ્ધ ભાવો વડે પરિશુદ્ધ અન્વયવ્યતિરેકથી આ કહ્યું છે, એમ કહ્યું ત્યાં ગાથા-૪૧૪-૪૧૫માં વ્યતિરેકથી પરિશુદ્ધ ભાવ બતાવેલ છે; કેમ કે જેઓ ચૈત્યદ્રવ્યનો વિનાશ કરે છે તેઓ અનર્થને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે બતાવીને ચૈત્યદ્રવ્યનું રક્ષણ કરવું જોઈએ એમ કહેલ છે અને ગાથા-૪૧૭થી ૪૨૦ સુધીમાં ચૈત્યદ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ કરવાથી શું ફળ મળે છે ? તે બતાવીને અન્વયથી પરિશુદ્ધ ભાવ બતાવેલ છે. **॥૪૧૭॥**

अवतरणिका :-

अथ चैत्यद्रव्यवृद्धिकरस्य फलमाहः —

અવતરણિકાર્થ :-

હવે ચૈત્યદ્રવ્યની વૃદ્ધિના કરનારને પ્રાપ્ત થતું ફળ કહે છે —

ગાથા :-

जिणपवयणवुड्ढिकरं पभावगं णाणदंसणगुणाणं ।
वड्ढंतो जिणदव्वं तित्थगरत्तं लहइ जीवो ।।४१८।।

अन्वयार्थ :-

जिणपवयणवुड्ढिकरं=જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર, णाणदंसणगुणाणं पभावगं जिणदव्वं=જ્ઞાનદર્શન ગુણોના પ્રભાવક એવા જિનદ્રવ્યને, वड्ढंतो जीवो=વૃદ્ધિ કરતો જીવ, तित्थगरत्तं लहइ=તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે. ॥૪૧૮॥

ગાથાર્થ :-

જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર, જ્ઞાનદર્શન ગુણોના પ્રભાવક એવા જિનદ્રવ્યને વૃદ્ધિ કરતો જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે. ।।૪૧૮।।

ટીકા :-

पूर्वार्द्धव्याख्या पूर्ववत् । वर्द्धयन् अपूर्वापूर्वद्रव्यप्रक्षेपेण वृद्धिं नयन् जिनद्रव्यं, तीर्थकरत्वं चतुर्वर्णश्री-श्रमणसंघकर्तृत्वलक्षणं लभते जीवः ।।४१८।।

ભાવાર્થ :-

જેઓને તીર્થંકરો પ્રત્યે અત્યંત બહુમાન છે તેઓને તીર્થંકરનાં વચનો, તીર્થંકરની પ્રતિમા અને તીર્થંકરના વચન પ્રમાણે ચાલનારા સુસાધુઓ એ સર્વ પ્રત્યે અત્યંત બહુમાન હોય છે. તેથી જેમ જિનપ્રતિમા ચૈત્ય છે તેમ ચૈત્યદ્રવ્ય પણ તેનું જ અંગ છે. તેથી ચૈત્યદ્રવ્ય પ્રત્યે તેઓને અત્યંત બહુમાન હોય છે અને ચૈત્યદ્રવ્યની તે રીતે વિવેકપૂર્વક વૃદ્ધિ કરે છે જેથી તે ચૈત્યદ્રવ્યની વૃદ્ધિકાળમાં કોઈ જીવને ધર્મપ્રાપ્તિ પ્રત્યે વિઘ્નનું કારણ ન બને અને વિવેકપૂર્વકની વૃદ્ધિકાળમાં તે મહાત્માના ચિત્તમાં સ્થિર પરિણામ હોય છે કે આ ચૈત્યદ્રવ્ય જિનપ્રવચનની વૃદ્ધિને કરનાર છે અને જ્ઞાનદર્શન ગુણોનો પ્રભાવક છે. માટે ચૈત્યદ્રવ્ય પ્રત્યેનો રાગ અર્થથી જિનપ્રવચનનો રાગ અને જ્ઞાનદર્શન ગુણોની વૃદ્ધિના રાગમાં વિશ્રાંત થાય છે અને તેનું પ્રકૃષ્ટ ફળ તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે; કેમ કે તીર્થંકરની ભક્તિ તીર્થંકરનામકર્મનું પ્રબળ કારણ છે. તેથી એ ફલિત થાય કે માત્ર બાહ્ય દ્રવ્યની વૃદ્ધિમાં જેનો ઉપયોગ છે તેને ઓઘથી તીર્થંકર પ્રત્યે બહુમાન હોઈ શકે. પરંતુ જિનદ્રવ્યનું જિનપ્રવચનની વૃદ્ધિ કરનારરૂપે અને જ્ઞાનદર્શન ગુણોના પ્રભાવકરૂપે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક જેઓ પ્રતિસંધાન કરતા નથી તેઓને તે પ્રકારનો વીતરાગ પ્રત્યેનો બહુમાન ભાવ ચૈત્યદ્રવ્યની વૃદ્ધિકાળમાં થતો નથી, તેથી વિશિષ્ટફળની પ્રાપ્તિ થતી નથી. **॥૪૧૮॥**

ગાથા :-

चेइयकुलगणसंघे उवयारं कुणइ जो अणासंसी ।
पत्तेयबुद्ध गणहर तित्थयरो वा तओ होइ ।।४१९।।

અન્વયાર્થ :-

जो अणासंसी=જે અનાશંસી, चेइयकुलगणसंघे=ચૈત્ય-કુળ-ગણ અને સંઘના વિષયમાં, उवयारं कुणइ=ઉપકારને કરે છે, तओ=તે=તે પુરુષ, पत्तेयबुद्ध=પ્રત્યેકબુદ્ધ, गणहर=ગણધર, तित्थयरो वा=અથવા તીર્થંકર, होइ=થાય છે. ।।૪૧૯।।

ગાથાર્થ :-

જે અનાશંસી ચૈત્ય-કુળ-ગણ અને સંઘના વિષયમાં ઉપકારને કરે છે તે=તે પુરુષ, પ્રત્યેકબુદ્ધ, ગણધર અથવા તીર્થંકર થાય છે. ॥૪૧૯॥

ટીકા :-

चैत्यं च कुलं च गणश्चेति द्वंद्वैकत्ववद्भावश्चैत्यकुलगणसंघं तत्र विषये उपकारमुपष्टंभं करोति यः प्राणी, अनाशंसी ऐहिकपारलौकिकफलाभिलाषविकलः सन् । किमित्याह 'पत्तेयबुह'त्ति प्रत्येकबुद्धो बाह्यवृषभादिदर्शनसापेक्षदीक्षालाभः, 'गणहर'त्ति गणधरस्तीर्थकरशिष्यो मातृकापदत्रयोपलंभानन्तरं समुद्घाटितसमस्तश्रुतोपयोगः, तीर्थकरो जिनपतिः, वा शब्दो विकल्पार्थः, तकश्चैत्याद्युपकारको जीवो भवति । इह चैत्यं प्रतीतरूपमेव, कुलं चान्द्रनागेन्द्रादि, गणस्त्रयाणां कुलानां समानसामाचारीकाणामत एव परस्परसापेक्षाणां समवायः, संघस्तु साधुसाध्वीश्रावकश्राविकासमुदाय इति ।।४१९।।

ભાવાર્થ :-

મોક્ષમાર્ગના અંગભૂત જેમ તીર્થંકરો છે તેમ ચૈત્યદ્રવ્ય છે, સાધુઓનું કુલ છે, સાધુઓનો ગણ છે અને ચતુર્વિધ સંઘ છે. તેથી જેઓને સંસાર અત્યંત રૌદ્ર ભાસે છે અને મોક્ષમાર્ગના અંગભૂત ચૈત્યાદિ પ્રત્યે અત્યંત ભક્તિ છે તથા આ લોકના અને પરલોકના કોઈ ફળની આશંસા નથી પરંતુ મોક્ષમાર્ગના અંગરૂપે જ ચૈત્યાદિ પ્રત્યે ભક્તિ છે તેઓ ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ કેમ થાય તે પ્રકારનો ઉપકાર કરે છે. વળી, જેઓ સાધુઓનું કુલ, ગણ કે ચતુર્વિધ સંઘ રત્નત્રયની આરાધના કેમ કરી શકે તેની ઉચિત ચિંતા કરે છે તેઓને મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં ઉપષ્ટંભક એવું વિશિષ્ટ પુણ્ય બંધાય છે જેનાથી પોતાના અધ્યવસાયને અનુરૂપ તેઓ પ્રત્યેકબુદ્ધ, ગણધર કે તીર્થંકર થાય છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થીએ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત સર્વ જીવોની અને મોક્ષમાર્ગમાં પ્રસ્થિત થવામાં પ્રબળ નિમિત્તભૂત ચૈત્યોની વૈયાવચ્ચ કરવી જોઈએ જેથી શીઘ્ર વિશિષ્ટ વિશિષ્ટતર એવા યોગમાર્ગની પ્રાપ્તિ થાય. **॥૪૧૯॥**

અવતરણિકા :-

ननु चैत्यद्रव्यरक्षादिपरिणामस्यैकाकारत्वात् कथमयं प्रत्येकबुद्धादिफलभेदः स्यादित्याह –

અવતરણિકાર્થ :-

ચૈત્યદ્રવ્યના રક્ષાદિના પરિણામનું એકાકારપણું હોવાથી કઈ રીતે આ=ગાથા-૪૧૯માં બતાવ્યું એ, પ્રત્યેકબુદ્ધાદિ ફળભેદ થાય એ પ્રકારની શંકામાં કહે છે –

ગાથા :-

परिणामविसेसेणं एत्तो अन्नयरभावमहिगम्म ।
सुरमणुयासुरमहिओ सिज्झति जीवो धुयकिलेसो ।।४२०।।

અન્વયાર્થ :-

एत्तो=આનાથી=ચૈત્યદ્રવ્યની રક્ષાથી, परिणामविसेसेणं=પરિણામવિશેષને કારણે, अन्नयरभावमहिगम्म= અન્યતરભાવને પામીને=ગાથા-૪૧૯માં બતાવ્યા એ પ્રત્યેકબુદ્ધાદિમાંથી અન્યતરભાવને પામીને, धुयकिलेसो जीवो=ધુતક્લેશવાળો જીવ, सुरमणुयासुरमहिओ सिज्झति=દેવ-મનુષ્ય અને અસુરથી પૂજાયેલો સિદ્ધ થાય છે. ॥૪૨૦॥

ગાથાર્થ :-

આનાથી=ચૈત્યદ્રવ્યની રક્ષાથી, પરિણામવિશેષને કારણે અન્યતરભાવને પામીને=ગાથા-૪૧૯માં બતાવ્યા એ પ્રત્યેકબુદ્ધાદિમાંથી અન્યતરભાવને પામીને, ધુતક્લેશવાળો જીવ દેવ-મનુષ્ય અને અસુરથી પૂજાયેલો સિદ્ધ થાય છે. ॥૪૨૦॥

ટીકા :-

परिणामविशेषेण मृदुमध्याधिमात्ररूपतया परिणामानां भेदेन, इत एषु प्रत्येकबुद्धादिषु मध्येऽन्यतरभावं प्रत्येकबुद्धादिलक्षणमधिगम्य प्राप्य सुरमनुजासुरमहितो देवमानवदानवाभ्यर्च्चितः सिध्यति निष्ठितार्थो भवति जीवो धुतक्लेशः सन् ।।૪૨૦।।

ભાવાર્થ :-

જેઓ ચૈત્યદ્રવ્ય, કુલ, ગણ, સંઘ વગેરેની વૈયાવચ્ચ કરવારૂપ ઉપકાર કરે છે તેઓને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિભૂત મોક્ષમાર્ગના ઉપાયો પ્રત્યે અને મોક્ષમાર્ગમાં પ્રસ્થિત મહાત્માઓ પ્રત્યે અત્યંત બહુમાન ભાવ થાય છે. તે બહુમાન જ સંસારની પરંપરાને ચલાવનારા અનુબંધનો ઉચ્છેદક છે અને તે બહુમાનભાવકાળમાં વર્તતા પરિણામભેદને અનુસાર મોક્ષમાર્ગની પ્રાપ્તિનું ઉપષ્ટંભક એવું પુણ્ય બંધાય છે. તેથી જેઓને પ્રત્યેકબુદ્ધને અનુકૂળ પુણ્યબંધની પ્રાપ્તિ થઈ છે, જેઓને ગણધરને અનુકૂળ પુણ્યબંધની પ્રાપ્તિ થઈ છે અને જેઓને તીર્થંકરને અનુકૂળ પુણ્યબંધની પ્રાપ્તિ થઈ છે તેઓ તે ચૈત્યદ્રવ્યની ભક્તિ દ્વારા બંધાયેલા પુણ્યથી તે તે ભાવને પ્રાપ્ત કરે છે અને પ્રત્યેકબુદ્ધાદિ ભાવોને પામીને કષાયોના ક્લેશને ક્ષીણ કરે છે; કેમ કે ચૈત્યદ્રવ્યના રક્ષણાદિના પરિણામકાળમાં તે મહાત્માને જે સૂક્ષ્મ બોધપૂર્વક મોક્ષમાર્ગનો રાગ હતો તેનાથી કર્મોની અનુબંધશક્તિને ક્ષીણ કરેલ હોવાથી પ્રત્યેકબુદ્ધાદિના ભવોમાં ક્લેશોનો સુખપૂર્વક નાશ કરે છે અને દેવતાઓ આદિથી પૂજાય છે અને અંતે સંપૂર્ણ ક્લેશરહિત એવી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી ચૈત્યદ્રવ્યના રક્ષણાદિના પરિણામકાળમાં તત્ત્વના રાગને કારણે વીતરાગતાને અભિમુખ જે ચિત્ત વર્તે છે તેને અનુરૂપ કર્મોની અનુબંધશક્તિ ક્ષીણ થાય છે અને તત્ત્વના રાગથી પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે, જેના ફળરૂપે ગણધરાદિ ભાવોની પ્રાપ્તિપૂર્વક સર્વ ક્લેશોનો ક્ષય થાય છે. **॥૪૨૦॥**

અવતરણિકા :-

अथ शीतलविहारीदेव इत्येतद्गाथाष्टकेन व्याख्यातुमाह —

અવતરણિકાર્થ :-

હવે શીતલવિહારી દેવ નામના સાધુ એ પ્રમાણે=ગાથા-૩૯૪માં કહેલ એને, શ્લોક અષ્ટકથી વ્યાખ્યાત કરવા માટે કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૯૪માં કહ્યું કે સાધુપ્રદ્વેષી આદિ જીવો યોગમાર્ગમાં પ્રસ્થિત થયા પછી પ્રમાદને વશ પાત પામ્યા હોવા છતાં ફરી યોગમાર્ગને પ્રાપ્ત કરે છે તેમાં દૃષ્ટાંત છે તેમ કહેલ. ત્યારપછી સાધુપ્રદ્વેષી ક્ષુલ્લકનું દૃષ્ટાંત બતાવ્યું. ત્યારપછી ચૈત્યદ્રવ્યના ઉપભોગમાં સંકાશનું દૃષ્ટાંત બતાવ્યું. ત્યારપછી ચૈત્યદ્રવ્યના ઉપભોગથી થતા અનર્થો અને ચૈત્યદ્રવ્યના રક્ષણથી થતા લાભો બતાવ્યા. હવે ગાથા-૩૯૪માં બતાવેલ શીતલવિહારી દેવ નામના સાધુનું દૃષ્ટાંત બતાવે છે.

ગાથા :-

देवो नामणगारो कम्मगुरू सीयलो विहारेण ।
निद्धंधसो त्ति मरिउं भमिओ संसारकंतारे ।।४२१।।१।।
सीयलविहारओ खलु भगवंतासायणा णिओगेण ।
तत्तो भवो अणंतो किलेसबहुलो जओ भणियं ।।४२२।।२।।
तित्थयरपवयणसुयं आयरियं गणहरं महिड्ढीयं ।
आसायंतो बहुसो अणंतसंसारिओ होति ।।४२३।।३।।
सो तम्मि तव्विवागा हीणो दुहिओ य पेसणयकारी ।
विहलकिरियाइभावो पायं होत्तूण मंदमती ।।४२४।।४।।
खविऊण तयं कम्मं जाओ कोसंबिमाहणसुओ त्ति ।
विज्जामंतोऽगुरुगो चिंता ओसरण निक्खमणं ।।४२५।।५।।
लोयावन्ना पुच्छा निमित्तकहणम्मि परमसंवेगा ।
सव्वत्थुज्जयजोगो सक्कथुती देवहत्थिरिया ।।४२६।।६।।
मूइंगलियारक्खणगयचित्तो हत्थिणा समुक्खित्तो ।
मिच्छादुक्कडसंवेगवुड्ढिओ गतिदुगक्खवणं ।।४२७।।७।।
वेमाणियसुहमाणुससुद्धाचारपरिपालणाणिरओ ।
सत्तट्ठजम्ममज्झे चक्की होऊण संसिद्धो ।।४२८।।८।।

અન્વયાર્થ :-

દેવો નામણગારો=દેવ નામના અણગાર, કમ્મગુરૂ=કર્મથી ગુરુ, વિહારેણ સીયલો=વિહારથી શીતલ થયા. નિદ્ધંધસો ત્તિ=નિર્દ્ધંસ પરિણામવાળા=મૂળગુણ અને ઉત્તરગુણના અતિચારોમાં નિર્દ્ધંસ પરિણામવાળા થવાથી, મરિઉં=મરીને, સંસારકંતારે ભમિઓ=સંસારઅટવીમાં ભમ્યા.

સીયલવિહારઓ=શીતલ વિહારથી, ખલુ=ખરેખર, ભગવંતાસાયણા ણિઓગેણ=ભગવાનની આશાતના નિયોગથી થાય છે. તત્તો=તેનાથી=ભગવાનની આશાતનાથી, કિલેસબહુલો અણંતો ભવો=ક્લેશબહુલ અનંત ભવો થાય છે. જઓ ભણિયં=જે કારણથી કહેવાયું છે.

તિત્થયરપવયણસુયં=તીર્થંકર, પ્રવચન, શ્રુત, આયરિયં=આચાર્ય, ગણહરં=ગણધર, મહિડ્ઢીયં=મહર્ધિકની, આસાયંતો=આશાતના કરતો, બહુસો=અનેક પ્રકારે, અણંતસંસારિઓ હોતિ=અનંતસંસારી થાય છે.

સો=તે=તે દેવ નામના સાધુ, તમ્મિ=તેમાં=સંસારમાં, તવ્વિવાગા=તેના વિપાકથી=સંયમમાં શિથિલ થવાથી બંધાયેલા કર્મના વિપાકથી, હીણો દુહિઓ ય=હીન અને દુઃખિત, પેસણયકારી=પરગૃહમાં કર્મ કરનાર, વિહલકિરિયાઇભાવો=વિફલ ક્રિયાના ભાવવાળા, પાયં=પ્રાયઃ, હોત્તૂણ=થઈને, મંદમતી=મંદમતિવાળા થયા.

તયં કમ્મં ખવિઊણ=તે કર્મને ખપાવીને, કોસંબિમાહણસુઓ જાઓ ત્તિ=કોસાંબીમાં બ્રાહ્મણના પુત્ર થયા. વિજ્જામંતો=વિદ્યાવાન=ચૌદ વિદ્યાના પારગામી, અગુરુગો=અગૌરવવાળા=ક્યાંય ગૌરવ પ્રાપ્ત નથી કર્યું એવા, ચિંતા=ચિંતાવાળા થયા, ઓસરણ=સમવસરણ=તે સમયે કોઈક તીર્થંકરનું સમવસરણ થયું. નિક્ખમણં=નિષ્ક્રમણ=તેમની પાસે સંયમ ગ્રહણ કર્યું.

લોયાવન્ના પૃચ્છા=લોકઅવજ્ઞાની પૃચ્છા=તીર્થંકર પાસે પોતાને થયેલી અવજ્ઞાની શીતલવિહારી સાધુના જીવે પૃચ્છા કરી, નિમિત્તકહણમ્મિ=નિમિત્તના કથનમાં, પરમસંવેગા=પરમ સંવેગ થવાથી, સવ્વત્થ=સર્વત્ર=સંયમની સર્વ ક્રિયાઓમાં, ઉજ્જયજોગો=ઉદ્યતયોગવાળા થયા. સક્કથુતી=શકની સ્તુતિ=શકએ તે મહાત્માની દેવલોકમાં સ્તુતિ કરી. દેવહત્થિરિયા=દેવ વડે હાથી થઈને પરીક્ષા કરાઈ.

મૂઇંગલિયારક્ખણગયચિત્તો=કીડીઓ આદિના રક્ષણમાં ગતચિત્તવાળા તે સાધુ, હત્થિણા=હાથી વડે, સમુક્ખિતો=આકાશમાં ફેંકાવાયા. મિચ્છાદુક્કડસંવેગવુડ્ઢિઓ=મિથ્યાદુષ્કૃતથી સંવેગની વૃદ્ધિ થવાને કારણે, ગતિદુગક્ખવણં=બે ગતિનું ક્ષપણ=નરક અને તિર્યંચગતિનો સર્વથા ઉચ્છેદ થયો.

વેમાણિયસુહમાણુસસુદ્ધાચારપરિપાલણાણિરઓ=વૈમાનિક અને શુભ મનુષ્યપણામાં શુદ્ધ આચારના પાલનમાં નિરત થયેલા તે મહાત્મા, સત્તટ્ઠજમ્મમજ્ઝે=સાત આઠ જન્મમાં, ચક્કી હોઊણ=ચક્રી થઈને, સંસિદ્ધો=મોક્ષમાં ગયા. ॥૪૨૧થી ૪૨૮॥

ગાથાર્થ :-

દેવ નામના અણગાર, કર્મથી ગુરુ, વિહારથી શીતલ થયા. નિર્દ્ધંસ પરિણામવાળા=મૂળગુણ અને ઉત્તરગુણના અતિચારોમાં નિર્દ્ધંસ પરિણામવાળા થવાથી, મરીને સંસારઅટવીમાં ભમ્યા.

શીતલ વિહારથી ખરેખર ભગવાનની આશાતના નિયોગથી થાય છે. તેનાથી=ભગવાનની આશાતનાથી, ક્લેશબહુલ અનંત ભવો થાય છે. જે કારણથી કહેવાયું છે.

તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્દ્ધિકની આશાતના કરતો અનેક પ્રકારે અનંત સંસારી થાય છે.

તે=તે દેવ નામના સાધુ, તેમાં=સંસારમાં, તેના વિપાકથી=સંયમમાં શિથિલ થવાથી બંધાયેલા કર્મના વિપાકથી, હીન અને દુઃખિત, પરગૃહમાં કર્મ કરનાર, વિફલ ક્રિયાના ભાવવાળા પ્રાયઃ થઈને મંદમતિવાળા થયા.

તે કર્મને ખપાવીને કોસાંબીમાં બ્રાહ્મણના પુત્ર થયા. વિધાવાન=ચૌદ વિદ્યાના પારગામી, અગૌરવવાળા=ક્યાંય ગૌરવ પ્રાપ્ત નથી કર્યું એવા, ચિંતાવાળા થયા, સમવસરણ=તે સમયે કોઈક તીર્થંકરનું સમવસરણ થયું. નિષ્ક્રમણ=તેમની પાસે સંયમ ગ્રહણ કર્યું.

લોકઅવજ્ઞાની પૃચ્છા=તીર્થંકર પાસે પોતાને થયેલી અવજ્ઞાની શીતલવિહારી સાધુના જીવે પૃચ્છા કરી, નિમિત્તના કથનમાં પરમ સંવેગ થવાથી સર્વત્ર=સંયમની સર્વ ક્રિયાઓમાં, ઉદ્યતયોગવાળા થયા. શક્રની સ્તુતિ=શક્રએ તે મહાત્માની દેવલોકમાં સ્તુતિ કરી. દેવ વડે હાથી થઈને પરીક્ષા કરાઈ.

કીડીઓ આદિના રક્ષણમાં ગતચિત્તવાળા તે સાધુ હાથી વડે આકાશમાં ફેંકાવાયા. મિથ્યા-દુષ્કૃતથી સંવેગની વૃદ્ધિ થવાને કારણે બે ગતિનું ક્ષપણ=નરક અને તિર્યંચગતિનો સર્વથા ઉચ્છેદ થયો.

વૈમાનિક અને શુભ મનુષ્યપણામાં શુદ્ધ આચારના પાલનમાં નિરત થયેલા તે મહાત્મા સાત આઠ જન્મમાં ચક્રી થઈને મોક્ષમાં ગયા. ।।૪૨૧થી ૪૨૮।।

ટીકા :-

देवो नामानगारः साधुरेक आसीत् । कीदृश इत्याह—कर्मगुरुः प्रबलचारित्रमोहः शीतलः शिथिलो विहारेण साधुसामाचारीरूपेण । ततो निद्धंधसो मूलगुणोत्तरगुणातिचाराभीरुः सन्, इत्यतोऽपराधाद् मृत्वा भ्रान्तः पर्यटितः संसारकान्तारे इति ।।४२१।।१।।

एतदेव भावयितुमाह—शीतलविहारत उक्तरूपात्, खलुर्वाक्यालंकारे, भगवदाशातना तीर्थकरलाघवानयनरूपा नियोगेन निश्चयेन सम्पद्यते । शीतलविहारेण हि तेषु तेषु प्रमादस्थानेषु समापद्यमानं साधुमालोक्य तथाविधलोकैर्नूनमयमसमंजसरूपो व्यवहार एतच्छास्त्रकारैरेव निरूपित इति मनसि सम्प्रधार्य परिभावयन् भगवति जिने भृशमवज्ञाकारकस्तानि तान्याशातनापदानि समाचरति, इत्यतः शीतलविहारिणः साधोः स्वयमेवाज्ञोल्लंघनहेतुभावाद् नियतमेव भगवदाशातना जायते । ततो भगवदाशातनातो भवः संसारोऽनन्तोऽपरिमाणः क्लेशबहुलः शारीरमानसबाधाभिभूतो भवति यतो भणितमागमे ।।४२२।।२।।

तदेव दर्शयति—तीर्थकरप्रवचनश्रुतं तत्र तीर्थकरश्चतुर्वर्णश्रीश्रमणसंघप्रसूतिहेतुः पुरुषविशेषो वृषभादिः, प्रवक्ति वस्तुतत्त्वमिति प्रवचनं संघः, श्रुतं द्वादशाङ्गम्, आचार्यं युगप्रधानं, गणधरं तीर्थकरशिष्यप्रधानशिष्यरूपं, महर्द्धिकं वैक्रियवादादिलब्धिमन्तमाशातयंस्तदुत्प्रेक्षितदोषोद्घोषणेनानुचिताचरणेन वाऽवज्ञास्थानमानयन् बहुशोऽनेकधा अनन्तसंसारिको भवति, सम्यक्त्वादिगुणघातकमिथ्यात्वादिकर्म्मोपार्जनेन दूरं सन्मार्ग्गपराङ्मुखस्य तत्त्रयोपस्थापनाचारणादिति ।।४२३।।३।।

अथ प्रस्तुतं सम्बन्धयन्नाह—स देवनामा साधुस्तस्मिन् संसारे तद्विपाकाच्छीतलविहारोपात्तकर्म्मोदयाद् हीनो जातिकुलादिभिः, दुःखितश्च शारीरदुःखोपनिपातैः, प्रेषणककारी परगृहकर्मकरः सन्, तथा विफलो निष्फलतामागतः क्रियादिः कायक्रियावचनचिन्तारूपो भावो व्यापारो यस्य स तथाप्रायो भूत्वा मन्दमतिर्हिताहितविवेकशून्यमतिः ।।४२४।।४।।

क्षपयित्वा समुच्छेद्य तकं कुकर्म शीतलविहारोपात्तं जातः कौशाम्बीमाहनसुतः कौशाम्ब्यां पुरि ब्राह्मणसूनुरिति । विद्यावान् चतुर्दशविद्यास्थानपरपारगामी, परं अगुरुको राजभवनादिषु महाजनस्थानेषु क्वचिदप्यप्राप्तगौरवः समभूत् । ततश्चास्य चिन्ता समजनि निजविषयप्रवृत्तिजनागौरवगोचरा कथमहमनपराधोऽपि जनैरित्थमेवावज्ञातः कृतः । 'ओसरण'त्ति तस्मिंश्च समये कस्यचिदर्हतो भगवतस्तत्र समवसरणं समजनि । श्रुतधर्मस्य चास्य निष्क्रमणं व्रतमभूत्तदन्ते ।।४२५।।५।।

तत्र च लोकावज्ञा । पृच्छा यथा भगवन्! कुतो निमित्तादहमवज्ञातो जातः । निमित्तकथने च शीतलविहाररूपस्य हेतो पुनर्निवेदने कृते परमसंवेगः समुदपादि । ततः सर्वत्र साधुसमाचारे उद्यतयोगः सोपयोगप्रवृत्तिः स बभूव । अन्यदा शक्रस्तुतिरुद्यतयोगविषया जाता । ततः 'देवहत्थिरिय'त्ति एकेन देवेन शक्रवचनमश्रद्दधाता हस्तीभूय ईर्यापथप्रथमसमितिरूपा परीक्षितुमारब्धा ।।४२६।।६।।

कथमित्याह—मार्गप्रवृत्तसञ्चरणानां मुइंगलिकानां कीटिकानामित्यर्थः, यद् रक्षणं तत्र गतं चित्तं यस्य स तथा हस्तिना समुत्क्षिप्तोऽसौ । ततो भूमौ निपतितस्य कीटिकारक्षणैकपरिणतेरशक्यरक्षं तदुपद्रवं स्वकायेन पश्यतः स्वजीवितव्यनिरपेक्षस्य यत् पुनः पुनर्मिथ्यादुष्कृतं तेन या संवेगवृद्धिस्तस्याः सकाशाद् गतिद्विकस्य नारकतिर्यग्गतिलक्षणस्य क्षपणं निर्लेपनमस्याभूत् तद्गतिसम्पादककर्म्मानुबन्धव्यवच्छेद इत्यर्थः ।।४२७।।७।।

वैमानिकेषु सौधर्म्मादिस्वग्गोंद्भवदेवेषु शुभमनुष्येषु च यः शुद्धाचारो निर्मलस्वावस्थोचितानुष्ठानरूपस्तस्य परिपालनायां निरतः समाहितः सन् सप्ताष्टजन्ममध्ये, तत्र सप्त देवभवाः कौशाम्बीब्राह्मणसुतजन्मप्रभृतयश्चाष्टौ मनुष्यभवास्तेषां मध्येऽष्टमे मनुष्यभवे इत्यर्थः, चक्री चक्रवर्ती भूत्वा संसिद्धो निर्वृत इति ।।४२८।।८।।

ભાવાર્થ :-

દેવ નામના કોઈક મહાત્માએ સાધુપણું ગ્રહણ કર્યું અને ક્લિષ્ટકર્મ ઉદયમાં આવવાથી સંયમજીવનમાં શિથિલ આચારવાળા થયા અને તે શિથિલ આચાર સેવવામાં નિર્ધ્વંસ પરિણામવાળા થવાને કારણે મરીને સંસારઅટવીમાં ઘણો કાળ ભમે છે. અહીં પ્રશ્ન થાય કે તે મહાત્માએ પ્રમાદ કર્યો તોપણ સંયમના આચારમાં કાંઈક ત્યાગજીવન પણ હતું છતાં કેમ અનંત સંસારની પ્રાપ્તિ થઈ તેથી કહે છે.

સંયમ ગ્રહણ કરીને જેઓ આચારમાં શિથિલ છે તેઓને નક્કી ભગવાનની આશાતનાની પ્રાપ્તિ થાય છે; કેમ કે સંયમ ગ્રહણ કરતી વખતે સંયમ પ્રત્યેનો રાગ હતો, આત્મકલ્યાણની અર્થિતા હતી તોપણ સંયમ જીવનનાં કષ્ટોને જોઈને પ્રમાદી સ્વભાવ થાય છે ત્યારે ભગવાનના વચન પ્રત્યેની ઉપેક્ષા થાય છે. ભગવાનના વચન પ્રત્યેનો અનાદરભાવ મિથ્યાત્વના પરિણામરૂપ હોવાથી અનંત સંસારનું કારણ છે. તેથી કોઈક રીતે પ્રમાદ થયા પછી પણ જે મહાત્મા નિંદા-ગર્હા દ્વારા શક્તિ અનુસાર પ્રમાદને દૂર કરતા નથી અને શાતાના અર્થી થઈને ભગવાનના વચનની ઉપેક્ષા કરે છે તેઓને જે પ્રકારનો ભગવાનના વચનનો અનાદર થાય છે તે પ્રકારે ક્લેશબહુલ અનંત સંસાર પ્રાપ્ત થાય છે; કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે તીર્થંકરો, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર અને મહાઋદ્ધિવાળા મહાત્માની જેઓ આશાતના કરે છે તેઓ જે જે પ્રકારની આશાતના છે તેને અનુરૂપ ઘણા પ્રકારની દુર્ગતિના ફળવાળા અનંત સંસારને પ્રાપ્ત કરે છે. તેથી તે દેવ નામના સાધુ પણ આચારમાં શિથિલ થઈને તેનાથી બંધાયેલા પાપને કારણે ઘણા ખરાબ ભવોને પ્રાપ્ત કરીને દરેક ભવોમાં મંદમતિવાળા નિષ્ફળ આરંભવાળા દુઃખી થાય છે.

જ્યારે તે કર્મ આ રીતે કદર્થના પ્રાપ્ત કરાવીને અકામ નિર્જરા દ્વારા કાંઈક ક્ષીણ થાય છે ત્યારે તે દેવ નામના સાધુનો જીવ કૌશામ્બીમાં બ્રાહ્મણપુત્ર થાય છે. ત્યારપછી ચૌદ વિદ્યાના પારગામી થાય છે તોપણ શિથિલાચારના ફળરૂપે અવશિષ્ટ કર્મના કારણે તે બ્રાહ્મણના જીવને ક્યાંય ગૌરવ પ્રાપ્ત થતું નથી. ત્યારપછી કોઈક તીર્થંકરની પ્રાપ્તિ થવાથી તેમને સંસાર પ્રત્યે વિરક્તભાવ થયો અને સંયમ ગ્રહણ કર્યું અને ભગવાન પાસેથી પોતાના પૂર્વભવના શિથિલ આચારના ફળને સાંભળીને તે મહાત્માને પ્રકૃષ્ટ સંવેગ થયો તેથી સંયમની સર્વ ક્રિયાઓ અત્યંત અભ્યુત્થિત થઈને કરતા હતા જેમના ગુણની ઇન્દ્રએ પ્રશંસા કરી. કોઈક દેવતાએ તેમની પરીક્ષા કરી અને દેવતા પ્રત્યક્ષ આવે છે તોપણ પોતાની પ્રશંસા સાંભળીને લેશ પણ હર્ષિત થતા નથી, દેવાગમનથી પ્રભાવિત થતા નથી પરંતુ અત્યંત નિરુત્સુક ચિત્તવાળા થઈને સંયમમાં દૃઢ યત્નવાળા હોવાથી તેમણે બે ગતિનાં કર્મોનો ઉચ્છેદ કર્યો. તેથી મોક્ષપ્રાપ્તિ સુધી સુંદર એવા દેવ અને મનુષ્યભવને પામીને શુદ્ધ આચાર પાળવાના તીવ્ર પક્ષપાતના સંસ્કારને કારણે દરેક ભવોમાં શુદ્ધ આચાર પાળનારા થઈને અંતે ચક્રવર્તી થઈને મોક્ષમાં ગયા.

તેથી ભૂતકાળમાં સંયમ પાળીને પ્રમાદી થયા પછી પણ જ્યારે તે પ્રમાદના ફળની પ્રાપ્તિને સાંભળીને મહાત્માને સંવેગ ઉત્પન્ન થાય છે ત્યારે પૂર્વના પ્રમાદ કરતાં પણ વિશેષ પ્રકારનો અપ્રમાદ ઉલ્લસિત થાય છે અને તે અપ્રમાદભાવ વીતરાગના વચન પ્રત્યેના બદ્ધ રાગસ્વરૂપ હોવાથી સર્વકલ્યાણની પરંપરાનું એક કારણ બને છે. **॥૪૨૧થી ૪૨૮॥**

અવતરણિકા :-

અથ પ્રસંગાદેવેદમાહ –

અવતરણિકાર્થ :-

હવે પ્રસંગથી જ આને કહે છે=એક વખત આજ્ઞામાં તત્પર થયેલ જીવ પ્રમાદ કરીને સંસારઅર્જન કરે તોપણ ફરી નિયમા આરાધક થાય એમ અત્યાર સુધી સ્થાપન કર્યું તે કથનના પ્રસંગથી જ તેના જેવું અન્ય શું છે એને કહે છે –

ગાથા :-

अन्नेवि महासत्ता अतियारजुयावि तप्फलं भोत्तुं ।
संसुद्धमग्गनिरया कालेणमणंतगा सिद्धा ।।४२९।।

અન્વયાર્થ :-

અતિયારજુયાવિ=અતિચારથી યુક્ત પણ, મહાસત્તા અન્નેવિ=મહાસત્ત્વવાળા અન્ય પણ જીવો, તપ્ફલં ભોત્તું=તેના ફળને ભોગવીને=અતિચારના ફળને ભોગવીને, સંસુદ્ધમગ્ગનિરયા=સંશુદ્ધ માર્ગમાં નિરત, અણંતગા=અનંત જીવો, કાલેણં=કાળથી=ભૂતકાળના અનંતકાળમાં, સિદ્ધા=સિદ્ધ થયા. ।।૪૨૯।।

ગાથાર્થ :-

અતિચારથી યુક્ત પણ મહાસત્ત્વવાળા અન્ય પણ જીવો તેના ફળને ભોગવીને=અતિચારના ફળને ભોગવીને, સંશુદ્ધ માર્ગમાં નિરત એવા અનંત જીવો કાળથી=ભૂતકાળના અનંતકાળમાં, સિદ્ધ થયા. ।।૪૨૯।।

ટીકા :-

अन्येऽपि पूर्वोक्तक्षुल्लकादिजीवव्यतिरिक्ता महासत्त्वाः प्रशस्तपरिणतयोऽतीचारयुता अपि पीठमहापीठादिवत् तत्फलमतिचारकार्यं स्त्रीत्वादि भुक्त्वानुभूय । किमित्याह—संशुद्धमार्गनिरताः सन्तः कालेन भूयसाऽतीतेनानन्तका जीवाः सिद्धाः ।।४२९।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કર્યું એવા સંકાશાદિ જીવોની જેમ આરાધક થઈને પ્રમાદવશ માર્ગથી ભ્રષ્ટ થાય છે ત્યારે કર્મના અશુભ અનુબંધને પ્રાપ્ત કરીને સંસારમાં ઘણી કદર્થના પ્રાપ્ત કરે છે તોપણ ફરી આરાધક થઈને સંસારનો અંત કરે છે; કેમ કે એક વખત સમ્યગ્ રીતે કરાયેલી આરાધના પ્રમાદવશ ચાલી જાય તોપણ તે જીવમાં પડેલું શુદ્ધ આરાધનાનું બીજ કાંઈક વ્યવધાનથી પણ અવશ્ય પ્રગટ થાય છે. તેથી તેઓ શુદ્ધ આરાધના કરીને આરાધનાના ફળને પ્રાપ્ત કરે છે તેમ પૂર્વમાં બતાવ્યું.

હવે કેટલાક એવા પણ જીવો છે જેઓ આરાધનામાં કાંઈક અતિચાર સેવે છે અને તેના ફળને પણ પ્રાપ્ત કરે છે તોપણ માર્ગથી ભ્રષ્ટ થતા નથી પરંતુ સંશુદ્ધમાર્ગમાં નિરત રહે છે. જેમ બ્રાહ્મી-સુંદરીના જીવે પૂર્વમાં શુદ્ધ સાધુપણું પાળ્યું તોપણ તે પીઠ-મહાપીઠના ભવમાં કાંઈક અતિચારને કારણે તેના ફળરૂપે સ્ત્રીપણું પ્રાપ્ત કરે છે છતાં અશુભ અનુબંધ નહીં હોવાના કારણે માર્ગથી ભ્રષ્ટ થતા નથી. જોકે પીઠ-મહાપીઠના ભવમાં તેઓએ સ્ત્રીપણું બાંધ્યું ત્યારે અશુભ અનુબંધની પ્રાપ્તિ હતી તોપણ તે જ ભવમાં ફરી તેઓ માર્ગમાં નિરત રહ્યા તેથી શીતલવિહારી સાધુની જેમ દુર્ગતિની પરંપરાના વ્યવધાનથી માર્ગને પામ્યા નથી. પરંતુ મહાસત્ત્વવાળા એવા તેઓ કાંઈક અતિચાર સેવીને પણ ફરી માર્ગમાં યત્ન કરીને સર્વાર્થસિદ્ધમાં ગયા અને અતિચારના ફળરૂપે માત્ર સ્ત્રીપણું પ્રાપ્ત કર્યું, અન્ય કોઈ અનર્થ પ્રાપ્ત કર્યો નથી. એ પ્રકારે ભૂતકાળના અનંત કાળમાં પીઠ-મહાપીઠની જેમ આરાધના કરીને અનંતા જીવો સિદ્ધ થયા છે. તેથી વિવેકી જીવોએ પોતે સ્વીકારેલાં વ્રતોમાં અતિચારના પરિહાર માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. જેથી શીતલવિહારી સાધુની જેમ અનર્થોની પરંપરાની પ્રાપ્તિ થાય નહીં અને કદાચ અતિચાર સેવ્યા પછી માર્ગમાં નિરત રહે તોપણ તે અતિચારના અલ્પ પણ સ્ત્રીપણાદિરૂપ જે ફળની પ્રાપ્તિ થઈ એવું ફળ પ્રાપ્ત થાય નહીં. માટે સુવિશુદ્ધ ભાવથી શક્તિ અનુસાર વ્રતોને સ્વીકારવાં જોઈએ અને સ્વીકારાયેલાં વ્રતોમાં અતિચાર ન લાગે તેની પ્રતિદિન ચિંતા કરવી જોઈએ. ક્યારેક અનાભોગાદિથી અતિચાર લાગ્યો હોય તોપણ તેની શુદ્ધિ માટે લેશ પણ ઉપેક્ષા કરવી જોઈએ નહીં જેથી અશુભ અનુબંધના ફળની પ્રાપ્તિ થાય નહીં. **॥૪૨૯॥**

અવતરણિકા :-

उपसंहरन्नाह —

અવતરણિકાર્થ :-

ઉપસંહારને કરતાં કહે છે=કોઈ મહાત્મા એક વખત આજ્ઞાને પ્રાપ્ત કર્યા પછી પ્રમાદવશ અશુભ અનુબંધને પ્રાપ્ત કરે તોપણ ફરી અવશ્ય આજ્ઞાયોગ પ્રાપ્ત કરીને આજ્ઞાના ફળરૂપે મોક્ષને પ્રાપ્ત કરે છે એમ જે અત્યાર સુધી કહ્યું એ સર્વ કથનનો ઉપસંહાર કરતાં કહે છે —

ગાથા :-

एवं ओसहणायं भावेअव्वं निउणबुद्धीए ।
असमयसमयपओगा विहिसइपरिवालणाओ य ।।४३०।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગાથા-૩૮૯માં બતાવ્યું એ રીતે, ओसहणायं=ઔષધના દૃષ્ટાંતથી, असमयसमयपओगा=અસમય-સમયના પ્રયોગને આશ્રયીને, विहिसइपरिवालणाओ य=અને વિધિના સદા પરિપાલનને આશ્રયીને, निउणबुद्धीए=નિપુણ બુદ્ધિથી, भावेअव्वं=ભાવન કરવું જોઈએ. ।।૪૩૦।।

ગાથાર્થ :-

આ રીતે=ગાથા-૩૮૯માં બતાવ્યું એ રીતે, ઔષધના દૃષ્ટાંતથી અસમય-સમયના પ્રયોગને આશ્રયીને અને વિધિના સદા પરિપાલનને આશ્રયીને નિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ. ।।૪૩૦।।

ટીકા :-

एवमुक्तवदौषधज्ञातं 'भन्नइ जहोसहं खलु जत्तेण सया विहाणओ जुत्तं' इत्यादिग्रन्थोक्तं भावयितव्यं परिभावनीयमिति निपुणबुद्ध्या ऊहापोहसारमित्यर्थः । कथमित्याह—असमयसमयप्रयोगाद् असमयप्रयोगं समयप्रयोगं चाश्रित्यविधेः सदा परिपालनातश्च विधिं सदा परिपालनं चापेक्ष्येत्यर्थः ।।४३०।।

ભાવાર્થ :-

ગાથા-૩૮૯માં ઔષધના દૃષ્ટાંતથી કહ્યું કે ઔષધનું યત્નથી અને વિધિપૂર્વક સેવન કરવામાં આવે તો રોગ નાશ પામે છે અન્યથા રોગ નાશ પામતો નથી પરંતુ વ્યાધિનો ઉપદ્રવ વધારે છે. એ રીતે સદ્આજ્ઞાયોગરૂપ ઔષધ પણ વિધિપૂર્વક સેવન કરવાથી ભાવવ્યાધિને દૂર કરે છે અને અવિધિપૂર્વક સેવન કરવાથી ભાવવ્યાધિને વધારે છે તેનું નિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ. વળી, ઔષધમાં પણ અકાળે પ્રયોગ કરવામાં આવે તો ઔષધ ગુણકારી થાય નહીં પરંતુ ઉચિત કાળે પ્રયોગ કરવામાં આવે તો ગુણકારી થાય છે તેમ સદ્આજ્ઞાયોગ પણ ઉચિતકાળે સેવવામાં આવે તો ગુણકારી થાય છે અન્યથા ગુણકારી થતો નથી તેમ નિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ.

તેથી એ ફલિત થાય કે આજ્ઞાયોગના સેવનનો અકાળ હોય ત્યારે જીવમાં તે આજ્ઞા સમ્યગ્ પરિણમન પામતી નથી અને આજ્ઞાયોગના સેવનના કાળમાં પણ જે ભૂમિકાની આજ્ઞા સેવવાનો ઉચિત કાળ હોય તે ભૂમિકાની આજ્ઞા સેવવામાં આવે તો તે આજ્ઞા સમ્યગ્ પરિણમન પામે પરંતુ પોતાની ભૂમિકાથી ઉપરની ભૂમિકાની આજ્ઞા સેવવાની શક્તિનો સંચય થયો ન હોય છતાં તે આજ્ઞા સ્વીકારવામાં આવે તો તે આજ્ઞાનું સેવન પણ બાહ્ય કાયાથી થાય છે પરંતુ અંતરંગ ભાવરોગનો નાશ કરવા સમર્થ બનતું નથી. તેથી સંસારથી ભય પામેલા વિવેકી પુરુષે નિપુણ બુદ્ધિપૂર્વક વિચારવું જોઈએ કે 'કયું અનુષ્ઠાન હું સમ્યગ્ સેવીને વીતરાગભાવથી આત્માને ભાવિત કરી શકીશ.' તે અનુષ્ઠાનને સ્વીકારીને તે અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને ઉત્તરોત્તરની ભૂમિકાના અનુષ્ઠાનને સેવવાના બળસંચયનું કારણ બને તે રીતે તે અનુષ્ઠાનમાં નિપુણ બુદ્ધિથી યત્ન કરવો જોઈએ. જેમ સંસાર નિર્ગુણ ભાસ્યા પછી સંસારથી પર અવસ્થાની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા થઈ હોય તોપણ પોતાની ભૂમિકા અનુસાર સર્વવિરતિની શક્તિનો સંચય થયો ન હોય તો દેશવિરતિમાં તે રીતે યત્ન કરવો જોઈએ જેથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય. આથી જ વિવેકી શ્રાવકો પ્રતિદિન સાધુસામાચારીનું તે રીતે ભાવન કરે છે જેથી શુદ્ધ સાધુસામાચારી પ્રત્યે રાગ પ્રકર્ષ-પ્રકર્ષતર થાય, જેના કારણે સેવાતું દેશવિરતિનું અનુષ્ઠાન શીઘ્ર સર્વવિરતિનું કારણ બને.

વળી, જેઓમાં દશાર્ણભદ્રાદિ મહા-પુરુષોની જેમ ઉપદેશશ્રવણ પછી તરત જ સર્વવિરતિનું બળસંચય થયું છે તેમ જણાય તો તેઓએ ક્ષણભર પણ પ્રમાદ કર્યા વગર સર્વવિરતિનું અનુષ્ઠાન સ્વીકારવું જોઈએ

અને સદા તે અનુષ્ઠાન વિધિપૂર્વક પાલન કરવું જોઈએ, જેથી તે સર્વવિરતિનું અનુષ્ઠાન અસંગ અનુષ્ઠાનની શક્તિના સંચયનું કારણ બને. ॥૪૩૦॥

અવતરણિકા :-

एतदेव भावयति —

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૪૩૦માં કહ્યું કે ઔષધ પણ અસમયમાં કે સમયમાં પ્રયોગ કરવામાં આવે તેને આશ્રયીને ઔષધ ફળવાન કે નિષ્ફળ થાય છે એને જ, ભાવન કરે છે —

ગાથા :-

होंति अकालपयोगो निरत्थगो तहवगारपरओ य ।
हंदि हु सदोसहस्सवि नियमा लोगेवि सिद्धमिणं ।।४३१।।

અન્વયાર્થ :-

हु=જે કારણથી, सदोसहस्सवि=સદ્ઔષધનો પણ, अकालपयोगो=અકાળપ્રયોગ, निरत्थगो=નિરર્થક, तहवगारपरओ य=અને અપકારપરક, नियमा होंति=નિયમથી થાય છે. लोगेवि सिद्धमिणं=એ પ્રમાણે લોકમાં પણ પ્રસિદ્ધ છે. (તે કારણથી અસમયપ્રયોગથી અને સમયપ્રયોગથી ઔષધનું દૃષ્ટાંત નિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ એમ ગાથા-૪૩૦ સાથે સંબંધ છે.) ॥૪૩૧॥

ગાથાર્થ :-

જે કારણથી સદ્ઔષધનો પણ અકાળપ્રયોગ નિરર્થક અને અપકારપરક નિયમથી થાય છે. એ પ્રમાણે લોકમાં પણ પ્રસિદ્ધ છે. તે કારણથી અસમયપ્રયોગથી અને સમયપ્રયોગથી ઔષધનું દૃષ્ટાંત નિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ એમ ગાથા-૪૩૦ સાથે સંબંધ છે. ॥૪૩૧॥

❖ 'हंदि' એ ઉપપ્રદર્શનમાં છે.

ટીકા :-

भवत्यकालप्रयोगोऽभिनवज्वरादावौषधप्रदानलक्षणो निरर्थको विवक्षितव्याध्युपशमं प्रत्यकिञ्चित्करः तथेति समुच्चयाक्षेपे । अपकारपरकः रोगोत्कोपकारितया समधिकबाधाविधायकः। च समुच्चये हंदीति पूर्ववत् । हुर्यस्मात् सदौषधस्यापि व्याधिनिवृत्तिं प्रत्यवन्ध्यशक्तितया सतः सुन्दरस्याप्यौषधस्य नियमाद् निश्चयेन लोकेऽपि न केवलमायुर्वेदशास्त्रेषु प्रसिद्धं प्रतीतमिदमनन्तरोक्तमिति ।।४३१।

ભાવાર્થ :-

નવા જ્વરાદિ રોગકાળમાં સદ્ઔષધ પ્રદાનનો અકાળ હોય છે. તેથી જે રોગ છે તે રોગનું સદ્ઔષ

હોવા છતાં પણ અકાળમાં તે ઔષધનો પ્રયોગ કરવામાં આવે તો તેનાથી તે વ્યાધિનો ઉપશમ થતો નથી એટલું જ નહીં પણ તે ઔષધ અપકારને કરનાર થાય છે અર્થાત્ તે ઔષધથી નવા રોગો ઉત્પન્ન થાય છે. આ પ્રકારે વિવેકી લોકોમાં પ્રસિદ્ધ છે. તેથી અકાળે કરાયેલા ઔષધના દૃષ્ટાંતથી અને કાળે કરાયેલા ઔષધના દૃષ્ટાંતથી ભગવાનની આજ્ઞારૂપ ઔષધનું પણ નિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ. ॥૪૩૧॥

અવતરણિકા :-

अथ दार्ष्टान्तिकतयोपन्यस्तस्य संसाररोगिषु वचनौषधप्रयोगस्याकालं च निर्द्दिशन् घणेत्यादि-गाथाद्वयमाह —

અવતરણિકાર્થ :-

હવે દાર્ષ્ટાંતિકપણાથી ઉપન્યસ્ત એવા વચનઔષધપ્રયોગનું સંસારરોગીઓમાં=સંસારરૂપ રોગવાળા જીવોમાં, અકાળને બતાવતા 'घण' ઈત્યાદિ ગાથાદ્વયને કહે છે —

ગાથા :-

घणमिच्छत्तो कालो एत्थ अकालो उ होति नायव्वो ।
कालो य अपुणबंधगपभिती धीरेहिं निद्दिट्ठो ।।४३२।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=વચનઔષધના પ્રયોગમાં, घणमिच्छत्तो कालो=ઘન મિથ્યાત્વવાળો કાળ=તત્ત્વને અભિમુખ લેશ પણ પરિણામ ન થાય તેવો તત્ત્વવિષયક વિપર્યાસવાળો કાળ, अकालो उ नायव्वो होति=અકાળ જ જ્ઞાતવ્ય છે. धीरेहिं य=અને ધીરપુરુષો વડે, अपुणबंधगपभिती कालो=અપુનર્બંધક વગેરે કાળ=અપુનર્બંધક વગેરે કાળને વચનઔષધનો કાળ, निद्दिट्ठो=નિર્દિષ્ટ છે. ॥૪૩૨॥

ગાથાર્થ :-

અહીં=વચનઔષધના પ્રયોગમાં, ઘન મિથ્યાત્વવાળો કાળ=તત્ત્વને અભિમુખ લેશ પણ પરિણામ ન થાય તેવો તત્ત્વવિષયક વિપર્યાસવાળો કાળ, અકાળ જ જ્ઞાતવ્ય છે અને ધીરપુરુષો વડે અપુનર્બંધક વગેરે કાળ=અપુનર્બંધક વગેરે કાળને વચનઔષધનો કાળ, નિર્દિષ્ટ છે. ॥૪૩૨॥

ટીકા :-

घनं महामेघावलुप्तसकलनक्षत्रादिप्रभाप्रसरभाद्रपदामावास्याश्यामामध्यभागसमुद्भूतान्धकारवन्निबिडं मिथ्यात्वं तत्त्वविपर्यासलक्षणं यत्र स तथा;, कालश्चरमपुद्गलपरावर्त्तव्यतिरिक्तशेषपुद्गलपरावर्त्तलक्षणः । अत्र च वचनौषधप्रयोगेऽकालस्त्वकाल एव भवति ज्ञातव्यः। चरमपुद्गलपरावर्त्तलक्षणस्तु तथाभव्यत्व-परिपाकतो बीजाधानोद्भेदपोषणादिषु प्रवर्त्तमानेषु स्यादपिकाल इति । अत एवाह—कालस्त्ववसरः

पुनरपुनर्बन्धकप्रभृतिस्तत्रापुनर्बन्धकः 'पावं न तिव्वभावा कुणइ' इत्यादिलक्षणः, आदिशब्दाद् मार्गाभिमुखमार्गपतितौ गृह्येते । तत्र मार्गो ललितविस्तरायामनेनैव शास्त्रकृतेत्थंलक्षणो निरूपितो 'मग्गदयाणं' इत्याद्यालापकव्याख्यायाम्, यथा इह मार्गश्चेतसोऽवक्रगमनं भुजंगगमननलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रवणः स्वरसवाही क्षयोपशमविशेषो हेतुस्वरूपफलशुद्ध्याभिमुखः । तत्र पतितः प्रविष्टो भव्यविशेषो मार्ग्गपतित इत्युच्यते, तदादिभावापन्नश्च मार्ग्गाभिमुख इति । एतौ च चरमयथाप्रवृत्तकरणभागभाजावेव विज्ञेयौ अपुनर्बन्धककालः प्रभृतिर्यस्य स तथा धीरैस्तीर्थकरादिभिर्निर्दिष्टो व्यवहारत इति ।।४३२।।१।।

ભાવાર્થ :-

ગાથા-૪૩૧માં જ્વરાદિ વ્યાધિમાં અકાળ પ્રયોગ સદોષવાળો છે તેમ બતાવ્યું. ત્યાં જેમ બાહ્ય વ્યાધિમાં જ્યારે રોગ કાંઈક શમન તરફ હોય તે વખતે ઉચિત ઔષધની પ્રાપ્તિ દ્વારા તે રોગ વિશેષથી શમન થાય છે માટે તે ઔષધના પ્રયોગનો કાળ છે અને જ્યારે રોગ ઉદ્ભવ પામીને વૃદ્ધિ પામતો હોય ત્યારે ઔષધપ્રયોગ અનર્થકારી છે તેમ જીવમાં જ્યારે ગાઢ વિપર્યાસ વર્તે છે ત્યારે વચનઔષધનો અકાળ છે; કેમ કે ગાઢ વિપર્યાસને કારણે તે શાસ્ત્રવચનો તેને વિપરીત પરિણમન પામશે. જેથી હિતને બદલે તે વચનોથી જ તેનું અહિત થાય છે. આથી જ ઘન મિથ્યાત્વની અવસ્થામાં ગ્રંથિદેશમાં પણ આવેલા જીવો આ લોકના અને પરલોકના આશયથી ધર્મ કરીને પોતાના વિપર્યાસની વૃદ્ધિ કરે છે. તેથી તેનાથી તેઓનું અહિત જ થાય છે, હિત કાંઈ થતું નથી. જોકે ધર્મના સુંદર આચારો પાળીને ઘન મિથ્યાત્વકાળમાં પણ કેટલાક જીવો નવમા ગ્રૈવેયક સુધી જાય છે તોપણ વિપર્યાસ નિવર્તન પામે તેવો નહીં હોવાથી તે ધર્માનુષ્ઠાનના સેવન દ્વારા પણ વિપર્યાસની વૃદ્ધિ કરે છે તેથી ગ્રૈવેયક આદિની પ્રાપ્તિ કરીને પણ વિષયોમાં ગાઢ સંશ્લેષ પ્રાપ્ત કરે છે અને વિપર્યાસની વૃદ્ધિ દ્વારા સંસારની કદર્થનાને અધિક પ્રાપ્ત કરે છે. તેથી ઘન મિથ્યાત્વવાળો કાળ મોહનાશને અનુકૂળ વચનઔષધનો કાળ નથી.

વળી, જ્યારે મિથ્યાત્વ કાંઈક મંદ થાય છે ત્યારે જીવ તત્ત્વને અભિમુખ થઈ શકે તેવી ભદ્રક પ્રકૃતિવાળો બને છે તેવી પ્રકૃતિવાળા અપુનર્બંધકાદિ જીવોનો કાળ ધીરપુરુષો વડે વચનઔષધનો કાળ કહેવાયો છે. આથી જ ખાવાની ઇચ્છાથી આવેલ ભિખારીને આર્યસુહસ્તિ મહારાજાએ દીક્ષા આપી અને ભદ્રક પ્રકૃતિવાળા તે ભિખારીના જીવને ઓઘથી પણ ભોગવિલાસથી પર એવા ત્યાગ પ્રત્યે બહુમાન થયું જેનાથી પુણ્ય બંધાયું, સંપ્રતિ મહારાજા થયા અને મિથ્યાત્વ મંદ થતું હોવાના કારણે સંપ્રતિ મહારાજાના ભવમાં સુખપૂર્વક સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ થઈ. તેથી કદાગ્રહ વગરના અને સંસારના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરી શકે તેવી થોડી પણ નિર્મળ પ્રજ્ઞાવાળા જીવો વચનઔષધપ્રયોગ માટે યોગ્ય છે.

પ્રસ્તુત ગાથામાં અપુનર્બંધકાદિમાં 'આદિ' પદથી માર્ગપતિત અને માર્ગાભિમુખને ગ્રહણ કરેલ છે પરંતુ સમ્યગ્દૃષ્ટિને ગ્રહણ કરેલ નથી તેથી અપુનર્બંધકથી માંડીને સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વેના સર્વ જીવો વ્યવહારનયથી વચનઔષધને યોગ્ય છે તેમ ફલિત થાય. જોકે નિશ્ચયનયને અભિમત સમ્યગ્દૃષ્ટિઆદિ પણ જીવો વચન-

ઔષધને યોગ્ય છે તેમ વ્યવહારનય સ્વીકારે છે તેથી તેનું પણ ગ્રહણ આદિથી કરવું જોઈએ છતાં આગળની ગાથામાં નિશ્ચયનયથી વચનઔષધનો કાળ બતાવેલ છે માટે વ્યવહારનયથી તેઓનું ગ્રહણ હોવા છતાં 'આદિ' પદથી તેઓનું ગ્રહણ ટીકાકારશ્રીએ કરેલ નથી. **॥૪૩૨॥**

ગાથા :-

निच्छयओ पुण एसो विन्नेओ गंठिभेयकालो उ ।
एयम्मी विहिसतिवालणा हि आरोग्गमेयाओ ।।४३३।।

અન્વયાર્થ :-

निच्छयओ पुण=વળી નિશ્ચયથી, एसो=આ=વચનઔષધના પ્રયોગનો કાળ, गंठिभेयकालो उ विन्नेओ=ગ્રંથિભેદકાળ જ જાણવો. एयम्मी=આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, विहिसतिवालणा=વિધિથી સદા પાલન હોવાને કારણે=સદા શાસ્ત્રાજ્ઞાનું પાલન હોવાને કારણે, एयाओ=આનાથી=વચનઔષધના પ્રયોગથી, आरोग्गं=આરોગ્ય થાય છે=કષાયની અલ્પ-અલ્પતરતારૂપ ભાવરોગ ક્ષીણ-ક્ષીણતર થાય છે. ॥૪૩૩॥

ગાથાર્થ :-

વળી, નિશ્ચયથી આ=વચનઔષધના પ્રયોગનો કાળ, ગ્રંથિભેદકાળ જ જાણવો. આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, વિધિથી સદા પાલન હોવાને કારણે=સદા શાસ્ત્રાજ્ઞાનું પાલન હોવાને કારણે, આનાથી=વચનઔષધના પ્રયોગથી, આરોગ્ય થાય છે=કષાયની અલ્પ-અલ્પતરતારૂપ ભાવરોગ ક્ષીણ-ક્ષીણતર થાય છે. ॥૪૩૩॥

ટીકા :-

निश्चयतो निश्चयनयमतेन पुनरेष वचनौषधप्रयोगकालो विज्ञेयः । क इत्याह—ग्रन्थिभेदकालस्तु ग्रन्थिभेदकाल एव, यस्मिन्, कालेऽपूर्वकरणानिवृत्तिकरणाभ्यां ग्रन्थिर्भिन्नो भवति तस्मिन्नेवेत्यर्थः । कुतो यत एतस्मिन् ग्रन्थिभेदे सति विधिनावस्थोचितकृत्यकरणलक्षणेन सदा सर्वकालं या पालना वचनौषधस्य तया कृत्वा आरोग्यं संसारव्याधिनिरोधलक्षणमेतस्माद् वचनौषधप्रयोगाद् भवति । अपुनर्बन्धकप्रभृतिषु वचनप्रयोगः क्रियमाणोऽपि न तथा सूक्ष्मबोधविधायकः, अनाभोगबहुलत्वात्तत्काल-स्य । भिन्नग्रन्थ्यादयस्तु व्यावृत्तमोहत्वेनातिनिपुणबुद्धितया तेषु तेषु कृत्येषु प्रवर्त्तमानास्तत्तत्कर्मव्याधि-समुच्छेदका जायन्त इति ।।४३३।।२।।

ભાવાર્થ :-

જે કારણ યથાર્થ કાર્યને કરે તે કારણને જ નિશ્ચયનય કારણરૂપે સ્વીકારે છે તેથી જે જીવોએ વજ્ર જેવી દુર્ભેદ્ય કર્મગ્રંથિને ભેદેલ છે તેઓમાં વિપર્યાસઆધાયક મિથ્યાત્વ નાશ પામેલ છે. તેથી જે તાત્પર્યથી

ભગવાને શાસ્ત્રવચન કહ્યાં છે તે તાત્પર્યથી તે જીવોને બોધ થાય તેવી તે જીવોમાં નિર્મળતા વર્તે છે; કેમ કે ગ્રંથિભેદ થયા પછી સમ્યક્ત્વને કારણે જીવને સંસાર અત્યંત રૌદ્ર જણાય છે, વીતરાગતા જ સારરૂપે દેખાય છે અને સર્વજ્ઞનું વચન વીતરાગ થવાને અનુકૂળ ઉચિત દિશા બતાવનાર છે તેવો સ્પષ્ટ નિર્ણય હોય છે અને વીતરાગતાને અનુકૂળ યત્ન કરવાથી રૌદ્ર સંસારનો ઉચ્છેદ થાય છે તેવી સ્થિરબુદ્ધિ હોય છે. તેથી યોગ્ય ઉપદેશક તેઓની ભૂમિકાનુસાર ભગવાનનાં જે જે વચનો આપે છે તે તે વચનોના યથાર્થ તાત્પર્યને ગ્રહણ કરીને સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની શક્તિ અનુસાર વિધિપૂર્વક ભગવાનના વચનનું પાલન કરે છે. તેથી બાહ્યવિધિમાં ક્યારેક સ્ખલના થાય તોપણ નિર્મળ દૃષ્ટિ હોવાના કારણે ભગવાનના વચનથી વીતરાગ થવાને અનુકૂળ દેશવિરતિ આદિમાં કે સર્વવિરતિ આદિમાં કઈ રીતે ઉદ્યમ કરવો જોઈએ તેનો નિર્મળ બોધ હોવાથી સૂક્ષ્મ પ્રજ્ઞાપૂર્વક તેઓ તે તે અનુષ્ઠાન કરીને આરોગ્યની વૃદ્ધિ કરે છે. તેથી તેઓને પ્રાપ્ત થયેલું ભગવાનના વચનરૂપ ઔષધ પૂર્ણ આરોગ્યની વૃદ્ધિનું કારણ બને છે. માટે નિશ્ચયનય સમ્યગ્દૃષ્ટિને જ વચનઔષધ આપવાનો અધિકારી કહે છે.

વળી, વ્યવહારનયને અભિમત અપુનર્બંધકાદિ જીવો ભગવાનના વચનને પ્રાપ્ત કરીને રોગની કાંઈક અલ્પતા કરે છે તોપણ મિથ્યાત્વવાળી અવસ્થા હોવાના કારણે પ્રાપ્ત થયેલું ભગવાનનું વચન પૂર્ણ યથાર્થરૂપે તેઓને પરિણમન પામતું નથી. પરંતુ કાંઈક યથાર્થ પરિણમન પામવા છતાં તેઓ ભગવાનના વચનના તાત્પર્યને ગ્રહણ કરવામાં અનાભોગબહુલ જ હોય છે. તેથી મિથ્યાત્વની મંદતાજન્ય કાંઈક યથાર્થ બોધનું કારણ ભગવાનનું વચન અપુનર્બંધક જીવોને આશ્રયીને હોવા છતાં પૂર્ણ અંશે સમ્યગ્ પરિણમન પામતું નથી. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ તો સૂક્ષ્મ બોધવાળા હોવાથી ભગવાનના વચનના તાત્પર્યને નિર્મળ પ્રજ્ઞાથી યથાર્થ જોવા સમર્થ છે. તેથી ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ તે વચનના યથાર્થ તાત્પર્યને ગ્રહણ કરીને તે વચનાનુસાર પોતાની પૂર્ણ શક્તિથી ઉદ્યમ કરીને ભાવરોગનો નાશ કરે છે. આથી જ જો સમ્યક્ત્વથી પાત ન પામે તો તે મહાત્મા પરિમિત ભવમાં અવશ્ય મોક્ષમાં જાય છે. માટે અનુબંધના ઉચ્છેદના અર્થીએ સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરવા માટે અને ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ. જેથી ભગવાનના વચનના બળથી સુખપૂર્વક સંસારથી નિસ્તરણ થાય. **॥૪૩૩॥**

અવતરણિકા :-

ગ્રન્થિભેદમેવ પુરસ્કુર્વન્નાહ –

અવતરણિકાર્થ :-

ગ્રંથિભેદને જ પુરસ્કાર કરતા=ગ્રંથિભેદનું જ વિશિષ્ટ માહાત્મ્ય બતાવતા, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

इहरावि हंदि एयम्मि एस आरोग्गसाहगो चेव ।
पोग्गलपरियट्टद्धं जमूणमेयम्मि संसारो ।।४३४।।

અન્વયાર્થ :-

इहरावि=ઈતરથા પણ=વિધિપૂર્વક સદા પાલન વગર પણ, एयम्मि=આ કરાયે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, एस=आ=વચનઔષધપ્રયોગ, आरोग्गसाहगो चेव=આરોગ્યનો સાધક જ છે, जं=જે કારણથી, एयम्मि=આ કરાયે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, पोग्गलपरियट्टद्धं ऊणं संसारो=અર્ધપુદ્ગલ પરાવર્તથી ન્યૂન સંસાર છે. ।।૪૩૪।।

ગાથાર્થ :-

ઈતરથા પણ=વિધિપૂર્વક સદા પાલન વગર પણ, આ કરાયે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, આ=વચનઔષધપ્રયોગ, આરોગ્યનો સાધક જ છે, જે કારણથી આ કરાયે છતે=ગ્રંથિભેદ કરાયે છતે, અર્ધપુદ્ગલ પરાવર્તથી ન્યૂન સંસાર છે. ।।૪૩૪।।

❖ 'हंदि' એ ઉપપ્રદર્શનમાં છે.

ટીકા :-

इतरथापि विधिसदापालनामन्तरेणापि । हंदीति पूर्ववत् । एतस्मिन् ग्रन्थिभेदे कृते सत्येष वचनौषधप्रयोग आरोग्यसाधकश्चैव भावारोग्यनिष्पादक एव सम्पद्यते । तथा च पठ्यते—'लब्ध्वा मुहूर्त्तमपि ये परिवर्जयन्ते सम्यक्त्वरत्नमनवद्यपदप्रदायि । भ्राम्यन्ति तेऽपि न चिरं भववारिराशौ तद्बिभ्रतां चिरतरं किमिहास्ति वाच्यम् ?।।१।।' अत्र हेतुमाह—पुद्गलानामौदारिक-वैक्रिय-तैजस-भाषा-आनप्राण-मनः-कर्मवर्ग्गणापरिणामपरिणतानां विवक्षितकालमादौ कृत्वा यावता सामस्त्येनैक-जीवस्य ग्रहनिसर्ग्गौ सम्पद्येते स कालः पुद्गलपरावर्त्त इत्युच्यते, पुद्गला ग्रहनिसर्ग्गाभ्यां परिवर्त्तन्ते परापरपरिणतिं लभन्तेऽस्मिन्निति व्युत्पत्तेः, तस्यार्द्धं यावत्, यद्यस्मादूनं किञ्चिद् हीनमेतस्मिन् ग्रन्थिभेदे सति संसारो जीवानां तीर्थकराद्याशातनाबहुलानामपि । अत्र च दृष्टान्ताः कूलबालगोशाल-कादयो वाच्याः ।।४३४।।

ભાવાર્થ :-

નિશ્ચયનયથી વચનઔષધનો કાળ ગ્રંથિભેદકાળ છે એમ બતાવીને સમ્યક્ત્વનું મહત્ત્વ ગ્રંથકારશ્રીએ બતાવ્યું. હવે અન્ય રીતે પણ તેનું મહત્ત્વ બતાવતાં કહે છે –

કોઈ જીવ સમ્યક્ત્વ પામ્યા પછી પ્રમાદને વશ થાય તો વિધિપૂર્વક સદ્આજ્ઞાનું પાલન કરે નહીં અને તેમ કરે તો સમ્યક્ત્વથી પાત પણ થાય; કેમ કે સમ્યક્ત્વ પામ્યા પછી જીવને સંસારનું વાસ્તવિક સ્વરૂપ અને મુક્ત અવસ્થાનું વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે અને ઓઘથી પણ મુક્ત અવસ્થાની પ્રાપ્તિનો ઉપાય ભગવાનનું વચન છે તેવો સ્થિર નિર્ણય થાય છે, તેથી તે જીવ અવશ્ય સર્વ ઉદ્યમથી ભગવાનના વચનના પરમાર્થને જાણવા યત્ન કરે, પરંતુ કોઈક જીવે કોઈક નિમિત્તને પામીને ગ્રંથિભેદ કર્યો હોય ત્યારે સંસારનું

વાસ્તવિક સ્વરૂપ તે રીતે જાણીને ભગવાનના વચનનું વિધિપૂર્વક કિંચિત્કાળ પાલન કર્યું હોય તોપણ પ્રમાદને વશ થાય છે ત્યારે ફરી અનાદિના સંસ્કારો જાગૃત થાય છે, મોહના કલ્લોલો થાય છે જેથી તેઓ વિધિપૂર્વક સદા ભગવાનની સદ્આજ્ઞાનું પાલન કરતા નથી અને તેના કારણે સમ્યક્ત્વથી પાત પણ પામે છે છતાં પાત પામ્યા પછી કોઈક જીવ તે જ ભવમાં જાગૃત પણ થઈ જાય તો ફરી શક્તિ ગોપવ્યા વગર ભગવાનની સદ્આજ્ઞાનું સદા પાલન કરીને સંસારનો ઉચ્છેદ કરવા પ્રયત્ન કરે છે.

વળી, કેટલાક જીવો પ્રમાદને વશ પાત પામે અને મોહના સંસ્કારો જાગૃત થયા પછી કેટલાક ભવો સુધી ફરી માર્ગની પ્રાપ્તિ કરતા નથી તેવા પણ જીવો અવશ્ય અર્ધપુદ્ગલપરાવર્ત ન્યૂન કાળમાં ફરી માર્ગને પામીને સંસારનો ઉચ્છેદ કરે છે. તેથી ગ્રંથિભેદ કર્યા પછી તીર્થંકરાદિની આશાતનાબહુલ કરનારા જીવો પણ પરિમિતકાળમાં મોક્ષમાં જાય છે. માટે સર્વ કલ્યાણનું એક કારણ જીવની નિર્મળ મતિ છે અને તે નિર્મળ મતિ સમ્યક્ત્વથી જ પ્રાપ્ત થાય છે અને તે નિર્મળ મતિને અતિશયના આધાન કરનાર ભગવાનનું વચનઔષધ છે જેના સેવનથી વિશિષ્ટ-વિશિષ્ટતર નિર્મળ મતિ પ્રાપ્ત કરીને જીવો ભાવવ્યાધિ વગરના થાય છે, માટે સર્વ કલ્યાણનું પ્રબળ કારણ ગ્રંથિભેદ જ છે. **॥૪૩૪॥**

અવતરણિકા :-

ગ્રંથિભેદની જ વિશેષ મહત્તા બતાવે છે –

ગાથા :-

एयम्मि एयजोगे ण विवज्जयमेति पायसो जीवो ।
समुवत्थियकल्लाणो णहु तव्विवरीयगो होति ।।४३५।।

અન્વયાર્થ :-

एयम्मि=આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, एयजोगे=આના યોગમાં=વચનઔષધના પ્રયોગમાં, पायसो=પ્રાયઃ, जीवो विवज्जयं ण एति=જીવને વિપર્યાસ થતો નથી. हु=જે કારણથી, समुवत्थियकल्लाणो= સમુપસ્થિત કલ્યાણવાળો જીવ, तव्विवरीयगो=તેનાથી વિપરીત જનારો=કલ્યાણથી વિપરીત પ્રવૃત્તિ કરનારો, ण होति=થતો નથી. ।।૪૩૫।।

ગાથાર્થ :-

આ હોતે છતે=ગ્રંથિભેદ હોતે છતે, આના યોગમાં=વચનઔષધના પ્રયોગમાં, પ્રાયઃ જીવને વિપર્યાસ થતો નથી. જે કારણથી સમુપસ્થિત કલ્યાણવાળો જીવ તેનાથી વિપરીત જનારો= કલ્યાણથી વિપરીત પ્રવૃત્તિ કરનારો, થતો નથી. ।।૪૩૫।।

ટીકા :-

एतस्मिन् ग्रन्थिभेदे सति एतद्योगे वचनौषधप्रयोगे सम्पन्ने सति न नैव विपर्ययं देवगुरुधर्मतत्त्वगोचरं

विपर्यासमेति प्रतिपद्यते प्रायशो बाहुल्येन जीवः । प्रायोग्रहणमवश्यवेद्यमिथ्यात्वादिक्लिष्टकर्म्मणां केषाञ्चिद् विपर्ययसम्भवेन व्यभिचारपरिहारार्थमिति । एतदेव भावयति-समुपस्थितकल्याणः समासन्नीभूताद्भुतप्रभूतकुशलो न नैव हुर्यस्मात् तद्विपरीतकः समुपस्थितकल्याणविरुद्धाचारपरायणो भवति । यथा हि समुपस्थितकल्याणो न तद्विपरीतको भवति, तथा ग्रन्थिभेदे उपयुक्तजिनवचनौषधः सन् न विपर्यस्तमतिर्जन्तुर्जायते ।।४३५।।

ભાવાર્થ :-

ગ્રંથિભેદ થયા પછી મતિજ્ઞાનના વિપર્યાસનો તે પ્રકારનો અભાવ થાય છે તેથી નિર્મળ મતિવાળા જીવો ક્યારેય કષાયોના ક્લેશમાં યત્ન કરતા નથી, ક્વચિત્ અવિરતિના ઉદયથી કષાયો થાય તોપણ તેને ક્ષીણ કરવા યત્ન કરે છે તેથી ભાવિમાં અનર્થની પરંપરાને પ્રાપ્ત કરતા નથી. માટે ગ્રંથિભેદ કર્યા પછી બહુલતાએ જીવો ગ્રંથિભેદજન્ય વિશિષ્ટ સુખનો અનુભવ કરે છે અને વચનઔષધપ્રયોગથી ક્લેશનાશ થવાને કારણે વિશેષ-વિશેષતર સુખની પ્રાપ્તિ થવાથી સદા અપ્રમાદભાવથી ભગવાનના વચનના રહસ્યને જાણવા યત્ન કરે છે અને રહસ્યને જાણીને તેના બળથી આત્માને ભાવિત કરીને વિશેષ-વિશેષ ક્લેશનો નાશ કરે છે. તેથી સમુપસ્થિત કલ્યાણવાળા તે જીવો ક્યારેય પણ ભગવાનના વચનરૂપ ઔષધથી વિપરીત પ્રવૃત્તિ કરનારા થતા નથી પરંતુ વિશેષ-વિશેષ પ્રકારના ભગવાનના વચનના રહસ્યને જાણીને તે વચનના બળથી કષાયોના અંતઃતાપને સદા શાંત કરે છે, માન-સન્માન, ભોગવિલાસ કરવાની તૃષાને સદા શાંત કરવા યત્ન કરે છે અને કર્મમલને દૂર કરવા યત્ન કરે છે. તેથી ગ્રંથિભેદ જ સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ છે. **॥૪૩૫॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=સમુપસ્થિત કલ્યાણવાળો જીવ જિનવચનથી વિપરીત કરનારો થતો નથી એને જ, ભાવન કરે છે –

ગાથા :-

नो परलोओ न जिणा ण धम्म मो गंडपील सीलं तु ।
नत्थट्ठमिया य तहा एमादि न मन्नई एसो ।।४३६।।

અન્વયાર્થ :-

नो परलोओ=પરલોક નથી, न जिणा=જિન નથી, ण धम्म=ધર્મ નથી, सीलं गंडपील मो तु=શીલ ગંડની પીડાતુલ્ય છે, नत्थट्ठमिया य तहा=અને આઠમી નરક પૃથ્વી નથી, एमादि=એ વગેરે, (અન્ય પણ) एसो=આ=ગ્રંથિભેદવાળો જીવ, न मन्नई=માનતો નથી. ।।૪૩૬।।

ગાથાર્થ :-

પરલોક નથી, જિન નથી, ધર્મ નથી, શીલ ગંડની પીડાતુલ્ય છે અને આઠમી નરક પૃથ્વી નથી એ વગેરે અન્ય પણ આ=ગ્રંથિભેદવાળો જીવ, માનતો નથી. ।।૪૩૬।।

ટીકા :-

नो नैव परलोको वर्त्तमानभवापेक्षया भवान्तररूपः समस्ति । तस्माद् आगच्छतो गच्छतश्च तत्र कस्यचित् कदाचित् केनचिदनवलोकनात्, किन्तु भूतपञ्चकसमुदायरूपकडेवरमेवेदमुद्भूत चैतन्यं तासु तासु क्रियासु प्रवर्त्तमानं जीवतीति व्यपदेशं प्रतिपद्यते, तदुपरामं च मृतमिति । तथा, न जिना भगवन्तोऽर्हन्तः सर्वथा निवृत्तरागद्वेषमोहमालिन्या मानवविशेषाः सन्ति, तादृशस्य कस्यचिदधुनाऽनुपलम्भात्, दृष्टानुसारेण चादृष्टकल्पनायाः साधीयस्त्वात् । न धर्म्मो दुर्ग्गतिपतज्जन्तुजातधारकः, एतेषामेव च सुगतौ धारको जीवपरिणाम विशेषः, प्रत्यक्षेण साक्षादनिरीक्षणात् । 'मो' इति पूर्ववत् । गण्डस्य तथाविधव्रणस्य या पीडा तदुपशमं शीलं तु बस्तिनिरोधरूपं पुनः । यथा हि गण्डपीडायां सह्यमानायां न कश्चिद् गुणः, किन्तु तन्निपीडनमेव, एवं बस्तिनिरोधपक्षेऽपि भावना कार्या । नास्ति न विद्यतेऽष्टमिका, च तथा, रत्नप्रभादिभ्यो नरकपृथिवीभ्यः सप्तभ्यः पुरतोऽधस्ताद् अष्टमो पृथिवी उपार्जितप्रचुरतमसामिति । अयमभिप्रायः—सप्तसु तावद् गता गच्छन्ति गमिष्यन्ति च जीवाः, किं ताभ्यो भयमस्ति ? अष्टमी च नरकपृथिवी भवद्भिर्न प्रतिपाद्यते, इतीन्द्रियप्रीतिरेव सम्पादयितुं युक्ता, न पुनः पापभयात् तत्परिहार इति । एवमाद्यन्यदपि वचनापौरुषेयत्वजगदीश्वरकर्त्तृत्वादि नास्तिकमीमांसकनैयायिकादिपरिकल्पितं न मन्यते, एष भिन्नग्रन्थिः, सम्यग्बोधप्रदीपप्रभाप्रहतप्रौढमिथ्यात्वान्धकारभावत्वात्तस्य । मन्यते पुनरित्थं—यत् कार्यं तदनुरूपकारणप्रभवं, यथा शालिगोधूमादिधान्यविशेषः, कार्यं चेहभविका हर्षविषादादयः, यच्चैतेषामनुरूपं कारणं तत्प्राग्भवचैत्यन्यमिति परलोकसिद्धिः। तथा संति च जिनाः, तत्साधकप्रमाणस्याबाधितविषयस्य सत्त्वात् । तथा हि—ये यतो हेतोर्देशतः क्षीयमाणा वीक्ष्यन्ते ते ततः प्रकर्षप्राप्तात् सम्भवत्सर्वक्षया अपि, यथा चिकित्सासमीरणादिभ्यो रोगजलधरादयो, दृश्यन्ते च प्रतिपक्षभावनातः क्वचित् प्राणिनि देशतः क्षीयमाणा रागादयः, ततः प्रस्तुतभावनाप्रकर्षात् सम्भवत्येव तेषां कदाचित् सर्वप्रलय इति, ये च सर्वप्रक्षीणदोषास्त एव जिनाः । न चादर्शनमात्रेण तेषामसत्त्वमुद्भावनीयमर्वाग्दर्शिभिरदृश्यमानानामपि पातालतलगतानां मूलकीलादीनां बहूनां भावानां सद्भावात् । धर्म्मोऽपि समस्ति, सूत्रे धर्मस्योपलक्षणत्वात् पापमपि गृह्यते । ततः पुण्यं पापं समस्तीत्यर्थः । कथमन्यथा तुल्यव्यवसाययोरपि द्वयोः फलसिद्धौ सर्वजनप्रतीतो भेद उपलभ्यते ? यथोक्तम्—'तुल्यप्रतापोद्यमसाहसानां, केचिल्लभन्ते निजकार्यसिद्धिम् । परे न

तामत्र निगद्यतां मे, कर्म्मास्ति हित्वा यदि कोऽपि हेतुः ?।।१।। विचित्रदेहाकृतिवर्णगन्धप्रभावजाति-प्रभवस्वभावाः । केन क्रियन्ते भवनेऽङ्गिवर्गाश्चिरंतनं कर्म निरस्य चित्राः ?।।२।। विवर्द्धमासान् नव गर्भ्भमध्ये, बहुप्रकारैः कललादिभावैः । उद्वर्त्त्य निष्कासयते सवित्र्याः को गर्भतः कर्म विहाय पूर्व्वम् ?।।३।।' यच्च गण्डपीडाधिसहनतुल्यं शीलमुक्तं तदपि न चारु, गण्डपीडाप्रतीकारस्य तथाविधरागद्वेषयोरभावेन प्रवृत्तत्वात् । बस्तिनिरोधपीडाप्रतीकारस्य च संसारमूलतीव्रकामरागमूल-त्वेनात्यन्तदुर्वृत्तत्वाद् न किञ्चित् तत्प्रतीकारयोः साम्यमस्ति । तथा चार्षम्—'मूलमेयमहम्मस्स महादोससमुस्सयं । तम्हा मेहुणसंसग्गिं निग्गंथा वज्जयंति णं' ।।१।। यच्चोक्तं नास्त्यष्टमी पृथिवीति, सापि शठोक्तिरेव, संसारमयमसारममन्यमान एवेत्थं वक्ति । नहि संसारभीरवोऽन्यतरनरकपृथ्वीदुःखमप्य-नुमन्यन्ते, किं पुनः सर्वपृथ्वीप्रभवमिति । यच्च मीमांसकैर्वचनापौरुषेयत्वमुद्घुष्यते, तदपि सुधीभिर्नेष्यत एव । तथा हि—उच्यत इति वचनं पुरुषव्यापारानुगतं रूपमस्य, कथं तत्क्रियाया अभावे तद् भवि-तुमर्हति ?। न चैतत् केवलं क्वचिद् ध्वनदुपलभ्यते । उपलब्धावपि क्वचिददृष्टवक्त्राशङ्का न निवर्त्तते । यच्चेश्वरकारणिकैरीश्वरकर्तृकं जगदिति प्रोच्यते । तदप्युच्चावचमेव । ईश्वरो हि परैरुत्पत्ति-विकलः कल्प्यते । न च तादृशात् किञ्चित् कार्यमुपपद्यते । यथोक्तम्—'नेश्वरो जन्मिनां हेतुरुत्पत्ति-विकलत्वतः। गगनाम्भोजवत् सर्वमन्यथा युगपद् भवेत् ।।१।।' इति ।।४३६।।

ભાવાર્થ :-

ગ્રંથિભેદ કર્યા પછી મતિજ્ઞાન તત્ત્વને જોવામાં નિર્મળ બને છે. તેથી અનુભવ અનુસાર ઉચિત વ્યવસ્થા શું છે તેને અભિમુખ જ માર્ગાનુસારી ઊહ તે જીવને થાય છે પરંતુ જેઓને ભોગનો પ્રચુર રાગ છે તેવા જીવો તત્કાલ ભોગ પ્રત્યે લુબ્ધ મનવાળા જે રીતે વિચારે છે તે બતાવીને તેની જેમ ગ્રંથિભેદવાળો જીવ ક્યારેય વિચારતો નથી તે બતાવવા અર્થે કહે છે.

ભોગના રાગી જીવો વિચારે છે કે પરલોક નથી તેથી વર્તમાનના ભોગવિલાસને છોડીને તેની ચિંતા કરવી વ્યર્થ છે. જિનો નથી તેથી રાગ-દ્વેષ-અજ્ઞાન વગરનો જીવ સંભવી શકે નહીં માટે પોતાને જે ઇષ્ટ જણાય તેમાં જ પ્રવૃત્તિ કરવી જોઈએ. ધર્મ નથી; કેમ કે ધનાદિથી જેમ પ્રત્યક્ષ ફળ દેખાય છે તેમ ધર્મસેવનનું કોઈ ફળ દેખાતું નથી. શીલનું પાલન એ ગંડની પીડાના સહનતુલ્ય છે અર્થાત્ બ્રહ્મચર્યનું પાલન એ કામની ઇચ્છાને શમાવવાની પ્રવૃત્તિ છોડીને ઇચ્છાની આકુળતાને સહન કરવાતુલ્ય છે તેથી નિરર્થક ચેષ્ટાતુલ્ય છે માટે ભોગવિલાસમાં ઉદ્યમ કરવો ઉચિત છે. વળી, પોતાની મતિને સ્થિર કરવા વિચારે છે કે 'શાસ્ત્રમાં સાત નરક કહી છે, આઠમી નરક કહી નથી, તેથી સાત નરકમાં આપણે અનંતી વખત ગયા છીએ એમ શાસ્ત્રવચન હોવાથી આઠમી નરકનો ભય નથી માટે નિશ્ચિંત થઈને ભોગો કરવા જોઈએ' આ પ્રકારે અનેક રીતે ભોગના ઉત્કટ રાગી જીવો વિચારે છે તે પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેય વિચારતો નથી. પરંતુ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને અનુભવ અનુસાર શાસ્ત્રવચનના બળથી અને યુક્તિથી જાણવા

પ્રયત્ન કરે છે. તેથી સમુપસ્થિત કલ્યાણવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવો મોહાંધ જીવોની જેમ પરલોક નથી ઇત્યાદિ વિપરીત વિચારનારા ક્યારેય થતા નથી. ॥૪૩૬॥

અવતરણિકા :-

इत्थमकालं कालं च वचनौषधप्रयोगस्य प्रतिपाद्य दृष्टान्ततयोपन्यस्तं सदौषधमधिकृत्य कालमुपदिशन्नाह —

અવતરણિકાર્થ :-

આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, વચનઔષધપ્રયોગનો અકાળ અને વચનઔષધપ્રયોગનો કાળ બતાવીને દૃષ્ટાંતરૂપે બતાવાયેલ સદ્ઔષધને આશ્રયીને કાળને બતાવતાં કહે છે=ગાથા-૪૩૧માં અકાળે પ્રયોગ કરાયેલ ઔષધ અનર્થકારી છે તેમ બતાવેલ પરંતુ તે સદ્ઔષધનો કાળ કયો છે અને સદ્ઔષધનો અકાળ કયો છે તે સ્પષ્ટ કરવા અર્થે ઔષધપ્રયોગના કાળને બતાવે છે —

ગાથા :-

दोसावेक्खा चेवं सम्मं कालो सदोसहगओवि ।
कुसलेहिं मुणेयव्वो सइ वेज्जगसत्थनीईए ।।४३७।।

અન્વયાર્થ :-

चेवं=અને આ રીતે=વચનઔષધપ્રયોગની જેમ, दोसावेक्खा=દોષની અપેક્ષાથી, सदोसहगओवि कालो=સદ્ઔષધગત પણ કાળ, वेज्जगसत्थनीईए=વૈદકશાસ્ત્રનીતિથી, कुसलेहिं=કુશળ પુરુષોએ, सइ सम्मं मुणेयव्वो=સદા સમ્યગ્ જાણવો જોઈએ. ॥૪૩૭॥

ગાથાર્થ :-

અને આ રીતે=વચનઔષધપ્રયોગની જેમ, દોષની અપેક્ષાથી સદ્ઔષધગત પણ કાળ વૈદકશાસ્ત્રનીતિથી કુશળ પુરુષોએ સદા સમ્યગ્ જાણવો જોઈએ. ॥૪૩૭॥

ટીકા :-

दोषापेक्षया इह दोषा वातपित्तश्लेष्मप्रकोपप्रभवा ज्वरातीसारादयो रोगा मृदुमध्याधिमात्ररूपास्तेषामपेक्षा च तानपेक्ष्येत्यर्थः, एवं वचनौषधप्रयोगवत् सम्यक् कालः प्रयोगयोग्यः सदौषधगतः स्निग्धोष्णादिसुन्दरौषधोपजीवनारूपः, किं पुनः प्रागुक्तो वचनौषधप्रयोगकाल इत्यपिशब्दार्थः, कुशलैर्बुद्धिमद्भिर्मुणितव्यो ज्ञेयः सदा सर्वकालम् । कथमित्याह—वैद्यकशास्त्रनीत्या आत्रेयचरकसुश्रुतादिचिकित्साग्रन्थानुसारेण । तत्राधिमात्रे रोगे सदौषधस्याप्रयोगावसर एव, औषधस्याद्यापि स्वसामर्थ्यमलभमानस्य रोगस्वरूपं त्वनुवर्त्तमानस्य तत्पुष्टिकारकत्वमेव, यतो मध्यमावस्थायां तु स्यादपि कश्चिद् गुणस्तत्प्रयोगात्,

मृदुभूतावस्थायां तु तथा तथा कुशलैरुपचर्यमाणो रोगः सर्वथोपरमं प्रतिपद्यत एव । सदौषधानि चैवं शास्त्रे पठ्यन्ते—'तित्तकडुएहिं सिंभं जिणाहि पित्तं कसायमहुरेहिं । निद्धुण्णेहि य वायं सेसा वाही अणसणाए ।।१।।' ।।४३७।।

ભાવાર્થ :-

સદ્ઉપદેશક જેમ વચનઔષધ માટે ઉચિત કાળનો નિર્ણય કરીને જીવોને ભગવાનનું વચન આપે છે જેથી તેમનો ભાવરોગ શમે છે તેમ તે તે રોગના નિવારણનો સદ્ઔષધ આપવાનો કાળ પણ બુદ્ધિમાન પુરુષે સમ્યગ્ જાણવો જોઈએ. કઈ રીતે સમ્યગ્ જાણવો જોઈએ તેથી કહે છે. વૈદકશાસ્ત્રની નીતિથી સદા સમ્યગ્ જાણવો જોઈએ. તેથી એ ફલિત થાય કે રોગ થયો છે માટે આ રોગનું આ ઔષધ છે તે નિર્ણય કરીને તે ઔષધનું સેવન કરવું ઉચિત નથી પરંતુ તેનો રોગ કેવા પ્રકારનો છે તેનો નિર્ણય કરીને તે રોગનું શમન થાય તે પ્રકારનું જ ઔષધ આપવું જોઈએ.

અહીં ઔષધમાં જે જીવનો જે પ્રકારનો રોગ હોય અને તે રોગ મૃદુ છે, મધ્ય છે કે તીવ્ર છે તેની અપેક્ષા રાખીને તે પ્રકારે ઔષધ આપવામાં આવે તો તે રોગનું શમન થાય છે તેમ આત્મકલ્યાણનો અર્થી જીવ પણ ભાવરોગથી આક્રાંત છે અને તેનો ભાવરોગ કેવો છે તેની માત્રાનો નિર્ણય કરીને તે પ્રકારે સમ્યક્ત્વ, દેશ-વિરતિ આદિ અવસ્થાના સ્વીકારરૂપ ઔષધ આપવામાં આવે તો તેનો રોગ દૂર થાય છે. જો તેના દોષની અપેક્ષાનો વિચાર કર્યા વગર માત્ર અધિક ત્યાગ કરે તેવી બુદ્ધિથી ઉપરનું ગુણસ્થાનક તેને આપવામાં આવે તો તે ગુણસ્થાનકની ક્રિયાથી પણ તે રોગ શમન કરી શકે નહીં. આથી જ અત્યંત અવિરતિના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો ભગવાનના વચનના સૂક્ષ્મ પદાર્થને જાણનારા હોવા છતાં ભોગાદિ વિલાસના અર્થી પણ હોય છે. તેવા જીવો માટે સમ્યક્ત્વને નિર્મળ કરે તેવાં સદ્અનુષ્ઠાનો જ આચરણીય બને છે જેનાથી પ્રતિદિન ભગવદ્ભક્તિ, સુસાધુની ભક્તિ કરીને ભોગની વૃત્તિ ક્ષીણ કરવા તેઓ સમર્થ બને છે. તેના બદલે જો તેઓ સર્વવિરતિ ગ્રહણ કરે તો ભોગની વૃત્તિ અંતરંગ રીતે શાંત થયેલ નહીં હોવાથી સર્વવિરતિની ક્રિયા અસંગભાવને અભિમુખ જવાનું કારણ બનતી નથી અને સ્વભૂમિકાને અનુરૂપ શાસ્ત્રઅધ્યયન, ભગવદ્ભક્તિ આદિ ઉચિત અનુષ્ઠાન દ્વારા તેઓ પ્રતિદિન સંયમના પરિણામની રુચિ કરીને જે રીતે ભોગકર્મ ક્ષીણ કરવા સમર્થ થાય છે તે રીતે સાધ્વાચારના પાલનથી પણ ક્ષીણ કરવા સમર્થ બનતા નથી. **॥૪૩૭॥**

અવતરણિકા :-

परः प्राह —

અવતરણિકાર્થ :-

પર શંકા કરે છે=પૂર્વમાં કહ્યું કે ઔષધના અકાળપ્રયોગથી અનર્થની પરંપરાની પ્રાપ્તિ થાય છે ત્યાં પર શંકા કરે છે —

ગાથા :-

कह णु अकालपओगे एत्तो गेवेज्जगाइसुहसिद्धी ।
णणु साहिगओसहजोगसोक्खतुल्ला मुणेयव्वा ।।४३८।।

અન્વયાર્થ :-

एत्तो=આનાથી=વચનઔષધના પ્રયોગથી, अकालपओगे=અકાળપ્રયોગમાં, गेवेज्जगाइसुहसिद्धी कह णु ?=ગ્રૈવેયકાદિ સુખની સિદ્ધિ કેવી રીતે થાય ?

તેનો ઉત્તર આપતાં કહે છે –

णणु=ખરેખર, सा=તે=ગ્રૈવેયકના સુખની પ્રાપ્તિ, अहिगओसहजोगसोक्खतुल्ला मुणेयव्वा=અધિકૃત ઔષધના યોગના સૌખ્યતુલ્ય જાણવી. ।।૪૩૮।।

ગાથાર્થ :-

આનાથી=વચનઔષધના પ્રયોગથી, અકાળપ્રયોગમાં, ગ્રૈવેયકાદિ સુખની સિદ્ધિ કેવી રીતે થાય ?

તેનો ઉત્તર આપતાં કહે છે –

ખરેખર, તે=ગ્રૈવેયકના સુખની પ્રાપ્તિ, અધિકૃત ઔષધના યોગના સૌખ્યતુલ્ય જાણવી. ।।૪૩૮।।

ટીકા :-

कथं नु प्रश्ने, पृच्छाम्यकालप्रयोगे तथाभव्यत्वापरिपाकलक्षणेऽकाले वचनौषधप्रयोगे जाते सति दूरभव्यानामभव्यानां च केषांचिद् इतो वचनौषधप्रयोगाद् ग्रैवेयकादिसुखसिद्धिः शास्त्रे श्रूयते । उक्तं च–'तित्थंकराइपूयं दट्ठुणन्नेण वावि कज्जेण । सुयसामाइयलंभो होज्जाऽभव्वस्स गंठिम्मि ।।१।।' ततश्च–'जे दंसणवावन्ना लिंगग्गहणं करेंति सामन्ने । तेसिं चिय उववाओ उक्कोसो जाव गेवेज्जा ।।२।।' अत्र प्रतिविधीयते-नन्विति परपक्षाक्षमायां, सा ग्रैवेयकादिसुखसिद्धिरधिकृतौषधयोग-सौख्यतुल्या मुणितव्या । यथा हि सदौषधं समयप्रयोगात् क्षणमात्रं स्वसम्बन्धसामर्थ्याद् असाध्ये व्याधौ सौख्यमुपनयति, तदनु च समधिकव्याधिप्रकोपाय सम्पद्यते । एवमधिकृतवचनौषधप्रयोगोऽप्यपक्व-भव्यत्वानां सत्त्वानां ग्रैवेयकादिषु सुखसिद्धिमात्रमाधाय पश्चात् पर्यायेण नरकादिदुर्गतिप्रवेशफलः सम्पद्यते ।।४३८।।

ભાવાર્થ :-

ગાથા-૪૩૧માં કહ્યું કે સદ્ઔષધનો અકાળપ્રયોગ નિરર્થક છે અને અનર્થને કરનાર છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે વચનઔષધના પ્રયોગના અકાળમાં વર્તતા જીવો પણ સંયમ ગ્રહણ કરીને ઉત્કટથી નવમા

ગ્રૈવેયક સુધી જાય છે એ પ્રકારે શાસ્ત્રમાં સંભળાય છે. તેથી અકાળમાં પણ કરાયેલો વચનઔષધનો પ્રયોગ પણ જીવ માટે સ્વર્ગના સુખની પ્રાપ્તિનું કારણ બને છે માટે અનર્થકારી છે તેમ કેમ કહી શકાય ? તેનો ઉત્તર આપતાં કહે છે –

વચનઔષધના અકાળમાં કરાયેલા સંયમના પાલનથી જે નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે તે અધિકૃત ઔષધના યોગથી થતા સુખતુલ્ય છે. તેથી એ ફલિત થાય કે જ્યારે વ્યાધિ અત્યંત પ્રકોપમાં હોય ત્યારે વિવેકી વૈદ્ય સદ્ઔષધ આપે નહીં છતાં તે વ્યાધિનું સદ્ઔષધ તે કાળમાં અપાય તો તે ઔષધથી ક્ષણભર રોગનું શમન થાય છે, કાંઈક સુખની પ્રાપ્તિ થાય છે તોપણ પાછળથી તે રોગનો પ્રકોપ વધે છે. તેથી તે ઔષધથી રોગની અધિક જ અનર્થની પ્રાપ્તિ છે, માટે તે વખતે ઔષધ ન આપવાથી કાળના અનુસારે તે રોગ અલ્પ થાય ત્યારે જ ઔષધ આપવાથી તેનું હિત થાય છે. તેમ ચરમાવર્ત બહારના જીવો સંયમ ગ્રહણ કરીને કષાયોના અપ્રવર્તનરૂપ શુભ લેશ્યામાં યત્ન કરે છે જેના બળથી ઉત્કટથી નવમા ગ્રૈવેયકને પ્રાપ્ત કરે છે તોપણ તેઓમાં ભોગની તૃષ્ણા અતિશય હતી અને તેવી ઉત્કટ ભોગસામગ્રી પામીને તે ભોગતૃષ્ણા અતિ દૃઢ થાય છે. જેથી તેઓમાં ભાવરોગનો પ્રકોપ વધે છે જેના કારણે નરકાદિ દુર્ગતિની પરંપરાને પ્રાપ્ત કરે છે. તેના બદલે જો તેઓને તે વખતે સદ્ઔષધ ન મળ્યું હોત તો તે કષાયોના અપ્રવર્તન દ્વારા નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ કરત નહીં તોપણ અથડાતા, કૂટાતા સંસારની કદર્થનાને પામતા ભાવમલને અલ્પ કરીને શીઘ્ર ચરમાવર્તને પ્રાપ્ત કરી શકત. જ્યારે સદ્ઔષધની પ્રાપ્તિ દ્વારા ઉત્તમ ભોગસામગ્રી મેળવે છે ત્યારે તેઓની પૂર્વમાં જે ભોગ પ્રત્યેની લિપ્સા હતી તે અતિશયવાળી બને છે. તેથી તે ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ તેઓના માટે અધિક જ અનર્થનું કારણ બને છે. માટે અકાળે કરાયેલ વચનઔષધના પ્રયોગથી સ્થૂળથી દેખાતી ગ્રૈવેયકના સુખની પ્રાપ્તિ પણ પરમાર્થથી તો અધિક અનર્થનું જ કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે જ્યારે ભાવરોગ અલ્પ થાય છે ત્યારે વિવેકચક્ષુ કાંઈક પ્રગટ થાય છે. તેથી સંયમનું પાલન કરીને દેવલોકમાં જાય છે. ત્યાં પણ નિર્મળ વિવેકચક્ષુ વિદ્યમાન હોવાથી ભોગોમાં લિપ્સાની વૃદ્ધિ થતી નથી પરંતુ દેવલોકના ભોગોથી પણ ભોગની વૃત્તિ શાંત થવાથી ઉત્તરોત્તર વિશુદ્ધિની પ્રાપ્તિ થાય છે અને અકાળે ઔષધપ્રયોગકાળમાં ભોગોની લિપ્સા પ્રચુર હોવાથી ભોગની અપ્રાપ્તિકાળમાં જે ભોગની લિપ્સા હતી તે ભોગની પ્રાપ્તિકાળમાં પુષ્ટ-પુષ્ટતર થાય છે. તેથી ભોગની અપ્રાપ્તિકાળમાં ભોગમાં સારબુદ્ધિ હતી તે સારબુદ્ધિ ભોગની પ્રાપ્તિકાળમાં સ્થિર-સ્થિરતર થાય છે અને જેમજેમ ભોગમાં સારબુદ્ધિ સ્થિર-સ્થિરતર થાય તેમ તેમ અધિક વિપર્યાસ થાય છે અને તે અધિક વિપર્યાસ દુર્ગતિની પરંપરાનું કારણ બને છે. જેમ મમ્મણ શેઠને ધનસંચયમાં જ અત્યંત સારબુદ્ધિ સ્થિર થયેલી જેના ફળરૂપે સાતમી નરકની પ્રાપ્તિ થઈ. તેથી વચનઔષધના અકાળમાં સેવાયેલા સંયમથી જે ભોગપ્રાપ્તિરૂપ અલ્પ સુખની પ્રાપ્તિ છે તેના કરતાં અનર્થ મહાન છે અને વચનઔષધસેવનના કાળમાં સંયમના પાલનથી જે ભોગસુખની પ્રાપ્તિ છે તે ભોગસુખ સામાન્યથી અનર્થકારી હોવા છતાં વિવેકચક્ષુથી સંવલિત ભોગની પ્રાપ્તિ હોવાના કારણે તે ભોગો જ તે જીવ માટે અમૃતતુલ્ય બને છે; કેમ કે ભોગથી પણ ભોગની ઇચ્છાનું શમન થવાથી ચિત્તના સ્વાસ્થ્યની વૃદ્ધિ થાય છે. **॥૪૩૮॥**

અવતરણિકા :-

એતત્ સ્વયમપિ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને=અકાળમાં સદ્ઔષધના સેવનથી ક્ષણભર સુખ થાય છે એમ જે પૂર્વના શ્લોકમાં કહ્યું એને, સ્વયં પણ ગ્રંથકારશ્રી ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

ગાથા :-

कुणइ जह सण्णिवाए सदोसहं जोगसोक्खमेत्तं तु ।
तह एयं विण्णेयं अणोरपारम्मि संसारे ।।४३९।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, सण्णिवाए=સન્નિપાતમાં, सदोसहं जोगसोक्खमेत्तं तु कुणइ=સદ્ઔષધ યોગસૌખ્યમાત્રને જ કરે છે=સદ્ઔષધના યોગથી ક્ષણભર સુખમાત્રને જ કરે છે પરંતુ રોગનો ઉચ્છેદ કરતું નથી, तह= તે પ્રમાણે, एयं=આ=અકાળે કરાયેલ વચનઔષધના પ્રયોગથી ગ્રૈવેયકાદિ સુખ, अणोरपारम्मि संसारे= અનર્વાક્પારવાળા સંસારમાં=અનાદિ અનંત એવા સંસારમાં, विण्णेयं=જાણવું. ।।૪૩૯।।

ગાથાર્થ :-

જે પ્રમાણે સન્નિપાતમાં સદ્ઔષધ યોગસૌખ્યમાત્રને જ કરે છે=સદ્ઔષધના યોગથી ક્ષણભર સુખમાત્રને જ કરે છે પરંતુ રોગનો ઉચ્છેદ કરતું નથી, તે પ્રમાણે આ=અકાળે કરાયેલ વચન-ઔષધના પ્રયોગથી ગ્રૈવેયકાદિ સુખ, અનર્વાક્પારવાળા સંસારમાં=અનાદિ અનંત એવા સંસારમાં, જાણવું. ।।૪૩૯।।

ટીકા :-

करोति यथा सन्निपाते वातादिदोषत्रययुगपत्प्रकोपरूपे सदौषधं क्रियातिक्तक्वाथादिरूपं योगसौख्य-मात्रमेव, न पुनस्तदुच्छेदमपि । तथैतद् ग्रैवेयकादिसुखं समयवचनौषधप्रयोगाद् उत्पन्नं विज्ञेयमनर्वाक्पारे संसारे ।।४३९।।

ભાવાર્થ :-

જેમ કોઈને સન્નિપાત થયેલો હોય અને તે સન્નિપાત પ્રકૃષ્ટમાત્રામાં વધતો હોય ત્યારે તેને ઔષધ આપવું ઉચિત નથી. તે કાળે જો તે સદ્ઔષધ આપવામાં આવે તો તે સદ્ઔષધ સન્નિપાતને શમાવનાર હોવાથી ક્ષણભર સુખ થાય છે પરંતુ સન્નિપાતનો ઉચ્છેદ થતો નથી. તે રીતે વચનઔષધના અકાળમાં કોઈક નિમિત્તને પામીને જેઓ સંયમ ગ્રહણ કરે છે અને સંયમકાળ દરમિયાન કષાયોના અપ્રવર્તનરૂપ શુભ

લેશ્યામાં યત્ન કરે છે તેનાથી બંધાયેલા પુણ્યના બળથી ગ્રૈવેયકને પ્રાપ્ત કરે છે તોપણ સંયમકાળ દરમિયાન કષાયોનું અપ્રવર્તન થાય તે રીતે સંયમની ક્રિયાનું સેવન હોવા છતાં કષાયોના અપ્રવર્તનમાં જ સુખ છે તેવી બુદ્ધિ લેશથી પણ પ્રગટ થયેલી નહીં હોવાથી અને ભોગ પ્રત્યેના રાગની બુદ્ધિ સ્થિર હોવાથી તે કષાયના અપ્રવર્તનથી પણ કષાયોના ઉચ્છેદને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ તેઓને પ્રગટ થતી નથી. તેથી ગ્રૈવેયકાદિનું સુખ પણ અનાદિ અનંત એવા સંસારમાં અનેક વખત ઉત્પન્ન થયું હોવા છતાં આરોગ્યના સુખની પ્રાપ્તિનું કારણ બનતું નથી. વળી, જેઓની વિવેકચક્ષુ પ્રગટ થયેલી છે તેઓને તો કષાયોની અનાકુળતામાં સુખ દેખાય છે. તેથી કષાયોનું અપ્રવર્તન કરીને કષાયોની અનાકુળ અવસ્થાને અભિમુખ તેઓની સંયમક્રિયા બને છે અને જેઓને ભોગાદિમાં સુખની બુદ્ધિ સ્થિર છે તેઓને ભોગાદિની પ્રાપ્તિના ઉપાયરૂપે કષાયોની અનાકુળતા સેવવાનો પરિણામ થાય છે. પરંતુ કષાયોની વિડંબનાવાળી અવસ્થાને વાસ્તવિક સ્વરૂપે જોઈ શકે તેવી નિર્મળ મતિ તેઓને થઈ નથી આથી જ વચનઔષધના પ્રયોગ માટે તેઓની અવસ્થા અકાળ છે. ॥૪૩૯॥

ગાથા :-

णय तत्तओ तयंपि हु सोक्खं मिच्छत्तमोहियमइस्स ।
जह रोद्दवाहिगहियस्स ओसहाओवि तब्भावे ।।४४०।।

અન્વયાર્થ :-

तयंपि य सोक्खं=અને તે પણ=ગ્રૈવેયકાદિની પ્રાપ્તિરૂપ સુખ પણ, मिच्छत्तमोहियमइस्स=મિથ્યાત્વથી મોહિત મતિવાળાને, तत्तओ हु ण सोक्खं=તત્ત્વથી સુખ નથી. जह=જે પ્રકારે, रोद्दवाहिगहियस्स=રૌદ્ર વ્યાધિથી ગૃહીત જીવને, ओसहाओवि=ઔષધથી પણ, तब्भावे=તેના ભાવમાં=સુખના ભાવમાં તત્ત્વથી સુખ નથી. ॥૪૪૦॥

ગાથાર્થ :-

અને તે પણ=ગ્રૈવેયકાદિની પ્રાપ્તિરૂપ સુખ પણ, મિથ્યાત્વથી મોહિત મતિવાળાને, તત્ત્વથી સુખ નથી. જે પ્રકારે, રૌદ્ર વ્યાધિથી ગૃહીત જીવને, ઔષધથી પણ, તેના ભાવમાં=સુખના ભાવમાં તત્ત્વથી સુખ નથી. ॥૪૪૦॥

ટીકા :-

न नैव, चकारो वक्तव्यान्तरसूचकः, तत्त्वतो निश्चयवृत्त्या तदपि ग्रैवेयकादिगतं, हुः स्फुटं, सौख्यं वर्त्तते । कस्येत्याह—मिथ्यात्वमोहितमतेः दृढविपर्यासपिशाचाभिभूतचेतसो जीवस्य । दृष्टान्तमाह—यथा रौद्रव्याधिगृहीतस्य दुःसाधव्याधिबाधाविधुरशरीरस्य कस्यचिद् औषधादपि तद्भावे सौख्यभावे न तत्त्वतः सुखम् । तथा हि स्वभावतस्तावत् तस्य न सौख्यमस्ति, यदि परमौषधात् । परं तत्राप्यत्यन्तदारुणरोगेणानवरतं तुद्यमानमर्मणो बाह्य एव सुखलाभः । यथा हि शरत्काले कठोरतरतरणिकिरण-

निकरेण तापितेष्वपि महाह्रदेषु बहिरेवोष्णानि जलानि, मध्ये पुनरत्यन्तशीतलभावभाञ्जि भवन्ति, एवं सत्क्रियायोगाद् बाह्यसौख्ययोगेऽप्यत्यन्तमिथ्यात्वोपप्लुतत्वाद्दुःखमेव ।।४४०।।

ભાવાર્થ :-

જે જીવોમાં મિથ્યાત્વ પ્રચુર છે તેઓને કષાયની વિસ્વળતારૂપ દુઃખ દેખાતું નથી. ક્વચિદ્ કોઈક કષાયોમાં વિસ્વળતારૂપ દુઃખ દેખાતું હોય તોપણ ઇન્દ્રિયના વિષયોમાં જે તૃષ્ણા છે તેમાં વર્તતી વિસ્વળતા દુઃખરૂપ છે તેને સમજી શકે તેવી નિર્મળ પ્રજ્ઞા તેઓને નથી. તેથી તૃષ્ણામાં જ સારબુદ્ધિ છે તેવા જીવોને સંયમના પાલનથી ગ્રૈવેયકનું સુખ પ્રાપ્ત થાય ત્યારે પણ વિષયોની તૃષ્ણામાં સારબુદ્ધિ હોવાના કારણે વિષયોની તૃષ્ણાના શમનજન્ય સુખ થતું નથી પરંતુ અધિક-અધિક તૃષા જ પ્રતીત થાય છે. જે રીતે કોઈક જીવમાં ધાતુની વિકૃતિ હોય ત્યારે પાણીની તૃષા લાગે અને પાણી પીવાથી તે જીવની તૃષા શમતી નથી પરંતુ જેમ જેમ પાણી પીએ છે તેમ તેમ તૃષા વધે છે તે રીતે ગ્રૈવેયકના ભોગમાં પણ તેઓની ભોગતૃષ્ણા શાંત થતી નથી પરંતુ સદા તૃષ્ણા વધ્યા જ કરે છે. તેથી તત્ત્વથી તેઓને ગ્રૈવેયકની પ્રાપ્તિમાં પણ સુખ નથી. જેમ કોઈક જીવ રૌદ્ર વ્યાધિથી અભિભૂત થયેલ હોય અને ઔષધનું સેવન કરે ત્યારે કાંઈક ક્ષણભર પોતાને સારું છે તેમ જણાય તોપણ તે વ્યાધિ તત્કાળ જ અધિક પ્રકોપને પામે છે જેથી તે જીવને પરમાર્થથી સુખ થતું નથી તેમ પ્રચુર ભાવવ્યાધિવાળા જીવોને દેહ સાથે અને બાહ્યવિષયો સાથે સંપર્કજન્ય સુખમાં જ સુખબુદ્ધિ અત્યંત સ્થિર હોય છે તથા દેહરહિત, કર્મરહિત અને ભોગની તૃષ્ણારહિત જીવો લેશ પણ સુખવાળા નથી, તેમજ દેખાય છે. તેથી સુખની લાલસાવાળા તે જીવો બાહ્ય ત્યાગ કરીને કાંઈક કષાયોનું શમન કરે તોપણ મિથ્યાત્વની પ્રચુરતાને કારણે તેઓનું કષાયનું શમન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તેવું નહીં હોવાથી અને ભોગની પ્રાપ્તિકાળમાં ક્ષણભર સુખ થાય છે ત્યારે તે વિષયોમાં ગૃદ્ધિની વૃદ્ધિ પણ થાય છે. તેથી ગૃદ્ધિથી વ્યાકુળ થયેલા તે જીવોને ભોગથી પણ સુખ થતું નથી પરંતુ અંતરંગ સદા ઉપદ્રવવાળા હોવાથી દુઃખી જ છે. **॥૪૪૦॥**

અવતરણિકા :-

પુનરપિ દૃષ્ટાન્તોપન્યાસેનામુમેવાર્થં ભાવયતિ –

અવતરણિકાર્થ :-

ફરી પણ દૃષ્ટાંતના કથનથી આ જ અર્થને=મિથ્યાત્વથી મોહિતમતિવાળાને ગ્રૈવેયકમાં પણ સુખ નથી એ જ અર્થને, ભાવન કરે છે –

ગાથા :-

जह चेवोवहयणयणो सम्मं रूवं ण पासई पुरिसो ।
तह चेव मिच्छदिट्ठी विउलं सोक्खं न पावेइ ।।४४१।।

અન્વયાર્થ :-

જહ ચેવ=જે પ્રમાણે જ, ઉવહયણયણો પુરિસો=ઉપહત નયનવાળો પુરુષ, સમ્મં રૂવં ણ પાસઈ=સમ્યગ્રૂપને જોતો નથી તહ ચેવ=તે પ્રમાણે જ, મિચ્છદિટ્ઠી=મિથ્યાદૃષ્ટિ, વિઉલં સોક્ખં ન પાવેઇ=વિપુલ સુખને પામતો નથી. ॥૪૪૧॥

ગાથાર્થ :-

જે પ્રમાણે જ ઉપહત નયનવાળો પુરુષ સમ્યગ્રૂપને જોતો નથી તે પ્રમાણે જ મિથ્યાદૃષ્ટિ વિપુલ સુખને પામતો નથી. ॥૪૪૧॥

ટીકા :-

यथाचैवेति दृष्टान्तार्थः । उपहतनयनः काचकामलादिदोषोपप्लुतलोचनः सम्यग् यथावद्रूपं स्त्रीपुरुषादिलक्षणं न पश्यति न वीक्षते पुरुषः प्रमत्तो जीवः । तथा चैवेति दार्ष्टान्तिकोऽर्थः । मिथ्यादृष्टिरुपहतसम्यग्बोधो विपुलं बहु समुपस्थितमपि सौख्यं न प्राप्नोति ।।४४१।।

ભાવાર્થ :-

જે પ્રમાણે કોઈક પુરુષની ચક્ષુ મોતિયા અથવા કમળાના રોગથી કે અન્યદોષથી હણાયેલી હોય ત્યારે તે પુરુષ બાહ્ય પદાર્થનું રૂપ યથાર્થ જોઈ શકતો નથી તેમ મિથ્યાદૃષ્ટિ જીવ હણાયેલા સમ્યગ્બોધવાળો હોવાથી તેને આત્માની અનાકુળ અવસ્થાના સુખનો લેશ પણ બોધ થઈ શકતો નથી. તેથી બાહ્ય સુખમાં સુખને જોઈને તેમાં થતી ગૃદ્ધિની પીડાને તે અનુભવે છે. તેથી ગ્રૈવેયકની પ્રાપ્તિકાળમાં પણ તેને વિપુલ સુખ મળતું નથી. ફક્ત તુચ્છ પુણ્યના સહકારથી તેને જે વિષયોમાં તીવ્ર ગૃદ્ધિ છે તેને અનુકૂળ તે સામગ્રીથી અલ્પ સુખ અનુભવે છે તોપણ ગૃદ્ધિના ક્લેશને પ્રચુર વેદન કરે છે. જેમ ધાતુની વિક્રિયાથી તૃષા લાગે ત્યારે પાણી પીવાથી કાંઈક સુખની પ્રતીતિ થાય છે તોપણ તૃષાની વિલ્વળતાના દુઃખથી ઉપહત થયેલું તે સુખ હોવાથી વિપુલ સુખ બનતું નથી તેમ જેઓ સમ્યગ્ સંયમની સાધના કરીને ગ્રૈવેયકના સુખને પામે છે તે મહાત્માઓને જે પ્રકારે ભોગમાં પણ મંદ ઇચ્છા વર્તે છે અને પ્રચુર પુણ્યને કારણે મળેલી ભોગસામગ્રીથી વિપુલ સુખ થાય છે તેવું વિપુલ સુખ અકાળે સંયમ પાળીને ગ્રૈવેયકમાં જનારા જીવોને પ્રાપ્ત થતું નથી; કેમ કે તેઓની વિપર્યાસથી હણાયેલી મતિ છે. **॥૪૪૧॥**

અવતરણિકા :-

कुत इति चेदुच्यते –

અવતરણિકાર્થ :-

'કેમ ?' એ પ્રમાણે જો કહે તો ઉત્તર આપે છે='કેમ' મિથ્યાદૃષ્ટિ જીવ ભોગાદિ સામગ્રીથી પણ વિપુલ સુખને પામતો નથી ? એ પ્રકારના પૂર્વપક્ષના પ્રશ્નમાં ઉત્તર આપે છે –

ગાથા :-

असदभिणिवेसवं सो णिओगओ ता ण तत्तओ भोगो ।
सव्वत्थ तदुवघाया विसघारियभोगतुल्लो त्ति ।।४४२।।

અન્વયાર્થ :-

सो=ते=મિથ્યાદૃષ્ટિ જીવ, णिओगओ=નિયોગથી, असदभिणिवेसवं=અસદ્ અભિનિવેશવાળો છે=મોહની અનાકુળતાને છોડીને ભોગની આકુળતામાં તત્ત્વબુદ્ધિવાળો છે. ता=તે કારણથી, तत्तओ भोगो ण=તત્ત્વથી ભોગ નથી=મિથ્યાદૃષ્ટિને તત્ત્વથી ભોગ નથી.

કેમ તત્ત્વથી ભોગ નથી ? તેથી કહે છે –

सव्वत्थ=સર્વત્ર=હેય-ઉપાદેય સર્વ વસ્તુમાં, तदुवघाया=તેનો ઉપઘાત હોવાથી=અસદ્ અભિનિવેશનો ઉપદ્રવ હોવાથી, विसघारियभोगतुल्लो त्ति=વિષધારિત ભોગતુલ્ય તેનો ભોગ છે (માટે તત્ત્વથી ભોગ નથી એમ અન્વય છે.) ।।४४२।।

ગાથાર્થ :-

તે=મિથ્યાદૃષ્ટિ જીવ નિયોગથી અસદ્ અભિનિવેશવાળો છે=મોહની અનાકુળતાને છોડીને ભોગની આકુળતામાં તત્ત્વબુદ્ધિવાળો છે. તે કારણથી તત્ત્વથી ભોગ નથી=મિથ્યાદૃષ્ટિને તત્ત્વથી ભોગ નથી.

કેમ તત્ત્વથી ભોગ નથી તેથી કહે છે –

સર્વત્ર=હેય-ઉપાદેય સર્વ વસ્તુમાં, તેનો ઉપઘાત હોવાથી=અસદ્ અભિનિવેશનો ઉપદ્રવ હોવાથી, વિષધારિત ભોગતુલ્ય તેનો ભોગ છે માટે તત્ત્વથી ભોગ નથી એમ અન્વય છે. ।।४४२।।

ટીકા :-

असदभिनिवेशवान् वितथाभिनिविष्टः स मिथ्यादृष्टिर्नियोगतो नियमेन, तत्तस्माद् न तत्त्वतो भोगः स्त्र्यादिविषयवस्तुगोचरः, सर्वत्र हेये उपादेये च वस्तुनि तदुपघातादसदभिनिवेशोपद्रवात् । विषघारितभोगतुल्यः । यादृशो हि विषविकारविह्वलीभूतचेतसः स्रक्चन्दनाङ्गनादिभोगस्तत्त्वतोऽभोग एव, एवं मिथ्यादृष्टेश्चक्रवर्त्त्यादिपदवीप्राप्तावपि विपर्यासवशाद् न कश्चिद् भोगः । इतिर्वाक्यपरिसमाप्तौ ।।४४२।।

ભાવાર્થ :-

જે જીવો મિથ્યાદૃષ્ટિ છે અને સમ્યક્ત્વને સન્મુખ પણ થયા નથી તે જીવોમાં મોક્ષના અકારણીભૂત એવા કોઈક ભાવોમાં અસદ્ અભિનિવેશ નિયમથી વર્તે છે અને તે અસદ્ અભિનિવેશ અનિવર્તનીય હોવાથી

અત્યંત ગાઢ છે તેથી તેઓને તત્ત્વથી ભોગ નથી અર્થાત્ પુણ્યના ઉદયથી ભોગાદિમાં પ્રવૃત્તિ કરતા હોય તોપણ તે ભોગજન્ય સુખ નથી. તેથી વ્યવહારથી ભોગ હોવા છતાં સુખના કારણભૂત તે ભોગ નહીં હોવાથી તત્ત્વથી ભોગ નથી.

અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવને પણ ભોગની ઇચ્છા થાય છે અને ભોગ કરે છે ત્યારે રતિનો અનુભવ કરે છે તેમ અસદ્ અભિનિવેશવાળા મિથ્યાદૃષ્ટિ જીવો પણ ભોગ કરે છે અને તે ભોગમાં તેઓને રતિનો અનુભવ થાય છે આમ છતાં સમ્યગ્દૃષ્ટિ જીવોને તત્ત્વથી ભોગ છે અને મિથ્યાદૃષ્ટિ જીવોને તત્ત્વથી ભોગ નથી એમ કેમ કહી શકાય તેથી કહે છે –

મિથ્યાદૃષ્ટિ જીવોને સર્વત્ર અસદ્ અભિનિવેશનો ઉપદ્રવ વર્તે છે. એથી વિષઘારિત ભોગતુલ્ય તેમનો ભોગ છે. જેમ કોઈના શરીરમાં વિષ વર્તતું હોય ત્યારે તે વિષથી વિલ્વળ હોય છે તે વખતે ઉત્તમ ભોગસામ્રગીથી પણ તે આનંદ પ્રાપ્ત કરી શકતો નથી; કેમ કે વિષની વ્યાકુળતાથી વિલ્વળ છે, તે રીતે મિથ્યાદૃષ્ટિ જીવ પણ અસદ્ અભિનિવેશવાળો હોવાથી તેના આત્મામાં મોહનું વિષ પ્રચુર હોવાથી કષાયોની વિલ્વળતાથી તે વિલ્વળ છે. તેથી બાહ્ય ભોગસામ્રગીથી સ્થૂળથી તેને રતિ દેખાતી હોવા છતાં તેની રતિ કષાયોના અંતઃતાપથી નષ્ટપ્રાયઃ છે, જેમ દેહમાં વિષ હોય તો ઉત્તમ ભોગસામ્રગીથી પણ આલ્લાદ નષ્ટપ્રાયઃ હોય છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવોને નિર્વિકારી અવસ્થા જ સારરૂપ જણાય છે. તેથી નિર્વિકારી અવસ્થાની પ્રાપ્તિ અર્થે સદા ઉદ્યમ કરે છે. વળી, જ્યારે ભોગની ઇચ્છા થાય ત્યારે પણ વિવેકપૂર્વક તેને શમન કરવા માટે ભોગની પ્રવૃત્તિ કરે છે. તેથી ભોગની પ્રવૃત્તિથી ભોગની ઇચ્છાના શમનકૃત સ્વાસ્થ્યને પ્રાપ્ત કરે છે. તેથી સમ્યગ્દૃષ્ટિને ભોગથી પણ સુખ થાય છે અને મિથ્યાદૃષ્ટિને ભોગથી તૃપ્તિ થતી નથી એટલું જ નહીં પણ ભોગની પ્રવૃત્તિથી ભોગની ઇચ્છા વૃદ્ધિ પામે છે. તેથી ભોગની ઇચ્છા પૂર્વે જે વિલ્વળતા હતી તે વિલ્વળતા ભોગની પ્રાપ્તિ પછી પણ રહે છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ સદા ભોગોને મેળવવા માટે અને ભોગવવા માટે ક્લેશ કર્યા કરે છે પરંતુ ક્યારેય ભોગથી તૃપ્તિ પામતો નથી. માટે મિથ્યાદૃષ્ટિને ભોગજન્ય સુખ નથી. આથી જ નવમા ગ્રૈવેયકને પામીને પણ મિથ્યાદૃષ્ટિ ભોગથી અતૃપ્ત પુરુષની જેમ વિપુલ સુખને પામવા છતાં સદા અતૃપ્ત જ રહે છે.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ અવિરતિના ઉદયવાળા હોય અને ભગવાનની પૂજા કરતા હોય ત્યારે ભગવાનના ગુણોમાં લીન હોવા છતાં તેમનું ચિત્ત વિષઘારિત છે અને સાધુનું ચિત્ત અભિષ્વંગરૂપ વિષ વગરનું છે એમ કહેલ છે. ત્યાં વિષઘારિત ચિત્તનો અર્થ ભગવાનની પૂજાકાળમાં પણ કુટુંબ-ધનાદિ પ્રત્યેના કાંઈક સંશ્લેષના પરિણામરૂપ વિષઘારિત ચિત્તનું ગ્રહણ છે અને તે સમ્યગ્દૃષ્ટિ જીવનું ભગવાનની પૂજાકાળમાં જેવું વિષઘારિત ચિત્ત છે તેનાથી કાંઈક વિશેષ સંશ્લેષના પરિણામરૂપ વિષઘારિત ચિત્ત ભોગાદિ કાળમાં છે તોપણ સમ્યગ્દૃષ્ટિ જીવની પાપપ્રવૃત્તિ સંવેગસારા છે. તેથી તેઓમાં સંવેગના પરિણામથી હણાયેલું અભિષ્વંગરૂપ વિષ ભોગકાળમાં હોય છે અને ભગવાનની પૂજાકાળમાં તે અભિષ્વંગરૂપ વિષ

વિશેષ પ્રકારે હણાયેલું છે તોપણ ભાવસાધુ જેવું અભિષ્વંગરૂપ વિષ વગરનું ચિત્ત અવિરત સમ્યગ્દૃષ્ટિને નથી. જ્યારે તત્ત્વથી અત્યંત વિમુખ એવા મિથ્યાદૃષ્ટિ જીવોમાં લેશ પણ સંવેગનો પરિણામ નથી તેથી તેમનું ચિત્ત અભિષ્વંગરૂપ વિષથી અત્યંત વ્યાપ્ત હોય છે અને અતિ અભિષ્વંગરૂપ વિષથી હણાયેલ ચિત્ત હોવાના કારણે ભોગાદિથી પણ તેઓને તૃપ્તિ થતી નથી માટે તેઓને ભોગજન્ય સુખ નથી. ॥૪૪૨॥

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=મિથ્યાદૃષ્ટિને ભોગજન્ય સુખ નથી એને જ, ભાવન કરે છે=અન્ય રીતે ભાવન કરે છે –

ગાથા :-

कत्थइ ण णाणमेयस्स भावओ तम्मि असइ भोगोवि ।
अंधलयतुल्लभोगो पुव्वायरिया तहा चाहु ।।४४३।।

અન્વયાર્થ :-

भावओ=ભાવથી, एयस्स=આને=મિથ્યાદૃષ્ટિને, कत्थइ ण णाणं=કોઈ વસ્તુમાં જ્ઞાન નથી, तम्मि असइ=તે નહીં હોતે છતે=જ્ઞાન નહીં હોતે છતે, भोगोवि=ભોગ પણ, अंधलयतुल्लभोगो=અંધ પુરુષના તુલ્ય ભોગ છે, तहा च=અને તે પ્રમાણે, पुव्वायरिया आहु=પૂર્વાચાર્યો કહે છે. ॥૪૪૩॥

ગાથાર્થ :-

ભાવથી આને=મિથ્યાદૃષ્ટિને, કોઈ વસ્તુમાં જ્ઞાન નથી, તે નહીં હોતે છતે=જ્ઞાન નહીં હોતે છતે, ભોગ પણ અંધ પુરુષના તુલ્ય ભોગ છે અને તે પ્રમાણે પૂર્વાચાર્યો કહે છે. ॥૪૪૩॥

ટીકા :-

कुत्रचिद् जीवादौ वस्तुनि न नैव ज्ञानमवबोध एतस्य मिथ्यादृशो भावतः सम्यग्रूपतया वर्त्तते । ततस्तस्मिन् ज्ञानेऽसति भोगोऽपि स्त्र्यादिवस्तुविषयोऽन्धलकभोगतुल्यो यादृशोऽन्धपुरुषस्य प्रासादशय्यासनवनितादिभोगोऽनुपलब्धरूपतत्त्वस्य न परमार्थतो भोगतां बिभर्त्ति, मिथ्यादृशोऽपि तथा प्रस्तुतभोग इति । एतदेव द्रढयन्नाह—पूर्वाचार्या जिनभद्रगणिक्षमाश्रमणपादास्तथा च तथैव यथैतद्वस्तु सिध्यति तथाऽऽहुरुक्तवन्तः ।।४४३।।

ભાવાર્થ :-

મિથ્યાદૃષ્ટિને જીવાદિ તત્ત્વનું સમ્યગ્ જ્ઞાન નથી અને જે જીવો મિથ્યાત્વને સન્મુખ ભાવવાળા છે તેઓને

સમ્યક્ત્વને અભિમુખ ભાવ નહીં હોવાથી લેશ પણ સમ્યગ્ જ્ઞાન નથી અને જેઓને જીવાદિ તત્ત્વનું લેશ પણ સમ્યગ્જ્ઞાન નથી તેઓને પરમાર્થથી સુખ શું છે તેનો બોધ સંભવે નહીં. આથી જ જીવની મોહથી અનાકુળ અવસ્થા પરમાર્થથી સુખ છે તેને અભિમુખ તેઓને પરિણામ થતો નથી. તેથી જેમ આંધળો માણસ સુંદર સ્ત્રીઆદિ ભોગોને પામે તોપણ ચક્ષુથી તે સુંદર પદાર્થના સ્વરૂપને જોનારો નહીં હોવાથી તે ભોગસામ્રગીમાંથી પણ તે પ્રકારના આનંદને પ્રાપ્ત કરી શકતો નથી તેમ અંધતુલ્ય મિથ્યાદૃષ્ટિ જીવ પણ સુખના પારમાર્થિક સ્વરૂપને નહીં જોનારા હોવાથી ભોગની પ્રવૃત્તિથી પણ ચિત્તની સ્વસ્થતાની પ્રાપ્તિ થાય તે પ્રકારના સુખને પ્રાપ્ત કરી શકતા નથી.

કેમ મિથ્યાદૃષ્ટિને આંધળા પુરુષના ભોગતુલ્ય ભોગો છે તેમાં પૂર્વાચાર્યોના વચનની સાક્ષી આપતાં કહે છે. ॥૪૪૩॥

અવતરણિકા :-

उक्तमेव दर्शयति —

અવતરણિકાર્થ :-

ઉક્તને જ=ગાથા-૪૪૩માં કહ્યું તે પ્રકારે પૂર્વાચાર્યો કહે છે તે રૂપ ઉક્તને જ, બતાવે છે —

ગાથા :-

सदसदविसेसणाओ भवहेउ जहिच्छिओवलंभाओ ।
णाणफलाभावाओ मिच्छद्दिट्ठिस्स अन्नाणं ।।४४४।।

અન્વયાર્થ :-

सदसदविसेसणाओ=સદ્અસદ્નો અવિશેષ હોવાથી=મિથ્યાદૃષ્ટિના બોધમાં સદ્અસદ્નો અવિશેષ હોવાથી, भवहेउ=ભવનો હેતુ હોવાથી=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન મોહની વૃદ્ધિ દ્વારા ભવનો હેતુ હોવાથી, जहिच्छिओवलंभाओ=યદૃચ્છાથી ઉપલંભ હોવાને કારણે=સ્વરુચિ અનુસાર પદાર્થનો બોધ હોવાથી, णाणफलाभावाओ=જ્ઞાનના ફળનો અભાવ હોવાથી, मिच्छद्दिट्ठिस्स=મિથ્યાદૃષ્ટિનું=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન, अन्नाणं=અજ્ઞાન છે. ॥૪૪૪॥

ગાથાર્થ :-

સદ્અસદ્નો અવિશેષ હોવાથી=મિથ્યાદૃષ્ટિના બોધમાં સદ્અસદ્નો અવિશેષ હોવાથી, ભવનો હેતુ હોવાથી=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન મોહની વૃદ્ધિ દ્વારા ભવનો હેતુ હોવાથી, યદૃચ્છાથી ઉપલંભ હોવાને કારણે=સ્વરુચિ અનુસાર પદાર્થનો બોધ હોવાથી, જ્ઞાનના ફળનો અભાવ હોવાથી, મિથ્યાદૃષ્ટિનું=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન, અજ્ઞાન છે. ॥૪૪૪॥

ટીકા :-

सदसतोरविशेषणाद् मिथ्यादृष्टेरज्ञानमित्युत्तरेण योगः । मिथ्यादृष्टिर्हि यदस्ति तत् सर्वथाऽस्त्येवेति निर्विशेषणं वदति । एवं नास्तीत्यपि वाच्यम् । न चैवं वस्तुस्वरूपमस्ति, सर्वभावानां स्वरूपेण सत्त्वात् । असत्त्वमपि विवक्षितपर्यायापेक्षयैव, न पुनः सर्वानपि पर्यायानपेक्ष्य, पर्यायविशेषापेक्षयाऽसत्त्व-विवक्षाकालेऽपि घटादेः सत्त्वाभ्युपगमात् तथा, 'भवहेउ'त्ति भावप्रधानत्वेन निर्देशस्य, भवहेतुत्वात् संसारकारणत्वात्, मिथ्यात्वादीनां कर्मबन्धहेतूनां विपरीतज्ञानरूपत्वेन प्रवृत्तेः । तथा, यदृच्छया स्वेच्छारूपयोपलम्भात् सर्वभावानामवबोधात्, न पुनः सम्यग्दृष्टेरिव सर्वविद्वचनपारतंत्र्यात् । तथा, ज्ञानफलाभावात् । ज्ञानस्य हि फलं विरतिः । सा च ज्ञानाऽभ्युपगमयतनासु सतीषु सम्पद्यते । मिथ्यादृष्टेस्तु विपर्यस्तबोधोपहतत्वेन ज्ञानस्यैव तावदसम्भवात् कुतोऽभ्युपगमयतनासम्भवः ? न च स्वकार्यमकुर्वत् कारणं कारणतया विपश्चितो निश्चिन्वन्ति । पठन्ति चात्र—'यदेवार्थक्रियाकारि तदेव परमार्थसत् ।' इति । ततस्तादृशस्य ज्ञानफलस्याभावाद् मिथ्यादृष्टेरुदीर्णमिथ्यात्वमोहस्य ज्ञानमपि शास्त्राभ्यासादिजन्यमज्ञानं वर्त्तते ।।४४४।।

ભાવાર્થ :-

જે જીવોએ ગ્રંથિભેદ કર્યો નથી અને જેઓનું જ્ઞાન ગ્રંથિભેદના સન્મુખ પ્રવર્તતું નથી તેઓનું જ્ઞાન હંમેશાં મોહના પ્રવાહ નીચે જ પ્રવર્તે છે. તેથી તેઓ પરલોક, પુણ્ય, પાપાદિ સ્વીકારતા નથી. ક્વચિદ્ બાહ્યથી પરલોકાદિને માનતા હોય તોપણ આત્માનું પારમાર્થિક હિત શું છે અને આત્માનું પારમાર્થિક અહિત શું છે તેનો યથાર્થ બોધ નહીં હોવાથી તેઓને માટે સદ્-અસદ્ બન્ને તુલ્ય જ રહે છે અર્થાત્ મોહનાશને અનુકૂળ સંયમની આચરણા અને મોહવૃદ્ધિને અનુકૂળ એવી વિવેક વગરની સ્થૂળથી બાહ્ય સંયમ આચરણા વચ્ચે મહાન ભેદ છે, તોપણ વિપર્યાસબુદ્ધિને કારણે તેનો ભેદ તેઓ કરી શકતા નથી. તેથી જેમ ઉન્મત્ત પુરુષ ક્યારેક ઢેફાને ઢેફું કહે અને ક્યારેક સુવર્ણને પણ ઢેફું કહે તેમ ક્યારેક મોક્ષને અનુકૂળ ઉચિત સામાચારીને તેઓ ધર્મ કહે અને ક્યારેક તો તત્સદૃશ પણ વિવેક વગરની સાધુસામાચારીને તેઓ ધર્મ કહે માટે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન છે.

વળી, મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન ભવનો હેતુ છે. આથી ક્વચિદ્ સંયમ ગ્રહણ કરે, તપ-ત્યાગાદિ કરે, શાસ્ત્રો ભણે તોપણ તે સર્વ દ્વારા માનાદિ કષાયોની વૃદ્ધિ કરે છે. તેથી તેઓની સંયમની સર્વ ક્રિયા ભવનો હેતુ થાય છે.

વળી, મિથ્યાષ્ટિ જીવો ક્વચિદ્ પરલોકના સુખ અર્થે સંયમની ક્રિયા કરે ત્યારે સાક્ષાત્ માનાદિ કષાયોને કરતા નથી તોપણ તે સાધુસામાચારી કઈ રીતે વીતરાગતાની સાથે એક પ્રતિસંધાનવાળી છે તેનો લેશ પણ અભિમુખભાવ થતો નથી, મિથ્યાદૃષ્ટિ જીવો માત્ર બાહ્ય ભોગોમાં ગાઢ અભિષ્વંગવાળા અને તેના ઉપાયરૂપે

જ સાધુસામાચારીને સેવવાના પરિણામવાળા હોય છે. તેથી શાસ્ત્રથી પ્રાપ્ત થયેલું તેઓનું જ્ઞાન પણ ભવનો હેતુ છે માટે અજ્ઞાન છે; કેમ કે અજ્ઞાનથી જ ભવની વૃદ્ધિને અનુકૂળ પ્રયત્ન થાય છે.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવોને શાસ્ત્રથી પણ પદાર્થનો બોધ જિનવચનાનુસાર થતો નથી પરંતુ યદૃચ્છાથી બોધ થાય છે; કેમ કે પોતાની મતિ જ્યાં રાગવાળી છે તેને અનુરૂપ જ શાસ્ત્રને યોજવાની તેમની મતિ છે પરંતુ વીતરાગતાના રાગથી વીતરાગતાના પરમાર્થને અને વીતરાગતાની પ્રાપ્તિના ઉપાયના પરમાર્થને જાણવાની રુચિથી તેઓ શાસ્ત્રઅધ્યયન કરતા નથી. તેથી યદૃચ્છાના ઉપલંભને કારણે તેઓનું જ્ઞાન પણ અજ્ઞાન જ છે.

વળી, જ્ઞાનનું ફળ જીવને અનાકુળતાની પ્રાપ્તિ છે આમ છતાં મિથ્યાદૃષ્ટિને આત્માની અનાકુળતા જ સુખરૂપ દેખાતી નથી. પરંતુ ક્લેશરૂપ ભોગાદિની પ્રવૃત્તિમાં જ સુખ દેખાય છે તેથી તેઓનું જ્ઞાન અનાકુળતારૂપ ફળની પ્રાપ્તિનું કારણ બનતું નથી. માટે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન છે.

અને મિથ્યાદૃષ્ટિને અજ્ઞાન હોવાના કારણે તેઓને અંધના ભોગતુલ્ય ભોગો છે. આથી જેમ અંધપુરુષ ભોગો કરે છે તોપણ ભોગના સુખને પ્રાપ્ત કરી શકતો નથી તેમ મિથ્યાદૃષ્ટિ જીવો ગ્રૈવેયકાદિમાં ઉત્તમ દેવલોકના ભોગોનો અનુભવ કરે છે તોપણ તે ભોગોથી આત્માની સ્વસ્થતારૂપ ભાવોને લેશ પણ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ અતૃપ્તિના પરિણામવાળા હોવાથી ભોગથી પણ તેઓને સુખ થતું નથી. એ પ્રકારનો પૂર્વગાથા સાથે સંબંધ છે. **॥૪૪૪॥**

અવતરણિકા :-

एनामेव गाथाचतुष्टयेन व्याचष्टे –

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૪૪૪માં કહેલ મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનના ચાર હેતુઓને જ, ગાથા ચતુષ્ટયથી કહે છે –

ગાથા :-

एगंतणिच्चवाए अणिच्चवाए सदसदविसेसो ।
पिंडो घडोत्ति पुरिसादन्नो देवोत्ति णातातो ।।४४५।।

અન્વયાર્થ :-

एगंतणिच्चवाए=એકાંત નિત્યવાદમાં, अणिच्चवाए=અનિત્યવાદમાં=એકાંત અનિત્યવાદમાં, सदसद-विसेसो=સદ્અસદ્નો અવિશેષ છે.

એકાંત નિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ કઈ રીતે છે તે બતાવે છે –

પિંડો ઘડો=પિંડ ઘટ છે. ત્તિ=એ પ્રમાણે=એ પ્રમાણે એકાંત નિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ છે.

એકાંત અનિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ કઈ રીતે છે તે બતાવે છે –

પુરિસાદન્નો દેવો=મનુષ્યથી અન્ય દેવ છે=બીજા ભવમાં જનારો દેવ છે. ત્તિ ણાતાતો=એ દૃષ્ટાંતથી=એ દૃષ્ટાંતથી એકાંત અનિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ છે. ॥૪૪૫॥

ગાથાર્થ :-

એકાંત નિત્યવાદમાં, અનિત્યવાદમાં=એકાંત અનિત્યવાદમાં, સદ્અસદ્નો અવિશેષ છે.

એકાંત નિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ કઈ રીતે છે તે બતાવે છે –

પિંડ ઘટ છે. એ પ્રમાણે=એ પ્રમાણે એકાંત નિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ છે.

એકાંત અનિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ કઈ રીતે છે તે બતાવે છે –

મનુષ્યથી અન્ય દેવ છે=બીજા ભવમાં જનારો દેવ છે. એ દૃષ્ટાંતથી=એ દૃષ્ટાંતથી એકાંત અનિત્યવાદમાં સદ્અસદ્નો અવિશેષ છે. ॥૪૪૫॥

ટીકા :-

एकान्तनित्यवादे एकान्तेन स्याद्वादविपरीतरूपेण नित्यस्याप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावस्यात्मादेरभ्युपगमे क्रियमाणे परैः सांख्यादिभिः, सदसदविशेषः प्राप्नोति, विवक्षितावस्थायाः सत्त्वकाले च द्रव्यस्याविशेषोऽनानात्वमापद्यते । ततो य एव पिण्डो मृदः सम्बन्धी स एव घटः, इत्यायातं मृद्द्रव्यस्योभयावस्थानुयायित्वम्, तिलतुषत्रिभागमात्रमपि स्वरूपभेदाभावात् । न च वक्तव्यमेकाकारेऽपि द्रव्ये पिण्डो घटश्चेत्यवस्थाभेदाश्रयोऽसौ व्यवहारो लोके न प्रवर्त्तत इति, अवस्थातुरभेदे तन्निबन्धनानामप्यभेदप्राप्तेः, कारणभेदपूर्वकत्वात् कार्यभेदस्य । यथोक्तम्—'अयमेव भेदो भेदहेतुर्वा यद् विरुद्धधर्म्माध्यासः कारणभेदश्च' इति । अनित्यवादे चैकान्तक्षणक्षयित्वलक्षणे पुरुषाद् विहितदेवभवप्राप्तिप्रायोग्यपुण्यकर्म्मणः सकाशात् मरणानन्तरं देवभवप्राप्तावन्य एकान्तेनैव विलक्षणो देव इत्यापद्यते । अयमभिप्रायः—यथा समुपार्जितसुकृताद् मनुष्याद् नारकतयोत्पन्नो जीवः सर्वथाऽन्य एव, तथा तद्मरणानन्तरं देवतयोत्पत्तावपि, निरन्वयोत्पादस्योभयत्रापि समानत्वात् न चैतद् युज्यते, अकृताभ्यागमकृतनाशदोषप्रसङ्गात् । एवं च नित्यवादे य एव पिण्डः स एव घटो, य एव च घटः स एव पिण्ड इति न्यायात् सदसतोरवस्थयोरविशेषः । अनित्यवादेऽपि पुरुषादन्यो देवो देवाच्च पुरुष इति । ततो यथा पुरुषस्य विद्यमानताकाले कश्चिद्देवतयोत्पन्न एकान्तेनैवान्यस्तथा तन्मरणानन्तर-मुत्पन्नोऽपि देवोऽन्य एव । ततः पुरुषसत्त्वकालेऽसत्त्वकाले च देवतयोत्पन्नो जन्तुरविशिष्ट एवेति यो न्यायस्तस्मात् सदसतोरविशेष इति ॥४४५॥

ભાવાર્થ :-

જેઓ પદાર્થને એકાંત નિત્ય માને છે તેઓ પિંડ અને ઘટ બેનો પ્રત્યક્ષથી દેખાતો ભેદ છે તેનો અપલાપ કરીને એકાંત નિત્યવાદનું સ્થાપન કરે છે. તેથી તેઓના મત પ્રમાણે પિંડમાંથી ઘટ બને છે ત્યારે પિંડની અવસ્થામાં તલના ફોતરામાત્ર જેટલો પણ ફેરફાર થતો નથી. પરંતુ જે પિંડ અવસ્થામાં દેખાય છે તે જ ઘટ અવસ્થામાં તેઓને દેખાય છે. પિંડ અવસ્થામાં અસદ્ અને ઘટ અવસ્થામાં સદ્ એવા ઘટને તેઓ અવિશેષથી જોનારા છે માટે પ્રત્યક્ષ અનુભવનો અપલાપ કરનારા છે. તેથી જે જે સ્થાનમાં પદાર્થ જે સ્વરૂપે હોય તેનો અપલાપ કરીને તેની અન્ય અવસ્થા સાથે અભેદરૂપે તે વસ્તુને જોવામાં આવે તો સદ્-અસદ્ના અવિશેષરૂપ વિપર્યાસ થાય છે. આથી જ જેમ પિંડ અવસ્થા અને ઘટ અવસ્થામાં સ્પષ્ટ ભેદ હોવા છતાં એકાંત નિત્યવાદીને તે ભેદ દેખાતો નથી તેમ સંયમના શુદ્ધ આચાર અને સંયમના અશુદ્ધ આચાર વચ્ચે મહાન ભેદ હોવા છતાં એકાંતવાદીને તેનો ભેદ દેખાતો નથી.

વળી, એકાંત અનિત્યવાદી પદાર્થને ક્ષણિક માને છે. તેથી કોઈક પુરુષ મરીને દેવ થાય ત્યારે તે પુરુષરૂપે વર્તતો જીવ જ દેવરૂપે થાય છે તોપણ તેના મતે પુરુષથી દેવ જુદો છે. તેથી તે મતાનુસાર પણ સદ્-અસદ્ અવિશેષ પ્રાપ્ત થાય છે; કેમ કે મરનાર પુરુષ દેવરૂપે થાય છે ત્યારે જે પુરુષરૂપ જીવ સદ્ હતો તે જીવ જ દેવરૂપે સદ્ છે અને પુરુષાકારરૂપે જે સદ્ છે તે જ પુરુષાકારરૂપે દેવ અવસ્થામાં અસદ્ છે તે બેનો સ્પષ્ટ ભેદ હોવા છતાં જેમ પુરુષાકાર દેવાકાર અવસ્થામાં અસત્ છે તેમ જીવરૂપે પણ મનુષ્ય અને દેવ અવસ્થામાં તે અસત્ છે એમ એકાંત ક્ષણિકવાદી સ્થાપન કરે છે તેથી તેના મતે સદ્-અસદ્નો અવિશેષ જ સ્થાપન થાય છે. **॥૪૪૫॥**

અવતરણિકા :-

ગાથા-૪૪૪માં કહ્યું કે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન ભવનો હેતુ હોવાથી અજ્ઞાન છે તેને સ્પષ્ટ કરતાં કહે છે –

ગાથા :-

भवहेउ णाणमेयस्स पायसोऽसप्पवित्तिभावेण ।
तह तदणुबंधओ च्चिय तत्तेतरणिंदणादीतो ।।४४६।।

અન્વયાર્થ :-

एयस्स णाणं=આમનું જ્ઞાન=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન, पायसो=प्रायः, असप्पवित्तिभावेण=અસત્ પ્રવૃત્તિનો હેતુ હોવાથી, भवहेउ=ભવનો હેતુ છે, तह=અને, तदणुबंधओ च्चिय=તેનો અનુબંધ હોવાથી જ=અસત્ પ્રવૃત્તિના પ્રવાહનો હેતુ હોવાથી જ ભવનો હેતુ છે.

કેમ અસત્ પ્રવૃત્તિના અનુબંધનો હેતુ છે ? તેમાં હેતુ કહે છે –

तत्तेतरणिंदणादीतो=તત્ત્વ-ઇતરનું નિંદન આદિ છે=તત્ત્વનું નિંદન અને અતત્ત્વનું પ્રશંસન છે. ॥૪૪૬॥

ગાથાર્થ :-

આમનું જ્ઞાન=મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન, પ્રાયઃ, અસત્ પ્રવૃત્તિનો હેતુ હોવાથી ભવનો હેતુ છે અને તેનો અનુબંધ હોવાથી જ=અસત્ પ્રવૃત્તિના પ્રવાહનો હેતુ હોવાથી જ ભવનો હેતુ છે.

કેમ અસત્ પ્રવૃત્તિના અનુબંધનો હેતુ છે ? તેમાં હેતુ કહે છે –

તત્ત્વ-ઇતરનું નિંદન આદિ છે=તત્ત્વનું નિંદન અને અતત્ત્વનું પ્રશંસન છે. ।।૪૪૬।।

ટીકા :-

भवेत्यादि । भवहेतुः संसारनिबन्धनं ज्ञानं शास्त्राभ्यासादिजन्यो बोध एतस्य मिथ्यादृष्टेः । कथमित्याह—प्रायशो बाहुल्येनासत्प्रवृत्तिभावेन विपर्यस्तचेष्टाकारणत्वात् तस्य । यदिह प्रायशोग्रहणं तद्यथाप्रवृत्तकरणचरमभागभाजां संनिहितग्रन्थिभेदानामत्यन्तजीर्णमिथ्यात्वज्वराणां केषाञ्चिद् दुःखित-दयागुणवदद्वेषसमुचिताचाररूपप्रवृत्तिसाराणां सुन्दरप्रवृत्तिभावेन व्यभिचारपरिहारार्थम् । तथेति हेत्वन्त-रसमुच्चये । तदनुबन्धत एवासत्प्रवृत्त्यनुबन्धादेव । एतदपि कुत इत्याह—तत्त्वेतरनिन्दनादितः । स हि मिथ्यात्वोपघातात् समुपात्तविपरीतरुचिस्तत्त्वं सद्भूतदेवतादिकमर्हदादिलक्षणं निन्दति । इतरच्चातत्त्वं तत्तत्कुयुक्तिसमुपन्यासेन पुरस्करोति । ततस्तत्त्वेतरनिन्दनादिदोषाद् भवान्तरेऽप्यसत्प्रवृत्तिरनुबन्धयुक्तैव स्यादिति ।।४४६।।

ભાવાર્થ :-

મિથ્યાદૃષ્ટિ જીવો કોઈક રીતે સમ્યક્ત્વને અભિમુખ થાય ત્યારે કાંઈક સત્ પ્રવૃત્તિ કરનારા હોય છે પરંતુ જે મિથ્યાદૃષ્ટિ જીવો લેશ પણ તત્ત્વને અભિમુખ નથી તેઓને માત્ર બાહ્ય પદાર્થના આકર્ષણથી ઉચિતનો અને અનુચિતનો નિર્ણય કરવાની મનોવૃત્તિ હોય છે. તેથી તેઓનું શાસ્ત્રાભ્યાસ આદિજન્ય જ્ઞાન પણ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને સ્પર્શ્યા વગર ભવના કારણને સેવવા માટે પ્રેરણા કરે છે, તેથી તેઓને મતિજ્ઞાનનો બોધ કે શ્રુતજ્ઞાનનો બોધ સર્વ વિપર્યાસરૂપે જ વર્તે છે. તેથી તે બોધથી નિયંત્રિત સંસારની પ્રવૃત્તિ કરે તે તો ભવનો હેતુ બને છે અને ધર્મની બાહ્ય આચરણા કરે તે પણ ભવનો હેતુ બને છે એટલું જ નહીં પણ તેઓ શાસ્ત્રાભ્યાસ કરે તે પણ ભવનો હેતુ બને છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન ભવનો હેતુ છે માટે અજ્ઞાન છે.

વળી, મિથ્યાદૃષ્ટિ જીવોનું જ્ઞાન અનુબંધથી પણ અસત્ પ્રવૃત્તિનો પ્રવાહ ચલાવે છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો કે સમ્યક્ત્વને સન્મુખ જીવો ક્યારેક અજ્ઞાનને કારણે અસત્ પ્રવૃત્તિ કરે તોપણ ઉપદેશાદિથી તેઓની અસત્ પ્રવૃત્તિ નિવર્તન પામે છે. પરંતુ જેઓમાં વિપર્યાસ સ્થિર છે તેઓની અસત્ પ્રવૃત્તિ ઉત્તરોત્તર અસત્ પ્રવૃત્તિની વૃદ્ધિનું કારણ બને છે. માટે તેઓનું જ્ઞાન ભવનો હેતુ છે. કેમ વિપર્યાસ બુદ્ધિવાળા જીવોને અસત્

પ્રવૃત્તિનો પ્રવાહ ચાલે છે ? તેમાં હેતુ કહે છે –

વિપરીત બુદ્ધિવાળા જીવોને તત્ત્વ પ્રત્યે દ્વેષ અને અતત્ત્વ પ્રત્યે રાગ વર્તે છે. તેથી ભગવાનના વચનથી વિપરીત વસ્તુનું સમર્થન કરીને અરિહંતાદિની નિંદા કરે છે અને મિથ્યામાર્ગે પ્રવર્તનારા જીવોની પ્રશંસા કરે છે. જોકે જે મિથ્યાદૃષ્ટિ જીવો ભગવાનના શાસનમાં સાધુપણું લઈને પ્રવર્તે છે તેઓ સાક્ષાત્ ભગવાનની નિંદા કરતા ન હોય તોપણ ભગવાને કહ્યા છે તે પદાર્થો સ્વમતિ અનુસાર કરીને અર્થથી ભગવાનની નિંદા જ કરે છે; કેમ કે તે અર્થમાં તે પદાર્થ ભગવાને કહ્યો નથી છતાં ભગવાને આ પદાર્થ આમ જ કહ્યો છે એમ સ્થાપન કરીને ભગવાનના ઉપર આળ ચડાવે છે. તેથી ભગવાનની નિંદા થાય છે અને જેઓ ભગવાનના વચનથી વિપરીત કહેનારા છે તેઓની તે વચન દ્વારા પ્રશંસા થાય છે. તેથી તેવા જીવોથી વિપરીત પ્રવૃત્તિનો પ્રવાહ ચાલે છે. તેના કારણે ઘણા ભવો સુધી તેઓની અસત્ પ્રવૃત્તિ પ્રવાહરૂપે ચાલીને અનર્થોનું કારણ બને છે. ॥૪૪૬॥

અવતરણિકા :-

ગાથા-૪૪૪માં કહ્યું કે મિથ્યાદૃષ્ટિ જીવો ભગવાનના વચનાનુસાર તત્ત્વને જોનારા નથી પરંતુ પોતાની ઇચ્છા અનુસાર પદાર્થને જોનારા છે તે રૂપ યદૃચ્છા ઉપલંભનો અર્થ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

उम्मत्तस्सव णेतो तस्सुवलंभो जहित्थरूवोत्ति ।
मिच्छोदयतो तो च्चिय भणियमिणं भावगहरूवं ।।४४७।।

અન્વયાર્થ :-

तस्स=तेनो=मिथ्यादृष्टिनो, जहित्थरूवोत्ति उवलंभो=यदृच्छारूप उपलंभ, उम्मत्तस्सव णेतो=उन्मत्तना जेवो जाणवो; मिच्छोदयतो=केम के मिथ्यात्वनो उदय छे. तो च्चिय=आथी ज, इणं=आ=मिथ्यात्व, भावगहरूवं भणियं=भावग्रहरूप कहेवायुं छे. ॥४४७॥

ગાથાર્થ :-

तेनो=मिथ्यादृष्टिनो, यदृच्छारूप उपलंभ उन्मत्तना जेवो जाणवो; केम के मिथ्यात्वनो उदय छे. आथी ज आ=मिथ्यात्व, भावग्रहरूप कहेवायुं छे. ॥४४७॥

ટીકા :-

उन्मत्तस्येव मद्यपानपराधीनमनसो मनुजस्येव विज्ञेयस्तस्य मिथ्यादृष्टेरुपलम्भो वस्तुबोधरूपो यदृच्छारूपः स्वविकल्पमात्रसंघटित इति । कुत इत्याह—मिथ्यात्वोदयाद् मिथ्यात्वमोहनीयकर्मविपाकात्। तथा हि—पीतमद्यो मदावेशात् किंकरमपि राजीयति, राजानमपि किंकरीयति, तथोदीर्णमिथ्यात्वो

जीवः सद्भूतमपि वस्तु अतत्त्वरूपतया व्यवहरति, असद्भूतमपि तत्त्वतयेति । अत एव यदृच्छोपलम्भाद् भणितमिदं मिथ्यात्वं भावग्रहरूपं पारमार्थिकग्रहस्वभावम्, इतरग्रहेभ्यः पिशाचादिरूपेभ्योऽस्य महानर्थ-प्रसाधकत्वात् ।।४४७।।

ભાવાર્થ :-

જેમ દારુના નશામાં રહેલો જીવ ઢેફાને સોનું કહે છે અને સુવર્ણને ઢેફું કહે છે, ક્યારેક સુવર્ણને સુવર્ણ પણ કહે છે તોપણ પદાર્થને વાસ્તવિક જોવાના ઉપયોગથી તે બોલતો નથી પરંતુ ઉન્માદના વશથી બોલે છે તેમ મિથ્યાદૃષ્ટિને પદાર્થને જોવામાં વિપર્યાસ વર્તે છે. તેથી ઉન્માદને વશ યદૃચ્છારૂપ પદાર્થનો તેને ઉપલંભ હોય છે. તેથી સર્વજ્ઞને કેવલજ્ઞાનમાં જે રીતે પદાર્થ દેખાય છે તે પ્રમાણે પદાર્થના સ્વરૂપને કહેનારા ભગવાનના વચનથી પણ મિથ્યાદૃષ્ટિ જીવને ઉન્મત્ત પુરુષની જેમ યદૃચ્છારૂપ ઉપલંભ થાય છે. તેથી શ્રુત-વચનો દ્વારા પણ શ્રુતના યથાર્થ તાત્પર્યને સ્પર્શ્યા વગર પોતાની રુચિ અનુસાર તે શ્રુતના અર્થો કરે છે. તેથી ઉન્મત્ત જીવ ક્યારેક સુવર્ણને ઢેફું કહે એમ મિથ્યાદૃષ્ટિ જીવ ભગવાનનાં સુંદર વચનોને પણ અસુંદર અર્થમાં યોજન કરે છે અને ઉન્માદને વશ સહસા ક્યારેક ભગવાનનાં વચનોનો અર્થ યથાર્થ કરે તોપણ તેનાં વચનો ઉન્માદવશ હોવાથી પ્રમાણભૂત બનતાં નથી. આથી જ મિથ્યાત્વને ભાવગ્રહસ્વરૂપ સ્વીકારેલ છે. જેમ પિશાચ આદિના ગ્રહથી ઉન્મત્ત પુરુષ દ્રવ્યગ્રહવાળો છે તેમ મિથ્યાદૃષ્ટિ જીવ પારમાર્થિક ભાવમાં વિપર્યાસ બુદ્ધિવાળો હોવાથી ભાવગ્રહવાળો છે તેથી મહાઅનર્થને કરે તેવો તેનો બોધ છે. આથી મિથ્યાદૃષ્ટિ જીવ શ્રુતવચનોથી પણ આત્માનું હિત શું છે અને અહિત શું છે તેને યથાર્થ જોવા સમર્થ બનતો નથી. એથી અંધ-પુરુષતુલ્ય ભોગજન્ય સુખ તેને પ્રાપ્ત થાય છે પરંતુ પારમાર્થિક સુખ તેને પ્રાપ્ત થતું નથી. **॥૪૪૭॥**

અવતરણિકા :-

ગાથા-૪૪૪માં કહ્યું કે મિથ્યાદૃષ્ટિ જીવને જ્ઞાનના ફળનો અભાવ હોવાથી તેનું જ્ઞાન અજ્ઞાન છે તેને સ્પષ્ટ કરે છે –

ગાથા :-

णाणस्स फलं विरती पावे पुन्नम्मि तह पवित्तीओ ।
जोगत्तादिअणुगया भावेण ण सा अओऽण्णाणं ।।४४८।।

અન્વયાર્થ :-

णाणस्स फलं=જ્ઞાનનું ફળ, जोगत्तादिअणुगया पावे=યોગ્યતાદિઅનુગત પાપમાં, विरति=વિરતિ, पुन्नम्मि तह=અને પુણ્યમાં=સ્વાધ્યાય-ધ્યાનાદિ પવિત્ર કૃત્યોમાં, पवित्तीओ=પ્રવૃત્તિ છે. भावेण=ભાવથી, ण सा=તે નથી=મિથ્યાદૃષ્ટિને તે નથી, अओऽण्णाणं=આથી અજ્ઞાન છે. ।।૪૪૮।।

ગાથાર્થ :-

જ્ઞાનનું ફળ યોગ્યતાદિઅનુગત પાપમાં વિરતિ અને પુણ્યમાં=સ્વાધ્યાય-ધ્યાનાદિ પવિત્ર કૃત્યોમાં, પ્રવૃત્તિ છે. ભાવથી તે નથી=મિથ્યાદૃષ્ટિને તે નથી, આથી અજ્ઞાન છે. ।।૪૪૮।।

ટીકા :-

જ્ઞાનસ્ય વસ્તુબોધસ્ય ફલં કાર્યં વિરતિરુપરમઃ । ક્વેત્યાહ—પાપે પ્રાણાતિપાતાદિરૂપે કુકૃત્યે, પુણ્યે પવિત્રે સ્વાધ્યાયધ્યાનતપશ્ચરણાદૌ કૃત્યવિશેષે, તથેતિ સમુચ્ચયે, પ્રવૃત્તિસ્તુ પ્રવર્ત્તનમેવ યા સમ્પદ્યતે સાપિ જ્ઞાનફલમ્ । કીદૃશીત્યાહ—યોગ્યત્વાદ્યનુગતા યોગ્યત્વેન યોગ્યતારૂપેણ, આદિશબ્દાદ્ દ્રવ્યક્ષેત્રકાલ-ભાવત્વાનુકૂલ્યેન ચાનુગતા સમ્બદ્ધા । તતો ભાવેન ભાવાર્થરૂપેણ ન નૈવ સા મિથ્યાદૃષ્ટેઃ પાપે વિરતિઃ, પુણ્યે ચ પ્રવૃત્તિર્યોગ્યતાદ્યનુગતા સમ્પદ્યતે યતઃ કારણાત્, અતો જ્ઞાનમપ્યજ્ઞાનં તસ્યાશુદ્ધાલાબુપાત્ર-નિક્ષિપ્તદુગ્ધશર્ક્કરાદિમધુરદ્રવ્યાણામિવ જ્ઞાનસ્યાપિ તત્ર મિથ્યાત્વોદયાદ્ વિપરીતભાવાપન્નત્વાત્ ।।૪૪૮।।

ભાવાર્થ :-

યોગ્ય જીવને સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય અને સર્વ કર્મરહિત શુદ્ધ આત્માનું સ્વરૂપ કઈ રીતે જીવ માટે એકાંતે પ્રાપ્ત કરવા યોગ્ય છે તેનું જ્ઞાન થાય અને તેની પ્રાપ્તિનો એક ઉપાય સર્વજ્ઞના વચનના તાત્પર્યને સ્પર્શીને કરાતી અંતરંગ અને બહિરંગ ઉચિત પ્રવૃત્તિ છે તેવો સ્થિર નિર્ણય થાય એવા જીવોમાં પ્રગટ થયેલું સમ્યગ્જ્ઞાન સ્વભૂમિકાનુસાર=પોતાની યોગ્યતાનુસાર અને પોતાના સંયોગાનુસાર, જીવને પાપથી નિવૃત્ત કરે છે અને આત્મકલ્યાણના કારણીભૂત પવિત્ર કૃત્યોમાં સતત પ્રવૃત્તિ કરાવે છે. આથી જ ગ્રંથિભેદને કારણે થયેલ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ પણ સ્વભૂમિકાનુસાર સતત મોહધારાનું ઉન્મૂલન થાય એ પ્રકારે પાપથી વિરામમાં યત્ન કરે છે અને આત્માની નિરાકુળ અવસ્થા પ્રાપ્ત થાય તે રીતે સ્વાધ્યાયાદિમાં સદા ઉદ્યમ કરે છે.

મિથ્યાદૃષ્ટિ જીવોને ભાવથી પાપની વિરતિ અને પવિત્ર કૃત્યોમાં પ્રવૃત્તિ નથી. ક્વચિદ્ સાધુવેશ ગ્રહણ કરે તોપણ સંમૂર્ચ્છિમની જેમ સંયમની પ્રવૃત્તિઓ કરે છે. પાંચ ઇન્દ્રિય અને મન અસંવૃત હોવાથી ભાવથી પાપમાં જ પ્રવૃત્તિઓ છે. ક્વચિદ્ સ્વાધ્યાયાદિ કૃત્યો કરતા હોય ત્યારે પણ સ્વાધ્યાયાદિથી મોહધારાના ઉન્મૂલનને અનુકૂળ કોઈ યત્ન કરતા નથી જ્યારે અવિરત સમ્યગ્દૃષ્ટિ સંસારની પ્રવૃત્તિ કરે છે ત્યારે પણ સ્વશક્તિ અનુસાર સંસારની પ્રવૃત્તિમાં શૈથિલ્ય પ્રાપ્ત કરાવે તેવા સંવેગના પરિણામપૂર્વક ભોગાદિ પ્રવૃત્તિ કરે છે અને શાસ્ત્રઅધ્યયન કે ભગવદ્ભક્તિ આદિ કરે છે ત્યારે અંતરંગ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય એ પ્રકારે ભાવથી પવિત્ર કૃત્યમાં પ્રવૃત્તિ કરે છે. જ્યારે મિથ્યાદૃષ્ટિની પ્રવૃત્તિ દ્રવ્યથી પાપની નિવૃત્તિવાળી હોય અને દ્રવ્યથી સ્વાધ્યાયાદિની પ્રવૃત્તિરૂપ હોય તોપણ તેઓને ભાવથી પાપની નિવૃત્તિ થતી નથી અને સ્વાધ્યાયાદિથી વિપર્યાસનું ઉન્મૂલન થતું નથી. તેથી તેમનું જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ છે માટે આંધળા પુરુષના ભોગ જેવા તેમના ભોગોનાં સુખો છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવોને ભોગથી પણ આત્માની સ્વસ્થતારૂપ પારમાર્થિક સુખ પ્રાપ્ત થતું નથી. **॥૪૪૮॥**

અવતરણિકા :-

उपसंहरन्नाह —

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરતાં કહે છે=ગાથા-૩૯૦માં કહ્યું કે શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધનો વ્યવચ્છેદક હોવાના કારણે ભગવાને સર્વત્ર અપ્રમાદ કરવાનો ઉપદેશ આપ્યો છે તે કથનને અત્યાર સુધી સ્પષ્ટ કર્યું. હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે —

ગાથા :-

एवमतिणिउणबुद्धीए भाविउं अप्पणो हियट्ठाए ।
सम्मं पयट्टियव्वं आणाजोगेण सव्वत्थ ।।४४९।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગાથા-૩૯૦થી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, अतिणिउणबुद्धीए=અતિનિપુણ બુદ્ધિથી, भाविउं=ભાવન કરીને, अप्पणो हियट्ठाए=આત્માના હિત માટે, सव्वत्थ=સર્વત્ર=ધર્મ-અર્થ અને કામરૂપ સર્વ પ્રવૃત્તિઓમાં, आणाजोगेण=આજ્ઞાયોગથી, सम्मं पयट्टियव्वं=સમ્યક્ પ્રવર્તવું જોઈએ. ।।૪૪૯।।

ગાથાર્થ :-

આ રીતે=ગાથા-૩૯૦થી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, અતિનિપુણ બુદ્ધિથી ભાવન કરીને આત્માના હિત માટે સર્વત્ર=ધર્મ-અર્થ અને કામરૂપ સર્વ પ્રવૃત્તિઓમાં, આજ્ઞાયોગથી સમ્યક્ પ્રવર્તવું જોઈએ. ।।૪૪૯।।

ટીકા :-

एतत् पूर्वोक्तमतिनिपुणबुद्ध्या भावयित्वा परिणमय्यात्मनः स्वस्य हितार्थं कल्याणनिमित्तं सम्यग् यथावत् प्रवर्त्तितव्यमाज्ञायोगेन सर्वत्र धर्म्मार्थादिकार्ये ।।४४९।।

ભાવાર્થ :-

ગાથા-૩૯૦માં કહ્યું કે શુદ્ધ આજ્ઞાયોગથી અશુભ કર્મબંધનો વ્યવચ્છેદ થાય છે માટે સાધુઓએ અને શ્રાવકોએ શુદ્ધ આજ્ઞાયોગથી સર્વત્ર પ્રવૃત્તિ કરવી જોઈએ. કઈ રીતે શુદ્ધ આજ્ઞાયોગથી અશુભ કર્મના અનુબંધનો વ્યવચ્છેદ થાય છે તે અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ બતાવ્યું.

એ રીતે કોઈ મહાત્મા નિપુણ બુદ્ધિપૂર્વક શુદ્ધ આજ્ઞાયોગનું ભાવન કરે તો તેને સ્થિર બુદ્ધિ થાય કે આ સંસાર અત્યંત રૌદ્ર છે અને અનાદિકાળથી જીવ ચાર ગતિઓની વિડંબના પામે છે, તેનાથી મુક્ત થવાનો ઉપાય કષાયની અનાકુળતા છે અને કષાયની આકુળતાને દૂર કરવા અર્થે વિવેકી શ્રાવકે કે સાધુએ સર્વ

ધર્મઅનુષ્ઠાનો તે રીતે સેવવાં જોઈએ જેથી ચિત્ત તે તે અનુષ્ઠાનથી સમ્યગ્ ભાવોની નિષ્પત્તિ કરીને કષાયોની આકુળતા અલ્પ-અલ્પતર કરે અને શક્તિ અનુસાર સદા તે રીતે પ્રયત્ન કરે જેથી ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકને અનુકૂળ શક્તિનો સંચય થાય અને શ્રાવક હોય તો ધર્મને બાધ ન થાય તે રીતે અર્થ-કામનું સેવન કરે. એથી વિવેકી શ્રાવક કામની ઇચ્છા થાય ત્યારે પણ કામની ઇચ્છાની વ્યાકુળતાના શમન અર્થે ભગવાનના વચનાનુસાર "सल्लं कामा विषं कामा" ઇત્યાદિ ભાવન કરીને કામની વિહ્વળતાને શાંત કરવા યત્ન કરે છે અને તે પ્રકારના ભાવનથી પણ કામની વૃત્તિ શાંત ન થાય તો ભગવાનના વચનનું સ્મરણ કરીને વ્રણલેપની જેમ કામનું સેવન કરે છે અર્થાત્ કામના સેવનથી કામની ઇચ્છાની વૃદ્ધિ ન થાય પરંતુ કામની વૃત્તિ શાંત થાય અને ચિત્ત સ્વસ્થ બને એ પ્રકારે કામનું સેવન કરે છે.

આ રીતે મહાત્માએ સર્વત્ર નિપુણ બુદ્ધિપૂર્વક આજ્ઞાયોગથી પ્રવર્તવું જોઈએ જેથી ધર્મ, અર્થ અને કામનું સેવન પણ ઉત્તર-ઉત્તરના ગુણની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને અને અંતે અશુભ અનુબંધના વ્યવચ્છેદનું કારણ બને જેથી સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષનું કારણ બને. અહીં અતિનિપુણ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ એમ કહેવાથી એ ફલિત થાય કે માત્ર બાહ્ય કૃત્ય કરીને સંતોષ માનવો જોઈએ નહીં. પરંતુ નિપુણતાપૂર્વક વિચારવું જોઈએ કે કઈ રીતે કષાયોની આકુળતા અલ્પ-અલ્પતર થાય તે પ્રકારે યત્ન કરવાની ભગવાનની આજ્ઞા છે અને તેના પરમાર્થને જાણીને નિપુણતાપૂર્વક તે પ્રકારની પ્રવૃત્તિ કરવી જોઈએ. **॥૪૪૯॥**

અનુસંધાન : ઉપદેશપદ ભાગ-૩

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

આશ્રવ અને અનુબંધ ૧૩ ✤
ચારિત્રાચાર ૩૬
ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) ૧૯૦
પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા ૨૫

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

Is Jaina Order Independent Religion or Denomination ? ૫૮
Status of religion in modern Nation State theory ૬૪
અનેકાંતવાદ ૯
કર્મવાદ કર્ણિકા ૫
કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) ૧૫૭
કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય ૪૯
ગૃહજિનાલય મહામંગલકારી ૮૫
ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ ૧૨
ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) ૧૮૯
ચિત્તવૃત્તિ ૧૧
ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) ૨૮
જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? ૫૬
જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) ૫૭
દર્શનાચાર ૭
ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ ૫૫
પ્રશ્નોત્તરી ૧૦
પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) ૪૨
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય ૧૫
ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) ૧૮૮

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) ૨૧
ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) ૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) ૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ ૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય ૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' ૩૩
શાસન સ્થાપના ૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) ૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો ૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) ૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા ૯૩
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર ૧૯૧
સદ્ગતિ તમારા હાથમાં ! ૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) ૧૬૩

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

પાક્ષિક અતિચાર ૪૧

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૩
Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૧
'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૨
શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૪૮
શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૪૭
સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૧૦૪
સેવો પાસ સંખેસરો (હિં.આ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ	૧૦૫
સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૫૯
સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ	૬૦

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન ૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન ૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન ૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન ૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ *૧૬૭*
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬	૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭	***૧૯૪***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮	***૧૯૫***
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯	***૧૯૬***
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન	૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન	૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન	૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન	૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન	૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫	૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન	૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન	૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન	૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૦૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪	૧૦૧

પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૧૯
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૨૦
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૧૨૩
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) ૩૪
પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) ૩૭
પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૮૪
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૦
પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૧
પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન ૧૧૨
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૯
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૩૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૪૦
પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૯૯
પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૮૭
બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૩
બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૮
બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૭
બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૦
બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૯
બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૨
બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૪૬
બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૩૯
બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૧૩
બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૨
બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૭
બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૪
બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૩
બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૪
બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૭૧
બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૫
બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૧
બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૦
બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૧
બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૦
બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૪૪

બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૧૦૬
બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન	૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત)	૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન	૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન	૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧	૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨	૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩	૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન	૧
યોગશતક શબ્દશઃ વિવેચન	૪૫
યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧	***૧૯૨***
યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨	***૧૯૩***
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન	૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩	૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ	૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ	૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન	૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧	૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨	૧૮૫

વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૮૬
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) ૧૫૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન ૧૪૩
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન ૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન ૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન ૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ૩૨

ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત સંશોધનાત્મક પ્રકાશનો

આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫

ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧ ૨. ધર્મતીર્થ ભાગ-૨ ૩. ધર્મતીર્થ ભાગ-૩

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

નોંધ

बुद्धिजुओ आलोयइ धम्मट्ठाणं उवाहिपरिसुद्धं ।
जोगत्तमप्पणो च्चिय अणुबंधं चेव जत्तेण ।।

બુદ્ધિગુણથી યુક્ત પુરુષ ઉપાધિપરિશુદ્ધ ધર્મઅનુષ્ઠાનને,
પોતાના યોગ્યપણાને અને અનુબંધને જ=સેવાતા
અનુષ્ઠાન દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ અનુબંધને જ,
યત્નથી આલોચન કરે છે.

: પ્રકાશક :

'गीतार्थ गंगा'

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com